"તે બાવાજી તમો તો કેહે જે અકે બોલ બોલતો ના, જરા હીલતો ના, બસ મુગો મુગો ભરવા દે ને નહિ તો સોટીથી મારસ ને તેથી બાવાજી હું બીહને જરાબી બોલ્યો નહિ."

"મુખ મેહનત બરબાદ ને ગુનાહ લાજમ! પાહલનજી શું તમેબી! તમારીબી બંધિલ હુંગેશની એવીજ રહી ગઇ! મુખ કેવી મેહનત કીધી ને બધા મારા હાથ ને પાસસાંબી દુખી આયા. બાવાજી બરસાના પડી ઉપર જતા રહયા, માયજી પાલનજીપર ચીરસાંતા ચંધણીમાં ગયાં, ને કેકુના પાટો બાટો છોરી પોતાતા બાંધરાં પાંસરાં સાથે બહાર લખોટા રમવા ગયા.

(બ. ૨. ચીનાઇ.)

વીમા કંપનીની જોખમદારી.

આવાં ડોશાએ ઘેરના ફરનીચરનો વીમો ઉતરાવેલો હતો. હવે વીમાનું પ્રીમયમ ખલાશ થતું હોવાથી વીમા કંપનીનો એક એજન્ટ આવાં ડોશાને તેની યાદ આપવા ગયો.

"બાવા આંય આતવારે હું ઘેર ખાલી કરવાની છઉં તે મરી જાઉં આર ગારાં મોકલજોની"! તેવણે પેલા એજન્ટને કહયું," ને જોય બા વરસાદના દહાડા છે તે સામાન બીજાય નહી તે તાલપત્રી ગાહાંવાળાને લાવવા કેહજો!"

પેલો એજન્ટ તો ડોશાં શું કેહવા માગતાં હતાં તે બરાબર સમજ્યો નહી તેથી ડોશાને પાછું પુછયું.

"મકુજે તમે શું કેહવા માગોછ?"

"ઓવાય એમ સાહલજ શાનાં થય જઓછ?" ડોશાં બોલ્યાં, ઘેર ખાલી કરવાનું છે તે કેહું છ તે. સમલેછકેની?"

એજન્ટના ધ્યાનમાં કંઇ સહેજ ઉતરયું હોય એમ લાગ્યું.

"હં, વારૂં પણ તમે તમે તેના કેટલા પૈસા આપવા માગોછ?

"પૈસા?" ડોશાં બોલી ઉઠ્યાં, "પૈસા શાના આપે? તમારી કંપની બધું કરવાને બંધાયલી છે!"

"નહીંજ હમારી કંપનીનો કંઇ એવો ધારો નથી," એજન્ટે કહયું.

"નથી કેમ!" ડોશાંએ તકરાર લીધી, "આય તમારી પોલીશી પર શું લખ્યુંછ તે વાંચોની."

એજન્ટે તે પોલીશી લીધી જે પર નીચે મુજબનું લખાણ હતું:—

"સભાસદો એક મહોલ્લામાંથી બીજા મહોલ્લામાં ખાલી કરી જાય તો તે ફીકસનું ટ્રાનસફર કંઇ પણ દામ લીધા વગર કરી આપવામાં આવશે!"

"બધુ બોલ્યા વગર પેલાએ ત્યાંથી ચાલતીજ પકડી.

(સોલન.)

તેજ સારૂં તો પુછે છ.

"માફ કરજો સાહેબ, પણ તમારૂં નામ શું?" હોટલના કલાર્કે પુછયું.

"નામ?" ઉતારૂએ લગાર ગુસ્સાથી કહયું, મારા સાહેબ, આમ તમારા રેજીસ્ટરમાં મેં સહી કીધીજ તે જોતા નથી કે?"

"હું તે જોઉંછ સાહેબ, ને તેથી તો તમુને પુછું છ!"

(સોલન.)

A Glimpse into The Religion of China.

By Mr. K. E. Punegar. B. A.,

(Continued from Page 74.)

The principal drawbacks noticed by the theologians in this religious system have been summed up as under :—

The right of communication with the Sublime Heaven vested with the mundane manadatory alone, namely, the Emperor, and private persons could not have any claims over that privilege which in their case would tantamount to criminal usurpation punishable by law.

Morality was no divine enjoinment with the primitive Chinese but inculcated and practised rather as a parental or ancestral enjoinment. The proper moral attitude was accentuated with a view to please a mundane father and not the Father in Heaven a wicked curse was avoided to obviate a parental frown rather than with a view to evade the displeasure of God.

This primitive Chinese religion had subsequently to pass through various vissitcudes. Superstition took more and more the place of right religious thoughts. Divination by numbers and diagrams was introduced and oft resorted to. Astrology and meteorology divindled into superstitious practices. Sorcery became prevalent as an inevitable outcome of the contaminating influence of the aboriginal fetichism. Sutteeism was practised by which men, women, horses, chariots and like other belongings of a departed person were forced into the other world with their dead lord.

After this dark period of decadence, a ray of hazy lustre enlivened the religious system of China with the advent of two men of thought, Lao-tzu and Confucius. These two thinkers formulated their own distinct systems of religious thoughts. Their views were diametrically opposed and hence it is aptly said of them that "they saw and did not understand one another." Their lines of religious thoughts are pithily set forward by modern critics in the following words:—

"Toward the end of the Chou dynasty the ancient beliefs and institutions were no better than a ruin, Lao-tzu wished to clear them all away, and then to build up something completely new. Confucius wanted to restore, piously and scrupulously the antique edifice, Lao-tzu the theorist soared into the clouds: Confucius the practical clung to the earth."

Lao-tzu was more a theoretical spiritualist, and Confucius more a practical materialist. The former was a philospher and the latter a politician. Laotzu's system of religious thought savored of pantheism, whilst Confucius' savored of monotheism. Lao-tzu denied God theoretically, Confucius prescinded from Him in practice.

According to Lao-tzu, everything was composed of two elements: the primordeal principle, the Force, which even superceded the sublime Ruler of old, and the primordeal breath, the subtle matter, which formed the substratum of evolutions. With Lao-tzu Life was nothing, the lasting repose after death was everything. This led to the observance of the principles of quietude and abstention instead of to activity and the involving of oneself into the bustle of life.

Confucius could hardly put up with abstract speculation and absract morality. With him the concrete was the principal factor of thought. He addicted to ancient thought and was averse to any change or modification. The great service rendered by him consisted in his compiling the Odes and the Annals which have preserved for us the religious history of those days. All this led to loyalty and kindness as the keystone of his ethics.

In subsequent centuries the influence of Japanese "shinto" was felt in China and Chinese "shinto" was believed in, according to which the Emperor come to be regarded as the son of God.

Chu-hsi was the pioneer of the Chinese philosophy. According to his religious system of thought, there can be no God, no mundane manadator, no Judge, no Providence. Everything was composed of form and matter. Beings spring from the great all and returned into it again.

Buddhism which was ushered in China in A. D. 65, at first met with little success. In the 5th century after Christ the foreign invaders of China succeeded in propagating Buddhism to such great an extent that all the north of China was covered with pagodas. The Buddhists rose in glory under the rulers of the Ming dynasty. The Imperial family which was reigning but lately in China was Buddhist, though even then the litterati were in great favour.



Musings in Solitude.

(By :—A Recluse.)

Blessed are the pure in heart for they shall receive light and blessing from the Lord. The Purity of heart is the one and only redeemer of thee from all the evils of the world, Oh man! No means of salvation for thee is as certain as Purity in heart which is unbreathed by the observance of the principles of Morality, Truth, Virtue and Duty. As the dark sky of mid-night is a wicked thing to the sight of man when compared with the clear glorious Light of the bright silver moon, the sight of a dark vicious heart is despicable when seen through the perspective of Virtue.

Good and Evil unceasingly rage on in battle-field of the heart of man and the war between them is greater than any war on the field of history. If good is victorious thou shalt be glorious; but if evil thou shalt live in eternal misery or shamefaced coward in the surrounding world. Persist in Virtue to constitute thy character on the basis of nobility and Godliness. Live the good life.

Leave off vice for that leads to eternal Death—a death of sorrow and misery. Vice brings a double death to man—Death here burried in the grave of fear, and death in the world to come for the soul grown clothed through the contagion of Vice becomes feelingless of the permanence of life and of happiness from the Lord. Say! Wilt thou be a mallowing swine in the mire of vice dispised of thy Creator and hated of thy fellow-brothers! or wilt thou be one blessed by the Heavens drinking of the azure serenity of the glories of the Lord?

Methinks thou can'st reason and thou shall love divine Virtue. If thou hast Virtue thou can'st see to do what thou would'st by the pure radiant light of Virtue's Self. Man bows down at the image of Virtue. Evil trembles at it with shame in her dark visage. God has His hand over it. Virtue knows no fear nor feels sorrow in the life here or death to come hereafter. But Vice is the constant victim thereof. As a cankering worm it eats up the heart of man and the core of his life with care; and what is left is but a vacant skeleton of himself in which no life abides nor no pleasure. God hath no seat in his heart nor are Love and Truth his companions. His God is his Satan. His friends are Hate and Falsehood that like the comrades of Mephistopheles lift him up Faust-like and bear him unto the Valhalla of torturing Eternity.

"He that hath light in his own clear breast
May sit in the Centre and enjoy bright day:
While he that hath dark Soul and foul thoughts
Benighted walks under the mid-day Sun."

Hast thou seen a Viceous man!
Dark is his countenance and
Evil the burthen of his talk.
Hast thou Seen a Virtuous man?
Pure and serene is his face.
Good drops itself our naturally
Like lucid honey from his inspired lips.
Love virtue, Live in virtue,
Teach Virtue to the vice-stricken humanity.
Die for Virtue.
Death in good is far better than Life in Evil.

Life is short. Time passeth away, Let not a moment vanish unserviceable to Love, God, Truth and Virtue. These shall save thee from calamities. Life bringeth with it in its train. Man is too feeble a creature to govern himself but with the staff of Virtue. Glory cometh to him here. Eternal Glory is his reward there. It is a law of God. Altered it cannot be nor shall it be. If our good actions be not rewarded the Sun-fire shall burn up the very life of the earth; and the sandy deserts shall turn into vice-versa. Oceans, volcanoes shall consume the earth. The threads of Nature's laws subsist on them the human life. If any of these be broken can life be untouched by death? Everywhere shall be chaos, just as much as there shall be anarchy were a law from the governmental code broken in a state. The world cannot get on were the dues of law not fulfilled. The world is made from law. The world is made by law. Practise law and its reword shall be thine.

Therewith shall Wisdom come to thee; and with Wisdom all the happipnss of life.

All heaven is thine. All world is thine. Know in this wicked world fools are they that say Wickedness can triumph. Truth and Righteousness ever triumph or else God cannot be in the world nor can life and light remain in it. The contraries shall devour each other.

Be thou a factor in the removal of this Wickedness and in constructing Virtue.

Truth and Love triumph in spreding their light from one corner of the World to the other.

Submit not to the evil passions provoked by thy environments, but fight manfully with them and trample out the Viper from there. Be not a prey to the temptations of Satan. Shackle them off with the sword of thine own Virtue. This is God-like; but Vice is hard to be crushed and takes very late to do so. It is the most formidable for the bravest can ever meet with. Yet the bravest of the brave and the greatest of the great is he who fights his Passion out and

bendeth not to the corrupt Will and foul desires of his heart. Virtue hath ever triumph destined. Vice is sure to fall. God reigns. Satan falls. Virtue has its glory in the end; Vice that fell Viper is inglorious. God is above in the Light-Sphere. Satan is in Hell.

The "Me" is made up of constituent-parts the material and the immaterial—the Physical and the spiritual—the seen body and the unseen soul.

The flesh is always suprincumbent upon the spirit. The spirit wills but the flesh denies. Oh Soul! Thou the shadow of the light of God! Bend not down to the vacant visonary glimpses of a passional thought as when Faust saw the shadow of Helen on the wall. Subdue not to the wicked charms of base and corrupt ideas. Pay no obeisance to the despicable love Satan oft beguiles thee with. Bodily pleasures are transient.

Why need thee all this turmoil of joy and pleasure when the end thereof is nothing! Pleasure will never endure. Joys are never eternal. Foolish Soul! Be not delighted at a gush of sweet satisfaction. Be not delighted at the sight of treasures. Joy not in the fatness of thy body, in the gorgeousness of thy palace infirm thing! Mockable drug frail humanity! When thou hast those thoughts in thee hast thou ever seen thy face in the mirror of thy soul! Thou seemest thou a lusty hog, or a wellowing sow in the mild of refuse! Thy the corrupt invadeth thee in thy worthless hours! Wretch! Better die than worship the satan of Passion. Eat not more nor drink not more than what can keep the body and soul together. For if thou doest not go the currents of wicked crimes are stirred in thee.

There are two ruling factors in every man inward life—namely the God and the Satan. Thou pious son of man! kill the over-ruling Satan in thee and let the God rule thee. So doing shalt thou rise higher and higher on to the level of Godliness. As soon as the conflict beginneth in thee between these Promethean lords of Heaven and Hell, Oh Man! if thou art not a brute give thy Will and reason to assist the God in thee. Satan soon shall withdraw. Thou shalt drive him only from thee as from Eden were driven our First Parents by God when they sinned.

Think not even a while of something wrong towards mankind. Even in thought harbour not an evil for that too hath its evil reward. Why think evil of others! Why envy those thou can'st not vie with! Why return hate for hate and curse for curse! Why speak falsehood about others! Why indulge in thinking and speaking ill

of others when you art full of faults and wickednesses! Why laugh at other swhen you dost know that death is the end of all, that this short priod of existence is someday or other surely to terminate when nothing of thee either every or curse or falsehood will bring thee happiness! Oh remember! Man shall not hate thee nor curse thee nor laugh at thee nor do any sort of harm to thee in any way if there be no evil on thee.

The cause is in thee and hence the effects thou may'st be growing under. Let the foolish world do what it lists towards thee. Thou pursue thy task of goodness and do it manfully.

Heaven's peace on earth! God's blessings on all!!

God! Save The People!

(From Ebenezer Elliott, Chartist Poet, 1842.)

When wilt thou save the people?
O, God of Mercy, when?
Not Kings and lords, but nations!
Not thrones and crowns, but men!
Flowers of thy heart, O, God, are they;
Let them not pass like weeds away:—
Their heritage a sunken day:—
God save the people.
Shall crime bring crime for ever,
Strength aiding the strong?
Is it thy will, O Father,
That man shall toil for wrong?
"No," say the mountains. "No" the skies.
Man's clouded sun shall brightly rise
And songs ascend instead of sighs,
God save the people!
When wilt thou save the people?
O God of Mercy, when?
The people, Lord, the people!
Not thrones and crowns, but men!
God save the people! Thine they are
Thy children, as thine angels fair
From vice, oppression, and despair
God save the people!

"The A. B. C. of the War."

BY A BOMBAYITE.

A for the Army, that's gone to the front.
B for the Belgians, for they got the brunt.
C for the courage, they put in the fight.
D for the demon, set Louvain alight.
E for the Eagle, no more it will soar.
F for the French, who will pay off a score.
G for the guns, that we know how to fire.
H for our honour, not bought or to hire.
I for the Indian troops to our aid.
J for old Jollicoe, he's not afraid.
K stands for Kitchener, knowing and keen.
L for Liege, where some heroes were seen.
M for Mulhausen, for now it is free.
N for our Navy, the lord of the sea.
O for the Ocean, the Japanese guard.
P for the People, on whom war is hard,
Q for the quarter, we'll give when we're dead
R for the Russians, forging ahead.
S for the safety, of those we hold dear.
T for the test, that the nation can bear.
U for the unity, Britons have shown.
V for the vengeance, we hold not our own.
W for war, we have waged for the right.
X for the Red Cross, that works day and night.
Y for the year, that we hope war will end,
Z for our zeal to the cause we defend.

Advocate of India.

To Death.

A Spirit fled! The call divine obeyed.
The levin-darting mouth, uneven blaze;
The clutches sure, a power that dismayed;
With swiftness unconceived, that set all craze.
Such venom weilding Terror of terrors,
Such of myst'ries a jumbled mass, O Death!
A stroke in conscience foul display errors
Sown broadcast till thine stealthy 'proach, O Death!
What dreadful scourge, tormenting wild what curse
Bequeathed be, but that of Love Divine!
And Life to Love, stately and true nor terse,
Deem we no richer chain of love combine.
Despite thy skittish javelim, mortals learn
To have at thee, O Death, no strong a spurn!

O! Vanity!!

A little fledgeling I,
With fallen crest;
Helpless and sore bend I,
With heavy head and bursting breast.
O Vanity!
How full oft sore tried!
When parent-birds their marbling make,
All sweet and serene rise high;
I to my heart the longing take,
To keep with them in flight well nigh-
O Vanity!
As fleeting visions take thy flight
And be away.

MANECKJI FRAMJI SOONAWALLA.

પ્રભાતનું પંચાંગ.

ઓક્ટોબર ૧૯૧૪.

રવિ.	હિંદુ માસ: આસો, ફારસ:, પારસી માસ: ૧ લો, ૨ જો. મુસલમાન માસ: જીલ્હાજ, જીલ્હજ.	પુનેમ. ૪ દેપદીન.	સાતમ. ૧૧ અનેરાંત.	ચૌદસ. ૧૮ અમરદાદ.	સાતમ. ૨૫ ગોશ.
સોમ.		એકમ. ૫ દીન.	આઠમ. ૧૨ હોરમજદ.	અમાસ. દીવાળી. ૧૯ દેપાદર.	આઠમ. ૨૬ દપમ્હેર.
મંગળ.	આ મહિનાનો મુદ્રા લેખ: "સત્યેન."	બીજ. ૬ અરશેસંગ.	નોમ. ૧૩ બહમન.	એકમ. હિન્દુ નવું વરસ. ૨૦ આદર.	નોમ. ૨૭ મેહેર.
બુધ.		ત્રીજ. ૭ આસતાદ.	દશમ. ૧૪ અરદીબહેસ્ત.	બીજ. ૨૧ આવાં.	દશમ. ૨૮ સરોશ.
ગુરૂ.	બારસ. ૧ બેહેરામ.	ચોથ. ૮ આસમાંન.	અગ્યારસ. ૧૫ શહરેવર.	ચોથ. ૨૨ ખોરશેદ.	અગ્યારસ. ૨૯ રસને.
શુક્ર.	તેરસ. ૨ રામ.	પાંચમ. ૯ જમીઆદ.	બારસ. ૧૬ અસપંદારમદ.	પાંચમ. ૨૩ મોહેર	બારસ, બકરી ઇદ. ૩૦ ફરવરદીન.
શનિ.	ચૌદશ. ૩ ગોઆદ.	છઠ. ૧૦ મારેસપંદ.	તેરસ. ૧૭ ખોરદાદ.	છઠ. ૨૪ તીર.	તેરસ. ૩૧ બેહરામ.

પ્રભાત.

પુસ્તક: ૨ જું. નવેમ્બર ૧૯૧૪. અંક: ૩ જો.

વિષય.	પાનું.
નૂતન વર્ષે સખી નિમંત્રણ (કવિતા.)	૧૨૯
પ્રભાતનો પ્રકાશ	૧૩૦
પ્રભાતના કવર વિષે ખુલાસો ...	૧૩૧
દુઃખીનમાંથી બહાર	૧૩૨
કંટાલેલ પર ધિક્કાર (કવિતા.) ...	૧૩૪
સાજ્જનની સુંદરી (ચાલુ વાર્તા.)	૧૩૫
હિમ્મતની શી કુરતા (કવિતા.) ...	૧૪૧
વસ્તની મેનેજમરી	૧૪૨
સેવકનો ધર્મોપદેશ	૧૪૬
ખેને યજ્ઞને લગતો ખુલાસો ...	૧૫૦
અસાર સંસાર (કવિતા.) ...	૧૫૩
સર દીનશાહ ધનજીભાઈ દાવર નાઈટ.	૧૫૪
ફેન્સી નીડલ વર્ક	૧૫૫
રસૂલ સંગ્રહ	૧૫૬
તબીબી નીબંધ	૧૫૯

વિષય.	પાનું.
પેસવાઇ કેમ ગઇ?	૧૬૧
કેવીકે આત્માની પારસણ પોરી? (કવિતા.)	૧૬૩
ભાતુઓનો બાગ.	૧૬૫
જ્ઞાનની દુનીયા	૧૬૬
બાળકોને બરતું	૧૬૭
છેલ્લી સલામ (કવિતા.) ...	૧૬૮
Musings in Solitude. ...	169
Alchemy, Old & New ...	172
પુસ્તક પરિક્ષા	૧૭૪
પંચાંગ	૧૭૬

ચિત્રો.

૧ સર દિનશાહ ધનજીભાઈ દાવર નાઈટ
૨ ફેન્સી નીડલ વર્ક

ભિન્ન ભિન્ન ભાતના થાળ ભરી, હાં? આવો સખી હાં? આવો સખી,
કુમ કુમ કેસર હાથ ધરી, હાં આવો સખી હાં? આવો સખી,
અંગ ઉમંગથી સંગ મળી, પુર પ્રેમથી વીણી પુષ્પ કળી,
કુલમાળ શુચી હર્ષે ઉછળી, પછી નૂતન "વર્ષ" વધાવો સખી,
મધુરા મધુરા ટહુકાર કરી, ઉભરાવો આનન્દની લહરી,
શુભ "વર્ષ" મહોં ઉત્કર્ષ ધરી, રસ સાગરને ઉછળાવો સખી,
રસ ઉછળે આવી હશે દીશથી, મન ઇચ્છીત આશ ફળે ઇશથી,
એવી અંતરની શુભ આશીષથી, ભૂમી ભારતી આજ ગજાવો સખી.

"શાયદા."

પ્રભાતનો પ્રકાશ.

મનુષ્ય જીંદગીમાં જીવવાની ખુબી ને જીંદગાનીની ફતેહની ચાવી મનુષ્યના પોતાના હાથમાંજ છે. "જેવું વાવશો તેવું ઉગાડશો" એ એક કુદરતી કાયદો છે અને તે કાયદો જેટલો જમીન અને ઝાડને લાગુ પડે છે, તેટલોજ તે મનુષ્ય અને તેના કૃત્યોને પણ લાગુ પડે છે. એ કાયદો જેટલો આખી દુનિયાના આકી દુનિયા જેમાં આકી કારોબારને લાગુ પાડી શકાય છે તેટલોજ બલકે વધુ હદમાં એ કાયદો મોનોઇ દુનિયાની મિનોઇ દુનિયામાંથી લાગુ પાડી શકાય છે. નીતી કે ધીવસૂરી, ધર્મ કે સંસારનો પાયો જોતાંથી એ કાયદો સર્વ ટેકાણે એક સરખો કાર્ય કરતો માલમ પડે છે. દરેક સ્થળે ને દરેક સંજોગ વચ્ચે એ કાયદાની બારીકીમાંથી આપણે છુટી શકતાં નથી. પણ એ કાયદાના સંબંધમાં સહુથી વધારે અગત્યનું જાણવાનું તો એ છે કે "જેવું વિચારશો તેવું પામશો. "ઇંગ્રેજીમાં એક પ્રખ્યાત કેહતી છે કે As a man thinketh in his heart so he becomes." જેવું તમે જીગરમાં ધરોછો કે વિચારોછ તેવાં તમો થાવોછ. જે હોવે હોય તે હોંઢે આવે. જે જીગરમાં હોય તેજ અંતે કાયે. જેમ તમારી આવક વધતી જાય તેમ તમારો ખરચ વધતો જાય, તેજ રીતે જેમ તમારા સદ્‌ગુણો વધતા જાય તેમ તેઓનો ઉપયોગથી વધતો થવોજ જોઇએ; તેમ વળી જેમ જેમ તમારા જ્ઞાનમાં, વિદ્યામાં કે હુનર ઉદ્યોગમાં વધારો થતો જાય તેમ તેમ તમારા શુભ વિચારોનો પવિત્ર પ્રવાહ પારકાંઓ વચ્ચે ખાકી જગતમાં પાંથરવો જોઇએ. તમારા બદનને પ્રકાશીત તંદરોસ્તીથી સાદમાન રાખો, તમારા મનને ઉંચ જ્ઞાનથી રોશન કરો અને તમારા અંતઃકરણને પાક પ્રેમથી ભરપૂર બનાવો અને તમારા જીવતાં જીગરમાંથી સહુ કોઇને માટે ભલા ભાતૃભાવનો ભારીક ખ્યાલ રાતને દહાડો બરપા કરો અને જુવો કે જીંદગીની ફતેહ તમારીજ છે. પછી મિનોઇ મોહજતને માટે લોકો તમારી મિત્રતાઇ શોધતાં આવશે, તમારાં ભલાં જીગરના ભલા આશીરવાદ માટે તંગદસ્તો આરજુમંદ રેહતાં દેખાશે. આપણો અનુભવ આપણને શીખવે છે અને દીન દાનાઈ તેને ટેકો આપે છે કે દરેક બનસ.ન પોતાના. જીગરમાં એ લોહચુંબકીક આકર્ષણ શક્તિ ધરાવે છે જેના પરીણામે, તે કોઇ વેળા ખાકી શરીરોને કે કોઈ વેળા નેક લાગણીઓ ધરાવતા બદનોને કે કોઈ વેળા સુંદર વિચારો પ્રગટ કરતા મનુષ્યને પોતે પોતાની આસપાસ ખેચી રાખે છે અને એ રીતે એઓની સાથેજી તે સમાગમમાં આવે છે તેઓમાં એક જાતનો મિનોઇ ધાર્મીક શાન્ત પ્રવાહ એવો તો ફેલાવી દે છે કે જેમ એક માણાળુ મરઘીની ઉકાળી પાંખોમાં તેના પ્યારા પીલાંઓ વાસો કરી શાન્તી મેલવે છે તેમ આ જ્ઞાની કે નેક આસામીની પાક પનાહમાં જીગરનો ઉંડા ભેદ ખુલ્લો થાય છે. પ્રસાતના બ્હાનાં વાંચકોમાં આવી સુંદર શક્તિઓ ખીલતી જાય એવું અમો ઇચ્છીશું. કારણ કે મનુષ્ય જીંદગીમાં મુજરણું અને મુશકેલીઓ વચ્ચે માત્ર નાજીપાસી અને નાઉમેદીના ખ્યાલો બરપા કરી હાય અફસોસમાં જીવવા કરતાં જીંદગીની તે મૂશ્કેલીઓ અને મુજરણોની સામે બળતવારીથી લડવામાંજ બહાદુરી છે અને જે નબોજુ ને વાંધા જેવું હોય તે તો ત્યાગ કરી ધીરજની ઢાલ વડે હીમતની હકુમત મુકરર કરી તમામ જાતની આફત તે અફસોસના ભર્યકરને જુરાં વાદળાંઓમાંથી આસાનીથી બાહેર આવવું તેમાંજ જીંદગીનું જોર અને જોબન છે. તમો જુવો કે દર દીન તમારી આસપાસ કેટલાં કેટલાં તંગદસ્ત અને નીરાધાર કોઇ કોઇના ફરજંદો પડયા છે, તમો જુવો કે આટલી બધી કહેવાતી કેળવણી સાથે આગલ ધસતી ધરતી ઉપર હજી શાન્તીનું રાજ્ય સ્થપાયું નથી અને હવે પછી સ્થપાય એવી વકો નથી કારણકે માનવી જાતનો બયાસ હજી સુંદર સદ્‌ગુણોમાં સંપુર્ણ થયો નથી. એવા સબળા સંજોગો વચ્ચે બાહ્યા બનસાન તરીકે આપણ સર્વને એકજ રસ્તો અખત્યાર કરવાનો છે જે નેકીનો ભલો માર્ગ છે. નેકી-નેકી મોટેથી પોકારીબોલી

નેક્ષ જીવને આવતી નથી. ખુદા, ખુદા; લાખવાર બોદવાથી ખુદાઈ સિકતી જીવને ખોલતી નથી. જે જોઇએ છે તે જાતી ગુણ, જે જોઇએ છે તે જાતી ખ્વાસ, જે જોઇએ છે તે જાતી જ્ઞાન. આપણી આલ મુબારદી ને ગઈ કાલ હતાં તેના કરતા આવતી કાલે વધારે જ્ઞાની, ડાહ્યા ને નેક થઇએ એવી ચાલુ કોશેશ આજેજ—આ ઘડીએ કરવા એમાંજ મનુષ્ય જીંદગીનું સાર્થક છે. એમાંજ ઇનસાનની ફેયાતીની ચુમ ચાવી છે. એમાંજ જીંદગાનીના ભેદ અને ભરમ ખુલ્લા થાય છે. ઇનસાન તરીકે જો તું જ્ઞાન ચાહતો હોય તો તારૂં સાચ્ચું ને હકદાર જ્ઞાન તારી પોતાની પાસે પૈસાના ઢોલમે રાખી મુકવાને બદલે બીજાને આપ. આપ, બસ આપ કારણકે જ્ઞાનના જ્ઞાન કરતાં બીજું કોઇ-ઉત્તમ જ્ઞાન નથી. તું ને બોકો તે મિત્રો ચાહે એવું જો મ્રુચ્છો હોય તો પછી તારી જબાનો નહી પણ જીવનનો પાક અને પવિત્ર પ્યાર સહ કોઇને આપ. આપ, બસ આપ કાંઇ કે ઇશ્વરી પ્યાર કરતાં મનુષ્ય જીવને બીજો કોઇ ચઢતો દરજ્જો નથી. જો તું એવું માગતો હોય કે તારા દીલના દુઃખો ટાળવા તારી આસપાસવાળાઓ તારી નજદીક આવે તો આપ આપ, બસ આપ ઓ ઇનસાન દુઃખી દીલની ટવળથી આંતરદીઓને તારાં જીવનની રાહત. એવાં એવાં નેક કર્મોમાંજ ઇનસાનની જીંદગીની પ્રભાત છે, જેના પ્રકાશ માંજ આકાશના ખાખી પાક પીછાન છે.

પ્રભાતના કવર વીશે ખુલાશો.

અમારા વાંચકોની સેવામાં દર મહીને રજુ થતું **'પ્રભાત'** પોતાનું બાહેરનું એક સુંદર રંગીન કવર અત્યાર સુધી બરાબર હતું પણ આ મહીનાના અંકથી તેનો સણગાર બદલી ને બીજજ સાદી ઢબમાં તે બાહેર પાડવામાં આવ્યું છે તે સંબધી એક ટુંક ખુલાશાની જરૂર છે. ન્યુસ પેપરો કે બોપાઓમાં પ્રગટ કરવાની પ્રેસની અનેક મુશ્કેલીઓ અને કેવી કેવી મુજ્વણો વચ્ચે પ્રગટ કરનારાઓને પ્રેસ વાલાઓ સાથે કામ લેવું પડે છે તેનો કશો પણ ખ્યાલ ધણું કરીને બાહકોને કે વાંચકોને રહેતો નથી. અમોએ જ્યારે **પ્રભાતને** પડેલ વેદલુ પ્રગટ કરવાનું કામ આરબ્યું ત્યારે તેની મહીનાઓ અગાઉ **પ્રભાતને** અનુસરતું એક સુંદર રંગીન ચિત્ર કુંદરતેના ખ્યાલ આપતુ ચીતરાવ્યું હતું પણ તેને બ્લોકમાં ઉતારી રંગીન સહીથી છાપવાનુ કામ મન માનતુ પાર પડ્યુ નહી અને જે કવર અત્યાર સુધી અમો આપતા હતા તે અમોને સંતોષકારક લાગ્યું નહી ત્યાર પછી અમોએ વીલાયતના કેટલાક ચીતરાઓ સાથે તેમજ જુદી જુદી સાહીથી રંગીન ચીત્રો છાપનારાઓની વેલાયતના પ્રેસવાળાઓ સાથે પત્ર વેહવાર કરી **પ્રભાત** ચોપાનીને અનુસરતું એક વીલાયતી રંગીન ચિત્ર તૈયાર કરાવી વિલાયતમાંજ છપાવી મગાવવાની ગોઠવણમાં હતા તેટલામાં લડાઇના કમનસીબ બનાવથી બીજીઓ બાહક અમારૂં કામથી અત્યારે બોરજે પડ્યુ છે અને હમે મુંબઇમાં જે પ્રેસમાં વગર સંતોષે અમો રંગીન ચીત્રને છપાવતા હતા તે કેટલાક નબારેસા સંજોગોને લીધે હાલની લડાઇના ઢીંગામમાં બની શકતુ નહી હોવાથી દીલગીરી સાથે એક સાદા ને સુંદર કવરમાં **પ્રભાતના** અંકને સજ કરવામાં આવ્યો છે જે ઉમેદ છે કે અમારા બાહકો અને વાંચકોને પસંદ પડશે. **"પ્રભાત"** ની અંદરતી વાંચનની બાજમાં અમો બોટકુંજ કહીયું કે દર મહીને સુંદર વાર્તાઓ અને નીચોવો સાથના ૨૦×૮ ફોલ સાઇઝના ૫૦ પાના ભરાય બોટલુ વાંચન અમો જેમ દર મહિને પુરૂં પાડીયે છીયે તેમ લડાઇના ઢીંગામમાંથી ચોલુ આપ્યા જવાની અમો ખાત્રી રાખીએ છીયે.

અમારા બાહકો અને વાંચકોને જણાવવાની અમોને ઘણી ખુશી ઉપજેછે કે આપણુ જાણીતા બાતુ લેખક બાઇ જદબાતુ મહેરવાનજી કોકાવાળાની કમેક કલમથી લખાયલી એક ચાલુ લંબાણ **રસીલી વાર્તા** આવતા **જાનેવારીના** અંકથી **પ્રભાતમાં** ચાલુ કરવાની અમોએ ગોઠવણ કીધી છે.

મર્હુમ જણીતા કવિ દા. બે. તારાપોરવાળાની રસીલી કવિતાઓનો એક મોટો સંગ્રહ છપાયા વગરનો એમના પુત્ર મીન બીમજીભાઇ તારાપોરવાળા તરફથી ભમન મલ્યો છે જે અમારા વાચકોનો સંગીન શોખ પુરો પડશે.

દુરબીનમાંથી બહાર
અને
દર્શને દુનિયા.

આતશબેહરામોની સાલગ્રેહ.

જરથોસ્તીઓના ધર્મ સ્થળો જે પાક આતશ બેહરામો તેઓના પરથવાના વાસ્તીક દીવશે શુકર ગુજારીના જશનો કરવાં અને દસતુરો પાસે વાયઝો અપાવવી એ વરસોનો કાયદો છે અને આવા પવિત્ર મકાનોના નેક યાદના સ્થાપકોની યાદ જીગરે રાખવી એ પણ સ્વભાવીક કાર્ય છે. બીજ ધર્મોવાળાઓ સાથે સરખાવતાં આપણા ધર્મગુરૂઓ પોતાના યજમાનોની આગળ ધર્મોપદેશ કરવામાં કંઇ આગેવાન જગા ધરાવતા હોય એમ લાગતું નથી. ખ્રીસ્તીઓના પાદરીઓ કે મુસલમાનીઓના મોલવીઓ કે હિન્દુઓના બ્રાહ્મણોની માફક જરથોસ્તી દસતુરો જરથોસ્તી પ્રીસ્કાની આગલ ધાર્મીક નીતીમાન-ગ્યોધાયક વાયઝો કે ભાષણો ચાલુ આપતા હોય એવું કંઇએ નથી. જરથોસ્તી ધર્મની બુંલંદી પોશે બાંગ પુકારનારા દસ્તુરો જીંદગીની જેટલી જોઇએ એટલી પાકી જગી ધરાવતા હોય એવું અમો ધારતા નથી. પોતાના બેહદીનોની રાહબરી કરવાને માટે આપણા દસ્તુરો પોતાના સાદેસાદી ભર્યા ખવાસથી અને પોતાના જાતી ઉંચા જ્ઞાનથી લાયક થયા હોય એવું પણ અમો ધારતા નથી. વરસમાં એકાદ બે વખત વાયઝો આપી દસતુરો જો એમ ધારતા હોય કે તેઓએ પોતાના યજમાનોની સેવા કીધી તો અમો હીમતથી કહીશું કે તેમ ધારવામાં તેઓ ગંભીર પ્રકારનીજ ભુલ કરે છે. માત્ર આતશબેહરામોની સાલગ્રેહ ઉપરજ તેઓએ વાયઝ આપીને બાકીના બીજા મહીનાઓમાં ચુપ બેસી રહેવાનું નથી પણ નીયમીત અઠવાડીયે, પખવાડીયે કે મહીને, બે મહીને દર શુભ અવસરે પોતાના યજમાનોને આતશબેહરામોમાં ભેગા કરી કંઇ નસીઅતના કે દાનાઇના બોધદાયક સખુનોથી બેહદીનોની જીંદગીને નીતીમાં જાગ્રત રાખવા-રખાવવા જરૂર પીછાનવી જોઇયે છે. જ્યારે અમો આતશ બેહરામોની સાલગ્રેહ વીશે બોલ્યો છીએ ત્યારે આતશ બેહરામના એકાદ અપવાદ સીવાય કેટલાંક મકાનોની હાલત વીશે એક બે બોલ લખવા ચાહીયે છીયે. ધર્મ સ્થળો, એ ખુદાની યાદના મકાનો છે પણ બાજે વખત અમોએ ઘણીજ દીલગીરી સાથે જોયુ છે કે અગીઆરીઓ અને આતશબેહરામોના મકાનોમાં મુળદાએ ગોયા જાને "કાયા ખાનું" ઉઘાડયું હોય અને આ ધાર્મીક સ્થળોને "કલ્બો" નું ધામ સમજતા હોય એવો દેખાવ કરી મુકે છે. વળી એ મકાનો ઘણાજ સ્વચ્છ સ્થીતીમાં રેહવા જોઇયે, એ મકાનોમાં વપરાતી દરેક વસ્તુ બારી-અને બારણા, જમીન અને સીલીંગ, બાંકો અને ભતીઓ વીગેરે સઘળું ચકચકતું સાફ અને સફાઇદાર જોઇયે તેને બદલે ઘણુંજ હીનપસ્તી ભર્યું છે કે આપણી નજરે એ પવીત્ર મકાનો જેટલાં સાફ અને પવીત્ર, ચોખા ને ચકચકતા રેહવાં કે રાખવાં જોઇયે તેની તકેદારી "મેનેજરો" રાખતા નથી. જ્યાં જુવો ત્યાં ધુર અને જળાં, મેલ અને ગલીચી નજરે પડે તો ત્યાં પછી ખુદાની પવિત્ર ઇબાદત કેમ થાય? વળી એક બીજી બાબદ ઉપર પણ બે બોલ લખીશું. આજ કેટલાંક વરસ થયાં આતશબેહરામોની સાલગ્રેહના પાક દીવસ ઉપર મોહલ્લાઓમાં ફટાસન અને ઓચી બીજી રોશનીઓથી "લાઇટ" કરવામાં આવેછે અને મીહાઇ મેવાવાલાઓ બારણે બેસી જાયછે જેથી જાણે જાત્રાનું રૂપ ધારણ થયું હોય એવું લાગે છે. એ કહેવાતી લાઇટ પાછલ ચતો પૈસાનો ધુમાડો શો ખપનો? એ બીનફેદાકારનો ખરચ જો બચાવી બીજા ઉપયોગી કામ પાછલ વાપર્યો હોય તો કેટલું બેહેતર?

ભાવીક ભક્તોના ધર્મ રક્ષણ સાહાયનો સનાતન રહેવાં જોઇયે. સફાઈ સુધડાઇમાં તે મકાનોને રાખવા જોઇયે, બચ્ચાંના ધર્મગુરૂઓએ અને હામ ભરતા મેબેદોએ પોતાની પાછી જગી ભરેલી છુંદગીથી આસપાસ વાલાઓને વરસમાં એક વખત નહિ પણ દરરોજ નીતીમાન બોધ આપવો જોઇયે.

જાહેર વર્તમાન પત્રો.

પારસી કોમની જગ-બત્રીસીએ ચઢી રહેલા રંગુન નવજોત કેસનો જે "નાટક" શેઠાક મહીના થયા ભજવ રહ્યો હતો તેનો છેલ્લો "સીન" ગઈ તા૦ ૪થી અકટોબરના રવિવારે અત્રેના ઓલમ્પ્રેસ બાગમાં પારસી કોમનું હીત હૈડે ધરનાર કેટલાક મીત્રોએ અને પારસી ટોળાને દોરવવાનું અભીમાન ધરાવનાર કેટલાક બેરખાઓએ રજુ કરીધો હતો, તે વેળાએ આપણી પારસી કોમના કેળવાયલા વર્ગ મહિલા કેટલા વિદ્વાન અને માન પામેલા જાણીતા સખસોએ પોતાની હાજરીથી કે ભાષણોથી ભાગ લીધો હતો તે અમો જાણતા નથી. પારસી કોમની પડખે રહી સેવા કરવાને ગુજરાતી અગ્રેસર પત્રો "જામે જમશેદ" અને "સાંજ વર્તમાન" જેઓ અમારા અંગત મીત્રો છે અને જેઓને માટે અમોને માન છે તેઓએ પારસી કોમની જે "ઓરથોડોક્ષ" સેવા બજાવી છે તેને માટે તેઓને આપણે ધન્યવાદ દઇયું કારણકે આ બેજ પત્રોને લાગ્યું કે કોઇ કહેવાતી જુદદીન નવજોતથી ચુકાણી પારસી કોમની બધી ખાતાપરાણી થઇ જશે અને પોતાના માનીતા મતને વળગી રહી પારસી કોમની સેવા કરવાની આ પંકાયલા પત્રોના પ્રખ્યાત માલેકો અને અધિપતિઓએ જે પોતાની ફરજ બજાવી છે તે બરેબર શોભા ભર્યું અને સાચાસી-ભર્યું છે. તેઓની તે ફરજ હતી અને તેઓએ તે બજાવી, તે ફરજને પાર પાડવા માટે તેઓએ કેટલાક તરફની નામોશી પણ ખમી; પૈસાની ને વખતનેબી ભોગ આપ્યો તે સબબાં માટે પેલા "અલાહીઆગીઆઓ" તેઓને આભારી છે. જાહેર સવાલમાં મોહોને દોરવવા જેટલા જાહેર વર્તમાન પત્રો કાબેલાયક થઇ પડે છે; તેટલું કોઇજ હશે છતાં અમોને કહ્યા વગર ચાલતું નથી કે એ રંગુનની કહેવાતી જુદદીન નવજોતની ચચાઁ ઉપર અત્રેના પારસી ગુજરાતી જાહેર વર્તમાન પત્રોએ જે ભાગ ભજી બતાવ્યો છે અને પોતાનો "કકકો" ખરો કરવાને કોઈ કોઇ વેળા તો હલકી કોસમની ભાષા વીગેરેનો પણ ઉપયોગ કીધો છે તે સઘળું કેળવાયલી પારસી કોમને શોભા આપનારું તો નથીજ. પણ એ સઘળા બની ગયલા બનાવ ઉપર-અમો કંઇ બોલવા માગતા નથી. અને બાજુના ભાઈ-બંધ વર્તમાન પત્રોવાળા અમારા અંગત મિત્રો છે અને અમો કોઇનુંબી દીલ દુઃખવવા માગતા નથી. પણ જે અમોને અજાયબી ભર્યું લાગે છે તે એટલુંજ છે કે "જામે જમશેદ" અને "સાંજ વર્તમાન" જેવા ધનવાન વર્તમાન પત્રોના માલેતોજાર માલેકો માટે ફંડો ભેગા કરવાની શી મતલબ અને તે માટે કેટલાક બેરખાહ મીત્રોએ સભા મેળવી ભાષણો આપ્યા કે અપાવ્યા હતાં તે સઘળું શાને માટે? વીલાયતના જાણીતા અધિપતિઓ "Truth" પત્રવાળા મહુમ બ્રેબુશેર અને Pall-mall Gazette વાળા મહુમ સ્ટેડને જાહેર સેવા કરવા માટે ભંડીખાનામાં વટીક જવું પડયું હતું અને તે જાહેર ફરજનો ખ્યાલ કરી પ્રજાની ઉન્નતીને ખાતર ખસ્યું હતું. પ્રજાની સેવા કરનારા અધિપતિઓની પીઠતો પોહલી જોઇએ. તેઓને માટે ફંડો ઉભાં કરી આપવાની પદ્ધેલ કહાડનારા મીત્રોને માટે કદાચ તેઓ એમ પણ મનમાં બોલતા હશે કે "અમારા મીત્રોથી અમોને બચાવો!" કારણ કે તેમ કરી આ મિત્રોએ વર્તમાન-પત્રોવાળાઓને જરા કઢંગી સ્થીતીમાં મુકયા છે. બેરખાહી અને મિત્રતાઇનીબી હદ હોય છે જે હદ ઓળંગી જઇ આ પ્રખ્યાત પત્રોને જાહેર ફરજ બજાવતાં અધિપતિઓને બનેલા બનાવ માટે દીલગીરી પત્ર લખી આપ્યા પછી "ઓડેસો" આપવા અને તેઓની ભરૂક માટે ફંડો ભેગાં કરવાં એ અમારી કોમની અક્કલમાં ઉતરી શકતું નથી. માત્ર જો સભાજ મેળવી તે જાહેર વર્તમાનપત્રોની વાખવાળીને વખાણ કરી તેઓને ભાષણોથીજ જો કદરદાનાસી કાંધી હતે તો તે સેજબી ગનીમત ગણાતે પણ તેઓને માટે ફંડો ભેગા કરવાનું કામ

તો વખાણવા લાયક કહેવાય નહિ. ઘણીક તરેહના વિચીત્ર બનાવો દુનિયામાં ચાલી રહ્યા છે અને તે સઘળા આપણને ઉઠાળા ફાડીને જોવા પડે છે.

સ્વદેશી સાહસો.

આજે ઘણાં વર્ષો થયાં હિંદના શુભ-ચ્છકો બૂમો મારી રહ્યા છે કે દેશની દરેક હાજતો પુરી પાડવાને તેના વતનીઓએ મથન કર્યા કરવું કે જેથી આસમાની-સુલ્તાની વખતે તે દેશની પ્રજાને કષ્ટ સહન કરવું પડે નહિ અને તે માટે હુનર ઉદ્યોગની ખીલવણી કરવાને ના. સરકાર તરફથી પ્રદર્શનો ભરીને લોકો સમક્ષ જૂની જૂની જાતના અખતરાઓ કરી બતાવવામાં આવે છે એટલું જ નહિ પણ સ્કુલોમાં સુધ્ધાં તે કેળવણીના પ્રકાર કરાવવામાં આવે છે. છતાં તેનો લાભ જોઇએ તેવો મળી શકતો નથી કારણકે દરેકની ધરછા લીટરરી કેળવણી સંપાદન કરવાની છે. અલબત્ત લીટરરી કેળવણી ઉત્તમ છે અને તેથી તેનો સ્વીકાર કરવો જોઇએ પરંતુ તેથી પોતીકા ધંધારોજગારના જ્ઞાનથી અલગા રહેવું જોઇતું નથી આમ કરવાથી તો આડકતરી ગરીબાઇમાં વધારો થાય છે અને તેથી દેશના હુનર ઉદ્યોગની ખીલવણી કરવા તરત લીટરરી જ્ઞાન સાથે લક્ષ આપવાથી ઔર લાભ થાય છે. એક સમય એવો હતો કે હિંદ ઉપયોગી દરેક ચીજ હિંદમાંથી મળી શકતી હતી આજે તેને સોય અને ટાંકણી અરે દેશા અને ધાણા જેવી નજીવી ચીજ માટે પરદેશપર આધાર રાખવો પડે છે કારણકે હિંદીવાનોએ હિંદી હુનર ઉદ્યોગોને ખીલવવા તરફ અને જે હતું તેમાં સુધારો વધારો કરવા તરફ આપ્યું નહિ જેથી હિંદી સાહસોમાં વધારો થવાને બદલે ઘટાડો થયા લાગ્યો. હાલ લડાઇનો મામલો છે તેવે વખતે પરદેશી ચીજના ભાવો ઉંચા ચઢી ગયા છે અને તેની નિત્ય ઉપયોગી ચીજની માંગણી બજારમાં વધુ છે શા માટે બાહોશ વેપારીઓ અને વેપારી બુધ્ધી ધરાવનારા ચંચલ નબીશઓ બહાર નથી નીકળી આવતા? શા માટે પોતાની બુધ્ધીનો ઉપયોગ કરી પોતાની કોમની અને દેશની હાજતો પુરી પાડતા? નાના નાના ધંધાઓ શરૂ કરીને મેચીસ, સાબુ, કાગલ વગેરે બરાબર ચાલ્યે પુરી પાડી શકાય તેમ છે અને તેવું જેઓ સાહસ કરવાની તક હાથ ધરશે તેઓ જરૂર પૈસા કમાશે અને દેશજનોને નિત્ય ઉપયોગી ચીજોની ખોટ પુરી પાડી દેશની સેવા બજાવી શકશે.

"ચૂમ ધન બરચે નહીં કે ખાય"—કંજુસ પર ફિટકાર.

લખનાર—મર્હુમ કવિ દા. એ. તારાપોરવાળા.

ચતરંગ—ખ્યાલ.

જલો ઐ તુંશાંની—જલો ઐ તુંશાંની,
તેરી મતી હુઇ દીવાની—તેરી ગતી કહાં છુપાની,
તેરી ગતી ન જવાની—જિંદગાની હુએ;
દુનિયાં હુએ ઐ ફાની—કહાં હુએ દૌલત ભોંઇ છુપાની!
હોવે ગરચે તું મશાની—ન આની હુએ.—ટેક.
તોરી કહાં જલી શાન—અરી નીપટ નાદાન,
તોહે કૌન કહે ઇન્શાની હુએ?
હર હર હાની, મરમર લાની, ખાય ન પિલાય પાની,
કૌન કહે "દિલજાન" હાનિ પ્રાની હુએ?—(૧)

સરજતની સુંદરી.

લખનાર:—દિલેરા.

"ધર્મોન્માદ," "કુદરતનો ખેલ," "ડુંપડીનો રોગ"
વિગેરેના કર્તા.

પ્રકરણ ૧૯ મું.

રોઝીના ગભરાટનો, દેવીદની અજ્ઞપણાનો અને મીસ બેલના ગુસ્સાનો પાર હતો નહિ.

રોઝી હજી પણ દેવીદને ઠગવા માટે ગભરાતી હતી. તેણીએ ઘણું ચાહ્યું કે તે દેવીદ આગલ ખરો એકરાર કરે અને મીસ બેલને ધનસાદ આપે, પણ નહિ. એમ કરતાં તે બીહી ઘેલી થઇ ગઇ. તે આટલી હદ સુધી જાણું બોલી ગૂલી જવા પછી ખરો એકરાર કરી મીસ બેલની નજરો નજર નીચી પડવા માંગતી હતી નહિ. તેણીએ જ્યારે જોયું કે તે આટલી બધી હદ સુધી કૃતેહ પામી હતી ત્યારે તો તેણીએ કુંવારી સ્ત્રીનો રોંગ ચાલુ રાખવાનોજ ઠરાવ કર્યો. તેણીએ ધાર્યું કે તે મીસ બેલને એવી તો ગભરાવી નાખે કે તે ઔરત એમજ સમજે કે તે પોતાની નેમમાં ભુલી હતી. પણ એમ કરવાની રોઝીની હિમ્મત ચાલી નહિ. તે મીસ બેલનો ભયંકર દેખાવ જોઇ નહિ શકવાથી બીઘેલી હરણીની માફક દેવીદનાં પાસામાં વધુ અને વધુ ભરાતી ગઇ.

આથી દેવીદને ઘણું લાગી આવ્યું. તે મીસ બેલ તરફ ગુસ્સાથી ડોળા ફફડાવી બોલ્યો, "મીસ બેલ, તારી રોઝીના ઓરડામાંથી મળી આવેલાં કાગળ ઉપરથી દીન સ્ત્રીટમાં જઇ મીસીસ શાર્પના મોહડેથી આતમી મેળવવા માટે હું તને મુબારકબાદી આપી શકતો નથી, કેમકે મીસીસ શાર્પના કહેવા મુજબ મીસ ફેરીસબ્રુક(રોઝી)ની એક બહેન હતી જે મીસીસ વેગન હતી અને જેણીની સોનેરી વાળવાલી એક બેટી હતી. પણ રોઝેલીનને પરણેલી હરાવવાથી બુદ્ધા જેનની તમામ દોલત તને મળવાની હોવાથી તું કુદરતી રીતે બેટે રસ્તે દોરવાઇ ગઇ અને તેં મીસ ફેરીસબ્રુકને મીસીસ વેગન તરીકે સમજવામાં બહુજ ગંભીર ભુલ કીધી."

"પણ તમો ભુલી જાઓછ કે—" મીસ બેલ કાંઇ બોલવા માગતી હતી પણ દેવીદ તેણીને આગલ બોલતાં અટકાવી બોલ્યોઃ—

"મીસ બેલ, મહેરબાની કરી મને સાંભાળી લેા, કેમકે મીસ ફેરીસબ્રુકને મીસીસ વેગન સમજવામાં તમોએ કીધેલી ભુલ ગમે તેટલી ગંભીર હોવા છતાં—તે લઇ ચલાવી શકાય એમ છે. પણ તમારી ભુલનો ભોગ મીસ ફેરીસબ્રુકને બનાવવાની તમારી કોશીશ શરમ ભરી છે. તમોએ એ નિર્દોષ બાનુ ઉપર ગંભીરમાં ગંભીર આરોપ મુકયોછ કે મીસ ફેરીસબ્રુકે પરણેલી છતાં પોતાને કુંવારી જાહેર કરી બેાટી રીતે બદકે ઠગ બાજીથી, વિશ્વાસનો ભંગ કરી કાકાની દોલત પચાવી પાડીછ એમજ કેની?"

"હું હજીબી કહેવાની હિમ્મત કરૂંછ કે સાહેબ, હા, એમજ છે. મને એ ઔરતે દોલતથી ઠગીછ તેનો મને પરવા નથી પણ તમોને એ ઔરતે મોહબતથી ઠગીછ તે માટે મને ઘણું લાગેછ. જે ઔરત દોલતને ખાતર પણ પોતાનાં પેટનાં ફરઝંદને તરછોડી દે અને તે બાળકની નજર પોતાની હદદાર માતા ઉપર પડતાં તે 'મમી' 'મમી' પોકારી એ ઔરત તરફ ધસી જાય,

છતાં જે ઔરત એમ કહેવાની હિંમત કરે કે એ બાળક મારું નથી તો તે ઔરતની પોતાના બાવિંદ તરફની મોહબ્બત માટે શું ધારવું જોઇએ તે સમજી લેવાનું કામ એ ઔરતના બાવિંદ થશે નિકળેલા તમે।

સાહેબનું છે."

દેવીદ કાંઇક વિચારમાં પડ્યો. મીસ બેલે આગળ ચલાવ્યું:—

"તમો સાહેબ માટે એક રસ્તો ખુલ્લો છે. આબો દીન સ્ટ્રીટ આ ઔરતને ઓળખતો હોવો જોઇએ. તમો આ ઔરતને લઇ મારી સાથે ચાલો અને બાત્રી કરો કે મીસીસ વેગન તમારીજ પસંદ કરેલી ઔરત છે કે નહીં? અને એ ઔરતમાં સહેજ પણ હિંમત હશે, એ ઔરત ખરેખર પરણેલી નહિ હશે તો તે મારી ચેલેન્જ ઉપાડી લેવાને સહેજ પણ આનાકાની કરશે નહિ. પુછો એ ઔરતને તે એમ કરવાને કબુલ છે? પણ હું નહિ ધારતી કે—"

"સસુર," દેવીદ મીસ બેલને આગલ બોલતાં અટકાવી ગુસ્સાથી બોલી ઉઠ્યો, "મીસ બેલ, મેં તને અત્યાર સુધી હદથી જ્યાદા સાંભળીજ. મને મીસ કેરીસબ્રુક સાથે મસલહત કરવા દે. તું દરવાજો બંધ કરી બાહેર જા. હું જ્યારે બંગ વગાડું ત્યારે તારી ચેલેન્જનો જવાબ લેવા અંદર આવજે."

"મારે કબુલ છે."

મીસ બેલ દરવાજો બંધ કરી બાહેર ગઇ, પણ બીજીજ પળે તે પોતાની ભરાવાની જગોએ આવી ઉભી, જેનો ખ્યાલ વટીક દેવીદ કે રોઝીને હતો નહિ, કેમકે તેઓ બંને પોત પોતાની મુશ્કેલીમાં હદથી જ્યાદા ગર્ક થયાં હતાં.

દેવીદે મીસ બેલ જેવી શત્રુ વગરનું મેદાન ખાલી જોઇ રોઝીને બેહદ હેત પ્રિતથી પોતાના પેટમાં દાબી દેણીના ગાલો લાલચોળ કરી નાખ્યા.

"મારી પ્યારી રોઝી, આસપાસ નજર કરી જો કે તારી લડાઇનું મેદાન તારા શત્રુ વગર ખાલી પડ્યું છે હવે મારે મુકી દીને કહેવા દે કે મીસ બેલને। હું એક દુઇ પણ માનતો નથી, તોપણ એકબારગી હું તે માનું. હું જાણું કે તું કુંવારી નહી પણ વીધવા। છે તોપણ હું તને મારી પરણેતર બનાવવા તૈયાર છું. તું કુંવારી નહિ હોવાથી તારા કાકાની દોલત ભલે મીસ બેલના હાથમાં જાય પણ તને સુખ અને સંતોષમાં રાખવાને મારી પાસે પુરતી દોલત છે જેથી તું હાલના જેટલીજ મોજ મજાહ અને આરામમાં રહી શકશે."

દેવીદના આવાં ઉદાર દિલના ખુલાસાથી રોઝીએ ઘણું ચાહ્યું કે તે સાચો એકરાર કરી દે. કયાં સુધી તે પોતાનું પાપ છુપાવી શકશે? કયાં સુધી તે દુનિયાને બાપ આપી શકશે? કયાં સુધી તે મીસ બેલને બાપ લઇ શકશે? આ સવાલો ઉપર ખ્યાલ કરતાં તે કમકમી. તેણીનો આ કમકમાટ દેવીદ જોઈ શક્યો, જેનો અર્થ તે ઉલટોજ લઇ ગયો. તે એમ સમજ્યોકે રોઝી બિલકુલ નિર્દોષ હોવાથી તે તેના ખુલાસાથી કમકમતી હતી.

"રોઝી મને બાફ કર. હું જોકેઉંછ કે તું બીલકુલ પાક અને સાફ છે. હવે હું સમજી શકું છે મેં મારો ખુલાસો કરી તારું દિલ રંજીદા કર્યું છે. રોઝી, બોલ મને બાફ કરશે કે?"

કેવું સાંકડ! રોઝી પોતાનો સાચો એકરાર કરવાને સહેજ સાજ લલચાઇ હતી, એટલામાં દેવીદના ઉપરા સવાલે તેણીની મતિ ફરેવાઇ ગઇ, અને તે ફરીથી કુંવારી હોવાનોજ એકરાર કરવાને લલચાઇ.

પ્રકરણ ૨૦ મું.

"રોઝી, તારા ખુલાસાથી મારાં બાંધાં ઉપરનો ભાર ઉતરી ગયોછ. હવે તને મારી એટલીજ અરજ છે કે હું તને ઘણી જલદીથી મારી પરણેતર બનાવવા માંગુછ," દેવીદ રોઝીનો હાથ પોતાના હાથમાં લઇ બોલ્યો.

લગનનું નામ સાંભળતાં રોઝી ચોંકી બોલી, "પણ પ્યારા દેવીદ, ઘણા જલદી લગન તે કયારે તું કરવા માગેછ?" રોઝીએ ગભરાટમાં સવાલ કર્યો.

હું એક અઠવાડીયામાં તને મારા બાગ્રામાં લેવા માંગુંછ, કેમ કબુલ છે કેની?"

દેવીદે આ સવાલ એટલા બધો તો કાલજી અને ઉલટથી પુછ્યો કે તેનો જવાબ રોઝીને બોહડે સાંભળવાને તે હદથી જ્યાદા ઉશ્કેરાઇ ગયો હતો.

આ વેળાએ મીસ બેલ પોતાની ભરાવાની જગોએ પોતાનાં મન સાથે પટપટીઃ—

"હા, એ દદાનું દિલ ઠંબેછ! લગનની કબુલાત આપતાં એ ઓરતનું જીગર જખમી બનેછ. દેવીદ! દેવીદ! યાદ રાખજે કે તારી રોઝી તને મારા જેવા અબુટ પ્યારથી ચાહી શકવાની નથી. જે ઓરત દોસ્તને પોતાના જનથી જ્યાદા ચાહે તે ઓરત સાચી મોહબ્બત કદી પણ ધરાવે નહિ. જે ઓરત દોસ્તની તરસી હોય છે તે મોહબ્બતની ખાસી હોઈ શકતી નથી. દેવીદ! દેવીદ! હજી પણ તું મારોજ છે અને સદા તું મારોજ રહેશે."

"પણ જાન," રોઝી. દેવીદને વળગી પડી બોલી, "લગન માટે એક અઠવાડીયું ઘણીજ ટુંક મુદત છે. મને એ ઉપર કાંઇક ખ્યાલ કરવાનો વખત આપ."

"નહિ રોઝી, હું તને આ મકાનમાં વધુ વાર એકલી રાખવા માંગતો નથી, અને હું તને મારી પરણેતર બનાવના આગમજ આ મકાનમાં રહી શકતો નથી. હવે મીસ બેલ અહી રહી શકશે નહિ અને જે ઓરતને તારી ઉપર ગંભીરમાં ગંભીર તોહમત મુકે તે ઓરતની દયા ઉપર હું તને વધુ વાર છોડવા માંગતો નથી. મારાં કોઇ અતલગનનાં સગાં નથી. તારી બહેન સિવાય તારૂં કોઇ એવું નથી કે જેના આશ્રામાં આપણું જીવન ગતાં સુધી હું તને રહેવા દઉં. હું ખાસ લાઇસન્સથી તારી સાથે તુરતા તરત લગન કરવા માંગુંછ. કોઇ નજદીકનાં દેવળમાં આપણે ઘણી ઘણીઆણી તરીકે એક થઇ જઇશું, અને હનીમુન ગુજારવા લાંબી મુસાફરી ઉપર જઇશું. મારાં જીગર, તું એમ કરવાને ખુશી તો છેનો?"

"પ્યારા દેવીદ, એમ ના બોલ. એટલી ઉતાવળ વાજબી નથી, તે ઘાતકી છે," રોઝીએ પોતાના બંને હાથો દેવીદનાં ગળાં આસપાસ નાખી આલેજી કીધી.

રોઝી પોતાની બેટી અને બેહેનને શોધી કહાડવા માંગતી હતી. દેવીદની પરણેતર થવા પછી તેજીને માટે એમ કરવું મુશ્કેલ હતું. વળી લગન પછીની લાંબી મુસાફરી તેણીને માટે મોટી આફત સમાન થઇ પડે એમ હતું, કેમકે ત્યારે તે પોતાની બેટીને ફરી પણ મળી શકે નહિ. આ ખ્યાલથી તે લગન કરવાને સહેજ પણ ખુશી હતી નહિ. તેથીએ દેવીદને આહવાનો તેની આગળ એકરાર કીધો ત્યારે તેણીને સ્વપને પણ ખ્યાલ હતો નહિ કે તે તેણીને આટલી જલ્દી પોતાની પરણેતર બનાવવાની ઉતાવળમાં પડશે.

"પણ પ્યારી રોઝી, હું સમજી શકતો નથી કે લગનમાં ઢીલ કરવાનો સબબ શું? મારા જાન, ખુદાને ખાતર 'હા' કહે."

રોઝીએ પોતાની આંખ ઉંચકી અને દેવીદને કાંઇ અજબ રીતે ધારી ધારી જોઇ પુછ્યું, "દેવીદ તું મને તારાં ખરાં જીગરથી ચાહેછ એ માટે તું શું ચોકસ છે? તું સહેજપણ તો ભુલતો નથીની દેવીદ, તું મને તારી પરણેતર બનાવી સહેજપણ પશ્ચાતાપ તો નહિ કરે કે?"

"કદી નહિ, રોઝી કદી નહિ. હું તને મારી પરણેતર બનાવવા આજનો તલપી રહ્યો નથી. તારા કાકાના આશ્રે તું રહેતી હતી તે વખતથી હું તને ચાહતો હતો. બોલ, તને શું તારી તરફની મારી મોહબ્બતમાં કાંઇ શકછે?"

"સહેજપણ નહિ મારા જાન, પણ મને એ બાબત ઉપર વિચાર કરવા દે. બોલ, દેવીદ, કહે મને કે તું મને વિચાર કરવાની રજા આપવા ખુશી છે?"

"બેશક," દેવીદે હસીને કહ્યું, "રોઝી, મને તે કબુલ છે. હું ખુશી છું કે તું તારી એકલવાઇ હાલત સમજી ગઇછ. હવે મારાં જીગર, હું મીસ બેલનો હીસાબ ચુકતે કરવા માંગુંછ."

આ સાંભળતાંજ મીસ બેલ પોતાની ભરાવાની જગો હરણીની માફક છોડી ગઇ. બીજીજ પળે રંગ વાગ્યો અને મીસ બેલ કાંઇજ જાણતી નહિ હોય તેમ દેવીદ અને રોઝી આગલ જઇ ઉભી. તરતજ રોઝી બોલી ઉઠીઃ—

"મીસ બેલ, તેં જબ્બર ગોયું આપુંછ. મીસીસ વેગન તો મારી બહેન દોસ્તા છે. તે મારા જેવીજ છે.

કોણ પણ ભુલ કરે એવો અમો બંનેનો ચેહરો મારેલ.છ"

"અને પેલી નાની છોકરી જે તમોને જોઇ મમા મમા કરતાં આપણી ગાડીની પાછળ દોડી હતી તે બેટી શું તમારી નહિ?"

"તે કદાચ મીસીસ વોગનની હશે," દેવીદે રોકડું પરખાવી દીધું.

"નહિ, મારા પ્યારા દેવીદ, તે મારી બહેનની પણ બેટી નહિ હતી. તે ડ્રાણની બેટી હતી તે હું જાણતી નથી, પણ તે બાળક મારી બહેનની બેટીને મળતી આવતી હોવાથી તે બેટી ઉપર મારું કુદરતી હેત દોડ્યું હતું અને જ્યારે મેં જોયું કે તે નિર્દોષ બાળક મને ગોલાપ આપવા જતાં મેટોરમાં કચ્ચડાઈ મરવાની અણી ઉપર હતું ત્યારે મને કુદરતી હેત તે તરફ દોડ્યું."

"બિલકુલ ગલત," મીસ બેલ પોતાને પોતાની લલતમાં મોહત થતી જોઇ ગુસ્સાથી બબાલી, "ઓરત તું જુઠી છે. તું હજી તને જાનો જાગરથી ચાહનારને ઠગેછ. જો! જો! ખુદાળી તને જોઇ કમકમેછ! હું ધારૂંછ કે તારાં માથાં ઉપર શેતાન ભમેછ!"

દેવીદે જોયું કે મીસ બેલ રોઝેલીનને અપમાન કરવામાં હદ કુદવી ગઈ હતી. તે પોતાની મશુકનું આટલી હદ સુધીનું અપમાન થતું કેમ જોઇ શકે? તે ગુસ્સાથી બબાલ્યોઃ—

"ઓરત, હવે હદ થઈ ગઇ. મીસ કેરીસબ્રુક પોતે પરણેલી હોવાનો ઇનકાર કરેછ, તે શું બસ નથી?" તું બુદ્રા જેનની દોલત નહિ મેળવી શકવા માટે નાઉમેદ થઇ હોય એ બનવા જોગ છે પણ તેથી એમ કરતું નથી કે તારે મીસ બેલ ઉપર ખોટા આરોપો મુકવા જોઇતા નથી."

"સાહેબ, હું ફરીથી કહું છું કે મેં મુકેલો આરોપ ખોટો નથી," મીસ બેલે હાથ ઉપર હાથ અફાળી એક વાર ફરીથી કહ્યું.

"મીસ બેલ, હવે આ તકરારનો અંત આવવો જોઇએ. મીસ કેરીસબ્રુક કુંવારી હોવાનું જણાવેછ તે તમો માનતાં નહિ હોય તો તમો સાબેત કરો કે એ બાનુ કુંવારી નહિ પણ પરણેલી છે અને એક બેટીની માતા છે."

મીસ બેલ ગુસ્સાથી પોતાનો હોઠ કરડી બોલીઃ—

"સાહેબ, તમારી મરજી બેમરજ છે તો હું એ માટે વધુ તકરાર કરવા માંગતી નથી. પણ તમોએ એમ નહિ સમજવું કે આ બાબત મેં છેવટની પતી મુકીછ. સાહેબ, હું મારા હક અને લલત ચલાવિંછ, નહિ કે એક જનમુસ તરીકે મીસ કેરીસબ્રુકની મેં પુંઢ પકડીછ. જે ઓરતનો તમો બચાવ કરવા માંગોછ, તે ઓરત ઠગારી છે, મારી દોલત અને મેહનતની ચોર છે."

"બામોશ, ઓરત હોશમાં આવ! હું તને એક પળ પણ વધુ સાંભળવા માંગતો નથી. મીસ કેરીસબ્રુક ઠગારી નથી પણ તું પોતે ઠગારી છે, તું દોલતની પ્યાસી છે."

"નહિ, નહિ, ઓ ભોળા જવાન, હું દોલતની પ્યાસી નથી, પણ તારી મોહબ્બતની પ્યાસી છું. હું તને એક ઠગારી ઓરતની મોહિનીની જાળમાંથી મારી જીંદગીના ભોગે બચાવશ. એકબારગી હું મારા પૈસાનો પણ બ્યાસ નહિ રાખું પણ તને તારી મોહબ્બતમાં ઠગાવલી હું કદી પણ નહિ ચાંખુ. હું જાણુંછ કે જે ઓરતને તું ચાહેછ તે ઓરત તને તારી મોહબ્બતમાં ઠગેછ. હું આ મકાન છોડી જાઉંછ પણ તે આગમજ હું આપોકાર જાહેર કરૂંછ કે તું જે ઓરતને ચાહેછ તે ઓરત બેશક ઠગારી છે અને હું તે મારી જીંદગીના ભોગે સાબેત કરવા માંગુંછ."

દેવીદે કશો જવાબ દીધો નહિ. તે પોતાની પ્યારી માશુકના ચહેરા તરફ ટીકતો એક પણ બોલ બોલવા વિના બેસીજ રહ્યો. મીસ બેલ રોઝી તરફ વિક્રાતની નજર ફેંકી તે ઓરડો છોડી ગઇ, પણ તે તે મકાન છોડી ગઈ કે નહિ તે જણાયું નહિ, અને તે જાણવાની નહિ દેવીદે કે નહિ રોઝીએ દરકાર કીધી કેમકે બંને એક બીજના વિચારમાં ખુબ મસ્ત બની ગયાં હતાં.

પ્રકરણ ૨૧ મું.

મીસ બેલના જવા પછી થોડીક પળ ચુપકીદી ચાલી. દેવીદે ધણુંબી ધરછયું કે રોઝી મીસ બેલ

મુકેલા ગંભીર બદલ કમકમાટ ભર્યો આરોપનો એક વાર ફરીથી ધ્વનકાર કરે પણ તેમ કાંઈ થયું નહિ.

અને દેવીદેજ પોતાની જબાન ખોલીઃ— "મારી પ્યારી રોઝી, મને તારી બહેન દોરા માટે આશમજથી કાંઈ નહિ ખબર આપી? પ્યારી રોઝી, તું તારાં મગજ ઉપર જે મોટો બોજો લઇ ફરેછ તે શું તારી બહેન માટેજ છે? એ બધી તારી મુશીબત શી છે? તું મને નહિ કહે!"

રોઝેટ્ટીને જવાબમાં પોતાની ડોક દેવીદનાં ખભાં ઉપર નાખી દીધી. દેવીદે જોયું કે તે થાકેલી, અને નિરોસ બનેલી લાગતી હતી.

તેણીએ તો ધણુંખી ધરબ્યું કે તે તેણીની સમણ હમીકત કહી દે પણ તેણીની હિમ્મત ચાલી નહિ.

"મારી પ્યારી રોઝી, તું એટલી બધી તો દુઃખી માલમ પડેછ! શું પેલા મીસ બેલના કહેવાથી તું એટલી બધી દુઃખી બની ગયછ! મને સ્વપને પણ ખબર હતી નહિ કે એ છોકરી એટલી બધી ફટાઉ બની જશે! પણ જીગર, તારે એ ઓરત માટે સહેજબી ખ્યાલ કરવો જોએતો નથી. પણ મારા જાન મને કહે કે તારે માથેની જંજાળ શી છે? હું તે જાણવા આંધુંછ."

"મારે શું કહેવું તે હું સમજી શકતી નથી," રોઝેટ્ટીને ધીમે સાદે જવાબ દીધો.

"રોઝી, શું તારી બહેનને કોઇ બદમાશે ફસાવીછ?" દેવીદે સવાલ કરીો. તેને એમજ લાગતું હતું કે રોઝી પોતાની બહેન દોરા યા તેણીના ખાવિંદની કાંઇક બેજાકતથી દુઃખી થઈ ફરતી હતી.

શું જવાબ દેવો તે રોઝી સમજી શકી નહિ, તોપણ દેવીદના બોલને પકડી પાડવામાં તેણીએ પોતાની દોરમતની સલામતી જોઇ લીધી.

"પ્યારા દેવીદ, બટકળ ખરી છે. મારી બહેન દોરાનો ખાવિંદ જબરો ઉઠાઉગીર માલમ પડી આવ્યોછ. પણ આ બાબતનાં ઉંડાણમાં હું જવા માંગતી નહિ હોવાથી ખુદાને ખાતર એવા સમયમાં મને વધુ યાદ આપી મને વધુ દુઃખી બનાવો ના."

પણ રોઝીની આ અપીલની તેણીના ધારવા મુજબની અસર થઇ નહિ. તેણે આગળ ચલાવ્યું, "જ્યારે તેં મારી પરણેતર બનવાનું કબુલ કીધુંછ ત્યારે તો તારે મારેથી સહેજ પણ છુપાવવું જોએતું નથી. તારે મને તારા વિશ્વાસમાં લેવા જોએએછ. હું એમ પુછું કે તારી દોરાનો બદમાશ ખાવિંદ દીન ઓટમાં મીસીસ શાર્પવાલાં મકાનમાં તમે બંનેની સાથે રહેતો હતો?"

"નહિ," રોઝીએ ધીમે સાદે જવાબ દીધો, "તે અમારી સાથે હતો નહિ."

"ત્યારે શું તે બદમાશ તારી બહેનને તજી ગયોછ, કાંઇ બોટો સીંગ સજી ગયોછ?"

રોઝીએ ફરી જવાબ દીધો નહિ. કાંઇ પણ જવાબ આપતાં તેણીનું જીગર ડંખ્યું હતું. દેવીદ એમ સમજ્યો કે તેની અટકળ ખરી હતી અને તેથીજ રોઝી જવાબ દેતાં મુંઝાતી હતી.

"પણ જ્યારે એમજ છે મારાં જીગર તો શા માટે તું તારી બહેન અને તેણીનાં નિર્દોષ બાળકને અહિં લાવી રાખતી નથી?"

"મેં એમ કરવાની પણીશ્રી દોરાને કીધી પણ દોરા 'ના' થી 'હા' કહેતી નથી. તેણીનો ખાવિંદ પાછો આવ્યોછ. હું તેને મરતાંથી મારી સાથે રાખું નહિ. હું દોરાને પૈસાની મદદ કરુંછ. હવે નાણા સંબંધી બાબતમાં દોરાને સહેજ પણ જંજાળ કરવાની નથી. પણ પ્યારા દેવીદ, હવે મીસ બેલનું કેમ કર્યું?"

"એ ઓરતને અહિંથી સદાની જવાજ દેવી જોએએ. કોઇ પણ રવેસે હું એ ઓરતને તારી પાસે રાખવા માંગતો નથી. એ ઓરત બેખમ ભરેલી છે. રોઝી, જ્યાર તારી બહેનની વાતથી તને હદથી જ્યાદા દુઃખ ઉપજેછ તો હું એ વાત હાલ તુરત બંધ કરુંછ. પણ આવતી કાલે શાંત બની તારી બહેનની કેફીયત તારે મને કહી સંભળાવવીજ પડશે. હું તારી બહેનને કાંઇક મદદ કરી શકીશ. અને એમ કરવાને તે કમનસીબ ઓરત તરફ તેણીના બનેવી તરીકે મને દરેક ફરજ બજાવવાની છે કેમ ખરૂં કેની રોઝી?"

રોઝીએ માત્ર ડોકુંજ ધુણાવ્યું.

પ્રકરણ ૨૨ મું.

દેવીદ વધુ વાર થોભ્યો નહિ. એવી ગોઠવણ કરવામાં આવી કે દેવીદે ખાસ પરવાનો મેળવવો અને નજદીકના દેવલમાં જ્યાં લગન કરવાં. આ પછી રોઝેલીનના વારસાને લગતું કામકાજ બજાવી હનીમુન માટે આઇરગામ ઉપડી જવું. દેવીદના જવા પછી રોઝી વિચારમાં પડી. દેવીદનો ફ્રાવ તેણીને પસંદ પડ્યો નહિ. તે પોતાની બેટીને પોતાની પાછળ મુકી જવા માગતી હતી નહિ. વળી તે મીસ બેલને પણ ફ્રફ્રાવી પે તાની પાછળ મુકી જવા માગતી હતી નહિ. વળી તેણીની બેટીનો તે કેટેથી પણ પત્તો હજી સુધી મેળવી શકી હતી નહિ. તે પણ છુપી રીતે પોતાની બેટીની શોધ ચલાવતી રહી હતી અને તેમ કરવા માટે તેણીને મોટો ભોગ આપવો પડ્યો હતો.

કેટલીક પળો ખ્યાલ કરી તે ઉઠી અને મીસ બેલના ઓરડામાં ગઇ. તેણીએ બારણાં ઉપર ટકોરા માર્યા અને અંદરથી જવાબ આવ્યોઃ—

"અંદર આવો."

રોઝી અંદર ગઇ, જ્યાં તેણીએ મીસ બેલને પોતાનો સામાન પેક કરતાં જોઇ.

"તમે શું માંગોછ?" મીસ બેલે ભવાં ચઢાવી સવાલ કર્યો.

"હું જાણવા માંગુછ કે તું જવાજ માંગેછ?" હેસતર બેલે પોતાનાં ખભાં ચઢાવ્યાં.

"ત્યારે હું શું કરું?" મીસ બેલે તોખરા જેવું મોહડું ચઢાવી જવાબ દીધો.

"તું તારી નોકરી છોડવા પછી શું કરવા માંગેછ? તું ક્યાં જશે? તારી પૈસા સંબંધી હાલત તો સારી નથી, તેનું કેમ?"

"હું શું કરવા માંગુંછ તે તમો જાણવા માંગોછ કે બાનુ? હું લંડનમાં રહી સાજુત કરવા માંગુંછ કે બુઢ્ઢા જોનની દોલત તેં ખોટી રીતે પચાવીછ, જ્યારે ખરી હકદાર વારેસ હું છું, કેમ બરાબર કે બીસીસ વેગન?"

"તું ભુલેછ, મીસ બેલ."

આ સાંભળતાંજ મીસ બેલ દીવાની પેઠે હસી પડી બોલી, "જોયું બાનુ, મીસીસ વેગનનાં નામથી. તમેઓ કેવો જવાબ આપ્યો! તમોને તમારૂં નામ મીસીસ વેગન સાંભળવાની તબેહ પહેલી લાગેછ. બાનુ, જોકે તમો મને મોહત થયલી સમજોછ, પણ ભવિષ્યમાં તમો મારી સામે મોહત નહિ થવા પામો તો હું મારા બાપની બેટી નહિ. બાનુ, તમોએ મારી સ્ટોરેથી બે ચીજ જે મને ઘણી પ્યારી હતી તે ધાતકીપણે છિનવી લીધીછ."

આ વેળાએ મીસ બેલે ગુસ્સાથી પોતાની મુઠી વાળી હતી. તેણીની આંખો ક્રોધ અંજબ રોસનીથી ચળકતી હતી.

રોઝી તેણીનો દેખાવ જોઇ બે કદમ પાછળ હઠી ગઇ.

"આ બે ચીજ તે બુઢ્ઢા જોનની દોલત અને મારી મોહબ્બત છે. ધન મેળવવા માટે મેં હોહીનું પાણી કર્યું પણ તેં તે મને જરપત નહિ થવા દીધું. બાનુ, જ્યારે આપણે બંને એકલાં છિએ ત્યારે તો મને ખુલ્લી રીતે બોલવા દે, મારૂં દીલ ખુલ્લું કરવા દે. દીલના ઉંડાથી તું ગભરાતી તારા દેવીદના પાસાંમાં જરાક જ્ય તેની કુમક ઉપર તું કુદતી હતી નહિ? પણ હાલમાં તે અહિં નથી. હું જાણુંછ કે તે તને છોડી ગયોછ એટલે તેની મદદ તને હાલમાં મળી શકનાર નથી. હું દેવીદને પહેલીજ નજરે ચાહતાં રિઝી હતી અને જો તું વચમાં આવી ન હતે તો તેણે મને જરૂરજ પોતાની પ્યારી પરણેતર બનાવી હોતે. તું શું એમ ધારેછ કે મારી દોલત અને મોહબ્બત લુંટી લીધા પછી હું તને જતી મુક્શ? હું તને માફ કરશ? કદી નહિ."

રોઝેલીન મીસ બેલનો ક્રાકણ જેવો ચેહરો જોઇ વળી બે કદમ પાછળ હઠી ગઇ.

"મીસ બેલ, મારી સાથે એ પ્રમાણે વાત કરતાં તને મારા દરજ્જાનો સહેજણી ખ્યાલ આવતો નથી?"

"સહેજ પણ નહિ બાનુ, જે ઔરત દોલત અને મોહબ્બતની ચોર હોય તે ઔરતનો દરજ્જો ગમે તેટલો બુલંદ હોય તોપણ તે ઔરત સહેજણી માનને લાયક ગણાતી નથી. બાનુ, તારૂં અંતઃકરણ સારી પેઠે

જાણતું હોવું જોઇએ કે તું કેટલી લુડી છે, જ્યારે તું કેટલી સાચ્ચી છું. દેવીદને છુતવાની મને મળેલી તકનો તેં નાશ કીધોછ. તારી ઠગબાજીથી મને ધીકારવા તેં દેવીદને જોકે શિખવ્યુંછ પણ યાદ રાખજે કે દેવીદ કદી પણ તારો થઈ શકવાનો નથી. તે અંતે મારોજ છે પણ મને ઠહે કે દેવીદે તને પરણવાની માંગણી કીધીછ?"

"હા," રોઝીને લથડતી જબાને જવાબ દીધો.

"શું ત્યારે ઘણાં જલદી લગન કરવા માંગોછ?"

"હા, ઘણી જલદી."

"ગમે તે હોય," મીસ બેલે ગુસ્સાથી કહ્યું; "પણ બાલુ, યાદ રાખજે કે હું તને કોઇ પણ જોખમે ઉઘાડી પાડવા વિના રહેવરા નહિ. હું તને ફરીથી કહું છું કે તું દેવીદની કદી પણ પરણેતર થઇ શકવાની નથી."

આ વેળાએ રોઝી ક્રમકમાટથી પોતાના બંને હાથો પોતાની આંખ ઉપર ઢાંકી દઇ પાસેની ખુરસી ઉપર ફસડાઇ પડી.

"કિસ્મતની શી કુરતા."

લખનારઃ—કવિ ભવાનીશંકર નરસિંહરામ.


(ગઝલ.)

પકવાન રાંધી પ્રિતથી, પત્રાળી માંહી પીરસ્યાં,
વિષમાંહિ પડીયું વ્યાલનું, કિસ્મતની શી કુરતા.—૧
જમનાર તો જેતાં રહ્યાં, મ્હેનત બધી માથે પડી;
રાંધી રસોઇ પડી રહી, કિસ્મતની શી કુરતા.—૨
વિધિએ કરી તરૂ વાવીયું, આંબા તણું નિજ આંગણે,
કેરી ન આવી કુદરતી, કિસ્મતની શી કુરતા.—૩
મનહર કરાવી મેડીઓ, વસવા ન દીધું વાસ્તુ,
ગમતી હવેલી બળી ગઇ, કિસ્મતની શી કુરતા.—૪
બેપો કરી કરી ખુરદા, લેગા કીધા બહુ ભાવથી,
બાધું ન પીધું બરચીયું, કિસ્મતની શી કુરતા.—૫
છોટાં હતાં જે છોકરાં, મોટાં કર્યાં મ્હા મ્હેનતે,
રળતી વખત તે ના રહ્યા, કિસ્મતની શી કુરતા.—૬
પરણ્યો પ્રિતેથી પ્રેમદા, માંદી પડી તે મોહિની,
સંસાર ભોગવતાં સુતી, કિસ્મતની શી કુરતા.—૭
ભાવે ભવાની ભક્તિમાં, કાયા કસી નહિ કામની;
કાયા બળી ગઇ કાયદી, કિસ્મતની શી કુરતા.—૮

લગનની મોતેબરી.

લખનારઃ—ભી. મીનોચેહર માણેકજી માહન.

(પાને ૯૮ થી ચાલુ.)





વે આપણે એક નાનુંક પણ અગત્યની બાબદ જે સામે ભણેલાઓ બોલે છે અને મા-બાપો બબાળા કાઢતે છે તે ઉપર આવ્યે. જે મહોબ્બત છે. જો કે એ ઉપર લખવું અસભ્યતા ભર્યું લખામ છે અને નીતિ તેને તરછોડી કાઢતે છે પણ શું કોઇ એવો મરદ યા ઓરત હશે કે જેણે પોતાની તમામ જીંદગીમાં એકપણ વેળાએ મહોબ્બતની લાગણી ધરાવી નહોય? શું કુદરત તેને તેવી લાગણીથી બક્ષાત રાખશે? પરદામાં જુઓ તે ત્યાં હયાત છે; ચરસાંમાં નિહાલો કે તે ત્યાં પણ છે; નદી, નાળાં, પહાડો, પરવતોને તપાસો તો ત્યાં પણ તે બેપાયું ચાલુ છે; શીકારી કાદીખાનારાં જનાવરમાં જુઓ કે તેના દિલમાં તે જીવે છે ત્યારે શું માણસનેજ કુદરતે તેનેથી બાકત રાખ્યો છે? હકીકત એ છે કે માણસાઇ ખાસીયત અને લાગણીની એ બાબુને નીતિની રૂએ ખિતવવામાં આવતી નથી. અને જવાન છોકરા-છોકરીઓ કહાણી કુથળાઓ વાંચી ખરા-બોટા વિચારો ધરાવતાં શીખે છે અને માણસાઇ જીંદગીમાં મોટો ભાગ ભજવતી એ લાગણીને સિધ્ધી રાહે દોરવવામાં આવતી નહીં હોવાથી ઘણાક નાસકારક સડાઓ આપણા સંસારને લાગુ પડયા છે.

એમ લખ્યું જમે એવું અસભ્યતા ભર્યું હોય છતાં જો જવાન મરદ અને ઓરતમાં તેઓની લાગણીની ખિલવણી સાથ મહોબ્બતને પણ નીતિની રૂએ ચલાવવામાં આવતી હોય તો વખત આવે તેઓ દરદ અને મોહબત, શહેવત અને ખરા પ્યાર વચ્ચેનો ફરક પીછાની શકે અને તેથી તેઓ નીતિ અને પ્રમાણીકપણાને પોતાનો સાથી ગણે કે જે વગર માણસાઇ જીંદગી એક કંગાલ અને અનીતિનું ચિત્ર છે.

"સાધારણ રીતે ગણુતાં મહોબ્બત હેમાકત છે; પણ મહોબ્બતને તેના સ્વચ્છ રૂપમાં જોતાં આપણી ઉંચી નીતિનું કારણ અને પુરાવો છે," એમ એક લખનાર કહે છે. એજ મીનોઇ લુરસાના ચબળથી આ દુન્યા આપણને હરહમેશ તાજી અને ખુશ માલમ પડે છે. માણસાઇ હસ્તિનું તે એક નિરંતર મધુર ગાણું છે. બાળપણ ઉપર તે રોશની નાખે છે અને મોટપણની આસપાસ એક ખુશનુમાં ઓરેહ ઉભું કરે છે. મહોબ્બત એ વખાણની પેદાયશ છે અને ચાલચલણ ઉપર ખુબજ અને સ્વચ્છ અસર કરે છે. સ્વાર્થના બંદીખાનામાંથી છોડવાને તે એક અકસીર ઇલાજ છે; તે નમ્રી, દિલસોજી, યકીન અને હિમ્મતને ઉશ્કેરે છે.

એક બાનુ માટે એક લેખક કહે છે, કે "તેણીને ચાદવું એ ગોથા ઉંચી કેળવણી લેવા બરાબર છે." એ મુજબ જોતાં, ઓરત એક શીક્ષક છે અને જેણી માણસાઇપણું અને મહોબ્બત શીખવે. કેટલાક છે કે ત્યાં સુધી એક મરદ ઓરતનું જોડું મહોબ્બતની મારફતે (union) ન થાય ત્યાં સુધી તે જોડું પુરૂં સંપાયલું ન કહેવાય. જે પ્રમાણે મહોબ્બતની મીનોઇ લાગણીથી અજાણ રહેલી ઓરત કહેવડાવવાને નાલાયક છે તેમજ મરદનું પણ સમજવું એવું એક એકને સંપૂર્ણ બનાવા પેદા થયાં છે. એતો દિલસોજ કહે છે, કે "દરેક આરાક પોતાની માસકમાં સંપૂર્ણતા જોય છે."

મહોબ્બત અને વખાણ.

ખરૂં જોઇએ તો જેમ મનનું હોય તેમ દિલનું પણ હોવું જોઇએ અને મહોબ્બત ઉપર આધાર રાખવો જોઇએ. એક લેખક કહે છે, કે "વખાણ વગર કદી પણ એક સ્વચ્છ મહોબ્બત જન્મ પામે નહીં; તે ઝિવાયની કોઇ પણ મહોબ્બત અકસ્માત લઈ આવે છે અને તે ત્યારબાદ માણસાઇ આત્મા માટે નાલાયક થઇ પડે છે." ઘણિત જેને આપણે વખાણીએ તેનેજ ચાહી શકીએ. ટુંકમાં, ખરું જોડાણ (union) ચાલચલણના ગુણો પર રહેવું જોઇએ કે જેથી સંસાર સફળ નીવડે!

એક લેખક ખરી દાનાઇથી લખે છે કે, "મહોબ્બતની બાબતમાં બે મરદોના દિલની વચ્ચે નહી ટકી શકાય એવો ફરીયો વહે છે; એક મરદ બીજા મરદની ગમે તેટલી દિલસોઝ અને મદદથી રાહત મેળવતો નથી પણ તેની માતા, યા બહેન, યા પરણેતરજ તે સંપુર્ણ રાહત મેળવે છે."

મહોબ્બત પવિત્ર કરનાર.

મહોબ્બતના દરવાજાથી માણસ એક નવા ખુશ્તુમાં, દિલસોઝ અને બિનસ્વાર્થની દુન્યામાં પ્રવેશ કરે છે. તે પોતાના નવાં ઘરની દુન્યામાં દાખલ થાય છે, જે તેની પોતાની મહોબ્બતનુંજ ફૂલ છે જ્યાં તેને દિન ઉગતા નવા અનુભવ મલ્યાજ જાય છે. તે પોતાની મહોબ્બતથી જો ચાહે તો પોતાના ઘરને ખુશ્તુમાં આગે બેહરત બનાવે અથવા તેજ પવિત્ર મહોબ્બતનો ભુડો ઉપ્યોગ કરી કાયમી અંધાર હોજખ બનાવે. એ સઘળું તેના હાથમાં છે. એક લેખક લખે છે, કે "કુટુંબી જીંદગી ભરેલે કાંટા અને આફતથી ભરેલી હોય પણ તે મીઠાં ફળો પેદા કરે છે. જો એક પતી પરણેતરનું ઘર ફરજંદો વગર ખાલી હોય તો ત્યાં ઘણીક બદી રાજ્ય કરે છે."

દરેક ભૂલોને સુધારનાર ઘર છે. જે એક સ્વાર્થી મનને ઘડીભર ખરૂં સુખ પ્રાપ્ત કરાવે છે. એ બાબત ઉપર એક ઇંગ્રેજ લેખક મી. આરથર હેલ્પ્સ Claims of Labour "નામના રેસાલામાં લખે છે;" કે તમો એક માણસને તવંગર થતો, પોતાના ઓથામાં ઉંચી પદવી મેળવતો, એક વેપારી તરિકે ઉંચી નામના કમાતો જુઓ તો તમો કહો છો કે તે જીંદગીમાં સફળ થયેલો છે. પણ જો તે ઘણીના ઘરમાં કંકાસ અને કજીયો રાજ્ય કરતો હોય, જ્યાં મહોબ્બત અને એક બીજાની સંભાળની જરૂયાજ ન હોય તો હું ખાત્રીથી કહું છું કે તે માણસ પોતાની જીંદગીમાં તમામ નિષ્ફળ ગયો છે. તેણે ભલે ગમે તેવી મોટી કૃતેહ દુન્યામાં મેળવી હોય પણ તે પોતાના ઘરની કૃતેહનો કિલ્લો જીતવા પછાત પડે છે. તે માણસની જીંદગી ઉંચી જેજ નહીં. જેની સખાવત તેના ઘર બહારી કરતી નથી તેને ભલે પોતાના કામોના કિરણો સઘળી દીશાએ મોકલ્યાં હોય પણ તે પોતાના ઘર તરફ-જે મહોબ્બતનું મંદીર અને દિલનો દિલાસો છે-તે તરફ મોકલવા બેનસીબ છે.

એક માણસની ખરી ખાસીયત તેના ઘરમાં ખરા આકારમાં પ્રગટ થાય છે અને તેની બહેર જીંદગી અને કામકાજમાં તેવું જે દેખાવણું બહાર ન આવશે તે તેના ઘરમાં તુરત જણાઇ જશે. એક માણસનું મન ભલે તેના કામ કાજમાં હોય પણ તે જો સુખી થવા ઇચ્છે તો તેનું દિલ તેનાં ઘરમાં રહેવું જોઇયે. લાંજ તેની ખરી ચાલચલણ અને લાગણી બહાર પડે છે. ત્યાં જે પોતાનું બેસ્વાર્થપણું, શક્તી, હિમ્મત, ધીરજ અને મહોબ્બત બતાવે છે. જો એક ઘરમાં મહોબ્બત રાજ્ય કરતી ન હોય તો તે ઘર એક કબ્રીસ્તાન છે. તેમજ ચોખા ઇનસાફ વગર પણ મહોબ્બત, વિસ્વાસ અને માન હોઇ ન શકે.

સર થોમસ મુર ઇંગ્રેજ માટે એક લેખક કહે છે; કે "ન તકરાર ન મારામારી કદીની ત્યાં એક પણ ગુસ્સાથી ભરેલો શબ્દ સંભળાયો નથી-કદી કોઇ આળસુ હતું નહી સઘળા પોતાની ફરજ અદા અને ખુશમીજાજથી બજાવતાં." સર થોમસે એવા ખુશ-મીજાજથી પોતાના ઘરને સુખી કર્યું હતું અને સઘળાં જીગરોને તાબે કર્યા હતાં. તે એટલી નરમી અને ડહા પણથી સત્તા વાપરી ગયો છે કે તેના ઘરમાં હમેશ મહોબ્બત અને ફરજ રાજ્ય કરતાં હતાં અને જે મુજબ

તે પોતાની જાહેર જીંદગીમાં ભલાઈ કરતો તેમ પોતાના નાના કુટુંબના દરેક તરફ દર કલાકે નાની નાની ભલાઈઓ કરતો. ઘર-સંસારી મહોબ્બત જે દિલસોજીને જન્મ આપે છે તે દુન્યામાં દેખાય છે. એક લેખક કહે છે કે "એક માતાની નરમ એકાંત ગોદામાં મહોબ્બતની પહેલવહી ચીંગારી પુટે છે અને તે પ્રફુલ્લિત થતી તમામ દુન્યાના એકેએક ઝગારામાં ફરી વલે છે.

એક ઔરતનું રાજ્ય.

ઘર એક ઔરતનું રાજ્ય છે, દુન્યા છે. જ્યાં તેણી મહોબ્બત, દયા, પ્રેમ અને નરમીથી રાજ્ય ચલાવે છે. એમાં કાંઈજ શક નથી કે ગમે એવો બદચલણ રાક્ષસ એક ઉંચી મનોવૃત્તી ધરાવતી ઔરત સાથ જોડાઇ પોતાની બદચલણ ઘણે દરજ્જે સુધારી શકે છે. ત્યાં તે શારીરિક આસાયશ, મનની શાંતી, સબુરી, સંતોષ મેળવી શકે છે. તેટલુંજ નહી પણ તે પોતાની પરણેતરમાં એક દાનાત સલાહકાર જોઇ શકે છે કે જેણી પોતાની કુનેહથી તેને ભૂલ કરતો અટકાવા શીખે માર્ગે મુકી શકે છે. ના, એક મરદનાં સંકટ અને દુઃખના સમયે એક ઔરત જેવા આપતી એક લાકડી સમાન છે અને તેવા બદબખ્ત સંજોગ સામે થતાં તેણી કદી પણ દિલસોજી અને દિલાસામાં ચુકતી નથી. જવાનીમાં તેણી મરદની જીંદગીનો સબુગાર અને આરામ છે; અને જીંદગીના દરેક તબકે તેણી મરદની વફાદાર સાથી થઇ રહે છે.

અહા; ઈંગલાન્ડનો તે નામીચો રાજદ્વારી, એડમંડ બર્ક, કેવો સુખી હશે કે જ્યારે તે કહી ગયો છે કે "જ્યારે પણ હું મારાં છાપરા હેઠળ (યાને ઘરમાં) દાખલ થાવું છું કે સઘળી જંજાલથી હું વિસરી જતું હું. તેમજ જેવો મહાન સુધારક લુથર, પણ પોતાની પરણેતર માટે કહે છે, "તેણીની વગર અગર મને કાંઇનો ખજનો આપવામાં આવે છતાં હું મારી આ તેણીની સાથેની ગરીબાઇ કદી છોડું નહીં "તેમજ લગ્ન માટે તે કહે છે," કે ખુદાની સૌ કરતાં મોટી અને ઉમદાહ બક્ષેસ તે એક ભલી અને અકીલ પરણેતર ધરાવાની છે, કે જેણી સાથ તે પતી શાંતી અને આરામમાં રહી શકે, અરે, જેણીને તે પતી પોતાની જીંદગી વટીક અર્પણ કરવાને ચુકે નહી...જવાનીમાં લાયક વખતે પરણવાથી કદી કોઇને પસતાવો થતો નથી."

એક મરદ જો હમેશની શાંતી અને સુખ મેળવવા ઇચ્છતો હોય તો તેની પરણેતરે તેની લાગણી તેમજ કામમાં મદદગાર નીવડવું જોઇયે. પણ તેથી કાંઇ એમ નથી કરવું કે તેણી તેની સાર નકકર કરે. એક પતી પરણેતરમાં મરદાઇપણું જોઇ ન શકે તેમ એક બાયીદમાં સ્ત્રીપણું પણ હોવું ન જોઇયે. એક ઔરત માત્ર મનોબળમાંજ હુશ્યાર નહીં પણ મહોબ્બતમાં પણ ઔસ્તવાર હોવી જોઇયે. ખરૂં કહયે તો તેણી પોતાના પતીને પોતાની મહોબ્બતથી; દિલાસો આપે છે અને નહીં કે પોતાના જ્ઞાનથી. એક લેખક કહે છે કે "એક મનોબળવાલી સ્ત્રી (brain-woman) એક ખરૂં દિલ ધરાવતી સ્ત્રી (heart woman) કરતાં આપણને વધુ રીઝવી શકતી નથી." (from "The Professor at the Breakfast Table by Holmes) જીંદગીની જંજાળો મરદને એટલો કંટાળો ખવરાવે છે કે તે ચાહે છે કે તેના પુરસદના વખતમાં નવી ચીજો તેને મળે, એક લેખક એ બાબતમાં નીચલું જણાવા જોગ લખે છે, "અગર મને એકાએક ખુદાની સૌ કરતાં ન્યારી બક્ષેસ મળે પુછવામાં આવે તો હું કહીશ કે ખુદાએ એક મરદ અને ઔરતના દિલમાં જે ફરક રાખ્યો છે તેમાં તેની બક્ષેસ સમાઇ જાય છે. એ ફરકજીદ ઘણીજ બાબતો લાયક, ઘણીજ આરામ આપનારી અને દિલખુશ દોસ્તી સંધાઇ શકે છે જે માટે માણસનું મન તિયાર કરવા પન અશકત છે." ("The war and general Culture" by Mr. Helns.)

ઔરત માટે અગત્યનું શું?

સર હેનરી ટેલર પરણેતરની ફરજ માટે જે લખી ગયા છે તેનું કદાચજ કોઇએ લખ્યું હોય. તે કહે છે:- "એક ખરને પોતાના ઘરને શાંતી અને આનંદથી ભરપુર બનાવાની અકલત ગહન કરવી જોઇયે છે તેથી જરાંય સુધી પોતના પતીને ઘર-સંસારી બાબતનો કંટાળો આપવો જોઇતો નથી. તેણીએ તેની આબ્રો અને

શોખને મળતી થવું જોઇયે. ત્યાં મહોબ્બત હોતી નથી તે ઘર પતીની જંજાળી જીંદગીને માટે આસાયશ ભર્યું નથી. મહોબ્બતનીજ માફક્ત મનની શાંતી, બેજનની આસાયશ અને શારીરિક તંદોરસ્તી મેળવી શકાય છે."

પરણેલી જીંદગીના કાયદા.

ઘણુકરા પરણેલી જીંદગીથી સહેજ ધરાઇ જાય છે કારણકે તેઓ પરણેલી જીંદગી માટે કાંઇ અગત્ય વિચાર રાખે છે. અથવા તો તેઓ પોતાનો ખુશ મીજાજ, મહોબ્બત, સહનશીલતા અને સાદી સમજનો ઉપયોગ કરતા નથી. પહેલવ્હેલાઓ પરણેલી જીંદગીને બેહદ્દ કરતાં પણ કાંઇ વધુ સંગીન માની છે છે અને જ્યારે તેની જંજાળો, રોકાણો અને ફિકર સામે આવછે કે તેઓ પોતાના ખુશ સ્વપનાઓમાંથી જાગત થઈ પરણેલી જીંદગીથી ઝટ ધરાઇ ગયેલો માલમ પડે છે. જ્યારે કેટલાકો પોતાની પરણેતરમાં સઘળી સંપુર્ણતા મેળવવાની આશા રાખે છે પણ તેઓ જ્યારે તેનીમાં ખૂબ-ચુક અને નજરાણાઓ જોય છે કે નાઉમેદ થઇ જાય છે. આ વર્ગના પતીઓ વિચાર કરતા નથી કે ખુદ તેઓમાં જાતજાતની નજરાણાઓ મોજુદ છે અને માણસ જાત એ ખૂબને પાત્ર છે. પણ હું તો એમ કહું છું કે એક માણસમાં ખૂબ-ચુક અને નજરાણાં રહેવાજોગ તે આપણી દયા અને દિલસોજીને વધારે લાયક છે અને એક સંપુર્ણતા પામેલી સ્ત્રી કરતાં નજરાણાં ધરાવતી સ્ત્રી સાથ મહોબતની મજબુત સાંકળ જોડી શકાય છે.

પરણેલી જીંદગીના આ એક સોનેરી કાનુન છે કે, "ખમો અને દરગુજર કરો." લગ્ન ગોઠવા બે રાજ્ય વચ્ચે શાંતીનું (compromise) છે એકે આપવું અને લેવું જોઇયે છે. બીજાએ ખમી લેવુ જોઇયે છે. કદાચ તમો તેહની ભૂલને અખાડા ન કરી જાય છતા તમારે માફ તો કરવુંજ જોઇયે છે. બીજાએ ખમી લેવું જોઇયે. પરણેલી જીંદગીમાં ખુશમીજાજ, સબુરી અને સંતોષ ટેવાય છે છે. બર્ન્સ નામનો ઇંગ્રેજ કવિ એક લગ્ની પરણેતરને ૧૦ ગુણોમાં વેંહચી નાખે છે. તેમાંના ચાર ખુશ મીજાજમાં સમાય છે; બે સમજ શક્તિ; એક હોશિયારી અને શાણપણમાં સમાય છે, એક ખુબસુરતી અને બાકીની બે તેહુની કેળવણી, ખાનદાન વગેરેમાં સમાય જાય છે.

રસુલ હમ્ઝાએ કેહવાયું છે કે નાજનીનો બોજ બનાવામાં ઘણી હોશિયાર છે. પણ હું કહું છું કે તેઓએ બીજરૂં બનાવતાં શાખવું જોઇયે કારણ, મરદને પહોની માફક સહેલથી પકડી શકાય છે પણ તેટલુંજ પકડી રાખવું ભારે છે. જો એક પરણેતર પોતાનું ઘર ઝળકતું અને સુખી ન બનાવી શકે તો તે પતી બીચારો છતે ઘરે ઘર વગરનો છે કારણ એક પતીને એક ઝળકતું, સુખી અને શાંતીવાળુ ઘર ધીરજ-આસાયશ આપી શકે છે. (અધુરું.)

એક નવોજ ડૉકટર.

"ઓહ! કોઈ આવોરે, મરેરે હવે શું કરું?" સનાએ ઘુમાઘુમ પાડી મુકી.

"શું છે સુનાં, શાંતી ઘુમ પાડે છે? સુનાને હોમીએ પુછ્યું.

"અરે શું જોને હોમી, તમેબી સાવજ જેવા બેહી રહ્યા છ ઉઠો ડાકટરને બોલાવી લાવો, આપડું બેબી છે છોકરું ગરી ગીયું છ."

"અરે ખમા, ડાકટરને શું કામ બોલાવેછ." નાનો કરી જે પાસે ઉભો હતો તે બોલી ઉઠ્યો, બાલ પરના પીરોજશાહને બોલાવોની તમે કાલેજ કહેતા શાંતી કે અેવન દોહ્યા બોકાવવામાં ઘણુ દુશ્યાર છે"

(સોલન.)

એક અજમાવવા લાયક નુસખો.

હોમી—પછી તારૂં શેવું હારમોનયમ વેચાયું કે?

સોલી—હા.

હોમી—કેટલે લીધું?

સોલી—ચારી પાંસેના પડેલાસીએ.

હોમી—કેટલામાં લીધું?

સોલી—પોણોસોમાં!

હોમી—ઓહો! તું તો સાહમાં કહાડવાને તૈયાર થયેલો ને પોણોસો કેમ મળ્યા?

સોલી—અરે યાર મેંબી એક તાલ કરેલી. વેચવા કહાડયું ત્યારે એને લીધું નહી એટલે આપણે તો જે સહવારથી વજાડવા માંડયું કેની તે રાત સુધી ચલાવ્યાજ કરેલું તેથી આખરે બચારાએ બેજાર થઇને મેંને માંગેતી કીમતે વેચાતું લીધું. (સોલન.)

"સાંજના પાંચ વાગે આઉં તો કેમ?"

સત્તાણું સુતું ને વરી બે પૈ ઉપર."

"ઠીક છે, ત્યારે જરૂર સાંજે પાંચ વાગે આવજ," "તમે મારી બહેનને અદરાવાની વીટી પણ પહેરાવીનેજ જજો. તમોને અમેથી સાલપામરી ઓઢાડું. આજે રોટો તમેજ રાખો, સાંજે લઇનેજ આવજો સેવક મુબારકબાદી આપેછ."

"થેંક યુ, સાહેબજી!"

સાંજના સાડાચારેક વાગે આપણે ઑફીસમાંથી નીકળ્યા અને એક રોલ્સ ગોલ્ડની વીટી અઢીઆને ખરીદી ચાલ્યા. આપણે તો મી૦ તેમુરરૂપ ટચકરાના ઘર તરફ ઘેરગાં ધામધુમ હતી ને મી૦ તચકરાજી પોતે ઓટલાપર ઉભા રહીને એક મોણહ સાથે વાત કરતા હતા.

મેં સલામ ફાકી ને કહ્યું, "મને મીસ તેહમીનાને મળવું છ."

"મીસ તેહમીનાને મળવું છ? તમારે? શુ કરવા?" તચકરાએ તો પપેટા જેવા ડોળા કઢકાશીને પુછ્યું.

"જી મને એવણે તેડ્યોછ."

"તું તે કોણ છે જે?"

"મારૂં નામ કેખશરૂ છે."

"કેખશરૂ હોય કે કેખશરૂનો બાપ હોય તો તેની સાથ મને શું કામ? તું છે કોન? અહિં શુ માંગેછ?"

"જી હું ચોપાનિઆવાળો છું."

"હં! એમ છે; ત્યારે જા બા અંદર જા તેહમીના હોલમાં પ્યાનો વગાડે છ." તચકરાએ પહેલા મને ઓળખ્યો નહીં, પણ પછી ઓળખ આપી ત્યારે જાણ્યું કે હું તો એનો ભવિષ્યનો જમાઇ હતો."

મારાં માશુકજી તો પ્યાના પર બેસીને નીચલો પીસ લલકારતાં હતાં:—

"આહ! માયા મધુરી! મનમાં તનમાં વાસો તારો ખાસ
આહારે વાહ પ્રીતા પ્યારી, એજરે પ્રીત પ્યારી રસીલી,
રગમાં જગમાં સંધે તુજનો વાસ."

મને તો એવું થયું કે તેના પગ આગળ પડી, પગે પડીને રડી પડું. મારાં પગલાં સાંભળીને તેણી ઉઠી અને મારી સામે હસતે મોહોડે આવી.

"આવોજી, બાવાજીને પુછોછ કે?" તેણીએ પુછ્યું. જે અવાજ તેલીફોનમાં સાંભળેલો તેથી જરા જુદોજ લાગ્યો પણ એ તો હોય. તેલીફોનમાં અવાજ કંઈ ફેરવાતો હશે.

"નહીંજી, તમોને પુછું છ." મેં ધડકતી છાતી ને ધ્રુજતી જીભે જવાબ આપ્યો. "આપ્યે તમારો ફોટો કેની?"

"અરે હા, ઓ માયરે તમે ક્યાંથી લાયા?"

"જી હું—"

"અરે એ સબીને માટે નકામી મેં બીચારી આયાને ધમકાવી. ગઈ કાલની એ ચોપાઇ ગઇ હતી. માફ કરજોજી, તમુને તરદી પડી. તમુને ક્યાંથી મળી?"

"તમેજ મારી પર ગોકલીને?"

"મેં મોકલી? કાંય?"

"મારી સાથ પરણવા."

"કોણ? સબીને પરણવા મોકલી?"

"નહીંરેજી, તમે મારી સાથે પરણવા માંગોછનીજી"

"હું? અરે આપ્યે પારસી તો થૈશો છે." તેટલાં તો તચકરાજી પોતે અંદર આવ્યા.

"બાવાજી, આપ્યે પારસી કોઇ થૈશો છે, કહેજો તમારી સાથે પરણવા આયોછ."

"અરે નહીંરે, એતો કોઈ ચોપાન્યાનું બીલ લઇ આયોછ પરંતુ તો શું બીચારાના માલવાના તો સક્કા નથી ને બોલવાની તો આવડ નથી. કેમરે ઑય? શું કરવા આયોછ? પરણવા આયોછ કે? હેં! બોલતી, મોહોડું સાનું ધુવડની માફક જોયા કરેછ."

"નહીંજી, હું કાંઇ પરણવા નથી આયો."

"ત્યારે શું ધક્કેલા ખાવા આયોછ."

"તેહમીના માથે અદરાવા આયોછ, વીટીઓ લેતો આયોછ."

"અરરરર! કોઈ તદનજ ડાતયોનો ઘસેલો છે. ઓ રામા, એને બહાર કહાડ. કાંઇ હાથનું મુંહેનું પગે ઉઘરી જુએ, એની સુરત બળે તે કોઇ ચીમલાનજ જેવે. છ તે પરણવા સાનો તુટી પડયોછ."

મને તો ધકેલ્યો મારીને બહાર કહાડયો ને હું વિચારમાં પડયો કે નખોદ ગયો એ પાસો ઉલટપ કેમ ગયો હસે. ત્યાંથી બહારો બહાર કયમમાં ગયો તો બધા દોસ્તો મારું મોહરું જોઇને ચું-ચું-ચું હસે પછી ભરકો પુટયો કોઇએ કેઠે મને તેજીદીનમાં બનારી કહાડેલો ને એપ્રીલ પુલ કીધેલા હટ તમારી જાતને ડાહ્યમ દઉં તમારી! પેલો માશુકનો ભાઇ ને ભવિષ્યનો સાસો થઇ આવેલો કેઠે છણો આવાજ કહાડી સકતો હસે તે બે ચાર જણાએ મળીને મારા દાંડા ગણુગરી દીધા. વાત રસ પર ચઢેલી બારેવાટ થઇ ગઇ. ચોપાન્યું કહાડવાનો અભખરો બી દપટ પડી ગયેલ છ ને હાલ તુરત તો પાછું કલમનું ઠીકું હાથમાં લઇને બસવા માડયું છ. ખુદા છે, એમ લોપના પડયા ભેલે રહીસું નહીં; કોઇ મળી જસે ખરી પચાસ હજાર નહીં તો પચાસસો મળશે તોબી બીસ બીઢ લાહ કરશું, નહીં તો આખરે પચાસ બી બાયજ કરવાનાજ.

કુવારી સુચીમાથીથી તો મારો રક્ષક વાંચી હમણ હમણ જવાયછ અને બધી બદામ દરાખ વેરાઇ જતી દેખું. હું અં અં કોઇનો બાદો મોડો વિચાર દોડેચ કે શું. તેનું હોય તો આ તમારા માનીતાં "પેપર"નો અંક મલે કે તુરત અધિપતિની કેરમાં (કમરમાં નહીં હો!) મારી પર લખજો લેખોજી, દું કમાં મારી જીંદગીનું દાસ્તાને દીલરૂબા તમોને તદન અજાનીમાં કહુછ તમો અને હું બેજ જણાયે હો, વાતનું કામ નહીં બદો લેખકની લાઇન માં ઝીપલાયો છે, જરાક સેવક જુવાન છે, ને બાવા પરજેલા તેજ. ૪૬ વર્ષનો (અરમરયા અંદરયા બાલમાદ કરજો) લખ્યો થયોછ પણ હજુર કુંવારેજ લેહું કોઇ ગુલચરમ, દીલચરમ, ગુલ-બદન, ગુલકંદ, અગરબત્તી માંડી વાળતી બાપુ એવાં વિશેષણો અનુભવ વગર આપણને નહીં આવે-મકુ જે કોઇ મને બૈરી હજુર આપતું નથી, ઘરે પડેલા સેવક ધમ દઇને ચેઅરખા ચલકટા તગડેમીરે ચાટલાને પગાર કમાયછ ન પગાર ને પાંચ દહાડા થાય નહીં તેટલાં ને ઘાળ વાટલો થઇ જાય અને બાવા નાહે ને તાપે તેવી વાત બની રહે, પછી કાબુની કુમપથ્થી લાગે કે જુહાપણે દોડાદોડના ચક્કાની પુકે?

માઇ નામ કેખશરૂજીશાહ છે છતાં મારા દોસ્તો મને કેકી કરકારાલુસને નામે ઓળખેછ ને મારા દોસ્તો કોઇ બીજાને સલામ કરતી હોયછ ત્યારે પોતાના કેંટા પર હાથ મુકેછ પણ મને સલામ કરવી હોયછ ત્યારે મારા કેંટા પર હાથ મારેછ. મારા જેવા સમજુ, ઘડાયલા, પીધાયલા અને વળી મોજીલાને કરકારાલુ-સનો ખેતાજ છાજે? મારા દોસ્તો બીચારા ઓડાની છે ત્યારે તે લોકને સમજવે કોણ? જોવોછ, મારી સાથ કોઇ ખુલ્લમખુલ્લે ગોઠવાયું હોય તો બે ચીજ પહેલાં ધ્યાનમાં રાખજો. એકતો દોસમોરીધાને બીજું ગોરી ચામડી! હા-બીની માફક નાકે છબ લગાડું તેવો માણુમ હું નહીં! પૈસા જોડે પહેલાં અને ખુબસુરતી જોડેથી પછી! જઓ વાઇ ઘણા પૈસા હોય તો કાળી મસોટાં જેવી-નેથી ખુબસુરત સંમછ લેવેસ. કહે છે કે આજે પારસી-ઓની દુકતીઓ રેવરેચ થાયછ. તેનું ઓ લોકનું! કયાં છે હું આટલાં વર્ષ થયાં રાહ જોઉછ, તોબી મને તો એકબી દીકરી મલી નથી; હા, બેચાર કાઠીની ડીઢી પુંડે પુંડે ભટકેછ એ વાત ખરી.

કેમછ, કાંઇ ધ્યાનમાં ઉતરેછ કે? જો તેવું હોય તો જેમ બને તેમ જલદી કરજો હો! નહીંતો હું બીજે ઠેકાણે એન્ગેજ થઇ જવસ તો તમો બાયારો હાથ ઘસતાં રહી જસો. બી કનીક!

વળી "પ્રજ્ઞાત" ના અધિપતિરાજ કહેશે કે એમ કરી મારાં માલિકમાં પોતાનાં લગ્નની જહેર ખબર આપેછ, પણ ભાઇરે, પેલી-મેરી બ્રધિરી મત ભુલ્યો-નાબી કહેવત ખબર છે કે? તેમ વળી તમારાં ચરિકોને મારી કહાંણીનો રમુજી હેવાલ આપવાનો અને સાથે સાથે કોઇ ખુલ્લખુલ્લી માગણી કરવાની એતો દુન્યાજ છે.

કોઇ સજ્જત(ી)ની દુકની હાથ લાગશે તો એક વર્ષમાં હજારો બનાવો બનશે અને વળી જીવતા રહ્યા તો આવતે વખત આજ તમારાં માનીતાં "પત્ર"નાં અંકમાં મારો રીપોર્ટ તમો સનમુખ મરી મસાલાવાળી ભરપુર રજુ કરશ, અને જો તે દરમ્યાનમાં સ્વધામવાસી સફરે સીધાવ્યાં તો પછી આપણો ત્યાં મેળાપ.

વાંચક ઉપર! શુભમાપ!!

રબ્ને યજ્ત અને તેને લગતો ખોલાસો, રબ્ને યજ્ત વિષે અવસ્તા તથા પહેલવી ભાષાઓમાંથી મલતું બ્યાન.

રબ્નુની આરાધના અને તેથી મળતા ફાયદા.

લખનારઃ—ભીખ્ખનજીભાઇ માણેકજી વાચ્છા.

(પાન ૧૦૫ થી ચાલુ.)

૨ રબ્નુ યરતની પહેલા ફરદાના પંચિમાં ફકરામાં તેની આરાધના કરવામાં આવે છે અને તેની પાસે માગણી કરવામાં આવે છે ત્યાં તે આરાધના કરનાર આ પ્રમાણે બોલે છે. "અળવંત રબ્નુને અમો (૧) આરાધીએ છીએ તથા આશીરવાદ દેઇએ છીએ. ઉંચે ધરેલી બેટો ઉપર આતશ અને બર્સમ ઉપર અતિશે વહેતી પુષ્કળતા-શરબદાર ન્યામતો તથા ઝાડોના રસનો ઢગલો (મેળવવા) માટે તેના પરોપકારને અમો વખાણીએ છીએ." બંદગી કરનાર શખ્સ પંચિમાં ફકરામાં આ પ્રમાણે બોલે છે અને છઠ્ઠા ફકરામાં તેને જવાબ મળે છે કે "બુલંદ બળવંત રબ્નુ તારી મદદે ઉંચે ધરેલી બેટો તરફ આતશ અને બર્સમ ઉપર અતિશે વહેતી પુષ્કળતા-શરબદાર ન્યામતનો ઢગલો તથા ઝાડોના પુષ્કળ રસ (આપવા) માટે પ્રતેહમંદ પવન અને મનના આપ તથા બાદશાહી બેરેદ તથા યજ્દના ઉત્પન્ન કરેલા ફાયદા સાથે આવશે." આવી માગણીઓ સફળ માણસને થાય છે કે નહી તે જોઇએ.

આપણા માજદીયસ્ની જરથોસ્તી ધર્મ પ્રમાણે આપણામાં ૩૩ ફરેસ્તાઓ (અમસાસપંદો તથા યજ્તો) છે અને એ ૩૩ ફરેસ્તાઓમાંથી છેલ્લા ત્રણ બરસોમ-હોમ અને દહમ સીવાય બાકીના ૩૦ ફરેસ્તાઓ આપણા મહિનાના ૩૦ રોજના નામો છે અને દરેક રોજે તે રોજ પ્રમાણે જે યજતને દહાડો તેને તેની સેતાએશ તથા આરાધના જેમ એક માણસથી બની શકે તેમ કરવાની ફરજ છે. હવે સવાલ એ ઉઠવો થાય છે કે આપણે જે બંદગી કરીએ છીએ (એ અમસાસપંદ યજતોની) તે કોણને લાગે છે તથા પહોંચે છે. જોકે આ સવાલ ઘણોજ બીકટ છે અને મારા જેવા એક કાચા વિદ્યાર્થીથી આપી શકાય એવો નથી પણ જે આપણને આપણી કેતાબોમાં દાખલા મળી આવે છે તેમાંથી એકજ આપીને દેખાડીશ કે જે આપણે એ અમસાસપંદો તથા યજતની બંદગી કરીએ છીએ તેથી ફકત એ અમસાસપંદો તથા યજતોજ ખુશી થતા નથી પણ સર્વેનો પેદા કરનાર સાહેબ પણ તેવોજ ખુશી થાય છે. જેમ કે ખુરશેદ નીઆએશના ૧૪ માં ફકરામાં તથા ખુરશેદ યસ્તના ૪ થા ફકરામાં આવે છે "જે શખ્સ અમર તુરમંદ (તથા) તેજ ઘોડાવાળા ખુરશેદને ધ્યાને છે-(અર્થયા વખાણે છે) (તે ગેળા) હોરમજદને ધ્યાને છે. અમસાસપંદોને ધ્યાને છે તથા પોતાનાં રવાનને ધ્યાને છે. જે શખ્સ અગર, તુરમંદ (તથા) તેજ

(૧) અવસ્તાની લગભગ ક્રિયાઓ તથા બંદગીમા એક વચનમાં આવવાને બદલે બહુવચન આવે છે, એનો ખુલાસો એમ થઇ શકે કે કદાચ તે અસલના વખતમાં બધા (કુટુમ્બ કરીને એક આખું કુટુંબ) સાથે બંદગી કરતા હોવા જોઇએ અથવા કદાચ એમ પણ એનો અર્થ થઇ શકે કે એક માણસ પોતાના ઘરના બીજા બાકી માણસોને માટે બંદગી કરતો હોય અને તમારે તેદને બદલે અમો બુંટણીએ બાણી શકે એમ પણ હોય.

ધોડાવાળા ઓરશેદને ઇજે છે (તે ગોયા) તમામ મીનો તથા ગેતીના ઇજદોને ખુશાલ કરે છે." આ ઉપરથી સ્પષ્ટ રીતે માલૂમ પડે છે કે એક યજતની બંદગી કરવાથી આપણે હોરમજદને બીજા અમસાસપંદોને તથા આપણા પોતાને રવાનને તથા તમામ મીનો અને ગેતીના ઇજદો ને આપણે આરાધીએ છીએ અને એજ પ્રમાણે એથી ઉલટું જે આપણે એક યજતને નાસી-પાસ કરીએ છીએ તથા ધીક્કારી છીએ તો તેથી તે દાદાર અહુરમજ પોતે પણ દુઃખી થાય છે અને તે ખુદ પોતાનેજ ધીક્કારે હોય એમ માલૂમ પડે છે. જેમકે મેહેર યસ્તમાં ૧૩૬ માં ફકરામાં આવે છે કે "જે કોઇ અહુરમજદને અને બીજા અમસોસ્પં-"દોને ધીક્કારે છે, જે કોઇ બહેરાંઓ ખેતરોવાળાં "મિત્રને ધીક્કારે છે જે કોઇ દીનને ધીક્કારે છે જે "કોઇ દુન્યાની વૃદ્ધી કરનાર તથા તેની આબાદી કરનાર "રુન (સુખાધ) અને અસ્તીત (ધનસાધને) ને "ધીક્કારે છે, તે અહુરમજદને તથા બીજા અમસાસપં-"દોને ખુશી કરતા નથી ને બહેરાંઓ ખેતરોવાળા "મિત્રને ખુશી કરતા નથી." આ ઉપરથી આપણે જોઇશું કે કોઇ પણ યજતની બંદગી કીધાથી આપણ ખુદાથી નીચ્ચ નથી તેમજ આપણે કાંઇ એકથી વધુ ખોદાને માનીએ છીએ એમ પણ કાંઇ કહેવાય નહી. બાકી નહી કીધા પછી બીજો સવાલ એવો છે કે શું એ અમસાસપંદો તથા યજતો આપણા તરફથી પોતાની આરાધના થએલી જોવાને ઇચ્છે છે યા નહી? આ માટે પણ અવસ્તામાંથી ઘણા દાખલા મળી આવે છે. જેમ કે "આવાં" યસ્તની અંદર ૮ મા ૧૧ માં અને ૧૨૪ માં ફકરાઓમાં આ પ્રમાણે આવે છે. "કોણ મારી સ્તુતી કરેછ? કોણ મને હોમોવટે, ગેમો-વટે, અને સ્વચ્છ કીધેલા તથા છરિલા જોરોવટે આરાધેચ? કીમા ઇમાનદાર એક સરખા વિચારના અને નેક મનવાળા ભેટ કરનારને તું મદદે જાડે." આ પ્રમાણે અશ્પેંદર પોતે બોલે છે. આ ઉપરથી ખૂલ્લી રીતે સાબેત થાય છે જે અમસાસપંદો અને યજતો પોતાની આરાધણા થયલી જોવાને ઇચ્છે છે અને તે આરાધના ફકત મોટે ભણવાની નથી પણ તે ચોક્કસ ક્રિયા સાથેજ કરવામાં આવે છે જેમકે હોમોવટે-ગોમોવટે વગેરે ક્રિયામાંથી કરવામાં આવે છે અથવા બીજી રીતે જેમ આપણે અશ્પેંદર યસ્તમાંથી મળે છે જ્યાં દરેક મુરાદ માગનારાઓએ, ફકત પેદા કરનાર અહુરમજદ તથા અશો જરથોસ્ત સીવાય કે જેઓએ એથીને હોમ-ગવ અને અરબ્યનુબથી ક્રિયાઓથી ધન્ય છે. ધોડાઓ, ગાયો તથા નાના ગોસ્પંદથી એટલે ખેરાત ક્રીયાથી આરાધેલી છે અને બીજુ વળી એ છે જે તે આરાધના કરનાર માણસ પણ ઇમાનદાર એટલે તે ક્રોધથી રીતે તેનામાં કાંઇ ખરાબ ખામીઓ નહીં હોવી જોઇએ. જેમકે લુચ્ચાઇ, લુટફાટ, દગલબાજી અને બીજાં ખરાબ વ્યસનો, પણ તે આરાધના કરનાર માણસ એક સરખા વિચારનો હોવો જોઇએ. અને તેણે પોતાના મનમાં કાંઇ વેહેમ અથવા ધ્રુપચુપણું રાખવું જોઇએ નહીં. જેમકે આરાધના કરવી કે નહીં એ આરા-ધના કર્યાથી કૃપાદા થશે કે નહીં, તે આરાધેલા યજત મદદે આવશે કે નહીં એ વીગેરે બીજા એવાજ વિચારો વળી બીજી મોટી બીકટ ચીજ છે તે એકે મનની પર બંદગી કરતી વખતે પુરતા કાબુ હોવો જોઇએ. એ બંદગી કરતી વખતે બંદગી સીવાય આ દુન્યાને લગતા લોભ-માયા-કુદ્રતિ-દગોકુદ્રતિ એવા વિચારોનો સદંતર નાશ થવો જોઇએ છે. અને મનને એકદમ શાંત રાખી તથા ભલા અને સારા વિચારો તેમાં ભેલીને બંદગી કરવી જોઇએ છે; હવે આપણે આરાધના કરીએ છીએ તે કેવી મુરાદોને બર લાવવાને માટે આપણને કરવી જોઇએ? શું કોઇપણ આપણી મુરાદ સારી યા ભદ્ર એક ચોક્કસ યજ-તને આરાધવાથી બર આવે છે, આના જવાબમાં પણ આપણને અવસ્તામાંથી લખાણો મળે છે. તે ઉપરથી આપણને માલૂમ પડે છે. જે એક માણસ ચોક્કસ ઉપા-યથી યજતોની મદદ મેળવવા ચાહતો હોય તો તે તેની મુરાદ સારીજ-ફોકાના ફાયદાવાળીજ હોવી જોઇએ, પણ એવીજ દુવાથી જે એક માણસ પોતાની બદ મુરાદ બદલાવવા માગે છે તો તે યજત તેની માગણી ના કબુલ કરે છે. જેમકે અષ્ટિયુર યસ્તના ૨૧ માં ફકરામાં ગોશ-યસ્તના ૮ માં ફકરામાં, રામયસ્તના ૧૫ માં ફકરામાં તથા અર્શસિંગ યસ્તના ૪ ફકરામાં ધર્મ એટલે જમધરીદ

"દેવોની-જાદુગરો તથા બરાબ માણુસોની વગેરેની ઉપર કૃતેહ મેળવવાને તથા માણુસોને અલગ કરવાને અને આપાપનને સુકાવા વગરના કરવાને એટલે ટુકામાં માણુસોના ફાયદાને માટે એણે દુવા માગીઆથી તે દુવા તેને આવા ગેશ-રામ અને અર્ઝાશે બક્ષી હતી. પણ બીજા બાલુએ એથી ઉલટી રીતે બીજે દહાડે એટલે જુદાકે અઝેસ્પર પાસે (ફકરો ૨૯ માં તથા રામયજત પાસે (ફકરો ૬૯ મો.) એવી બદ દુવા માંગી કે "પૃથ્વીના સાતે કેશ્વરોને રહેવાસી વિનાના હું કરી નાંખું" કે જે તેની મુરાદમાં તે નાસીપાસ થયો એટલે એ યજ્ઞતોએ તેની ક્રિયા તથા બંદગી સમજી નહીં અને મદદ નહી બક્ષી. આ દાખલા પરથી માલુમ પડે છે કે આરાધના કરનારની મુરાદ હમેશાં નેકજ અને નહીં કે બદ હોવી જોઇએ. વળી બીજી એક મુખ્ય બાબત વિષે આપણા ધર્મમાંથી આપણને ફરમાન મળે છે કે ફક્ત આરાધના કરતો માણુસજ નેક હોવો જોઇએ એટલુંજ નહીં પણ તે યજ્ઞતની નૈયતે જે ક્રિયા થઇ હોય તેની ચાસની પણ નેક માણુસેજ કરવી જોઇએ. પણ અગર જો કોઇ બદ માણુસ તે ઇજાએલી ક્રિયાની ચાશની કરે છે તો તે ક્રિયા જે યજ્ઞતને પુગતી નથી એવું માલુમ પડે છે. એને મળતો એક ફકરો આવાં યસ્તના ૬૬-૬૬ ફકરાઓમાં આવે છે કે જ્યાં અશો .....બીજા દાખલા હોમયસ્ત; ઇજરનેહા જરથોસ્તના સવાલના જવાબમાં અર્ઝાસ્પર કહે છે, "ક્રિયા કરીહોવી .....વસ્તુની ચાશણી દીનના એલમ શીખેલા... .....વીગેરે એવા તું અધોરમાં તેજ ચાશણી કરવી (અને) મારી આ ક્રિયાઓની ચાશણી-દુરમન ગોસસાવાળાઓએ ભુલ એ.....વીગેરે તથા અંધેળા બેહેરા-બુરા ઘાતકી વીગેરે એવી બુરી આદતવાલા અને બાતીવાલા માણુસોએ બાવી નહીં." બાવીજ રીતનું બીજું આપણને તીર યસ્તના ૫૯-૬૧ માં ફકરામાં અને બેહરાર યસ્તના ૫૧ થી તે ૫૩ સુધીમાં આવે છે અને ત્યાં તો વધારે એમ મળે છે કે એવા બદ માણુસો જો તે ઇજેલી ચીજને હાતમાં પકડે તો..... વીગેરે તીર યજ્ઞદ અને બેહરામ યજ્ઞત જે ફાયદો આપે છે તે પાછો બેચી દે છે એટલુંજ નહીં પણ વધારે નુકશાન જેમકે "બરાન દેશમાં (એટલે કોપિષ્ત દેશ જ્યાં જરથોસ્તીઓ યસ્તા હોય ત્યાં) માણુસો મારબારો લસુરો બેસારો કરી આવે વગેરે બીજા નુકસાનો દેશને લગતાં કરે છે. આની મતલબ બે રીતે કરી શકાય (૧) એકે જ્યારે એક ધર્મી નેક માણુસ પોતાનાં ખરાં અંતઃકરણથી અમસાસપંદ યજ્ઞતની આરાધના કરીને તેઓની પાસે નેક મુરાદોની લાગણીબો હાંસલ કરવાની ઇચ્છા ધરાવે છે. ત્યારે તેની આવી મુરાદો તે અમસાસદો તથા યજ્ઞતો બર લાવે છે પણ જ્યારે એવા ધર્મી માણુસની આરાધના કોઇકી ક્રિયાંની ચાશણી એક વરસ અગાઉ અધર્મી માણુસના હાથમાં તે જાય છે ત્યારે તે એ ચાશણીને એટલે ખુદ ક્રિયાને એક વેહેમભરેલી ધારે છે અને તેને ધીક્કારે છે ત્યારે જે અમસાસપંદોની તથા યજ્ઞતોની..... માટે આ આરાધેલી આ ક્રિયાંની ચાશની હોય છે, તે અમસાસપંદો અને યજ્ઞતો તેથી નાખુશ થાય છે. અને તેથી તે પેલા ખરા ધર્મી માણુસની મુરાદ બર આવતી નથી. (૨) આ વખતની એક શોધ પ્રમાણે મેગનેકફીક ઔરા (Magnetic aura) કે જેને આપણે "ખોરેહ" કહીએ છીએ (કે જે આપણે આપણા અશો જરથોસ્ત સાહેબના માથાં ઉપર કુંડાળા જેવું જોઇએ છીએ તથા જે મેળવવા માટે તુરાની ઘાતકી અફરાસ્પાએ મેળવવાને માટે અઝેસ્પરને આરાધી હતી પણ તેની બદ મુરાદ બર ન આવી હતી.) કે જે દરેક માણુસ પર હોય છે પછી તે માણુસ ભલો હોય કે બુરો, અને જ્યારે આ પાક ઇજેલી ક્રિયાંની ચાશની એક બુરા માણુસના હાથમાં જાય છે કે જેની અંદર Unsympathetic aura હોય છે કે જે Cicra તે પાક ચાશની ઉપર બરાબ અસર કરતી હોવી જોઇએ અને તેના સબબથી તે પાક ક્રિયા બરાબ થવાથી તે અમસાસપંદો તથા યજ્ઞતોને પુગતી નથી અને તેથી પેલા ધર્મી માણુસની મોરાદ બર આવતી નથી. આપણા ધર્મ પ્રમાણે આ આરાધનાની બાબત બણીજ બારીકીથી એટલે એક નાના બાળની જેટલી પણ બારીકીથી ભરપૂર છે. પણ તે બની શકે તેનાં થોડાજ શબ્દોમાં એક બીજી ઉપયોગી બાબત જોઇને

સમાધિ કરીશ. તે બાબત આપે છે કે અમસારપંથો તથા યજ્ઞતોમાં એવા છે કે જેઓ માણસની બાલ આરાધના માટે તથા તેઓની ભળાવણી તથા સંભાળને માટે તથા તેઓ આશા રાખે છે-અને જો તેમ નથી કરવામાં આવતું તો તે યજ્ઞતોને સામે જો દેવો હોય છે તે દેવો તેઓ પર ગાલેબ આવે છે અને તે દેવો એ યજ્ઞતો પર ગાલેબ આવ્યાથી આપણ માણસ જાત પર તે દુઃખ દરદ અને ખીજ એવાં ખરાબ કારણો લાવે છે. આના દાખલા આપણને તીર યસ્તમાંથી તેમજ વંદીદાદની ૧૮ મી ફગર્દમાંથી મળી આવે છે. તીર યસ્તના કરતા છઠ્ઠામાં ફકરા ૧૦ થી ૩૪ સુધી એ બાબત પર એક લંબાણ સરખું બ્યાન આવે છે. જેનો ટુંક સાર આ પ્રમાણે છે. એ યસ્તમાં એમ છે કે ત્યારે માણસ જાત એ પછી આરાધના નથી કરતું ત્યારે તેની (તીર) ઉપર અપોષ નામનો દેવ ગાલેબ આવે છે કે જેના અબળથી વરસાદ, કે જેની ઉપર તીર યજ્ઞત મવકલ છે, તે પડતો નથી અને તેથી આ દુન્યાના લોકો ખોરાકની તંગીમાં આવી પડે છે તથા બીજા ખરાબ રોગો જેવા કે મરકી-દુકાળ વગેરે પડે છે. એવી હાર થયા પછી તીર યજ્ઞદ ફર્યાદ કરે છે કે જો તેને માણસ જાત જેમ બીજા યજ્ઞતો આરાધે છે તેમ આરાધતે તો તે ગાલેબ નહીં થતે. આ ફર્યાદથી તેને અહુરમજદ પોતે મદદ આપે છે અને તેને આરાધે છે કે જેથી તે તીર યજ્ત પાછો તે અપોષ દેવની ઉપર ગાલેબ આવે છે અને તેને મારીને હાંકી કાઢે છે અને પછી વરસાદ લાવે છે. દુન્યાના લોકોને આબાદ કરે છે વીગેરે. બીજું લખાણ વંદીદાદની ૧૮ મી ફગર્દના ૧૮ થી ૨૮ ફકરામાં **આતરાનું** બ્યાન આવે છે કે જ્યાં આતશ રાતના પહેલાં પહોરમાં ઘર ધણીને, રાતના બીજા પહોરમાં ખેડુતને અને રાતના ત્રીજા પહોરમાં તે અશો શરોસને અરજ કરે છે કે જે શરોશ પરોદફર્શ નામના મરધાને ઉંઘમાંથી જાગૃત કરે કે જે માણસને ઉઠાડે છે ત્યારે આતશ અરજ કરે છે કે મારી સામેનો દેવ **આજી** મારી જીંદગીની સામે હુમલો કરવાને આવી પહોંચે તેની અગાઉ તમો ઉઠો અને મને સડી કાઢીયો રોશન કરો અને તેમ કર્યાથી તે આતશ તે માણસોને ચોકસ પ્રમાણમાં સુખ આપે છે. (અધુરૂ)

અસાર સંસાર.

લખનાર:—મી. મનહર વરતેજવાલા.

(ગઝલ.)

અરે જીવડા તું જાણી લે જગતમાં કંઈ ન જોવાનું
સુખો કે દુઃખ દેખીને ન હસવાનું ન રોવાનું
મથે મિથ્યા મહેનતથી ફસાઈ આશમે ફાંસે
મળે કયાંથી મલાઈ કહે જ્યાં પાણીનું વલોવાનું
નહીં ત્યમ સાર સંસારે અહો નિશ જે અસારજ છે.
કહે શું તારવે તેમાં જ્યાં કંકરનું છે સોવાનું
ભલે ઠોઠી પ્રયત્નોથી કરે સંભાળ તેની પણ
ન દેખે દુધ તે કહિયે ચરોળામાં શું દોવાનું
મટે નહીં કોઇ કાળે એ સદા જે કાયલા કાળા
ધૂએ ધરી દુધમાં પણ તે છે તેનું વ્યર્થ ધોવાનું
જગત આ શુન્ય જાણીને ભજીલે ભાવથી ભગવત
કહું મનહરનું માનીને ન કર પત્થર નિચોવાનું.

આર્યાવર્તના વીર રત્નો.

[૧૭]

ધી ઑનરેબલ જસ્ટીસ સર દિનશાહ ધનજીભાઈ દાવર નાઇટ.

(લખનારઃ—જે. એલ. ડી. બારભાયા.)

If you deny me, fie upon your Law,
there is no force in the decrees of
Venice: I stand for judgement:
answer shall I have it?
(Shakespeare.)

ન્યાય સત્યતાએ નકી, જો સત્ય નહિ તો ન્યાય નથી;
ન્યાય ખરો એ કહેવાય, જેમાં અસત્યનું માપ ન તોલાય;
ન્યાય તણી તે પ્રાણહીન, શું નહિ અપેક્ષા તે—
ન્યાય બુધ્ધીકારી શાશનિકા?
(જેક્ષાસન.)

મી. ધનજીભાઈ દિનશાહ દાવર નામના એક જરથોસ્તીને ત્યાં એકના એક પુત્રનો જન્મ ઇ. સ. ૧૮૫૬ ના નવેમ્બરની ૬ ઠી તારીખે થયો, જેનુ નામ દિનશાહ રાખવામાં આવ્યું. દિનશાહે ગુજરાતી માતૃભાષાનું શિક્ષણ લીધા પછી અંગ્રેજી વિદ્યાભ્યાસ ગ્રેજ્યુએટરી હાયસ્કુલમાં પુર્ણ કીધો, અને વિશ્વવિદ્યાલયની કેળવણી લેવા માટે એલ્ફીનસ્ટન કૉલેજમાં અભ્યાસ આદુ રાખી ઉપાધી મેળવી વિદ્વાનત ખાતે વધું વિદ્યાભ્યાસાર્થે જવું ઉચિત ધાર્યું.

મી. દીનશાહ દાવરે ઇંગ્લન્ડ જઈ 'બીડલ ટેમ્પલ' દ્વારા કાયદાનો અભ્યાસ ૧૮૭૭ થી જારી રાખ્યો અને ત્રણ વર્ષ બાદ ૧૮૮૦ માં કાયદાશાસ્ત્ર રૂપે ઉપાધિ મેળવી, સ્વદેશ ભણી આગમન કીધું. મુંબઇ આવી બેરીસ્ટરને. ધંધો શરૂ કીધો, અને કાયદા શિક્ષણાલય (Law College) માં ગુરૂ (Professor) અને પછી નેતા (Principal) રૂપે કામ કીધું. મી. દાવરની ખ્યાતિ કાયદાશાસ્ત્રી રૂપે વધતી ચાલી, જે દરમ્યાન મી. બાળ ગંગાધર તિલકના તરફથી બેરીસ્ટર રૂપે કામ કરી મી. તિલકના પ્રથમના મુકદમામાં તેમોએ સારી પ્રખ્યાતિ મેળવી જેને લીધે ઇ. સ. ૧૯૦૬ માં તેઓને મુંબઇની વડી અદાલતના ન્યાયાસન ઉપર બિરાજમાન કરવામાં આવ્યા. જે દરમ્યાન તેઓની પાસે ઘણા જાણવા જોગ મુકદમાઓ આવી ગયા છે, છતાં પારસી પંચાયત, મી. તિલકનો બીજો મુકદમો, રપેસી બેંક અને કેટલાક પારસી ગૃહસ્થસારી મુકદમાઓ જે તેઓ સમક્ષ આવ્યા હતા તે આપણું લક્ષ ખેંચે છે.


તેઓના ન્યાયાધીશ તરીકેના કાર્યોની પ્રસંશાર્થે નામદાર સરકારે તેઓને ઇ. સ. ૧૯૨૧ માં 'નાઇટ બેચેલર' ની પંક્તિમાં મૂકી અંગતમાન બક્ષ્યું છે. થોડા માસ પૂર્વે તેઓ વડા ન્યાયાધિશ તરીકે બીરાજી ચુકયા છે, અને મુંબઇની અદાલતમાં ન્યાયાધિશ રૂપે ધી ઑનરેબલ જસ્ટીસ સર દિનશાહ પ્રથમ પારસી હોવાથી આપણે પારસી કોમને પ્રથમ અગ્ર ન્યાયાધિશ ધરાવવાનું જે માન મળ્યું છે તે માન મેળવી આપનાર સર દિનશાહ પહેલાજ છે. તેઓને એક પુત્ર અને બે પુત્રીઓ છે. પુત્ર મી. દાવર કાયદાશાસ્ત્રી છે અને તે અત્રે પોતાનો ધંધો ચલાવે છે.

ચાલુ નવેમ્બર માસમાં અઠ્ઠાવન વર્ષ જોનાર સર દિનશાહ લાંબું આયુષ્ય ભોગવી સત્ય માર્ગે ન્યાય રાજા અને પ્રજા ઉભયના આશિર્વાદને પામો! અસ્તુ:



નામદાર જસ્ટીશ સર દિનશા દાવર નાઈટ.

ચંદ્રાગ પ્રેસ, કાઠ, મુ બઇ.



'લીલી' પીનકુશનકવર.

ચંદ્રાગ પ્રેસ, કોટ, મુંબઈ.

Fancy Needle Work.

ફેન્સી નીડલ વર્ક.

લખનાર—**Irene.**

"લીલી" પીનકુશન કવર.

આ કવર માટે "પેરી-લુસ્ટા" દોરાનો એક બોલ અને નંબર ૨ નો ક્રોચેઁડનો સુધો લેશો તો પાંચ ચોરસ ઈંચના માપનું કવર થશે.

૫ સાંકરી લઈ તેની ગોળ રીંગ બનાવો.

પેહલો રાઉન્ડ—૫ સાંકરી, એક આંટા વગરનો ટાંકો, એ પ્રમાણે ચાર લુપ બનાવો, ૬ સાંકરી.

બીજો રાઉન્ડ—૩ આંટા વગરના ટાંકા પેહેલા લુપમાં, * ૬ સાંકરી અને ૩ આંટા વગરના ટાંકા પાસેના લુપમાં, * થી બે વખત ગુંથો, ૬ સાંકરી.

ત્રીજો રાઉન્ડ—* ૩ આંટા વગરના ટાંકા પાસેના લુપમાં, ૨ આંટા વગરના ટાંકા આગળ ગુંથેલા, ત્રણ આંટા વગરના ટાંકાના પેહેલા બે માં, ૬ સાંકરી * થી ત્રણ વખત ગુંથો, ૬ સાંકરી.

ચોથો રાઉન્ડ—* ૪ આંટા વગરના ટાંકા પાસેના લુપના, અઢેક આંટા વગરના ટાંકા દરેક ટાંકામાં, સીવાય છેલ્લો, ૬ સાંકરી, * થી ત્રણ વખત ગુથો.

ચોથો રાઉન્ડ સાત વખત ગુંથો.

પાંચમો રાઉન્ડ—૬ સાંકરી * અઢેક આંટા વગરનો ટાંકો ગ્રુપના છેલ્લા સીવાય દરેક ટાંકામાં ૬ સાંકરી, એક આંટા વગરનો ટાંકો બે ગ્રુપની વચ્ચમાંના સાંકરીના લુપમાં, ૬ સાંકરી, * થી ત્રણ વખત ગુંથો ૬ સાંકરી.

તેરમો રાઉન્ડ—* અઢેક આંટા વગરનો ટાંકો ગ્રુપના છેલ્લા સીવાય દરેક ટાંકામાં, ૬ સાંકરી, એક આંટા વગરનો ટાંકો પાસેના લુપમાં, ૬ સાંકરી, એક આંટા વગરનો ટાંકો પાસેના લુપમાં, ૬ સાંકરી, * થી આખો રાઉંડ થાય ત્યાં સુધી ગુંથો.

હવે તેરમા રાઉન્ડ પ્રમાણે જ્યાં સુધી આંટા વગરના ટાંકાના ગ્રુપ બબે ટાંકાના થાય અને બંને ગ્રુપની વચ્ચમાંના સાંકરીના લુપો ૧૨ થાય, ત્યાં સુધી રાઉન્ડો ગુંથ્યા કરો. ૭ સાંકરી અને એક આંટા વગરનો ટાંકો, ફરતો ગોળ ગુંથી જાઓ. અહીં કવરની આગલી બાજુ ખલાસ થઇ. હવે પાછલી રાઉંડ માટે ૫ સાંકરી લઇ ગોળ રીંગ બનાવો.

પેહલો રાઉન્ડ—* ૬ સાંકરી, એક આંટા વગરનો ટાંકો, * થી ત્રણ વાર ગુંથો એટલે સાંકરીના ચાર લુપ થશે. ૭ સાંકરી.


બીજો રાઉન્ડ—એક આંટા વગરનો ટાંકો પેહેલા લુપમાં, * ૭ સાંકરી, એક આંટા વગરનો ટાંકો, એજ લુપમાં; ૭ સાંકરી, એક આંટા વગરનો ટાંકો પાસેના લુપમાં; * થી આખો રાઉન્ડ ગુંથી જાઓ.

ત્રીજો રાઉન્ડ—૭ સાંકરી, * એક આંટા વગરનો ટાંકો પાસેના લુપમાં, ૭ સાંકરી, એક આંટા વગરનો ટાંકો એજ લુપમાં, ૭ સાંકરી, એક આંટા વગરના ટાંકા પાસેના લુપમાં, ૭ સાંકરી, * થી આખે રાઉન્ડ ગુંથી જાઓ.

આ પ્રમાણે ૧૧ લાઈન ગુંથો. હવે બને ભાગોને સાથે પકડીને ત્રણે બાજુએ ૭ સાંકરી, એક આંટા વગરનો ટાંકો ગુંથી જાઓ. ચોથી બાજુએ ગુંથતી વેળા ફક્ત આગલીજ સાઇડના ભાગમાં ગુંથવું પાછળનો ભાગ છુટોજ રાખવો કે જેથી કુશન અંદર મુકવાને બને.

હવે કુશનની ચારે બાજુએ જે બોરડર છે તે "સોલોમન સ્ટીચ" ની ચાર લાઇનની બનેલી છે. આ "સોલોમન સ્ટીચ" એટલે તો જાણીતો છે કે તેની બીનત આપવાની જરૂર નથી.

રમુજ સંગ્રહ.



"કેહેજે માટીડાઓ અદેખા નથી."

પ્રભાતના બાતુ વાંચેકા ! સમજોજ કે? માટીડાઓ કહેછ કે "હુમો કાંઇ બૈરાંની કાની અદેખા પરતા નથી." શું એ ખરી વાત છે? નાદ આ બીટ. જુઓ મારી ઉપર શું વીતયું છે? ને મારો માટીડો ઉલટુંજ સમજીને કેવો અદેખો થઇ ગયો હતો.

તે શનીવાર હતો. મારા નવલશા ઓપીશ સીધાર્યા હતા. સવારના આસરે અગયારેક વાગે મારાં માયજીએ બોય પાસે મને તેરાવી કારણકે તે દહાડે એવણ સાધિરાં કરવાના ઉતા ને મને કામે લાગવા બોલાવી હતી. મારા નવલશાનું બોણું ઓપીશે બોકલી ખાધ બાધ હું મારાં માયજીને ત્યાં સીધારીને જતી વખતે મારા નવલશાની જાણ માટે નીચલી ચીટી લખીને ટેબલ પર મુકી, કારણકે તે સનીવાર હતો ને નવલશા જલદી આવનાર હતા. હું ત્યારે ત્યાર પછી હું ચીટી મુકીને ગેઇ. એ ચીટીમાં શું લખ્યું હતું તે જુવો.

"મારા વ્હાલા નવલશા,

મારાં માયજીએ મને બોલાવી ને તેથી હું ત્યાં ગેઇચ, તેમજ મારા "ડોલી" માંથી જીવ ભરાઇ રહયો છે તેનેથી મલતી આવશ ને ફાસી આપતી આવશ. હું જમી ખાઇને રાતના આવશ. બોય તમોને બોણું આપશે. ફકર કરશો ના. લી૦ તમારી વ્હાલી નાજું."

માયજીને ત્યાં સાધરાં બનાવ્યાં ને હમોએ ચાંપ્યા તેમજ શેઢાં મારા નવલશાને માટે લઇ જવા રાખ્યાં. રાત પરી ને હું જમી ખાઇ, મારા ડોલીને મલી, ફાસી લઇ, રમાડી, ઘરે ગેઇ પણ ઓજજા! બહારથી બારણું બંધ! ઘણીક ઘુમો પાડી, મારી સાથે સાધરાં લાવેલી આયાએ બારણાં ઠોકયાં, ઉપર નીચેના બૈરાઓએ બારીએ ઠોકયાં કર્યા પણ મારા નવલશાએ બારણાં બોલ્યાં નહિ. હું તો મરે પાણી પાણી થઇ ગઇ ને જ્યારે મેં ઘણીક ઘુમો પાડી ત્યારે નવલશાએ ગુસ્સામાં બારણાં બોલ્યાં.

"નવલશા આજે એટલા ગુસ્સામાં કાંય છેવ! મેં તેવણને પુછ્યું.

"ચાલ મુંગી મર! વલી પુછેચ કે ગુસ્સામાં કેમ છેવ! જા તારો જે હોય ત્યાં જા ને "ફાસી આપ." નવલશા ચીરાડાતા ન્યુસ વાંચતાં બેઠા.

"એ આય શું કહેવાય? મરે એ તમો શું બકોચ! કોણ મુવો હોય ને કોણ મુવાને ફાસી આપું?"

"કોણ મુવો હોય ને કોણને ફાસી આપું?"

"હા, હા, વલી નવલશા તમો ને એમ બોલવું નહિ ભેમએ હું તો મારાં માયજીને ત્યાં ગયલી."

"હા માયજીને ત્યાં ગયલી ને ડોલી શોલીનેબી મલતાં આયાં ને ફાસી આપતાં આયાં. એવા ડોલી સોલી ઉતા તો પછી મારી સાથે પરણવાનું શું કામ ઉતું? જાની હજુરમી ડોલી સાથ પરણી જાની!"

"મુવો કોણ ડોલી ને કોણ સોલી! નવલશા આજે એ શું ભલતું ભલતું બકોચ?"

"ભલતું ભલતું બકોચ! તેં ચીટીમાં શું લખ્યુંચ કે હું ડોલીમાં જીવ ભરાઇ રહયોચ તે તેને મલતી આવશ ને ફાસીથી આપતી આવશ. એ નાપાક કોણ ડોલી મુવોચ? બોલની કયાં રહેચ.? વલી સાદ લખી ગેઇ કે હું મારા ડોલીને મલતી આવશ."

મરેરે! હવે મને સમજ પડી. આય તો આંધરે ભેહેરું કુવાયું!

"નવલશા, તમે ઘણા અદેખા થયાછ. કેહેજે માટીડાતો અદેખા થાયજ નહિ."

"અદેખો નહિ થાઉં! મારી સાથે પરણીને હવે તું બીજા સાથે દોસ્તી રાખેને—"

"અરે પણ તે ડોલી કોણ ઉતો તે તમો જાણોચ કે!"

"હોશે કોચ ચોર, લોફર, લફંગો, ઠગારો, મુછ, બેવફા, મારે હાથનો માર ખાનારો, કમબખ્ત, મને મલે તો ખરો પછી તેની—" મારા નવલશા હવે ઘણાજ

ગુસ્સામાં આવી ગયા ને ટેબલ સાથે હાથો હાથ અફાડવા લાગ્યા ને હવે મારેથી જોવાઇ નહી શકાવાથી મેં ભરમ ખુલ્લો કર્યો.

"અરે પણ નવલશા, કાંય અમથો જીવ દુઃખમાં નાખોચ? કાંય એટલા બધા ઉશ્કેરાવોચ? એમ તે હું બેવફા, છેહ કે પરણ્યા પછીની બીજા સાથે દોસ્તી રાખું."

"ત્યારે બોલ કોણ આય મુછ ડોલી છે?"

"નવલશા, એ કાંઇ માટીડો નથી. એ ડોશી તો મારો પાળેલો મારાં માયજીને ત્યાં કુતરો છે. નાનપણથી મેં પાળ્યોચ."

"એમ?" નવલશાએ હવે ઠંડે અવાજે પુછ્યું.

"હા એમજ! તમેજી હરવાયા, નકામાં ભડકા થયા. કેહેજે માટીડા તો અદેખા થાયજ નહિ, ઓલ બોશ."

નવલશા હવે ધીરા પડ્યા ને સાથે લાવેલા સાંધરા ચાંપવા લાગ્યા ને ઠંડા પડ્યા.

"પ્રભાત" ની વાંચક બાનુઓ, ચીડી લખો ત્યારે ખુલ્લું લખજો કે તમારા માટીડાઓ એમ ઉધું સમજી પોતાની આંખમાં ઝેર નહિ લાવે.

(ભાસીસ નલાં ભરલેર ચીનાઇ.)

મને કોલેજ કાંય નહીં કહ્યું?

માય—નહીં દીકરા અદી, આજે વરસાદ ઘણોજ જોરમાં છે. હું ધારૂંછ કે આજે તું સ્કુલમાં નહીં જાએ તો સારૂં.

આ સાંભળી અદીનો ચેહરો ખીલવાને બદલે જરા કરમાયો.

માય—કાંય શું છે? સ્કુલમાં નહીં જવાતું તેથી દલગીર થઇ ગીયોછ કે? ડાહ્યો દીકરો છે.

અદી—મને ગઈ કાલનું કહ્યું હોવે તો રાતના બે કલાક મહેનત કરીને લેસન કર્યું તે કરતેજ નહીં! વરસાદ બી હડીયટ જેવો કાલે રાતજીજ કાંય નહીં આયો હોસે?

(નોસાકરો કેકી.)

સમજી દીકરો.

"કેવો ડાહ્યો ને સમાણો દીકરો" માયજી બોલ્યાં "બોંય પર પરી ગીયો તોબી જરાક રડ્યો નહીં, એમજ કહેં દીકરા!"

"માયજી તાંહ કોઇ સાંભળનારૂં ઉતુંજ નહી, તો પછી હું રડીને શું કરૂં?"

(સોલન.)

દુરજ બેસું છ.

માય—મંચેર, જલ્દ જલ્દાપોલ્યો ઘણો ખરાબ દુકતો છે, તેથી તેનાથી દુરજ રહેજે હં દીકરા!

મંચેર—હા ભમા, હું એનેથી દરોજ દુરજ રહેઉછ. એ પહેલા બાંકપર બેસેજ ને હું છેલ્લા પર.

(નોસાકરો કેકી.)

ધંધાદારી કુનેહ.

"નાલ્યાં પીક્ચરો મને બુદ્ધલ ગમતાં નથી. મજ્જા-હનાં મોટાં કેનવાસ પર હોય તે મને બહુજ ગમેછ."

"હું તાહરે તમે કોઇ આર્ટનાં ખાં હોશો!"

"નહીંરે, હું તો પીક્ચર ફ્રેમ મેકર છઉં!"

(સોલન.)

કેટલા વાગ્યા?

બુચો—મારા બાવા પુછેછ કે તમારાં ઘડીયાળમાં કેટલા વાગ્યા?

પડોસી—ચારને વીસ.

બુચો—તો મારા સાહેબ ચારને વીસ ચોવીસજ કહી દેવેનની વરી.

(નોસાકરો કેકી.)

એક નમૂ યાદ.

"મારો બધો સામાન ગાડામાં ભરાએોછ કે?"

"હાજી."

"કંઇ રહીતો નથી ગયું? જોજે પછી—"

"નહીંજી, એક બેહું દેદાયું બી નથી રહી ગીયું."

(સોલન)

પણ પુછવાનું કંઈ કારણ?

મવાજી—બાઇજી, પેલો ડગલો પાટલુન ધોવાનાં છે તે આપો.

ધર ધણીઆણી—કાયો ડગલો પાટલુન?

મવાજી—શેઠનો કેરાબીરનો ડગલો ને પાટલુન છે તે આજે એવણ ઑફીસમાં જતાં જતાં હમારી દુકાને આવ્યા ને કેહયું કે મારો ડગલો પાટલુન ધોવાનો છે તે ઘેરથી લઇ આવજો.

બાઇ—ત્યારે એવણ આજે તમારી દુકાને આવી ગીયા?

મવાજી—હા બાઇજી.

બાઇ—એવણ સારી કાની તો ઉતા કેની?

મવાજી—હાજી.

બાઇ—ને ખરેખરી રીતેજ ખોલતા'તા ચાલ્લતા'તા કે?

મવાજી—હાજતો વરી. પણ એમ પુછવાનું કંઈ કારણ?

બાઇ—કારણકે આજે આઠ વરસ થયાં એવણ ના ગુજરી ગયાજ.

(નોટ—પેલાએ ચુપચુપ ત્યાંથી પોતારા માપ્યા.)

(નાસાકરો કેદા.)

"હેરી, એ તું કરેજ શું? આટલો નાનો છે ને બીડી પુકે છે? તારો બાપ હમણા જોય તો શું કરે?"

"એરેજ પુકે તો!" હેરીએ કેહયું, "કારણ એ એવણનીજ રપેશ્યલ મેકરની બીડી છે!"

(શોલન.)

રામબાણ ઇલાજ!

મીસીસ—ડાકટર, હું ધારૂંછ કે મારા કાવસા-શાદનાં એજનને કાંઇ આરાણ થયલી છે. ખરેખર તેમ છે કે નહીં તે શોધી કેહાવવાનો તમારી પાસે કાંઇ ઉપાય છે?

ડાકટર—ઘણો સહેલો ઉપાય! તમે તેને કેહો કે "હું તમારી સાથે કદી વાતજ કરવાની નથી." એ સાંભળીને જો તે હસે તો જાણજો કે એવણનું બેલું તદન સલામત છે.

(નાસાકરો કેદા.)

હુશીયારી કોઇના બાપની છે?

"મરેરે વરી તમે હારનોત્યમ શાનું ઉંચકી લાયા!" મીસીસે કેહયું, "મુવા પેલા પાસેના હોમજી પાસે એ થોલલું ભરેલું છે તેથી એ આખો દહાડો મારૂં ભેજું બાઇ જાય છે તેમાં તમે એક વધુ ઉમેરાયા!"

"હવે તું મુંગી મરની સમજે નહી તાહરે! એ મેં એનીજ પાસેથી વેચાતું લીધું છ. હવે એ શું વળારે! એનું કપાળ!

(શોલન.)

વાગો બદલીને જાવો!

બેરામ બારીયા બાપડો બચાંથી બહુ કંટાલી ગયો હતો. એક દિવસે તો તેવણના મીજબની રૂમમ ૧૨૪૫૧૦ ડીગ્રી જેટલી થઈ ગઇ અને આખરે તેવણે આપઘાત કરવાનો હરાદ કર્યો.

ફેરેટો લઇને નીકલતાં બારણાં આગલ મેમસાહેબ મલ્યાં. "કેમ! વરઘોડો કયાં ચાલ્યો?"

"બસ, બસ, બચાબ, હવે હું તારી આવી મશ્કરીથી તદન કંટાલી ગીયોછ. આજે સાંજ સુધીમાં તો તું દરીયામાં મારી લાસ તરતી જોસે!"

"અંઇ! એમ છે? પણ આપ્યે તમારો ડગલો, ફેરેટો ને આજનો નવો કેરેલો વાગો બદલીને જવાનો!"

(નોટ—બેરામજીના ઓરડામાં વાગો બદલવા સધાવ્યા તે ઉંધ આવી તે જીવ્યો કરી ગયા.)

(નાસાકરો કેદા.)

અનુભવ લેજો!

પેલો રૂશતમ વીધવાને પરણ્યો ને હવે ખરેખરો પસતાયલ. કહે જો વીધવા સાથે કદીયો પરણવું નહી.

કાંય?

ઘેરે રાતના મોડો આવેજ તેનાં કારણમાં એનાં જુનાં દીલ્લાં બાદણા ચાલી શકતાં નથી

(શોલન.)

તબીબી નીબંધ.

લખનાર—ડૉ. જહાંગીર ખરશેદજી દાળ એલ. એમ. એન્ડ એસ.

(પુસ્તક ૧ લાના પાને પાન્ડ થી ચાલુ.)

તનદુરસ્તીનો નિયમ તોડીને દવાદારૂ વડે તનદુરસ્તી જાળવવાનો ખોટો ખ્યાલ ટેકવનાર એક અગતનું સાધન તબીબી સલાહ અને સારવારની ચાલુ રૂઢી છે. મજબુર રૂઢી મુજબ દવાના ઘીચારા ઘીચાવવામાં તબીબ મંડળના મોટા ભાગનો ગુજારો ચાલે છે, બાજબી સલાહની કીમત પિછાનવામાં આવતી નથી, તેનું દામ આપવામાં આવતું નથી. જે તબીબ મેહેનત લેઇને બરાકને સમજાવે છે કે તેને દવાના ઘીચારાની જરૂર નથી અને વધતી સમજ આપે છે કે ચોક્કસ નિયમ પાળવે તે સારી તનદુરસ્તી જાળવી શકશે, તેને મજબુર સલાહનું કંઇપણ દામ જડતું નથી, અને તે બરાક ખોહે છે, એટલે વખત જતાં, તેની આવક સંબંધી સ્થીતી દયાજનક થઇ પડે છે; જ્યારે તેના ધંધાદારી ભાઇબંધો કે જેઓ જે આવે તેને તુરકાનું ખીલાનું ચોતરી આપે છે, તે જો કુનેહથી કામ લે છે, તો તેને ત્યાં ટંકશાળ ચાલે છે. કહે છે કે એક ચતુર વૈદ્યરાજ એક શ્રીમંત બરાકને બે તુરકાની દવા એકેક પછી ફેરવી ફેરવીને આપતો હતો, અને મજબુર બરાક મહીનાના મહીના દવા લેઇ જઇ રોજીંદા વધારો કરાવતું હતું. એક વેળા વૈદ્યરાજનું બહારગામ જવું થયું ત્યારે તેને પોતાની જગા રાખનાર બેટાને હવાલો આપ્યો, કે સાત દીવસ એક તુરકો બનાવી આપવો અને તે પછી સાત દીવસ બીજો તુરકો બનાવી આપવો. બેટાએ જોયું કે પહેલા તુરકાથી ફાયદો થાય છે, એટલે તેને તેજ ચાલુ રાખ્યો. વૈદ્યરાજ પાછા ફરે તેટલાં દરદી સાજો થયો અને દવા લેતો બંધ પડ્યો. વૈદ્યરાજ આવીને પુછે છે કે પેલો બરાક કેમ નથી આવતો? બેટાએ હરખાઇને જવાબ વાળ્યો, કે તેને પહેલા તુરકાથી ફાયદો થયો, માટે તેજ ચાલુ રાખવામા આવ્યો એટલે તે સાજો થયો, વૈદ્યરાજે નારાજ થઇ બેટાને ઠપકો આપ્યો, 'મુર્ખ' અનાડી એ તેં શું કર્યું? તેં મારો રોટલો ઝોરવ્યો, તેને બીજે તુરકો કાંય નહીં આપ્યો, પહેલોજ તુરકો કાંય ચાલુ રાખ્યો? એ તો શ્રીમંત છે, રોજ દવા લેતાં એને ક્યાં બોટ જવાની હતી; હવે હું ગરીબ માણસ કમાંથી રોટલો રળી ખાવઉ. એવો મામલો અભણ વૈદ વર્ગમા રહ્યુ થાય છે, તે ના પાડી નહીં શકાશે, અને તે વડે ચોક્કસ હોકામા એવો વિચાર ટકી રહે છે, કે તનદુરસ્તીની જાળવણી માટે રોજીંદી ચાલુ દવા લેવાની જરૂર છે. તબીબ મંડળ ઉપર એવો ગંભીર આરોપ મુકી નહીં શકાય, પણ એક બીજા પ્રકારનું ખેણ કોટક થાય છે તે ના પાડી નહીં શકાશે, અને તેનો સ્પષ્ટ ખ્યાલ એક દાખલા વડે રજુ કરી શકાશે. મારા તબીબી અભ્યાસનાં પહેલાં વરસમાં એક બાળક સીક પડવે તેને જોવને હું મારા કુટુંબના તબીબ કને જતો હતો. તબીબ સાહેબની ઉમ્મર આગળ અધીરાં બરાકનો ધસારો થતો હતો. અમુક બરાકની હકીકત શરૂ થતાં વાર તેવણ તુરકો લખવાનું શરૂ કરતા હતા, અને તે પુરો થવે રજુ કરતા હતા. કોઇ બોલકનાં બાઇ તનકો કરતાં હતાં કે, 'ડાકટર મારી હકીકત પુરી નથી થઇ તેટલાં દવા શું લખી આપી' ત્યારે તબીબ સાહેબ ઠંડે કલેજે જવાબ વાળતા કે, 'અણ બોલ્યો, અમ સબ સમજતા' અને દાસ્તાન પુરું થવે હશીને પેલો તુરકો ફરી રજુ કરતા કે, 'અમ સબ સમજતા, એ સબકા દવા અમ લીખ દીયા.' બરાક સંતોષ પામી કમપાઉંડર કને જતાં અલીપ્રાય આપતાં કે, 'મુવે બુધ્ધો જરા કાગડો છે, બધું જરામા સમજી જાયચ.' કમપાઉંડર તુરકો બનાવતો, જે લગભગ સધલાંયે માટે મોદા બાઇકાર્બ અને એસીડ સીટ્રીકનો દીઠામા આવતો હતો. દવા બનાવવે ગેસ નીકલી ને ફીણફીણ થતું હતું, ત્યારે બરાકો વાત કરતાં હતાં કે 'એવી દવા ઘણી જલદ હોં, જોયું કે, બનાવતાં બનાવતા ફીણ ફીણ થાયચ; અને બીજા તાપસી કરતાં કે, 'હારે માય, દવાતો

એવી જલદ કે તે દહાડે હું લેઇ ગઇ, તે જુચ ફતાક કરીને ઉડી ગીયેા.' એ રીતે સેંકડે નેવુંથી વધુ દરદા ધરાકને ફકત સેાડા વાટર પાવામાં આવતા હતેા, અને ઘણા દાખલામા ખુદરત દરદ સારૂં કરતી હતી, ત્યારે તપીબ્બને તેનેા જશ મલતેા હતેા, કારણ કે તે ધેાણું બેાલવે 'બધું સમજી ગીયેા' અને તેને 'દવા એવી જલદ આપી કે પ્રતાક દેઇને જુચ ઉડી ગીયેા.' પણ મારાં એેશી બાળકને કૃાયદેા નહીં થયેા. રેાજીંદી હકીકત લેઇ જઇ દીવસેા તુલીક કરીયાદ કરવા છતાં સેાડા બાઇકાર્બ અને સીટ્રીક એસીડનેા નુસ્કેા ચાલુ રહેાે. હું ખીજવાઇ ગીયેા અને બાળકનાં માબાપને સમજાવીને બાળકને બીજા તપીબ્બ આગળ લઇ ગયેા. તેવણ પણ સેંકડે નવાણું દરદીઓને એકજ નુસ્કેા લખી આપતા માલમ પડયા, કે જે નુસ્કેા સેનટેાનીનનેા બાઉડર અને સુનામખીના મીક્ષચરનેા હતેા. પેલાં બાળકની બીમારી કરમની હતી, તેને કરમ પડયા અને રાહત મલેા, એટલે મજકુર તપીબની જગેજગ વાહવા બેાલાઇ. પણ તેવણુથી ધરતી તપાસ પછી નુસ્કેા લખી આપના નહીં હતા, તેવણુનેા સુંઠનેા ગાંઠેા તે હતેા. એક બીજા તપીબનેા સુંઠનેા ગાંઠેા કુછવીન મીક્ષચર માલમ પડયેા. ચેાથા તપીબના અનુભવે મને વધુ વીચારમા નાખ્યેા. તેવણુ ધેાબીને વાગે કપડાં બદલે તેમ થેાડે દીવસે પેાતાનેા સુંઠનેા ગાંઠેા બદલતા હતા, તે છતાં તેવણુની પણ આગળા ચાર તપીબેાની માફક વાખવાથી થતી હતી. એવા અનુભવ ઉપરથી શાંત વીચાર એકજ અનુમાન ખેંચી શકે છે, અને તે એકે ઘણા દાખલામા ખુદરત પેાતે દરેક સારૂં કરે છે, કેાઇ પણ દવા આપવા છતાં સારૂં કરે છે, અને કંઇ પણ દવા આપવા વીનાબી સારૂં કરી શકે એમ છે. જ્યે ખુદરત સારૂં કરતી હેાય, અને ભાત ભાતના નુસ્કા વગર વીચારે આંખ વીંચીને કરમાવવામા આવતા હેાય, તેા દવા વડે દુખ સારૂં થયું એમ માનવા કરતાં દવા છતાં દુખ સારૂં થયું એમ માનવું વધારે કારણુ છે.

ઉપલું વીવેચણ દુઃખ થવા પછી દવાવડે સારૂં કરવા બાબેનું છે, છતાં દવાવડે તનદુરસ્તી જળવવાના બુલબારેલા ખ્યાલમાં તનદુરસ્તીના નિયમ જળવવા બાબે બેપરવા રહેવાના બીજા સાથે તે અતલગનેા સંબંધ ધરાવે છે. અમુક નુસ્કાવડે તનદુરસ્તીનેા સર્વ પ્રકારનેા બીમારા મટાડી શકાય છે એવી માન્યતાને લીધે તનદુરસ્તીના નિયમ જળવવાની ધરતી પરવા કરવામાં આવતી નથી.

તનદુરસ્તીના નિયમ પાળીને તેની જળવણી કરવાની જગાએ દવાદારૂના ધીચારાવડે જળવણી કરવાનેા ખેાટેા ખ્યાલ ટેકવનારૂં બીજું અગતનું સાધન પેટંટ દવાનેા ધંધેા છે. પૈસા કમાવા ઘણી અનેક દવાઓનાં બાકાં ડુંકનારી જાહેર ખબરેા છાપાંથી આપવામાં આવે છે, અને તેમાં મજકુર દવાઓને ગમે એવાં બીફટ અને ગંભીર દરદેા સારાં કરવાની બાતરી આપવામાં આવે છે, એટલુંજ નહીં પણ વળી તેના અટકાવ કરવાની વટીક બાતરી આપવામાં આવે છે. જ્યારે તપીબ અને વૈદને ઘરે લેાકેા દવા લેવાને જાય છે, ત્યારે મજકુર જાહેર ખબર લેાકેાને ઘરે રેાજીંદી જાય છે, અને તેઓને એક પ્રકારની મેાહીનીમાં નાખી તેઓનાં મજકુરમાં એવી માન્યતા નીપજાવે છે, કે તેઓ અમુક દવાં વાપરીને તનદુરસ્તીની જળવણી કરી શકશે, એટલે તનદુરસ્તીનેા નિયમ પાળવાની જરૂર નથી.

તનદુરસ્તીનેા નિયમ પાળવાની જગાએ દવાદારૂના ધીચારાથી તનદુરસ્તીની જળવણી કરવાનેા ખેાટેા ખ્યાલ ટેકવનારૂં એક વધુ કારણ તનદુરસ્તીના નિયમેાનાં વીગતવાર જ્ઞાનની કેાટાઇ તેમજ મજકુર નિયમેા પાળવા બાબેની નામરજીમાં સમાયલું છે. આપણે આગળ જણાવ્યું તે મુજબ તનદુરસ્તીનેા સામાન્ય ખ્યાલ કુલે ખેાટેા અને બુલબારેલેા રહે છે. ત્યાં આગળ તેના જુદા જુદા નિયમેાનાં વીગતવાર જ્ઞાનની આશા શી રાખી શકાય? તનદુરસ્તીના સામાન્ય ખ્યાલ ઉપરાંત તેની જળવણીના નિયમેાનાં વીગતવાર જ્ઞાનની જરૂર છે, તેવી વીગતવાર સમજ વીના સામાન્ય ખ્યાલની સમજ જરાજર ખ્યાનમાં ઉતરી શકતી નથી અને જોઇતી અસર કરી શકતી નથી. આગલા પત્રમાં આપણે તનદુરસ્તીનેા સામાન્ય ખ્યાલ રજુ કીધેા હતેા; આવતા પત્રમાં આપણે તનદુરસ્તીના નિયમેાનું વીગતવાર જ્ઞાન રજુ કરવાની કેાશેા કરીશું.

પેશવાઇ કેમ ગઇ?

લખનાર—મર્હુમ કવિ દા. એ. તારાપોરવાળા.

આપણી ઉપર રાજ્ય કરી ગયેલાં મહારાણી વીક્ટોરીયાની પ્રતાપિ ગાદીની આગમજ જે અંધેર અમલો આપણા વડીલો ઉપર ચાલી ગયા છે તેનો આપણને જરાપણ ખ્યાલ થાય છે? એવા અંધેર અમલો જે આ ઇનસાફી રાજ્યની આગમજ ભારતખંડમાં હસ્તી ભોગવી ગયા, તેમાં "પેશવાઇ અમલ" એક હતો. આજે જોકે તેની નામ નસલ નથી, છતાં, તવારીખના સફાઓમાં તેની યાદ હમેશ માટે નોંધાઇ રહેલી છે અને આપણે તે માંહેલા સૈાથી છેલ્લા બનાવો અત્રે યાદ કરીશું.

"પેશવાઇ કેમ ગઇ?" આ સવાલ વિદ્વાનોમાં આજે પણ ચર્ચાય છે, અને તેનો મુખ્ય દોષ ખુદ "બીજા બાજીરાવ પેશવા" પર મુકવામાં આવે છે. કહે છે કે બાજીરાવ પેશવામાં હીચકારાપણું ન હોત તો પેશવાઇ જાત નહિ.

તવારીખ પોતે એની સાહદત પુરે છે.

બીજા બાજીરાવ પેશવાને ઇંગ્રેજ સરકારે બીજી વાર ગાદી ઉપર બેસાડ્યાને હજી તો વખત વીત્યો નહી એટલાં બાજીરાવ પોતાની કબુલાતથી ફરી ગયો. તે વેળા સિંધ્યા હોલકર બિગેરે રાજા રજવાડાઓ ભારે પ્રપંચ મચાવી રહ્યા હતા, અને આજના જેવી સુલેહ શાંન્તીનો વેળ નહતો. સિંધ્યા અને હોલકરે તે પ્રસંગે ઇંગ્રેજથી માંયું ફેરવી હિંદુસ્તાનમાંથી તેને સમૂળગો હાંકી કાઢવાને છળ કપટો રચવા માંડતા હતા. તેમાં બીજો બાજીરાવ છુપી રીતે સામેલ હતો.

આ વખતે બાજીરાવના સલ્લાહકારોનો કાંઇ ઢંગ ધડો નંતો. એમાં મોટું પ્રપળ બંડખોર મસલતકારોનું હતું. ૪૦ સ૰ ૧૮૧૦ માં સદાશીવરાવ ભાઉની મારફતે ખુરશેદજી મોદી નામના એક પારસી ગ્રહસ્થને બાજીરાવ જોડે અચ્છી મીત્રાચારી પડેલી હોવાથી ઘણાંનાં જાણમાં આવ્યા. એ ગ્રહસ્થ ઇંગ્રેજ સરકારની નોકરીમાં હતા અને પેશવા તરફથી બ્રીટીશ લોકો વિષે વકીલાતનું કામ કરતા હતા. એ ખુરશેદજી મોદીએ બાજીરાવનાં મગજમાં બ્રીટીશ વિષે સારા વીચાર બેસાડવાની અતિ કોશીશ કરીથી; પણ સદાશીવરાવ ભાઉ અને ત્રીકમજી ડેંગાલીયા નામના મહા પ્રપંચી રાજપદ્વારી દરબારીઓ ઇંગ્રેજ તરફ ધિક્કારની નજરથી જોતા હતા. તેઓએ બાજીરાવને ઉલટુંજ સમજાવી ઉલટી અસર ઉપજાવી.

ત્રીકમજી ડેંગાલીયો એક નીચ અને હલકી પંકતીનો માણસ હતો એને ખુરશેદજી મોદીના એક કટ્ટા રાજદ્વારી શત્રુની ગરજ સારી હતી, અને તેજ અંત તેમનો જીવલેણ જમ થઇ પડ્યો હતો. આ નામીયા ગ્રહસ્થનું મૃત્યુ દગાથી, ઝેર આપવાથી નિપજ્યું હતું. તે જોકે કોણનું કરમ હતું તે આજસુધી અંધારામાં રહી ગયું છે, છતાં તેનો મોટો શક એ પ્રપંજી ડેંગાલીયા ઉપર લાવવામાં આવ્યો હતો કે જે તે વેળા બાજીરાવનો ધણોજ માનીતો થઇ પડેલો હતો.

મરહુમ મોદી સાહેબ જેઓ પાળજીથી કરણાટકનાં સરસુબાતો ઓદ્ધે મોટા દરમાયાપર ધરાવતા હતા. તેઓ જ્યારે મરણ પામ્યા ત્યારે બાજીરાવ જાણતો નહતો કે ત્રીકમજી ડેંગાલીયો, મોદીની અદેખાઇમાં બળી મરે છે.

૪૦ સ૰ ૧૮૧૬ માં ત્રીકમજીને ઇંગ્રેજ સરકારે પકડીને ઠાણાનાં કીલ્લામાં કેદ કર્યો, પણ થોડા દીવસમાં બંદીખાનાના દરોગાની નજર ચૂકાવી તે નહાસી ગયો અને બાજીરાવ જોડે છુપા સંદેસાહ ચલાવવા લાગ્યો. તેનું એક પત્ર પકડાયું કે જેમાં તેણે બાજીરાવને એવું લખી જણાવ્યું કે "તને જલદીથી ઇંગ્રેજની તાબેદારીમાંથી મોકલો કરીશ માટે તારે કાંઇ ચીંતા કરવી નહી. એકાગ્રહ રીતે મારી દરકારવેલી ગોઠવણો મુજબ ચોકકું ગોઠવતા જવું." પુનાના રેસીડન્ટ મી૰ એલ્ફીનસ્ટનનાં

હાથમાં આ પત્ર આવતાંજ તેણે બાજીરાવથી તેનો ખુલાસો ચાહ્યો, કે જે તેને ઉડાવ્યા કીધો. છ માસ એમાં ને એમાં વહી ગયા અને જ્યારે બાજીરાવે ખુલાશો આપ્યો ત્યારે રેસીડેન્ટની નજરમાં તે ખાતરીપૂર્વક દિસ્યો નહી. એ ઉપરથી કરનલ સ્મીથને પુના ઉપર હુમલો લઇ જવાનો હોકમ થયો.

બાજીરાવ આ મામલો જોઇ ગભરાઇ ગયો અને ઇંગ્રેજોને તાબે થવાની ખુશી બતાવી પણ આ તેનું ડોળ માત્ર નામનુંજ હતું. વચ્ચે થોડા દીવસ નહી ગયા એટલામાં તેને પોતાની સર્વે કબુલાતો બૂરી જ્ય ઇંગ્રેજો સામે લડાઇ ઉભી કરવાને સૈન્ય ભેગું કરવા માંડયું. આ જોઇ ઇંગ્રેજ સરકાર ગભરાટમાં પડી અને બીજી વારની તેની ઘણીજ મીનતજારી છતાં એક મોટી લડાઇ થઇ. કોલ્હો તાબે થવા છતાં પેશવાના લશ્કરે હીમ્મત છોડી નહિ. મગર હીચકારો બાજીરાવ જેણે આગળ વહીને પોતાના લશ્કરને સામી હીમ્મત આપવી જોઇએ તે બદલ ભાવણી છોડીને નાશી ગયો.

જેવો બાજીરાવ પોતાના લશ્કરને પડતું મેલી હાશી ગયો તેવોજ તે સર જોન માલકમની પનાહ હેઠલ જઇ ઉભો જ્યાં સુધેહનાં નીચલા કોલકરાર થયાઃ—

૧–"પેશવાએ પોતાનું સઘળું રાજ્ય છોડી દેવું."

૨–"૨૪ કલાકની અંદર બાજીરાવે પોતાના કુટુંબ અને લશ્કર સહીત બ્રિટીશોને તાબે થવું."

૩–"પુના છોડી પેશવાએ બનારસ અગર બીજી કોઇ સારી જગ્યાએ જઇ વસવું."

૪–"ઇંગ્રેજ સરકારે તેના અને કુટુંબના પોષણ માટે રૂ. ૮,૦૦,૦૦૦ આપવા."

૫–"પેશવાના કુટુંબનું બ્રિટીશોએ જરાપણ અપમાન કરવું નહિ."

આએ સરતોને 'ટ્રીટી ઑફ પુના' યાને 'પુનાની સરતો' કહેવામાં આવે છે. આ શરતો ૪૦ સ૦ ૧૮૧૮ માં કરવામાં આવી હતી.

આ પ્રમાણે પેશવાના પુરાતન રાજ્યની ૪૦ સ૦ ૧૮૧૮ માં પાયમાલી થઇ, મગરૂર સાલથી તેની આખી સલતનત ઉપર ઇંગ્રેજી અમલ શરૂ થયો, કે જે પ્રતાપી અમલની પનાહમાં આજે આપણે સુખથી વસીયે છીએ.

બાજીરાવ પેશવા કે જે બીજો બાજીરાવ કહેવાય છે તે ઘણો ખુબસુરત, ઘરકી, મોજીલો અને માયાળુ હતો. તે એક અચ્છો વક્તા (બોલનાર) હતો. સંસ્કૃત ભાષાનું તે ઉંડું જ્ઞાન ધરાવતો હતો. તેનો ખરાશ ભોગો હતો અને એ જેમ તેની મોટી ખુબી હતી તેમ તે હીચકારો હતો અને એ તેની મોટી ખામી હતી.

એવું કહેવાય છે કે બાજીરાવ તરવાના હુનરમાં ઘણોજ કાબેલ હતો અને એકવાર એક ભયંકીત વખતે નદીમાં પૂર આવેલો છતાં નખાતી દઇ બીજે પાર જઇ સલામત આવી શકયો હતો.

પેશવાઇ કેમ ગઇ તે જો આપણે જોઇયું તો પેશવાની તવારીખ આપણને ખુશી રીતે તેના નીચલાં કારણો દેખાડી આપશેઃ—

૧—પેશવા પોતે હીચકારો.

૨—સલ્લાહ આપનાર આપ મતલબપ્યા.

૩—હલકાં માણસોની દોસ્તી.

૪—લડાયકું સમર્થ નહિ.

૫—હલુકીયા મંડળ બીન અનુભવી.

૬—દરબારીઓમાં દ્વેષ–દ્વેશ.

૭—ઇંગ્રેજે તરફ બેવફાઇ.

પેશવાઇ અમલ ભાંગી પડવાથી બાજીરાવ પોતાના કુટુંબ જોડે 'કલ્યાનપુર' નજદીક 'બીતૂર' ગામમાં જઇ વસ્યો, જ્યાં તેને પોતાની જીંદગીના બાકી રહેલાં ૩૩ વરસ બહુજ આળસાઇ અને એકાંત વાસમાં પૂરાં કીધાં. આ પ્રસંગે તે દેશે દેશની તવારીખો વાંચી પોતાનો વખત પુરો કરતો. એને માટે કહે છે કે વાંચતાં જ્યાંથી કોઇ શુરવીર લડયૈયો લડાઇ કરતાં પોતાની જીંદગીની દરકાર નહી કરતાં છતમ્યો ગયેલો નોધાયલો ત્યાં બાજીરાવ હુસકે હુસકે રડી પોતાના હીચકારાપણાં પર ધોધમાર્ય આંસુઓ નાખતો હતો!

તેની ગાદી ગઇ ત્યારે તેની ઉમ્મર ૪૩ વર્ષની હતી. તે ૭૬ વર્ષની ઉમરે ૪૰ સ૰ ૧૮૫૧ ના જાનેવારી મહીનાની ૨૫ મી તારીખે આ દોરંગી દુનીયાનો પોતાનો ખ્યારો ભજન તજી તે દયાળુ દાદમરની દરગાહમાં હમેશને માટે ચાલી ગયો.

કેવી છે આજની પારસણ પોરી?



એક રમજી સ્કેચ.

લખનારઃ—રૂ. ૨. દુ.

છે આજની પારસણ પોરી,
તદન તાવદાંન જેવી;
ભરે હોય કોલસો,
પણ મડમરી એક કહેવી. ૧

એ જોવ રે યારો મારા,
આય ખેણુ ને કંઈ ફોટક;
કે સારૂં નરસું જોતાં,
જીવ રોજ જાય ફોકટ. ૨

આ માયજી કરે વહીવું,
આપ દાલમાં કડછો મારે;
પણ દીકરીજી તો એવાં,
કે બાલનાં પફ કાઢરે. ૩

શું નખરાં તુખરી ચાલે,
ને મચકડ લચકડ જાય;
કે ન્હોંમાં દાંતો ખોટા,
ફસકડ ફસકડ જાય. ૪

આ બાલમાં પેંડીંગ મુકી,
કે છાંટે પાઉડર ગાલે;
ને મારે કુદકા ભુસકા,
જો કે ચાલીસ પર ચાર ચાલે. ૫

શું નાખતું યારો ટીચકું,
શું નૈયન નેઝર નાખે;
એ આજની એવી પોરી,
માબાપની સામે ભાખે. ૬

એ બાલ જોવ રે એવા,
કે ભુત જેવા માથે;
એ ફરે જાથરી પીથરી,
લબરતાં લટયાં રાખે. ૭

ગયાં યારો—ગયાં,
બધરાં ઘરખમ ગયાં,
રહયાં આજે રહયાં,
તદન તાવદાંન જેવાં. ૮

નહીં ઘેરની મલે કસરત,
નહીં ઘેરમાં વાસણ માજે;
ઉંચકતાં એકાદ કુલ્લું,
પોરી આજની કાંસે. ૯

છે ચરે મરે એવી,
કે કાંસ કુંસ ચાલે;
વર બચારો મુંગો,
અફસોસમાં દીલ બાળે. ૧૦

આ છતરી પકડી હાથમાં,
ને કમરે તો પટો;
શું ચાલે આજની છોકરી
હડો બાજુ હડો. ૧૧

આ વરની જોવો કમાણ,
તો બગર પાંચર પાલે;
પણ આજની યારો પોરી
ને ફોલાકુલી ચાલે. ૧૨

આ જોવ રે મારી લાડકી,
શું મચકઇ મચકઇ ચાલી;
આ વરજી જાહેર ખાંધે,
ફેરવે છે જો કાલી. ૧૩

કાંઇ આગલું સાદું સુતરું,
કાંઇ આજનું હોંચપોંચ છી છી;
આ કાટલી જેવે મેળે—
આટલીજ અક્કલ ! છી, છી. ૧૪

ગઇ મમઇ બપઇ મરી,
ઇજારપર દીન કાહરી;
ન પેટીકોટ હોય આજે
તો ચેહડે કેમ સારી? ૧૫

બપઇ ખુદાં કુટઇ મુવાં,
સારીના કાજરા વારી;
પણ મંડઇ મોરઇ ચાલી,
આ દુકતીઓ આજ સારી. ૧૬

ભાઇ સારી પાટમાં જોવી,
પહેડતાં બઇરાં આગલ;
પણ જોવરે આજે કેવી,
નરી જાંઘે કાગલ. ૧૭

કેવું સાદું સુતરું પહેડતાં,
પહેડતાં લગન વાગે;
પણ આજે મારો જોવો,
જાંજર લંગર લાગે. ૧૮

હોય કપડું આના સાતનું,
પણ સીવાઇ સાત જાય;
આ દીવાળું કે દાદો?
બોલોની ઓ ભાય? ૧૯

કંઇ ફીલ પુલ બાપટ,
આ લેસપીસ ટંગે;
ઉપ! એઠના બમણાં ખરચી,
ઘેરમાં અબ્બર માગે. ૨૦

કંઇ ખરચ કરે ખરચ,
ખરચ કરે એવો;
હોય વર યતો તો સુથાર,
તો બી દાદોરોઠ કહેવો. ૨૧

ઓ બાપરે બાપરે બાપરે!
શીસથારી વધી ચાલી;
આ ખરચ જુઠા સાચા,
બીલકુલ ફોકટ ખાલી. ૨૨


કાંઇ બાર આનાની સપાટ,
ને દશનાં ઘુટ આવે!!
બોલો ભાઇજી મારા,
કેમ વરજી જેલમાં જાવે!! ૨૩

જો ગુંજાસ હોયને પહેરે,
નથી વર કે કંઇ વાંધો;
કાં બીસકીન તણાઇ ટુટે?
કાં એ જુઠો સાંધો? ૨૪

બસ કર બેટા કુરસતમ!
અટકાવ કલમ તારી;
અમુરી કેળવણી કુલ,
આપે છે ફળ સારી. ૨૫



બાનુઓનો બાગ.



લખનાર—સહનશીલ સખી.

ખરૂ સહનશીલપણું.

આપણામાં સહનશીલપણાનો ગુણ હોય છે, તો તેનો લાભ ઘણી વેળા અણઘટતી રીતે મતલબી કોઇ આસામીઓથી લેવામાં આવે છે. ને તેઓ આપણને સવાલ કરે છે કે "તમે તો સહનશીલ છેવો કેની? ત્યારે ખમો. અમારી સામે શું કામ થાવો છો?" પણ જો અધીરાઇની આકરી ચઢાઇ સહનશીલપણાનો નાશ કરે તો એક સાધુની સહનતા પણ સડેલાચાઇ જાય તો તેમાં આશ્ચર્યકારક શું છે? જ્યાં સ્વમાનનો સવાલ હોય, જ્યાં આબરૂની આંકણી થવાની હોય, જ્યાં મીઠી શાંતિ પર કંકાસનો દિલ્લો તૂટી પડે, જ્યાં ભલાઇનો ભંડાર, અપજશના ડુંગરોથી ઠાલઁ જાય, જ્યાં સભ્યતાભરી વર્ત્તણુક પર માછણુનો ટોપલો તૂટી પડે, જ્યાં કમઅકલ, ઠઠ્ઠાપણુને દમ ભરાવી દબાવે; જ્યાં નગુણાપણાનો નજીસ વાસ, નાક આગળ રૂમાલ ધરવાની ફરજ પાડે, જ્યાં સડેલાં જેનાંમાંથી નિકળતી ગટર જેવી ગંદકી, તંદુરસ્ત તબિયતનો નાશ કરે; અને જ્યાં કર્ષિણ કાવતરાંઓએ પોતાના કુકર્મી ઠાર્યો અને કંઆળ કળથીથી શાંત મનની શાંતિને ઉંધી વાળે; તો પછી, એક "સ્ટ્રેન્ટ" નું કે ફરેસ્તાનું સહનશીલપણું પણ થોડી ઘડી હવામાં ઉડી જાય, તો તેમાં શું શક છે? સહનશીલતાનો સાહો પકડેલા છતાં, અલકે સહનશીલપણાનો અવતાર હોવા છતાં, જ્યાં સ્વમાનનો સવાલ આવે તો બેશક, ઓછી સહનતાને ચોડો વખત બાજુ મૂકવાની ફરજ પડે. આદમીઓ પોતાની નીચ નેમ અને સગવડભરી મતલબ શોધવા જાજે, સામાં સહનશીલ આદમીઓની સહનતાનો અણઘટતો લાભ લે, તો બેશક, તેઓને તેમની નીચ નેમમાં ફાવવા દેવાં નહિ જોઇએ. એક આસામી સહનશીલ હોય, તેથી કંઇ તે સઘળાં અણઘટતા ઠુમલાઓ, અપમાનો, અને સંકટો સેંટવાને સંકલ્પયું કે બંધાયું નથીજ. શાંત સ્વભાવના સહનશીલ આસામીઓનાં સહનશીલપણા પર, જ્યારે તેંહકરાઇ, અભિમાની, તોછડાઇ, નિંદા, અને અબુરી કળવણી જો ત્રાપ મારે તો એક સાધુ જેવાની પણ ધીરજ ખૂટી જાય, તો તેમાં અજાજ થવા જેવું કંઇ નથી. ત્યારે, સહનશીલ રહેવા માટે આપણે અવશ્ય કરીને સારી ભાગ્યિવતના, સારી રીતભાતનાં, અને સદ્‌ગુણી આસામીઓનાં સમાગમમાં રહેવામાં શોભા છે. જેઓ દુઃખી અને આપણી શાંતી અને સહનશીલપણાને ઉંધાં વાળવાની કોશેષ કરી, દુઃખાની નજરમાં આપણને દુઃખી દેખાડવાની હલકી યુક્ત કરતાં હોય, તેઓથી દોઢસો કોશ દૂર રહેવામાં ડહાપણ સમજવું જોઇએ; અને તેજ ખરૂં સહનશીલપણું છે. "સોબતે અસર" એ કહેવત ખરી છે. સારી પ્રકૃતિના, ઉમદા નેમવાળાં, અને સ્વમોગ આપનારાં, સહનશીલ આસામીઓનાં સમાગમમાં આવવાથી આપણને ફાયદો થાય છે. જેઓ આપણી શાંતીને ઉંધી વાળતાં હોય તેઓથી અલગ રહેવામાં આપણને લાભ છે.

અલેકઝાન્ડ્રા રકુલનાં મુકાનીઓને સૂચના.

ગે એક આગલા અંકમા લખ્યુ હતું, કે શેઠ નરોત્તમદાસ મનસુખરામ કામાના મરહુમને વાર્ષિક દિવસ, કામા રકુલના વિદ્યાર્થીઓ પાળે છે, તે પ્રમાણે મરહુમ મી. માણેકજી ખરશેદજી જવજીની **ધી અલેકઝાન્ડ્રા રકુલના** આગળ તેમજ હાલના શિષ્યોને, મુકાની એઓએ એક સંપથી એકઠા મેળવી, જરૂર કરી, ભાયખ્લા આપારી મરહુમ સ્થાપકનો વાર્ષિક દિવસ પાળે, તો મરહુમનાં નામ કામની યાદ અને કીર્તિ તેઓના છોકરામાં

ચાલુ તાજ રહે. આવતો બોરદાદ મહિનો અને ફરવરદીન રોજ મરહુમનો વાર્ષિક દિવસ (બાજ) છે. જે ૨૯ મી નવેમ્બરે પડે છે તો તે દિને સમસ્ત આગળાં અને હાલના શિષ્યોને એકઠાં કરી, જશન અને ભાષણથી મરહુમનો વાર્ષિક દિવસ ગંભીરતાથી ગુજારવો અને તે દને છોકરાંઓને ખૂટી આપવી. અલેકઝાન્ડ્રા સ્કુલનાં સુકાનીઓને મારી બેપલી સૂચના છે, અને ૨.ને ઉમેદ છે કે જો તેઓ પોતાના સ્વર્ગવાસી પિતાના એક ઉમદા કાર્યને યાદ કરવાની અને વર્ષમાં એક વખત ગંભીરાથી ગુજારવાની તક વિદ્યાર્થીઓને આપશે, તો તેમનું ૨૯ ત્યાંથી પણ ખુશનુદ રહેશે! મારા વિચાર પ્રમાણે ઉપલી નિશાળના રથાપકનો વાર્ષિક દિવસ આવી રીતે ગંભીરાદથી ગુજારવો જોઇએ. મારી આ અરજ પર લાગતાવળગતાઓ લક્ષ આપશે એવી આશા રાખું છું

જ્ઞાનની દુનીયા.



લખનારઃ—મીનોચહેર માશેકજી માદન.

ઇશ્વરના સેવકોઃ-

"ઇશ્વર જે દયાનો સાગર છે. તેનો ખરો ચાકર તેજ છે જે નમનતાઇથી ભુમી ઉપર ચાલે છે; જ્યારે કોઇ અજ્ઞાન તેની સાથ તકરારમાં ઉતરે છે ત્યારે તે કહે છે શાંતી; [એટલે તેને ધુતકારી કહાડતો નથી] જે રાત્રી ઇશ્વરના ભજનમાં પસાર કરે છે; જે ઇશ્વરને આજીજી પુર્વક કહે છે કે ઓ ઇશ્વર, હમારેથી તું નરકની આફત દુર રાખજે કારણ તે હમેશની છે; જે જ્યારે પૈસા ખરચે છે ત્યારે તથા કંજુસાઇ કરતો કે છુટે હાથે વેરતો–બન્નેકે મધ્યમપણું બનલવે છે; જે બીજા ઇશ્વરમાં માનતો નથી; જે પોતાના આત્માને અપવિત્ર કરતો નથી; જે મરદપણાની નીતિ બનલવે છે કારણ તે બગર તે પાપી ઠરે છે" [કુરાન–સરાહ ૨૫–૬. ૬૪ થી ૬૮.]

સુધરેલા મુલકોની ચાંજઃ-

રાજા લાલા બેજનાથ પોતાની "England and India" નામની મુશાફરીની ચોપડીમાં પાને ૩૨ (પ્રગટ કરનાર : જેહાંગીર કરાણી) જે લખે છે તે બગર ટીકાકાએ રજુ કરૂં છું. "(લંડનમાં) ફેશનેબલ રસ્તાઓ અને ચોગાનોમાં જે દેખાવ નજરે પડે છે તે એકહિન્દી શહેરને શરમાવે એવો છે, કાયદા મુજબ કોઇ પણ અનીતિની માગણી થઇ શકે નહી પણ ગરજ મોરી બાપડી. હવાં હજારો ભુખી, ફીક્કી, બદસુરત, બાલાઓ ખુલ્લી રીતે રાહદારીઓ પાસ અનીતિની માગણી કરે છે અને સાંજને છેડે તો પસાર થવું પણ મુશકેલ છે. પેરીસ બાતેના બોલેવાર્ડ કરતાં પણ અત્રે તેઓની સંખ્યા વધારે છે, એ કમનસીબ સંખ્યાનું મોટું કારણ કેશીયણું છે."



બાળકોને બરનું.

પ્રભાતનો પાઠ ૩ જો.

લખોટા.

વહાલાં બાળકો,

ગઇ વેળાએ "ફ્લિટ" ની રમતમાંથી મળતું કે મેળવાતું જીંદગીનું કંઇક મહાન શીક્ષણ મેં તમો આગળ રજુ કીધું હતું.

આ વેળાના પાઠમાં તમારી આગળ એક બીજી માનીતી રમતનું અવલોકન રજુ કરવાની રજા લઉંછું જે ઉમેદ છે કે તમોને પસંદ પડશું થઇ પડશે.

આપણી જીંદગીમાં હરકોઇમે આપણને આગળ વધવાનું છે અને તે વધવામાં એક નેમ રાખવાની છે કે જીંદગીમાં હું કોઇથી રીતે ઇત મેળવું, તે ઇત મેળવવાને માટે એક ચીતની જરૂર છે, જે એક ચીતમાં જીંદગીના પ્રકાશ બાહેર પડતો રોશન થાય છે અને તેને લગતો કંઈ બોધ આપણને બનણીતી લખોટાની રમતમાંથી મળી આવે છે.

લખોટાની રમત એ બાળકોની બહુ માનીતી રમત છે તેમાં કેટલાક છોકરાંઓ એકથી વધારે સાથે ભાગ લે છે. કેટલાક છોકરાંઓ તો તે રમતે રમતે રમે છે. અને યું દિવસમાં કે યું બેત્રાંઓ છોકરાઓની એ રમત બહુજ માનીતી થઇ પડી છે. જમીનમાં એક ખાડો ખોદવામાં આવે છે અને પછી તેની પાસે એક ઝીણી લખોટી મેલવામાં આવે છે, અને ગોઠે છેટેથી બીજી લખોટી પેગી મુકેલી લખોટી ઉપર આબાદ ટાંકવામાં આવે છે અને તે ડાબા હાથના અંગોઠા અને જમણા હાથની આંગળી વચ્ચે પકડી એવી તો અજબ કોસમથી ટાંકવામાં આવે છે કે આબાદ પેગી મુકેલી લખોટીને પાસેના ખાડામાં ગોબા મોકલી આપે છે. નેમ ટાંકવાની એ એક ખુબી છે. અને એ પ્રમાણે રમનારા છોકરાંઓ વારાફરતી મુકેલી લખોટીને બીજી લખોટીની મદદ વડે ખાડામાં ઉતારવાની ચપલ રમતમાં રોકાઇ રહે છે અને જે નેમ ટાંકીને તેમ કરવાને કૃતેદમંદ નીવડે છે તે જીતેલા કહેવાય છે. વળી કોઇ વેળા તો એથી વધુ લખોટીઓનો ઉપયોગ એ રમતમાં કરવામાં આવે છે અને ત્રણ ચાર લખોટીઓના સામટા "ધસારા"થી પહેલી લખોટીને "ખાડા"માં ઉતારી દેવામાં કૃતેદ્દ કે નીશ્ફળતાની રમત રમાય છે. આ એક નીરદોષ રમત છે પણ તેમાં ઘણી ઉંડી શીખામણ મળે છે. એ રમતમાં પહેલું શીખવાનું જે મળે છે તે એટલુંજ છે કે રમત રમનાર છોકરાએ પોતાનું ધ્યાન ઘણુંજ ચોકસ અને એક ચીતનું રાખવું, બીજું પોતાનું શરીર ઘણુંજ "સ્ટડી" રાખવું ને બરોબર ધ્યાન ધરી આબાદ નેમ ટાંકવી. ઇંગ્રેજીમાં જેને "Attention" કહે છે તે ગુણ રમનારમાં આ રમતથી ઘણો ખીલી રહે છે.

વળી જેમ જેમ નેમ ટાંકીને પહેલી લખોટીને ખાડામાં ઉતારી દેવામાં આવે છે અથવા કોઇ તો ઇંટ કે પથ્થરનો ટુકડો મુકી તેની ઉપર થી નેમ ટાંકે તેજ પ્રમાણે તમારી જીંદગીમાં સમણું બુરૂ હોય તેને ખાડામાં હોમાતી દેવાનું છે. ત્યાંજ તમારી જીંદગીની ઇત છે.

લી૰ તમારો હમેશનો,

મોટા ભાવા.

"છેલ્લી સલામ."

લખનારઃ—સત્ય.

સૌરાષ્ટ્ર લેજે સલામ, છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ, (૧)
વિયોગ થાતાં, દુર દેશ જાતાં; છુટે છે દીલની હામ;
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૨)
સુંદર તારાં ઝરણાં! ને ડુંગર સુંદર ખીણો તમામ,
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૩)
સુંદર નારી લટકે શી ન્યારી! ઘોડી કેશરી જાત ઉદામ;
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૪)
દીવ્ય ભુમી શ્રી સોમનાથની શ્રી કૃષ્ણ પૂનીત આ ધામ,
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૫)
પંચ રત્નો શુભ સૌરાષ્ટ્ર કેરાં ખ્યાંતિ ગઇ ઠામો ઠામ;
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૬)
ગુર્જર ભાષા ઉદ્ધિસ કરવા ફારબસે ધાર્યું હયાં કામ,
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૭)
હાથો તેને ત્યાં મળ્યો શુભ કેવો! કવિ પૂજ્ય દલપતરામ!
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૮)
નાટય કળા ગુર્જર ગીરાની, મકટીને પામી સુનામ,
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૯)
સંગીત નાટયની રસીક ભૂમિ તું, સુકીર્તિને પામો દમામ!
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૧૦)
વૈદીક જ્ઞાન સ્વદેશી તણું હયાં, જંહુ ભટ્ટાદી ગામોગામ,
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૧૧)
ધર્મ ડંકો શ્રી દયાનંદે ગજાવ્યો, જગાડયો હિંદ સકામ;
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૧૨)
આર્ય પ્રતિજ્ઞા—શ્રી—આર્ય પ્રતિધ્ઞા, ધ્વજા ધારી ગાંધી આમ,
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૧૩)
ગુર્જર દેશનું સ્કાટલાન્ડ તું, આણ હવા પરાક્રમ ધામ;
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૧૪)
પિતાથી પૂત્રને ઉજવળ શ્રેણી, પ્રસારો મબૂ નિષ્કામ,
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૧૫)
દીન દીન દીવો, જુગ જુગ ઝળકો, સુખ કીર્તિ વધો, રાખો મામ;
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૧૬)
કેસરી ચહે કેસરી વત જાશુક ઉચ્ચતા દે ધન શ્યામ!
છેલ્લી હવે સૌરાષ્ટ્ર લેજે સલામ—(૧૭)

Musings in Solitude.



(By:—A. Recluse.)

Truth exists no more in the world. Everywhere falshbood and untruth holdeth their sway in the realm of mankind.

All the evils that torment the generations of mankind simply grow from the dominant control held by injustice and untruth in this changeful world. Wickedness triumphs. Truth falls. Untruth and injustice, wickedness and evil have glory in this mortal world.

Shame conquers. Pride wins. And impiety hath its festive day in this land of ingloriousness. Superstition thorn-scattering stalks on uncontrolled.

Hope is no more nor wisdom the friend of man. Life hath become false and death a terror for him.

Though truth and justice are the pivots on which moves the whole universe yet man doth pervert these wherefrom all the evils arise that we endure.

The sense of inward beauty is lost to man and love divine affects him not. Human love hath been but a pecuniary traffic; and money hath been the greatest factor in all the transactions of life. His evil heart and mind drop down shamefully to the allurments of god mammon.

His submissive thought bends down low at the call of desire.

His reason is marred; the rule of reason is lost to him. Anarchy pervades in his mind wherefrom emanate all the evils that are. The past and present are witness to it. Oh Lord! Let not the future be the same.

Great is Thy glory! Thou art the universal forgiver. We have with our own hands made a wreckage of Thy kingdom. Oh Lord! Forgive us. Let Thy kingdom come. We await Thy sovereignty. Peace and happiness spread on earth! Remove the misery that is rampant on the land and let Thy bliss divine spread its sanctity on earth.

We are but mere shadows on earth. The world is but a huge shadow a creation of our own sense—the shadow of a nightmare phantom-life that passes away Death to the inevitable end of all.

Ruin is constantly at our door. Its irrevocable current moves onward.

We advance onward and onward to the grim land-mark of death that is the final of our life, world, happiness all the while journeying on the path of life.

Our existence is but a drop in the vast ocean of life; and in this living splendour of the mighty universe we are but mutable clouds that shape their varied being, stay awhile, darken a portion of the sphere of time and then sweep down into the concave of nothingness.

Oh Lord! deliver us from all allurements of this illusive world. Nought is the be-all and the end-all of our existence.

Thoughts of the existence to come touch us not. We are groping in the ignorance of the seeming by some vain hopes and make ourselves miserable by cruel fears.

It is not the food thou eatest, Oh man; it is not the drink thou drinkest; it is not the vanity thou indulgest in that will be of use to thee in the end. But it is the good thoughts, good words, good actions, that will come to thy aid when fallest in the jaws of thy inveterate, for that is lying half-way of eternity.

Man that is born of woman is of few days, and full of trouble.

He cometh forth like a flower and is cut down! He fleeth away as a shadow, endureth not, nor doth he ever return.

As the waters fail from the sea and the flow decayeth up, so doth life fall short of him and he riseth not.

Man! thy breath shall slip away once and the world shall then be covered with darkness round about thee; and thow shalt be nowhere while in a vertigo of finality.

Pray! Be pious. Do good to all. Wish good for all. Buddha commandeth thee to do so, Christ, Mohmmed and Zarthushtra, acted thus,

Thou art thine own healer, thine own prophet, thine own redeemer.

Have the lofty in heart, in mind and in soul; that shalt thou be. Then by the joint force of all spread please on earth and place thou shalt aquire on heaven. Breed truth of intellect in the mind.

Be happy! Be eternal! Be sure in spirit. Be virtuous in thy actions and godly in thy behaviour.

Lord! Lord! Teach us to create in the shrine of our heart, thy adamantine image of beauty and fall in self-sacrifice at thy feet.

Worship is made a ritual ceremony a practice for the satisfaction of the perceptive sense and not for the making of spiritual holiness out of a pure idea of love to Thee and love to Thy creatures.

The lower concept prevails the construction of social fabric.

The lofty sense of duty is but a dead matter crumblingly lying in the greedy heart of man. It hath its aim the bosom of god, but in the body of man its idea is limited in the conserved circle of material gains. Thus man

makes nobler thoughts passion's dreams corruped by the low sense of money.

Wicked mortal! All the divineness of the world and of self thou hast lowered to brute-platitudes Know! Thou sufferer of all these impions acts! Who is punished by the stern hand of evil for all this subversion?

Good God! Deliver us from evil and lead us on the path of faith, of truth, wisdom and purity.

These are the yogas whereby we can enter the door of hope and into thy majestic Kingdom.

Renunciation as the sternest factory in the salvation of man. Buddha ordains it as a religious command Christ was an embodiment of it. Mohmmad renounced the world for forty years. And all these were the best, and the perfectest of mankind.

Renunciation meaneth not total abdication of world and all its connections. That is hypocrisy; it is inactivity. The sacred Gita forbiddeth it. It is a deeper appeal of Divine love that unites man more with the world in his capacity as its ruler and master.

It is invisible active force to steer the world into the righteousness and eternity. It is giving the soul and life through a lofty aim of self-sacrifice to the service of mankind. It is being servant in truth and master in reality of the world.

This total renunication will lead man to the higher glories of the spirit.

These latter will uplift its love towards the hope of Heaven.

This latter in its place will unite in perfect harmony the god in man with the man in him.

Union of God with man is effected and salvation is wrought in its entirety.

MAXIMS.

Taking a pill does not solve the diet question.
Don't let your palate get your stomach into trouble.
What we eat to-day is working and thinking to-morrow.
Good food does not mean fancy food. Fancy food is generally poor food.
Body work is indispensable to first-class brain work.
Get the fresh air habit, and the exercise habit.
Give the pores of your skin a chance to keep you well.

The Herald of the Golden Age.

Alchemy, Old and New.



By Prof. Darab D. Kanga M.A., F.C.S.

The two main problems which the twentieth century chemists have before them are:—

(1) The transmutation of one element into another and (2) The getting under control of the intra-atomic energy which when compared to the energy which we get by the burning of coal or wood or by the most powerful chemical action known is by far the greatest. The energy which we get by the breaking up of an atom is of a different class altogether; we cannot compare the two kinds of energy, the one obtained by the action of one system of atoms upon another and the other obtained by the disintegrating of the atom.

The heat evolved by the explosion of Hydrogen and Oxygen gases when they are taken in the proportion required to form water is about two calories while the heat given out by Radium emanation is over 3,500,000 times greater than that let loose by the most powerful chemical reaction known.

At present this heat is being given out by Radium before our very eyes. The disintegration of the Radium atom is taking place every moment and every fraction of a moment; it is not *under our control; we cannot check it*—it is an inevitable property of Radium and any other heavy element like Radium *e. g.* Uranium, Polonium and Actinium which are all radio-active and we know as a matter of fact that all matter is radio-active more or less. This is a tremendous power which the future man of science will get under his control; it is stated that the very breath of air which he draws will contain power enough to drive all the workshops of the world and when that energy, the intra-atomic energy is tapped and brought under control it will be comparatively so very great to the one which we are using at present that future scientists will simply look with horror and amusement at the burning of coal and wood.

I have touched upon this point simply because these two problems are so very closely related to each other; the transmutation of Radium into Helium and the spontaneous development of a large amount of heat in this transmutation.

If we look at the alchemists of old we find that their energies were directed to the finding out of the Philosopher's stone; though they were not able to find out that yet they, by

the experiments which they carried on, may be said to be the persons who laid the foundation of chemistry and so in a way they may be said to be the true chemists; and the chemists of the present day may be said to be the alchemists in a way because we know that they have saved many a chemical industry from a premature death, decay and ruin simply because of the help which they were able to give on account of their sound knowledge in chemistry in converting the waste products and the bye-products into useful and valuable substances. This may be said to be nothing else but simply an alchemical transmutation of useless substances into useful ones by the magic touch of chemical knowledge.

We can recount a number of such instances of the ulilization of waste products and bye-products in chemical industries. *e. g.* the utilization of:—

(1) Hydrochloric acid obtained as a bye-product in the manufacture of Soda in the Leblanc process;

(2) Alkali waste in the same industry;

(3) Glycerine in Soap industries;

(4) Sodium Sulphate in Aerated Water Factories;

(5) Carbornic acid gas from Lime Kilns, and many others.

Morning.

(By:—Adonais.)

The lark enjoys the deepen'd gold
Of the disclosed Heaven's morn,
And doth her heart of rapture hold
Like noon its own sweet rose-dream's thorn;
Oh! She is a living joy of air,
Yet, she to me is a song of care.
The orb of Heaven's radiancy
Sends fleetest fancies in the heart
Of Beauty's worls with minstrelsy
That is but its own innate part;
Yet gloomy love makes it to me
Grief's mortal cloud of mystery.
Oh! Let me for a lonely nook
A place of darkest solitude,
This world abandon joy-forsook
To meet my death in sorrow's wood!
This world is dim, fragile to me,
Bye!-Chant me to death's ecstacy.

Solitude.

(By:—A Recluse.)

Oh Solitude divine! Thy blessed plumes
Spread over me, and seating me upon
Thy cloudy wings, to man unhaunted lawn,
Or, distant climes' most loney glooms,
Bear me to light where all be quietude,
And silence undisturbed, a tranquil home
Where pensiveness and thought soft ebbing come
To meet the resident of solitude;
Or where alone upon the thickest groves
Impearled with dew at morn the Sun-light breaks
In column'd spires, the woodbine chirping pecks
At flushing corn or Philomela loves
To sing her melody responded by
The moon-lit caves where stars oft glimmering die.

પ્રભાતનું પંચાંગ.

નવેમ્બર ૧૯૧૪.

રવિ.	ચૌદશ. ૧ રાંમ.	૭૮. ૮ જમીઆદ.	તેરસ. ૧૫ અસપંદારમદ.	પાંચમ. ૨૨ મોહોર.	બારસ. ૨૯ ફરવરદીન.
સોમ.	પુનેમ. દેવ ૨ દીવાળી ગોઆદ.	સાતમ. ૯ મારેસપંદ.	ચૌદસ. ૧૬ ઔરદાદ.	છઠ. ૨૩ તીર.	તેરસ. ૩૦ બેહદંમ.
મંગળ.	એકમ. ૩ દેપદીન.	આઠમ. ૧૦ અનેરાંત.	અમાસ. ૧૭ અમરદાદ.	સાતમ. ૨૪ ગોશ.	હિંદુ માસ: કારતક, માગશર. પારસી માસ: ૨ જો, ૩ જો.
બુધ	બીજ. ૪ દીન.	નોમ. ૧૧ હોરમજદ.	એકમ. ૧૮ દેપાદર.	આઠમ. ૨૫ દપમેહેર.	
ગુરૂ.	ત્રીજ. ૫ અરશીસંગ.	દશમ. ૧૨ બહમન.	બીજ. ૧૯ આદર	નોમ. ૨૬ મેહેર.	આ મહિનામાં પુરા લેખ; ,, પીરઝ ,,
શુક્ર.	ચોથ. ૬ આસતાદ.	અગ્યારસ. ૧૩ અરદીબહેસ્ત.	ત્રીજ. ૨૦ આબાં.	દશમ. ૨૭ સરોશ.	
શનિ.	પાંચમ. ૭ આસમાંન.	બારસ. ૧૪ શહરેવર.	ચોથ. ૨૧ ઔરશેદ.	અગ્યારસ. ૨૮	



પુસ્તકઃ ૨ જું. ડીસેમ્બર ૧૯૧૪. અંકઃ ૪ થો.

સાંકળીયું.

વિષય.	પાનું.	વિષય.	પાનું.
છે તકસીર કોયની (કવિતા) ...	૧૭૭	દીવાને રાયદા (કવિતા)... ...	૧૯૬
રોહાગીના આશિર્વાદ (કવિતા) ...	૧૭૮	અંતે ધર્મોજય (એક દુંકી વાર્તા)	૨૦૦
પ્રભાતનેા પ્રકાશ	૧૮૦	બાલુબાનેા બાગ.	૨૦૨
વાંચકેાને ખુશ ખબર	૧૮૧	બાળકેાને અરજું...	૨૦૪
દુરબીનમાંથી બહાર	૧૮૨	રમુજ સંગ્રહ	૨૦૫
વિદિશેા ભતેા (કવિતા) ...	૧૮૪	સુખ દુઃખ	૨૦૭
સજ્જનની મેાતેબરી	૧૮૫	જોરી કળ (એક દુંકી વાર્તા) ...	૨૧૦
જ્ઞાનની દુનીયા	૧૮૮	સજ્જનના આશિષ (કવિતા) ...	૨૧૭
રબ્બે બજત	૧૯૦	Knock at the Gate ...	219
સજ્જનની સુંદરી (ચાલુ વાર્તા.)	૧૯૨	Harmful Habits	222
ધી એા. ડૉ. રાસબિહારી બેાસ ...	૧૯૮	પ્રભાતનું પંચાંગ...	૨૨૬

વાર્ષિક લવાજમ રૂ. ૩॥ પેાસ્ટેજ સાથે હિંદુસ્તાનમાં—રૂ. ૪॥ હિંદુસ્તાન બહાર.

એન. બરજોરની કુા૦

માલેકેા "પ્રભાત," કાન્તા બીલ્ડીંગ, કાકબાદેવી રેાડ, મુંબઇ નં. ૨.

હવે તે દહાડા ગયા !!

એકાદ ટુંક ભણેલા મહેતાજીના હાથના

લખાયલાં

કાગળો ઉકેલવાની તેમજ લખવામાં થતી

ઢીલની હાડમારીથી કયો વેપારી અજાણ્યો છે?

એક ટાઇપરાઇટરની ઝડપ અને સફાઇની

કોણુને ખબર નથી ?

જાણીતી રેમીંગ્ટન ટાઇપરાઇટર કંપનીએ એક તદન સંપૂર્ણ

ગુજરાતી ટાઇપરાઇટર બહાર પાડયું છે.

આ મશીન સરકારી ખાતામાં વાપરવાને સરકારે

પસંદ કર્યું છે.

રેમીંગટન ગુજરાતી ટાઇપરાઈટર.

દરેક મોટી ઓફીસ અને વેપારીને આ મશીન એક આશીરવાદ સમાન છે.

આજેજ એક કાર્ડ લખો, અમે તમારી ખાત્રી કરી આપીશું.

રેમીંગટન ટાઇપરાઇટર કંપની, લીમીટેડ,

૭૫ હોરનબી રોડ, ફોર્ટ,

મુંબઇ.

પ્ર ભા ત.

પુસ્તક: ૨ જું. ડીસેમ્બર ૧૯૨૪. અંક: ૪ થો.

અજ્ઞાને રાત, જ્ઞાને પ્રભાત,
નિરદોષ નવિન એ કરશે બે વાત;
સુર્ય ઉદય ને લાવી સંગાત,
ઝરશી સરખી દેશે જાત પરજાત.

અજ્ઞાન નિપાધિત કંઇક પડ્યાં,
શુભ જ્ઞાન વીના ન એ ઉંચે ચડ્યાં;
ચડવું પડવું સૌ જ્ઞાન થકી,
શુભ જ્ઞાન ભરે છે પ્રભાત નકી.

The Spirit of Truth shall guide us unto all Truth.

"છે તકસીર કોણની?"

ગજલ.

જે લુટાયો રંગ ગુલનો કહો છે તકસીર કોણની ?
જે કરસમાં આયું બુલબુલ, કહો છે જંજીર કોણની ?
જે લુટાયો રંગ ગુલનો—૧

જે ઝરૂખે બેઠી દિલબર લઇ સિતાર એક હાથમાં,
દિલ થયું ઘાયલ બિચારૂં, કહો કમાં તિર કોણની ?
જે લુટાયો રંગ ગુલનો—૨

શરાપર સદકે થઇ સરદાર ઘસ્યો જંગમાં,
સર થયું તનથી જુદું તો, કહો છે સમશીર કોણની ?
જે લુટાયો રંગ ગુલનો—૩

સર નમાવીને ઉભો નીમાજમાં તે પાકજદ,
લઇ કબ્જા ચાલી ઉઠાવી, છે કહો તાસિર કોણની ?
જે લુટાયો રંગ ગુલનો—૪

ચૈતને કબજે પડેલો કહેછ "ખુદા તું લે હવે"
દર્દ ન્હાસેછે દુર તેનું, કહો છે તકસીર કોણની ?
જે લુટાયો રંગ ગુલનો—૫

કાં રહેછ તકસીર સમશીર ? તીર કહાં જંજીર કહાં ?
એ બધું તકદીરથી, ના પુછ "છે તકસીર કોણની ?"

'રફીક'



શેહાદીના આશિર્વાદ.*

(ઈંગ્રેજી રાહ) "મરૂરે માયો બેહેનો મારી"

૨૨-૧૧-૧૪.

ખાસ રચનાર :—મહુમ કવિ દા. એ. તારાપોરવાળા.

ધન્ય ધન્ય છે દીવસ આજનો ખુશખુશાલી કાજ,
એક થાય છે શાદી-કોલે, કન્યા અને વર-રાજ;
થજે મુબારક આ જોડાંને, દીન આજનો નેક,
સંપ સુલેહથી સદા વસીને, જોજે સુખ હરેક.

(કોરસ.)

ખુશ બીરી સમાજ, આજ નેક કાજ,
† ખુરશેદ સે ગુલબાનુનાં, શુભ લગન છે આજ. (૧)

સદા પરસપર પ્રિતી રાખી, સુખ જોજે સંસાર,
અનજુમન કુલ લેગી આજે, ઇચ્છે તમને પ્યાર;
ભલાં બાળનાં માત પીતા થઇ, જોજે ભવનું સુખ,
કરણી એવી કરજે કે, નિત હસતુ રેહે તમ સુખ.

(કોરસ.) (૨)

* આ આશિર્વાદ છોકરા અથવા છોકરી કોઇની તરફનાં સાથે જોગાં મલીને અથવા જુદાં જાઇ શકે.

† આ જગ્યાએ પરણતાં વર કન્યાનું નામ લેવું.

શું સુખમાં કે દુઃખમાં તમ સંપે રહેજો સાથ,
સંપીલાં જોડાં પર છે નિત, તે પરવરનો હાથ;
સંપીલી જોડાંની કુખથી, પામો જગ આરામ,
પાક ગુરૂને પગલે ચાલી, કરજો નેક કામ.

(દોરસ.) (૩)

તન મનથી નિત તમે આપજો, માત પિતાને માન,
ફરજ તમારી સમજી પાળો, પ્યાર ધરી ફરમાન;
પાક દોલથી એક થાય છે, આજે જોડું એક,
અનહદમન આશીશ દે છે, તે આમીન થાઓ દરેક.

(દોરસ.) (૪)

સદા તમારી વધતી હોજો, સફળ થજો સંસાર,
ઝરી ખુણીથી ખેંચો તમનાં, બેશ કુટુંબનો પ્યાર.
થજો દુઃખીની દાદ લઇને, પરદુઃખ ભંજન હાર,
કિરતીનાં કીરણ દિપાવી, કરજો શુભ નિતકાર.

(દોરસ.) (૫)

દેખશરૂ સમ કિરતિવંતાં, રૂશતમ સમ બળવાન,
સામ સમાનાં ખુબસુરત થઇ, લેજો જગનું માન;
જાલ સમાની જીંદગી જોજો, શાવક સમ થઇ પાક,
લોભ ક્રોધના વિચાર દિલથી, કાઢો કુલ નાપાક.

(દોરસ.) (૬)

નેક મનશની નેક ગવશની ને કુનશની નેક,
એજ તમારો સદા જાળજો, દયા ધરમનો ટેક;
દિવસ આજનો નિશદીન, ગણજો દિલમાં તમનાં મહાન,
આમીન આશિર્વાદ તમારો, સફળ થજો "દિલ્શન"

(દોહરા.) (૭)

ધન્ય લગ્નની શુભ ઘડી, ધન્ય દિવસને વાર,
સુખ્યાં દંપતી થઇ નમે, સફળ કરો સંસાર.

પ્રભાતનો પ્રકાશ.

જીંદગીની મ્હાન મુસાફરીએ નીકળેલો માનવી પોતાની ચતુર અને ચોકસ ચક્ષુઓ કુદરતની રળીઆમણમાં આસપાસ ફેંકતાં જે તરેહવાર કોયમતના બનાવો બનતા જુવે છે તેમાં શું સુખના કે દુઃખના, આબાદીના, બરબાદીના તરેહવાર બનાવો માનવીના મનને બેચેન કરે છે પણ તે સઘળાંની વચ્ચે કોઇ એકાંત કલાકે કોઇ શાન્ત ઘડીયે ઇનિશાન જ્યારે કુદરતના ગેબી અને ઇલ્હામવાળા કારોબાર ઉપર લક્ષ લગાડે છે ત્યારે તેમાં તેને ખુદાની ખુબી અને ખુબસુરતીજ જગે જગ માલમ પડી આવે છે. પોતાની બદલાતી ઉમરની બદલાતી ઉમેદો સાથે જીંદગીમાં તે આગળ અને આગળ વધે છે. તનમાં કે મનમાં, અંતઃકરણમાં કે આત્મામાં તે વૃદ્ધીમાન થતો જાય છે. જ્ઞાનમાં કે માનમાં વિચારમાં કે આચારમાં પોતાના અને આસપાસવાળાઓ વચ્ચે તે અજબ પ્રકારનો ફેરફાર અને ઉન્નતી નીહાળતો આવે છે, પોતાની ગમે એવી મુશ્કેલીઓ કે મુંઝવણો આફતો અને ચિંતાઓ વચ્ચે તે એકજ ચીજથી માહીતગાર હર હમેશ રહે છે કે ખુદાતાલાની અપાર શક્તિ નહિ વર્ણવી શકાય, નહિ કલ્પી શકાય એવા મ્હાન વીસ્તારમાં વ્યાપી રહી છે. અને શું માનવીની પેદાયશ કે શું ગેબસંપદી પેદાયશ શું ઓર વર આકાશ તે આતશ પવન પાણી કે મતી, આફતાબ કે માહતાબ સૌ નીયમીત ગતીમાં ચાલી રહ્યું છે તે દાદલ્હરીદ્વાર દાદલ્હ પેદાકરે છે.

એ સઘળાંની વચ્ચે માનવીની જીંદગી ત્યારેજ કૃતેહમંદ થાય જ્યારે તે પુરતી દિન દાનાઇમાં સમજતો થાય કે ઇશ્વર એક છે ને કુદરતથી એક છે. પણ પેદાયશ અનેકમાં તે ઇશ્વરી શક્તી આમેજ છે અને માનવી પોતાની મ્હાન શક્તિના પ્રમાણમાં જેટલા અંશે ઇશ્વરી પ્રકાશો પોતાના તનને ખેંચતો જશે, તેટલા પ્રમાણમાં તેનો આત્મા ખીલતો તે પ્રકાશતો માલમ પડશે. સત્ય ક્યાં છે અને અસત્ય ક્યાં છે તે જ્યાં લગી તે જોતાં ને સમજતાં શીખશે નહિ ત્યાં લગી માનવીને મનથી ખુદા કે કુદરતને કારોબાર મીથ્યા ને વગર અર્થનો લાગશે, પણ નાશવંત ચીજોની પાછલ અમર શું છે અને વખતોના વેહ્વાથી આકારોના ફેરફારો વચ્ચે એકજ અખંડ ઇશ્વરી શક્તિ કેમ કાર્ય કરી રહી છે ને રહેશે તેનું મનન કરવાથીજ માનવીના તનમનની મોતેબરી છે. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે માનવી લોભ લાલચ ને લલીતામાં લીન થઇ ચલકતી ચાપ ચાહના ક્ષણભંગુર આકારો તરફ ખેંચાતો જાય છે; ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તે નાસીપાસી ને નીરાશીનોજ ધણી થઈ પડે છે. પણ જ્યાં જ્યાં ને જ્યારે જ્યારે તે પોતાની હસ્તી ખુદા તરફ કે ખુદાઇ શક્તિઓ તરફ લગાડે છે ને દરેક નાશવંત પલ કે આકાર પાછલ તે ગેબી કારતારનીજ કરામત તે જુવે છે ત્યાં ત્યાં ને ત્યારે ત્યારે તે જીંદગીમાં ખરી રીતેજ જીવવેલો કેહવાય છે. માણસની જીંદગીપર રોશની નાખનાર વિદ્યા એલમ કે જ્ઞાન શીવાય બીજું કંઇજ નથી અને જેટલો જેટલા પ્રમાણમાં તે જ્ઞાન-ખરી હકીકતમાં ઇશ્વરીજ્ઞાન, ઇશ્વરી કાયદાઓનું કંઇ ભાન આપણે સંપાદન કરતા જઇશું. દરેમે એલાહીના અભ્યાસ જેમ જેમ આપણે ગ્રહણ કરતા જઇશું તેમ તેમ ખુદાની નજદીક આપણે વધુ અને વધુ જતાં કહેવાઇશું અને પરીણામમાં આપણી જીંદગી વધારે ખુશાલ, વધારે સુખી, વધારે સાદમાન ને એકમતાથી ભરપુર માલમ પડશે. કુદરતના મુકરર કરીલેલા સર્વ કાયદાઓને આધીન થઇ, તાબે થઇ જીંદગીની ગતીમાં આપણે ગળતાં જઇશું, કરણીનો મહાન કાયદો કેમ કાર્ય કરે છે તે આપણે સમજતાં થઇશું, એક જીવ બીજા જીવના ઉપરમાં કેમ બેંચાયેલો રહે છે, તે સઘળું જ્યારે આપણે જાણતા થઇશું ત્યારે આપણી જીંદગી ખુશાલીમાં ખરેખર ખીલી રહેશે. સુખ! સુખ જે આપણે આટલોવાર શોધ્યાં કરતાં હતાં તે સુખ ઇશ્વરનો અમર આનંદ આપણી આગળ આપણા હ્રુદયમાં ઉભરી રહેશે અને ખુદાઇ જ્ઞાનમાં ઇશ્વરી ગાયનનાજ રાગો આપણને સંભળાશે. જે મ્યુઝીક ના સુંદર સરોદ માટે અહિં તલપગાર છપ્પરે તે સુંદર શાન્ત આકાશી નાદ આપણે ક્યારે સાંભળીશું? જ્યારે દર પ્રભાતના પ્રકાશ વચ્ચે આપણા વિચારથી, વચનથી કે વર્તનથી કોઇપણ પારકાનું કંઇપણ રીતે લુંટ કરવાની ભલી ઉમેદમાં દરોજની આપણી કમી ને જીંદગી મુજરીશું ત્યારેજ તે સુંદર શાન્ત આકાશી નાદ સાંભળવાને આપણે સામર્થ્યવાન થઇશું.

અમારાં વાંચનારાંઓને ખુશ ખબર !

અમારી આજ સુધીની સેવાની અમારાં મેહેરબાન વાંચકો અને ગ્રાહકો વાંચકો અત્યાર સુધી જે ઉદારદીલાસી કરતાં રહ્યાં છે તેથી ઉત્તેજન પામી અમોએ આ માસિકની રંગોમાં આવતા જનેવારી માસથી નવું જોડી આમેજ કરવાનો ઠેરાવ કર્યો છે. અમે અમારા આટલા ટુંક અનુભવમાં જોઇ લીધું છે કે વાંચક વર્ગ બેકદર નથીજ. ફકત તેઓ પોતાને માટે બહુજ તંદરસ્ત અને રસીલું વાંચણ માંગે છે અને તેઓની તે જરૂરને પુગી વળવાની એક ફરજ માત્ર સમજી આ માસિકને તેના હજી બીજા વધારા સુધારાના દેખાવ સાથે રજુ કરતા રહેવાનું અમને—અમે ઉપર કહેલું તેમ અમારાં વાંચનારાંઓ તરફથી અમને મળતાં ઉત્તેજણથી-ઉમેદ આવી છે.

બાઇ જરબાનું ઢોકાવાલા વાંચક વર્ગને પુરતી રીતે જણીતાં છે અને તેમની કલમથી લખાયલી એક ચાલુ વારતા માસ જનેવારીના અમારા અંકથી આપની કરવાનું અમે જાહેર કરી ચુકયા છીયે, અને આજે અમારાં એ વાંચનારાંઓને બીજી જે ખુશ ખબર આપવાને અમે શકિતવાન થયા છીયે તે એ કે જણીતા વારતા લખનાર **શ્રી. 'રશ્મિ'** ની રસીલી કલમથી લખાયલી—

"સરજતની સાંકળ"

યાને

"ભૌત અને મારી"

નામની એક પારસકુલ પારસી સંસારી સીરીયલ જનેવારીના અંકથી ચાલુ વારતા તરીકે દેખાવ દેતી રહેશે, તેમજ બેજ લખનારની કલમથી અકેક સંપુર્ણ ટુંક વારતા દર અંકમાં આપતા રહેવાનો અમે મોંઘે દામે હક મેળવ્યો છે. **શ્રી. રશ્મિ**નું નામ એક આહોશ વારતા લખનાર તરીકે જણીતું છે અને અમને તમામ ખાતરી છે કે અમારાં ચોપાન્યાં પ્રત્યેની તેમની એ દીલમોજી ભરી સેવા એક બમુકત રૂપેહજ પુરાવાર થશે.

ત્યારે જનુઆરી ૧૯૧૫ ના અંકથી જણીતી કલમોથી લખાયલી બે ચાલુ વારતાઓ ઉપરાંત બે ટુંકી વારતાઓ જાણીતા રમુજી કવિતાઓ લખનાર "રસ્તમ રરરડુબ્બર" ની કલમથી લખાયલી રમુજી કવિતા મરહુમ કરી દા. બે. તારાપોરવાલાના સંગ્રહમાંથી ચુંટી કાઢેલું વગર છપાયલું કાવ્ય અને કવી ભવાની શંકરની મોહક કવિતાઓનો સ્વાદ તેમાં અપાતો રહેશે ટુંકમાં જેટલું આપો તેટલું પાંચન કરનાર વાચક વર્ગનુંપી પેટ તૃપ્ત થાય તેટલું રસીલું અને તંદરસ્ત વાંચન પુરું પાડવાની દરેક કાળજી કરવામાં આવશે, અને જેમ આગળ તેમ હમણાં લડાઇના મોંઘા દામમાંથી અમારૂં આ માસિક તેની અસલ કીંમતેજ દર મહીને "૧૦×૮" ની ફ્રાઉન સાઇઝનાં ખીચો ખીચ ભરેલાં ૫૦ પાનાંઓ સાથે પ્રગટ થતું રહેશે જે પચાસ પાનાંમાં બીજાં સાધારણ સાઇઝનાં માસિકોનાં લગભગ ૬૦ પાનાં જેટલું લખાણ તેમાં દેખાવ દેતું રહેશે. અમારૂં વર્ષ સપ્ટેમ્બર મહીનાથી શરૂ થાય છે અને તેનું વાર્ષીક લવાજમ પોસ્ટેજ ખર્ચ સાથે રૂ. ૩-૮-૦ છે, પણ જે કોઇ **'રશ્મિ'**ની નવી ચાલુ વારતાનો લાભ લેવા ઇચ્છશે તેઓ જનેવારીથી આગષ્ટ સુધી રૂ. ૨-૮-૦ નું લવાજમ ધરાક તરીકે પોતાનું નામ આમેજ કરાવી શકશે. તા. ૩૧ મી ડીસેમ્બર ૧૯૧૪ સુધીમાં નામ નોંધાવનારને આ સાથે બીડેલાં હેન્ડબીલમાં સમજાવેલા લાભો તેઓને મળી શકશે, જેને લગતી વધુ ખબર મેળવવાને અમો હેન્ડબીલનો હવાલો અમારાં વાંચનારાંઓને સોંપવાની રજા લઇએ છીયે.

માલેકો,


'પ્રભાત'

દુરબીનમાંથી બહાર
અને
દર્શને દુનિયા.



નામદાર પ્રીન્સ ઓફ વેલ્સ.

યુરોપમાં ચાલી રહેલી ખુનખાર લડાઇનું સુકાન કઈ બાજુ છે તે કહું પણ ચોકસપણે કહી શકાતું નથી, પણ આટલું તો ચોકસજ છે કે લડાઇની ખરાબીઓ સાથે લડાઇ ખલાસ થવે પ્રજાની કેટલીક ચોકસ છુપાઇ રહેલી ખુબીઓ પણ ખીલી રહેલી માલમ પડે છે. બ્રીટીશ શહેનશાહતનું બળ અને ખમીર તેના સુંદર સ્પેહસાલારોમાં સમાયલું છે જે લડાઇના વખતેજ પ્રકાશવંત થાય છે, પણ જ્યારે તે શુરવીર સ્પેહસાલારોની સાથે સાથે રાજકર્તા કુટુંબનો વારેસ બેટો નામવર પ્રીન્સ ઓફ વેલ્સ પોતાના કુમળા જીવની જરાખી દહેરત કર્યા વગર રણસંગ્રામમાં ઝપલાવે એ એટલું એને પોતાને માન ભેર્યું છે તેટલુંજ તેની પ્રજાને માટે ખરેખર મગરૂર કરનારું છે. આપણા અતિશય પ્રિય શહેનશાહ અને શહેનશાહ બાનુનો આ નામાંકીત યુવરાજ પોતાની ફરજમાં કેમ પાછલ હઠે ! તે બનેજ કેમ ! પોતાના સોબતીઓની અંદર વખણાયલો, પોતાના વ્હાલાં સગાં-સ્નેહીઓમાં પળોટાયલો, પોતાના પિતાશ્રી રાજા જ્યોર્જ તરફ સાચ્ચે સાચ્ચો વફાદાર એવો આ સપુત લડાઇના હીંગામમાં મુખે કેમ બેશે ? તે બનેજ કેમ ! લડાઇની શરૂઆતમાં રણભુમી ઉપર ઉતરવા તે સામર્થવાન હતો પણ તૈયાર ન હતો, તે ઇતેજાર હતો પણ ફીકરમંદ નહી હતો. શુરવીર સરદાર કીચનરે થોડાંક અઠવાડીયાંમાં એને તૈયાર કીધો અને સહુની નેક મુરાદો સાથે તે રંગ ભુમી ઉપર બીરાજ્યો. આખી શહેનશાહતની આંખ્યો પ્યારા પ્રિન્સ ઉપર લાગી રહી છે. એના એ કામને સહુકોઇ વધાવી લેછે. એવી ઉમેદ સાથે કે આ પ્યારો પનોતો પુત્ર પોતાની પ્રજા અને પીતાની સેવામાં હમેશાં પ્રકારીત થાય. કે જે પીતા પોતાના વ્હાલા લસકરની જાતી મુલાકાતે ફ્રાન્સમાં સીધાર્યા છે.



અર્લ રોબર્ટસ નું નામાંકીત મૃત્યુ.

બ્રીટીશ શહેનશાહતમાં અતિશય મોહું નામ કહાડનાર શુર વીર સપેહસાલાર અર્લ રોબર્ટસ મૃત્યુ પામ્યો છે. ઇંગલાંડ અને હિન્દને સાચ્ચા દનેહી ભાવથી એકત્ર કરવામાં અર્લ રોબર્ટસે કંઈ ઓછો ભાગ નથી આપ્યો. ધંરવી સને ૧૮૩૨ માં હિન્દ ભુમી ઉપર (કાનપોર) જન્મનાર અને પોતાની અજબ શકતીથી વીખ્યાતી પામનાર આ વીરલો બ્રીટીશોનો એક હીરો હતો. તેની બાહોશી, તેની લડાઇઓમાં ભાગ લેવાની કુનેહ વીગેરે માટે એટલુંતો બોલાયુ લખાયું છે કે વધુ કહેવાનું કશું બ્યે નથી. પોતાના દેશને વફાદાર, પોતાના રાજકર્તાને તાબેદાર, જાતી ભોગ આપી પોતાની કીર્તીમાં વધારો કરનાર હોડ રોબર્તસનું નામ અને કામ આજે ઘેર ઘેર ગવાય છે. બયાસી વરસની બુજરગ વયે એવું મરણ નીપજ્યુ છે પણ તે કેટલું નામાંકીત ? પોતાની જહેર જીંદગીથી કારેગ થઇ લોકોને એશ અને આરામ લેવાની આ ઉમરે પણ ઇગલાંડને તેના નામ પ્રમાણેજ લડાયક બળ બક્ષવામાં અને પ્રજાને એ બાબતમાં જાગૃત કરવામાં તેણે કશું બાકી ન રાખ્યુ. અને હાલની

સડાકના હાયકર હીંગાએ એક શાંત બેસવું એ નામશરને ગમતું નહી. પોતાના દેશની દાઝ તેને હકીકે ચહેડી. જે ફ્રીંદ ભુમી ઉપર તે જનમ્યો હતો! તેના માટે તેનો ચાહ કેટલો બુલંદ હોવો જોઇએ કે ફ્રાન્સની ભુમી ઉપર હિન્દુ લસકર કરી ઠામ થઇ પડવે તે બનાવાંઓથી ફ્રાન્સ ખાસ ગયો અને એક વાર જે હિન્દ લસકર ઉપર પોતે હાકેમી ભોગવેલી અને જે લસકરને એણે પ્યારૂં ગણેલુ તેજ હિન્દી લસકરના વફાદાર શુરવીરોની મુલાકાત તેણે આહી, તેઓની વચ્ચે ફરી એક વાર તે ગયો, લડાઇ સંબંધી તેઓ સર્વને તેણે જોઇતી સલાહ આપી, અને ઉધમાંને ઉધમાં તા, ૧૫ મી નવેમબરને દીને પોતાનો જન્ત તે ગેબી ફકરાતરે ને સ્વાધીન કીધો. ઇંગ્રેજી કેહવત પ્રમાણે he died in harness. તેના રહને શાન્તી હોજો.



શ્રી કેળવણી આગલ વધવા

સુવાવડખાના અને પારસી નર્સીસ

સાથે જરથોસ્તી કોમના આચાર વિચારો અને રાહ રીતીઓમાં ઘણો ઘણો સુધારો અને ફેરફાર થઇ ગયો છે. આગલી મુકસાનકારક રસમો અને બેમતલબી વેહમોની જગાયે સફાઇ સુથરતાઇની તેમજ વહેવાર રીતીઓની ચાલ દાખલ થઇ છે તે બધીજ ખુશી થવા જેવ બાબદ છે. એક વેળા એવો હતો કે સુવાવડી પારસી બાતુઓ અંધારી ઓરડીમાં નવા બાળકનો જન્મ આપતી અને સુવાવડખાનાનુ નામ વટીક ન લેતી કે ન જાણતી. આજે તે જમાનોજ બદલાઇ ગયો છે, અને શહેરના જુદા જુદા ભાગોમા હમેસહાર સ્ત્રીઓની સુખ સવરડના સુવાવડખાનાઓ ઉઘડી ચુકયાં છે. વળી બીજી બાજુ હમેસહાર સ્ત્રીઓ ઉપરાંત બીજી દરદીઓપણ હોસપીતલોમાં જવા શીખ્યા છે અને તેઓની સાહરવાર કરવાનો ડૉકટરો અને નર્સો મદદગાર થઇ પડે છે. આપણી જરથોસ્તી બાતુઓ નર્સીંગના પવિત્ર ધંધામાં જે રોકાય અને એ દયાવંતાં પુન્યવંતાં કામમાં ગ્રેમ થાય તો કેવુ સારૂં? પરમાર્થી વૃત્તીના પ્રખ્યાત ડૉકટર હોરમસજી મારીના આ કામમાં આપણને મદદગાર થઇ પડે એમ છે. તેઓની જગ્યીતી હોસપીતલમાં પીક્ષાયતની તાલીમ લીધેલી ખાસ નર્સો આપાત થઇ છે અને તેઓની વડી મેત્રન મીસ ડીલીન-જેઓના કામની અમોએ ઘણી તારીફ સાંભળી છે. તેવી પારસી બાતુઓને નર્સીંગની તાલીમ આપવા, અપાવવાને બહુજ આતુર છે. ડૉ. મારીનાની ઓસપીતલનો "નર્સીંગ સ્તાફ" વેહાયતથી આવેલી આ ખાસ નર્સીંસથી વધારે મજબુત ને સુંદર થયો છે અને જે લાભ તેઓ આપવા માગેછે તે જુવાન પારસી બાતુઓ જો ઉપાડી લે તો જરથોસ્તી કોમની અંદર પારસી નર્સીસ જે હાલમાં છુટી છવાઇ છે તેનો ઘણો મન માનતો વધારો થાય. ખરી કેળવાયલી નર્સીંસ મેત્રને જરથોસ્તી સ્ત્રીઓનાજ શું પણ પારકી કોમની સ્ત્રીઓનીપણ સાહરવાર કરવાને તેઓ સામર્થવાન થાય અને એ રીતે કોમની અંદર સ્ત્રીઓનો એક નવો ઉપયોગી અને ઉપયોગી વર્ગ બરપા થાય.



પારસી સંખ્યાવતો અને તેના ઉપયોગો

પૃથ્વી ઉપર વસતી મનુષ્ય જાતમાં પારસી જરથોસ્તી કોમની સંખ્યા અને સખાવત સાથે સરખાવતાં મોટો દીલગુરદો ધરાવનારી અને કોઈ પણ જાતના અંતર વીનાની તદ્દન્યવાર ધર્મ બાતાઓમાં સખાવત કરનારી જરથોસ્તી કોમ કરતાં બીજી કોમથી કોમથી ચઢતી હોય એવું અમોને ભાષતું નથી. થોડા વખત ઉપર ગુજરનારા એડમંતનસીન શેઠ પીરોજશાહ કાકા પોતાની દોલતને પોતાની વાહાલી કોમને સપુરદ કરી ગયા છે, તેમના રહને શાન્તી હોજો. સખાવત કરનારા જરથોસ્તી સખીઓ તો સખાવત કરી જાય છે પણ તે કેવાં બાતાંઓમાં જરી જોવાયે યોગ્ય નથી. તેનો કેવો વહીવટ ગ્રેાપ્યોને શુધ્ધ થયો જોવાએ તેની કાંઇ જુસ્તેજાર્ડ કે તકેદારી રાખવું નથી એજ મોટા અફસોસની વાત છે. જરથોસ્તી શીરકાના નાવારેસ અને ગરીબ કુટુંબો માટે સસ્તા ભાડાની ચાલીઓ બધાય

છે, જ્યાં મુફલેસ ને તંગદસ્ત આબરૂદાર કુટુંબોને થોડા નજીવામાં ભાડામાં રાખવાની સગવડ સખાવત કરનારાઓએ ચાહી છે પણ આપણો અનુભવ આપણને કંઇ બીજુજ શીખવે છે. સરતાં ભાડાની ચેલીઓ ઉપર મોધાં મોધાં ફરનીચરો રાચ રચીલાંઓ વાપરનારાઓ અને ખરાં ગરીબોથી બે પૈસે વધુ સુખીઓ સુખ્મેથી ત્યાં રહે છે. તેઓએ જાતી ભોગ આપી ચોતા કરતા નબળી ને નપેતર હાલતનાઓને જગ્યા કરી આપવી જોઇયે. બીજી બાજુ પારસી જહેર સખાવતો વિદ્યા હુન્નર અને ઉદ્યોગના કામ અર્થે પણ પુર છુટથી વપરાવી જોઇયે, મરહુમ શેઠ નવરોજ મા. વાહડીયાજીના ત્રસ્ટીઓ જે બારીકાઇથી અને ઉદાર દીલથી વર્તી નાત જાતનો ફરક જોયા વીના દુરઅદેશ સખાવતો કરે છે તેનો દાખલો જહેર ધર્મ ખાતાના દરેક ત્રસ્ટીએ લેવો સનીવાર છે. મરહુમ શેઠ પીરોજશાહ કાકાના દુર અદેશ ત્રસ્ટી સાહેબોને કંઇ શીખવવા જવુ પડે એમ નથી માટે આપણે એટલુંજ કહીશું કે આ શુભ સખાવતનો રૂડો ઉપયોગજ થાય જેથી કોમની અંદર ઉદ્યોગ ખીલી, લાચારી દુર થાય, સુખ સગવડનાં મકાનોમાં ગરીબ કુટુંબોની વૃધ્ધી થાય અને પારસી કોમની અંદર ચપલ અને ચંચલ ઓલાદનુ વધવું થાય.

આસામની સરકારી સ્ત્રી શિક્ષકો.

આસામ પ્રાંતની સરકારી કન્યા શાળામાં શીક્ષણ આપતી સ્ત્રી શીક્ષકો માટે એક વિચીત્ર હોકમ આપેલો અમારા સાંભળવામાં આવ્યો છે. આસામની સ્કુલોની ઓરીસ્યેંટીયલ ઇનસપેકટ્રેસ નામે મીસ દાસ નો એવો હોકમ જાહેર થયો છે કે જ્યાંની નીશાળોમાં શીક્ષક આપતી સ્ત્રી ને પરણેલી હોય તો તેઓને પુરા પાડવામાં આવતાં સ્કુલને લગતા રેહવાના મકાનોમાં પોતાના પતીની સાથે રહી નહિ શકે, પણ વિચીત્રતા એ છે કે પોતાના ગમે એવા બીજા કોઇપણ સોબતીની સાથે ત્યાં વસી શકે. પોતાના પતીની સાથે તેણી રહી નહી શકે પણ ચાહે તો પોતા સાથે "ચાહ" પીવા તેને બોલાવી શકે. આવી જાતનો વિચીત્ર હોકમ જાહેર પાડવાની શી મતલબ હશે તે તો અમોને મુદલ સમજ પડતી નથી. જો એમજ હોય તો પછી ગરીબ બીચારી પરણેલી સ્ત્રીઓને શીક્ષકો તરીકે રાખવાની શી જરૂર? આવો બેહુદો ઠરાવ જો અમલમાં મુકાતો હોય તો તેમાં બન્ને શીખનાર અને શીખવનારનેજ ગેરલાભ છે. અમોને તો લાગે છે કે એવો ઠરાવ જાહેરમાં મુકવાને બદલે સમજાવીને લેવાને કંઇ ગેરસમ જુતીજ હશે. નામદાર સરકાર એવો ઠરાવ પસાર કરવા દે એ અમારી અભ્યર્થણી છે.

બ્રિટિશો જીતો!

રચનાર—શ્રી. અદરજ્યલી ડી. તુરાની.

બ્રિટિશો જીતો (૨)
તમ રાજ અમ કાજ અમ પર સદા તપો!—બ્રિટિશો.
જઈ જંગમાં ઘસો. (૨)
આ વર્ષમાં હર હર્ષથી વિજય વિજય વધો!—તમ રાજ.
શત્રુ સંહારીને! (૨)
વિજય વાવટો વળી વધુ ફરકાવીને!—તમ રાજ.
બ્રિટિશો જીતો (૨)
ઇંગ્રેજી તાજ તેજથી વધુ વધુ તપો!—તમ રાજ.

લગનની મોતેબરી.

લખનાર :—મી. મીનોચેહર માણેકજી માદન.

(પાને ૧૪૫ થી ચાલુ.)



દો

ષ પણ સમજુ શખ્સ માત્ર ખુબસુરતી ઉપરજ ફોભાઇ પરણવાનું પસંદ ન કરે. બદીકર તે તેનેથી એંચાઇ રહે એ અનવા જોગ છે પણ તેનું પરિણામ હમેશનો પરતાવો અને કજીયામાં આવે છે. પણ હું એમ લખી ખુબસુરતીની કિંમત ઘટાડી નાખતો નથી પણ એક ખુબસુરત ઓરતને તેણીની ચાલચલણ અને ખાસ્યત તપાસ્યા વગર પરણવું એ જીંદગીની મોટામાં મોટી ભુલ છે. કુદરતનો ગમે તેવો ખુસ્તુમાં દેખાવ હમેશ જોતાં નિર્જીવ અને બેશોખ થઇ પડે છે તેમ આજની ખુબસુરતી કાલે સાધારણ થઇ પડે છે; પણ જે તે સાથ ભલી ચાલચલણ અને ખાસ્યત સમાઇ હોય તો તે પતી બેહદ્દતનું સુખ ભોગવી શકે છે. ભલી ચાલચલણ સાથની ખુબસુરતી વખત જતે ખુસ્તુમાં થઇ પડે છે અને નાશ પામવાને બદલે ઓર ખીલે છે. એડીસન કહે છે, કે " જ્યારે હું એક મરદને દિલગીર લેહેજું કે તેની પરણેતર ઉપર બને આફરીન છુટે છે અને જ્યારે મારા જોવામાં એક દરતો ચેહરો આવે છે કે હું તેના ઘરના સુખ અને પરણેતરનો ખ્યાલ કરું છું."

એક બાપની બેટાને નસીહત.

હમોએ ઉપર કવિ અર્નના વિચારો ટાંકી બતાવ્યા છે હવે હમોને કોઇ બરસે જેવા રાજદ્વારી અને સંસારી અનુભવી નરે પોતાના છોકરાને આપેલી નસીહત ઉમેરવા દો. " ખુદાની મહેરબાનીથી જ્યારે તું પરણવાને લાયક થાય ત્યારે તારી પરણેતરની પસંદગીમાં મોટી સમજ શક્તિ વાપરજે કારણ તારૂં ભવિષ્યનું સુખ કે દુઃખ લગનના જોગાણ ઉપર આધાર રાખશે અને લડાઇમાં જેમ એક ભુલથી નાશ થાય છે તેમ તારી ભુલથી તારો નાશ કરશે.....તેણીનો મીજાજ તપાસજે અને તેણીના મા-બાપ કેવાં હતાં તેની તપાસ કરજે; કારણ કહ્યું છે કે " એક ભલી માની દીકરીને પસંદ કરજે." જેમ તેણી તદ્દન નોહતાજ તેમજ મોટી તવંગર પણ ન હોવી જોયે કારણ બેઉમાં પરતાવો અને ધિક્કાર ઉપજશે. એક બેતમાંજ અને ખુબખ ઓરતને પસંદ ના કરતો નહીંતો તને મોટી શરમંદગી વેઠવી પડશે, અને તેણીની 'વાઉ વીછન' જેવી વાતોથી તું કંટાળી જરો."

પરણેતરનું નીતિજનક શરીર.

એક મરદની નીતિજનક ખાસ્યત તેની પરણેતરથી મોટી અસર પામે છે. હલકી ખાસ્યત જ્યારે તેને નીચે ડુબાવશે ત્યારે ઉંચા ખાસ્યતો તેને ખુબ ઉંચી પર ચઢાવશે. પહેલ્લી જ્યારે તેની દિલસોજીને ભારી નાખશે, તેની શક્તિને ઘટાડી નાખશે અને જીંદગીની ઉંચી નેમને ઉંધી વાળશે; ત્યારે પાછલી તેની મહેબતને જવાબ આપી તેની નીતિને ઓરખી વધુ બુલંદ કરશે અને ખરી શાંતી અપાવા મનને નવું કામ કરવાને ઉશ્કેરશે. એટલુંજ નહીં પણ એક ઉંચી ખાસ્યત ધરાવતી ઓરત અજાણપણે તેના ખાવીંદની જીંદગી બુલંદ અને તેનુ-

કામ અને ઉમેદ ભરી બનાવશે. જ્યારે તેથી ઉલટી ખાસ્યત ધરાવતી તેથી ઉલટું જ કરી શકશે. એક ઇંગ્રેજ કહે છે કે "મે મારી જીંદગીમાં ઘણાક નબળા પુરૂષોને કેવલ મેળવતા જોયા છે. તેનું કારણ એટલું જ કે તેઓ ઉંચા ખાસ્યત ધરાવતી પરણેતર ધરાવે છે કે જેઓ તેઓની કારકિરદી દરમ્યાન તેઓને ટેકા આપે છે અને તેઓની જાહેર ફરજમાં દિલસોજ ભાગ લઇ પણ ઉલટમંદ બનાવે છે. એથી ઉલટું મેં ઘણાક બાહોશ અને દિઢ્મતવાન શખ્સો જોયા છે કે જેઓની પરણેતરોની હલકી ખાસ્યતથી તેઓ પોતે સ્વાર્થી થઇ ગયા છે જેથી પોતાની ફરજ સમજતા નથી." આ ઇંગ્રેજ લખનાર પોતે એક ઉમદાહ પરણેતર ધરાવતો હતો અને તે પોતાના દોસ્તો જોગ કાગળોમાં પોતાની પરણેતરનો ખુશમીજાજ, દિઢ્મત અને ઉમદા ચાલચલણને માટે ઇસારા કરે છે.

જેમ જેમ તે લખનાર સંસારનો અનુભવ મેળવતો ગયો તેમ તેમ તેનું યાદીન મજબુત થતું ગયું કે એક ભરદની જીંદગી ભાગી અને ઉંચી કરવા માટે એક સુખી ઘર અને ભલી પરણેતરની ગરજ છે. માણસનું ખરૂં સુખ 'લગ્ન'માં છે. તે એમ કહે છે અને તે પોતાના લગ્નને પોતાની જીંદગીનું ડહાપણભર્યું ડહાપણ ભર્યું કામ લખી જાય છે. તે લખે છે, એમનો મને સુખી થવા ઘણાં કારણો મળ્યાં હતાં પણ શુકર ખુદાના કે માબુસાલ્લાહ જાતનું સૈતાની ઉત્તમ સુખ જે ઘર છે, તેની મને બક્ષેસ મળી. પોતાના એક જાનીદોસ્ત ઉપર લખતાં તે કહે છે, ખુદાની મારી ઉપર મોટામાં મોટી બક્ષેસ તે મારી વહાલી પરણેતર છે. અરે, ભારીમાં ભારી સંકટ વચ્ચે તેણી કેવી દિઢ્મત ધરાવે છે તેનો ખ્યાલ તને આવી ન શકે. લો કે તેણી નરમ અને શાંત છે પણ સંકટમાં તેણી ચપળ બની જાય છે. તેણી મને અલપ્યા ભયમાંથી બચાવે છે, તેણી મને દિલાસો આપે છે, ભલો બનાવે છે, ઉમગી થવા કહે છે અને મારી મુશ્કેલીમાં પણ તેણી મદદ આપવા હમેશ તૈયાર ઉભી છે. "એક બીજા કાગળમાં તે લખે છે:" મારી પરણેતરની સાથ આજ વરસોથી રહેતાં મારી પર મું અબર થઇ અને મને કેવું સુખ મલ્યું જાય છે તે લખવાને હું અશક્ત છું. જ્યારે પણ હું ભલું કામ કરૂં છું તો તેણી મગરૂરીથી પોતાનું સર ઉંચકે છે જેથી મને તે કરવાની બેવડી ઉશ્ક ચુકે છે. અને જ્યારે હું ભુલ કરતો હોઇશ ત્યારે તેણી ગંભીર અને ચુપ બની જાય છે કે જે ગોબા મારે માટે "ડેનજર સીગનલ" છે. લો કે તેણીને તાબામાં રાખું છું છતાં તેણીજ ગોબા મને બતાવે છે, અને જ્યાં સુધી હું તેણીને ચાહતો આવીશ ત્યાં સુધી કોઇ પણ ખુરં કામ કરવાની દિઢ્મત હું કરી શકીશ નહીં."

ઉપલો લખનાર જ્યારે પોતાની સ્વતંત્રતા પ્રતાપથી રાજદ્વારી ચક્રવ્યુહમાં પ્રવેશ-પડ્યો ત્યારે તે ગીડાઉ, કકળાબોર અને પાછ થઇ ગયો. પોતાના ઉંડા અંધેમાં તે લખે છે, "હાથમાં કલમ પકડી હું કલાકો સુધી વિચાર કરતો બેસું છું પણ મારી મુંચવણ અને મુશ્કેલી વધતી જાય છે. આ મારા કંટાળામાં મારી પરણેતર વગર હું આગળ આવી શકું નહીં કે જેથી મને દિલાસો અને દિઢ્મત આપતી બની છે. મારી અને તેણીની વચ્ચેનો ફરક તપાસો, હું જ્યારે સેક્રજમાં કંટાળી મારા ફાડ કરૂં છું છતાં તેણી શાંત મને પોતાની ફરજ બજાવે છે"

જાણીતો રાજદ્વારી ગીઝો પણ પોતાના સંકટ અને દુઃખ વેળા પોતાની પરણેતરથી દિઢ્મત મેળવેલ છે તે પોતાના રાજદ્વારી હરીફોથી તાબુતાબુથી ખાસ હારેલ થતો તો તેનો દિલાસો તેની પરણેતર અને પવિત્ર ઘર હતું. તે પોતાના વૃતાંતમાં લખે છે, "માણસ ઉત્તમ સુખ અને આસાયસ મેળવવા પોતાના બહાર કામમાં વાર્યા મારે છે. હવે હું સમજતો થયો છું કે અમે તેવી મુશ્કેલીમાં પણ ઘરની મહોબ્બત ભરી જીંદગી અને ખરૂં સુખ છે; બહાર જીંદગીમાં અમે તેવી નામના અને નેકી કમાતો આદમી, જો તે ઘરનું સુખ ન અનુભવે તો, ગરીબ અને મોહતાજ છે. તેની બાનુએ તેના સુખ કે દુઃખમાં; સંકટમાં કે આરામમાં, મુશ્કેલીમાં કે ચેનમાં દિલાસાની ભાસ લીધો. તેઓ પરસ્પર તે અગાડ ગીઝોએ તેણીને પુછ્યું. "મારી બદબખ્તી જે મને હવે ખુલ્લી માલમ પડે છે તેમાં તું ભાસ લઇ શકશે?" ત્યારે તેણીએ બદાદુરીને

જવાબ દ્યો "ખાત્રી રાખજે કે તારી દરેક ફતેહમાં હું ખુશાલીથી ભાગ લઇશ અને તારી મુશ્કેલીમાં એક પણ નાસીપાસી અને નાઉમેદની હાય ભરીશ નહીં: જ્યારે તે લુક પ્રીન્સીપલો વજીર થયો ત્યારે તેણે એક દોરડા ઉપર લખ્યું કે, "મારી ગમે તેવી આફત અને મુશ્કેલીમાં હું મારી બાનુથી સદા પુરતો સુખી છું અને ખુદા જો તેણીને જીવાડશે તો હું સદા સુખી રહીશ. "અરે અફસોસ, છ મહિનાની એક પલની મુલતમાં તેણી જગને હવાલે થઇ અને ત્યાર પછી ગીલેની જીંદગી દુઃખી થઇ પડી.

ઈંગ્લાન્ડનો નામાંચો રાજદ્વારી, બર્ક, એક ખુબસુરત મહોબતવંતી અને બાહોશ ઔરતના પ્યારમાં પુરતો સુખી હતો. તેની જાહેર જીંદગી રાજદ્વારી ચલવલથી ફિકર અને કંટાળાથી ભરપુર હતી પણ તેનો બંગ તેના ઘરમાં વળતો. તે કહે છે "આપણા ઘરની ઔરતને ચાહવી એ તમામ દુન્યાના લોકને ચાહવાનું બીજ છે." તે પોતાની બાનુની ખુબસુરતીનું ચિત્ર નીચે મુજબ રજુ કરે છે. જે ભલા ચિતારાને ચરમાવે એવું છે. તેણી ખુબસુરત છે; પણ તે ખુબ-સુરતી તેણીના ચેહરામાં, બાટબટગ યા રંગમાં નથી. જો કે તેણી ખુબસુરત છે પણ તેથી કાંઇ તેણી મારાં જીગર ઉપર અસર કરી શકતી નથી, તેણીની ખુબ-સુરતી તો તેણીનો ખુશાગીલ્જ, દયા, નિર્દોષતા, લાગણી અને રહેમ દિલ છે. તેણીની આંખોમાં મધુર રોશની પ્રકાશી રહી છે, તેથી તેણી સબળાને હોકમ કરે છે પણ તે હક અને દાવાથી નહી પણ તેણીના સદ્ગુણથી. તેણી હજાર જણની વખાણ માટે સરજાઇ નથી પણ એકજ દિલ (યાને પોતેજ) ની આફરીન માટે જન્મી છે. તેણીનામાં દૃઢતા છે તેમ વેળા તેણીમાં નાજુકાઈ પણ જોઇ શકાય છે; તેણીનામાં નરમાસ છે પણ તેથી કાંઇ તેણી નબળી નથી, તેણીનો અવાજ એક મધુર ધિમા ગાયન જેવો છે અને તેણી હજાર માણસની મીજલસમાં વાહવાહ કરવા બદલ મારાં જીગર પર મીસર કરવા સરજાઇ છે; અરે-તે ગાયન સમજવા માટે સામેએ તેણીના સમાગમમાં આવવું જોઇયે! તેણીના શરીરનું બ્યાન કરવું એ ગોયા તેણીના મન માટે બોલવા બરાબર છે; ગોયા તે એક બીજની 'કાપી'છે. તેણીની સમજ અને આહોશી ઘણા કામ કરવામાં સમાઇ નથી પણ ભલાઇને ચુંટવામાં છુપાઇ છે. તેણી સાફ બોલવા કરતાં બે ગુરૂ છે તે છોડી દેવામાં વધુ મથી રહી છે. તેણીની સભ્યતા ખુદરતી અને અદે-ખાવની છે અને નહીં કે માત્ર કાયદાની; અને તેથી તે લાયક ઉપર અસર કર્યા વિના રહેતી નથી. તેણી દૃઢ અને એક ચિત્ર ધરાવે છે; તેણી એટલીતો ખુબી ધરાવે છે કે તેણીની ભૂલોને આપણું મટ માફ કર્યે છિયે."


અહા! આપણે કેવી ઉમદાહ, દિલજીત અને ખરી ખુદાઇ શક્તિ ધરાવતી એક બાનુનું ચિત્ર જોઇ ચુક્યા. અરે તેવાજ શબ્દમાં જીવવું પ્રમાણ છે! ત્યારે હવે આપણે એક મહોબતવંતી મહોદારદાર પોતાના બાવ-દુનું ચિત્ર કેમ દોરે છે તે હવે રજુ કરવા દો. ભાગ્ય-શાળી નર તે કરનલ હચ્યીનસન છે તે માટે તેની મોહરદાર લખે છે.

"આપણે જેને જીગરના ઉંડાણથી ચાહતાં હોઇયે અને જ્યારે તેજ મનની મનોહર મુર્તી ભાંગી જાય છે (યાને મરણ પામે છે) ત્યારે આપણી જીંદગી કંગાલ જાણે મુશ્કેલ થઇ પડે છે. વખત જ્યે આપણ દિલાસો શોધી શકયે છીએ અને જીંદગીની કેટલીક મજાહો ફરી ચખી શકયે છીએ. અરે, મને ખબરજ નથી કે મારા પતિના મરણ પછી હું શામાં દિલાસો લઉં! કે જેના વગર મને આ મારી જીંદગી પથ્થર સમાન છે. મારી પાસ સબળું છે માત્ર તે પતિનું દિલ અને મધુર આંખો નથી!"

તેજ બાવદ પોતાની મોહરદારની તારીફ કરતાં એટલાં તો મજબુત શબ્દો વાપરે છે કે તેણી આપણી યાદદાસ્ત શક્તિમાં કોતરાઇ રહી છે. તે લખે છે, "જ્યારે પણ તેણી મને ઘર ખરચનો હિસાબ આપવા આવે છે તો હું કહું છું સબળું તારેજ છે." વળી તેઓ મહોબ્બતની સાંકળથી એટલાં તો જકડાયલાં હતાં કે જેમ જેમ તેઓ ઉમરમાં વધતાં ગયાં તેમ તેમ તેઓ એક એક ઉપર વધુ મોહજંતવંત અને પ્રેમવાળાં બનતાં ગયાં. બીજા વધુ દાખલાઓ આપણે હવે પછી જોઇશું.

(અધુરું.)

જ્ઞાનની દુનીયા.



લખનારઃ—ભીઠ મીનાથડ્રેર માથ્યુકજી માદન.

આરબો અને ઘોડાઓ:—

"સાધનટીસ્તોના મત મુજબ, અરેબ્યા પાસ ઘોડાઓ માટેનો કુદરતી મુલક છે. ત્યાંની રતુની ઘોડાના કદ ઉપર મોટી અસર થતી નથી પરંતુ તેઓ ચાલાક અને ઝાપી બને છે. ઈંગ્રેજ અને રપેનીશ ઘોડાઓમાં અરેબીક લોહી ભેલાયું છે જેથી તેઓ નમુનેદાર હોય છે. આરબો પોતાના ઘોડાઓના લોહીને સ્વચ્છ રાખવાને ઝનુનથી મથન કરે છે અને નર કરતાં માદાને વધુ ચાહે છે. જ્યારે પણ તેઓને ત્યાં નવો ઘોડો જન્મે છે તે દિવસે આખાં કુટુંબમાં ખુશાલી ફેલાય છે અને બાણી પીની થાય છે. તેઓ પોતાના ઘોડાઓને પોતાના બાળકો સાથ માયાથી કેળવે છે જેથી તેઓ એટલા નમ્ર અને વફાદાર નીવડે છે. અને કોઇ પણ હથિયાર વાપરવાની કલાચેજ જરૂર પડે છે. પોતાના માલેકના માત્ર સ્પર્શથી જીત લઇ દોડે છે અને જે તે બેઠક ઉપરથી સરી પડે છે તો પોતે ઉભો રહી જાય છે." [The Decline and Fall of the Roman Empire by Gibbon; ch. on "Arabia and the Arabs. "]

જીંદગી:—

"વારંવાર જીંદગીની દુઃખ અને દીલગીરીપણા માટે આફસોસ અને ફરયાદ કરવામાં આવે છે; પણ જો આપણે જીંદગીની એક નાની બાજુ લઇએ તો તેમાં તમામ અગત્યપણું સમાયેલું જોવામાં આવશે. જેમ એક નાનાં જંતુને કાચમાંથી જોતાં તેના શરીરના દરેક ભાગો ખુલ્લા જણાઇ આવે છે તેમ જીંદગીની નાનામાં નાની બાજુને જો બાદ કરવામાં આવશે તો તેમાં કેટલી ખુશાલી કે મોટું દુઃખ, બારિકાઇ અને અગત્યપણું દેખાઇ આવે છે. જીંદગીને સામટી લેતાં તેમાં જુદી જુદી સમાયલી બાજુદોથી આપણું ચુંચવાઇ જવું, જ્યારે તેઓમાની એક લેતાં તે પર વિચાર કરવાનો કેટલો બોરક મળશે"—[From the "Letter-Bell by W. Hazlitt.]

દેાખમું:—

એક અમેરીકન બાનુ મુસાફર સારા કુંકન પોતાની "A Social Departure (P. 367)માં બાપણ દેાખમાં માટે બટાથી ઉચું મત દરશાવે છે. તેણી કહે છે, "ત્યાં ઉંચા ટાવરો ઉભા હતાં જેઓનું કામ મરણ પામેલાંઓ સાથ હતું. જરથુસ્તે માની લીધું કે કુદરતની કોઇ પણ પેદાશ સ્વચ્છ છે અને રેહવી જોઇએ. મુરદાંની અસ્વચ્છતામાંથી પોતાના ભાઇબંધોને બચાવી દુર ઉંચી ટેકરીઓ ઉપર મરણ પામેલાને નાખવામાં આવે છે, હમારી સામે જરથુસ્તના ઉંચા સ્વચ્છતાના કાનુનના ટાવરો સદ્ સમારી ઉભાં હતાં."

હાફેજ:—

આ નામીચા ફારસી કવિ માટે ચાર્લ્સ સુબર્ટ કહે છે, "ઇરાનના તમામ કવિઓમાં હાફેજ કુદરતી લાગણીઓના સૌથી સરસ બાદેતજાર છે. તેનું કલામ ફકત બોદાર્થ કલામથી ઉતરતું અને બાકી સઘળા કલામોથી ચઢતબાતું ધારવામાં આવે છે. તે સાદાઇ અને સુંદરતાથી ભરપુર છે. તેમાં બનાવટ અને મગરૂરી જોવામાં આવતી નથી.

ધર્મ પાલનારાઓની સંખ્યા:—

જુદા જુદા ધર્મ પાલનારાઓની સંખ્યા શું છે તે આ કોઠામાં જોવામાં આવશે. ખ્રીસ્તી ધર્મ ૫૬૩૦૦૦૦૦૦; હિન્દુ ૨૨૩૦૦૦૦૦૦; બુદ્ધધર્મ ૨૨૨૦૦૦૦૦૦; બુધીઝમ ૧૦૩૦૦૦૦૦૦; જરથોસ્તી ધર્મ, ૧૦૦૦૦૦; બધા દેવતામાં માનનારા, ૨૮૩૦૦૦૦૦૦; તાઓધસમ, ૪૪૦૦૦૦૦૦; શીનતોધમ ૧૮૦૦૦૦૦૦; જુદેઝમ, ૯૦૦૦૦૦૦.

સ્વપ્નો:—

રાબ્ડર હેગારડ નામનો ઇંગ્રેજ એક જણીતો નવલકથા લખનાર છે, તેને પોતાના કુતરાના મોત માટે સ્વપ્નું આવ્યું હતું જે તેને છાયા મારફતે જાહેર કર્યું. તે દિવસથી તેનો કુતરો ખોવાઇ ગયેલો જણાયો અને તેની લાશ નદીમાંથી મળી આવી.

તેજ મીડસમર નોરટનની કોલસાની ખાણમાં ૧૯૦૯ માં એક મેટો અકસ્માત થયો હતો, આને ચગતો સ્વપ્નો ત્યાંજ રહેતો એક શખ્સ જે ઘોડા ચખત માટે આયરલેન્ડ ગયો હતો તેને આવ્યો હતો. 'વરતા' નામની સ્ટીમર ડુબી જવાની ખબર સ્વપ્ના મારફતે થઇ હતી તે વેળા બેઠેલા કમીશન સભ્યમુખ રજુ થયું હતું. મી. સેમર નામનો શખ્સ જે ઓસ્ત્રેલ્યાથી બેઠો હતો તેણે ત્રણ રાત વેર ભયંકાર સ્વપ્નો જોયા હતો કે એક શખ્સ લોહીથી ગગરતો માસતો કકડો કરે છે. આથી તે દરમ્યાન ખાતે ઉતરી પડયો. બે દિવસ બાદ તેને ફરી સ્વપ્નું આવ્યું હતું કે સ્ટીમર ડુબી જાય છે અને તે બચ પડયું.

યોગ અને યોગી:—

"તે ખરો યોગી છે જે પોતાની ફરજ, ફળની આશા વગર બજાવે છે. યોગ એટલે તર્ક છે; અને તે યોગી બની શકતો નથી જે ભવિષ્યની આશા માટે ઉમેદ રાખે છે. યોગ પ્રાપ્ત કરનાર માટે કાર્ય માત્ર એક હથિયાર છે; યોગ પ્રાપ્ત કીધા પછી શાંતી અને સ્થિરતા હથિયાર છે અને તેજ યોગ પ્રાપ્ત કરે છે જે દીઠીઓની ખ્વાહેશ કરતો નથી અને જે આશાની ઘરજાઓને તુચ્છ કરે છે."

રોમનોની અસર:—

"જ્યારે આપણુ યુરોપના જુદાં જુદાં રાજ્યો તરફ નજર કરીએ છીએ ત્યારે ગમે તેવા દરક છતાં તેઓમાં કેટલીક રીતે એક સરખાપણું જણાઇ આવે છે તેનું મુખ્ય કારણ રોમનોએ જ્યારે તે મુલકોને જીત્યા હતા ત્યારે પોતાના વિચારો, કાયદાઓ અને રેવાજોની છાપ પાડી હતી તે છે. અને તેઓમાં દરક દિસવાનો સબબ એ છે કે તેઓએ રોમન વિચારોને એક સરખાં પ્રમાણમાં ગ્રહણ કર્યા ન હતા. કેટલાકોએ રોમના વિચારો અને બીજાઓએ જરમનોના વિચારો મોટા પ્રમાણમાં જાલવી રાખ્યા છે. આ ઉપરથી જણાય છે કે રોમે આખા યુરોપ ઉપર કેવી મોટી અસર કરી છે."
(History of Rome by Rev. M. Creigaton M. A.)

અફસોસ ના કર:—

ફોકટ છે જીરીને કરવી ફર્યાદ,
ગયેલો માલ કદી ન દે ચોર હાથ;
ક્રોધ યા કજા પર ન બાંધ દિલ,
બાદ તે ઉદ્યું થાય છે મુશ્કીલ.

બધાંને ચાહ:—

"જેમ તું બીજાની વર્તણુક તારી તરફ ચાહે છે, તેમ બીજાઓ સાથે ચાલ, અને જેમ તું ચાહે છે કે બીજાઓ તને આપે તેમ તું બીજાને આપ, જે તને ચાહે છે તેને તું ચાહે તો તેમાં શું ખોટું છે? કારણ એક પાપી પણ પોતાના ચાહનારને ચાહે છે. જે તારું ભલું કરે છે તેનું તું ભલું કરે તેમાં શું ચયું? કારણ પાપીઓ પણ એમજ કરે છે. તારા દુશ્મનને ચાહ તેઓનું ભલું કર ને આશા ના રાખ."

શકનો અંદાજ:—

આપણુ સર્વ ઉપર હકુમત કરનાર ઇશ્વરમજદ! જે બાબતોને મને શક હોય તેનો અંત લાવવા માટે ઘણી દુરદીશારી આપેલી દીનદાર માણુસની ધર્મ સંબંધી કેળવણી બધી રીતે ડાહી સરસ ઘડાઇ છે. કારણ કે ધન કેળવવાની ખાહેશ રાખનારને તેનો ઘટતો બદલો મળશે.

શરમ શાની?

મેજીસ્ટ્રેટ સાહેબે બબેવાને જરા ઠીબામણ આપતાં કહ્યું, "ભલાં માણસ, તુંને વારી વારી અહીં આ પ્રમાણે આવતાં શરમખી નથી આવતી?"

"અરે સાહેબ, એમાં શરમ શાની? તમારાં જેવાં માણસ જ્યાં હોય ત્યાં જતાં મને શરમ નથી લાગતી, પણ હું એમ પુછું છું કે તમને દરરોજ જોતાં શરમ લાગે છે વાર? (નોસારો કાળ.)

રબ્બને યજ્ઞત અને તેને લગતો ખોલાસો, રબ્બને યજ્ઞત વિષે અવસ્તા તથા પહેલવી ભાષાઓમાંથી મલતું બ્યાન.

રબ્બુની ખુબીઓ–તે લોકોનું રક્ષણ કરે છે.

લખનાર :—બી૦ ધનજીભાઇ માણેકજી વાચ્છા.

(પાન ૧૫૩ થી ચાલુ.)

આ પણે શરૂઆતમાં જોયું તેમ રબ્બુ આ દુન્યામાં સચ્ચાઇ અને રાસ્તી પર મવકલ છે. એ ઉપરાંત તેને રબ્બુ યસ્તમાં ૭ આ ફકરામાંઆ પ્રમાણે ગીતારેલો છે. ઓ અશો રબ્બુ–ઓ ઘણુંજ સાચા રબ્બુ, ઘણુંજ પવિત્ર રબ્બુ, ઘણુંજ વિદ્વાન રબ્બુ, સંપુર્ણ રીતે તપાસ કરનાર રબ્બુ, સઘળી બાલુએ જોનાર રબ્બુ, ઘણું દુરનું જોનાર રબ્બુ, ઓ અશો લોકોને વધુ સારો ટેકો આપનાર રબ્બુ, ચોરોને વધુ સારી રીતે મારનાર રબ્બુ." આ ઉપરથી આપણે જોઇશું તો માલમ પડશે કે જેમ દરેક યજતોને અશો કહે છે અને તેવો છેજ એવા તેમ રબ્બુને પણ કહેલો છે, પણ વધુ જે આપણને આ ફકરા ઉપરથી માલુમ પડે છે તે એ છે કે અહીયા એ યજતને ઘણોજ વિદ્વાન, સંપુર્ણ રીતે તપાસ કરનાર, સઘળી બાલુએ જોનાર, ઘણું દુરનું જોનાર, જે અવસ્તા લખાણ પરથી તેને જેમ આપણે ઓળખીએ તેમ એટલે ઇનસાફ કરનાર તરીકે ઓળખીએ છીએ, તેનું જે કાંઇ લખાણ મળે છે તે ફક્ત આ યસ્તના ૭ માં ફકરામાંથી મળી આવે છે. એ ફકરામાં એને સંપુર્ણ તપાસ કરનાર તરીકે કહેલો છે. અને તે ઉપરથી આપણને જે પેહેલવી લખાણો એના ચોથે દહાડેની આમદાદે ઇનસાફ કરનાર તરીકે મળે છે તેને આ ફકરો વધુ ટેકો આપે છે. પાછું વળી બીજું જે તમે "સઘળી બાલુએ જોનાર" કરી કહેલો છે તે ઉપરથી આપણને માલમ પડે છે તે "મીનોખેરદ" માં બીજા બાબમાં રબ્બુને "બાદશાહ અને ગરીબ" વગેરે સઘળાઓને બરાબર ગણેલા છે. તે ઉપરથી પણ સાબેત થાય છે કે રબ્બુ એક સઘળી તરફથી બરાબર ઇનસાફ કરનારો છે. આગળ ચાલતાં એજ ફકરામાં કહે છે જે "અશો લોકોને વધુ. ટેકો આપનાર રબ્બુ." આ ઉપરથી આ સાર નીકળશે જે દરેક યજતની આરાધના કરનારને તે યજત ટેકો આપે છે, મદદ આપે છે. પણ અહીંઆં જે રબ્બુને માટે લખે છે, જે તે વધુ ટેકો આપે છે તે એજ છે જે તે રાસ્ત માણુસ જે હમેશાં પોતાનું કામ રાસ્તીપરજ કરે છે. તે માણસને રબ્બુ મદદ આપે છે એટલુંજ નહીં પણ વધુ જે તે કરે તે એકે એક લુહા અને રાસ્તીના માર્ગ પરથી વેગળા ગએલા માણુસ પર પેહેલા રાસ્ત માણુસ સરદારી ભોગવે છે. જેમ રબ્બુ યજદ ઉપર જોયું તેમ દરેક કેશ્વર ઉપર વીગેરે સરદારી ભોગવે છે તેમ અને તેથી રબ્બુને વધુ મદદ કરનાર તરીકે કહેવો જોઇએ.

હવે એજ યસ્તના આઠમાં ફકરામાં તેને "ઓ રબ્બુ તું સઘળાઓ કરતાં વધારે સારી રીતે ચોરોને તથા લુટારા માણુસોને ધીકારે છે, ઠંકાવે છે મારે છે તથા તેમનો નાશ કરે છે" એમ આવેલું છે. હવે સવાલ ઉઠે છે કે રબ્બુ આવા ચોરો તથા લુટારાઓને કેમ ધીકારે, ઠંકાવે તથા મારે એવા દાખલામાં જે આપણે "ખુરશેદ"ને સાથે લખ્યું તો ઠીક સમજ પડશે.

ખુરશેદને આપણે ફક્ત સાધારણ રીતે નજરે જોઈએ છીએ અને જાણીએ છીએ કે તે દરરોજ સવારે ઉગે છે, સાંજે અસ્ત પામે છે. તે આ દુનીયાં રોશની આપે છે, અંધકારને નાબુદ કરે છે વીગેરે આ તેની (ખુરશેદની) ફક્ત દેખાદેવી ખુબીઓ છે. હવે બાતનની બાતમાં તો ફક્ત જેઓ રસાયણ શાસ્ત્રીઓ છે, તેઓ શોધ કરે છે અને તેની ખુબીઓ શોધી કહાડે છે. હવે એ ખુબીઓ આપણે પણ રસાયણ શાસ્ત્રીની મદદ લેવા વગર આપણા પાક ધર્મ પુસ્તકો ઉપરથી જાણીએ છીએ. જેમ કે ખુરશેદની નીયાએશમાં ૧૨ માં ફકરામાં કહે છે કે જ્યારે ખુરશેદ ઉગે છે ત્યારે અહુરમજદની પેદા કરેલી જમીનના વેહતાં ઝરણે દરીયાના તથા ગમપાણીને તથા અશો વેહાએશ કે જે રૂપેના-ચીનાની છે તે એ બધાંઓને પાકી જગી થવાનો સત્રણ થાય છે પણ ૧૪ માં ફકરામાં કહે છે કે જો ખુરશેદ નહીં ઉગે તો, આ હપ્તાકર જમીનમાં જે ચીજો તથા જનવરો છે તેને દેવો મારી નાંખે વગેરે. આ બધું જે થાય છે એટલે આ દુનીયામાં જો ખુરશીદ નહીં હોય તો બધી ગંદીચી અને બરાબ ચીજોનો બધારો થાય અને દરેક સારી ચીજનો નાશ થાય પણ ખુરશેદની હાજરીથી એ બધુ દુર રહેછે અને નાશ પામે છે એજ પ્રમાણે રપ્નુને પણ આવીજ રીતે સરખાવીએ. આપણે જોયું તેમ રપ્નું એ સચ્ચાઇ તથા રાસ્તની ઉપર મદદગાર છે અને તેથ એક રાસ્ત માણસ ચોરો તથા લુંટારાઓ ધીકારે તેમાં કાંઇપણ શક નથી અને તેજ પ્રમાણે તે પોતાના સચ્ચાઇ તથા રાસ્તીના બળથી-જોકે તે શરૂઆતમાં કદાચ અથવા જેમ આ દુનીયામાં ઘણું ખરૂં બને છે તેમ હમેશાં પોતાને પોતાના સચ્ચાઇના સુખનથી આ જુલી અને દગા કટકાવાલી દુનીયાને નુકસાન પણ કરે તો પણ અંતે તેનો અને તેનોજ ને રાસ્ત અને સાચ્ચા માણસનો જય અને ફતેહ છે—અને ત્યારે તે રાસ્ત માણસ જે આ રપ્નુ વસ્તમાં કહે છે તેમ તે જુદા, લુટારા તથા ચોરો ઉપર પોતાની રાસ્ત જબાનથી તથા રાસ્તીના અને એક ખુદાઇ માર્ગ પર ચાલવાથી તેઓ પર તે ગાલેબ આવે છે, ડરાવે છે, મારે છે, ધીકારે અને નાશ કરે છે. ઉપર આવી ગયું તેમ રપ્નુ તેથીજ હપ્તેકર નદી-દરીઆ-ઝાડો તથા પહાડો અને દરેક સેનારાઓ બહેસ્તની આરામગાહ-ગરોથમા વગેરેની જગ્યા ઉપર સચ્ચાઇ બોગવે તથા ચોકસાઇ રાખે છે અને તેજ પ્રમાણે છે. એક માણસ પણ આ દુનીયામાં સરદારી ભોગવી શકે તેવા બીજાઓ પર ચોકસી રાખી શકે અને આ પ્રમાણે આપણામાં જે તેત્રીસ ફરેસ્તાઓ છે તેથોમાંનો દરેક દરેક ચોકસ બાબત પર મદદગાર છે અને તેઓ આ દુનીયાની અંદર સરખી (Directly) તથા આડ-કતરી (Indirectly) રીતે માણસોને તથા દરેક જનાવર તથા ચીજોને મદદગાર થાય છે. વળી મેહેર-યસ્તમાં ૬ મા ફકરામાં એમ કહે છે કે ચિત્ર (મીત્ર) ધાસ્તી ફેલાવે છે, રપ્નુ (તેમના) દીલમાં ધાસ્તી દાખલ કરે છે જેથી આપણને માલુમ પડે છે કે રાસ્ત માણસ હમેશાં જુદાઓને ધાસ્તીમાં રાખે છે અને જેથી સચ્ચા અને રાસ્ત હોય છે તેઓને એ ખુદાઇ રીતે માલુમ પડે છે કે હમેશાં જુદાઓ તેઓથી દુર નાશે છે. આવી રપ્નુની ખુબીઓ હોવાથી દરેક માજદીયસનીજ જરથોસ્તીઓની ફરજ છે જે રાસ્તને હમેશાં વળગી રહેવું, વળી રપ્નુને મેહેરયસ્તના ૩૨ મા ફકરામાં ૧૩૯ ના ફકરામાં દુનીયાની પૃથ્વી કરનાર તથા તેની આબાદી કરનાર તરીકે કહેલો છે.

ગામનો ઘડો લેશો?

ચાંદનભાઇ બારણે ચોક પુરતાં હતાં તેટલાં એક ગામડીયો મટોડીનાં માટલાં લઇ આવી પહોંચ્યો.

"આજ ગામનો ઘડો લેશો?" તેણે પુછ્યું.

"આ તું મરે, તારી જ્યાં ભરે, તારી જ્ય ખરી જ્ય. મુવા પોતેજ મારાં ઘેરનો ઘડો કોણ નહીં લેતો?" અને એમ બોલી ચાંદનભાઇ ફસક ફસક કરતાં ઘેરમાં ગઇ. પેલો ગામડીયો વિચારમાં પડ્યો કે, "મારાં ગામનો ઘડો વેચાતો લેવા પુછ્યું, તેમાં એ ઘરડી આમ છેડાઇ કેમ પડી?"

(નોસાહરો કેળ.)

ગણુની તેણે કાપી. પરણ્યા પછી રોઝીને જેમ ગમે તેમ નિચોવવાની ઘણી સારી તક હાથ લાગવાથી તે ઘણો ખુશી થયો. તેને લાગ્યું કે રોઝી તેને સોનાની ખાણ મળી હતી.

"મારી બેટીને તારી પાસેથી મેળવવા માટે મારો ભેદ વટીક ખુલ્લો કરવાની મેં આંચકી બાધી નથી. એ ઉપરથી તું જોશે કે હું તારી ઉપર કેવો આંધળો, વિશ્વાસ રાખું છું! ચાલ, હવે કહે મને કે તું ખરાં કરાં જંદને ક્યાં અને ક્યારે મારી સાથે મેળવવા માંગેછ

હું આવતી પરમદીને શુક્રવારે તમોને તમાર બચ્ચાં સાથે મેળવશ. પણ હું તમારાં બચ્ચાંને એ દીવસે ક્યાં લાવું? અહિંજ ઠીક થઈ પડશે."

રોઝી વિચારમાં પડી.

"નહિ, આ જગો હવે વધુ વાર સલામતી ભરેલી નથી. હું તારાં મકાનમાં મળવા માગું છું. પણ તારાં મકાનનું ઠેકાણું હું ભુલી ગઇછ."

"મારું મકાન મોંટીક્લેક આતે હોલમ બેંક્સ આવેલું છે."

આ ઠેકાણું મીસ બેલને કાને પડતાંજ તે તેણીએ કાગળના ટુકડા ઉપર ઉતારી લીધું. બીજજ પળે રોઝીએ આવતી પરમદીને પેલા શબ્દોનાં મકાનમાં સાડે ચાર વાગે જવાની કબુલાત આપી. જે વખતે હોરટન રોઝીની બેટીને તૈયાર રાખશે અને રોઝી તેણીનો કબજો લેવા પછી બીજા બસો પાઉન્ડ તેને સુપરત કરશે.

મીસ બેલ વધુ વાર ત્યાં થોભી નહિ, કેમકે તેણીએ ધાર્યું કે રોઝી બાહેર નિકળવાની તૈયારીમાં હતી.

અને તેમજ થયું; મીસ બેલ તે જગો છોડી જવા પછી રોઝી પણ બાહેર પડી અને પરમદીને પોતાના પ્યારાં કરંદની મળવાની અધીરાઈમાં રેજ્જ ભણીને રસ્તો લીધો જ્યાં મીસ બેલ તુરતનીજ આવેલી હતી.

પ્રકરણ ૨૪ મું.

"ઓ ખુદા!" હેસ્ટર બેલ પોતાનાં મન સાથે બબડી, "રોઝીનું બાળક મારા હાથમાં આવે તો એ ઔરતને મારા અંગુઠા ઉપર ઓરી તો નચાવું કે જેમ ચાહું તેમ સતાડું."

બીજે દિવસે સવારમાંજ મીસ બેલે પોતાના સામાનને પેક કરવા માંડ્યો, તે આખો ઘરમાં દરેક નોકર ચાકરને મળી બેઠી પણ રોઝીને "છેલ્લી સલામ" કરવાની તેણીએ દરકાર કાધી નહિ. રોઝીએ એક ચીઠી મોકલાવી પણ તેના તેણીએ ચાર પાંચ તુકડા કરી તેજ પરબિડીમાં બીડી રોઝી ઉપર પાછી મોકલી. એટલું છતાં પણ રોઝી તેણીનાં ઓરડામાં આવી ત્યારે મીસ બેલ રેજ્જ છોડી ગઇ હતી.

પણ રેજ્જ છોડી જતાં તે મગરુર અને ખારીલી ઔરતને એમજ લાગ્યું કે તે રેજ્જ થોડા વખત માટે છોડી જતી હતી. તે થોડાજ દિવસમાં શેતાણી તરીકે પાછી આવનાર હતી.

હોરટન સાથે રોઝીને કેમ ઓળખ થવા પામી તે આપણે જોઇએ.

મીસીસ પાઇકને વાંચનારાઓ ભુલી ગયા હશે નહિ. આ ઔરત તેજ હતી જેણીએ દોરા બારેનું પચીસ પાઉન્ડ સાયનું એનવલપ ચોરી લીધું હતું અને રોઝીના બાળકને લીલ નામની પુલ વેચનારી ઔરતને સોંપી દીધું હતું. વળી વાંચનારાઓને યાદ હશે કે રોઝીએ પચાસ પાઉન્ડ બીડવા સાથે વધુ મદદ મોકલવાની કબુલાત આપી હતી. રોઝી પોતાનું ઠેકાણું જણાવવા માંગતી નહિ હોવાથી તેણીએ પોતાના કાગળનો જવાબ પોસ્ટ ઓફીસ મારફતે માંગ્યો હતો. આ જવાબ તેણીને દોરાનાં નામે લખાયલો મલ્યો હતો જ્યારે લખનાર તો પેલી લુચ્ચી મીસીસ પાઇક હતી આ કાગળ નીચે મુજબ હતો.

"મારી પ્યારી રોઝેલીન, મને પચાસ પાઉન્ડ સાયનો તારો કાગળ મલ્યો છે. મન કહેતું જણાયે કે તેં મારે માટે તારાં બચ્ચાં સાથે બરાબ વર્તણુક બજાવી છ. દુનિયા સામેથી જંજમાં આપણે બનેએ સાથે ઝોકાવ્યા પછી તારી ફરજ હતી કે મને તારે વિશ્વાસમાં લેવા જોઇતી હતી, તેને બદલે તું તારી બહેનથી અને તારાં એક પુરાં કરંદથી છુપાતી રહીછ. એમ કાં મારી પ્યારી રોઝી? તોપણ હું તારી મરજીની આડે આવતી નથી. હું તારી મરજી રાખવા માંગુછ. નીચેનું ઠેકાણું તારાં પ્યારાં બચ્ચાં સાથે રહુંછ. તારું બાપક

તને હવે તદ્દન ભુલી ગયછ. આ મકાન એક બોરડીંગ હાઉસ જેવું છે અને ત્યાંના એકેએક જણ તારી બેટીને ચાહેછ અને પ્યારથી રમાડેછ. બેચાર દિવસમાં હું તારી બેટીને દવા ખાવા એકાદ દરિયા કાંઠાનુ ગામ-બામાં લઇ જવશ, ત્યાં પુગ્યા પછી અમારા રહેવાનું ઠેકાણું તને લખી જણાવશ, પણ તેટલાં જેમ અને તેમ વધુ રૂપીઆ નીચલા સરનામે મોકલવાને ભુલતી ના. તારાં પ્યારાં ફરઝંદ તારે માટે અરબી ડઝન ચુમીઓ મોકલીછ તે તું કબુલ કરજે. અમારૂં ઠેકાણું નીચે મુજબ છે. હોલ્મ બેંક, ઓલ્ડ હીથમંડ રોડ મેનેસ્ટેડ."

આ કાગળ રોઝીએ અનેક વાર વાંચ્યું. તેણીએ નકી માન્યું કે હવે કાગળ લખેલ દોરાની સહી હોળ હતો, પણ તે દોરાનો નહિ હતો, કેમકે દોરા આ રીતે મરતાં પેલુ કાગળ લખે નહિ.

ત્યારે દોરાને નામે કાગળ લખનાર કોણ હતું, તે રોઝી સમઝી શકી નહિ. શું દોરાનાં નામે કોઇએ બોટો કાગલ લખ્યો હતો અને બોટો કાગળ લખવાનો હેતુ રોઝી પાસે મોટી રકમ પડાવી લેવાનો હતો?

આથી તેણીએ ઉપર મુજબનાં સરનામે પોતે જાતે જવાને હરાવ કીધો.

ત્યાં ને ગઇ. પણ તેણીએ જોયું કે ના ત્યાં દોરા હતી કે ના ત્યાં તેણીની બેટી હતી. તેણીને એકજ રાખ્સ મલ્યો હતો, જેણે રોઝીની બેટીને શોધી કાઢ-વાનું સાથે લીધું હતું. આ રાખ્સે પોતાની વાક-ચાતુરીથી રોઝીનું બેટલું બધું તો લક્ષ બેચ્યું કે એ બેરતે પોતાનો ભેદ સેદ્રજબી આગળ વગર કહી સંભળાબ્યો અને એ બાનુ એજ મકાનમાં પોતાની બેટીને લઇ આવવા આવતી પરમ દીને જનાર હતી.

રોઝી પોતાની નેમમાં ફાવશે કે? મીસ બેલ તેણીની આ નેમમાં ફાવવા દેશે કે?

મીસ બેલ 'ગ્રેન્જ' માંથી નિકલી ત્યારે તેણીનાં બેનમાં જે એકજ બ્યાલ રમી રહ્યો હતો તે દોર-તનને મળવાનો અને તેની સોડેથી રોઝીની બેટીને મેળવવાનો હતો. તે આ બન્બ્યાને મેળવી રોઝીને દેવીદથી સદાની છુટી પડવા માંગતી હતી.

મીસ બેલ એક આળદાર મકાનમાં મીસીસ ફ્રોર્ટનાં નામે જઇ રહી. તે ત્યાં પોતાનો સર સામાન ઠર પાછી દોરતનને શોધવા નિકળી પડી.

તે મોટેલેક બાતે ગઇ. આ હોલ્મ બેંકનો પત્તો મેળવવા તેણીએ કેટલાક રાહદારીબોને પુછ્યું. કેટલીક મુશકેલી પછી તેણીએ અંતે આપેલી નિશાની મુજબ મકાન શોધી કાઢ્યું. તે ઉપર ગઇ. બારણું ઘોકયું પણ જવાબ મલ્યો નહિ. તે બાબા ઓરડામાં ફરી વળી પણ કોઇની પણ નિશાની મળી નહિ. ઘણા ખરા ઓરડાઓ બીલકુલ બાલી હતા, તે પણ બધે ફાંફોલા દતા. તેણીને લાગ્યું કે આ એકાદ બધે ઓરડામાં રોઝીની બેટીને બધ કરી રાખવામાં આવેલી હોવી જોઇએ.

આથી તે એક ઉઘાડી રહી ગયલી બારી વાટે હિમ્મતથી કુદી પડી. કેટલાક ઓરડામાં ફરવા પછી તેણીના હાને કોઇ બન્બ્યાનો રડવાનો સાદ સાંભળ્યો. કેટલાક ઓરડાઓ ફરવા પછી તે તેજ ઓરડામાં દાખલ થઇ જ્યાં રોઝીની બેટી એક ખુરસી ઉપર રડતી બેઠી હતી. ચતુર મીસ બેલે તે બાળકને તુરત પેલા ફુલ વેચનારા બાળક તરીકે તુરત પિછાની લીધું.

"ના રહ, હું તને તારી મા પાસે લઇ જવા આવીછ."

"મારાં મમી મને મળશે?" તે બાળક રડવાનું ભુલી જઇ બોલી

"હા બેટી જરૂર મળશે. મને તારી મમીએન અહિં મોકલીછ. તું આવેછ?"

"બા! હું મમીને મળવા કેવી ખુશ છું!" તે બાળક બેહદ ઉમેદથી બોલ્યું

મીસ બેલ વધુ વખત બોટી થઇ તે ઠીક નહિ હતી. તે તે ગોલાળ જેવાં બાળકને લઇ ઉતરી પડી.

એ વેળાએ તેણીનો ચેહરો ફુલની માફક બીલી રહેલ હતો. તેણીએ પોતાને રોઝીને દેવીદથી સદાની છુટી પાડવામા કુતેહ પામેલી જોઇ.

તેણીના હર્ષનો પાર હતો નહિ.

પ્રકરણ ૨૫ મું.

તે તે દિવસ હતો જે દિવસે દોરતને રોઝીને તેણીની બેટી સપુરદ કરવાની કબુલાત આપી હતી.

હોરતને આપેલાં ઠેકાણાં મુજબ રોઝીએ તેનાં મકાનમાં દાખલ થઈ દરવાજો ઘોકાયો, જેનો જવાબ હોરતને દરવાજો ખોલી આપ્યો.

"કેમ, મારી બેટી કયાં છે?" રોઝીએ ઘણીજ ઉતેજનાથી સવાલ કર્યો.

"બાનુ, અંદર આવો, હું તમોને કહું." હોરતને ધીમા શોકાતુર સાદે કહ્યું.

હોરતનના શોકાતુર સાદથી રોઝી ચોંકી. તે સમજી ગઈ કે કાંઇ ખુરું થયું હતું. તે મોત જેવી ફિકી પડી ગઇ.

બોલ, "મારી બેટી કયાં છે?" રોઝીએ બેહદ ઉતેજનાથી એકવાર ફરીથી પુછ્યું.

"બાનુ, હું બેહદ દલગીર છું કે—"

"ઓ ખુદા!" રોઝી ધાસ્તીથી બંને હાથો જોડી એક ભાંગેલી બેઠક ઉપર બેસતાં બોલી ઉઠી.

"બાનુ, દલગીર ના થાઓ," હોરતનને લાગી આવવાથી તે દિલાસો દેતાં બોલ્યો, "બાનુ, મારી ગેર હાજરીમાં તમારી બેટીને કોઇ ચોરી લઇ ગયું'છ?"

"ચોરી લઇ ગયું? અરે ખુદા! તું શું બોલેછ? તું મને શા માટે ખોટું સમજાવેછ? મારી બેટી સપુરદ કરવાના બદલામાં તને વધુ મોટી રકમ જોઇતી હોય તો તેમ કહે. પણ ખુદાને ખાતર મને ધુમવ ના."

હોરતન ગમે તેટલો બદમાશ હતો, છતાં તેને રોઝીની આવી દયા જનક હાલતથી લાગી આવવા વિના રહ્યું નહિ. આથી તે કરગરી બોલ્યોઃ—

"બાનુ, હું શું જાણું કે તમારી બેટીને મારી ગેરહાજરીમાં કોઇ ચોરી જશે. બાનુ, હું ગમે તેવો બદમાશ છું પણ એક બચ્ચાંને તેની માતાથી વિખુટું પાડવા જેટલો બદમાશ નથી. બાનુ, હું જે હમણાં તમારી બેટીનું પાંખડું તમારા હાથમાં આપવા નસીબવંત નિવડતે તો મને તો તમારી તરફથી બાકીની રકમ મળવા પામતે. પણ એટલી રકમ મારા નસીબમાં નહિ હોવાથી તમારી બેટીને કોણ જાણે કોણ ચોરી લઇ ગયું!"

રોઝીએ જોયું કે તે બદમાસની આંખો આસુંઓથી ચળકી રહી હતી, જેથી તેણીને પણ લાગ્યું કે તે સાચુંજ બોલતો હતો.

"તું શું ધારેછ? અરે ખુદા! તું શું કરવા માંગેછ? મને કશુંજ્ઞાત આપ કે તું મારી બેટીને શોધી કાઢવ્યા વિના જંપીને બેસશે નહિ."

હું પાક પરવરદેગારના કસમ ખાઇ એમે કરવાને બંધાઉંછ, પણ મને લાગેછ કે તમો બાનુના કોઇ શત્રુનું આ કામ છે. તમો બાનુને કોઇ શત્રુ છે?"

"હા, છે, જે પેલી બીજ હેસતર બેગ છે, જેણીના હાથમાં મારા કાકાની દોલત જતાં મારેથી અટકીછ."

"તે શું પટલા અંગની છે?"

"હા."

"ત્યારે તેજ હોવી જોઇએ, કેમકે પતલા અંગવાલુંજ મારી વાટે તમારી બેટીવાલા ઓરડામાં જઈ શકે એમ છે."

"પણ તે કેમ જાણે કે મારી બેટી આ મકાનમાં છે? આપણે બે જણા સિવાય આ વાત બાહેર કેમ જઇ શકે?" રોઝી હજી કાંઇક શંકાથી બોલી.

"મને લાગેછ કે આપણી વાત એ તમારી શત્રુએ સાંભળેલી હોવી જોઇએ," હોરતને આગાહ તર્ક કીધી.

રોઝીને પણ લાગ્યું કે હોરતનની અટકળ ખરી હતી.

થોડો વખત સુધી શાંત ચુપકીદી ચાલી રહી. જેમ રોઝી તેમ હોરતને ચુપકીદી પકડી રાખી. ત્યાં શાંત ચુપકીદી રાજ ચલાવી રહી હતી.

અંતે રોઝીએજ ચુપકીદી તોડી.

"હું હવે શું કરું? હું મારી બેટી એ ઔરત સેહેથી કેમ મેળવું?"

આ વેળાએ રોઝીએ હોરતન તરફ ઘણીજ દયાજનક રીતે જોયું. તે પોતાની બેટીને મેળવવાના એરા તો જબરા ખ્યાલમાં હતી કે હોરતન એક હર હરતો બદમાશ હતો તે પણ તે ભુલી ગઇ, હવેજ તેણીને લાગ્યું કે આવાં એક બદમાશને પોતાનો તમામ ભેદ ભરમ કહી દેવામાં મોટી ભુલ કીધી હતી. એ જો બીજ હેસતર બેહને ખબર પડી જાય તો!

આ ખ્યાલ તેણીને દુઃખજનક થયો, અને આ ખ્યાલ થતાંજ તેણીના ચેહરા ઉપરનો રંગ ઉડી ગયો. તેણીએ ખચિત માન્યું કે કંગાલ અને ભીખારી જેવા બદમાશ આગલ પોતાનો ભેદ ખુલ્લો કરી દેવો જોઇતો હતો નહિ. પણ હવે તેણીની સ્હાડે બીજો ઇલાજ હતો નહિ. વળી તેણીએ એ પણ જોઇ લીધું હતું કે તે જેન્ટલો બદમાશ હતો તેટલોજ તે ચંચળ હતો એટલે પૈસાને ખાતર ગમે તે કરે તેમાં સહેજભી અજબ ચવાનું નહિ હતું

તેણીએ આ પલે જોઇ લીધું કે હેારતન કાંઇ ઘણોજ ઉંડા વિચારમાં ગર્ક બની બેઠો હતો. તેને, સર્વેથી પહેલો ગમ મીસીસ વેાગન (રોઝી) સોડેથા ગણતી એક રૂમ બંધ પડી જવાનો હતો. અને બીજો ગમ રોઝીની નાઉમેદીનો હતો. તેને મીસ બેલ ઉપર જબરી ચીઢ લાગતી હતી. તેને લાગ્યું કે હવે મીસીસ વેાગન પાસેથી નાણું મેળવવાની આશાને તેણે છેલ્લી સલામ કરવી જોઇએ. કેમકે મીસ બેલ રોઝીની બેહેની સેાલીસીટર થા પેાલીસ સનમુખ ઉભી કરશે તેા રોઝી તેણીનાં ખરાં રૂપ-રંગમાં જાહેર થયા વિના રહેશે નહિ. એટલે રોઝી પાસે એક પાઇ પણ રહેવા પામેણી નહિ. આ ખ્યાલ થતાં તેણીને લાગ્યું કે તે શા માટે હમણાંજ રોઝીને બેાડી ગણી નિચેાવે નહિ?

એમ કરવાનાં હરાવ ઉપર આવતાં તેણે સવાલ કર્યો :—

"બાતુ, તમેાને કાંઇ ખ્યાલ છે કે મીસ બેલ ગ્રેન્જ છેાડયા પછી કયાં ગઇ હતી?"

"મને એટલીજ યાદ છે કે તે લંડન ગઇ હતી. એ સિવાય મને કશી ખબર નથી."

"તમારી બેડી એ ગેારતના હાથમાંથી હું લઇ આવું તે માટે તમેા મને બેાડી ઉપયેાગી ખબર નહિ આપી શકેા?" હેારતને આગળ ચલાવ્યું." તમેા મને કાંઇ ખર્ચનું આપેા તેા હું તમારી બેડીને છેાડી લાવું."

રોઝીને સદ્ગેજભી આનાકાની વગર તુરતજ પચાસ પાઉન્ડ હેારતનના હાથમાં મુકયા, અને હેારતને મેાહડું મટમટાવ્યું.

રોઝીએ ત્યાં વધુ વાર બેાલવાનું દરસ્ત ધાર્યું નહિ. તે તુરતજ બાહેર નિકળી પડી.

હવે શું કરવું તે તેણીને સુઝ પડયું નહિ. જો કે તેણીએ હેારતનને પચીસ પાઉન્ડ પેાતાની બેડીને છેાડી કહાડવા આપ્યા હતા તેાપણ તેણીને પકી ખાત્રી હતી કે હેારતન ગમે તેટલેા બદમાશ અને બાહેાશ હેાવા છતાં કદી પણ મીસ બેલના હાથમાંથી તે તેણીનાં કરજંદને છેાડી કહાડી શકનાર નથી.

ચેાકસ છેાકરાં.

હેામી—ઑરીસથી ઘરે આવતાં તું ઘણી હાકી ગયેલી લાગેછ ડીયર શીરીન શું છે?

શીરીન—(હાકથી દબાએલા સાદડે) બચ્ચાંઓએ આજે મને હાકીને તદ્દન મારી નાંખીછ, ને ઘેલીનેા અવતાર આપેછે.

હેામી—(હમામથી) એ છેાકાને એમ છેાકજ ચેાકાં ના થવાદે. (છેાકરાંને) નવલ, પપા જ્યારે વાત કરે ત્યારે પચ્ચે પટ પટ નહીં કર્યે. એ છેાકરી સાથ ઘણીજ નરમાસથી વરત. નવલ તું સમજેછ કે, ગડબડ ના કર સેાલી મારું ગજવું ના તાણ, સમજેછ કે ખ્યારી એ ઓલી સાથે ઘણીજ માયાથી ચાલજે. સમજતેા નહીં કે સેાલી ગજવામાંથી હાથ બહાર કહાડ; અરરર! ચસમાની ફ્રેમ ભાંજી નાંખી. નીકળ અહિંથી આહ! પૈસેા નવલ શું કરી રહયેાછ. માના ફેટેા ભણે કયારી નાંખેા, જલદીથી એના હાથમાંથી લઇ ખુંદી ઉપર ઓળટ. દુકતાઓને વાસ્તે પેલી નેતર સાવતેા; નવલ મુંગેા રહે, નહીં તેા તુંને માર પડશે. અરરર! બેડું જણાએ સાથે રડવા માંડયું. શીરીન, એકદમ એઓને બીકાણે લઇજા. મારા બેાલાવ્યા, કું ઘરમાં હેાડું તેા મારાં બેજનું શું થાય.

જ્યારે શીરીન છેાકરાંઓને લઇ ઉપર ગઇ ત્યારે ધ્યાનથી ચેહરે હેામીએ પેાતાની મીસીસ તરફ જોયું.

"નેાસ્તાકરેા કેમ."

આર્યાવર્તના વીર રત્નો.

[૧૮]

ધી ઑનરેબલ ડૉ૦ રાશ બિહારી ઘોસ.

એમ. એ; બી. એલ; સી. આઇ. ઇ; એલ એલ; ડી.

(લખનારઃ—મી૦ જે. એલ. ડી. મારભાયા.)

"The three foundations of judgment,
Bold Design, frequent Practice;
And frequent Mistakes"

ઊંચ શ્રેણી કર્મ, દીર્ઘ કામની ખંત;
અને વારંવાર કરાતી ભૂલોઃ
આ ત્રણ અનુભવો પ્રવિણતા લાવે છે.

જન્મઃ બરધ્વાન જીલ્લામાં આવેલાં ટારેકાણા નામના ગામડામાં મધ્યમ સ્થિતિનો બંગાલી ગૃહસ્થ રહેતો હતો જેનું નામ જગબન્ધુ ઘોસ હતું. તેને ત્યાં ઇ. સ. ૧૮૪૫ ના ડીસેમ્બરની ૨૩ મી તારીખે પ્રથમ પુત્ર જન્મ્યો તેનું નામ રાશ બિહારી પાડવામાં આવ્યું.

કેળવણીઃ તે ગામડાની પાસે આવેલા બાનકુરા નામના શહેરમાં રાશ બિહારીએ શિખવા માંડયું. અને સોલમાં વર્ષની તરૂણ વયે ઇ. સ, ૧૮૬૦ માં એનટ-રન્સની પરિક્ષા પસાર કીધી, તે બાદ ૧૮૬૧ તેણે કલકત્તા ખાતે રહી પ્રેસીડન્સી કૉલેજમાં શિખવા માંડયું. ત્યારબાદ બી. એ અને પછી ૧૮૬૫ માં એમ. એ. ની પરિક્ષાઓ તેણે માનસહિત પસાર કીધી. પછી ૧૮૬૭ માં કાયદાનો અભ્યાસ કરી બી. એલ ની ઉપાધી મેળવી.

વકીલાતનો ધંધોઃ તેજ વર્ષના ફેબ્રુઆરી માસની ૫ મી તારીખે મી. રાશ બીહારી ઘોસને વકીલાત કરવાની મંજુરી મળી. અને કલકત્તાની વડી અદાલતમાં પોતાનો ધંધો શરૂ કીધો. પ્રથમમાંજ તેણે ધી ઓનરેબલ મી. જસ્ટીસ દ્વારકાનાથ મિતર જેવાની પ્રેશંસા મેળવી. ચાર વર્ષ સુધી વકીલાતનો ધંધો કરવા ઉપરાંત કાયદો વાંચવાનો અભ્યાસ ચાલુ રાખ્યો. અને પછી કલકત્તા ખાતે પ્રવીણ કાયદા શાસ્ત્રીના પદ માટે લેવામાં આવતી પરિક્ષામાં બેસી ઇ. સ. ૧૮૭૧ માં ઘોસે તે પસાર કીધી. અને તે બાદ કાયદા ઉપર ઘણો પુસ્તકો તેણે રચ્યાં.

જાહેર જીંદગીઃ દિવસે દિવસે કાયદા શાસ્ત્ર તરીકે તેઓની જીંદગી વધુ અને વધુ અરાસ્વી બિચડતી ગઈ અને તે સાથે તેને બાહેરથી અનેક પ્રકારનાં માનો મળતાં રહ્યાં ઇ. સ. ૧૮૭૭ માં કલકત્તાનાં યુનિવરસીટીના તેઓને કાયદાના પરિક્ષક નેમવામાં આવ્યા અને ૧૮૭૮ માં યુનીવરસીટીના તેઓ ફેલો નેમાયા. ૧૮૮૪ ડાકટર આફ લૉઝની પદવીનું માન આપી ૧૮૮૭ માં કલકત્તાની યુનિવરસીટીના તેઓને સીનડીકેટ નેમવામાં આવ્યા. ૧૮૮૯ માં ડૉ. રાશ બીહારીને બંગાળની ધારાસભામાં બેસક આપવામાં આવી. અને તે બાદ સર રોમેશ ચંદ્ર મીત્રની ખાલી પડેલી જગ્યા ઉપર તેઓને વડી ધારા-સભામાં સ્થાન આપવામાં આવ્યું. ત્યાં બજાવેલી સેવાઓના પરિણામે ઇ. સ. ૧૮૯૬ માં તેઓને ઇન્ડી-અન એમ્પાયરના કમ્પેનીયનનો ચાંદ એનાયત કરવામાં આવ્યો. ઇ. સ. ૧૯૦૬ માં કલકત્તા મધ્યે ભરાએલી બાનીસમી રાષ્ટ્રીય પરિષદની આવકાર દેનારી મંડળીના તેઓને પ્રમુખ નેમવામાં આવ્યા હતા.

હાલમાં ડૉ. રાજવિહારી બોસ એક શ્રીમંત જમીનદાર ઉપરાંત કલકત્તાના આગેવાન વકીલ તરીકે ગણાય છે, અને થીએટર રોડ નામના જાણીતા રસ્તા ઉપર આવેલાં 'ગ્રાન્ડ હાઉસ' નામના મકાનમાં રહે છે. શ્રીમંત કાયદા શાસ્ત્રીઓ હાલમાં કલકત્તા મધ્યે જેમ અંગ્રેજી પોષાકમાં સજ્જ થઈને ફરતા જણાય છે તેવું આ ગૃહસ્થના સંબંધમાં નથી. તેને ચપકન અને છોગા સાથે સજ્જ થયેલા નિહાળીએ છીએ. તેઓ બીજી વેળાએ પરણેલા છે. પ્રથમની સ્ત્રી ગુજરી જવા પછી ઘણો વખત તેઓએ વિધુરાવસ્થા ચલાવી હતી, પરંતુ એકલું ન હોવાથી બીજી વેળાએ પરણવું ઉચિત ધાર્યું હતું.

દૈનિક કાર્ય ક્રમ. રાતના લગભગ બાર વાગા સુધી વાચવાનો શોખ હોવાથી તેઓ સહવાસના મોડા ઉઠનારા છે અને તેથી લગભગ સાડાનવને ગુમારે ઉઠે છે. બારવાગે પોતાની ઑફીસમાં જાય છે. સાંજના ફરી રાતીએ ઘેર આવે છે. અને આવી રીતે ઘડીઆળની ગતી જેવી જીંદગી ગુજારીઆથી, સંપીવાના દર્દથી જ્યારે ત્યારે પીડાવા છતાં તેઓ સારી તબીઅત ધરાવી શકે છે.

ઉદાર વૃતિ. પરમાર્થમાં અને ખાસ કરીને કેળવણીના વિષયમાં તેઓ સારો ભાગ લેનારા છે. હિંદુ યુનિવરસીટીની તેઓની અપેક્ષા જગ જાહેર છે. આવી ઉદારતા પછી બીજી ઉદારતાના દૃષ્ટાંતો આપવાં એ સોના ઉપર ઢોળ ચઢાવવા જેવું જ થાય. ચાલતા માસની ૨૩ મી તારીખે તેઓ ૬૯ મું વર્ષ જોવા પામશે. તે તેઓને વધુ યશ, કિર્તિ અને આબાદી અપો એમ ચાહી હું વિરમીશ.

દીવાને શયદા.

લખનાર:—ભો૰ હરજી લવજી દામાણી.

બાકી !

રખડતો આમના મૂકે હજીછે આરજુ બાકી,
ન છોડો હાથને પ્યારા હજી છે ગુફ્તગુ બાકી,
ખફીગી આ તજી દઈને રહમદીલી બતાવોને,
કે હક ઇન્સાફમાં તમને થવાનું છે હજુ બાકી,
મગરૂરી ધરીને શું કરો છો આમ હું! હું! હું!
કજાસર આવતા રહેશે ન હું બાકી ન તું બાકી,
અજામાં યુસ માંગુછું જરા ઐતો બતાવોને,
કહોને કયાં સુધી રહેશે અરે આ જુલ્તજુ બાકી,
ઇબાદત શું કરૂં જાહેદ તમારી સાથમાં આવી,
મને કરમારે સાકીમાં જવાનું છે હજુ બાકી,
કરૂં શું હું યુસલ્લાને શું તરબી કામમાં આવે,
નથી હું જે નથી પાણી હજુતો છે વજુ બાકી.

અંતે ધર્મોજય.

એક દુંદી વાર્તા.

લખનાર:—"દીલખુશ."

"આહ! હવેતો નખોદ ગઇ છેજજ કરકા કરકી ચાલેછ. પણ બાપ જોવ! સર તેમુરસ્પ તાલેવંતના કુટુંબ સાથે ઓળખાણ થયા છે અને તેવણની એક બેટી પરીન અને ટોકરાની દોલત બન્નેમાં સેવકનો ડોલો બોળાયો છે. બટ, કનકા ઉન્ડ ધટ! સમજવા મેળે મારો મુળ પીતરાઇ રશીબી ત્યાં આવતો જતો દેખું. ટોકરાએ આજે આઠ વાગે બોલાવ્યો છે તો ખરો હવે જોઇઅછ કે ઉંદરો કઇ તરફ પેસે છે."

વાંચનાર ઉપર્યું ટાઇલું જસી વ્હાડીયા પોતાના રૂમમાં કરતો કરતો હતો. તે તાલેવંત હોલમાં ગયો જ્યાં કેટો રશીબી આવેલો તેને જોઇ ને બોલ્યો 'યુ ઇન્ફર્નલ બીસ્ટ! તું અહીં'? "કેમ નહીં?" રૂસી બોલ્યો. "મને અત્રે સવા આઠનું એપોઇંટમેંટ છે. "અને મનેબી આહવાગેનું છે" જસી ફફડીને બોલ્યો, તેટલાં નોકરે આવીને ખબર આપી કે શેઠ જસી વ્હાડીયાને પહેલાં બોલાવે છે તેથી તે ગયો.

"વેલ મી. વ્હાડીયા, તમે મને મળવા આવ્યા કોની?" તાલેવંત શેઠે કહ્યું.

"પણ મારી બેટી તમુને ચાહે છે?" તેવણે પુછ્યુ

"હું તેમ માનું છું સાહેબ અને તેથીજ આપને અરજ કરૂં છું" તેણે કહ્યું "ત્યારે જુવો મી. વ્હાડીયા હું મારી બેટીને પુવેલી જોવા ઇચ્છીશ પણ તમો સાથે પરણાવીશ નહીં. તમે એક ઉડાઉ, ઠાકતા, જુગારી અને બીલકુલ રદ બાતલ પુરૂષ છો. તમે તમારા બાપદાદાની લાખની દોલત રાખ કોધી જેથી તમારા પીતા પાછળ છ માસ પછીજ તમારી માતા તુરતજ હૈડે મરણ પામી હું તમો માટે દીલગીર છું પણ મારી પછી મારી દોલત અને દીકરીની સંભાળ લેવા માટે તમે બીલકુલ ના લાયક છો. સીધારો સાહેબજી" તે બુધ્ધાજીએ હકે રોકકું, પરબાબાથી જસી એક શબ્દ પણ બોલ્યા વગર બહાર નીકળ્યો.

બીજે દીવસે બન્ને પીતરાઇઓ મળ્યા રશીને ખુશ જોઇને જસીએ પુછ્યું "કેમ બચ્ચા કંઇ ધણોજ ખુશીમાં આવી ગયોછ?" "હાં ભાઇ, ગઇ કાલે મારી પરીનના હાથની દોસાજ પાસે માગણી કરતાં જે હું બે માસમાં રૂ. ૩૦૦૦ પેદા કરૂંતો મને પરીન સાથે જોડવા તેવન કબુલ થયા છે," રશીએ કહ્યું. "આહ! ખરેજ નસીબવાન કુતરો!" કરી બળતો જસી મનમાં ચોકસ ડરાવ કરી ચાલતો થયો.

જસી પોતાના મીત્ર પેસી સાથે ત્રેનમાં મુસાફરી કરતો હતો, આ પેસી દુબાશાણી એક પકકો બદમાશ હતો.

"આહ! એ મારા પીતરાઇનો જીવ લેઉતો થોડું છે" જસી બળ્યોયો.

"આહા! હા. હા. હા. હા! અરે જસી, એ તમો બન્નેને ઉંદર-બીલાડીનું વેર કેમ છે" પેસી ખડખડાટ હસીને બોલ્યો.

"જોરે એય, હું હાલ રમુજ કરવાના મુડમાં નથી માઇન્ડ વેલ! તે નખોદ ગીયો મજ્જેહતરદથી લખોની દોલતને ફાંકડી પોટ્ટી લઇ જાય અને હું એક ગોબલામાં બેસીને તે જોયા કરૂં? ઓ યીસ યઅ યનટોલરેટ બલ!" જસી ફફડીને બોલ્યો અને બધી કાહણી પેસીને કહી.

"પણ તેની ઉપર તું કેવી રીતે ફાવો લઇ તેને ખુવાર કરવા માગેછ?" પેસીએ બધી વાત જાણે જસીને પુછ્યું.

"જો એણે મકર બુદ્ધા સાંભળી, ખરીને તેની ચવા કબુલાત આપી છે પણ દેશો તો પોતાની શરતને વળગી રહ્યો છે તે જબરો વેપારી બચ્ચો છે. આહ! જો મારી પાસ રૂ. ૫૦૦૦ હોય તો બે માસ આગળ એ રકમની બરકતે એને કોઇપણ રીતે એના ધંધામાં ફાવવા નહી દઉં અને આવી રીતે એ કંગાલ કુતરા ઉપર વેર લઉં. પણ તે લાવવા કયાંથી?" જસીએ દાંત પીસીને ખુલાસો કર્યો.

"તે કાંય તારી રૂ. ૫૦૦૦) ની પોટલીસી છેતી?" પેશીએ કહ્યું.

"પણ તે ગીરવી મુકતાં કંઇ પુરી રકમ નહીં આવે ત્યારે પુરા તો હું ધર્યો ભાઇ ત્યારેજ મળે કેની?" જસીએ દુઃખથી કહ્યું. તે પોતાના ઉંધાં નસીબને શ્રાપ દેતો બેઠો હતો, તેટલાં ત્રેન એક બીજી ત્રેન સાથે અથડીને ભાંગીને આગ લાગી અને તેથી કેટલાંક માણસ છુંડાઇ ગયા, અને કેટલાંક માર્યા ગયાં જેમાં તેઓના કબ્જાનોનીબી એક માણસ મોહનું છુંડાઇને મરી ગયો. અમલદારો જે તપાસ કરતા હતા તે છેક પેલે નાકે હોવાથી જસીને એક વિચાર સુઝયો.

"ચાલ, પેશી, ઉતાવળ કર આ માણસ મારાં કહને મલતો છે તેને મારાં કપડાં પેહેરાવી દે મારા કોટમાંજ મારો કાર્ડ કેસને કાગળ છે જેથી સેવક ઓરેશા જાહેર થશે અને બીજાના નાણામાંથી સેવક બીજે નામે હૈયાતી ભોગવીએ બદમાસ ફશીપર વેર લઈ તેનો પ્લાન ઉંધો વાળશે. બી કપીક! એ બીજાના નાણાનો 'કલેમ તુજ કરજે. ઉતાવળ કર, હું કાંઇ બોક થયો નથી. હું તેનાં કપડાં પેહરી લેઉંછું એ પુરુષ સેવકના નામે ઓરશાં જશે. ચલાવ મુકુલ, બોલ્યા શું રેછ?" જસીએ ઉશ્કેરાઇને કહ્યું.

આ વાતને દીવસ વીત્યા બાદ બન્ને સાહેબો પેશી દુબાશ અને ખસી પાટક (જસી ભ્હાડીયા) સાથે બેસીને પોતની યોજના ઉપર મલકાતા તે પાર ઉતરે તેની સલામતી લેતા હતા તેટલાં જસી એક પેપર ઉપર ટપકે લેતાં ફીક્કાશ્ચ થઇ ગયો તેની આંખે અંધારાં આવી ગયાં.

"શું છે માઇ બૉય" પેશીએ આગળ જઇને પુછયું.

"વાંચ–અરે વાંચ આય–દાદરોળાનો સમાન ઓ માઇ ગૉડ ચેારને પેાલ્ટર્સે હુલની હુલ તે કેદું ખરૂજ રખું. આહ! ખુદાઇ લાકડીને અવાજ નથી. અતે ધર્મોજય!" જસી ઉશ્કેરાઇ બોલ્યો તે 'તાજા સમાચાર' ની કોલમમાંનો નીચેશ પેરેગ્રાફ પેશીએ વાંચ્યેા.

"અમો સારી સન્તોષી જણાવવાને ખુશી છીયે કે આપના જાણીતા શેહરી મી. રૂસતમજી ભ્હાડીયાના એક દુરના સગા વિદ્યાર્થતમાં ગુજરી ગયા ળ જેવન પોતાની બેશાખની દોલત બન્ને પીતરાઇઓ રૂસ્તમજી તથા જમશેદજી ભ્હાડીયાને સરખે ભાગે આપી ગયા છે. પણ છેલ્લા ગ્રહસ્થ થોડો વખત થયા બનેલા ભયંકર રેલ્વે અકસ્માતમાં માર્યા ગયલા હોવાથી બધી દોલત રૂસ્તમજીનેજ મળશે, જેવનનો વેપાર સાંભળના પ્રમાણે કેટલાક વખતથી ગગડેલા હોવાથી આ બાદશાહી રકમથી પાછો ઉભો નીકળશે. વળી અમે વધુમાં જણાવવાને શકતીવાન છીયે અને મી. રૂશતમજીને મુબારકબાદી આપીએ છીયે કે તેવણના લગત શેાકુંમાં અત્રેના જણીતા લખપતી શેહરી સર તેમુરસ્પ તાસેવંતની એક પુરી બેટી પરીન બાતુ સાથે પનાર છે. ખુદા એ જોડાને ઘણું સુખ આપે!"

આ વાંચી બન્નેજણ કપાલ કુટી બેઠા ત્યારે રૂસી પોતાની પ્રીયાને દુઃક વખતમાં પરણીને સુખીજ થયેા.



બાનુઓનો બાગ.



લખનાર—**સહનશીલ સખી.**

ફરવરદીઆન અને પારસી બાનુઓ

ફરવરદીન મહિનાને ૫૨-વરદીન રોજે ઘણાં પારસી બાનુઓ ધર્મની દાઝ હૈડે ધરી દેખમાં નજીક ભણનર માટે જાય છે. આવી એક પાક—પવિત્ર જગ્યા આગળ પારસી બાનુઓને જતાં આપણે જોઇએ છિયે, તેમાં વાંધા જેવું કશું નથી; પણ, જ્યારે તેઓને **ઝાપકદાર** પોશાકમાં, જવ્હસો પહેરીને જતાં જોઉં છું, ત્યારે મારૂં મન એવું તો કચવાય છે કે શું લખું? એક જગ્યા, કે જ્યાં આપણાં મરહુમ વ્હાલાંઓની યાદથી આપણું જીગર ચીરાઇ જાય, જ્યાં આ તકશીદી ત્રણ પાંચ દહાડાની દોરંગી દુન્યાનાં ખ્યાલ મનમાંથી દૂર થઈ, ખુદાઇ ખ્યાલો આપણાં જીગરમાં ને મનમાં વાસો કરે; જ્યાં તેંકકરાઇ, અભિમાની, મગરૂરી, દરજ્જો, અને દોર-દમામ મેજબાંથી નિકળી જઇ, ખુદા અને તેની કુદરતનો ખ્યાલ મગજમાં પેવસ થાય, તેવી એક પવિત્ર જગ્યા પર, ગંભીરાઇથી, શાંતિથી, સાદા પોશા-કમાં જવાને બદલે પારસીના બૈરાંઓને લીલી-પીલી ઝબ્બીઓ અને ઘરેણાં સાથે ખુશ-ખુશાલ ચેહેરે, હસતાં જતાં જોઉં છું, ત્યારે તેઓનાં પથ્થર

"વૅલ્સ મી. વ્હાડા અને તેઓની કમ અક્કલ પર છોની?" તાલેવંત શેઠે કહ્યું.

"પણ મારી બેટી તમને આહે છે?" તેનથી પુછ્યું

"હું તેમ માનું છું સાહેબ અને તેથીજ આપને અરજ કરૂં છું" તેણે કહ્યું "ત્યારે જુવો મી. વ્હાડીયા હું મારી બેટીને મુવેલી જોવા ઇચ્છીશ પણ તમો સાથે ચરણાવીશ નહીં. તમે એક ઉડાઉ, છાકટા, જુગારી અને બીલકુલ રદ બાતલ પુરૂષ છો. તમે તમારા બાપદાદાની લાખની દોલત રાખ કાંધી જેથી તમારા પીતા પાછળ છ માસ પછીજ તમારી માતા તુરેલે હૈડે મરણ પામી હું તમો માટે દીલગીર છું પણ મારી પછી મારી દોલત અને દીકરીની સંભાળ લેવા માટે તમે બીલકુલ બીજી કોઈ જગ્યા મુંબાઈમાં હોય નહિ, તેમ બે ભાટીયા બાંધીને ત્યાં ખાવા-પીવા તે દીવસે દેખમાં દીવસે ઉતરી પડે છે! જે જગ્યાના દેખાવજ આપણું જીગર આપણા વ્હાલાંઓની યાદથી ચી જાય, તે જગ્યા પર ગળાંમાંથી મુક કેમ ઉતરે, મારી તો અલબત્ત્ય છે! જો આ વાત ખરી હોય પારસી બૈરાંઓ માટે એક શરમ ભરેલો અને પસ્તી ભરેલો દેખાવ ગણાય! મોજ-મજાક મારવાની બીજી જગ્યા શું તેઓને મળતી નથી? તે રસ્તેથી પસાર થતાં આપણી છાતી ફાટી જાય છે, તો તેજ જમીન પર બેસીને ખુશ-ખુશાલ ખાવા-પીવાનું જાણે કેમ ચાલતું હશે? જો તેવાં પારસીનાં બૈરાંઓ પથ્થરાં હોયાના અને કમ અક્કલ હોય, તો બનતાં માણીયોએ તેઓને સીધે રસ્તે દોરવવાં જોઇએ. પૂરેપોરી તે એક પવિત્ર ફરજ છે!

ન્યુઝિકના ખુદાઇ હુનરની અને હુનરમંદો કદર અજ્ઞે કેટલી છે?

પ્રખ્યાત ગાનારી મેડમ નૅરીલ્લા પોતાની પાછળ ત્રણથી ચાર લાખ પૌંડની દોલત મુકી ગઇ છે; એમ તેણીના મરણ પછી જાહેર થયું છે; અને તેણી બાર-સામાં પોતાના "એકમપનીસ્ટ"

(તેણી ગાયન- ગાય તે વખતે વાજીંત્ર વગાડનારોને છ

"જોરે એમ,રે. રૂ. ૬૦,૦૦૦ વારસામાં આપી માઇન્ડ વૅલ! તે નખો હુનરની કદર પૂર્તમાં કેવી છે દોલતને ફાંકડી પોટી જાંણી મળે છે! અત્રે સંગીતના લામાં બેસીને તે જોયા! કેવાં નીચવરતામાં આવે છે; બસ!" જસી ફરદીનીપીને, પછી કેટલું બધું માય-બેસીને કહી. ામાં આવે છે; સખાવતનાં ઓઠાં

"પણ તેની ત્યાં રગડામાં આવે છે; અને પોતાનાં તેને ખુવાર કરવા તત કરનારાં સંગીતના પુજારીઓને જોઇને જસીને પુછ્યુંવે છે, એ સદ્ગતોના જ્યારે આત્મા

પુર્વના એકદર લોકોનો ખ્યાલ કર્યે છિયે, ત્યારે પશ્ચિમની પ્રજાની સંગીતના ખુદાઈ હુનર તરફની પ્રસંસા, જનદેશાની અને અક્કલ પસંદ કદરશનાસી માટે આદરનાની ઉદારાર કાઢયા વિના રહેવાતું નથી. પૂર્વના લોકોને પૈસો પ્યારો છે; જ્યારે પશ્ચિમના લોકોને હુનર વ્હાલો છે. પશ્ચિમના લોકો હુનરમંદોને હાર પાડ્યા, તેઓને ઉત્તેજન આપવા, તેમના ગુજરાનના સાધનો શોધી આપવા આતુર અને ખંતીલાં હોય છે; ત્યારે પૂર્વના લોકો મોટે ભાગે સંગીતના હુનરથી અલબુ હોવાને લીધે, તેમની કદર પિછાણવામાં પછાત પડે છે; તેઓ પોતાના જીવે મોજ-મજાહ મારતી વખતે, કે ખર્ચાળુ પોશાકો પાછળ પૈસા વેરતી વખતે, નાણાની અરબાદોનો ખ્યાલ નથી કરતાં; પણ જ્યાં સંગીતની કેળવણીની કે હુનરમંદોને ઉત્તેજન આપવાની, યા પોતાના બચ્ચાંઓને મ્યુઝીકની તાલીમ આપવાની વાત આવે, ત્યાં પહેલો પૈસાનો વિચાર કરે અને તે માટે જેમ બને તેમ શિક્ષકોને નીચવવાની, અને બની શકતા ઓછા પૈસા ખરચીને તેઓ પાસે વધુ વહીવું કરાવવાની તાબુમેંચ થાય; તેમાં જો પોતાની જનવાળાં હશે તો તેઓને ગરજાઉ સમજીને કોઇ વેળા દબરાવવાની, તો કોઇ વેળા શરમમાં નાખીને હાથ કરવાની બાજી રમાશે. આ સઘળાનું મૂળ કારણ આપણને શોધવા જવું જેવું નથી. દેખીતું છે કે પુર્વના લોકો સંગીતના હુનરથી ઘણાં કમનસીબ અને અલબુ છે; અને તેથીજ તેઓ આવા ખુદાઇ હુનરની પિછાણ કમ સમજને લીધે કરી શકતાં નથી; નહિ તો સંગીતના પુજારીઓ અને હુનરમંદો તો અત્રે મહેલમાં રહે! પૂર્વના કેટલાં મ્યુઝીસ્યનો અને શિક્ષકો લાખો પૈકે એકડા કરીને પૈસાવાળા થયા તે કોઇ દેખાડી શકશે? વર્ષો સુધી રગડાઇને મેહનત કરવા છતાં પણ તેઓ પોતાનાં ધારપણું કે ભવિષ્યનું રક્ષણ કરી શકે તેવી સ્થિતિમાં આવી શકતાં નથી, અને તેનું કારણ જોશો તો પૂર્વના લોકોની બેદરકારી છે. તેઓ સંગીતને એક હુનર તરીકે પિછાણતાં નથી; પણ જાણે મોજ-શોખનું એક નજીવું સાધન ગણે છે, અને તે સાધન ઘણું સસતું ધારે છે; અને તેથીજ તેઓ સંગીત સંગીતની પિછાણ કરવામાં પછાત પડે છે.

સેંકડોની સંખ્યામાં છોકરાઓ ભણે છે, થાય છે; પણ એકબી છોકરા સંગીતના ઉસ્તાદ તરિકે પૂર્વમાં બાહેર પડતા નથી. જે છોકરાઓ શોખને ખાતર મ્યુઝીક શિખવા ઇચ્છે છે, તેઓની પણ તે કુદરતી ઉણપને મા-બાપ દમ ભરાવીને દાબી દેછે; પરિણામમાં એક પણ મ્યુઝીસ્યન પૂર્વમાં આપણને મળતો નથી, અને તેથીજ પશ્ચિમનાં મ્યુઝિસ્યનોની મદદ ઘણી કિમતી અને બાતકારદાયક થઇ પડે છે. એક છોકરાનાં નિશાળનાં અને કોલેજનાં બાર-પંદર વર્ષો અભ્યાસમાં અઠવાડ જવા પછી તે ભાગ્યે ૩. ૫૦ થી ૧૦૦ મેળવી શકે છે; જ્યારે જો તે ૧૨ થી ૧૫ પંદર વર્ષ સંગીતનો હુનર, (જો તેની કુદરતી વળણ મ્યુઝિક તરફ હોય તોજ) હાંસલ કરી મોટો ઉસ્તાદ થઇ શકે અને પછી તે પોતાની આળાકી અને હુશિયારીથી મહિને સેંકડો રૂપિયા મેળવી શકે. એ બાબતમાં પારસીઓની આંખ હજી ઉઘડતી નથી એ અફસોસકારક છે!

રમુજ.

રામલો અને પેમલો નામના બે લાલાઓ રસ્તેથી વાત કરતા પસાર થતા હતા. તેઓનાં નાક સુકાતાં હતાં, પણ પાસે ખરચી નહીં એટલે એકાદ બે બેવકાનાં ગલ્લાસો કેમ પેદા કરવાં તેના વમાસણમાં હતા. આખરે તેઓ પોતાનામાં મસલત કરી એક ટેરાર પર આવ્યા. રસ્તે એક પીંજુ આવતાં રામલો બેસુદ્ધ થઇ જવાનો ઢોંગ કરી બોબ પર ફસડાઇ પડ્યો અને પેમલાએ મદદ માટે મોટી મોટી બુમો પાડી ગડબડ કરી મુકી. લોક જમાવ થઇ ગયું અને પીંજારા શેઠ પણ બહાર દોડી આવ્યા. તેવણે રામલાની હાલત જોઇ દયા બાઇ એક ટમલર ભરીને બેવડો તેને પીવા આપ્યો. પેમલો જાણે તેની કેવીક મેનેજર કરતો હોય તેમ તેની આજુબાજુ વરી બેવડો તેને પાવા લાગ્યો, પણ સાથે કેમ સાંભળે નહીં તેમ કહ્યું, "હદરીના, બધો ગટાવતો રખે, મારે હારૂ થોડોક રાખજે." આનો કોંઇ પણ જવાબ આપ્યા વગર રામલો ટમલરમાંનું ટીપે ટીપું ઓટી ગયો અને બેચાર બટાકા મારી ધીરેથી બોલ્યો, "અરે બનરે પેમરા, ઉં હાનેનુ તુને આપું? તારે જોખવે તો તુંબી બેહુદ્ધ થઇ જા!" (તિસ્કારેલ હશ્ય.)

બાળકોને બરનું.

પ્રભાતનો પાઠ ૪ થો.

ગીલ્લીદાંડા.

વહાંનાં વહાલાં ભુલકાંઓ,

જુદા જુદા રમકડાંઓમાંથી મલતુ નીતીનુ શીક્ષણ દરમહીને મેં તમો આગલ રજુ કર્યું છે. જુદી જુદી રમતોમાંથી મેળવાતું નક્ષત્રતનુ જ્ઞાન મેં તમો આગલ રજુ કર્યુ છે અને ઉમેદ રાખુ છું કે તમારા વડીલોની મદદથી તમો એની સમજનમાં ઉતશાહથી ભાગ લઇ કેાઇ રમત કે રમકડાંમાંથી કંઇ ને કંઇથી બોધ મેળવતા હશેા.

આ અંકમાં **ગીલીદાંડાની** રમતમાંથી મલતુ શીક્ષણ તમારી આગલ રજુ કરવા માગુછું' એવી ઉમેદ સાથે કે એ શીક્ષણોની ઉપર તમારી કમીની જીંદગીમાં તમો અમલ કરો અને તમારી વધતી જતી વયમાં વૃધ્ધ વયે તેનેા લાભ સંપુર્ણ રીતે મેળવેા.

ગીલીદાંડાની રમત એટલી બધી તેા જાણીતી છે અને જે દરેક ઉધરતે છેકરેા સારી રવેસે રમી જાણે છે. એમાં એક લાંબેા દાંડેા જમના હાથે પકડી તેજ હાથ ઉપર એક નાહની ગીલ્લી મુકી ચેાકસ રીતે ઉછારીની નેમ તાંકવામાં આવે છે અને તે ગીલ્લી જ્યા ઉડીને પડે છે ત્યાથી ચેાકસ રીતે માપ ગણવામાં આવે છે અને જેતુ વધારે માપ થયુ હેાય તે જીતેલેા ગણાય છે **'ગીલ્લી'**નેા ઘાટ પણ લાંબેા એક તુકડાની મીસાલ રહે છે અને લાંબા દાંડા વતે તેને આઘાદ નેમથી ફેકવામાં આવે છે. હવે આ રમત પણ આપણને અર્થ સુચક બેાધ રમનારને પુરેા પાડે છે. લાંબી દાંડી એ તે ગેાયા જીંદગીનુ સ્વરૂપ છે અને જેમ દાંડી લાંબી સાંફ સુવાવી ને સ્વચ્છ હેાય તેજ મીસાલ આપણી જીંદગીની સીધી સાદ ને સુંદર રહેવી જોએ. જાણે દાંડી તે આપણી ઉંપાતાનુ સ્વરૂપ છે જેના વગર જીંદગીની આબાદી નથી. જીંદગીમાં જીવવુ એ ખુશી છે પણ તે જાતી ભેાગથી બીજના ભલાં માટે જીવવુ તેમાજ વધારે ખુશી છે તેમ પેલી દાંડી તે આપણી જીંદગીની અંદર પુરતી આબાદાંનીમાં જીવવાની જાણે ઉમદા નીશાની છે જે નીશાની હરદમ આપણે હાથે રાખવી સલાવાર છે પણ જેમ દાંડી વતે ગીલ્લીને ફેકવામાં આવે છે તેમ આપણી જીંદગી વતે થતી આપણી કરણી ચેાકસ રીતે દોરવવાની છે; અને પછી આપણા કાર્ય કે કર્મ કે કરણીનુ સઘળુ માપ આપણે પેાતાનેજ હાથે ગણી લેવાનુ છે. જેમ ગીલ્લી લાંબી ફેકાય અને તેના માપની ગણતી વધુ થાય તેમ સારૂં તેમ આપણી જીંદગી રૂપી દાંડીથી આપણી ભલી કરણીની સુંદર ગીલ્લી જેમ વધારે લેાકેામાં ફેકાય અને તેના માપ વધુ લેાકેામાં જાયજ થાય તેમ વધારે સારૂં. આ ગીલ્લી દાંડાની રમત સાથે જો આવા સુદર વિચારેા તમે કરતાં રહેશેા તેા તમારી જીંદગીનુ સાર્થક જલદી થશે અને તમારી ભલી મનસુબીના કાર્યોનું માપ વધારે ગણાતુ થશે.અને તમારી જીંદગી વધારે સુખી ને સાદમાન રહેશે જો બીજી કેાઇની રમતની સમજન અને તેમાંથી કંઇ નીતીનુ શીક્ષણ મેલવવા ચાહતાં હેાવેા તેા અરજ કરીયું કે તે **"રમત"**ની બીગત અમેા ઉપર લખી મેાકલવી અને તેની ઉપરથી નીતીનુ શીક્ષણ ઉપજાવી લખી મેાકલવાને મને ઘણાં ખુશી ઉપજશે.

લ૦ તમારેા હમેશનેા મીત્ર
મેાટાભાવા.

તા૦ ક૦—આવતા જનેવારીના નવાં વરસના નવા અંકથી નાતી રીતીને લગતા પાઠેા રજુ કરવામાં આવશે વહાલાં વાંચકેાને અરજ ગુજરવામાં આવે છે કે તેઓએ તેની ઉપર ધ્યાન પુરાવવું.

"પણ તેં મને પેહલીવાર ના કાય પાડી?" તે બોલ્યો

"હા, કારણ તમે એક પત્રથી માગણી કરી તેથી" તેણીએ કહ્યું

"પણ તેથી શું થયું?" તેણે પુછ્યું.

"વાહ, તમે શું એમ ધારો છો કે તમો રૂબરૂમાં પ્રેાપોઝ' કરતાં લાલ અને વાંકા ટીકા થઇ ચુંથણ મંડીએ પડો તે જોવાની રમુજ હું ચુકું. અમારી જીંદગીમાં આવી ટીકા કંઇ ઘડી ઘડી આવતી નથી તેથી આવી મજાહ હું જાણી જોઇને ચુકું એવી ભોળી નથી સમજ્યાછ?"

(આવડે વિચાર્યું કે બધીત બાઇછ ભોળાં તો નથીજ!)

"દીલખુશ"

ઉતારઃ—(રેલવે મેનેજરને)"જુવો સાહેબ, તમારાં ધનજીનમાંથી કોલસો ઉડી મારી આંખમાં ગયાથી તેને ડાકટરપાસે 'ટ્રીટ' કરાવાના મને રૂ. ૧૦ થયા છે તો હવે આપ તે મારે શું કહેલ્લો?"

રેલવે મેનેજરઃ—"કંઇ નહીં મારા મેરબાન, એમા શું છે. હમોને તે ઉડતી કરચની કાંઇજ જરૂર ન હતી તમે કંઇ ફીકર ના કરો જો કે એ કરચ અમારી મ-ત્તા હતી છતાં નજીવી બાબતમાં હમો 'કાગનો વાધ' કરવા માગતા નથી એ બનાવને સેહજમાં મનમાં ન લાવતાં બે ફીકર રહેા સાહેબ"

(ઉતારનું કોણ બોપ?)

"દીલખુશ"

સોરાબઃ—કેમ દોસ્ત નસવી ધાર કે તું પોતે પોતાનો નથી તો તું કોણનો છે? કોણના દેવતાવા!"

નસવીઃ—અલબત, એટલુંજી નથી સમજતો મારા ભાઇ ઘણી હું મારી બૈરીનો વર-મારી દીકરીનો બાપ-મારા પૌત્રનો બપાવો-મારા બાપાને દીકરો-મારા કાકાનો ભત્રીજો-મારા મામાનો ભાણેજ-મારા—"

સોરાબઃ—બસ-બસ દીયર નસવી હું હવે સમજ્યો.

(સોરાબજી નસવીને બનાવ ગયા પછ પોતે સામા બની ગયા.)

"દીલખુશ"

સાવકી માયઃ—"એા ખુદા! આય રૂસી કેટલો રડે છે! કેમ રૂસી, શા માટે રડે છે.

રૂસીઃ—"પપાએ મને કહેલું કે તેવન મારે માટે એક મજાહના નવા માયછ લાવશે ત્યારે તમે તો કંઇ નવા જેવાં લાગતાંજ નથી-હું-હું-હું-હું-"

સાવકી માયઃ—"અરે મરે રે, હવે એ ઘેલા ઘાંચીના કહેવાને કેમ સમજાઉ."

"દીલખુશ"

બીસીસની ફુનેહ.

ધણીછ—"દીયર, હું ધંધા માટે વિલાયત જાઉછું માટે તુને આય સુનાવી વીટી યાદગારી તરીકે આપી જાઉછું જે જોઇ મને રોજ યાદ કર્યા કરે."

બીસીસ—"ઘેકયું! પણ હવે માર કર્યું કરશો?"

ધણીછ—"બોજની બ્હાવી શું કહેછ?"

બીસીસ—"જુવો, હું ખરૂં કહું છું કે આપ વીટીથી તો તમોને હું યાદ કરીશ નહી પણ જો તમો એક દીવાની લૅાકેટ આપી જશોતો તેમાંની તમારી સુખીથી હું ઉઠતાં ને બેસતાં તમોને યાદ કરીશ-સમજ્યા મારા લવ?"

ધણીછ—(પીગળીને) "અરે હારે મારા લવ."

"દીલખુશ"

હોમી—મમ્મા આજનું પુડીંગ કેવું સ્વાદદાર છે (ચુપકીદી.)
ઓહ મમ્મા આજનું પુડીંગ કેવું સ્વાદદાર છે.

મમ્મા—(ગુસ્સામાં) વાંદરો તેનું શું કરવેચ.

હોમી—કંઈ નહીરે મમ્મા હું તો મકું જે ત્યારે કોઈ પરોણો આપરી ટેબલપર એમ કહેચ ત્યારે તમે બહોસ કરોચ કે બીજું જરાક લેશો આવા તેથી મકું જે મનેબી તમે એમજ.

એક અમીરે ભાષણ કરવાને માટે ખાસ પોતાને ખરચે એક ભપકાદાર બીલ્ડીંગ બંધાવીને ભાષણ કરવાના હોલમાં ખુશ ભપકો કરાવતા હતા એક દીવસ પ્રોફેસર સાહેબ તે હોલમાં કામદારો કામ કરતા હતા તે વખતે ગયાને તે કામદારોમાંના એકને પ્લેટ ફોરમ ઉપર જઈને એક ભાષણ કરવા કહ્યું કે બરાબર સમજાયચ કે નહી તેની પોતે ખાત્રી કરે, પેલા માણસ ઉપર ચઢીને પોતાનું માથું ભમાવીને કહેવા લાગો કે, મને કંઈ ભાષણ કરતાં નથી આવડતું કારણ કે હું કંઈ ખરો ભાષણ કરતો નથી. અમીરે કહ્યું કે કંઈ નહી તુંને જે જોઇએ તે બોલ ત્યારે પેલા માણસે કહ્યું મહેરબાન સાહેબ લગભગ બે મહિના થયા હમો તમો મહેરબાનને ત્યાં કામ કરીએ છીયે પણ પગારની એક અરધીબી મળી નથી તેથી મહેરબાની કરીને કહેા કે તમો કયારે આપવાના છો પેલા અમીરે બીજજ દહાડે પગાર ચુકવી આપ્યો. (ન. જ. ખરાની.)

એક આદમી પાંચ પાઉ લઇને રસ્તેથી જતે હતો તેને તેના દોસ્તે પુછ્યું કે તું પાંચ પાંઉને શુ કરેચ?

પેલાએ જવાબ આપ્યો કે બે પાંઉતો કરજદારને આપુંચ ને બે પાંઉ ઉછીના આપુંચને એક પાંઉ હું ચાતે ખાઉંચ પેલાને સમજ નહી પડી તેથી પુછ્યું કે જરા બરાબર સમજાવ તો ખરો.

પેલાએ કહ્યું સમજ ત્યારે કરજદારને આપુંચ કરીને કહ્યું તે માય બાવાને ઉધાર આપુંચ તે મારા બચ્ચાં તે હવેબી સમજ્યો કે નહી? (ન. જ. પ.)

તમારા સૈનકને ત્યાં નવલાને ઉપરના કામને વાસ્તે રાખેલો હતો તે બીચારાનું સુવાનું બોયતળીયે દાદરની નીચે હમો લોકોએ કરી આપ્યું હતું. નવલુને રાખ્યાને ત્રણેક દહાડા થયા હશે તેટલા નવલુ ફરયાદ લાવ્યો કે બીજે મારનો લવચ્છ એસી રાતના બાર વાગે ધરધર ઉપર ચરેચ તે સવારના ચાર વાગ્યામાં ધરધર નીચે ઉતરેચ તેથી તેની ઉંઘ જતી રહેચ તેથી હમારા ઓરડામાં સુવારસે મેં નવલુને કહ્યું કે તું લવચ્છને કહે કે આસ્તે ઉતરે ને આસ્તે ચરે નવલુ હેઠ મેં ઘણીબી ભાષ બાંધી કરીને હમજાયો પણ કહેજે જા તારા હેઠને જઇને કહે કે અહીંયાં કંઈ હવાની જગા નથી મેં વિચાર કીધો કે હું પોતે કહું પણ હું કે હું ને મનેબી એવો જવાબ આપે તો ઘણી વાર વિચાર કરીને એક યુક્તી મારા ધ્યાનમાં આવી એટલે જઇને એક દોરીયાના વટાણા ચણા લઇ આવીને નવલુને કહ્યું કે રાતના લવચ્છ ઉપર જરો તેનીજ તું આય ચણા લઇને દાદરના બધા ફોટાપર નાંખજે ને સુઇ જજે. નવલુને મેં જેમ શીખવ્યું તું તેમ કીધું ને સવારના લવચ્છ રોઠ ધરધર ઉતરવા બધા તેવાજ ચનાની ઉપર બુટ મુકતાંની સાથે પહેલે માથી નીચે સુધી ધરધરતે નીચે આયો કે નવલુ ઉઠીને કહેવા લાગો હેઠને મેં ઘણી વખત હમજાવ્યા કે હેઠ આહતે ઉતરો પણ માનેજ નહી ને ઘણું વામું હેઠ. ગરીબ બીચારો લવચ્છ તેવખુના ઘણીબાણીએ આવીને વાત સમજાવી તે જુદી ને નકામાં એક હાથ એક પગ લચકાઇ ગીયો તે જુદો જાુઓ શું કામ બોલું તે દહાડેનો નવલું મારી આગળ ફરીયાદ નથી લાવો.

(ન. જ. ખરાની.)

સુખ–દુઃખ.

લખનાર—શ્રીરાઓ શેહરીઆર કાપડીઆ.

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથેરે ઘડીઆં
તાણીઆં તે તેા નવ તળેરે, રઘુનાથના જડીઆં

ઢાંઢુ કવી.

પ્રીય વાંચક સુખ જોઇને ફુલાઇ જવું તેમજ દુઃખ પડે ત્યારે નાસીપાસ થઇને દીલગીર નહી થવુ એવી રીતનું મનનું જે વલણ રાખવું તેજ સર્વોતમ સુખને રસ્તે ચઢવાનો સરળ ઉપાય છે.

ઘણી વખત આપણે જોઇએ છીએ કે કોઇ શેહન શાહ પોતે હદ્દત બક્ષીમાતની માલેકી ધરાવતેા હોવા છતાં તેણેપણ અનેક જાતની આધી વ્યાધી અને ઉપાધીઓ હોવાથી તે પણ ખરેખરેા સુખી હોતેા નથી; કોઇ કરોડપતી વેપારી કે જેની ગામેગામ અને દેશે દેશ વેપારી પેહેાંચીઓ ચાલતી હોય છે. અને જેને દર વર્ષે લાખેા રૂપીઆની પેદાસ હોય છે તેની પણ જો બારીકાઇથી તપાસ કરવામાં આવશે તેા માલમ પડશે કે પૈસા બાબદતું દરેક સુખ તેને હોવા છતાં તે અનેક જાતના બીજા દુઃખેાથી તેમજ ફીકર ચીંતાથી દુખી હશેજ અને તેવીજ રીતે કોઇ દરજાના ચાર આના પેદા કરનાર મજુર પણ બીજાઓને પોતા કરતાં આર્થીક એટલે પૈસા સબંધી સુખી હાલતમાં જોઇને પોતાને દુઃખી સમજે છે, એવી રીતે જ્યારે દરેક માણસ એક યા બીજી રીતે દુઃખી હોય છે, એવું લાંબા અનુભવથી સાબીત થાય છે ત્યારે શું સુખનું નામ માત્રજ દુનીઆની સપાટી ઉપર હસ્તી ધરાવે છે? તેને માત્ર એજ જવાબ મલશે કે હા ખરેખર તેમજ છે. એટલે કે જ્યાં સુધી મનુષ્ય જાત આ દુનીઆનાજ સુખ દુઃખમાં રમ્યેા પમ્યેા રહેશે ત્યાં સુધી તેનું માની લીધેલુ એ સુખ અને દુઃખ દુનીઆને લગતું હોવાથી. તે નામ માત્ર રૂપે એટલે સ્વપ્ના જેવું ક્ષણભંગુર અને ચેટકા માટેજ બીવા છે. એ નીરવીવાદ ચોક્કસ છે.

સીકતઉલ અંમ્બીઆ નામના ઉરદુ પુસ્તકમાં એક ઠેકાણે લખ્યું છે કે જ્યારે પાકુબઅલે અરસામના સૌથી નાના બેટા યુસુફઅલે સલામ (એ બન્ને બાપ બેટા પેગમબર થઇ ગયા છે) ને તે દેશના બાદશાહે કોઇ અમુક બેગુનાહ કારણસર કેદ કર્યા હતા. તે દરમ્યાન તે બાદશાહને એક રાત્રે સ્વપનું આવ્યું કે તે બાદશાહની ઉપર દુશ્મનોનું લશ્કર આવીને તેનું રાજપાટ લુટી લીધું છે; અને તેથી તે બાદશાહને હારી જવાથી પોતાનુ રાજપાટ છોડીને પારકા મુલકમાં નાહસી જવું પડયું છે; કે જ્યાં તેને બહુજ દુખ લાગવાથી તે ગામમાં ભીખ માગે છે ત્યારે છેક સાંજને છેડે કોઇ બુઢીઆ તેને સવારની વાસી ખીચડી ખાવા આપે છે; પણ પોતાની પાસે તે ખીચડી લેવા માટે કશું વાસણ નહી હોવાથી રસ્તામાં પડેલું એક માટીનું ઠીકરૂં ઉપાડી તેમાં ખીચડી લેછે; અને તે ખીચડી આપનારના ઓટલા નીચે રસ્તામાં બેસીને બેાદા તાસનું નામ લખને જેવા પડેલેા કોતીઓ ખીચડીનેા લાલીને મેાઢામાં મુકે છે તેવામાંજ એક આભલેા દેાડતેા દેાડતેા આવીને હાથમાં લીધેલા ખીચડીના કોળીઆ સાથે માટીના ઠીકરામાની સવની ખીચડી પાડી નાખે છે; જેથી ગભરાઇ જઇને જેવા રાજા ઉઘમાંથી જાગી ઉઠે તે વખતે તેા પાછેા પેાતાને બાદશાહ તરીકે જુએ છે, તેવી જદુ અજબ થઇને આગે ગામના તેમજ પેાતાની દરબારના દરેક વીદ્વાન પંડીતેાને બેલાવીને પેાતે રાતના દીઠેલી સ્વપનાની બીનારી અરસ્યાની બીના ખરી કે આ જાતની હાલતની ખરા રાજા તરીકેની બીના ખરી એનેા ખુલાસેા જાણવા માટે તે દરેક

પીદવાનોને માત્ર એટલોજ સવાલ પુછે છે કે, "આ ખરૂં કે પેલું ખરૂં" કારણ કે જો સ્વપ્નાની દરેક બીના દરેક જણાઓને જાહેર કરે તો તેથી તે બાદશાહને બહુજ અરાબ લાગે એમ હતું; માટે "આ ખરૂં કે પેલું ખરૂં" એ સવાલનો જવાજ જ્યારે કેદખી પીદવાન આપી શકયે. નહી ત્યારે કોઇ દરબારીએ કહ્યું કે "બાદશાહ સલામત આપના કેદખાનામાં એક મુસુફર કરીને કેદી છે તે સ્વપનાની તાસીર બહુજ ખરસ જાણી શકે છે પોતે આપના સવાલનો જવાબ તે બહુજ સારી રીતે આપી શકશે" તે ઉપરથી મુસુફ અલે સલામને કેદખાનામાંથી બોલાવવામાં આવ્યા હતા અને તેમને પણ "એ ખરૂં કે પેલું ખરૂં" એવો સવાલ જ્યારે પુછવામાં આવ્યો તેનો એટલોજ જવાબ મલ્યો કે એમ "આ ખરૂં નથી તેમ પેલુંબી ખરૂં નથી" એટલે કે આ પણ ખોટું છે તેમ પેલુંબી ખોટું છે આ જવાબથી બાદશાહ પોતે તો પોતાના સવાલના જવાબની મતલબ સંમજી ગયો પણ બીજા દરબારના પીદવાનો વગેરે કોઇપણ આ જવાબની મતલબ સમજી શકયું નહી જે ઉપરથી મુસુફ અલે સલામે બાદશાહે રાતે ઉંઘમાં જોયેલો ઉપર લખેલો સ્વપનો ખુલાસાવાર કહી સંભલાવ્યો; અને તે ઉપરથી બાદશાહને જે રંપજ પેદા થયો કે સ્વપનામાં હું બીખારી હતો તે બીના ખરી કે હું અત્યારે ખરેખરો બાદશાહ છું તે બીના ખરી એટલે દુકામાં "આ ખરૂં કે પેલું ખરૂં" એ સવાલનો મેં જવાબ આપ્યો કે, એમ "આ બોટું છે તેમ પેલુંબી બોટું છે." મતલબ કે એમ સ્વપનામાં જોયલી બીખારીની બીનાબી જેમ ક્ષણમાંઁયર અને ગાયબ છે તેવીજ રીતે અત્યારે જે ખરેખર રાજપાટ તું બોગવે છે તે પણ જવેદાન કોઇનું રહ્યું નથી તેમ તારંબી રેહેવાનું નથી માટે એ પણ બીજા એટલે બોટું છે;"

આ ઉપરથી દુનીઆના કોઇબી સુખ દુઃખમાં લીન થઇ નહી જતાં એટલે તેને તાબે નહી થતાં દુઃખ અથવા સુખના ગમે તેવા બીન અનુકુલ અથવા અનુકુલ એવા દરેક સંજોગોમાં પોતાના મનની એક સરખી સમતારતા જલવી રાખી અંતરની એક જાતની પરમ શાંતીનો અનુભવ કરવાની આદત પાડવી એજ ખરેખર ઉત્તમ અને રયાદ સુખ મેળવવાનો સરળ રસ્તો છે.

ત્યારે આ ઉપરથી આપણે શીખવાનું એટલુંજ છે કે રાજપાટ સ્ત્રી પુત્ર માલ મીલકત અને એવી બીજી દુનીઆની બીજી દરેક બાબતોનું સુખદુઃખ મોટે બહેલે બીલકુલ નાશવંત છે માટેજ એવી નાશવંત અને બીબ્યા બાબતોમાં લીન થઇ જઇને તેમાંજ રમ્યા પમ્યા નહી રહેતા પોતે કોણ છે અને આ માનવ દેહમાં પોતાનું મુખ્ય કર્ત્તવ્ય શું છે તે જાણી સમજીને તે મુજબ પોતાનું વર્ત્તન કરવામાં મશગુલ રહેવું એજ ઉત્તમ છે.

જેમ જેમ આ જગતના બીબ્યા સુખ દુઃખોને દુર નાખીને પોતાના સત્ય સ્વરૂપની નજદીક જતા જશો અને જેટલા પ્રમાણમાં પોતાના સત્ય સ્વરૂપનું ભાન વધારે પ્રમાણમાં થતું જશે તેમ તેમ અને તેટલા પ્રમાણમાં તમોને જે એક જાતનું આંતરીક પરમ સુખ અને શાંતીનું ભાન થશે તેજ માત્ર રયાદ કલ્યાણકારક છે, અને એ આંતરીક સુખ અને પરમ શાંતીના ભાનનો અનુભવ મન અને બુધ્ધિની પેલે પાર હોવાથી આ જડ કલમથી લખી શકાય અથવા જડવાણીથી વર્ણવી શકાય એમ નથીજ.

"એક નાનું બાળક જ્યારે જન્મે છે ત્યારે તે પોતાની માની ગોદમા બેસીને તેના દુધનું પાન કરવામાંજ પોતાનું દરેક સુખ સમજે છે. જ્યારે તેજ બાળક જરા મોટું થાય છે, ત્યારે નાના નાના બાલ બાતના રમકડાંમાંજ પોતાનું દરેક સુખ સમાયલું સમજે છે; તેથી બીજા વધારે મોટી ઉમરે તે બાળક પોતાની શક્તિ અનુસાર અભ્યાસ હોવામાં તેમજ રમતમાંજ પોતાને સુખી માને છે, અને એથીબી વધારે મોટી ઉમરે વાતીના પુસ્તકો અને નોવેલો વાંચવામાંજ પોતાનું દરેક સુખ સમજે છે, અને હવે જ્યારે તે બાળક બીસ વરસની ઉમરનો બોકરો થયો હોય છે ત્યારે તે પોતાને માટે કરો નોકરી ધંધો શોધી તેમાંજ પોતાને સુખી માને છે અને જ્યારે તે પચીસ વરસનો થયે હોય છે ત્યારે પોતાની એવી ભર જુવાનીમાં જ્યારે પોતાની નોકરી ધંધો સારી રીતે ચલતા હોય છે ત્યારે તે કોઇ ખુબસુરત પોતાના વિચારને મલતી

સુશીક્ષીત કન્યા જોડે પોતાનુ લગન કરવાની તજવીજ કરે છે અને તેમ કરીને પુત્ર પ્રાપ્તી થયા પછી તે પોતાના એ પુત્રમાંજ પોતાને સુખી માને છે. અને જેમ જેમ એ માણસની ઉમર વધતી જાએ છે તેમ તેમ તે પોતાના છોકરાંઓને કેળવવા વીગેરેમાં પોતાનું દરેક સુખ સમજે છે, અને હવે લગભગ પચાસ વરસની ઉમરે પોતાના છોકરાંઓને પરણાવી પોતાની જાત જતમાં નામ ફાઈ તેનો લાહવો લેવામાં તે પોતાનું દરેક સુખ સમજે છે અને હવે જ્યારે તે પંચાવનથી સાઠ વરસની ભરતીમાં આવ્યો હોય છે ત્યારેજ દરેક કામથી પરવારીને પોતાને કૃત્ય થયેલા માને છે અને તે હવે પોતાની જાતને ઓલખવા તેમજ પોતાના પેદા કરનારને ઓલખવાને ફોકટ ફાંફાં મારવા જેવી તજવીજ કરવામાં તે પોતાનું સુખ માને છે."

પણ અફસોસ! સાદ હજાર અફસોસ. કે હવે ઘણુજ મોડુ થઇ ગયું છે કારણ કે એક તો તેનું શરીર આટલી ઉમરે ઘણુજ અશક્ત થઇ ગએલુ હોય છે અને તે સાથે વળી પોતાના મનને આખી ઉમર સુધી દુનીઆ સંસારી બાબદોમાજ ભમતું રાખેલું હોવાથી તે મન હવે પોતાના પેદા કરનારને ઓલખવા અથવા પોતાની જાતને જાણવાના અમુલ્ય કાર્યમાં બીલકુલ ધ્યાન આપતું નથી કારણ કે નાનપણથીજ પોતાના મનને એવા કાર્યમાં ધ્યાન આપવાની આદત પાડીજ નથી, અને હવે જ્યારે ઘરણની બીકથી તેમજ આવો અમુલ્ય માનવ દેહ ઇશ્વર કૃપાથી પ્રાપ્ત હોવા છતા પોતાનું ખરૂ કૃતવ્ય નહી કરવા માટે તે ખરે ખર પસ્તાય છે; અને તેથી હવે તે પોતાના મનને પોતાના ખરા કર્તવ્ય તરફ વાળે છે; પણ નબળા રાજાએ રૈયત જોરાવર તે કહેતી મુજબ પોતાનું શરીર અશક્ત થઇ ગએલું હોવાથી તે પોતાના મન ઉપર કશો કાબુ નહી રાખી શકતો હોવાથી તેનું મન હવે તે માણસની ઇચ્છા વીરૂધ પોતાને દુનીઆ સંસારી બાબદમાં રમી ઘમી રાખેલું હોવાથી તે માણસને પોતાને દુનીઆ સંસાર વેહવારના મીલા તરફ લઇ જાય છે અને તેથી હવે આટલી મોટી ઉમરે "સાહડી સુધી નાહડી એ કહેવત મુજબ તે માણસ પોતાના પૌત્રા પૌત્રીઓને રમાડવા ખેલાવવામાં તેમજ આખો દહાડો નાના બચ્ચાંના જેવી વર્તણુકથી વરતવામાં પોતાના મનથી પોતાને સુખી માને છે; કોઇ કોઇ વખત તે મહાત્મા સંત પુરૂષોનો સત સંગ કરવા ઇચ્છા કરે છે પણ હવે તો તેનું શરીર દુઃખ દરદોથી બીલકુલ અશક્ત થઇ ગયલું હોવાથી તેનું મન તેને ત્યાં જવા દેતું નથી અને એવી દુખી બેહાલ અવસ્થામાં જ્યારે પોતાની આવી જીંદગીમાં કાર્યો કર્મે પોતાની કરણીના સ્વરૂપમાં આવીને તેની નજરા આંગલ ખડાં થાય છે ત્યારે તેવા નકામા કર્મો કરવા માટે, તેમજ પોતાના યથાર્થ કર્મો નહી કરવા માટે અને તેથી પોતાને મલેલા આવા અમુલ્ય માનવ દેહ નકામો ગુમાવવાથી બહુજ હાય અફસોસ કરે છે, પણ તે અફસોસ કાર્યોલે હવે બહુજ મોડો હોવાથી પોતાની ઘણીજ નાચાર અને કઠંગી હાલતમાં તેનો પોતાનો કીમતી જન્ત કોઇ અણદીઠ મીનેર્લ જહાન તરફ તેનું આકી બદન છોડીને ચાલ્યુ જાય છે.

(અપૂર્ણ.)



ભેદી કળ.

યાને

પૈસો કરે પુન.—પૈસો કરે ખુન.

એક ટુંકી વાર્તા.

(લખનાર:— શોલન.)

"ખા. ખેગનર ઇ સાંજે આરીસ બંધ કરીને ઘરે જતાં તીજોરીને બંધ કરતો હતો. આ તીજોરીની કળમાં પાંચ અક્ષરો હતા જે ગોઠવીને તેનો એક બોલ બનાવતો હતો અને તેથી કળ બંધ કરતો હતો. આ બોલને દરરોજ પોતાના બેજબંધીથી ઉપલટાવીને ફેરવતો હતો, જેથી કોઇબી આદમી તે કળ તે શબ્દ જાણ્યા વગર ઉઘાડી શકે નહી.

"બે આજે વળી મેં બીજોજ નવો બોલ શોધી કઢાયોછ," ખેગનરે અક્ષરો ગોઠવીને પોતાની ટાઇપીસ્ટ મીસ સમરવીલને કહ્યું, "જોવ મીસ સમરવીલ, આપ બોલ શું છે તે જો તમે અટકળી શકો તો જઓ હું કબુલાત આપુંછ કે તીજોરીમાં જેબી કંઇ ચીજ છે તે તમારી!"

"ત્યારે તો હું ધારૂં છું કે તીજોરીમાં કંઇ માલ હોશે નહી." મીસ સમરવીલે કહ્યું. "કાલે તમે પેરીસ જઓછ તે હું ધારૂંછ કે તમોએ વળી કોઇ ફ્રેંચ બોલ શોધી કઢાયો હોશે!"

ખેગનરે હસીને ડોકું ધુંણાવ્યું.

"તમારી અટકળ તદન ખોટી છે" તે બોલયો, "હું આવતી કાલની મુસાફરીનો વીચાર કરતો હતોજ નહી, પણ આજે રાતનાં એક માણસને મળવા જવાનો છઉં, તેના નામનો આપ બોલ છે એતું નામ બજાર વીચીત્ર છે, જે તમે ઓક વરસ સુધીત્રી કાંઇ નહી કાંઇ મારો તોબી યાદ નહી કરી શકો, ધારૂ તમે કહેપહેમ કોમન આગળ રેહેલછની? તો રોસન્નાવેરો ગારડનસ કયાં આવ્યું તે કહેશો?"

લીના સમરવીલે તેને જોબતી બધાની આબી.

"તમે કાલે તો પેરીસ જઓછ તો છેક આઠ દહાડે આવશો," તેણી બોલી "વાસતે આપ નામનો શબ્દ ભુલી નહી જઓ તેટલાં સારૂં કાગળની એક કાપલી પર લખી આપો તો સારૂં."

ખેગનર હસી પડયો; અલબતાં તેની યાદદાસ્ત શક્તિ જેવી જોઇએ તેવી તીવ્ર નહિ હતી.

"નહિ કંઇ જરૂર નથી." તે બોલયો, "હું ને નામ વીશરીબી ગયો હોઉં તોબી આવું ત્યારે એટલુંજ યાદ આપશો કે તે બોલ તમે જબાની આગાઉ જે માણસને મલવા ગયા હતા તેના નામનો છે, તો મને તુરત યાદ આવશે. હું તીજોરીની ચાવ તો તમારી પાસેજ રેહવા દેવશ, હું જશ ને મને જે કોઇબી ચીજની જરૂર પડશે તો હું પેરીસથી આંય બોલ લખી મોકલીશ, કેમ કંઇ બીજું કામબાંજ છે!"

"હાજી, જી આંય રીપોર્ટ મોકલવાનાં છે."

"એમ ત્યારે તો ઓશીય જતી વખતે બગાજર બંધોબસ્ત કરતાં જબે, હું ગયા પછી તમુને કંઇ કરવાનુ નથી. સહવારનાં આબીને કંઇ કામબાં આબ્યાં છે કે નહિ તે જરાક જોવાનું. જો કંઇ બહુંજ અગત્યનું હોય તો મને તાર કરી બોલાવજો, પણ હું નહી ધારતો કે કંઇ એવું જરૂરનું હોય. આશો સાહેબજી. હા બરા હું ભુલી ગયો ત્યારે તમુને બરચની ભરવડ કદાચ પડશે, જોઓ હું તમુને આટલી ભેટ બપુંછ. તે રાખજો."

એટલું બોલી તેણે પોતાના ડગલાનાં જજવામાંથી નોટોથી ખીચોખીચ ભરેલી એક પોકેટ બુક કઢાબી અને તેમાંથી પાંચ પાઉન્ડની એક નોટ કઢાબી લીનાને આપી અને ત્યાંથી ઉતાવળે ચાલી ગયો.

બરાબર દશને ટકોરે લીના સમરહીલ ઓફીસમાં હાજરી આપતી હતી. ગ્રેબનરના ગયા પછી બીજે દીવસે તેણી રાબેતા મુજબ ઓફીસમાં હાજર થઈ પાએક કલાક ગયા પછી, ગ્રેબનરનો ભત્રીજો સાધરીલ આરડર ત્યાં આવી લાગ્યો.

"મી. ગ્રેબનર આજે ઓફીસમાં આવવાના નથી." તેણીએ કહ્યું, "એવનતો પેરીસ ગયા છે."

સાધરીલ આરડર હસ્યા.

"મને તે માલમ છે" તે બોલ્યો, "મને એવન ગઇ કાલે રાત્રે મળ્યા હતા, અને તેવને મને તમારે માટે એક ચીઠી આપી છે. અને આપણે ઘણે લાંબે ચમકતે મેલાપ થયો."

"હા લગભગ છ અઠવાડીયાં થયા" તેણી બોલી, "હું'બી વીચાર કરતી હતી કે તમે કંઈ બહારગામ ગયા કે શું ઓફીસમાં આવતા હતા નહિ.

"તમે મારા કાકાને પુછ્યું હોતે તો તેવને મારું ધ્યાન બરાબર મારી મશગુલી ભલકાવીને ફાડું હતે." સાધરીલ હસતાં બોલ્યો, "એવને તમુને કેહ્યું હતે કે હું એક બાળસુનો બાદશાહ છઉં ને કંઈ કામ કરવું નહિ પડે કરીને આંય પેન્ટીંગનું ઓહું લઈને ફ્રેંચ કરું છું. અરે એ પેનટીંગને લીધે તો અમુને અવારનવાર ચકમક પડ્યા કરી. છેલ્લે તો એવને બશ મને એમ કહ્યું કે તું મારી ઓફીસમાં આવીને કલાર્ક થા નહી તો કે હું આજથી તારો કાકો નહી. મેંબી નાજ કેહ્યું ને તે દહાડેથી કાકા આપણા નહિ પણ મારો દહાડો ફર્યો. સુકાન બદલાઈ ગયું. મારું ઓક પીકચર મેંથે દામે વેચાયું, ને મને "મોરનીંગ ફ્રેન પત્રમાં પીકચરોને કારડુનો પાડવા, સારે પગારે નોકરી મળી છે. ગઇ કાલે રાત્રે મને કાકાજ કલેપહેમ જંકશન પર અચાનક મલ્યા, અને અમે એક બીજાને ફર્પભેર ભેટયા, અને તેથીજ હું હમણા ત્યાં આવ્યો છું, મીસ લીના."

"મી. ગ્રેબનરે મારે સારું કંઈ ચીઠી તમુને આપી-કેની!" વાત ફેરવવા લીનાએ પુછ્યું.

સાધરીલ હસ્યો અને પોતાના સીગરેટ બોક્ષમાંથી એક ઘડી કરેલું કાગળ કહાડ્યું, જે ગ્રેબ્સ ગ્રેબનરની નોટ પોથીમાંથી ફાડેલું એક પાનું હતું.

આ ચીઠી દેખાતી રીતે તેણીના શેઠેજ પોતાના હાથે લખેલી હતી, કારણ લીના ગ્રેબ્સના હરફ બરાબર ઓળખતી હતી.

"ડીયર મીસ સમરહીલ્સ,

મી. આરડરને ખાતર તમે તીજોરી ઉઘાડજો, અને જમણી બાજુએ એક નાનું ખાનું છે તેની અંદર ઘડી કરેલું બ્લુ કાગળ છે જે એમને સ્વાધીન કરજો.

લી૰ સેવક,

જેમ્સ ગ્રેબનર.

લીના આ ચીઠી વાંચી હસી અને તીજોરી આગળ ગઇ અને તેના તાળામાં ARDER બોલ ગોઠવ્યો તેણીની પકકી ખાત્રી હતી કે આ બોલથી તે કળ ઉઘડશે. પણ નહી, તીજોરી તો ઉઘડીજ નહી, હવે તેણીએ Cyril શબ્દ અજમાવ્યો પણ નહી, કળ તો તેથીબી ઉઘડી નહી.

"ગઇ કાલે સાંજે એવન ઓફીસ છોડી ગયા ત્યારે ક્લેપહેમ ખાતે તમુને મળશે એમ એવન જણાવતા હતા કે?" કળ ઉઘાડવા નીશ્ફળ નીવડવાથી તેણીએ પુછ્યું.

આરડરે ડોકયું પુણાવ્યું.

"નહિ નહિ, એ તો કંઈ નહી ધારેલો મેલાપ થઇ ગયો ક્લેપહેમ જંકશનપર તો અમે અચાનક મળી ગયા, ચેયસી બાતેનો મારો સ્ટુડીયો મેં કહાડી નાંખ્યો ત્યારથી હું ત્યાં જઈ રહયો છું. અને એવન તો ક્લેપ-હેમ કોમન આગળ કોઇ પોતાના દોસ્તદારને મળવા જતા હતા. હું એવન સાથે થોડેક છેટે ગયો પછી તેવન મને એક હોટલમાં લઇ ગયા, કેહને આપણે મેળાપ થયો તેની ખુશાલીમાં આપણે સલામતી લઇએ પછી ત્યાંજ આય નોટ લખી

"પણ એવન કયા દોસ્તને મળવા જતા હતા તેનું નામ તો તમુને કહ્યું હોયેજ?"

"નહી, પણ મને એવન નામ શું કામ કહે!" સાધરીલે અચરતી બતાવી, "કાંઇ હોયે કેને તું પોતેજી નથી ઓલખતો. એવનનો કોઇ ઘણો જુનો દોસ્ત છે,

જેને એવન લગભગ વીસ વરસ સુધી મળ્યા નહી હતા. પણ તું તેનું નામ શું કામ જાણવા માગેછ?"

કારણ કે હું તેનાં વગર આપ તીજોરી ઉઘાડી શકતી નથી. તમારા કાકાએ તમુને તીજોરીમાંથી કંઈ લેવા કેદમુ હોય તો આપ બોલ તો કહેલો હોવોજ જોઈએ.

"બોલ, બોલ," સાજરીલ યાદ કરતો બોલયો " હા, મને એવને કહ્યેા હતો ખરો, અને મેં તે લખી લીધેલા. મને એટલું ધ્યાન છે કે તે W ડબલ્યુ અક્ષરથી શરૂ થાય છે પણ તે કાગળજ કેાણ જાણે કયાં છે. પણ હું એમ પુછું કે તેની સાથે આપ તીજોરીના ઉઘાડવા વીષે શું સંબંધ?

મીસ સમરવીલે તેને સમજાવ્યું, સાજરીલ ડરવાનાં બધાં ગજવાં બોલયાં.

"હા ખરા, હવે મને યાદ આવ્યું, તે બોલયો "દુર્ઘા આવતાં આવતાં મારા ગજવામાં કાગળ્યાં પડેલાં હતાં તે મેં ફાડીને નાખી દીધાં એમાંના એકપર મે આપ બોલ લખી લીધેા હતેા."

પણ આપ કાગળ કેાઇ બીજા ડરવામાં તેા નહી રહી ગયું હેાય?" લીનાએ પુછયું.

"નહિ, ગઇ કાલે રાતે અમેં અધિજ સુટ પહેરેલેા."

તે બોલયેા, "પણ વારૂ એથી,હું લેાજ ઘટપી રહેશેા.?

"હા, એનાં વગર તીજોરી ઉઘડવાની નથી, હું આશા રાખુંછું કે તમુને આંપ કાગળની ઘણી અગત નહિ હેાશે."

"તે તેા હવે કેમ કેહવાય." તે બોલયેા, હા વાત એમ છે કે કાકા પેાતાની બધી દેાલત મને આપી જશે એમ દરેક જન જાણતું હતું. તેનેને પેાતાની સઘળી માલ મીલકત મને આપી જવાનું એક વીસ ઘણાં વર્ષ થયાં કરીધું છે જે તેમનાં વકીલેાના તાબામાં હજી સલામત પડેલું છે, પણ જ્યારે અમેા છ અઠવાડીયાની વાતપર અથવી પડ્યા તે વખતે એવને ગુસ્સામા આવીને બીજુ વીલ બનાવ્યું' જેમાં તેનન બધું ધર્મખાતે આપી ગયા છે. વીલ તેનને એક રેસટેારામાં બેશીને પેાતાના હાથે બનાવેલું ને તેપર ત્યાંજ કેાઇ બે શાક્ષીઓની સહી લીધી, અને ઓફીસમાં આવીને આપ તીજોરીમાં મુકયું. ગુસ્સાના આવેશમાં તેવને આવું વીલ બનાવી દઇયું, પણ હવે તે નેા નાશ કરવાને તેવન ઘણા ખાંતી છે કે જેથી પેલું જુનું વીલ કાયમ રહે પણ જો તેવનને બેાધા ન કરેને શું થાય તો આપ નવું વીલ બનાવ રહે ને મારા ભાગે જમ પણ ઓટલી ઉતાવળની કંઈ જરૂર નથી. એ તેા એવનજ એનેા નાશ કરવાને એટલા આતુર હતા એવન ગઇ કાલે રાતે બસ મને એમજ કહે કે મને લાગેછ કે તું મારા વારસામાંથી બાતલ થશે ને તેથીજ એવને મારી પાસેથી વચન લીધું કે સહારે ઓફીસ ઉઘાડતાંને વાર મારે ઓફીસમાં જવું અને તમુને આંપ ચીઠી આપવી, અને જેમ બને તેમ વીલનેા જલદીથી નાશ કરવેા હવે તેા એવન આવે ત્યારેજ તેા."

' અરે, નહિરે, આપણે કયાં વેર એવનને સારૂ વેાળીયે, એવનનેા કંઇ નીયમ નથી. વખત છે આટલા પંદર દહાડાની યાપ. એવન જ્યારે વીલનેા નાશ કરવા આટલા આતુર છે તેા આપણે શું કામ વેાસવું જોઇએ? પેરીસમાં એક તાર કરીને પેલું નામ પુછાએ, તુરતજ તેનેા જવાબ આવી જશે."

અને તુરતજ તેણીએ નીચલેા તાર લખી નાંખ્યેા.

"ગ્રેશનર-હેાટલ એવન્યુ, પેરીસ. તીજોરીનેા બોલ ભુલી ગયાંછે ઓફીસમાં તાર કરજો આરડર."

"તમે જો એ તાર તરતની અગાઉ મેાકલેા તેા બી. ગ્રેશનર હેાટલમાં જરેા તેટલાં એવનને એ મળી જશે, તેથીએ કહ્યું, અને ચાર વાગતામાં તેા આપણને આ બોલ મળી જશે. તમે એ વખતે પાછા આવજો. આપણે તીજોરી ઉઘાડવામાં કૃતેકૃત્ય થઇશું."

"કેમ મને કંઇ કહાડવાજ બેાલાશે?" તેણે પુછયું

"દમણા કામ શું ઘણું છે કે!"

"નહી આપ કાગળેા જરાક જોઇ જવાના છે."

"ત્યારે તેા હું બે વાગે ઓફીસ ને આપને ત્યાં રેસટેારામાં આવા જઇશું, લીના, મને તારી સાથે ઘણી અગત્યની વાત કરવી છે."

"પણ તમુને કંઇ ઘણુંજ અગત્યનું હેાય તેા હમણાંજ તે કેહેતાની!" લીનાએ કહ્યું "કંઇ નહી કાગળેા જરાક બેાસાે."

"એમ? હું તો ફક્ત એટલું જ જાણવા માંગતો હતો કે તું મારી સાથે પરણી શકશે કે નહી તું જાણેછ કે હું તુને ચાહું છું. હું તો તુંને ઘણો લાંબો વખત થયો એ પુછવાનો હતો, પણ મારૂં મુંજારાનું કારણ કોઇ બરાબર ચોકસ નહિ હતું, તેથી અત્યારાયા કશે પણ હવે તો મારા ભવીષ્યની ફીકર મને નથી, ગઇ કાલે રાત્રે મેં કાકાજીઅમ્મી એ વાતથી વાકેફ કીધા અને તેવણુંએ એ સાંભળીને ઘણા ખુશી થયા. એક બારણી એવનતી ને મરજી નહિથી હોને તોબી હું તુંને મારી ધણીયાણી થવાને પુછતે કારણ હવે તો મને નોકરી મળી છે, લીના, બોલ તું મારી થશે?"

જવાબમાં લીનાએ સહેજ હાલું ડોકું ધુણાવ્યું.

બપોરના તેણી સાથરીલ સાથે જમીને આવી, સાથરીલ તેણીનેજ સાથેજ પાછો આવનાર હતો પણ તેને તેના શેઠોએ કોઇ કામસર બોલાવ્યો, જેથી તેને જવું પડયું, પણ તે ચારની અંદર કાકાજીના તારનો જવાબ આવે તે અગાઉ પાછો ઓરીસમાં આવવા કહી ગયો હતો.

ચાર વાગ્યા, લીના ધડકતી છાતીએ તારની રાહ જોતી બેઠી. ચારના પાંચ થયા પણ ન તો તાર મળે કે ન તો તેણીના વ્હાલો સાથરીલ મળે.

તેણી વીલનો નાશ કરવા ઘણી આતુર હતી કારણ કે જો કશું બી. બ્રેન્ડનરને થયું તો કાયદા પ્રમાણે આ છેલ્લું વીલ કાયમ રહે જેથી સાથરીલ વારસા હીરસામાંથી બાતેલ થાય અને એસકેથમત વીલની કલમ પ્રમાણે ધર્માદામાં જાય, લીના પૈસાની લાલચુ નહી હતી, પણ તેણી એટલીજ આરજુ રાખતી હતી કે જે પૈસો ખુદ તેના સાથરીલનો કાકો પણ તેને આપવા ઇતેલ્લર હતો તે સાથરીલનાજ હાથમાં જાય.

શું હશે તેના વીચાર કરતી બેઠી હતી તેટલાં પાંચનો ટકોરો ઘડીયાળમાં પડયો અને એક પોલીસનો કનસ્ટેબ્લર ત્યાં આવ્યો, અને તેણીએ સ્નાતના સમાચાર કહ્યા.

"ક્લેપહેમ કોમન આગળના એક તલાવ આગળ બી બ્રેન્ડનર આજ સહવારે મુવેલો મળી આવ્યો છે," કનસ્ટેબ્લરે કહ્યું "તેના માથામાં ગોળી મારવામાં આવી છે, અને તેના ભત્રીજા સાથરીલ આરડરને તે ખુન કરવા માટે પકડવામા આવ્યો છે."

લીના આ સાંભળી ગભરાઇ ગઇ; તેણીએ એ અક્ષર માનવાની સાફ ના પાડી. સાથરીલ તેણીને માનીતો સાથરીલ તેનાજ કાકાનું ખુન કરે એ તેણીને સાદી અકલમાં ઉતરું નહી.

સાંજના ન્યુસપેપરોમાં આ ખુનની વધુ વીગત આપવામાં આવી હતી. લીનાએ એક ન્યુસ ખરીદ્યુ અને તે હેબતનાક બનાવ ધડકતી છાતીએ વાંચ્યો.

એવું માલમ પડયું કે મી. બ્રેન્ડનર રાતના બાઇને પોતાને ઘરથી ગોડેથી નીકળ્યા. અને ક્લેપહેમ જંકશન પર ત્રેનમાં ગયા, ફરસ્ટ કલાસની અડધી રીટર્ન ટીકેટ તેવનના ગજવામાંથી મળી આવી હતી. ક્લેપહેમ જંકશન પર તેવનને તેને ભત્રીજો જે ત્યાંજ રેહે રેહતો હતો તે મળ્યો. પાછળથી આ બંને જનોને એક હોટલમાં શેમપેન પીતા જોવામાં આવ્યા હતા, જ્યાં શેમપેનના પૈસા આપવા મી. બ્રેન્ડનરે નોટોથી ભરેલી એક પોકેટ બુક કહાડી અને તેમાંથી પાંચ પાઉન્ડની એક નોટ આપી, ત્યાંથી આ બંને જણાને આ તળાવ કે જ્યાંથી મરનાર મી બ્રેન્ડનરની લાશ મળી આવી હતી, ત્યાંના એક બાજટપર બેઠેલા એક કોનસ્ટેબ્લએ જોયા હતા.

ત્યાર પછી શું થયું તે કાંઇ જાણવું નથી આરડરને પકડવામાં આવ્યો તેણે તુરતજ કબુલ કીધું કે તેના કાકાને મળવા હતો, અને જે તલાવ આગળથી તેની લાશ મળી આવી હતી ત્યાં તેઓએ બેસીને વાત કીધી હતી, તેણે વળી એટલું પણ કબુલ કીધું કે તે કાકાને મળ્યો તે અગાઉ તે તેવન સાથે મરાયલો હતો. જેવને તેનો પોકેટ બુક પણ બંધ કીધો હતો અને જેથી તે નાણાંની તંગીમાં આવી પડયો હતો.

તેણે પોલીસને સાફ કહ્યું કે તે કાકાને તો ત્યાં અચાનક મળ્યો હતો, પણ પોલીસ તેની આ વાત માનવાને ના પાડવાની હતી. પોલીસ એમ કહેતી હતી કે સાથરીલજ બ્રેન્ડનરને ક્લેપહેમ બોલાવ્યો હતો અને ત્યાંજ પૈસાને માટે રીકઝટ થતાં તેને તેવનનું ખુન કીધું.

આરડરે આ વાતનો ધીકારથી ઇનકાર કીધો.

તેણે એવું કહ્યું કે તેના કાકા તો કલેપહેમ તેના કોઈ દોસ્તદારને મળવા આવ્યા હતા, જેનું નામ તે આપી શકતા નથી,–તેઓ જ્યાં બેઠા, વાર્તા કરતા હતાં તેટલાં દૂશ વાગી જવાથી બ્રેબનર એકદમ જતો રહ્યો, ત્યારે આરડર સીધા પોતાને ઘરે ગયો. કમ ભાગ્યે તે ઘરે પાછો ફર્યો ત્યારે તેને કોઇએ જોયો નહી કેમ તેનું કહેવું કોઇ માનતું હતું નહી.

પોલીસની નજરમાં અને લોકોને સાધરીલનું આ કહેવું તદન ગમત ભરેલું લાગતું હતું. જે તેને પોતાના બચાવમાં ઉભું કર્યું હતું.

તેની તરફેણમાં એકાદ બે ચીજ જતી હતી. પહેલું તો તેની રીવોલવર મારવાડીને ત્યાં ગીરવી મુકેલી હતી જે દુ છ ત્યાંજ હતી. બીજું તો મરનાર પાસે નોટોથી ભરેલી જે પેકેટબુક હતી તે આરડર પાસેથી મળ્યા નહી કે તે માંહેલી એકબી નોટ તેની પાસેથી —ી નહી.

સાધરીલનો એક દોસ્ત કવેાડીલ નામે હતો જેની તે લીન્ન ગઇ.

"મને તો એમ લાગેછ કે જે માણસનો બ્રેબન- મળવા ગયો હતો, તે એની સાથે તલાવપર આવેલો વો જોઇએ અને તેનેજ એવનને ગેાળાથી વીંધી ખેલો હશે." કવેાડીલે કહ્યું. એ જો પકડાય તો એની પાસેથી આય ચોરાયલી પેકેટ બુકનો પ-તો લાગે. આપણે એટલું જ પુરવાર કરીયે કે આય માણસ સાથે બ્રેબનરને એપેાઇન્ટમેન્ટ હતું તો તેથીબી આરડરનું પામું બદલાઇ જાયછ. એની ઉપર જે શક છે કે બ્રેબ- નરને તેનું ખુન કરવાના ઇરાદાથી તેને કલેપહેમ કોમન આગળ બોલાવવામાં આવ્યો હતો તે તુરતજ દુર થઇ જાય, એને આય એપેાઇન્ટમેન્ટ હતું એ પુરવાર કરવું જોઇએ.

"હું" તે સાભેત કરી શકીશ, લીનાએ કહ્યું, મી. બ્રેબનરે મને કહ્યું હતું કે તે કલેપહેમ ખાતે એક વીચીત્ર નામવાળા માણસને મળવા જાયછ, હું ધારૂંછ કે રોસત્રાવેલેા ગારડનસ આગળજ તે માણસ રહેતેા હોવેા જોઇએ, જો કે મરનારે મને એમ કંઇ કહ્યું હતું નહીં.

"તમે કેહે તે ખરૂંખી હોય," કવેાડીલે કહ્યું, પણ આ રોસત્રાવેલેા ગારડનસ કંઇ નાની ગલી નથી. હું ધારૂંછ કે નહી તેાથી ત્યાં ત્રણસેા ઘરેા હશે જેમાં આય માણસને શેાધી કહાડાયેા. એ નહી બની શકે એવું છે. મને આરડરેબી કહ્યું હતું કે આ માણસ સાથે એવને એપેાઇન્ટમેન્ટ કીધું, અને તેનું નામ તમુંને જણાવેલું નહિ, પણ તમારૂં માનવાને કોઇ સારૂ- ના પાડશે કારણ તમે એની સાથે અદરાયલાં છેઓ. એમ મને આરડરે કહ્યું છે, એટલે કોઇ તો એમજ ધારેછે તેને બચાવવા નામે જુઠું બેાલી તમે જે મને- એવું નામ આપી શકેા તો આખેા કેશજ ઉલટપ જાય.

"એ નામ તેા મી. બ્રેબનરની ઓફીસમાં તીજોરી છે તેની કળમાં નેાંધાયલું છે એ તીજોરીની કળમાં પાંચ અક્ષરેા છે, જે પાંચ અક્ષરેાને જોડીને એક બેાલ- એવન બનાવે છે, દરેજ ઓફીસ બંધ કરતી વખતે એવન આ શબ્દ ફેરવી નાંખે છે, એવનનું ખુન થયું તે સાંજનના પણ પેાતાના આ કહેવાના દોસ્તનું નામ એ દીને આ નામના શબ્દમાં ગેાઠવ્યું ને મને કહ્યું પણ છે કે આ એક વીચીત્ર નામ છે જે તું વરસ દહાડા થશે તેાથી શેાધી નથી કહાડવાની, વાઇ આપણે જો આ તીજોરીના બનાવનારને બેાલાવી મંગાવ્યે ને તીજોરી ઉઘડાવ્યે તેા તમે ધારેછ કે આય બેાલ અંદરની કળમાંથી મળી આવશે?"

"તે હું કેમ કહી શકું? જો કંઇ ધણીજ અગત પડશે તેા હું કાલે આ તીજોરીવાલાઓને મળીશ. પણ હું આશા રાખુછ કે જે માણસને બ્રેબનર મળવા જવાનેા હતેા તે બહાર આવશે, જો તે ખુની નહી હોય તેા તેને બાહેર આવવામાં કંઇ બીહવાનું નથી. વાઇ આંય ચોરાયલી નેાટેાના નંબરેા તમુંને માલમ છે કે? મીસ, સમર ફીલ્ડ!

"હા, ધ-સપેકટર આજે ઓફીસમાંથી તે નંબર લઇ ગીયેાછ! એ કમાંથી એવને નાણું ઉપાડ્યુ તે નેાટેાનાં નંબર મેં નેાંધી લીધાં હતા."

"આંય તીજોરીની આવી પેાલીસ લઇ ગઇ છે કે?"

"નહિ, મેં કાલે ઓફીસમાં ટાઈમકર હાજર રહેવાને કબુલ કર્યુછ અને મારા ઘરનુ ઠેકાણું એ સોકને આપ્યું છે."

"ત્યારે મને લાગેછ કે કાલે એ સોક એ ચાવીઓ લઇ લેશે તીજોરી જો ઉઘાડી પડશે તો ચાવી એ સોક પાસે મને લાવી જોઇશે હાલ જે બીનાઓ બહાર આવી છે તે પરથી તો આરડરની સામે કેસ ઘણો મજબુત છે અને એ છુટવો ઘણો મુશ્કેલ છે."

લીના હવે કવોડ્રીલ આગળથી છુટી પડી. તેણીને મોટી ફીકર વીલની પડી જો તીજોરી આપણી પેલે નહિ ઉઘડે તો પોલીશ ઉઘડાવે અને પછી તેઓની હાજરીમાં તીજોરી ઉઘાડે તો અંદરથી કાંઈપણ ચીજ તેઓ ડોફને પણ લેવા દેશે નહી, જેથી પેલું બેહસત વીલ પણ પોલીશના હાથમાં જાય અને જે પૈસો ઠેકો તેનો ફ્રેડ્રીક બ્રેન્ડનર આરડરને આપવાની બાહેંધરી ધરાવતો હતો તે ધમોદામાં જાય!

હવે શું કરવું. કાલે તો ઘણું મોડું થાય! પોલીસની હાજરીમાં તીજોરી ઉઘડે તો અલબત્ત વીલ કાંય જોએ તેણીને લેવા દેવજ નહી. આવતી કાલની સહવારના દશ વાગતા સુધીનો વખત તેણીની પાસે કાજલ હતો પણ તે કેવી રીતે તેનો ઉપયોગ કરે? કે જેથી તીજોરી ઉઘાડી અને તે વીલનો તે નાશ કરે?

તેણી તુરત પોતાને ઘરે ગઇ. આખરે તેણીને એક વીચાર સુઝયો. મી. કવોડ્રીલે કહ્યું હતું કે રોસટ્રાવેલો ગારડનસ આગળ ત્રણસો ઘરો આવેલાં હતાં. જો આપ ત્રણસો ઘરમાં ત્રણ ત્રણ કુટુંબો રહેતા હોય તો નવસો નામ તેણીને એકઠાં કરવાં જોઇએ. જો મીનીટના ત્રણ નામ મેળવે તો પાંચ કલાકમાં આપ નવસો નામ મેળવાને તેણી સામર્થવાન થાય. આપ નવસો નામમાંથી પાંચ અક્ષરના નામો ઘણાજ ઘોડાં હોવા જોઇએ કે જો મી. બ્રેન્ડનરના કહેવા પ્રમાણે અસાધારણ હોવાં જોઇએ આ ત્રણસો ઘરનાં રહેવાસીઓ સુધ જાય તે અગાઉ તેણી બધા નામ એકઠાં કરી રહેતો ઠીક થાય.

તુરતજ તેણીએ એક ટેક્ષી બોલાવી અને તેમાં બેસી ગઇ ત્યાં વાગતે તેણી ધારેલ ઠેકાણે પુગીતી હજી ઘણા કલાકો તેણીના હાથમાં હતા.

દરેક ઘરમાં જઇને તેણી નીચલા સવાલો પુછતી

"હમાં કોઇ એક બેનના શબ્દ રહેછ જેનું નામ કંઈ અસાધારણ છે? તેને પૈસા આપવાના છે. પછુ નામ યાદ નથી નામ તદનજ વીસરી ગઇ છું. જો જો કોઇ કહે તો તુરત યાદ આવે!

તેણીની આ જુસ્સતેજોમાં કાંઇ રખાવું પડ્યું નહિ, અત્યાર ઘર પુરા કરી તેણી બારમાં ઘરમાં ચઢી અને વરંડાલીને ઉપર મુલ્યન સવાલો કર્યા.

"અરે હાલ્ને, એ નામ વીરેક્ષ (Wyrex)હરો, પેલે ઘેરવાળી બોલી ઉઠી, એ નામના ગૃહસ્થે એક અઠવાડયાની વાતપર મારા ઓરડાઓ આડે લીધા હતા. પણ આજેજ મને કેહજે કંઇ અગતના કામસર ઇગલંડ ઉપડી જવું પડે છે તેથી ઓરડા ખાલી કરી જવાની નોટીસ આપી છે."

લીના આ જવાબથી ઘણી ખુશી થઇ. આ તે નામ હોવું જોઇએ એમ તેણીની ખાત્રી થઇ પણ હજી વધુ ખાત્રી કરવા તેણીએ પુછ્યું.

"વાર એ મી. વીરેક્ષને ગઇ કાલે રાત્રે દશ વાગતે કોઇ મલવા આવેલું?"

"હા, હા, એક મજાદાને કદાવર બાંધાનો ને સુંદર ચેહરાને આદમી આવેલો ખરો, લગભગ કલાકેક તેણે વીરેક્ષની સાથે ઓરડામાં ભરાઇને વાત કર્યા કરી.

બસ હવે લીનાની પુરતી ખાત્રી થઇ, હવે વધુ જુસ્સતેજે કરવાની તેણીને કાંઇ જરૂર રહી નહી હોવાથી તેણી તુરત ટેક્ષીમાં બેસીને જેમ્સ બ્રેન્ડનરની ઓફીસમાં ગઇ.

ઓફીસમાં ગયા પછી તેણીએ અંદરથી બારણું બંધ કીધું. અને તીજોરી આગળ જઇને તેની કળમાં Wyrex શબ્દ ગોઠવ્યો, પછી અંદર કુંચીઓ ફેરવતાંજ તીજોરી તેણીની ધુસ્યાની વચ્ચે ઉઘડી તુરતજ તેણીએ ચીઠીમાં લખ્યા પ્રમાણે ખાનું ઉઘાડયું અને મહિયો વીલ કહાડી લેતે તુરત બારી નાંખ્યું.

ત્યાર પછી તેણીએ તુરતજ મી. કવેાડીલપર ટેલીફેાન કરીયેા કે તેના માજી શેઠ મી, વીરેક્ષ નામના એક ગ્રહસ્થ કે જે રેાસટૂવેલેા ગારડનસના નં૦ ૨૫ વાલા ઘરમાં રહેતેા હતેા તેને ગઇ કાલે રાત્રે દશ વાગતે મળવા ગયા હતા. અને ત્યાં તેની સાથે લગભગ કલાકેક સુધી ટાઇલે વળગ્યા હતા જે તેની ઘરવાળી જરૂર પડશે તેા પુરવાર કરી આપશે. વળી તેણીએ ઉમેરયું કે આ મી. વીરેક્ષ નાહકની જવાની તૈયારીમાં છે માટે તુરતજ પેાલીશને એ બાબતની ખબર આપવી.

મી. કવેાડીલે પેાલીસમાં તુરતજ ખબર આપી જે ઉપરથી વીરેક્ષને લીવરપુલ ખાતેથી પકડવામાં આવ્યેા. તે ત્યાંથી અમેરીકા નાહકની જવાની તૈયારીમાં હતેા અને તે માટે તેણે સ્ટીમરની પેસેજ પણ તૈયાર રાખી હતી. તેની ઝડતી લેતાં તેની પાસેથી મરનાર જેમ્સ બ્રેાનરની પાકેટ બુક મળી આવી. અને તેને બ્રેાનરનું ખુન કરવ માટે સેશનસ કમીટ કરવામાં આવ્યેા.

આ અરસામાં સાઇરીલ આરડરને માન સહીત છેાડી મુકવામાં આવ્યેા હતેા. વીરેક્ષની ધરવાળીએ બ્રેાનરની લાશ ઓળખીને તુરતજ કહયું કે બ્યાજ જેમ્સ બ્રકસ્થ તે રાત્રે વીરેક્ષને મળવા આવ્યા હતા.

વીરેક્ષને ફાંસીની સજા થઇ. જે દીવસે તેને ફાંસી દેવામાં આવનાર હતી તેની એક દીવસ અગાઉ તેને પેાતાનું પાપ કબુલ કર્યું. મરનાર જેમ્સ બ્રેાનર તેને મળવા આવ્યેા. તેઓ ઘણા જુનામાં જુના દેાસ્તેા થતા હતા, જે રાત્રે ખુન થયું તેને સહવારે બંને અચાનક કલેપહેમ સ્ટેશનપર મળી ગયા. વીરેક્ષે તેને પેાતાને ઘરે બેાલાવ્યેા અને તે પ્રમાણે બ્રેાનર ગયેા. વીરેક્ષે કાંઇ નવી શેાધ કરી હતી તે બ્રેાનરને તેણે બતલાવી જે જોઇ બ્રેાનર હસી પડયેા અને એવાં ફેાકટનાં ફાંફાં નહિ મારવાને તેને કહયું.


વીરેક્ષને ગરીબાઇમાં સબડતેા જોઇને બ્રેાનરને દયા આવી અને તેને પેાતાની પેાકેટ બુક ઉંચાકી. તેમાંથી પાંચ પાઉન્ડની એક નેાટ કહાડી વીરેક્ષને આપી. પેાતે ગરીબાઇમાં અવતર્યા મારતેા જ્યારે તેના દેારત પૈસાની રેલ છેલમાં ફરતેા હતેા, અને વળી જ્યારે બ્રેાનરને નેાટેાથી ફસફસ થતી પાકેટ બુક કહાડી ત્યારે વીરેક્ષની દયાનત બગડી અને કેાઇપણ રીતે આ પૈસા લેવાનેા તેણે ઠરાવ કર્યેા.

બ્રેાનરને સ્ટેશનપર વળાવા આવવાની તેણે મરજી બતાવી જે બ્રેાનરે કબુલ રાખી અને તેઓ વાત કરતાં કરતાં બાહેર પડયા રસતે ચાલતા તગાવ આગળ નવરૂં જોતા વીરેક્ષે તેને ગેાળી મારી વીંધી નાંખયેા અને તેની પેાકેટ બુક લઇને નાંહથી ગયેા. પછી શું થયું તે તેા આપણે જોઇ આપ્યા છીએ.

સાઇરીલ આરડરને તેના કાકાનેા વારસેા લીનાનીજ મેહનતથી મળ્યેા. કારણ જો થેાડીસ તીજોરી ઉધાડતે. તેા વીલ તેઓ કદી બાળવા દેતે નહીં. કાકાના મરણને ત્રણ મહીના પછી સાઇરીલ લીના સાથે કરી પણ ધામધુમ વગર ચુપચુપ પરણી ગયેા.

સમાપ્ત.





એક જરથોસ્તી મિત્રના લગ્ન પ્રસંગે એક હિન્દુ મિત્રના આશિષ.

રવિવાર તા. ૨૨-૧૧-૧૯૧૪.

લખનારઃ—ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા.

આજે હર્ષના ઉદ્‌ગારો
હૃદય સરિતામાં,
સ્નેહ ભાવે ઉછળે છેઃ
ઉભરાય છે.
મિત્રનું લગ્ન,
જ્ઞાન લગ્ન,
સ્નેહ લગ્ન, બોધ
કોનુ હૃદય ના ઉછળે?
વિકાસ ક્રમના માર્ગમા–
ઉન્નતિ ક્રમના વિકટ પંથમા,
"લગ્ન," આશિરવાદ છે,
ઇશ્વરી મદદગાર શક્તિ છે,
ખુદાઇ જીવનનું નૂર છે.!
લગ્નથી મનુષ્ય સંપૂર્ણ બને છે,
માનવી જીવનની પ્રગતી કરે છે.
લગ્નો ઘણાં થાય છે,
ઘણા થયાં છે; થશે;
બહુ થોડાં લગ્ન–
સ્નેહ લગ્ન છે!
પ્રભુતાનાં લગ્ન છે!
ઇશ્વરી નીયમનાં લગ્ન છે!
હમણાંનાં ઘણાં લગ્ન, મોહ લગ્ન છે!!!
સ્નેહ લગ્નનાં તો
આછાં આછાં
ઉલ્યાં ઉલ્યાં
દર્શન થાય છે.!
મીત્ર! તુજ લગ્ન
એ ખરેખર

સ્નેહ લગ્નજ છે.
જ્ઞાનમાં, વિદ્યામાં, ગુણમાં
સંપૂર્ણતા, હરહમેશ
તુજ હૃદયમા
આવી વસી છે.
નીત નેકીનો રાગીર્દ–
સાહિત્ય દેવીનો ઉપાસક–
બ્રહ્મ જ્ઞાનનો જીજ્ઞાસુ–
સત્યનાં અણુમૂલ રાહપરનો
ઉત્સાહી આશાવંત મુસાફર–
મ્હારો મીત્ર!
સ્નેહ લગ્નનો નેતા થશે,
લગ્નના શુભ વિચારો
નીજ જીવન મન્દિરમાં
નીત્યે સ્થાપીને,
પ્રેમ ભાવથી પૂજશે,
સંસારમાં સુન્દર સ્વર્ગ બનાવશે.
લગ્ન એ માનવી જીવનનું
ઉન્નતિ સ્થાન છે, એ
જગતની સમક્ષ રજુ કરશે.
આજના મંગલ દીનેઃ
સંસાર–બાગમાં
ધર્મનો "ખુરશેદ"
પ્રાતઃ ઉષાના સ્નેહરંગી કીરણોથી
ખીલી, ખીલતા
દૈદીપ્ય જ્ઞાન–"ગુલ"ને
પોષણ આપી
તેજ અર્પી
જગતમાં ખીલાવશે,
સુન્દર પ્રેમ–પરાગ ભરી
આનન્દ–સુરભી પ્રસરાવશે.
મીત્ર! તુજ જીવન–મન્દિરમાં
સદા આ જ્ઞાન–ગુલની
સુવાસ પ્રસરો!
એ મધુરી મધમધતી સુવાસ અર્થે
પધારશે, વાસ કરશે
શાંતિ, સત્ય અને દયાની દેવીઓ!
એજ અદના પ્રાર્થના
તુજ મિત્રના લગ્ન પ્રસંગે
સ્નેહ ભાવે વહે છે!

અસ્તુ.

(દાંડી.)

—:o:—

ચુંટી કુસુમ નવલ રંગનાં સહુ આજે,
આશિષ માંડ ગુંથી પ્રીય બંધુ કાજે,
કૂલે કુલનો બનાવ્યો એક તંત્ર,
જેમાં શુધ્ધ પ્રેમ વાસવાનો મંત્ર
સ્વર્ગીય પ્રેમ દમ્પતિ તણો ગણાયે,
વિરલ કોઇ લોગવે તે શાંતિભાવે,
કરે પાન તેનું પ્રેમથી હો! મીત્ર,
શુધ્ધ સ્નેહનું બતાવી દિવ્ય ચીત્ર,

(દોહરા)

આશિષ છે તુજ એટલી, રહો સંપથી સુખ માંય,
પ્રેમ સફર તુજ સફલ કરે, વૃજ "ઓકુળ"નો નાથ.

"Knock at the gate."

By a Parsi-Lady.



It was dawn and all nature was radient with light of the piercing rays of the sun, the birds came out of their nests and hummed their hymns of praise to the Creator.

The nimble footed labourers left their cottages at the break of daylight in the hope of reaping the harvest as early as possible. Amidst this lovely scenery of wild Nature a temple was situated at the top of a hill, looking majestic and beautiful with its antique splendour.

The temple gate was shut and a loud knock in the morning disturbed the serenity of the residents. The headman of the temple gave orders to the watchman, to go and see who it was.

The answer came "a man with dirty clothes asking permission to enter the temple-hall."

"Refuse him," and the door was shut again by the watchman:

The residents of the temple were busy with their appointed work, and at noon the watchman had to go once more to the front gate, as there was a knock. He came swiftly to tell the headman, that a haggard looking man in shattered clothes desired to enter the temple. The headman answered negatively, and the stranger had to go back. The day passed with the usual routine of work, and the residents of the temple, gathered together in the temple hall, to chat and fraternize with each other.

It was still dusk, and the watchman announced the arrival of a decent looking man, wrapped in white raiments, waiting outside in the expectance of seeing the headman. He called himself a friend of the temple, and the headman recognized him and was received with due respect. He talked with the headman for a while and declared the subject of his visit to the temple. He received, what he wanted from the headman and then he departed amidst the joy of all.

The silence was reigning supreme, in the mid-hours of night and it was quick in the temple, when the watchman heard a knock at the front gate.

He was wondering, who it was that came at such odd hours of night, but he had to perform his duty, so he paced slowly towards the gate. With the aid of the lantern light in his hand, he saw a man, standing outside the gate. He was majestic and attractive in his look, with charm of manners, and gently said to the watchman, that he was a relation of the headman, and desired to see him. The watchman announced his errand to the headman, who came out of his room, and hastened to the gate.

The stranger was received with love, and made comfortable in the peaceful atmosphere of the temple hall. They talked with each other like brothers, and the headman himself was very careful to see for his comforts and happiness.

At Sunrise, the stranger left the place and the headman went with him till the front gate, and bade him farewell.

The watchman was amazed at the strange behaviour of the headman, and thought deeply over the reason of his different conduct towards the four persons. He could not find out any solution for it, so he resolved to ask the headman.

The next day in the evening, he politely said to the headman, that he could not find out the reason, why the four persons had met with different treatment.

He replied smilingly, that his mind will be pacified, and in the presence of the other residents of the temple, he began to show the reasons of his conduct towards those four.

He said, that this temple was named the Temple of Holiness by its Founder and he was instructed by him to preserve the purity of the temple. The vestures of man are the sign of purity and as long as they are not soiled, any man has the right to enter the temple.

The first man came with dirty clothes, which were the visible sign of impurity, and he had still to learn, that before he deserved to enter the temple he must form clean habits of living. Cleanliness was pre-requisite, and purity without it was a dream. So he was justified in not allowing the man to enter the Temple.

The second man had shattered clothes and was haggard-looking. It is said by the wise men of old that tendencies and inclinations of mind always react on the face. The result of evil tendencies and bad habits is the deformation of physical body, loss of the blush and color of the skin, strength and vitality. All these bring in its train a repulsive look and a keen observer of life can mark out easily the consequence of insane tendencies of life. The residents of the temple of holiness have to always curb the undesirable inclinations of the mind and should have already made some progress in conquering the evil habits of life. Dirty walks of life never bring real purity and without the control of the mind and senses all efforts of purity are of no avail. So he thought it better to refuse the man entering the temple, till he got rid of the undesirable element in him, which would certainly take time. He had yet to learn that before desiring a thing, he had to prepare himself or fit himself for it.

The third man called himself a friend of the temple and had good looks. Now the definition of a friend was a sympathiser or he who sympathised with the other in his weal or woe. The visitor was in unity with the aims of the founder of the temple, and had recognised to a certain extent the need of living a good life with decent habits, which were visible on his face. He met with recognition as a friend and had his difficulties solved by paying a visit to him.

The fourth man was a relation and had attractive looks. He accounted for allowing him to enter the temple, though he came at such late hours. A relation is he who has a link or a blood-tie with the other. The last comer had formed a link with the founder of the temple, which served for the family or blood-tie. He had made himself one with him, as if of the same blood, and his aims and motives were those of the founder. He related to him in such a high degree that he was welcome at any time in the temple, and it was the duty of the headman to receive him personally and see for his wants. The majestic and attractive appearance were the apparent signs of his right behaviour and wise mode of living the life.

How he was able to pass successfully through life was the query of one of the residents. The head-man answered that he prepared himself by self-control, and made himself ready to fulfil his taste dutifully and faithfully, as much as his capacities allowed him to do so. That was the secret of his attractive appearance.

The phrase "those who knock" is for the aspirants of knowledge. An aspirant is one who desires entrance or wishes for gaining the higher knowledge. Now the general rule is this for all, that without passing the lower ranks, one cannot enter the higher one. If a novice wants to enter a college, he must duly equip himself with the necessary knowledge, and get certified by one of the local authorities who has control of education. In the same way an aspirant for higher knowledge should make himself ready for whatever requisites, the path to the higher knowledge wants before knocking at the gate. If he wants entrance to it, he must fulfil the condition, whether he is willing or unwilling. There is no choice of his, he is simply to guard himself from being slipped, and in the meantime to prepare himself till the due time arrives.

The Small and Harmful Habits of Everyday Life.



By Herbert M. Lome.

It is the little thing and not the big thing that counts in both the physical and the moral world. The massiveness of the elephant is impressive, but it is the invisible bacilli, harmful or beneficent, that in a sense control our bodily destinies. The spasmodic and magnificent charity of a very rich man may excite wonder and perhaps admiration, but it is the hidden self-sacrifice of the wealthless millions that makes life worth living on the part of those who are benefited by such sacrifices. Likewise, the small habits that one forms make or mar one, and it is with some of these latter that we shall attempt to deal in that which follows.

Many such habits are due to carelessness. Others are symptoms of some physical or mental defects. Still others are the offspring of stupid fashion or the fads of the moment. Not a few are the outcome of that streak of perversity in our natures that prompts us to do wrong when right is equally easy. Many may be traced to a combination of two or more of these causes. All make for the ill health of brain or body.

One of the more common of these habits is that of stooping, either when walking or sitting. This habit results from sheer laziness in some instances, from muscular weakness in others. As a result of it, the spine is thrown out of alignment and the body out of poise, the circulation of the blood in the head is disarranged, the breething apparatus is cramped, and the work of the digestive organs is seriously hindered. The round shoulders and sunken chest give an appearance of inferiority and ill health; and the victim, not supplied with a sufficiency of oxygen, becomes anemic, weakened, and apathetic. As his digestive powers fail to supply him with a proper amount of nutriment the enfeebled body invites disease.

A literary man, owing to his neglect to maintain a proper position while engaged in his daily labours, was badly afflicted with the "literary stoop." The inevitable ensued, and after a long siege with doctors and specialists whose ministrations gave him little or no satisfaction, he took the advice of a friend, and rigged up an arrangement of straps by means of which his body

was held in an upright position, while his arms and hands remained free. In a week there was a noticeable change for the better in his carriage. The straps were tightened from day to day, and his mental and physical health increased. At the end of two months, the stoop had disappeared, and, the lesson having been learned, the harness was given up. To-day, the gentleman is upright and strong.

Another very common habit that may be responsible for much harm is reading when in trains or trolley cars. This evil is accentuated when it is accompanied by artificial lighting. The motion of the ear calls for a constant readjustment of the optical focus, the strain of which, plus the indifferent lighting, may result in serious injury to the sight. There is a possible relation between the habit of reading on the cars and the comparative frequency of eye-glasses on commuters.

Certain habits due either to a lack of tone in the nervous system or to want of respect for oneself or the sensibilities of others, are annoying to the onlooker, and call for self examination on the part of those who practise them.

Thus there is the unpleasant habit of picking, rubbing, or scratching the nose. The first of these may be excused in children, but in the case of an adult it is disgusting, and moreover may lead to maladies of the delicate lining of the nasal cavities, due to irritation. Polypi, lupus (a type of cancer of the milder kind), enlargement of the nasal glands, and the impairment of the sense of smell, are some of the possible consequences of this habit. In order to effect a cure, an inquiry must be made into the cause, and steaps taken to shape a fitting remedy, on the basis of the inquiry.

Hawking of the throat is sometimes the result of catarrh or kindred trouble, in which case resort should be made to some appropriate remedy. Often it is due to a selfish nervousness, which ignores the susceptibilities of others. In that latter instance, if no attemp is made to check it, it is liable to breed an irritation of the mucous membrane of the throat that may develop into true catarrh.

As showing the force of habit in connection with clearing of the mouth or bronchial passage, the following is illustrative: An old man, well known to the writer, had, in his youth, worked in a cotton-ginning mill. In those days no precautions were taken to preserve the health of employees as now, and the atmosphere of the mill was, in consequence, full of flying particles of cotton, which were drawn into the nostrils or mouth of the workers by the act of breathing. The effort to get rid of them called for a constant

spitting from the tip of the tongue, which, in the case of the old man in question, was accompanied by a sound that may be phonetically rendered as, T-r-r-u-u-t!

Finally, he came to New York and engaged in another business. But he never lost his habit of clearing his mouth of imaginary morsels of cotton at frequent intervals. As a result, his conversation ran something like this: "When I was t-r-r-u-u-t on Broadway t-r-r-u-u-t to-day, who do you t-r-r-u-u-t, t-r-r-u-u-t think t-r-r-u-u-t I saw coming along t-r-r-u-u-t? Georgie t-r-r-u-u-t Jones, t-r-r-u-u-t by t-r-r-u-u-t Jinks!"

In this instance, the habit was not without a touch of unconscious humour. In the case of the ordinary hawker, it is pregnant with revolting possibilities, to say nothing of the spread of disease germs, for which the trousered nuisance is often responsible. The term is used advisedly, for women are rarely guilty of this offense against decency and hygiene.

Biting the nails is usually indicative of an abnormal condition of the nervous system. The medical theory in regard to this and allied habits is that they are instinctive attempts on the part of the sufferer to divert his attention from the trouble that accompanies and causes them. In other words, relief is sought by means of a counter-irritant. The principle involved is a natural one, and recognized in a therapeutic sense. Thus, if we strike or squeeze a finger, we forthwith press or bite it, the pain of the act nullifying that caused by the accident. In the same manner, nail-biting represents an attempt to relieve an unhealthy mental state by an act that causes a bodily sensation.

Here again, a cure can be effected only by treating the cause; this applying to adults as well as to children. The young, however, may acquire the habit through their strong tendency to imitate. In such cases, the good old remedy of bitter aloes applied to the finger-tips will often prove a sufficient remedy. The nauseous flavour will remind the small nail-nibbler of mother's mandates, and between the two, the habit gets the worst of it. The hand of the nail-biter is never good to look upon. Neither is the though exactly pleasant that he conveys to his mouth the dirt that has gathered under his nails. He nearly always suffers from "nail springs" and tender finger-tips, while indulgence in his minor vice in the presence of others is not calculated to increase their respect for him.

Some physiologists assert that crossing the legs when sitting, interferes with the action of the intestines, and checks the circulation of blood in the abdomen and also in the lower portion of the leg so crossed. Within the past

two or three years prominent members of the medical profession have even declared that the habit is responsible for many cases of appendicitis. It is the right leg that is generally crossed, say they, and this position brings about pressure on the vermiform appendix, which, long continued, induces the malady in question.

Another unpleasant practise is that of scratching the head. In some instances lack of cleanliness and a failure to use a fine tooth comb explain this habit; but in others, like nail-biting, it is due to an obscure nervous condition. The clawing of the scalp is not pleasant to witness; and furthermore, it often results in eczema, or what is known as scalp-itch. Sometimes the act is due to an attempt ro relieve the irritation caused by dandruff or dirt that has obtained lodgment at the hair roots. In every instance the cause of the habit can be ascertained and eliminated; hence there is no excuse for its existence.

Some people use the toothpick in public, or "suck" their teeth audibly. No gentleman or gentlewoman—using the terms in the truest sense—would be guilty of either practise, for the reson that a consideration of the feeling of others is the dominant instinct of the well-bred. The toothpick has its place in the scheme of hygiene, provided that it is used in moderation and in private. But if it is constantly in action, it enlarges the spaces between the teeth, thereby robbing the bases of the latter of the protection that nature gave them through the medium of the close-fitting gum. The result is that decay is invited, and the services of the dentist are constantly in demand. Incidentally, the big spaces invite the lodgment of food morsels, and increase the need for using the toothpick. The person who practises the tooth-sucking habit should take counsel with his dentist.

Winking the eyes, rapidly and at frequent intervals, twitching the mouth or nose, wrinkling the forehead twiddling the fingers, etc., are all indicative of some nervous trouble that either exists, or having once existed, has left behind it the habit. In some cases proper treatment is necessary; in others the victim must bring his will-power to bear on the affliction, watching and checking himself persistently. Let his self-esteem come to his aid in this connection. One who is cursed with a habit of this nature is either an object of pity or ridicule. In social and business life, such habits are grave drawbacks, the loss in personal pleasure and financial being serious.

"*Herald of Health.*"

THE conduct of our lives is the only proof of the sincerity of our heart.—*Bishop Wilson.*

પ્રભાતનું પંચાંગ.

ડીસેમ્બર ૧૯૧૪.

રવિ.	હીન્દુ માસ માગસર—પોષ જરથોસ્તી માહ ૬ ને ૭ મો	ચોથ. ૬ આસતાદ.	અગ્યારસ. ૧૩ અરદીબહેસ્ત.	ત્રીજ. ૨૦ આવાં.	દશમ. ૨૭ ચરોચ.
સોમ.		પાંચમ. ૭ આસમાંન.	બારસ. ૧૪ રાહરેવર.	ચોથ. ૨૧ ઓરશેદ.	અગ્યારસ. ૨૮ રસને.
મંગળ.		ચાદશ. ઓર ૧ દાદ. રાંમ.	છઠ. ૮ જમીઆદ.	તેરસ. ૧૫ અસપંદાદ.	પાંચમ. ૨૨ મોહોર.	બારસ. ૨૯ ફરવરદીન.
બુધ		પુનેમ. ૨ મોઆદ.	સાતમ. ૯ મારેસપંદ.	ચોદસ. ૧૬ ઓરદાદ.	છઠ. ૨૩ તીર.	તેરસ. ૩૦ બેહરામ.
ગુરૂ.		એકમ. ૩ દેપદીન.	આઠમ. ૧૦ અનેરાંત.	અમાસ. ૧૭ અમરદાદ.	સાતમ. બેંક ૨૪ બંધ ગોસ.	ચૌદશ. બેંક ૩૧ બંધ રાંમ.
શુક્ર.		બીજ. ૪ દીન.	નોમ. ૧૧ દોરમજ્દ. આદ્ર તીર	એકમ. ૧૮ દેપાદર.	આઠમ. બેંક ૨૫ બંધ. દેપમેહેર.	પારસી પ્રજા તહેવાર— ફરદુનજી મરઝબાનજી ના ખાસ મહીનાની પ્રથમ તારીખ
શનિ.		ત્રીજ. ૫ અસ્ટોમંજ.	દશમ. ૧૨ બાદમન.	બીજ. ૧૯ આદર	નોમ. બેંક ૨૬ બંધ મેહેર.	



પુસ્તકઃ ૨ જું. જાનેવારી ૧૯૧૫. અંકઃ ૫ મો.

સાંકળીયું.

વિષય.	પાનું.
નવાં સાલની સહુચાર (કવિતા) ...	૨૨૭
પ્રભાતનેા પ્રકાશ	૨૨૮
દુરબીનમાંથી બહાર	૨૨૯
સરલતાની સાંકળ (ચાલુ વાર્તા) ...	૨૩૧
હરિ હેપાના હાર છેા (કવિતા) ...	૨૩૮
લગ્નની મેાતેબરી	૨૩૯
રમૂજ	૨૪૧
કક્કેા (કવિતા)	૨૪૩
જેન ઉનન (ટૂંકી વાર્તા)	૨૪૭
રમૂજ	૨૫૨
દુને યજ્ત	૨૫૩
ગ્રે ફાલકન (ચાલુ વાર્તા)... ...	૨૫૫
ફ્રેન્સી નીડલ વર્ક	૨૬૫
આર્યાવર્તના વીર રત્નેા	૨૬૭
તે શું દુઃખ હતેા (ટૂંકી વાર્તા) ...	૨૬૮
નૂતન વર્ષાભિનંદન	૨૭૨
સુખ દુઃખ	૨૭૩
સરલતની સુંદરી (ચાલુ વાર્તા.)	૨૭૬
માનુએાનેા ભાગ.	૨૮૩
બાળકેાને બરતું...	૨૮૪
દાદાઈના હાથા	૨૮૫
પ્રભાતનું પંચાંગ...	૨૮૬

વાર્ષીક લેવાજમ રૂ. ૩॥ પેસ્ટેજ સાથે હિંદુસ્તાનમાં—રૂ. ૪॥ હિંદુસ્તાન બહાર.

એન. બરજોરની કુાં

માટેકા "પ્રભાત," કાનજી રેવરસ, કાલબાદેવી રેાડ, મુંબાઇ નં. ૨.

પ્રભાતનો પ્રકાશ.

"God moves among His mighty worlds afar
Yet shines in every soul a quiet star;
So the huge sun, that climbs the unfathomed blue
Soars glittering in every drop of deed."

અનંત કાળના મહાન ચક્રમાં વખતનો હાથ પોતાનું ચોકસ કાર્ય ચુપચુપ કર્યા જાય છે. ધરતી માતા પોતાની ધરી ઉપર સોનેરી સૂર્ય આસપાસ ફરી પોતાની મંજલનું એક સાલ પુરૂ કરીલુ છે ને આ મહીનાથી નવા વરસની નવી આમદાદથી પ્રજાતના પ્રકાશમાં પ્રવેશ કરી પોતાના પ્રગતીકરણમાં આગળ વધે છે ઇસવી સને ૧૯૧૪ નું સાલ આખેર થયું છે ને ૧૯૧૫ ના સાલમાં આપણુ દાખલ થયાં છયેં. ૧૯૧૪ ની જનેવારીમાં કોઇને સ્વપ્ને પણ ખ્યાલ નહી હતો કે તે ગુજરતે સાલના આંઠમાં ઓગસ્ટ મહીનામાં આ પૃથ્વીના પડદા ઉપર લડાઇનો ભયાનક ભપકાર દેવતા જાગૃત થશે ને મનુષ્ય જાતમાં પોતાની ખાના ખરાબીની નીશાનીઓ જાહેર કરશે. લડાઇ હજી ખતમ થઇ નથી અને મનુષ્ય હૃદયમાંથી રાજદ્વારી પ્રપંચો હજી દુર થયા નથી. સુખ અને દુઃખ એ કુદરતને નીયમીત કાયદો છે ને દુઃખના દમાણ હેઠળ સુખના સાધનો ખીલી રહે છે. અસલી ઇતીહાસ આપણને પુરવાર કરી આપે છે કે આ ધરણી થપણી ધરતીએ કંઇ કંઇ જુવાન કે જુના છોડાના જનોને લઇ લીધા છે. ફેરફારને ફેરફાર એજ બસ જાણે કુદરત ને ખુશાને નીયમ છે. કંઇ હજારો છોડાની પાયમાલી થઇ છે ને હજારો છોડા હાડમારીમાં આજેપી અટવાય છે. સુકેહનું રાજ્ય આ પૃથ્વી ઉપર ક્યારે થશે? શાન્તિનું સ્થળ આ ધરતી ઉપર ક્યારે પ્રગટશે? હકદાર ઇનસાફ્યા સહુ કોઇને શરમ રાહ ક્યારે જડશે? અસલી ઇતીહાસ ઉપર નજર ફેંકતાં માલમ પડે છે કે ઘણીજી ભયાનક લડાઇઓ અને ખુનખાર યુધ્ધોથી આ ધરતી ઘણીક વેળા ધુંબ રહી હતી. હજીપી આજેપી ચેકેડો શુરવીર લડાયક ખપીર સાથે રણસંગ્રામમાં જીપજાય છે. વખતના વેહવા સાથે એકેડો વરસો પછી આજની લડાઇપી આગલી લડાઇઓ માફક માત્ર ઇતીહાસના પાનાઓ ઉપર જોવા જોઇપાઇ રહેશે. વખતના વેહવા સાથે સહુ વીસરાશે; શરીરો પછીના શરીરો નાશ પામશે. ખાલી તનોની ખાકમાં રાખ થશે પણ એકજ ચીજ અમર આત્માની હસ્તીપી કાયમ રહેશે, જે છે ઇશ્વરનું પવિત્ર નામ. ખુદાની હસ્તી અને ખુદાની અપાર શક્તિને કોઇ પુજી વળ્યું નથી ને કોઇ પુજી વળશે નહી. તે મહાન સાહેબની મહાન ગતીને, રતીભારપી ખ્યાલ મનુષ્ય મજબને કદીપણ પુરેપુરો આવશે નહી. તેની કર્મરૂપી કરામત અને તે જેની સાહેબની આ દુનિયાની તમામ મરામત સલામત તેને અને તેનેજ હાથ છે, જેનો કોઇ દાવો કરી શકનાર નથી. તે સાહેબનો સાહેબ જેની કર્મ બક્ષેથી આ તમામ જગત જોહાનની રચના ને કારોબાર ચાલી રહ્યો છે, તે સહુનું સાર્જન કરનાર છે. તે સાહેબ તો સારો છે તો પછી દુનિયામાં બુરું હોયજ કયાંથી. માનવીનુ મનજ બુરુ ને લાચાર છે તેથીજ માનવી જ્યાં જુવે ત્યાં બુરાઇને દુઃખો જુવે છે. ખુદાતાલાની તમામ જાતની ખામતો ઓ. પેદાયશોમાં. માનવીજ માત્ર માલેજર ભરતમો ભોગવે છે તે તેની અંદર સમાયલી અક્કલના ઉનમ તત્વને લીધેજ છે, પશુ, અપ્સીસ્ત કે અક્કલનું અત્યલ્પ તત્વ જેટલું જોયપે એટલું ખનાન જાતના મગજે હજી પુરેપુરું ખીલ્યું નથી અને દુઃખ કે આફતના ચીન્હો કે ચીનગારીઓમાંથી પસાર થયા વગર ઇનસાનોની અમર આત્મા પોતાના તમામ આનંદ રૂપી અક્કલમાં પુરેપુરો પ્રકાશમંદ થઇ શકતો નથી. જેમ એક ઇનસાનનું કૃતત્વ ને કર્મ છે તેમ તેમ આખી મનુષ્ય જાતનું છે અને તે કુદરતના ભંડારમાં એક યા અનેક રીતે ભરપાઇ કરી આપવાનું છે. તે કેમ અને કેવી રીતે થાય છે તે સમજવાનો કે સમજાવવાનો આ સમો નથી; પણ એટલું તો ચોકસજ છે કે ખુદાતાલા જે રેહમતોને તે હાલાક જેની સક્રિતોને કંઇસાર નહી, જેની કરામતોને કંઇ પાર નહી તેવા ખુદાવંત તાલામાં સંપુર્ણ વિશ્વાસ અને અમુલ્ય એકીન આપણુ ઇનસાન જાતે ધરાવવું જોયપે. પછી દુઃખ ઓવો કે સુખ આવો, આરામ હોવો કે આફત હોવો સર્વ સર્વ સંજોગો વચ્ચે મનની સ્થીરતા માનવીએ જાળવવી જોયપે અને આ વિષયને મથાળે મુકેલી ઇસ્વિઇ સુંદર લીટીઓમાં પ્રભાતનો પ્રકાશ એટલોજ મેળવવા જોયપે કે તે ગેબીમોનો ગેબી દાવાર કે જેની ઉપર સર્વ-સર્વનો આધાર તે સહુ કોઇના જીવરમાં પ્રવેશ કરી રહ્યોજ છે. અને જેમ એક ખોરેમંદ ખુરશેદ દર પ્રભાતમાં પ્રગટ થતાં રાત્રીના કાર્જળી ભનેલા દરના નીમળ ને સુંદર દીપાંઓમાં પોતાનો પ્રકાશ પાંથરી તે દરેક દરના દીપાંમાંથી પોતાનુ તેજ અર્પે છે તેમજ સુવેહ શાન્તિ અને સંપની દીપની દેતીઓ પોતાનો પવિત્ર પ્રકાશ મનુષ્યના જીવર પાંથરો અને ઇંદરોજમાં સુંદર સોસ્યલ પત્તરામણીથી આ ધરતી ઉપર ભાતભાવ ભેકયવાનું રાજ્ય સ્થપાશે. તથાસ્તુ!

દુરબીનમાંથી બહાર

અને

દર્શને દુનિયા.

સંજાણનો પારસી સ્થંભ.

ઇરાન સર જમીન ઉપર એક વેળા સંપૂર્ણ જહોજલાલી ભોગવી પરાગંદે થએલી જરથોસ્તી દીનને કોઇપણ રીતે સાચવવા બચી રહેલા મોડાક મુઠીભર હમદીનો હુન્નરો વરસની વાત ઉપર ન્યારે હિન્દ ભુમી તરફ પોતાનો રસતો લઇ સહી સલામત સંજાણમાં થરીયામ થયા હતા તેની ઐતિહાસીક નોંધ ભરૂચવાસી દસતુર અસપંદયારજી કામદીનજીની ૧૮૨૬ માં સુરતમાં છપાએલી જણીતી કેતાબ નામે "કદીમ તારીખ પારસીઓની કસર" માં લેવાયલી છે જેની વાસ્તવીક યાદ આપતાં આપણી કોમના જણીતા તવારીખ નવેશ મી૦ રૂસતમજી પેસતનજી કરકરીઆએ ૧૫ મી ડીસેમબરના જામેમાં હાલના પારસી પીરસાની આંખ ઉઘાડી છે કે તીર મહીનાના બેહમન રોજ અને સનીવાર તા૦ ૧૨ મી ડીસેમબરે પારસીઓની સંજાણમાં ઉતરવાની બરોબર ૧૨૦૦ મી સાલગરેહ પડી છે; અને બરોબર મી૦ કરકરીઆના શબ્દોમાં આ એક અફસોસ કારક બીના છે કે પોતાના વહાલા વતનને છોડયા પછી હીંદની બદી ભુમી ઉપર ૫૪ મુકવાના પ્રબન્ધાત ઐતિહાસીક બનાવની યાદમાં આપણા મગજમાંથી વીસરાઇ જાય! હિન્દના ઇતિહાસમાં સંજાણનું સ્થળ બરોબર અસલ વતન ઇરાનથી નાસી આવેલાં પારસીઓનાં પગ મુકવાની ભુમી તરીકે જણીતું રાખવા હાલની જરથેસ્તી કોમે કંઇ મુસલીન પગલાં ભરવા જોએ. અને મહા મુસીબતે ઉભું કરાએલું આસરે ૨૦) હજારના કંઠમાં ઘટતો વધારો કરી યાદગારીનો મહાન સ્થંભ ઉભો કરવો જોએ કે ભવિષ્યની ઓલાદની જાણ માટે જરથેસ્તી વફાદારીનું ખમીર અત્યાર આગમચનું બરોબર થયું જોએલું હતું પણ હજી અસુર થયું નથી. બીદાર થવાની જરૂર છે.

શીક્ષણ ભાટે મુસાફરી.

આ કેળવણીના સાધનો દર દીન વધતાં જાય છે, અને કેળવણી અને શીક્ષણો આપવાની રીતીઓ અને રીતીઓમાંથી ફેરફાર થએ જુદા છે. શીક્ષકો સાથે શીષ્યોની જુદી જુદી જગે મુસાફરી અને તેથી મુસાફરીથી થતું અવલોકન યાને મહતું જ્ઞાન શીખવનાર અને શીખનારને બેવડુ આવકાર દાયક થઇ પડે છે. વેદવારૂ જ્ઞાન અને પુસ્તકોમાંથી મેળવેલાં જ્ઞાત વચ્ચે આસમાન જમીનનો ફરક છે જાતી અનુભવથી મેળવેલું જ્ઞાન વધારે સંગીન ને કાયમનું છે. જ્યારે પુસ્તક દ્વારે લીધેલું કે મેળવેલું જ્ઞાન તેટલું સંગીન કે કાયમ રહેતું નથી. અને બખુસ કરીને રસાયન શાસ્ત્રે ભુગોલ વિદ્યા વીગેરે બાબતોનું શીક્ષણ તો જેટલું જાતી જ્ઞાનથી મલે તેટલું બેહતર. યુરોપને અમેરીકામાં એ રૂડી કાયમ છે કે શીક્ષતાં છોકરાંઓને જુદી જુદી જગ્યોએ ફેરવીને જોખવું જ્ઞાન વેદવારૂ રૂડીઓથી આપવું. જણીને ખુશી ઉપજે છે કે અત્રેની ઐચરીનસ્તન કોલેજના રસાયણ શાસ્ત્રના પ્રોફસર ડોરાબજી ડી. કાંગા પોતાના કેટલાક શીષ્યોને લઇ ઉતર હિન્દુસ્થાનની મુલાકાતે ગયા છે અને આપણે

આશા રાખીશું કે તેઓની વિદ્યાને લગતી મુસાફરી નવી શોધખોળ કરવાને કૃતેદમંદ નીવડે, અને તેનો લાભ ગરીબડા હિન્દને મળે.

કન્યા કેળવણી

રહ્યુલે "પોતાની ૨૫ વરસની ખુબીલી ગઇ તા. ૧૪ મી ડીસેમબર ૧૯૧૪ ને દીને મોટી ધામધુમથી ઉજવી હતી. એક વખત એવો હતો કે જ્યારે છોકરીઓને કેાઇપણ જાતની કેળવણી આપવાનું કામ ઘણુંજ વાંધા ભર્યું અને નાપસંદ ગણવામાં આવતું હતું. વખત બદલાયો છે અને આજે ઉધરતી ઓઓ કેળવણી લેવાને ઇન્તેજાર છે એટલુંજ નહી પણ તેઓના માત પીતાઓ પોતાની દીકરીઓને કેળવણી આપવાને ઇન્તેજાર છે. પણ સવાલ માત્ર એ છે કે છોકરીઓને કેવા પ્રકારની કેળવણી આપવી, તેઓને શી; એમ. એ. કે વકીલ ડોકટર બનાવવાની કેળવણી આપવી કે ઘર સંસારી ઉપયોગી ઇંદગીયા પોતાના અને પોતાની આસપાસ વાળાંઓની ઇંદગી સુખી અને ખુશાલ કરી શકે એવા પ્રકારની કેળવણીથી દરેક ઓને માહીતગાર કરવી. ઉપલી સ્કુલના મેળાવડા દરમ્યાન નામદાર ગવરનર સેાઈ વીલીંગડને જે મામાકુલ વિચારો જાહેર કીધા હતા તેનેથી દરેક માતા પીતા અને સ્ત્રી કેળવણીના હીમાયતીઓ વાકેફગાર થવું જોઇએ. નામદાર સેાઈ વીલીંગડને ઘણું વાસ્તવીક પણે કહ્યું હતું કે સ્ત્રી કેળવણીનેા ખરેા શૃંગાર તે સંસારને સુંદર બનાવનાર હોવેા જોઇએ. વિદ્યા અને હુનર કરતા વેહવાર જ્ઞાનથી દીપાયમાન થઇ પોતાના ભરથારને કે કુટુમ્બને સુખીને સાદમાન રાખવા જોગ કેળવણીથી દરેક આ માહીતગાર હોવી જોઇએ. દરેક માતા પીતાએ જાણવું જોઇએ કે તેઓની ઉધરતી દીકરી કેવા પ્રકારની કેળવણીથી પોતાની ઇંદગી ધરે છે.

ઉધરતી બાળકાઓ સંગીતની મ્યુઝીકની કેળવણી દ્વારે એ ખરેખર વખાણવા પરીક્ષા. જોગ છે. તે કેળવણી વેહવાર રીતે

લઇ વેહવાર રીતે તેની પરીક્ષા પસાર કરે એ વળી વધુ ખુશી થવા જોગ છે. તેને પરીક્ષા માટે વેહવાર કેળવણી આપવાનુ સાધન સારાં નસીબે હાલના જમાનામાં આપણા વચ્ચે મોજુદ છે. દેવી તેમજ ઇંગ્રેજી ૬૫ મુજબ સંગીત યાને મ્યુઝીક ઉધરતી બાળકાઓ અને બાળાઓ અને બાનુઓ શીખે એમાં કંઇપણ વાંધા જેવું નથી, પણ મોટા ખરચાને લીધે તેવી જાતની કેળવણી બધીજ બાળકાઓને મળે કે તેઓ મેળવી શકે એ બનવા જોગ નથી. કારણ કે ગરીબોના સંજોગેા ઉંચ મ્યુઝીક શીખવવાના ખરચને બોજો ઉપાડી શકે નહી એ હદન સંભવીત છે. છતા આ ખુશી થવા જોગ બીના છે કે આપણી જરથેસ્તી કોમના થેાડાક ઉલ્લટમંદ કુંટુમ્બો પોતાને ત્યાંની દીકરી ઓને સારૂ ને સંગીત સંગીતનુ શીક્ષણ આપવા અપાવવાને ઇંતેજાર રહે છે અને લન્ડનની પ્રખ્યાત "ત્રીનીતી કોલેજ ઓફ મ્યુઝીક" તેઓની પરીક્ષા લેવાની જોગવાઇ સગવડ કરી આપે છે. મ્યુઝીકના અને ખાસ કરીને "પ્યાના" ના બાનુ શીક્ષક તરીકે બાઇ બીખાઇજી. લી. પાલમકોટનુ નામ આપણા વચ્ચે મશહુર છે અને તેઓ તરફથી કેવી સંગીત પ્રકારની કેળવણી આપવામાં આવે છે તે એટલાજ ઉપરથી જણાશે કે ગયા ડીસેમબર માસમાં એઓના હાથ હેઠળ તાલીમ લીધેલી ૧૫, છોકરીઓમાંથી ૧૨, ઘણીજ કૃતેદમંદીથી પસાર થઇ છે અને આજ સુધીમાં બીસ બીખાઇજીના બદ ૭૫) શીક્ષમાં લન્ડનની જણીતી ત્રીનીતી કોલેજ ઓફ મ્યુઝીકની બધરી પરીક્ષા પાસ કરવાને નસીબવંતા નીવડયા છે. અમો શીખનાર અને શીખવનાર બન્નેને મુબારકબાદી આપીએ છીએ.

સરજતની સાંકળ

યાને

મૌત અને માફી

(એક પારસી ગ્રંથારી વાર્તા)

લખનાર—'રફીક'

પ્રકરણ ૨ જું.

"દિરોજશા શેઠ મેરમાંજ છે કે, બેદલા કાકા?"

"હા, ભાઈ હાજ, છે જ."

"એકલાજ છે?"

"હાજી, ઝીણીયાં આવો, હીરીબાઈ" એમ કહી કેને તે અબલાએ બેદેલા કાકાનાં નામથી બોલાવ્યો હતો તે તેણીને પોતાનો શેઠ જે ઓરડામાં હતો તે તરફ લઇ ગયો. પણ આજે તે અબલાના ચેહેરા પર ગભરાટની કુદરતી નીશાણી જોઇ તે ભલો આદમી ઘણો વિચારમાં પડ્યો વધારે વિચારમાં તો તે એમ પડ્યો કે તે અબલા 'કેમ છેલા બેહેલા કાકા, સારીકાની છેલા' એમ તેને મમતાથી બોલાવ્યા વગર જ્યારે હોય ત્યારે કદીબી ત્યાં દાખલ થતી નહતી.

"આય હેડનાનાં હીરીબાઈ આવેલાં. હેડ" એમ કહી તેણે એક ઓરડાનું બારણું બંધ કરીયું' બારણું ઉઘાડયું અને તેમાં તેણીને તેણે દાખલ કરી.

તેણીને ઘણીજ ગંભીર અદાથી તે ઓરડામાં આવી થંભ ઉભી રહેલી જોતાંજ ડાકટર દિરોજ પટેલ જે એક ખુરશીયેરમાં બેસી વાંચતો પડેલો હતો તે ચોંકીને ઉભો થયો અને શેકહેન્ડ માટે હાથ લંબાવી તે તેણીની આગળ આવ્યો.

"અલો આજે નહી ધારેલી, નહીં વહી રાખેલી મુલાકાતનું માન તેં સેવકને આપ્યું? કાંઇ સેવક ઉપર આજે તારી મેહેર—" પણ તેણીનો હેરો જોતાંજ તે ડરીને આગળ બોલતો અટકી પડ્યો. તેણે જોયું કે શેકહેન્ડ માટે તેણે લંબાવેલો હાથ તેણીએ લીધો ન હતો અને તેની સામે ટગર ટગર જોતી તે ખુબસુરત અબલા ઉભી હતી, અને જે રીતે તેણીની જાતી ઉડ બેસ થતી હતી તે ઉપરથી તેને જોઇ લેવાનું બની આવ્યું કે તેણી હાલ ઘણી ઉશ્કેરાયલી હાલતમાં હતી.

તેણીએ હવે તેને માથાંથી પગ સુધી જોવા માંડયો અને તેણીના નાકનાં ચુલાજની પતલી પાંદડી જેવાં ફીફરાં ઉડવા લાગ્યાં, અને જાણે કંઇ બોલવાની તેણી જીવતોડ કોશેશ કરી રહી હોય તેવા તેના દેખાવ થઇ રહ્યો હતો.

"ના—પાક!"

તેણીની સામે હરણપ્રાણ થઇ ઉભેલો જવાન ડાકતર તેણીનો આ બધો હઠરો જોઇ ગભરાયો તો હતો, પણ તેણીના આ ત્રણ અક્ષરી બોલથી અને જે વિકારથી તે શબ્દ તેણીના બે હોઠ વચ્ચેથી નીકળ્યો હતો તેથી તે તો હારીજ ગયો, તે ભતાં કંઇક ડોલ ખાવી તે હસ્યો અને જેમતેમ હીંમત રાખીને બોલ્યો—

"ઓહો? ત્યારે આજે સીરાં તું કાંઇક બીજીજ મતલબથી આવીછ, વારૂ! બેસ તો ખરી!" એટલું બોલી તે અબલા આગળ તેણે એક ખુરસી મુકી.

"હા, આજે હું એક જુદીજ મતલબથી તારી આગળ આવીછ, પણ તારા ઓરડામાં બેસવું મારે આજથી હરામ છે"

"હમેશ તું કાંઇ એટલી બધી ચોકકસ તો રહેતીતી નહીં!" તે બોલ્યો.

અને તેણી આ ટિકા સાંભળતાંજ તેણીના ચહેરા ઉપર રતાશ ચડી આવ્યો અને તેણીની આંખોમાં ઝાંખું વરસી રહ્યું.

"હા તેમ હોય પણ તે વખત જુદોજ હતો, અને તે વખતે હું મુર્ખ હતી અને ખુદા શાહેદ છે કે જેમ આજે તેમ તે વખતેથી મારી રીતી નીતીમાં પાપ તો નહીંજ હતું. હું મુર્ખ હતી, હું નાદાન હતી અને આજે તે મારી મુરખાઇ અને નાદાની માટે મને આપની પડતી ભારી કીંમત ભરપાઇ કરૂંછ, મારી તે નાદાન્યતને આજે હું નતિજો દેખું છ"

બન્ને થોડીવાર ચુપ રહ્યાં. કોઇ કશુ બોલ્યું નહીં અને તે દરમ્યાન તે અજાલાને હજી જે કાંઇ બોલવું હતું, હજી જે કાંઇ તેને કહેવું હતું તે બોલવાને અને કહેવાને બની આવે માટે તે થાક બાતી ત્યાંજ ઉભી રહી અને પેલો જવાન તેણી તરફ, તેણીના ચહેરા તરફ, તેણીનાં સફના તીર જેવાં સીધાં બદનને નિહાળતો તેણીની સામો ઉભોજ રહયો.

"હંમેશ કરતાં આજે તું ઘણી વધારે ખુબ સુરત લાગેછ, સીરાં?" તે જવાને આખરે ચુપકીદી તોડી.

"ચુપ! કેમ એવા સુખન તું તારાં મોહકાંમાંથી કાઢેછ? તેં મને બાલ્યકાળમાં બાલ્કી કટકો માર્યો પછી તુંને આવા બોલ વાપરતાં શરમાવું જોઇયે."

તે તેણીને પટાવતો આગળ વધ્યો અને પોતાના હાથો તેણે લાંબા કીધા, પણ, પોતાના હાથના એક અછાતથી તે હાથોને તેણીએ બાજુ ઉડાડી નાંખ્યા.

"મને એક માંગણીથી લગાડવાનું તેંજ હીચકારાપણું બતાવ્યું છ તો મદદ માટે હું ઘુમો પાસ દુર રહે- મારી આગળ તું આવતોજ ના, હું તુંને ધિક્કારૂંછ" અને આટલું બોલતાં તેણીના દમામ ઓટથી બધો વધી ગયો કે તે ખરેખર પાછળ હઠીને ઉભો.

"જો શીરાં તું"—

"માફ' નામ મીસીસ શેહના છે!"

"ઠીક ત્યારે, મીસીસ શેહના– તો જોકે આજ સુધી તો મને સીલ્વા યા શીરાંનાં નામથી તુંને બોલા વો હતા—"

"હા, તે હક તુંને મેં નહીં પણ મારી મુરખાઇ એ આપ્યો હતો."

"ત્યારે અરાંબોને છેક અસુરેથી અકલ સુમેઝ એમ કાંય ?"

"તો માટીઓને શુધ્ધી હોવા છતાં તે પુરી જાયછ એમ કાંય? છેક અસુરેથી ? હજુન છેક અસુરું નથી થયું ને તેથીજ હું અહીં આવીછ. તારે સાચે સાચી વાત જાહેર કરવીજ પડશે અને મારાં નામને લાગેલો ડાઘ તારાં સાચવટનાં પાણીથી તારે ધોવોજ પડશે!"

ત્યાં પાછો તે જવાન હસ્યો અને તેને એમ હસતો જોઇ તે જવાન અજાલાના ચહેરાનો રંગ ફીકો મારી ગયો.

"તુંને ખબર છે કે મારા જમશેદજી મારી સામને છુટા છેડાની કર્યાદી માંડેજ ને મારે કાને એવી વાત આવીજ કે તું તારો બચાવ કરવા કોર્ટમાં આવવાનો નથી "

તે વાત ખરી હોવાનું તેણે 'હા' તું ડોકું ધુણાવી જણાવ્યુ અને પોતે કરી મુકેલા તે ઠેરવને સદા મજબુતીથી જાણે તે વળગી રહેવાનો હોય તેમ તેના ચહેરા ઉપરથી ખુલ્લું દેખાતું હતું, અને તે જોઇ તેની સામે ઉભેલી તે અજાલાનો ચહેરો ઉપરપર ગયો.

"તું જાણેછ કે તેથી મને કેટલું નુકશાન થશે તે?"

અને જવાબમાં પાછું તેણે 'હા' તું ડોકું ધુણાવ્યું.

"ત્યારે આવુંનીચ કામ તું કાંય કરેછ?"

"કાંય કરૂંછ? તે તું જાણવા માંગેજ તો સે હું તુંને તે કેહું."

એમ બોલી તે બે કદમ તેની નજીક આવ્યો પણ બ્યર કદમ તે પાછળ હઠી.

"હું એ કેસમાં મારો બચાવ નથી રજુ કરવાનો કેમકે તુંને હું મારી પરબેતર કરવા માંગું છ. તેમ કરી દુઃખમાં કુબા હુબ થયેલી શેહનાને શીરાજ પટેલની સુખી શીરાં બનાવવા માંગું છે. મારી એ મુરાદ હાંસલ કરવાનો એ એકજ માર્ગ છે અને તે

માર્ગ અખત્યાર કરવાની જે એક તક મને તારો ખોટી રીતે વ્હેમાયલો ભરથાર આપવા ભગિજ છે તે લઇ લેવાનો છે. તે તક હું માગવા નથી ગયો, હું તે શોધવા નથી ગયો, તે તક મને શોધતી આવીજ. આટે દાહાડાની વાત ઉપર એ કેસને લગતો મને સમન્સ મળ્યો ત્યારે ઉલ્ટો હું અજબ થયો. મારી ચુપકીદી તારા વરને તેનો કેસ જીતાવી આપશે અને મને મારી મોહ્યતની મુરતી મેળવી આપશે અને જે સાચો પ્યાર તારા જમશેદજીથી તુંને નથી અપાયો તે મારાથી તુંને મળશે."

"પણ હું તો મારા જમશેદનેજ ચાહું છું અને મારી જીંદગી સુધી તેનેજ ચાહતી રહેવાસ તેનું કેમ?" હવે ગુસ્સે થયાની તેની વારી આવી.

"તું જમશેદને ચાહેછ? અને જે રીતે તેં મને એ રસ્તે ઉતાર્યોછ તે પછી તારી એ વાજાત વાત હું મને માનવા કહેછ? મારી ઉપર તેં વ્હાલ નથી બતાવ્યું? તેં મને નથી નચાવ્યો? તેં મને તેવી રીતે નથી નોયેા કે જે રીતે માત્ર પ્યારનીજ આંખોથી જોવાઇ શકાય? હા, હું કબુલ કરૂછ કે મેં તુને કોઇવાર ફ્રાસ નથી લીધી. અને તેં તે આપવાની કાળજી પણ નથી કરીધી, એટલુંજ નહીં પણ શેકહેન્સને માટે તારો હાથ મારા હાથમાં લીધા સિવાય તારા આંગને વટીક મેં હાથ લગાડયો નથી, કે નથી તેં મને તેવી કશી છુટ આપી; તે સઘળું છતાં ઓ ઔરત! જો કોઇએથી મને મારી હાલની હાલતે પુગાડયો હોય તો તે તુંજ છે, અને તુંજ મને હમણાં કહેવા નીકરીછ કે 'હું તો મારા જમશેદજીનેજ ચાહું છ."

"ત્યારે હું તો એમજ હમણાં સુધી જબ મારેછ કે હું તુંનેજ ચાહું છ?"

"અલબત!" તે બોલ્યેા "અને હું તો શું પણ મારી હાલતમાંના સૌએ શો જબુ એમજ સમજે."

તે જવાનનાં મોહમાંથી પાતો આ અકેક બોલ તેની મદદ શોધતી આવેલી તે અબલાનાં હૈયાપર તાવેલાં સીસાંનાં અકેક ટીપાંની માફક પડયો! તે વિચાર કરવા પડી કે એવું તે શું તેણીએ કીધું હતું કે તેણીની સામે ઉભેલા તે જવાનને તેણીના સંબંધમાં આવું પાપી મત બાંધવાનું કારણ મળ્યું હતું? અને તે સવાલનેા જવાબ તેણીને તેણીનાં પોતાનાં હૈયાં તરફ્થીજ મળેયેા અને જોવા તેણીની આંખ આગળથી અજ્ઞાનપણાનેા પડદેા સરી પડયેા.

હવે તેણીને કાંઇ અણદીઠ અવાજે સવાલ કર્યેા કે તે જવાને તેણીને હમણાં કહી સંભળાવેલા બોલ ખરા હતા કે નહીં?

હા, ખરજ હતું કે તેણીને મોંઢેથી 'પ્યારનેા શબ્દ નીકળ્યા સિવાય બધુંજ જે તેણે કહ્યું હતું તે ખરં હતું.

આતશ સાથે ચેાડાં કાદવમાં શું બાનાખરાબી છે તે તેણી આજેજ માત્ર શીખતી હતી.

"ત્યારે તું મનમાં એમજ ચાહે પીએછ કે હું તુંનેજ ચાહું છ" ધિક્કારથી કમકમીને તેણીએ તેને પુછ્યું "અને તેમ માનવાનેા તને હકજશું છે? એમ ધાર કે મારી કાંઇક નબળાઇથી તુંને એમ માનવાનું કારણ મળ્યું‌યું હોય તેા તે છતાં આપ કેસમાં તું જે નીચ પણું બતાવવાનેા ઇરાદેા રાખેય તેથી તેા મારાં દીલમાં તારે વાસ્તે જે કાંઇપણ લાગણી હોસે તેથી ભરી જસે કેમ કે અત્યારથીજ હું તુને ધિક્કારવા શીખીછ.

"હમણાં તું એમ કહેછ સ્રીરત્ન, કેમ કે તું હાલ બે બાજરી બની ગેઇછ, તુંને હાલ તારાં ભલાં નામનેાજ વિચાર આવેછ."

"ત્યારે તે વિચાર તુંને નથી આવતેા?"

"હા, આવેછ મનેથી તે વિચાર આવેછ સ્રીરત્ન, અરે મીસીસ શેઠના અને તું‌ને મારી કરવાનેા એ કરતાં કાંઇ ખીજો વધુ સહેલ રસ્તેા હતે તેા તે હું ખુશીથી લેતે. આપ કેસમાં મેં લેવા ધારેલી વલણને લીધે હું મને પોતાને તારા જેટલેાજ ધિક્કારૂછ, અને મારી જે ખાતરીજ નહીં હતે કે તું તારા વરને નફીસ ચાહતી, ફકત મનેજ ચાહેછ તેા હું એ વળાણ અખત્યાર નહીંજ કરતે. ખારને ઘણા મેાટા ભેગા લેવાનેા હક છે અને તેને માટે તું જે આપ ભેગ આપશે તે ઘણેાજ મેાટેા કહેવાશે, પણ ખાતરી રાખજે કે તેનેા બદલેા હું તુંને મારા અથાગ પ્યારથી વાળી આપસ."

ત્યાં તે જરા ચોંક્યો અને પાછો ધીમે અવાજે બોલ્યો.—

"આપણે બંન્ને-તું અને હું-તો જાણું કેની કે એ બધી વાત ખરીજ છે? જમશેદનો ચહેમ તદન નાપાયાદારજ છે? આપણી દોસ્તીમાં પાપ જેવું કશું હતુંજ નહીં?

"ત્યારે તું ઓટલો ધાટકી કાંય થાયછ?" તેની સામે ઉભેલી અબલા કરગરીને બોલી અને તે બોલતી વખતે તે અબલાની આંખોમાં આંસું ભરાઇ આવ્યાં "લે શીરાઝ, તું મને રીબાવીને મારેછ! તારે ગમે તો લે આય તેજલપરની છરી, આય છાતીમાં ભોકી બધો જેટલો લાવી નાંખ! ઓ નાપાક! અબલાની છરી લઇ હું ચોતરફ ચીરાઇ ફસાદને આપઘાત કરું—પણ નહીં—મારાં નામને જહાં સુધી ડાઘ છે ત્યાં સુધી મને મરવાનો ગોયા હક્ક નથી, એ ડાઘ આપ કીધા કરાવ્યા વગર મારા પેટા કરનારની રહેમતમાં હું ઉભીજ કેમ રહી શકું? તે ઇતારની દયા હું કેમ માંગી શકું? ઓ મેં તારી સાથે એવું તે શું કીધું છે કે આજે તું ધન-દાન્યત છોડી દેવાન રૂપે મને સતાવવા મારી સામે ઉભોછ? ઓ નીચ! એક ઓરતનું પરણ્યું ઇમાન તુ શું સમજેછ?"

અને આટલું બોલતાંજ તે ઓરત એવી ઉશ્કેરાઇ ગઇ કે ઘડીભર તેની સામે ઉભેલા મરદોને મરદ ઘડીક એક પાંદડાની માફક ધ્રુજવા લખકખવા પડ્યો, મગર, તેણે પોતાની હઠ છોડી નહીં.

"તેં શું કીધું? તું પુછેછ? શીરીન, તેં મને પ્યારથી દીવાનો બનાવ્યોછ, બસ બીજું તેં કાંયજ નથી કીધું."

"અને તે લે ખરૂંજ હોય-તું લે ખરૂંજ બોલતો હોય તો—" અને તે અબલા રડતી ડચકાં ખાતી, આંસુડાંથી પોતાની ઊંચ એક બાલુ નમાવી તેની આગળ ગઇ અને તેનાં ખભાપર પોતાનો એક હાથ મુકી તે બોલી.—

"એ બદ્‌જુબ તું લે ખરૂં બોલતો હોય તો-તો આજે દયા કરી તારા તે પ્યારની મને પુરવારી આપ; ને જમશેદજીને જઇને કહે કે આપણા વચ્ચે બાકે દોસ્તી સિવાય કશું હતુંજ નહીં. મારે ખાતર શીરાજ તું એટલું કર ને તારે માટે મને હતથી જવાદા માન બરપા થશે. હું આજનો દેખાવ બધો ભુલી જવસ ને જે માનથી તારી તરફ હું જોતી આવીછ તેજ માનથી તારી તરફ જોતી રહેવસ."

જેમ જેમ તેણીનો આ અકેક બોલ તેણીનાં મોંઢાની કરેજમંદી બોલતો ગયો તેમ તેમ શીરાજના ચહેરાના કદનો જે હાલ સુધી કઠોર હતો તે કંઇક નરમાસ પકડતો ગયો.

"પણ તે છતાં તે માનશે નહીં તો?" તે બોલ્યો.

"તે વાત જુદી છે—તો તેમાં તારો વાંક નહીં કહેવાશે, તારી—તું જેવા તેવાનુ દોસ્તની વાત જો તેવણ નહીં માનશે તો તેવણ માટેનો મારો પ્યાર મારાં દીલમાં વાસો કેમ નિઆરી રાકશે?

"હું દલગીર છેડું શીરાજ કે તારી સાથની મારી રીત ભાત અને ચાલ ચલણથી તું ખોટે રસ્તે દોરવાયો. ખુદાને હાજર નાજર જાણીને કેહું છું, શીરાજ, કે મારી મતલબ તારી સાથે ચેડાં કરવાની હતીજ નહીં-મારો ફેજ હતે તારા હાથમાં છે, મારાં સુખનું જાણી લેવાને સરીયામ સત્યાનાશ વાળવાથી, મારાં નામને બદનામ કીધાથી મારી પાકદામનને ડાઘ લગાડી તું જો એમ સમજતો હોય કે તું મને છતી રાકસે તો તેમાં શીરાજ તારી ભુલ છે. એ હું જોવસ કે હવે મારો કાંઇ ઇલાજજ નથી તો મારી ગમે તેવી નામશ છતાંથી હું મારો ઇજ્જત કબજ કરસ ને તુંને તારી જીંદગીની આખેરી સુધી સંતાપ એજ રહેશે કે તેં એક જવાન નિરદોસ જીવને નાકક માર્યો! પણ હું નહીં ધારતી, મારી પકી ખાતરી છે કે તું મને એ ફેજે પુગાડશે. તારાં માયછ મને પોતાની એક દીકરી માફકજ ગણતાંતાં ને ચાહતાંતાં તો તે મરહુમ મરજીનાં નામથી તુંને આજુછ કરૂંછ, શીરાજ કે ઇજ્જતને ખાતર નહીં તો મારાં પુત્ર બચ્ચાંને ખાતર ધ્યાનમાં આવી પડેલી મારી નેકીને તેમાંથી બાકાત કીજીકર!"

ત્યાં હવે શીરાજ ઉપર રામબાણ અસર થયેલી તેના ચહેરા ઉપર થતા ફેરફારોથી પ્રગટ માલમ પડી.

તે. અબલાની આજુબાજુને આધિન થઇ તે તેના કહ્યા મુજબ કરવાની અણીપર હતો તેટલાં તેની સામે ઝાલાવાલા કરતાં ઉભેલાં પીકચર ઉપર તેની પાછી નજર પડી અને તે અબલાની અનુપમ ખુબસુરતીથી તેનું મસ્તક ફરી ગયું. તેનાં લમણાંનો ચીત્કો વળી પાછો ચઢી ગયો તેનો ચહેરો એકવાર પાછો કઠોર અને ક્રુર બની રહ્યો.

"નહીં, તમે કહેછ તેમ મારે નથી કરવું. બીસીસ શેઠના તમે અહીંથી જાવો નહીં તો હું કાંઇ જાણ્યું ન જાણ્યું ફરી દેવસ-બસ જાવો અહીંથી!" એમ બોલી તેણે ઓરડાનાં બારણાં તરફ આંગળી બતાવી. તે વખતે તેની આંખોમાં અનુંન પ્રગટી રહ્યું હતું.

અને તે અબલા તેની તરફ એવો ચહેરો કરી ત્યાંથી ફરી કે જે ચહેરાનો વખતે થયેલા દેખાવ ફ્રિરોજ મરતાં તુરીકલાક વિસરવાનો નહીં. જાણે એક વિદ્વાન સિંહણ ગોલીથી વિંધાઇ નાચાર નિરાધાર જમીનપર ફસડાઇ પડે તેવો તેણીનો આ વખતનો દેખાવ હતો અને જેવી તેણી તે ઓરડામાંથી બાહાર પડી અને તે બારણું પોતાનાં બીજીગરાં ઉપર બીચબાઇને બંધ થયું કે ફ્રિરોજના ચહેરાપરનો રંજ ઉડી ગયો અને તે જાણે બેશુધ્ધ થઇ જતો હોય તા ગુંગળાઇને મરવાની અણી-પર હોય તેમ તેનો શ્વાસ ગભરાવા લાગ્યો.

તે જ્યાં બેસી પડયો હતો ત્યાંથી હવે ઉઠયો અને એક બજીચેરમાં પડઘાઇને પાછો પડયો.

પ્રકરણ ૨ જું.

શીરીન શેઠના તેના ઓરડામાંથી ગયા પછી લગ-ભગ એક કલાક ડાકતર ફીરોજ પટેલ હીંમ્મા ચાલ્યા વગર તરેહવાર જુસ્સાઓનો ભોગ થઇ પડી રહ્યો.

હાલ તુરત ત્યારે તેને આપણે તેનાં અંતઃકરણ સાથે એકાંતમાં છોડી એ બધી બાબદ જુ હતી તે આપણે તપાસ્યે.

લગ ભગ બીસ વર્ષની તેની જીંદગીમાં ફકત એકજ અબલા, એકજ સ્ત્રી-એકજ ચારત તેની રેહણી કેહણી, તેની રાહ રસમ તેની રીતી નીતી અને તેની દરેક દરેક દીલચાલ ઉપર અસર કરી ચુકી હતી, અને તે તેનાં મરહુમ મા પોતે હતાં. તેવણે તેને એવી સારી તાલીમ આપી તેને એવી સારી રીતે રાખ્યો હતો કે તેની જરા સરખી વાત નીકળતાં તે આટલો મોટો હોવા છતા 'હજુતો એ મારૂં માર' દુધ પીતું બચ્ચું' કરી તેને હેતથી ઓળખાવતાં હતાં અને બાપ પરખી તેનો પ્રેમ એટલે બધો હતો કે તે એક ભક્તિ-ભાવની હદે પુગ્યો હતો.

ત્યાર બાદ ઘણે મોડેથી તેની જીંદગીના સરલ બ્હેતા રોહમાં એક બીજી અબલા આવી ઉભી અને તે બ્હેતા રોહમાં એક અટકાવ એક કઠોડો અટકાવ તેણીએ નાંખ્યો. શીરીન શેઠના ઉપર તેની નજર પડતાંજ પ્યારની લાગણી કેવી હોય તેનો તેને અનુભવ થયો અને તે અનુભવે તેને લગભગ ત્રણ વર્ષ સુધી ઠગેજાતો રાખ્યો.

હવે ડાકતર ફીરોજ કરતાં કોઇ વધુ સ્થાનો આદમી હતે તો તેના રસ્તામાં આવેલી તે લાસ્કથી તે દુરજ રહેતે, પણ કમનસીબે આપણા વધારે જવાનોના સંબંધમાં બને છે તેમ ફીરોજ ઉપર કહેવા સ્થાણુ આદમી કરતાંભી વધુ સ્થાણો અને ઘોડો વધુ ફીલસુફ થવા ગયો. તેણે પોતાની ઇજતપર અને શીરીનની સભ્ય શક્તિપર જોઇએ તે કરતાં વધુ ઇતબાર રાખ્યો અને તે વખતે ઇનશાન જાતનાં મનની નબજાઇનો તેને કશોજ ખ્યાલ થયો નહીં. તેઓ બંન્ને વચ્ચેની લાગણીને પાક દોસ્તી તરીકેજ માની તેઓ એકમેક સાથે વધુ અને વધુ ભેળાતાં ગયાં અને ખરૂં કહુંયે તો તેઓ વચ્ચે તે પાક દોસ્તી સિવાય કશું વધુ બદનામ કરનારૂં હતુંજ નહીં.

ફિરોજે શીરીનને જે કહ્યું તે ખરેખર બહુજ હતું કે તેણે કોઇની વખતે તેણીનાં આંગળે હાથ વરીક લગાડયો ન હતો, અને તેઓ વચ્ચેના તે સંબંધને તેઓએ તો માત્ર પાક દોસ્તી તરીકેજ સાચવ્યો અને માન્યો હતો, પણ લોક તેમ કમ સમજે અને તેમ કમ માને અને જ્યારે લોક તેમની વચ્ચેની દોસ્તીને માત્ર પાક દોસ્તીનાંજ રૂપમાં ન લેય તો પછી શીરી-નના ખાંદીદ એવો એક ગંભીર તોફાનો ઉંચે ઉંચ

પ્રદરય તેઓ વચ્ચેના એ હૃદયાહાર વધી ગયલા સંબંધને પાક દોસ્તીનાં રૂપમાં લેવાને પોતાનાં મનને કેમ મનાવી શકે?

તેઓનું બોહોળું મિત્રમંડલ તેઓને જોઈ ટોકું દીલવવા લાગ્યું અને તેઓમાંથી જેઓ ભલાં અને સાચવટવાળાં હતાં તેઓ તો બીહુવાળી લાગ્યાં કે એમાંથી એકુ દહાડો મોટું તુફાન જાગવાનું, અને તે વાત તેઓ તરફથી તે બંન્નેને કાને વહીક આવી તે છતાં લોકની લાગણીની અને લોક અવાજની દરકાર કર્યા વગર તે બંન્ને નાદાનો જે લેખમ ભરોસો રસ્તો તેઓએ અખત્યાર કીધો હતો તે ઉપર આગળ વધતાંજ ગયાં, તેમાં અમે ઉપર કહ્યું તેમ ફીરોજ પોતાની પ્રજત ઉપર અને શીરીન પોતાના ખાવિંદ ઉપરના પોતાના અખંડ પ્યાર ઉપર આધાર રાખી બેઠાં.

તે વખતે ફીરોજને સ્વપ્નેએ નહીં કે તેમ કરતાં એકે વખત એવો આવશે કે પોતાની જે પ્રજત ઉપર તે એટલો બધો આધાર રાખી રહેતો હતો તે પ્રજતની સામ્રમાં સખ્ત સંજોગો વચ્ચે કસોટી થશે; અને જમશેદજીએ પોતાની પરણેતર સામે ભાંડવા ધારેલી ધુતા ઉપાની કર્યાદીને લગતી નોટીસ તેની ઉપર આક્રમણથી છુટેલા વાયકા સમેત આવી પડી નહીં ત્યાં સુધી તેની બુધ્ધિ ઠેકાણે આવી નહીં. ત્યારે અને ત્યારેજ તેની આંખ આગળનો ઓટાં ડાહાપણનો પરદો સરી પડ્યો; ત્યારે અને ત્યારેજ તેની નાદાની તેની આગળ ઉઘાડી પડી અને ત્યારે અને ત્યારેજ તેણે શીરીનને કેવા ભયંકર લેખમમાં ઉતારી દીધી હતી તેનું તેને ભાન આવ્યું.

હવે જમશેદજીએ શી વાત આટલી હદ સુધી પોતાની તરફના કથાથી પ્રોટેસ્ટ વગર વધવા દીધી હતી એમની નહતું. કોઇની મુખ સાચો ગૃહસ્થ એમ કરેજ કેમ? તેવજ ડાક્ટર ફીરોજ કરતાં શીરીનને તેઓએ અખત્યાર કીધેલ રસ્તેથી વાળવાની ઘણી કોશીશ કીધી અને જ્યારે તે બધી કોશીશ ફોકટ ગઈ ત્યારે તેણે ડા. ફીરોજ પર હાથ અજમાવ્યો અને શીરીને યા ડા. ફીરોજે તેમનું નહીંજ માન્યું એમની કાંધ ન હતું પણ મામલો બધો રોહની રીખામણ જાણ સુધી જેવો હતો. અને કદાચ એટલી અટકલ એ બેઉ જાનજુથ્થીની તરફથી કરી શકયે કે ને તેઓના તે મેળાપમાં પાપ હતે તો તેઓ તેનાં પરિણામથી ડરી જઈ તેઓએ લીધેલા માર્ગથી બાજ આવતે અને પણ અમે આગળ કહ્યું છે અને હાલથી વાંચનારને ખાતરી આપે છીયે કે તેઓનાં મનમાં મેલ કે દીલમાં પાપ હતું નહીં અને તેથી કદાચ પોતાનાં સ્વચ્છ અંતઃકરણ ઉપર મુસ્તાક રહી તેઓએ લોક લાગણીને અને જમશેદજીની તકરારને જોયે તેવું વજત ન આપ્યું હોય તે બનવા જોગ છે કે જેમ કરવામાં તેઓએ સર્વાંમ ખોટુંજ કીધું કહી શકાય.

ત્યારે આપણે ઉપર જોઈ ગયા તેમ ફીરોજ તે તે બાબે એટલો બધો નભરવસ અને નચીંત રહ્યો કે તેને તે છુટા છેડાના કેસમાં જોડવા જવાબદાર બનાવવાને લગતી નોટીસ તેને મળી નહીં ત્યાં સુધી તે પોતાની બે બબરીના બાબમાંથી જાગૃત થયોજ નહીં.

અને તે સધળું છતાં હજીએ એ બધી આફતને એક તડાકે દુર કરવાનો એકજ માત્ર ઉપાય હતો, અને તે એકે તે નોટીસ તેને મળતાંજ તે જો જમશેદજી પાસે દોડી ગયો હતે-કેમકે તેઓ બંન્ને જુના મિત્રો હતા—અને તેવધુ આગળ બધો ખુલાસો કરી દઇ હવે તે વાતથી હાથ ઉઠાવવા તેમને જબીનગીરી આપી હતે તો જમશેદજી કાંઇ એવા નહીં હતા કે તેની વાત તેવધુ નહીં માનતે.

જમશેદજીને આ બાબતમાં ઘહેમાવાનું ઘણુંજ મજબુત કારણ હતું, પણ જમશેદજી પોતે ઘણાજ ગંભીર અને શાંત સ્વભાવના હતા. તેવધુને વળી ખરજ હતી કે તેઓ બંન્નેનાં ઓળખીતાઓ જોએ તેઓનું બધુંજોનાર અને ધ્યનાર હતાં તેઓએ તે બંન્ને નાદાનોનું ધ્યાન તેઓએ લીધેલા ખોટા અને લેખમથી ભરેલા રસ્તા તરફ ઘણીવાર એંચ્યું હતું તે છતાં તેઓ બંન્ને એક ડગલું આ જ્યારે પાછળ નહીં હઠયા હતાં ત્યારે તેવધુ જોયું કે હવે કોઈનો આગ્રહ હેવા સિવાય છુટકો ન હતો. એમ તો હજીએ તેવધુ એક ઉદલી કોશીશ કરી લેતે અને કદાચ ટીકો લાગીજી

જતે પણ તેમ કરવું તેવણે પોતાના દરજ્જાથી હવે ઘણું ઉતરવું અને નબળું વિચાર્યું.

તેવણે તકરાર લીધી કે આસપાસ શું બોલાય ? તે સાંભળવાને તેઓના કાન પુરી ગયાછ ? આસપાસ શું ચાલ્યચીવી થાયછ તે જોવાને શું તેઓની આંખો નથી?

અલબત એ બાબતમાં પ્રીરોજ કરતાં શીરીનનું ધ્યાન તેવણે ઘણું ખેંચ્યું હતું, પણ ત્યારે વળી તે સમજુનું પુછવું કેની-અને આજની વધુપડતી છોકરીઓ પોતાને સમજુનું પુછ્યુંજ માની લેય છે-તે એમજ સમજી કે પ્રીરોજ સાથની તેણીની દોસ્તીમાં જ્યારે પાપ જેવું કાંઇ છેજ નહીં અને જો એમ લોકનો કહેવાથી શીરીન પ્રીરોજથી દુરજ રહેતો ખરેખર તો તે દોસ્તીમાં કાંઇ પાપ હોવુંજ જોઇયે એમ સાબિત થાય!

કેવી વાહીયાત તકરાર અને કમનસીબે પ્રીરોજનાં ભેજાંમાંથી કાંઇ એવીજ તકરારનું ભુસું ભરેલું ઓટલે તે ત્રણે જમશેદજી. શીરીન અને પ્રીરોજ પોતપોતાની જુલેમાં જુલવામાં અને કાંટાળું કરેક્ટર થઇ ગયું.

એ સઘળું છતાં અમે ઉપર કહ્યું તેમ પ્રીરોજને નોટીસ મળી તેવાજ તે પોતાની ખરી ફરજ વિશે જાગૃત થયો હતે તો સઘળી વાતનો છેડો ત્યાંજ આવી જતે, પણ પ્રિય વાંચનાર જ્યાં તારાં નસીબમાંજ આ કાંઇપણ વાંચવાનું સરજેલું ત્યાં પ્રીરોજને તેવું ચુકેજ કયાંથી?

ઉલ્ટો, જમશેદજીએ લીધેલાં એ પગલાંથી પ્રીરોજને ગુસ્સો ઉપજ્યો. તેને અતુન છુટવું કે 'એક ગાય જેવી ગરીબ બૈરી' ઉપર આવો ગલીચ જુલ્મ લાવી તેને હેરાન કરવા માંગતા જમશેદને કાંઇજ દીલમાં અરે નથી આવતી? તેને એવુંજ ગમેછ તો ઠીકછે અને પોતાનેજી અથડાવા દેવોજ જોઇયે.'

પણ તેજ વખતે તે ઢીલાંપુટાને એમ તો વિચાર આવ્યોજ નહીં કે એ લડાઇમાં જેને 'ગાય જેવી ગરીબ' કહે છે તેનો કચડાણું નીકળશે, તે બીચારી ચોકકાજની ધાતકી ચકીમાં પીસાઇને છુંદો થઇ જશે તેવું કેમ!

તેનું તો તેને ભાન આવ્યુંજ નહીં, અને જેમ બેરાયલા આદમી વધુ બેરાય તેમ તેનાં વિખરાયલાં મનની કોયેજી ઉપર સેતાને હવે વધુ ગલબો કર્યો, અને નાપાક સેતાનનાં નામ અને કામને પેશ પડતો એક પાપી ખ્યાલ તેને આવ્યો, અને તેને આવેલા આવિચારમાં તેણે તેનાં કીસ્મતે યારી આપેલી તેણે ખોટી રીતે જોયુ.

જો બુરું બનવાનુંજ હોયછે તો ઇનસાનને ઉંધે દાહાડે ઉંધું સુજ પડયા વિના રહેતું નથી, તેનો આ એક દાખલો છે.

જમશેદજી ઉપર તેને છુટેલું જનુંન કાંધક દરજ્જે કમી થયું અને તે જરા શાંત પડયો. તે શાંત થતાંજ તેને વિચાર આવ્યો કે શીરીનને જમશેદજીથી ઓછી તેને તે પોતાની કાંધ નહીં કરે?

જમશેદજીએ લેવા ધારેલાં આ પગલાંથી તે નાહતો તો એમજ માની લીધું કે એ રીતે તેને અને શીરીનને એક થવાનું તેનાં કીસ્મતમાંજ હતું, અને તેમ જો હોય તો તેને મળેલી આ તક તેણે શા માટે ઓછી જોઇયે?

જો ચુપજ રહ્યાથી તેની એ ધારણા પાર પાની હોય તો બોલવાનું કામજ શું હતું? તેણે ત્યારે કરવાનું જે હતું તે એટલુંજ કે કાપડાને તેનું મોંધું ફોગવા દેવું-જમશેદજી શીરીનને છુટી થવા દેવી અને તે છુટી થઇ કે તેને પોતાની પરણેનર બનાવવી!

એ રીતે તે બેવકુફ હાલ તુરત તો મનમાંજ અદરાણો અને મનમાંજ પરણ્યો, પણ તેના એ વિચારો શેખચલ્લી જેવા હતા, એ વિચારોમાં તેણે જમશેદજીની હાર અને પોતાની અને શીરીનની જીત માની લીધી અને તેની એ બુરી વાસનાનો નતિજો શું આવશે તે જોવા માટે તેની અકકલની આંખ તો બંધજ રહી.

અને હવે તેણે કાપેલા આ ડેરાવપર પાછું રખે ફરે તેથી તુરતજ તે ઉઠ્યો (વાંચનારે યાદ રાખવું કે આ બધું શીરીન અને તેના ઉપર વર્ણવેલા મેલાપની આગળ બન્યું હતું) અને પોતાના બચાવને માટે પોતાના વકીલને જે મુખ્તાર નામું આપવા તેણે તૈયાર રાખ્યું હતું તે તેણે ફાડી નાંખ્યું.

આમ્બ્યે તે સઘળું ખુશીથી લઇ ચલાવ્યું. પરણ્યા પછી ૬ વરસે તેને પકડવામાં આવ્યો અને કેદમાં મોકલવામાં આવ્યો. ત્યાં તે ભલી બાનુ પણ તેની સાથ જોડાઈ તેની મુશકેલીમા ભાગ લીધો. બાકસ્તર કેદમાં પડ્યા પછી પોતા માટે જણાવે છે, "હવેજ મને માલમ પડ્યું કે મારી બાનુ કેટલી ભલી, ખુશમીજાજ અને મહોબ્બતવંતી છે, કે જેણી મારે માટે હુલરો હાંદેસામાંથી પસાર થાય છે." તેણીના મરણ પછી તે દુઃખી અને નાઉમેદ થઇ ગયો અને તે ભરથારે તેણીનું એક અતી રસીલું ખ્યાંન લખી તેણીની યાદગારી હમેશ તક કાયમ રાખી ગયો છે.

કાઉંટ ઝીનઝીનડોર્ફ એગ્રાજ એક ઉમરાવદિલની ઓરતથી જોડાયો હતો જેથી પોતાની હિમ્મત અને આદેશીથી તેના ભારી કામોમાં મદદ આપી તેને ટેકારી રાખ્યો, તે સુખી ભરથાર એક ટેકાણે લખતાં કહે છે. "૨૪ વરસના મારા અનુભવ પછી હું જાણુવા શક્તિવાન થયો છું કે એરીજ મેહરદાર મારાં કામ માટે તદ્દન લાયક છે. અરે, બીજું કોણ મારા કુટુંબની અગત્યતા સંભાળી શેતે? અરે બીજી કઇ ઓરત એટલી દાનાઇથી દિલાસો આપતે? અરે, દુઃખ પરણેતર પોતાના ભરથારને આવી સખ્તીઓ અને હાડમારીઓ વેઠતો જોઇ પોતાની હિમ્મત ટકારી રાખતે? ક્યાં ત્યાં ભટકવાની મુસીબતો તેણી સિવાય કોણ ઝોકતે? તેવી હાલતોમા મને કોણ ટેકો આપતે?" "કઇ પારસી પરણેતર માટે આવા શબ્દો વપરાયા હશે?

ડો. લીવીંગસ્ટન, જેને આખું આફ્રીકા ખેદાન મેદાન કર્યું છે, તેને પોતાની મુસાફરીમાં પોતાની પરણેતરના મરણથી જે દુઃખ લાગ્યું હતું તેનું તેને કદી અનુભવ્યું નહતું. તેણીએ પોતાના આવિંદના પહલા ન છોડતાં મુસ્કેરીની સઘળી મુશકેલીઓ ખુશીથી ઉઠાવી લીધી હતી. ત્યારે તે ઓરત, આપણી પારસી પુરીઓની કેટલી ખરી કેળવાયલી અને ડાહી હોતી જોયએ, કારણ, પારસી પરણેનરો, જો પોતાનો આવિંદ નાનાં ગામડામાં નોકરી અર્થે આવી રહેશે, તો તેને આલમ કરશે! ઉપરોજ ડોકતર તેણીના મરણ પછી પોતાના દોસ્ત ઉપર કાગળ લખતાં કહે છે:—"મારે કેહવું જોએયે કે આ ભારી આફતથી હું તદ્દન નાહિમત થઇ ગયો છું' જો એથી બીજું કોઇપણ દુઃખ ઉપજતે તો હું વધુ હિમ્મતથી કામ લેતે પણ આ ગજબથી તો હું તદ્દન નાસીપાસ અને દુઃખી થયો છું. હું તેણીને અને તેણી મને ચાહતી હતી; અને જેમ જેમ તેણીના સમાગમમાં હું વધતો આવતો ગયો તેમ તેમ તે મહોબ્બતવંતી માલમ પડતી તેણી એક ભલી પરણેતર અને બાહોશ માતા હતી. હું હવે માઁ કામ કર્યા જઉંછું પણ તે અરથે દિલે અને બહુ ગમતાં મને!"

એક પરણેનરની સંભાળ અને મહોનતથી પતિમાં કું ફેરફાર થાય છે તે આપણને સર સેમ્યુઅલ રોમીલીના દાખલામાંથી મળે છે. તે કહે છે કે "મને જે જે કૃતેહ મળી છે તે સઘળી મારી પરણેતરની મેહનતનું ફળ હું માનું છું. આ મારાં પંદર વરસ એક બાહોશ, ભલી અને માયાળુ પરણેનરનાં અભ્યાસમાં ગયાં છે. તે મારી મોહદરદારમાં ગહોબ્બત પ્રેમ અને પ્યાર સાથ બાહોશી, લાગવું, દરકાર, સદ્ગુણ અને હિમ્મત જોડાયલાં હતાં. તેમજ તેણી મન અને દિલે નાલુક અને મહોબ્બતવંતી હતી." તે ખાવિંદની મહોબ્બત છેવટ સુધી ટકી હતી અને તેણીના મરણનો ઝટકો તેને માટે અસહ્ય હતો. ભૂખ મરી ગઇ, ઉંઘ ઉડી ગઇ, મન ઉંચુ થઇ ગયું અને ત્રણજ દિવસમાં તે પણ માંદે લાગી ગયો!

સર ફ્રાનસીસ બરટેન પોતાની પરણેતરના મરણથી એટલો તો નાસિપાસ થઇ ગયો કે હજી તે તેણીને કાહડે તે આગમચ તેપણ મરણ પામ્યો અને તે હેતાળાં જોડાને એક કબરમાં દાટવામાં આવ્યું.

બીજો જાણુવાજોગ દાખલો સર મેહમ્મદશાહી મળે છે કે જ્યારે તેની પરણેતર મરણ પામી કે તેને ગમ વીસરતા ૪૩ વરસની ઉમરે લશકરમાં જોડાયો. તેઓ ૧૮ વરસ સુખ અને સંપમાં રહ્યાં હતાં અને તેણીના મરણ પછી પોતાનો ગમ વીસરવા અને પોતાની જીંદગી તેણીના વગર એકલી પસાર કરવા કરતાં લશકરમાં જોડાઇ યુરોપની લડાઇમાં નામના જતી.

જે પ્રમાણે એક હેતાળુ પરણેતરના મરણ પછી પતિ નાસિપાસ થઇ જાય છે, જેના દાખલા આપણે, ઉપર વર્ણવી ગયા તેમ કેટલાક દાખલા એવા જણાવેલા છે કે જેમાં પોતાના પતિના મરણ પછી પરણેતર આજેજ થઇ માર્યું લાગી જાય છે. સર મારટીનના મરણ પછી તેની પરણેતરે તુરત સ્વર્ગવાસ શોધ્યો. આ ઉપરથી એક કવિ કહે છે "તે પહેલ્યાં મરણ પામ્યો; અને તેણીએ બોડી વેળા તેના વગર રહેવાની કોશેશ કરી; પણ જ્યારે તે અસલ હતું કે તેણી પણ મરણ પામી."

જ્યારે મહાન વેલીંગ્ટનના મરણની ખબર તેની પરણેતરને પુગાડવામાં આવી કે દીલગીરીના ભ્રમેથી નખાઈ જતી તે ઔરતે શુરવીર ઔરત માફક કહ્યું કે:- "અરે, સમજું ખતમ થયું છે. હવે હું તેની પાસ જઇ પુગીશ; હવે મારી પરિક્ષા કરવાનું બાકી રહ્યું નથી."

ઔરતો માત્ર દિલાસો આપનાર દોસ્ત યા મહોબતમય એક માતાજ નહીં પણ બાજેવેળા મરદના કામમાં ઉમંગી મદદ કરનાર પુરવાર થઇ છે. વિજ્ઞાનીનો શોધક જેવવાન પોતાની પરણેતરનાં સુખમાં પુરતો સુખી હતો. તેને વિજ્ઞાનીની શોધ એક તુરતના ભરેલા દેડકાના ટાંટયાની હિલચાલ પરથી કરીથી હતી એમ આપણ જાણીયે છીયે. જ્યારે ખરૂં કહીયે તો તે તરફ પહેલવ્હું ધ્યાન ખેંચનાર તેનીજ દિલસોજ બાહોશ ઔરત હતી.

લા વોસીયરસ જેવા પુતળાં કોતરનાર પણ પોતાની પરણેતરના જોડાણમાં પુરતો સુખી હતો. જેણી પોતાના ખાવંદના કામમાં મદદ આપવા ઉપરાંત તેને લગતું કોતરકામ પણ કરતી.

ડા. બકલંડ પણ પોતાની પરણેતરમાં એક ઉપોગી મિત્ર મેળવી શકયો છે તેણી તેના કામમાં મદદ કરતી અને તેની ચોપડીઓને લગતાં ચિત્રો વિગેરે પણ પાડતી. આ સુખી જોડાના બેટાએ તેઓને લગતી જે ચોપડી કહાડી છે તેમાં તે લખે છે:- "જે કે તેણી પોતાના પતિના કામમાં દિલોજાનથી મદદ આપતી છતાં તેણી પોતાના બાળકોને કેળવણી આપવામાં પછાત પડી નથી અને હરકે સહવારે તેઓને લેસન કરાવતી અને ઉપાગી બાબતોનું જ્ઞાન આપતી અને હવે હમો તેણીના શીક્ષણના ફળ ચાખ્યે છીયે અને હમો પોતાને ખરા નસીબવંત સમજ્યે છિયે કે એવાં ભલાં માતાની બક્ષેક્ષ હમેને મળી," આગલ આવતાં તેજ ભાગ્ય શાલી બેટો લખે છે "જ્યારે મારા પિતા પોતાની ચોપડી કાહડવાની ખટપટમાં હતા કે મારી માતા મહિનાઓ સુધી રાત અને દિવસ તે ચોપડીના લખાણો લખતી, ચિત્રો પાડતી. તેઓ એટલાંતો ગુંથાયલા રહેતાં કે કાઇવાર સહવાર પડી જતી અને જ્યારે સુરજના કિરણો બારી વાટેથી ઘરમાં આવતાં કે તેઓ આરામ લેતાં. મારા પિતાની ચોપડીમાં આવેલાં કંઈક ચિત્રો તેણીનાજ હાથનું પરિણામ છે." અહા! આવાં જોડાંના ફરજંદો પણ તેવાંજ નીવડે એમાં શું શક છે.

એજ વેલા આપણને એક બીજો સાયન્ટીસ્ટ હયુમરનો ચોકીદાર દાખલો મળે છે. હયુમર બારિક જંતુઓની શોધ કરતો હતો, પણ કમભાગ્યે પોતાની ૧૭ વરસની ઉમરમા પોતાની આંખોનું રતી ગુમાવી બેઠો હતો. એ છતાં તે નાખીયાંમા નાખીયાં પુસ્તકો લખી શકયો છે કે જેમાં બારિક જંતુઓ અને છોડવાઓનું બારિક અવલોકન કરવામાં આવ્યું છે. અને તે કામ તેની પરણેતર બજાવતી હતી. નાનામાં નાના જંતુઓની હિલચાલને નોંધી તે દિલસોજ ઔરત પોતાના ખાવંદને કેહતી જે ઉપરથી તે નામાંકિત પુસ્તકો લખી શકયો છે. ઘણીવેળા તે ખાવંદ નિરાશ થઇ જતો ત્યારે તે બહાદુર ઔરત તેને દિલાસો થાને દિમ્મત આપી કરી તેને પોતાના કામ ઉપર લગાડતી. ધીમે ધીમે તે પોતાનાં કામમાં એટલો તો ગુંથાયો કે પોતાની નિરાશી ભુલી જઇ કેહતો કે, "અગર મારી આંખો સાજી થાય તો હું દુઃખી થઇ જાઉં" તે લખે છે, "હું નહીં જાણતો કે મારી સ્થિતિમાં મુકાયલાં ખાવંદને તેની પરણેતર કેટલી ચાહે પણ મારા ખ્યાલોમાં તો મારી પરણેતર સૌ કરતાં સુંદર મેહનતુ અને મહોબતવંતી છે, જે નાની સુની બાબત નથી. તેનું લખેલું પુસ્તક મધમાખ હજી સુધીનું પુસ્તક ગણાય છે. જેમાં તે જંતુઓની હિલચાલ, અને આદત ઉપર

બારીકવાન મુજબહુમત ચલાવામાં આવી છે. તે વાંચતાં કોઈ એમ ધારે કે તેના લખનારની આંખ્યો કેટલી તેજ હોવી જોઇયે જ્યારે ખરૂં તો એ છે કે તેને ૨૫) વરસ વેર અંધાપો ભોગવ્યો હતો અને તેનું ખર માંન તો તેની પરણેતરને ઘટે છે.

એડીનબરોની યુનીવરસીટીના 'લોજીક' અને 'મેટાફીઝીક્સ'ના પ્રોફેસર હેમીલટનની બાનુને! જાણવાજોગ દાખલો નોંધી લઈશું. પંદ વરસની ઉમરે જ્યારે તે લકવાથી પટકાઇ પડ્યો કે તેની પરણેતર તેની આંખ્યો, હાથ, મન, જે કહો તે, થઇ, તેણી ચોતરફ અભ્યાસ કરતી, શોધખોળ ચલાવતી, ઉતારા કરતી અને તેનાં સઘળાં ભાષણો તૈયાર કરી આપતી. તેણીનું કામ કોઇ પણ રીતે હિન્મ્મતવાંન કહેવરાવાને લાયક છે. અને એમાં કાંઇજ શક નથી કે તેણી વગર સર હેમીલટન જેટલી વિખ્યાની પામ્યો છે, તે ભાગ્યેજ પામતે. સર હેમીલટન ઘણોા અનિયમિત અને લાસરયો હતો. જ્યારે તેની બાનુ નિયમીત અને સભાલજરી હતી. તે જોને કે ચાલાક હતો, પણ આળસુ બનતો. જ્યારે તેણી મેહનતુ હતી. એમાં કાંઇજ શક નથી કે જે જે ગુણો પતિમાં ન હતા તે તેની પરણેતરમાં પુરતા પ્રમાણમાં હતા.

યુનીવરસીટીના પ્રોફેસર તરીકે તેને મોટી લડત કરવી પડી હતી, કારણ તેને ઉંધનસી ગણવામાં આવતો. જ્યારે તેને ચુંટવામાં આવ્યો કે પોતાને ટેકા આપનારાઓને ખરાબ ન લાગે તેવા ઇરાદાથી તે માટી ચૈયર રાતદીવસ જાગૃત રહી બીજે દીવસના લેકચરો તૈયાર કરતાં. જ્યારે તે બોલતો કે તેણી વિજળીની ઝડપે ઉતારી લેતી. અહા! તેઓનું જ-મયસ્ત્રિ લખનાર કેટલી લાગણી સાથ લખે છે:- "કેટલીક વેળા ભાષણની આખર બહુ અધુરી રહેતી તો તે પતિ મોડી રાત વેર માથાકીકણ કરતો જ્યારે તેની ભલી પરણેતર વાહી જઇ ત્યાંજ ઉંઘમાં પડતી." કોઇ વેળા તો ભાષણમાં જરાને થોડીક મીનીટ રહેતી ત્યાં તે પતિવ્રતા ઔરત ભાષણના કાંમ ઉપર ઉમંગ અને ઉલટથી વળગી રહેતી, એ રીતે સર હેમીલટને પોતાનું કામ બજાવ્યું. એક ચુંટણ ભાષણ કર્યા તરીકે વિખ્યાતી પમ્યો; આખા યુરોપમાં અભ્યાસી તરીકે તેનું નામ જણીતું છે. તેનો જન્મવૃતાંત લખનાર લખે છે:- "જેવી તે પ્રોફેસરની ચોપડી છપાઇ છે તે લખાનું કામ તેની બાનુ કરતી. આ કામ તેણીએ મહેનત અને ભક્તિથી કર્યું છે. તેટલુંજ નહીં પણ તેણી પોતાના ખાવિંદને એક ચીજ ઉપર દરરોજ જોડી રહેવા શક્તિવાંન કરતી. તે વારેવારીએ નીરાશ અને આળસુ બની જતો ત્યારે તે બાનું તેને ફરી ઉમંગ અને ઉલટ આપતી. તે ઉપરાંત તેણીનો ખુશખીલાજ હમેશ તેને ખુશખુશાલ અને હસમૂખો રાખતી અને તેમાં છેલ્લાં ૧૨ વરસ જ્યારે તે પતિ બીછાના ઉપર રહ્યો છતાં તે ખુશખુશાલ હતો."

"આશકની અરજ."

આશક:—(ઘોડાવાલાને)—"એય, બીસ લુસીના ઘોડા ઉપર તેં કાલે જીન ગોઠવેલું કે?"

ઘોડાવાલો:—"હા સાહેબ, કાંઇ ખોટું હતું, મેહરબાન?"

આશક:—"તે ઢીલું હતું, જેથી તેણી બેસતાંજ પડી જતી હતી તેને મેં જીની લઇ બધાથી લીધી."

ઘોડાવાલો:—"હું તેથી ઘણોજ દીલગીર છું સાહેબ."

આશક:—"કંઇ ફીકર નહીં. હું તેને બચાવનાર કેવો છું. લે આપ ફીકકો અને આજેથી એમજ દીલું ગોઠવજે."

ઘોડાવાલો (નમીને)—"વાર, મારા મેહરબાન."

"દીલખુશ"

"ઘંડા પાણીએ કાસલ."

તે રોજ આવી તેણી સાથે પ્યારનું માથાં દુઃખણ કરતો હતો એવું ધારીને કે તેણી તેને ચાહતી હશે, જ્યારે તેણી તો તેની દરકારથી નહીં કરતી હતી પણ એક દીવસે ભરમ ભુલ્યો.

તે:—"વ્હાલી, હું આવતી કાલે જાઉંછું."

તેણી:—"અ-કયાંથી? આવજે હં!"

તે:—"શું તેથી તું દીલગીર છે."

તેણી:—"અલબત વહી, ઘણી દીલગીર કારણ તમેા આજેજ સાંજે વિદાય થશેા એમ હું ધારતી હતી."

(ટાચ્યો!)

"દીલખુશ"

કક્કો.

(ભવાનીશંકર નરસિંહરામ કવિ.)

કક્કા કર કર કરથી શુભ કામ, કપટ કુટિલતાને તજ કામ,
કૂર શિરપર ફરતો કાળ, તેનો ભજન ઘડી ભય ટાળ.
રાજી હૃદયમાં રહેશે રામ, કક્કા કર કરથી શુભ કામ.

(૨)

અખ્ખા અંતરમાં કર ખોજ, મુક વિષય માયાની મોજ,
તૃષ્ણાનું ટાળી દે તાન, ભજ ભાવ કરીને ભગવાન.
રસનાથી ભજ હરને રોજ, અખ્ખા અંતરમાં કર ખોજ.

(૩)

ગગ્ગા શુરૂથી લેતું જ્ઞાન, અંતરનું કાઢી અજ્ઞાન,
મોહ મમતને છાંડી માન, ગોવિંદનું હોંશે કર ગાન,
અંતરનું ટળશે અજ્ઞાન, ગગ્ગા શુરૂથી લે તું જ્ઞાન.

(૪)

ઘઘ્ઘા પહોંચી જા તું ઘેર, મહા પ્રભુની થાશે મ્હેર,
પરમ ધામમાં પરમાનંદ, અધિક અધિક ત્યાં છે આનંદ,
વિષય વાસના ને તુજ વેર, ઘઘ્ઘા પહોંચી જાતું ઘેર.

(૫)

ચચ્ચા ચતુર થઇને ચેત, પાછળ ઘાલું ન પડે પ્રેત,
મનમાંથી ટાળી દે મોહ, દુનિયામાં નવ કરવો દ્રોહ,
હરિનું વધશે તેથી હેત, ચચ્ચા ચતુર થઇને ચેત.

(૬)

છ છછા મનના સંશય છેદ, ભ્રમણાનો ભાંગીદે ભેદ,
મલીનતાના કાઢીમૂળ, ખૂટ્યો જા માયાની ભૂલ,
અળતા જાતાં નાશે ખેદ, છ છછા મનના સંશય છેદ.

(૭)

જજ્જા કર જીવનનો જાપ, કરજિમશ અંતર કેરાં કાપ.
મનમાંની ભ્રમણા કરશે મંદા, નિનાનાથની કરશે દયા,
પૂર્વ જન્મના લેશે પાપ, જજ્જા કર જીવનનો જાપ.

(૮)

ઝઝઝા શિરપર ઉભ્યાં ઝાડ, પુણ્ય કુહાડાથી તું પાડ,
દીનતાના દાતરડાં વટે, પાપ વૃક્ષના ડાળાં પટે,
ત્રિવિધિ તાપ રૂપી તરૂને તાડ, ઝાઝાં શિરપર ઉભ્યાં ઝાડ.

(૯)

ટટ્ટા જ્ઞાન શિખરની ટોચ, પુણ્ય પગથીએ પળમાં પહોંચ.
સ્વર્ગ તણું ભોગવ તું સુખ, ભવસાગરની ભાંગી ભુખ.
પુરૂષાર્થની હોયજ પોંચ, ટટ્ટા જ્ઞાન શિખરની ટોચ.

(૧૦)

ઠઠ્ઠા માથાકેરો ઠાઠ, પ્રપંચનો આપે છે પાઠ;
દગા કપટથી રહેજે દૂર, પાપતણું તરી જાજે પુર,
સમજ થયાં છે વર્ષા સાઠ, ઠઠ્ઠા માથા કેરોઠાઠ.

(૧૧)

ડહ્યા ડહાપણનો તજ ડોળ, પળમાં તારી નિકળશે પોલ;
ફોકટનો તું થઇશ ફજેત, ચતુર હોયતો હમણા ચેત;
તારૂં જનમાં થાશે તોલ, ડહ્યા ડહાપણનો તજ ડોળ.

(૧૨)

ઢઢ્ઢા પીઠે બાંધી ઢાલ, ચોપે રણમાં લડવા ચાલ;
કરમાં પકડી ધર્મ કટાર, મૂળ કાળને બળથી માર.
કાયર થઇને હટશો કાળ, ઢઢ્ઢા પીઠે બાંધી ઢાલ.

(૧૩)

ણણા રણુંકારથી રીઝ, બળને કુટીલ પુરૂષ પર ખીજ,
શાંતિ સરોવરમાં કર સ્નાન, ધરણીધરનું ધર તું ધ્યાન,
બહુ પુણ્યના વાવી બીજ, ણણા રણુંકારથી રીઝ.

(૧૪)

તત્તા તનમાં આણી તાન, ભાવે ભજીલેને ભગવાન,
તેજી બાંધીને તરવાર, શત્રુ અંદરના સંહાર,
કથા તથા કિર્તન સુંણ કાન, તત્તા તનમાં આણી તાન.

(૧૫)

થથ્થા ઉતરી જાશે થાક, હરિ ભજનની વગાડ હાક,
ભાગી જાશે ભ્રમણા ભૂત, ત્રિવિધિ તાપનો તૃષ્ણા તૂત,
પૂર્વ જન્મના ઉતરે પાક, થથ્થા ઉતરી જાશે થાક.

(૧૬)

દદદા દુનિયામાં થા દીન, મોહ મમત મેલી થા ખીન,
રા શંકર રાજી રહે, કવિ—દોવિંદ કથી કથી કહે,
પરમ જ્ઞાનમાં થઇ પ્રવિણ, દદદા દુનિયામાં થા દીન.

(૧૭)

ધધ્ધા પામીશ હરિનું ધામ, જ્યાં છે પરમ સુખ દીન-જામ,
મરણ—જન્મના ફેરા મટે, રામનામ * રસનાથી રટે
રીઝે અંતરજામી રામ, ધધ્ધા પામીશ હરિનું ધામ.

(૧) ધામ * જીભ

(૧૮)

નન્ના લે નારાયણ નામ, સ્મર સદા તું સુંદર શ્યામ,
પામીશ ભવ સાગરનો પાર, નામ ભજનથી તું નિરધાર,
જપ નારાયણ દીનને જામ, નન્ના લે નારાયણ નામ.

(૧૯)

પપ્પા મુકી દે પાખંડ, દેશે જમડા તુજને દંડ;
કરણી એવું દે કિરતાર, સમજી લે તેથી તું સાર.
શ્રી હરિનું સ્મરણ સુખકંદ, પપ્પા મુકી દે પાખંડ,

(૨૦)

ફેફ્ફા મુકી દે તું ફેલ, મેલી દેને મનનો મેલ.
ચૌણું કર ભકિતથી ચિત્ત, પરમેશ્વર પર કર તું પ્રિત.
મરી જશે માયા મુરકેલ, ફેફ્ફા મુકી દેતું ફેલ.

(૨૧)

બબ્બા સત્ય વચન તું બોલ, બરે બરો મારગ તું બોલ
પરમથામમાંહી પહોંચાય, જન્મ, મરણના ફેરા જાય;
મળે ભવાની મુકિત મ્હોલ, બબ્બા સત્ય વચન તું બોલ.

(૨૨)

ભભ્ભા જાણ જગતનો ભેદ, વાંચી પુરાણ, કુરાન વેદ;
તિમિર અનાદિનું તું ટાળ, પુણ્યતણું બાંધીદે પાળ
બધાવીદે અંતરનો ખેદ, ભભ્ભા જાણજગતનો ભેદ.

(૨૩)

મમ્મા મેલ મમતને માન, અંતરનું તજીદે અભિમાન.
સમતાની ઓઢીને શાલ, તૃષ્ણા ટાઢ હૃદયથી ટાળ.
પ્રભુ ભજનનું કર તું પાન, મમ્મા મેલ મમતને માન.

(૨૪)

યય્યા અંતે થા યશવંત, ભ્રમણા મુકી ભજ ભગવંત,
કપટ આવધા અળગાં કરી, સ્થિર વૃતિ ધરી જાતું ઠરી
બબડઠાર થાવા ઘર અંત, યય્યા અંતે થા યશવંત.

(૨૫)

રરરા રાખ ભજનમાં રંગ, સત્પુરૂષોનો રાખી સંગ,
કર્યા તથા કરતન સુંદુ કાન, ભવસાગરનું ટળશે ભાન
અનુભવ આનંદ થાશે અંગ, રરરા રાખ ભજનમાં રંગ

(૨૬)

લલ્લા લાલચને તજ લોભ, મુકી દે માયાનો મોભ
મૃગજળ સરખી માયા માન, જગત છાંત્રાં સરખું જાણ
ક્ષુદ્ર વિષયપર કરતું ક્ષોભ, લલ્લા લાલચને તજ લોભ.

(૨૭)

વળ્યા વિવેકવડે વિચાર, સ્મરી લેવા સરજન હાર,
હરિજન થઇને હરિકર હાથ, સદ્‌ગુરૂનો કરને તું સાથ.
સમજીને સદ્‌ગુણનો સાર, વળ્યા વિવેકવડે વિચાર.

(૨૮)

સરસ્સા કર સદ્‌ગુરૂનો સંગ, રામભજનનો રાખી રંગ
દયા, ધર્મ રાખી દે દાન, કરશે તારૂં એ કલ્યાણ,
લોગ ભજનમાં કરશે ભંગ, સરસ્સા કર સદ્‌ગુરૂનો સંગ.

(૨૯)

શરૂશા કર હરિકેરી શોધ, કામ, કપટને ચુકી ક્રોધ,
અંતર તારૂં તું અજવાળ, ભવાની ફરીયામાં તું ભાળ.
બનતો ઘવણ કરીને બોધ, શરૂશા કર હરિકેરી શોધ.

(૩૦)

હહહા હૈયામાં ધર હોંશ, અંતરનો તજી દે અફશોસ,
હરિ સંગાતે બાંધી હેત, પાપતણું મરી જશે પ્રેત.
હૃદયતણો ટળી જશે રોષ, હહહા હૈયામાં ધર હોંશ.

(૩૧)

ક્ષક્ષ્ષા ક્ષમાંથી થાશે ક્ષેમ, પ્રાણીપર રાખી લે પ્રેમ,
શાંતિ સાગરમાં કર સ્નાન, ગોવિંદનું કર પ્રિતે ગાન,
હોંશે થઇશ કથીરનું હેમ, ક્ષક્ષ્ષા ક્ષમાથી થાશે ક્ષેમ.

(૩૨)

જ્ઞજ્ઞા ભર અંતરમાં જ્ઞાન, ધરણીપતિનું કર તું ધ્યાન,
અંતરની આંખો ઉઘડે, પાપ થકી જનમવું ન પડે,
ભવાનિ રાખ ભજનમાં ભાવ, જ્ઞજ્ઞા ભર અંતરમાં જ્ઞાન.

(૩૩)

ઞત્રીશ અક્ષરનો સુણ બોધ, સુક્ષ્મમાં સુક્ષ્મ કરશોધ.
અંતર માહિ અર્થ ઉજાર, વિવેક થકી ભવાનિ વિચાર,
કપટ, કુડને કાઢી ક્રોધ, ઞત્રીશ અક્ષરનો સુણ બોધ.

(૩૪)

સંવત ઓગણીસે અડસઠ, રામ ભજનમાં લાગી રઢ,
બાદરવામાં જાણ્યા ભેદ, કૃષ્ણ પક્ષમાં ટૂટી કેદ.
દ્વાદશીને દીન ઉઘડ્યું દ્વાર, ભીક તજીને નિકળ્યો બહાર,
અક્ષર જ્ઞાનથી થયો અભેદ, બાદરવામાં જાણ્યા ભેદ.

(૩૫)

નરસિંહ પિતાનું નામ ગુણવતું લીંમડી નિજ ગામ,
માતા ટેવકુંવર મતિવાન, સામવેદી શ્રીમાળી જાણ,
નિર્મળ ભવાનિશંકર નામ, નરસિંહરામ પિતાનું નામ.

જેન કૅનન.



એક ટુંકી વાર્તા.

લખનાર—"થૅલમાં."

સધલાં ઘડિયાળોની ટંકારીઓ પડે તેના સામટા ગણગણાટમા પોતાનો પૈગામ તેણીને કહેવાને તેણે પસંદ કર્યું હતું.

તે પોતાની ચાલથી શરમંદિ બન્યો હતો, અલબત્તે, તે ઘડિયાળોની ટંકારીઓના ગણગણાટમાં તે પોતાની શરમ વધુ સારી રવેસે છુપાવી શકશે, એમ તે માનતેા હતેા. ગેામા કાંઇજ બન્યું ન હેાય એવા બાહેરના દેખાવ સાથે તેઓ બંનેએ સાથે થા પીધી હતી. તેણે ધાર્યું હતું કે તેણીએ તેની અકળામણ દીઠી નહતી, પેણીને તેણીએ તેને ત્યાં દાખલ થવા સાથેજ જોઇ લીધું હતું કે તે કાંઇક દબાયેલેા હતેા તેનું નામ થા ઑનરેબલ રિચર્ડ ગ્રેન્ટલી હતું અને તેણીનું નામ લેડી જેન કૅનન હતું અને હાલમા તેઓ પૉર્ટલૅંડ પ્લેસમા આવેલાં લેાર્ડ વૅલ્ડનના કુશાદે દીવાનખાનામા ભેગાં મળ્યાં હતાં.

તેણે કહ્યું:—"હું સીબિલ વૉટસન સાથે અદરાયેા છું. ગઇ રાત્રે તેણીએ મારી માંગણી મંજુર કરી હતી."

સગડીને પિઠ કરી તે ઉભેા હતેા અને તેણી ઉપર તેની નજર પડેલી હતી. એક વર્ષની વાત ઉપર તે જોવા દેખાતેા હતેા તેવેાજ આજે પણ તે હતેા કે જ્યારે ત્રીજી વખત તેણે તેણીના હાથની માગણી કરી હતી—અને તે પણ અત્રેજ આજ જગ્યા ઉપર. તે હીંમણા કદનેા અને પેાઢલી પેશાનીનેા હતેા. તે મેાટી ભુરી આંખેા ધરાવતેા હતેા. તેના વાળેા અને મુછ કાળી હતી—તેની આંખેા જોતાં તે ખુબસુરત લાગતેા હતેા—મગર બીજી સધલી રીતે તે સાધારણ દેખાતેા હતેા.

તેણીએ તેને ઉત્તર કર્યેા નહીં અને તે સેજ ઝંખવાણેા પડી પેાતાની મુછ મસવારતેા આગલ બેાલવા લાગ્યેા:—"તેમ કરવાને તેં મને કહ્યું હતું જેન—કાંઇ નહીં તેા એમ તેા તેં મને કહ્યુંજ હતું કે મારે તારે માટે થેાભવું નહીં. હું ત્રાંત્રીસ વર્ષની ઉમ્મરનેા થયેા છું અને હવે મારે લગનના ગાંઠથી જોડાવુંજ જોઇયે. હું સીબિલને ચ્હાતેા નથી—તેણી તે જાણે છે—મને તેણી ગમે છે. આપણી મરજી પ્રમાણે તેણી વર્તશે અને આપણે સદા સાથે મળતા રહીશું. તેણી પેાતે કાંઇ હદ બાહેર પ્રેમ માટે તળપતી નથી—અને મારા ઘરમાં એક ધણિયાણી વના હવે ચાલે તેમ પણ નથી. છેલ્લી વેળાએ એક વર્ષની વાત ઉપર તેં મને કહ્યું હતું કે તારેા પિતા કદાચને બીજાં દસ યા વીસ વર્ષ પણ જીવવા પામે અને ત્યાં સુધી તે અત્રેથી પેાતાનેા વાસેા ઉઠાવી બીજી દુન્યામાં જાય નહીં ત્યાં સુધી તું છુટી થઇ શકે તેમ નથી. એટલું વધીક તેં મને કહ્યું ન હતું કે તું મારી દરકાર કરતી હતી. જો તે આપે મારી ખાતરી હતે તેા હું તે વખત આવતાં સુધી થેાભી જતે."

તે બેાલ્યેા, અને તેણીની આંખેાથી પેાતાની આંખેા મેળવવાની તજવીજ કરી, પેણીને તેણી આરીની બાહેર જોતી હતી. તેણે ફરીને આગલ ચલાવ્યું.

"મેં ત્રણ ત્રણ મરતબે તુને પુછ્યું અને તે દરેક વખતે તેં નાની નાજ પાડી અને હાલમાં જેમ ચાલે છે તેમજ ચાલવા દેવાની ઇચ્છા જણાવી. છેલ્લા છ માસથી મારાં માતા મને પરણાવવા કાજે કલાવાલા કરતાં રહ્યાં છે. તેઓ હવે વૃધ્ધ વયે પહેાચ્યાં છે અને તેઓની જીંદગીની આખેર આવે. તે આગમચ

મારાં એક બાળકને જોવાની તેઓની એકપુરી હોંશ છે. વૅલ, આજે હું તેઓની આલુબુને તાબે થયો. સીસિલ એક શિકારી છે—વર્ષો તક અમો મિત્રો હતા આ ઉપરથી તું જોશે કે તેણી સાથની મારી સગાઈ કોઇ રવૈયે નુકશાનકારક નથી—અમારું જોડાણ કાંઇ ખોરવું નથી, મગર વ્યવહારોપયોગી છે."

તે બોલતો એકાએક અટકી ગયો. તેણી પોતાની બોક ઉપરથી ઉઠી અને તેની નજદીક ગઇ. તેણી તેના કરતાં કદે ઉંચી હતી.

તેણી તેની બેક નજદીક ગઈ. "મગર, ડિક, હું ઘણીજ ખુશી થયછું તું શા માટે મારી ચાહે છે? સીસિલ આપણ તારે લાયકની સ્ત્રી છે. હવે મારે માટે—આપણે સદા મિત્રો હતાં, અને આપણી જીંદગીના છેડા તક તેમજ રહીશું. તમો બંને સાથે આવીને રહેવાને મને ઘણુંજ ગમશે."

જ્યારે તેણી બોલતી હતી, ત્યારે અર્ધ બંધ આંખોથી તે તેણીને ટીકતો હતો. તેના હાથો, જે તેની પિઠ પાછળ વાળેલા હતા, તે એકાએક છુટા થયા અને તેણીને પકડી. તેણીના બંને હાથોમાં ઝાલી તેણે તેણીને પોતા તરફ ખેંચી.

"જૅન કહે તું મને ચાહ છે, અથ ઘડી, દાંજ, હમણાંજ અને હું તે સઘળી કબુલાતો તોડી નાંખું. તે સાદું છુટું કરી નાખી, બીજાંઓના શોરબકોરની દરકાર પણ નહીં કર. તું તારે માટે બોલી થશ, જો તું મને માત્ર એટલુંજ કહેશે, તો તારે માટે સદા થેબાશ."

ઘણીજ ગભરાયી તેણી તેનેથી છુટી થઇ. તેણી દુર જઇ તે દીવાનખાનાની અધવચ્ચે ઉભી.

"મગર હું તને ચાહતી નથી, ડિક. હું તને ચાહતી નથી. અને તે છતાં તું જબરી કરેજ, તે શું કોઇનો ઉપરવનાર નથી? શું તેં મને કહ્યું નથી કે આજ સવાર સુધી તેં કોઇ બીજાના હાથની માંગણી કરી છે? તે પછી આટલીજ વારમા એક બીજા સાથે ચિત્રપતની રમત રમવી એ શું વાજબી છે?"

આ એકાએક થઈ પડેલા બીજાનામા ગોવા તેણી તે મહેને દુઃખની ટોચ, કે જેને તેણી પીછાણતી હતી, અને જેનામા તેણી વિશ્વાસ મેલતી હતી, તેવા તેણીનો ગુંચવાયેલો નાસીપાસ હાલ જોતાં તે દુઃખી થયો.

"હું કાંઇક નાલાયક બન્યોછું—મારે અત્રેથી રૂખસદ લેવી જોઇયે."

તે બારણા ભણી ગયો. તે પાછો ફર્યો, અને બોલ્યો:—"ગઇ રાત્રે મેં સીસિલને કહ્યું હતું કે, હું એક બીજી ઓરતને ચ્હાતો હતો—તે એક એવી ઓ હતી કે જેણીને હું પરણી શકતો નહતો:—અને વર્ષો તક તેણીને પરણીને પરણી શકાય તેમ પણ નહતું મેં તેણીને કહ્યું હતું કે, હું સદા તે ઓરતને ચ્હાતો રહીશ. સીસિલે તે બાબે કાંઈ વધિા ઉહાપો નહતો" તે બોલ્યો, અને. પછું આગલ બોલવા માટું, તેનો સાદ ધ્રુજતો હતો. "હોકત બોલવાના નામથી કહું છું, જૅન, કે જે આ સઘળાં વર્ષો તક તું મને ખરેખરજ ચ્હાતી હતી—અને કેટલીક વેળાએ હું ધારતું કે તું તેમ કરતી હતી—તો હું કહું છું કે તારા પિતાને ખાતર યા કોઇને પણ બદલ તેં એક પાપી કામ કર્યું છે. તે વાત છુપાવીને તેં એક પાપી કામ કર્યું છે." આટલું બોલી તે ત્યાંથી ચાલી ગયો.

હાલમાં લેડી જૅન કુંવરની વય તેત્રીસ વર્ષની હતી, અને છેલ્લાં દસ વર્ષથી તેણી ડિક ગ્રૅન્ટલીને ચ્હાતી હતી. તેને પરણવાને તેણીએ ના પાડી હતી, કારણ તેણીનો પિતા હવે ઘણીજ વૃધ વયનો અને બીલકુલ અશક્ત હાલતનો થયો હતો; વળી તેણી તેને ચ્હાતી હતી તે પણ તેનેથી તેણીએ છુપું રાખ્યું હતું, કારણ જો એક વેળા તેણી તે જાહેર કરે, તો પછીથી તેણી પોતાની નજરોદાજને તાબે થઇ પોતાનો બચાવ કરવાને અશક્ત થઇ પડે તેમ હતું. વધુ મરતને તેણીએ તેની માગણી સ્વીકારવાને ના પાડી હતી, અને હવે આવરે તેની ધીરજની ચોટ થઇ હતી.

તેણીએ દ્વિમતથી સઘળું સાંખ્યું હતું. તેણી ઘણીજ દ્વિમતવાન સ્ત્રી હતી. તેણી પોતાનાં માત પિતાનું એક પુત્ર કરજંદ હતી, અને તેણીને જન્મ આપનાં તેણીની માતા મરણ પામી હતી, અને છેલ્લે ચોવીક વર્ષો આગમજ તેણીના પિતામાંજ તેણીનું સર-

સર્વ સમાચાર ગયું હતું. ચાર વર્ષની વાત ઉપર તે પોતાની મોટરમાથી પડી ગયો હતો, અને તે અકસ્માત પછીથી તે બીલકુલ અશક્ત બની ગયો હતો. તે કોઇ પણ પળે આ જગતમાંથી પોતાનો વાસો ઉઠાવી જાય, યા વર્ષોના વર્ષો તક ખીચાણે પડી રીબ્યા કરે એવી તેની હાલત હતી. હાલમાં તે નાનાં બાળક માફક માલ ઉપર રમકડાં સાથે રમતો હતો, અને હર પળે પોતાની બેટીને હાંક મારતો હતો.

"મોટરનો આ અકસ્માત થયો તેની આગમજ જૈન કેનને ઘણાક મેળાવાઓ કર્યા હતા, અને તેણીના ઘણાક મિત્રો હતા; મગર આ અકસ્માત બન્યા પછી તેણીએ પોતાનો સઘલો વખત પોતાના પિતાની જતન પાછળ રોકવા માંડયો, અને ત્યારે ઘણુજ થોડાં લોકો જોએ તેણીને ઘણાં વ્હાલથી ન્હાતાં હતાં તેઓજ માત્ર તેણીને મળતાં, ભેટતાં રહ્યાં-હવે આલખાણ પિછાણવાળાઓને મળવા જેટલી તેણીને ફુરસદ નહતી.

ઠિક ગ્રેન્ટલી હર હમેશ તેણીને મળવા આવતો હતો. તે તેણીના પ્યારમા નહતો એવો ખોટો દેખાવ તેણે કદી કર્યો નહતો, અને તેઓની મુલાકાત વેળાએ તેણીની પોતાની લાગણીઓ ઉપર કાબુ રાખી ઠિકને એક મિત્ર કરતાં વધુ લાહવો ન આપવાનું કામ તેણીને માટે કાંઇ સેહલ નહતું. અને હવે-હવે-તેઓ કદી એવી રવેસે પાછા મળનાર નહતાં. ઠિક હવે કદી પણ તેણીને મળવા આવનાર નહતો, અને હવણાં એક પળમા જેમ સુર્ય આ પૃથ્વિને અંધકારમા ગરક કરી અસ્ત થનાર હતો, તેમ તેણીની પોતાની જીંદગી પણ તેણીને અંધકાર જણાવા લાગી. તેણી તે બારી તરફ પિઠ કરી ઓરડામા પાછી ફરી. જેવી તેણી તે અંધારા ઓરડા તરફ ફરી કે તેણીને તેના ઉલ્લા શબ્દો યાદ આવ્યા:— "બેલ તું મને બરોબરજ ન્હાતી હતી, તો તે વાત છુપાવીને તેં એક પાપી કામ કર્યું છે." શું તેણીએ એક પાપી કામ કર્યું હતું? તેણી જાણતી નહતી. તેણી આતરીથી માત્ર એટલુંજ માનતી હતી કે તેમ કર્યા સિવાય બીજો ઉપાયજ નહતો. બીજી ઓરતોએ કહાચને બીજીજ રવેસે કામ લીધું હતે.

તેણી અતિપથ થાકી ગઇ હતી. પોતાના એકલવાયાં ભોજન માટે તેણીને ટ્રેસ કરવાનો હતો. તેણી માલ ઉપર જવાને દાદર તરફ ગઇ, તે ઝળકતા મોટા પથરના દાદરા સામે જરા લાગતાં તેણીનાં અંતમાથી એક ઝુજારી પસાર થઇ ગઇ, તેણીને લાગ્યું કે, ગમે એવી હિંમત છતાં એ રીતની જીંદગી ગુજારી શકાય તેમ નહતું.

૨

તેણી સદા એકલીજ પોતાનું ભોજન લેતી હતી, અને તે કારણે તેણી ત્યાં લાંબો વખત લેતી નહતી. કોઇક વેળાએ તેણી જમી રહ્યાં પછી લાંબ બેસી એક ચોપડી વાંચતી હતી, અથવા પોતાના જુના બટલર સાથે સેજ વાતચીત કરતી હતી; લેકીન આજ રાત્રે તેણી ચુપચુપ પોતા સામે ટીકતી બેઠી હતી, અને ઠીક અને તેણી વચ્ચે જે બની ગયું હતું તેનો ખ્યાલ કરતી હતી. તેણીના પિતાને નડેલા અકસ્માતની એકજ દીવસ આગમજ તેણી કેટલી બધી સુખી હતી. આખા સંડનમા તેણીના પિતાના આ માકાનની અનેક તારીફ થતી હતી; મગર તેણીને માટેતો તે સદાનું સુતુ અને ગમગીર હતું.

તેણી એકાએક સાવધ બની. આ તેણીની કેવી નબળાઇ! તેણીનો પિતા હજી હૈયાત હતો; તેના વના તેણીની જીંદગી બેશક સુની હતી!

અકસ્માતથી તેણીના પિતા બેભાન અને અશક્ત બન્યો તેની આગમજ તેણીને કદી ખ્યાલ વડીક આવ્યો નહતો કે તેણી તેને કેટલાં બધાં વ્હાલથી ન્હાતી હતી. મગર હવણાં, જ્યારે તે નાનાં બાળક માફક ચિરાઉ અને ચિથરાહાટેલ બન્યો હતો, ત્યારે તેણી તેને એટલાતો પ્રેમ પ્યારથી ન્હાતી હતી, કે જેવી રવેસે તેણીએ કદી કોઇ આદમ જાતને ન્હાયું નહતું.

પોતાનું ભોજન લઇ તેણી પોતાના પિતાના ઓરડા તરફ માલ ઉપર ગઇ. આ ઓરડો કુશાદે અને અંધકાર હતો, તેમા એક પથરની બાથિલી મોટી સગડી હતી. ત્યાં ઘણુંજ ઘોડું રાચરચીલું હતું. ઓરડાની વચ્ચો વચમા એક મોટો અસલી ઢબનો પલંગ મેલેલો

હતો. ચોરી મિનજતીનો ઝાંખો ઉજાસ તે બીછાણું ઉપર પડતો હતો, તે સિવાય તે આખા ઓરડામા અંધકાર વ્યાપી રહ્યો હતો. જેવી જેન ત્યાં દાખલ થઈ કે એક નર્સ ઉઠી ઉભી થઇ, અને તેણીને કાંઇ કહી ત્યાંથી ચાલી ગઇ. તે પલંગની ઉપર એક આકાર પડેલો હતો, તેનું માથું એક તકીયા ઉપર મેલેલું હતું. તેની આંખ્યો બંધ હતી, અને તેનું તવાયલું શરીર બીછાનામા ભાગ્યેજ ભેદ શકાતું હતું. એક વેળાના નામના પામેલા મોટા લોઢે વેલેલું જે સર્વસ્વ બાકી રહ્યું હતું તે આ હતું.

આ ઘરડો લોઢે પોતાનાં મનની અસ્થિર હાલતમાં પતરંગના બનાવેલાં ગ્રોગજરા સાથે રમતો હતો, તે તેનાં બીછાણા નજદીક એક નાની મેજ ઉપર ગોઠવી મેલેલા હતા, તેમાના કેટલાંક પડી ગયલા હતા. તેને જેન કેનને ઉંચકી પાછા બરાબર ગોઠવ્યાં. તે પછી તેણી તે પલંગ નજદીક બેઠી અને પોતાના પિતાને જોવા લાગી. તે વૃધ મર્દ અળાઇ પળાઇ કરતાં બડબડવા લાગ્યો; જેનો અર્થ 'તમે કેમ છો?' એવો થતો હતો. આવીજ રવેસે તેણીએ બીજી કેટલી બધી રાતો સુધી તેની સંભાળ લીધી હતી.

આ એકાંત કલાકોમા કેટલી બધી વખત પહેલાં નામરજી છતાં, અને ઉલટ જોર તેણીના ખ્યાલો તે મર્દ તરફ દોરવાયા હતા કે જેને આજે તેણીએ સદાને માટે પોતાથી દૂર કર્યો હતો. તેની સાથે તેણી કેવી સુખી થઇ શકતે, તેણી કેવાં કેવાં કામો બજાવી શકતે! તેણી કેવી વિખ્યાતી મેળવી શકતે! હેપ્પીન હવે-હવે.

સઘલું ખલાસ થઇ ગયું હતું—સઘલું મરણ પામ્યું હતું.

આવા ખ્યાલોમા તેણી ધીમે ધીમે નિંદ્રા દેવીને વશ થઇ. એકાએક તેણીને કાને એક સાદ પડ્યો, જે ગોચા ચડોસના ઓરડામાંથી તેણીનો પિતા તેણીને હાંક મારતો હોય તેવો હતો. તેણી ચોંકીને જાગૃત થઇ.

તે સગડીમાં આતશ પુર જોશમા બળતો હતો; પવનના સુસવાટાથી તે ઓરડાની બારીઓ હાલતી હતી. સગડી માંહેલા આતશના ઉજાશમા તેણીએ જોયું કે, તેણીનો પિતા બીછાણામા ઉઠી બેઠો હતો.

"જેન!"—તે પોતાના અસલ તંદરસ્ત મોટા સાદે પુકાર્યો, કે જેમ અકસમાત યવાની આગમજ તે કરતો હતો. એક પગ તે ઓલા ખાતે પોતાના બીછાણા ઉપર બેઠો, અને પછી એક ધીમા નિશ્વાસ સાથે તે પછડાઈ પડ્યો.

હેબતથી ધડકતી છાતી સાથે તેણી તેની ઉપર વાંકી વળી; તે મરણ પામ્યો હતો. તેનો ચેહરો સુફેદ, શાંત અને અક્કસમંદ દીસતો હતો; તેની આંખોમાથી દીવાનાપણાનાં ચિન્હો નાબુદ થયાં હતાં. એકવાર ફરીને તે અસલ હાલતે પોંહચ્યો હતો.

૩

બે કલાક પછી સદંતર થાકીને તેણી પોતાના ઓરડામા જઇને સુતી. જ્યારે તેણી જાગૃત થઇ ત્યારે તેણીએ જોયું કે સહવારનું અજવાળું થઇ ચુક્યું હતું; અને આખાં મકાનમા ગંભીર સુપકીટી પથરાઈ હતી. જેવી તેણી પોતાનાં બીછાણામા ઉઠીને બેઠી કે તેણીને કોઇ મોટા ભયની ચિંતા પેદા થઈ. પડેલાંતો અરે ઉભમાં તેણી સમજી નહીં શકી કે તે ભય માત્ર ખ્યાલી હતો કે ખરેખરો. શું તે અજબલામા કોઇ ભયંકર પડછાયો જોવાની તેણી આશા રાખતી હતી?

જ્યારે તેણી પુર જાગૃત થઇ ત્યારે તેણીએ જાણ્યું કે, આ તો તેણીનો આત્મા ભયથી કાંપતા હતો. તેણીએ પોતાના પિતાનો ખ્યાલ કરવાને યત્ન કર્યો; મગર તેના વિચાર તેણી કરી શકી નહીં. તે અંધકાર ઓરડામાં માત્ર એકજ ચીજ તેણીની સાથે હતી, અને એકાએક તેણી ત્યાં અજવાળું પ્રકાશી નીકળ્યું હોય તેમ તે ચિંતા શી હતી તે તેણીએ જાણી લીધું. હવે ડિક ગ્રેન્ટહીને પરણવાને તેણી છુટી હતી. પોતાના પિતાનાં મોતનો ઉપયોગ આટલીજ વારમા તેણી કરતી હતી, તે માટે તેણીનાં બદનમાથી એક કુજરી પસાર થઇ ગઇ. હેપ્પીન તેણી જાણતી હતી કે, જાણી જોઇને તેવો ખ્યાલ તેણી કરતી નહતી. વેરના દેવતાઓએ એવુંજ નિર્માન કર્યું હતું, કે જે કામથી તેણીએ હાલમા અલગ રહેવું જોઇયે, તેજ કામ કરવાને

જેન ૧૮૮૮
ચૂંટું સર્ક

તેણીની આવી નાસિપાસ અને થાકથી આજેજ બનેલી હાલતમાં તેણીને લલચાવી. તેણીએ ખુલ્લું દીધું કે, એક અંધકાર જંગલમાંથી એક કુદકા સમેત ધસી આવતાં એક વિકાળ પ્રાણી માફક ડિકને પરણવાનો ખ્યાલ તેણીનાં મગજમા ધસી આવ્યો હતો. એક અવાજ તેણીને કહેતો હતો કે,-"ડિક ગ્રેન્ટલી આગલ જા! સહવાર પડતાં જ, અને તેને કહે કે, હવે તું છુટી થઇ છે, તું તેને સદા ચાહતી હતી, અને હવે તું તેને પરણશે. પેલી બીજી ઔરતની તું દરકાર ના કર. તેણી સઘલું સમજી જશે, તે ઉતાવળો બન્યો હતો, તે કારણે શું તમો બંનેની જીંદગી બરબાદ કરવી લાજેમ છે? કદાચને તેમ કરવું તેને માટે મુશકેલ થઇ પડે તેમ હોય, છતાં શું તમો બંનેએ દુઃખમા સબડવું જોઇએ? હરરોજ શું મહીં એવાં કામો કરતા નથી? આ વાતમા કાંઇ ઝાઝો દમ નથી. તારી એકલચાલ હાલતનો ખ્યાલ કર. હવે તારો પિતા તારી નજદીક નથી, તારી આસપાસ બીજું કોઇ રહ્યું નથી. તું ઉમરે વધતી જાય છે. જેમ જેમ વર્ષો વહેતાં જશે, તેમ તું વધુ અને વધુ એકલી પડતી જશે— જ્યારે ડિકને ભળીને તારૂં દિલ ખુલ્લું કર્યાથી તું ઐહલાયથી સુખી થઇ શકશે. વળી ગ્રેન્ટલીને એક કેવો મર્દ તું બનાવી શકશે, તેનો ખ્યાલ કર! તારી મદદ વના તે ખુબે પડી સખાપો કરશે, તેના કરતાં હવેથી આટલો એક નાનો ભોગ આપી તારી સંગતમાં સુખી જીંદગી તે ગુજરે તે શું ભલું નથી! જેન કેનન જેન કેનન, તારી જીંદગીના છેડા સુધી આ તક ગુમાવવા કાજે તું પસ્તાશે! તારી સામે ડોળા ઘુરકતા તે એકાંતવાશમાં કરવા પડનારા પશ્ચાતાપનો ખ્યાલ કર!— તે એકાંતવાશ—તે એકલવાશ હાલત."

તેણીને લાગ્યું કે આવી હાલતમા કલાકો સુધી તેણી બેસી રહી હતી, અને આ સાદ તેણીના કાને પડયા કરતો હતો. તેણીને લાગ્યું કે તેનેથી તેણી દુઃખી થતી હતી, અને કોયા કોઇ તેણીની પાસે એક કબુલાત લેવાને યત્ન કરતું હતું. તેણી ઉંઘના કાજે પળાઓ મારતી હતી. જો તેણીના કાને પડતો આજે અવાજ બંધ થઇ ગો તેણી કાંઇ પણ કબુલાત આપવાને તૈયાર હતી.

"હા, હું જઇશ,"—આખરે તેણી મોટેથી બોલી. "તું તે કાગળ ઉપર લખ,"—તેણીના કાનમા કોઇ કહેતું સંભળાયું. તેણી બીછાણા ઉપરથી ઉઠી, અતી સલગાવી. અને લંખવા માંડયું.

"વ્હાલા ડિક, જો તું મને કબુલ રાખે."

કોઇ અવાજે તેણીને આગલ લખતાં અટકાવી. પેન હાથમા પકડી તેણી અચકી ગઇ તેણીના ઓરડામું બારણું બંધ હતું, છતાં તેણીને ખુલ્લું સંભળાયું:—"જેન, જેન, તું કમાં છે? મને તારી જરૂર છે. આ સોલજરો ઉભા રહેતા નથી. મેજ ધણીજ સકકણી છે, અને મારા હાથો કુણે છે. તેઓ માંહેલો એક પડી જાય છે, તો સઘલા સરી પડે છે." તે કુમળો સાદ આગલ બોલતો ગયો.

તેણીએ પોતાના હાથમાથી પેન મેલી દીધી. એક પળ તેણી તે ઓરડામાં ઉભી, પછી પોતાનું ડ્રેસિંગ ગાઉન લઇ અતી ચુસ્ત કરી બાહેર આસમાં નિકળી.

બે ઘડિયાળો એક બીજાના દમનબદ્દો માફેક સામસામે ટિક ટિક કરતાં હતાં. હજી પણ તે સાદ બીલકુલ ખુલ્લો તેણી સાંભળતી હતી:—"જેન તું આવતી કેમ નથી? કેટલાક સોલજરો તો મેજ ઉપરથી નિચે પડી ગયા છે. તેઓને ઉંચકવા કાજે મારો હાથ પોંહચતો નથી." તેણીએ પોતાના પિતાના ઓરડાનું બારણું ઉઘાડયું, તે સાદ સંભળાતો બંધ થઇ ગયો.

એકાએક તેણીની મુખ્ય ટેકાણે આવી. તે ઓરડામાં સઘલું શાંત હતું. તેણીના પિતાનો ચેહરો ગંભીર અને દમામદાર હતો. તે બીછાણા નજદીક તેણી ગુંઢણે પડી.

"પિતાજી, મને મદદ કરો. હું જાણું છું કે તમો સમજતેછો. હું ઠિક ગ્રેન્ટલી આગલ જવા અને તેને કહેવા માગું છું કે, હું તેને પરણીશ, અને તેણે બીજાને કબુલાત આપી છે, તે થકી મારે તેમ કરવું ન જોઇયે. વ્હાલા પિતાજી, મને આમ કરતી અટકાવાને હિંમત બક્ષો. હું જવા માગું છું. હું જવા માગું છું. તેમ નહીં કરવાને મને મદદ કરો."

તેણી પોતાના પિતાની યાદને વળગી રહી. તેણીને લાગ્યું કે તે ઓરડામાં એક મોટું યુધ્ધ ચાલતું હતું અને તેણી માત્ર તે નિહાળતી હતી, છતાં તેણીની આખી જીંદગી એ યુધ્ધ તરફ તેણીને ધસડી જતી હતી. તેણી ઝબ ઉપર આવીને લડી. તેણીને લાગ્યું કે જો તેણી પોતાના પિતાનાં બીજાણા આગળથી એક ડગલું પણ હટશે, તો તેણીની હાર થશે. તેણીના પિતાએ તેણીને ત્યાં અટકાવી મેલી હતી. તેણીને લાગ્યું કે તેણે તેણીને વધુ મજબુતીથી ત્યાં પકડી રાખી હતી. તેના હાથો તેણીની આસપાસ વિંટળાયલા હતા. તેણી નાની હતી ત્યારે જેમ તેણીને ઉંચકીને ઉપર ઉછાળતો હતો, તેમ તેણે તેણીને ઉંચકી હતી, અને તેની નજર તેણીની ઉપર હતી. તેણે હાલમા તેણીને બીજા કોઇના હાથો પોંહચી નહીં શકે એટલી ઉંચી પકડી હતી. આવી હાલતમાં ગુંચવણ ભરી તેણી નિંદ્રા દેવીને વશ થઇ, તેણીનું માથું તે બીજાણા ઉપર તેણીના પિતાનો હાથ ઉપર મેલેલું હતું.

એવી હાલતમા કેટલાક કલાકો પસાર થયા પછી જ્યારે તેણી જાગૃત થઇ, અને બાહેર દીવાનખાનામાં ગઇ, ત્યારે ત્યાં બીજાં કેટલાંક કાગળો જોયે ઠિક ગ્રેન્ટલી તરફથી આવેલો એક કાગળ પણ તેણીના જોવામાં આવ્યો.

તે નિચે પ્રમાણે હતો :—

"મારી વ્હાલી જૈન,—ગઇ કાલે તારેથી છુટા પડવા પછી હું સીમિલ વૉટસનને ત્યાં ગયો, અને તેણીને કહ્યું કે મારી કબુલાત પ્રમાણે મારેથી વર્તી શકાય તેમ નહતું. ગઇ કાલની તારી સાથેની વાતચીત આગમજ મેં જણ્યું નહતું કે, તું મને ચાહે યા ન ચાહે, છતાં કોઇ પણ ખીજી ઓરતને હું મારી કરી શકું તેમ બનવું મુશ્કેલ હતું. આગલ કોઇને પણ વેળાએ મને જે ખ્યાલ ન થયલો, તે ગઇ કાલે થયો હતો. સીબીલ ખરેજ એક ફિરસ્તો છે, અને તેજ પ્રમાણે તેણી વર્તી હતી. અમારી અદલાબદલીની વાત જાહેર કરવામાં આવી નહતી—તે વિષે કોઇને પણ કહેવામાં આવ્યું નહતું—અને હું જાણું છું કે, કોઇ દીવસે તેણી મારા કરતાં દસ હીસ્સે સરસ પતિ મેળવી શકશે. તું કલ્પી શકશે કે, હાલ તુરત હું મારે માટે ખાસ મગરૂરી લઇ શકતો નથી. એક આવાડાયામાં હું કેનેડા તરફ ઉપડી જનારછું, અને ઉનાળામાં પાછો ફરીશ. મને હા, ના, નો જવાબ આપવાને હવે હું તને કદી પણ કંટાળો આપીશ નહીં. એક દીવસે જ્યારે તુને લાગે કે, તું છુટી છે અને મને ચાહેછે, ત્યારે મને તારે માટે ખોટી થતો તું જોશે.

"તારોજ

"રિચર્ડ ગ્રેન્ટલી."

બસ હવે વધુ લખવાની કાંઇ જરૂર નથી

શુક્રશેલર :—"દરેક ઘેરમાં અકેકી મોટી ડીક્ષનરી રેહતી જોઇએ."

બાબુ :—"અલબત, તમે બીલકુલ ખરૂ કહ્યું ભાઇ, તે કાગળો વીગેરે દાબવાને માટે ઘણીજ ઉપયોગી અગીતજ થઇ પડે છે."

(શુક્રમેલરનું કાંઇ બોલ્યા!)

"દીલખુશ"

તેણી :—"જો હું ગરીબ હતે તો મને શક છે કે તમે મને પરણતે નહીં."

તે :—આય જોયું, કહે જે અનાથીયાને ગામની કનવાર. "અરે જે ચીજથી આપણે ખુદાના હુકમથી દુરજ છીયે તેનો વિચારજ શાનો કરવાનો અને દુઃખીજ શાનું થવાનું ગમે તે કહે પણ હું તો તું અને તારી પાસે જે છે તેથીજ પુર્ણ સંતોષ પામું છું. હવે તો બસ!"

"દીલખુશ".

રબ્ને યજત તેના દોસ્તદારો તેઓના કામ.

દરરોજનો હીસાબ રાખનાર બેહમન, ત્રણ દહાડાનો હીસાબ રાખનાર મેહેર, શરોશ અને રપ્ને અને રસ્તાખીજને દહાડે હીસાબ લેનાર અહુરમજદ વગેરે.

લખનાર :—મી૦ ધનજીભાઇ માણેકજી વાચ્છા.

(પાને ૧૯૧ થી ચાલુ.)

૨ બુ યજતના જે મુખ્ય દોસ્તદારો છે તે આપણને ઉદાહરન ગેહપરથી જે મા લમ પડે છે તે ફક્ત શરોશ અને આરતાદ છે, પણ અરદ્દિસુર નિઆશેરા શરોશ ફરવરદીન, અશીસ્તગ વગેરે યસ્તોમાં અને મુખ્ય મેહેર યસ્તમાં રપ્નેના હમશરીકો તરીકે શરોશ, મેહેરે, આસ્તાદ આવે છે. પહેલવી ચોપડીને આધારે વળી એઓમાં ચમારો થાય છે એટલે બહમન (ભલું મન,) બેહેરામ વગેરે ઉમેરાય છે. હવે એઓના એક એક સાથે શું કામો છે તે જોઇએ. મેહેર યજત રપ્નેના જમણા હાથ જેવો છે એમ દેખાય છે કારણ કે મેહેર યસ્તના ૨૦ માં કરદા માંથી એમ માલમ પડે છે કે રપ્નેએ પોતાની કૃતેહનો પાયો જે મેહેર યજતપર રાખેલો છે, જેમકે એ કૃત્રામાં આવે છે કે "જેને માટે રપ્ને જેણે જાથુકનું ચક્રાન (સંસાર મંડળ) રચ્યું છે, તેણે દોસ્તીની મજબુત ગાંઠ બાંધવા માટે એક રેશાણ તૈયાર કર્યું છે.

શું (મેહેર યજત) ઘરને રપ્નેવાલ, કબાણ નહીં કરનારા માણસોનો રક્ષણ કર્તા છે, દગો નહીં જાણનારા માણસોને તે ટેકો આપે છે કારણ કે તારી ઉપર (રપ્ને)એ સંસાર મંડળનો સંપૂર્ણ અને મજબુની પેદા કરેલી કૃતેહનો પાયો રચાયો છે, તથા એ પાયા ઉપરતો જે માણસોએ મિત્રને ઠગવાની કોશેશ કરી હતી તેમનો તેમના પાપી પણાને લીધે નાશ થયો છે, વળી દાદિસ્તાને દીની ઉપરથી માલમ પડે છે જે મેહેર યજત માણસના શરીર, વચનો તથા નશીબની ઉપર પણ છે.

બેહેમન (ભલું મન) એ રપ્નેને ઇનસાફને દહાડે આ ઝમાણે મદદ કરે છે. જ્યાં સુધી માણસો આ દુનીઆમાં રહે છે ત્યાં સુધી તેઓ જે કામો કરે છે, પછી સારાં કે નહારાં તેનો એ બેહેમન અમશાસપંદ દરરોજ ત્રણ વખત હિસાબ લે છે, કારણ કે પીચારો, શબ્દો અને બીજાં બધાં મુખ્ય કામોનો હિસાબ રાખવો એ તેનું એક કામ છે, આસતાદ વિષે આપણે ઉપર કહી ગયા પણ સાએસત લાસાએસતના ૧૭ માં બાજાના ૪ થા ફકરાપરથી એમ માલમ પડે છે કે જ્યારે રપ્ને એક માણસ પાસે હિસાબ તેના કરતુકનો લે છે ત્યારે તે ત્યાં હાજર હોય છે અને તેને (રપ્નેને) રોળ કરવામાં મદદ આપે છે.

શરોશ યજત અશો લોકોનો અચાવ કરે છે તથા પાસબાની કરે છે તથા તેમને પુણ્યગુજર કરવાની સેહલાઇ કરી આપે છે.

બેહેરામયજદ રવાનનો ઇનસાફ થયા પછી જો તે રવાન અશો માણસનું હોય છે તો તેને પોતાની મદદ આપે છે અને ચીતવલ પૂલ પસાર કરવાની વખતે તેની નીગેહબાની રાખે છે.

અહુરમજદ જે હીસાબ લે છે તે ફક્ત કયામતને દીવસેજ લે છે તેનું મળતું વર્ણન દાદિસ્તાની દીનીમાં નીચે પ્રમાણે આવે છે. "એક માણસના આ દુનીઆમાંથી જવા પછી જો તે એક પાક આદમી હોય છે તો તેની જગા બેહેસ્તમાં થાય છે અને ત્યાર પછી તેને કાંઇ પણ ત્યાં પોતાનો હીસાબ રાખવો પડતો નથી, અને જો કાંઇ હીસાબ રાખવો પડે છે તો તે ફક્ત કયામતને દહાડે કે જ્યારે અહુરમજદ, બેહેમન મહેર, રપ્ને અને શરોશ એઓ જ્યારે દરેકના એક સરખી રીતે હીસાબ કરે છે ત્યારે એઓનો પણ હીસાબ લેવાય છે," આ બાબત બરાબર સમજ પડતી નથી. શું

એક વખત તેને તેના કરતૂકના કામનો હીસાબ આપ્યા પછી પાછો ક્યામતને દહાડે આપવો પડે છે અને જે ઝુંવું હોય તો એક માણસના હીસાબ થયા પછી તેને પહેલી દુન્યામાં કાંઇ પણ કામ કરવું પડતું હોવું જોઇએ, જો કે એની બીજી કશી શહાદત મળતી નથી.

ઇને વજત અને તેનું પેલી દુન્યાનું કામ, ઇનસાફ કરનાર, અશેા માણસનું રવાન અને ખુબ સુરત કુમારીકા, બદ માણસનું રવાન અને બદ ઔરત, ચીનવત પૂલ, છેલ્લી જગ્યા, સૂખ અને દુઃખ.

દરેક આદમજાતને આ ફાની દુન્યા છેાડીને પેાતાના આ દુન્યામાં કરેલાં કર્તુતેાનેા હીસાબ આપવેા જોજ. હવે એક માણસના મરણ બાદ તેના રવાનનું શું થાય છે તેનું વર્ણન વંદીદાદમાં તેમજ પેહેલવી કેતાબેા જેવી કે અરદાવીરાફનામું હાદેાખ્ત નુસક (જ દમાં પણ) મીનેા ખેરદ સાએસ્ત લાસાએસ્ત બુંન્દહેશ વગરેમાં આવે છે પણ બધી રીતે જોતાં મીનેા ખેરદના બીજા બાબમાં ફકરા ૧૧૪ થી શરૂ થાય છે, તેનેા ટુંક સાર નીચે પ્રમાણે છે. માણસના મરણ બાદ તેનેા જીવ ત્રણ દહાડા અને ત્રણ રાત સુધી જ્યાં તે રવાન મુકેલું હેાય છે ત્યાં ભમ્યા કરે છે અને હાદેખ્ત પ્રમાણે ઉ-ત્તરવદ ગાથા ગાએ છે પછી ચેાથી આબાદાદે જો તે રવાન અશેા હેાય છે તેા શરીશ વાચ્યે લાવેા તથા કતેદમેદ બેહરામ વજરેનેની બદદથી તે ચીનવત પૂલપર આવે છે, જ્યારે તે પૂલ તેના કામ સારાં હેાવાથી ચેાડેાકેા થાય છે અને પછી તે રવાન જ્યારે ચીનવદ પૂલ પ-સાર કરે છે ત્યારે તેને ત્યાં એક ઘણીજ ખુશસૂરત કુમારીકા કે જેના જેવી આ દુન્યામાં કદી તેણે જોઇ નહીં તેવી તેની નજરે પડે છે. ઘણેા ખુશ થાય છે અને તેને પુછે છે કે અએ ખુશસૂરત કુમારીકા તું કેાણ છે ? ત્યારે તે કુમારીકા જવાબ આપે છે કે અએ અશેા માણસ હું કાંઇ બરી કુમારીકા નથી, પણ હુંતેા જે તેં પેલી દુન્યાની અંદર સારાં કામેા કર્યાં તે છેઉં. એટલે તારી કેરદાર હું અને ત્યાર પછી પેલેા આદમી આગળ વધે છે.

પણ જો તે માણસનું રવાન ખરાબ કામેાથી ભરપૂર હેાય છે તેા ચેાથી આબાદાદે તેને અસ્તરવરાદ ખરાબ વખે દ્રઝીરસ્ત દેવ વગેરે મલે છે કે જેઓ તે રવને આગળ લઇ જાય છે પણ મારગમાં ચીનવત પૂલ પસાર કરતી વખતે તે પૂલ એક તરવારની ધારના જેટલેા પટલેા થાય છે કે જેનાથી તેને ઘણુંજ દુઃખ ખમવું પડે છે અને પછી જાય એવી ધારતી લાગે છે. આગળ ચાલતાં તેને એક બદસૂરતની ઔરત કે જેવી બદસૂરત તેણે આ દુન્યામાં નહીં જોએલી તેવી બદસૂરત તેની સામે આવે છે ત્યારે તે બીહીને પૂછે છે કે અએ બદસૂરત તું કેાણ છે ? ત્યારે તેણી જવાબ આપે છે કે અએ નાપાક આદમી, જે તેં ખરાબ કામેા પેલી દુન્યામાં કર્યાં છે તેનેા હું આકાર છુ એટલે તારી તે કામેાની કેરદાર છેઉં.

આ પ્રમાણે તે બેઉ માણસેા પેલા અશેા તથા બીજો નાપાક રવને વજત કે જે ઇનસાફ કરનારેા છે ત્યા આવે છે ત્યાં રવનું વજત પેાતાના સેનેશ ટાળી, એક બાલ જેટલેા પણ ફરક રાખ્યા વગર અને બાદ-શાહ અને ગરીબ અશેા અને નાપાક વીગેરે સેાને એક સરખા ગણે છે અને ઉપર કહ્યું તેમ કાંઇ પણ ફરક રાખ્યા વગર ઇનસાફ કરે છે.

આ પ્રમાણે ઇનસાફ થયા પછી પાક અશેા માણસ ઘણાજ ખુશરોદાર સુગંધ સાથે પેાતાને પહેલેા એક પગ "હુમત" પર મૂકે છે પછી બીજો "હુખ્ત" પર અને પછી ત્રીજો "હવરશ્ત" અને ચેાથે પગલે તે ગરેા-થમાન બેહેસ્ત કે જે બધેા રેાશનીથી ભરપૂર છે તથા જ્યાં સઘળા અમસાસપંદેા અને યજતેા રહે છે ત્યાં જાય છે કે જ્યાં તેને ત્યાંના અમસાસપંદ અને યજતેા તેની આ નાપાક દુન્યામાંથી સહીસલામત સારા કદુંકાથી મીનેાઇ જોહાનમાં જવાને વારસે શક્તીવાન થયેા તેને માટે તેને ખુશારબાદી આપે છે, ત્યાર પછી તે અહુરમજદ આગળ જાય છે જે અહુરમજદ કહે છે અને કાંઇ પુછેાના એ પેલી ભંપકાર દુન્યાના રસ્તાપરથી આવેલેા તએને પછી ખાતુ સ્વાહીસ્ત જેને મેદીઓજરેમ રેાગન કરે છે તે આપે છે અને ત્યાં તે ખુશ ખુરમેામાં રહે છે.

એથી ઉલતું પેલા નાપાક માણસના ઇનસાફ પછી તે ખરાબ બદનેા વાલી જગ્યાપર જાય છે અને ત્યારે પેાતાનેા દુરમન હુલુખ્ત અને હલુવરસ્ત મૂકીઆ પછી દોજખ જે અંધકારથી ભરપૂર હાય છે અને તેનેાબા બદદેવેા તથા ચાતુકા તે દુઃખ છે ત્યારે જરી કરે છે અને ભૂખ બરાડા મારે છે પણ તેની કેાઇ મદદે જતુ નથી પણ એથી ઉલતું તેને તાના મારે છે અને તેને બીજવે છે અને તને ખરાબ ચીજેનું પ્યાલુ પી-વાને જબરદસ્ત કરે છે.

માથાના એક ફકરામાં એમ આવે છે કે જે લેાકેા અશેા હેાય છે તેને અશેા જરથોસ્ત સાહેબ ચીનવત પૂલ પાસી પસાર કરાવે છે પણ જે તે અશેા નથી હેાતેા તે પૂલ પસાર કરી નથી શકતેા.

ગ્રે કાલકન.

લખનાર :—જરથોસ્તુ મેહરવાનજી કોહાવાલા.

પ્રકરણ પેહેલું.

" ઝપથી આવો, લેડી ફેલીસ અને હું તમને તે બતાવીશ. તમો કહો છ કે ગરીબ બેડુતોમાં બેાટી દહેશત બેસાડવા મેં આ બુમાટો ઉઠાવીયો છે. મગર તમે પોતેજ નજરે જોઇ ખાત્રી કરો 'અને ત્યારેજ તમે માનશેા કે બુઢો જેનેટ જુઠું બોલ્યેા નથી. મારાં જવાન લેડી, મારી બુઢાપાથી નબલી બનેલી આંખો મને દગતી નથી કે નથી મારૂં મગજ પોચું બન્યું તેજ ગ્રાહીત આકાર માત્ર દસ મીનીટ ઉપર અહીંથી પસાર થયેા હતેા અને તે હમેશાં આ રસતેથીજ યાછે ફરતેા હેાવાથી તમે તેને આ તરફથી જોઇ શકશેા " .

ફ્રાંન્સના ઉમરાવી લેંગેડોક કુટુંબનેા બુઢો કારભારી જેનેટ, પેાતાની જવાન શેઢાણીને ગીચ્ચ ઝાડીઓમાંથી સલામત ચલાવી લાવ જતાં ઉપર પ્રમાણે બેાલ્યેા.

સુંદર લેડી ફેલીસ હસતે મુખડે બીન દહેશત તે કારભારીની પુઠે ચાલતી હતી અને જ્યારે ત્યારે સુર્યાસ્ત પછીથી અનેલા તે કુદરતના ખુબસુરત દેખાવ ઉપર તેણી વખાણની નજર ફેંકતી.

બેશક સાંજના સેાનેરી ઝાંઝવાંઝ વચ્ચે ત્યાંનેા દેખાવ દેમાગ તર કરે એવેા હતેા. ઉંચા અને સરખાં ગીચ્ચ ઉભેલાં લીલા ઝાડોની રમણ્ય ઘટા વચ્ચે બુલવંદ " લેંગેડોક કાસ્ટલ " આવેલેા છે તે કાસ્ટલનું શીખર બેાયા બીજના ચાંદની રૂપેરી ઝાપલી જોને તે વેળાએ આકાશ ઉપર દેખાવ દીયેા હતેા તે સાથ કાંઇ છુપી મસલત કરવાની મતલબમાં હેાયેિ, એ મીસાલ દીસતું હતું.

તેની જમણી તરફ એક વીશાળ જંગલ આવ્યું હતું, જે તે ઉમરાવી લેંગેડોક કુટુંબની મેાટાઇ દર્શાવનારી બાપીકી મીલકત હતી. કાસ્ટલની ડાબી બાલુએ ઉછળા મારતી મેડીટરેનીયન નદી વહેતી હતી, જેની ઉંડી લહેરેા ઘણી દીલખુશ લાગતી હતી. અસ્ત પામતા સુર્યના સેાનેરી ઉજાસમાં નદી માહે પડેલા ફ્રેંજસના ગામડાનાં મકાનેાનાં છાપરાંના ઓળા હારબંધ જોવા જોગ જણાતા.

આ વાર્તાની શરૂઆતનેા વખત ફ્રાન્સના કમનસીબ રાજા શેાલમા લુઇની રાજ્યગાદી વખતનેા છે. ફ્રાંન્સમાં ઘેાડા રેાજદા એકઠાં મળતાં અને હુલ્લડ ઉઠાવી રાજગાદી ઉંધી વાળવાના પ્રપંચેા રચાતા, જે કે હજુ સુધી આ ફ્રેંજસનું ગામડું હુલ્લડખેારેાથી બચી જવા પામ્યું હતું, પણ ત્યાં વસનારાઓ કાંઇ પેરીસ શહેરની બદબખ્તીથી તદન અંજાણ ન હતાં.

પરંતુ આ જવાન લેડી ફેલીસને આવતી આફતનેા અંશેા પ્રાપ્ત પણ હેાય તેવું જણાતું હતું નહી તેણીએ ખુશખુશાલ પેાતા આસપાસના તે બીનમુલ દેખાવ ઉપર મગરૂરી ભરી નજમ ફેંકી. આ બાપીકા મીલકત કાઉંટ લેંગેડોકની એક પૂરી બેાટી દાણત હવે પછીથી તેણી પેાતાની બનારી હકદાર મતા હતી તે ઉપર ખુશ થતાં તેણી આગળ વધી.

બુઢો જેનેટ ઘણેાજ ગંભીર દીસતેા હતેા. પેાતા પાછળ આવતાં તે લગભગ હજાર જેવાં હલકાં પરીરૂપ પગલાંને તે હર પલે ધાસ્તીની નજરેથી ટીકતેા હતેા. તેની સુંદર શેઢાણી આસપાસમાં તેના ચુંથણ ઉપર રમેલી હતી અને તે હવે જુવાનીના બહારમાં ખીલી રહી હતી, પણ જેવું તે બચપણ બેાજરેાબ્ભ ભર્યું, પસાર થયું હતું તેવીજ સુખવાસી જવાની જનાર હતી કે તે માટે બુઢા જેનેટને ઘણી વહેમ પડતી આગાહી થતી હતી, જે કે, ભવીષ્ય તેા તદન ભેદના પરદામાં છુપાયલું હેાય છે.

" આ જગાએ ઉભાં રહેા, લેડી ફેલીસ, હું હમેશાં આંહિજ છુપાઇને ઉભેા રહું છું અને અહીંથીજ તમે તે ગ્રાહીત આકારને જોજેા."

બુઢા જેનેટનું ગંભીર કામું અને હેબતથી ચમકતા, ડેાળા જોઇ ફેલીસના ચહેરા ઉપરનું રંગીલું હસતું

ઉડી ગયું. તેટલાં એકાએક જેનેટે તેના ખભા ઉપર હાથ મેલ્યો "સાંભળો"

એક ક્ષોર ભારી કોહાડીના કોકાના અવાજે ત્યાંની શાન્તીમાં ધાસ્તી ઉપજાવે એવી ખલેલ કીધી

આગળ આપેલી હકીકતથી વાંચનારને જોઇ લેવાને બન્યું હશે અને અમેબી તેને વળી પાછી ખાતરી આપે છીયે કે તેઓ વચે પડેલી અને પાછળથી વધી ગયલી દોસ્તીમાં પાપ જેવું કશુંજ ન હતું, પણ તે વધી ગયલી દોસ્તીએ રહેતે રહેતે એવું રૂપ લીધું કે તેઓ બન્નેને સાથે જોનારાં તેઓના તે મેળાપમાં પાપ સમજે એમાં નવાઇ ન હતી.

પ્રકરણ ૫ મું.

પોતાની પરણેતર કેવી હોવી જોઇયે તે વિશેના જમશેદજીના વિચારો જુલ્યસ સીઝર જેવા હતા, અને તેથી તેની માંગણી એવી હતી કે તેની જે પરણેતર હોય તેની ઉપર તો ટહેમનો ઓછો પડીક ન પડવો જોઇયે અને તેની તે માંગણી અક્ષમત વાજબીજ હતી.

જે જમશેદજીએ બી જોયું હોય કે તેનાં પોતાનાં બચ્ચાંની માય, તેને તે પરણ્યો તે વખતે જેવી હતી તેવી આજે ન હતી, તો તેણીથી તે બાબદની કશી કનવાર કરીજ ન હતી; વળી જ્યારે તેણે એટલું બી જોયું હતું કે દાક્તર શીરોજની હાજરીમાં તે જ્યારે અસલના જેવીજ રંગીલી, મોજીલી, હસમુખી બનતી તો તેની પોતાની આગળ તે ઓસકવાળી અને મંજીર થઇ જતી, તો તે વિશેથી તે ઉહ કરીને કોઇ દાહાડે બોલ્યો ન હતો; અને તે નહીં બોલ્યો તેમાંજ તેની મોટી ભુલ હતી. તે વખતની તે નાદાન પરણેતરને તેણે જેવા પોતાની ફરજમાં ભુલેલી જોઇ કે તેવણે ચાંપતા ઉપાય લઇ તેણીને વારી હતે તો એ મામલો આજનું ગંભીર રૂપ ન લેતે.

જેટલો જમશેદજીને પોતાના પેદા કરનાર ઉપર વિશ્વાસ હતો તેટલોજ વિશ્વાસ તેવણને પોતાની પરણેતર શીરીનપર અને પોતાના દોસ્ત ડાક્ટર ફ્રિરોજ પર હતો, અને તેથી જ્યારે પહેલ કહેલો તેવણનો વહેમ પોતાની પરણેતરનાં પરણ્યાં પ્રમાણ ઉપર ઉલ્ટકરાયો ત્યારે તેવણ તેનાં દમાણ હેઠળ ગોયા, કચડાઇ મરયાઇજ ગયા.

આગળ ચાલતાં તેવણે તે બન્નેનું પાપ પોતાનાં મનમાં સાબેત થયલું માન્યુ, ત્યારે પોતે વજાજ અજાણ હ્યા. તેવણે માનીજ લીધું કે તેવણની પરણેતરને અને તેવણના જીવનાન દોસ્તે તેવણને નામોશીમાં ગીરફતાર કીધા હતા, અને તેવણનું ઇજ્જતુજ ગોયા તેવણને અઢાર થઇ પડ્યું હતું. પણ, તેજ વખતે વળી તેવણને પોતાનાં પુત્ર બચ્ચાંનો વિચાર આવ્યો, અને વળી સારે નસીબે તેવણ પોતે નબળાં મનના ન હતા તેથી પોતાની પરણેતરને તેવણે ધારી હતી તે કરતાં વધુ નબળી મગજની જોયાથી કાંઇ તેવણ દુન્યાદારી તજી બેસે તેવા ન હતા, અને તેથીજ એ બધા દિવસો તેવણે તનનાં અને મનનાં કેવાં અગાધ દુઃખમાં પસાર કીધા હશે તે તેના સિવાય કોઇનાં ક્યાંને પણ ખબેર હતી નહીં.

શીરીને ઓરડામાં આણી આપાને તો રૂખસદ આપી હતી, પણ, લાંબી વખત એ જાતમાં જે વહારી અને પોતાની બાદ પ્રત્યેની જે લાગણી જોવામાં આવે છે, તેને આધિન થઇ તેણીની શેહાણીના બંધ ઓરડાનાં બારણાં આગળ તે બાહાર ભમ્યા કરતી હતી, અને તેથીજ જ્યારે તેણીએ તે ઓરડામાં જરાક અરબ્બો સનસારો સાંભળ્યો તેથીજ તેણી રાંધણીમાં દોડી ગઇ અને ત્યાંથી ગરમ ગરમ કાશું એક કપ અને તોસ્ટ પાંડીની બે કતરી લઇ આવી જાણે કશાંજ બોલ્યજ નહીં તેમ તે બંધ બારણું તેણીએ ઠોકયું.

તેની શેહાણીએ તે બારણું ઉઘાડયું અને તેજ વખતે તેણીની નજરે પડેલા તેણીની બાબતા વહેરાએ તેણીને ખરેખરી હેબતાવી મારી.

તેણીની શેઠાણીના ખાબમાં હાલ જે ગુજરતું હતું તેથી થોડે ઘણે દરજ્જે તે દીલશેાજ ચાકરડી વાકેફ હતી અને તેની શેઠાણી તરફ તેણીની પુરે પુરી દીલશેાઝ હતી.

તે આવા અંદર દાખલ થઇ અને એક તેપ્યપર તે કાગળનું કપ અને તેપ્યની રકાબી તેણીએ ગેાઠવી મુકી અને પછી બહાર ચાલી જવા જતી હતી પણ તેની બાબએ તેને બેાલાવી.

"નહીં, બાય લઈ જા, મારૂં માથું હલુ નરમ નથી પડયું. લાવ, મારી લખવાની ચેાપડી લાવ એ પણ કાગળ મને લખવાનાં છે ને તે નાંખી આવવા તુને બેાલાઉં તારે તું પાછી આવજે." તે બાબાએ તેણીનેા બ્લોટીંગ પેડ તેણીને આપી અને પછી પેલુ કપ અને તેપ્યની રકાબી ઉંચકી અને—

"આજે ત્યારે તેહેમીબાઇને લઇ આજે કે?" એમ પુછતાં તેણી જરા બારણાં બાજણ ઉભી.

"નહીં, હમણાં નહીં હું કેહું ત્યારે બેાલીને "

"હા, સારૂં કાયું-લાવ મને આપ" અને તે કાગળ તેણીના હાથમાંથી લઇ શીરીને ફાડી નાંખ્યું.

ડા. શીરાજ ક્યાં ગયેા હતેા અને શું કામે ગયેા હતેા તે જો બીચારી શીરીન હાલ જાણતે તેા તેણીની તે રાત અલબત્ત સુખની તેા નહીંજ પણ કાંઇક શાંતીની જતે.

તે બીચારીને થેાડીજ ખબર હતી કે જે વખતે તેણી એક છેલી આલુજી ડેાક્ટર પટેલ ઉપર લખવા બેઠી હતી તેજ વખતે તે પેાતે જમશેદજી આબળ બધેા સાચે સાચેા ખુલાસેા કરી દેવા મુંબાઈ જતી પુના જેનમાં ગેાઠવાએને બેઠેા હતેા.

જમશેદજીને તે વાત કેવા જેવા સાથે કહેવી તેના તેણે મુસાફરી દરમ્યાન બરાબર વિચાર કરી રાખ્યેા હતેા અને પ્રિય વાંચનાર છેક અંતની ઘડીએ તેણે જમશેદજીને મળી એ વાતનેા સણાહ શાંતીથી નિવેડેા લાવવાનેા વિચાર કર્યેા હેાય તેમાં નવાઇ કાંઇજ ન હતી, કેમ કે જમશેદજી બાલેઆલા-પેલા વારતા લખનારાએા કહે છે તેમ પેાતાનાં માથાંના વાળની ટીચકીથી તે પગનાં તળીયાં સુધીના એક સાચેા શુધ્ધ હૃદરય હતેા, અને તે જાણતેા હતેા કે જમશેદજીને ફકત આગલાં કામનેા સાચેા બદરાર તેને માટેનેા પસ્તાવેા અને તેનું કામ કરી ન બને તે માટેની ખાતરી સિવાય કશું વધુ જોવું ન હતું.

પુનાની જેન જી. આઇ. પી. લાઇનપર ગ્રેએ ચેારાણું પંચાણું દફા બને છે તેમ મુંબાઇ ઘણી લેટ આવી અને તે વિકટેારીયા તરમીનસ સ્ટેશને આવી પુગતાં લગભગ રાત થયલી હેાવાથી તે સીધેા વેાટસન હેાટેલમાંજ ગયેા અને રાત ત્યાંજ બેસી કાંદી સહવારે સકાલે તે જમશેદજીને મળવા તેવડાનાં માથને બદલે પહેાંચી ગયેા.

તે બે વચ્ચે ત્યાં શું વાતચીત થઇ તેની કેાઇને ખબર પડી નહીં.

જે માત્ર જણાયું તે એટલુજ કે લગભગ બે એક કલાક એક બંધ ઓરડામાં તેઓ બંન્ને વાત ચીતમાં રેાકાયા અને ડાકતર શીરાજે પેાતાના પરમ સંતેાષ વચ્ચે જોયું કે બધી વાતે તે પેાતે જેવી

રીતે ચાહતો હતો તેવી રીતે જમશેદજી ખાતરી કરવાને શક્તિવાન થયો હતો, અને અમને પોતાને પણ તે વિશે કશો શક નથી, કેમકે, જમશેદજીને ફક્ત એકલુંજ જોઈતું હતું અને તેવણને તે મળતાંજ એક શુધ્ધા અને સાચ્ચા ગૃહસ્થની માફક તેવણે તે કબુલ રાખ્યું હતું.

તેઓ બંન્ને તે મુલાકાતનાં પરિણામમાં મુંઝાઈથી બપોરે ઉપડતી ટ્રેનમાં પુને જવા બેઠા.

બેઉમાંથી કોઇએથી ઝાઝી વાતચીત કરવાની ટ્રેનમાં મરજી દેખાઈ નહીં, કેમ કે તેઓ બેઉનાં મનમાં શીરીનને લગતા જુદા જુદા પ્રકારના વિચારો તુફાન કરી રહ્યા હતા. જમશેદજી વિચાર કરતા કે શીરીન આગળ એ વાત કેમ છેડવી, તેને શાંત કેમ કરવી અને તેની સાથે સલાહ કેમ કરવી?

ડા. ફ્રિરોજ તેણે જે આજે ભલું કામ કીધું હતું તેનું પરિણામ કેવું મન માનતું આવશે અને શીરીનનાં મનનું કેવું સમાધાન થશે તેના તે વિચાર કરતો બાટની સીનરી જોતો બેઠો હતો.

"પણ, એમ ધાર શીરોજ" ત્રેને ખાડી છોડતાં જમશેદજી બોલ્યા "કે શીરીન કદાચ નહીંજ સમજી તો! તે આગળી બાબતથી નહીંજ ભુલે તો.?

"તે નહીં સમજે! શીરીન જેવી મેરી આગલી બાબતી નહીં ભુલે? જમશેદ, તું કોઇ ખસી બસી ગયોછ? તેં મને આપ સવાલ ચાર કલાકમાં ચોવીસમી ચખ્ત પુછ્યો; અરે, બાપ્પો ભંગવાની શાંની બણીછ? શું ફક્ત એટલુંજ કહેશે કે 'શીરાં ચાલ બધું ભુલી જા, મારાં મનમાં કોંઇજ નથી' તો તે એવી મેરી છે, જમશેદ, કે તારા પગ પર માથું મુકશે.

તે બંન્ને દોસ્તો પુણાનાં સ્ટેશન પર ઉતરી પ્લાટ ફાર્મ ઉપર હરીફામ થતાં જમશેદજી બોલ્યો—

"ફ્રિરોજ તું તો હમણાં બંગલે નથી જતો, તું સીધો કોનોટમાં જઈશ, ને પાછી નયીંત જીવે સહ્યારે બંગલે જવસ"

"ને હમણાંજ કોંઇ નહીં!"

"મારી છાતી નથી ચાલતી. સહ્યારે મને લાગેછ કે મને હીંમત આવશે ને—"

"તો તારી મરજી, પણ તારે જગે જો હું હોઉં તો મજ્જેનો વ્હીસ્કીનો એક સ્ટીફ પેગ લઇ ઘેર જઇને આજે હમણાંજ સલાહ કરી નાંખું. તે બીચારીએ એટલું બધું છે એક રાતથી વધુ તેણીને તેણીનાં દુઃખ સાથે એકલી છોડવી એ હું ઘાતકીપણું સમજુછ"

"પણ હવે રેવા કેટલા વલાક? પોલુઆંઇ તો અંહીંજ થયા. નહીં, હું તો હોટેલમાંજ જઇશ. તુંભી ચાલની, પછી જમીને તું તારે બંગલે જજે."

"નહીં, કેંકયુ. હું તો બંગલેજ જઇશ, કેમકે મારો વિચાર કાલે સહવારેજ અંહીથી કેંઇ દુર ઉપડી જવાનો છે."

"કેંઇ દુર? કયાં? ને આપ મોસમમાં!"

"કહાં તે મેં હજી કોંઇ નક્કી કીધું નથી. મારો વિચાર કાલે વલકતે ઉપાડી જવાનો છે, ત્યાંથી રંગુન જવસ ને રંગુનથી લંબાણ દયાંની સફરે નીકળવાનો મારો ઇરાદો છે. વારતે સાહેબજી, હવે કદાચ હમણાં મળાય કે નહીંથી મળાય—પણ, મુસાફરીથી પાછો ફરું ત્યારે તુંને અને એહેન શીરીનને જરૂર મળસ. શીરીનને મારી દુવા કહેજે."

"ચાલ ત્યારે અંહીંજ રીફ્રેશમેન્ટ રૂમમાં અકેકો પેગ લઇ છુટા પડીયે."

"ચાલ, ચાલ, શીરોજ હોટેલમાંજ જઈએ, હવે એક બે કલાક બંગલે મોડા જજે. હોટેલમાં સાથેજ જમ્યે ને કાલે અંહીંથી જવાનો તું વિચાર માંડી વાલે તો હું કાલે રાતે મારે ત્યાં પારશી કરૂં" રીફ્રેશમેન્ટ રૂમમાં જતાં જમશેદે શીરોજને ઓર્ડર્સ કીધી.

"નહીં, કેંકયુ મારો જીવ હવે ઉચર ગયોછ, મને બધું પેક કરવાનું, બેહેરાને બધી વરદી આપવાની ને—"

"શું ભંગાવું? હેમ કે નેપ્કર."

"જે હોસે તે ચાલશે, વરી હું પીનારો એવો શહેસ કે બ્રીસ્કી કોંઇ સારો તે જાણું"

"હે દોસ્ત" શીરોજ પોતાનું ગ્લાસ ઉંચકી બોલ્યો "જમશેદ, મારી મુરબ્બાથી તુંને અને બીચારી મારી બેહન શીરીનને બધુંજ ભમ્યું બધું છે, તેની

મારી ખરાં દીલની માફી કબુલ કરજે. આજનો આપણો મેળાપ તારા હવે પછીના સંસાર સુખમાં તુને મુબારક થાય. ખુદા તુને અને શીરીનને તમો બેઉની બાકીની જીંદગી સુધી એક મેકનાં સુખમાં ગુચવાયલાં રાખે!"

"ખુદા! પુલથી નહીં રાખે જુદી ડાળ,
સદા તેની હીફાજતમાં રહે માળા!"

"સાહેબજી, કેમ કયું એ કહાંથી તફડાવ્યું? કરાંચીના કાર્ડમાંથી કે?"

"અરે, નહીં રે તેમ કરૂં તો એતો લાગશે તફરાંમઝીમની કર્યાદીજ મારે!"

તેઓ હવે સ્ટેશનની બાહાર નીકળયા અને ત્યાંજ છુટા પડયા.

જમશેદે હોતલનો રસ્તો લીધો અને ફીરોજ પોતાને બંગલે ગયો.

હવે ફીરોજે જમશેદજીને કહ્યું હતું તેમ પોતાને બંગલે જઇ બધું બાંધવા રૂંધવા તે પડયો હતે તો ખરેજ બેહેતર થતે, પણ તેને શીરીનની રાત કોણ જાણે કેવાં દુઃખમાં જશે તેના વિચારે ધૈર્યાજ ફીધો. જમશેદજીએ તેને ખરે ખર કહ્યું દિલાસો લાગ્યો.

એક પોતાની પરણેતર આગળ જઇ, એક ભુલ કબુલ કરી સમાધાન કરવામાં એટલું તે શું હીંમતનું કામ હતું તેની તેને સમજ પડી નહીં.

ત્યારે જમશેદજી શીરીનને મળે તેટલાંજ ને શીરીનનાં મનનું સમાધાન કરવુંજ હોય તો ઉપાય શો હતો?

તેનીથી તો તેઓને બંગલે જવાય નહીં!

આહ! જમશેદજી સાથેના મેળાપનાં આવેલાં શુભ પરિણામની તેણીને એક કાગળ મારફતે તે ખબર કરે તો કેમ? હા, તેમાં શું ખોટું હતું?

એ મુજબ તેણે ગાડીમાં બંગલે જંતાં ઉશ્કેરાટ કર્યો અને તેનો બંગલો આવી લાગતાં તે ગાડીમાંથી કુદી પડયો અને ગાડીનું ભાડું ચુકવી તેનો જંગ બહાર ઉતારવાનું ઉતાવળમાંજ બેહેલા કોકાને સોંપી તે પોતાના ઓરડામાં ગયો અને ત્યાં શીરીન પર એક કાગળ લખવા બેઠો.

પ્રકરણ ૬ ઠું.

ડા૦ ફીરોજે શીરીનપર જે કાગળ લખ્યું અને જે કાગળ શીરીનની જીંદગીમાં ઘણોજ મોટો ફેરફાર કરનાઈ પાછલથી થઈ પડયું હતું તે આ રહ્યું!

"શીરીન

"મુબાઇ જઇ આજેજ સહવારે તારા જમશેદજીને હું મળી આયોછ એમ જાણી તારાં મનને આશા છે કાંઇક કળ વળશે.

"ગેઇ કાલે જ્યારે તું મને મારે ત્યાં મળવા આવી હતી તે વખતે તેં મને ફરમાવ્યા મુજબ મેં કર્યું છે, અને કહેવાને તારે ખાતર હું ખુશી છેઉં કે મેં જે જમશેદજીને કહ્યું તે તેવેણે બંધુજ સાચુ માન્યું છે. આજ કાગળ આવી મોડી રાત્રે તારી ઉપર લખી મોકલવાનું કારણ એ કે તે વાંચી તારી આજની રાત શાંત પસાર થાય. હવે, શીરીન, તારા બરનું સુખ એક વાર ફરીથી જોતી થજે, કેમ કે, છુટા છેડાની કર્યાદીની હવે કશીએ જરૂર રહેશે નહીં, અને તારાં ભલાં નામને કશો બંતો લાગશે નહીં.

"એ કેસ કોર્ટમાં આવવા દઈ મારો બચાવ હું રજુ નહીં કરવાનો મારા અસલ ઠરાવને વળગી રહેવા હને તો તે પછી ગોઠો વખત રહી તું મારી પરણેતર થતે અને મારી બાકીની જીંદગી હું પરમ સુખમાં ગુજારતે! પણ મારા જોટાના મારી ઉપરનો તારો પ્યાર જોરાવર પુરવાર થયો નથી, કેમ કે જો તેમ હોતે તો જોટાના 'ભોગ' આપવાને તું આંચકો નહીં ખાતે. હવે આવતી કોર્ટે સહવારનાં પહોરમાં હું પુનેથી ઉપડી જાઉંછ. હું કહીં જવસ તે કાંઈ ચોક્કસ નથી; અને બાસ કરીને તેમો બેઉ-વર બેયરે જોયાં અસલ હતાં તેવાં ફરીથી થઈ જવાની તું વ્હાલીને તક આપવાજ હું વ્હાલીયો દુરદરાજ નીકળી જાઉંછું.

"આવતી કાલે જમશેદજી તારી આગળ આવશે અને ખુદા કરે ને તે તારી આગલ આવે ત્યારે તારે માટે અનંત સુખ લેતો આવે! પણ તારા સ્વભાવથી હું વાકેફ હોવાને લીધે મને ભય છે કે તેવણના પ્યારમાં તારો જીવ જે સુખ માંગતો ટળવળે છે તે તેવણથી તુને મળશે કે?

"હું તો એકલો અટુલો કેદેખી રઝળસ રખડસ પણ મારા તે એકાંત વાસમાં તારી સાથે ગુજારેલા કલાકોની યાદ મને મારી તે એકાંત પલો સોહાવવાનું ઘણું મીઠું મોહક સાંપણ થઈ પડશે.

"શીરીન, તુને હું કેટલી હદ સુધી ચાહું છું તે તો તું મારા કલા વગરજ જણેછ; મારા તે પ્યારની આ છેલ્લી વાર તુને યાદ દેવરાવવામાં હું ધારું છે કે હું કંઈ ઓછું કરતો નથી, પણ હવે આજ પછી મારાં મરનાર માયજના કસમ ખાઇને કેહું છે કે એકથી આડી નજર કે આડા બોલથી તારાં ભલાં નામને હું બટો બગાડસ નહીં, અને તેથીજ શીરીન મેં છેલ્લીવાર મારાં દૈયાનો ઉભરો આ કાગળમાં ખાલી કીધો હોય તો તું મને માફ કરજે.

હાલ બેજ

"લા૦ જંદગી સુધી તારો

"ફ્રેડ્રેાજ"

એ કાગળ તેણે બીડયું. તે ઉપર શીરીનનું તેણે સીરનામું કીધું અને એક માણસને દોડતો તે પહોંચાડવા મોકલી આપ્યો, અને તેણે વળી તેને તાકીદ કીધી કે જો બાઇ ઘરમાં ન હોય તો તેણે તે કાગળ ત્યાં સુધી આવવું.

હવે જો કે શીરીન અને જમશેદજી વચ્ચે ઉઠેલા આપ વાંધા અને થયલા અણબનાવની વાત એક જાહેર બતા જેવી થઇ ગઇ હતી તે છતાં શીરીનનાં સાચવટમાં તે બેઉનાં કેટલાંક ઓળખીતાં અને પીછાણવાવાળામાં એટલો વિશ્વાસ હતો કે તેઓ તે બનાવને એક ઘણીજ કમનસીબ નાદાનીનું પરિણામ માત્ર લેખી શીરીન અને જમશેદજી સાથે જેવોને તેવાંજ મળતાં મેટર્તા રહેવાની તેઓ કાળજી બતાવતાં હતાં. તેઓએ તે બેઉની વચ્ચે પડવાની ઘણી કોશેશો કીધી હતી, પણ તે વ્યર્થ ગઇ હતી. જમશેદજીનું શેકી યાદીને કહેવું એમજ હતું કે "તમેા બધાં મને સમજાવવા આવેાછ એ તમારી લાયકી છે અને હું તે માટે તમારેા ઉપકાર માનું છું, પણ જેને એ મારી કમનસીબી સાથે લાગેછ વળગેછ તે કેમ દુમ દબાવીને ન્હાસતેા ફરેછ?"

ત્યારે, અમે આજે કહેછે કે તે સાંજે પુણાના એક જાણીતા અને માન પામેલા રઈસ ખાનબાહાદુર શેઠ નસરવાનજી રતનજી નરીમાનનાં આમંત્રણ ઉપરથી શીરીનને લઈ ગયાં હતાં, તેા વાંચનારને તેમાં અજાયબ થવાનું કાંઈ કારણ જણશે નહીં.

' શીરીન પેાતે જો કે એકલી ફરવા હરવા જતી, પણ કેાઇને ત્યાં હાલ તુરત જતાં ઓરકાતી હતી અને તેથીજ તેનું મત વેરાય એમ સમજી તેણીનાં ઓળખીતાંઓ જ્યારે તેણીને મળવા આવતાં ત્યારે તેણીને પેાતાની સાથે ખેંચી જવાને ચુકતાં નહીં.

ખાનબાહાદુર નરીમાને પુણામાં પેાતાની જંદગી એક સાધારણ સ્કુલ—માસ્તર તરીકે શુરૂ કીધી હતી પણ પાછળથી તેવણે નાનાં નાનાં કંટ્રાકટેા લેવા માંયા અને તેમાંથી આપ બળથી તેમજ પેાતાના મળતાવડા સ્વભાવથી વધીને તેવણ મેાટા સરકારી કંટ્રાકટર થયા અને તેટલાં તાયફાવાલાઓનું હીંદુસ્થાનની ઉત્તર કાંઇક મેાટું રમખાણ જાગ્યાથી સરકારનાં કેામીસેરીયટ ખાતાંનું તેવણને કામ આપવામાં આવ્યું જે કામમાં ખુદાના હુકમથી એવણ પાસે પાંચ પૈસાનેા જીવ થયેા, અને સરકાર તરફથી ખાન બાહાદુરનેા ખેતાબ મળ્યેા; પણ હાલ તુરત અને કેહેાની કે આ વારતા દરમ્યાન તેવણ સાથે આપણને કશુંજ કામ ન પડવાથી તેવણને તેવણની ઉંચપણની મેાજ ભરી આસાયશમાં છેાડી આપણે આંગળ વધીએ.

હવે શીરીન નરીમાનને ત્યાં ગયલી હોવાથી, ફ્રિરોજની પેલી ચીડી તેના માણસ તેણીને બંગલે માળીને આપી ચાલતી થયેા; માળીએ તે ચીડી શીરીનની આયાને આપી અને આયાએ તે ચીડી શીરીનના ઓરડામાં લખવાની તેજલપર પેપરવેટ તળે દાબીને દાણી મુકી.

આયા ચીડી મુકવા ઓરડામાં આવી એટલે પેાતાની બાઈનાં બદલવાનાં કપડાં સ્લીપર તેમજ મેારીમાં સાબુ તુવાલ, મેાંહ ધેાવાનું પાણી ને સુતી વખતનું નાનું ફેરી લેમ્પ એ બધી જરૂરી ચીજ ત્યાં ગેાઠવી મુકીનેજ તે ઓરડામાંથી નીકળી.

તે ઓરડામાંથી નીકળી પછવાડે રાંધણીમાં જવા જતી તેા હૅાલમાંની બતી મેાટી થયલી તેણીને જણાઇ, અને તે ધીમી કરવા ત્યાં ગઇ તેા તેણી પેાતાના શેઠને ત્યાં ઉભેલેા જોઇ ચેાંકી.

તેવણ પાછલી કાંટી એક ત્રીપાઇ ઉપર મુકતા હતા, તે ઉપરથી તેણી જોઇ શકી કે તેવણ હમણાંજ આવ્યા હતા.

"કેમ, આયા બાઇ કયાં છે?" જમશેદજીની નજર તે આયા ઉપર પડતાંજ તેવણે પુછ્યું.

"જી, બાઇ નરીમાન શેઠનાં આઇમાય સાથે ગીયાંછ"

"જમીને આવવાનાં છે કે? તુને કાંઇ કેડી ગીયાંછ કે?"

"નહીંછ, કેાયુ જનેછ, પણ નવ થઇ ગીયાછ તે વખતે બાઇ જમીનેજ આવસે."

"જા, જરા બેાયને મેાકલ, અરે એમ આવ અને કહે બ્હીસ્કી સેાડા લેતેા આવેને મીસ્તરીને પુછ કાંઇ જમવાનું છે કે?"

જો કે પેાતાના શેઢને જોયને આયા ચેાંકી ખરી પણ કાંઇ અજબ થઇ નહીં, કેમકે, જમશેદજી લોકે આડા પુનેના બંગલામાં રહેતા ન હતા તેાપણ કાંઇ કામે કાજે કાંઇ લેવા મુકવા દાદાડેા અઢયેા દાદાડેા એમ આવતા જતા હતા અને તેથી જ્યારે તેણીએ તે ખબર તેવણના બેાયને અને મીસ્તરીને આપી ત્યારે તેઓની કાંઇ તેવણની હાજરીથી અજબ થયા નહીં.

હેાતેલમાંજ જમીને રાત કાઢવાનેા તેવણે જે વિચાર રાખ્યેા હતેા તે છતાં તે વિચાર આપણે ઉપર જોયું છે તેમ ફેરવી નાંખવામાં તેવણે શીરીનનાં સુખનીજ કાળજી કીધી હતી, કેમ કે હેાતેલમાં હરી ફરી શકતાંજ ફ્રિરોજે તેવણને કહેલા બેાલેા તેવણને ખટકયાજ કીધા હતા.

(સાધન છે.)

બરાબર સમજ્યેા.

"મને એક એવી બારણાની સ્પ્રીંગ જોઇએછ કે જે ઘડી ઘડી બગડી નહીં જાય."

"બારણાની સ્પ્રીંગ?" દુકાનદારે પુછ્યું.

"હા, ને જોવની મા. વળી એટલી ભારીબી નહીં જોઇએ કે જે ઉઘાડવા દશ માણસનું જોર વાપરવું પડે."

"આઇ સી."

"ને તેાબી તે એવી મજબુત હેાવી જોઇએ કે બારણું આખેા વખત ઉઘાડ બંધ થાય તેા તેને ફરી બળવળ નહી આવે ને બારણું બરાબર ચપટ બંધ થયું જોઇએ. જરાબી ગેપ રહેવેા નહીં જોઇએ."

"હું સમજ્યેા." દુકાનદાર બેાલ્યેા, "તમુને સાદુ પણ ધરખમને ટકાઉ જોઇએછ!"

"બરાબર છે." ધરકે કહ્યું. "મને એવુંજ જોઇએછ. ઘડી ઘડી બગડી જાય તે સારૂં નહી. હંમેશ તેા ધરખમજ"

"હાજી હું સમજ્યેા તમુને શું જોઇએછ?"

"વેલ, એવી સ્પ્રીંગ બતલાવશેા."

"અમેા બારણાની સ્પ્રીંગ રાખતા નથી!"

(સોલન.)

લગનની મોતેબરી.



લખનાર :—ચી. મીનાચેહુર માણેકજી માદન,

(પાને ૨૪૨ થી ચાલુ.)



એક ઓરતની હાજરીજ ઉલટ, ઉમંગ અને ઉત્તેજન ઉશ્કેરવા બસ છે; ગમે તેવી નિરાશી દૂર થાય છે; દિલાસો આપવા તેથી એક રામબાણ ઇલાજ છે અને નુશર પોતાની પરણેતરની વખાણ એજ મુજબ કરતો હતો. તેથી તેને એટલીતો મદદગાર થઈ પડી કે તેઓ એક તવારીખ અને રાજદ્વારી સંબંધી તકરાર કરતાં. જે ઉપરથી તે પોતાની કિંમતી ચોપડીઓ લખી શકયો છે.

જોન સ્ટુઅર્ટ મીલ જેવા લોકપ્રસ્થની પરણેતર પણ તેને તેના ઉંડા જ્ઞાનમાં મદદ આપતી. પોતાની એક ચોપડી પોતાની પરણેતરને અર્પણ કરતાં તે હેતાળુ ભરથાર લખે છે:—"આ ચોપડી એક મિત્ર અને પરણેતરની વહાલી યાદને હું અર્પણ કરું છું કે જેણે આ સઘળી ચોપડીઓ લખવા મને ઉશ્કેરતી હતી. તેણીની સચ્ચાઇ મારૂં ઉત્તેજન હતું અને જેણીની વખાણ મારી મેહનતનું ઉંચામાં ઉંચું ઇનામ છે."

મીલ જેવા ભાગ્યશાળી પતિ જેવાજ પોતાની પરણેતર માટે તેણીની કબર ઉપર આ મધુર શબ્દો લખ્યા છે; "તેણીની જીંદગી પણ ગમ, રંજ અને દુકગીરીમાંથી પસાર થઇ હતી પણ તે છતાં તેણી પોતાની બહાદુરી, ભીલનજ અને વફાદારી જાલવી રાખી હતી. ૪૦ વરસના લાંબા ગાળામાં તેણી પોતાના ભરથારની વફાદાર મદદગાર હતી અને તેના દરેક કામમાં તેને પોતાના શબ્દો અને કામોથી આગળ પાડતી રહી હતી."

જણીતા સાયનટીસ્ટ ફેરેડેની પરણેતરી જીંદગી પણ સુખી નીવડી હતી. તેની પરણેતર એક મદદગાર, દરેક કામમાં ટેકો આપનારી, રીઝનારી અને મહેનત લેતી હતી. તેથી તે પરણેતરી જીંદગી માટે કહે છે. "લગન સુખ અને માનનું મોટામાં મોટું મુળ છે. તેની પરણેતરી જીંદગી ૪૬ વરસ વેર લંબાઈ હતી તેથી તે લગન માટે જે પણ લખે તે વજનદાર ગણાવું જોઇએ. તે લખે છે:- "એ એક એવો બનાવ છે કે જેથી શારીરિક, માનસીક કે આત્મિક તંદોરસ્તી મેળવી શકાય છે. અને તે આયખાયખુને વધુ મજબુત અને લાલી બનાવે છે." ઉપરો અનુભવ તેને પોતાની પરણેતરી જીંદગીના ૨૮ મેં વરસે થયો હતો અને ઉપર કહ્યું તેમ ૪૬ વરસ તક તે સુખી જોડાંણ ચાલુ રહ્યું અને જેમ જવાનીમાં તેમ બુઢાપામા પણ તેઓ સંપીલા અને મહોબતવંત રહી શકયાં. ખચિત, એક ઈંગ્રેજ કવિના શબ્દો આ તકે ઉમરી આવે છે કે "લગન એક સોનેરી સાંકળ છે જે ખુદ ઇશ્વરના રહેણાંકમાંથી આ દુન્યાતક લંબાય છે; તે બે મહોબતે જીગર અને મનને એક મેકથી બાંધે છે.

ઓરત મદદગાર, વફાદાર અને ભલાઇના ભોગીયા ઉપરાંત એક દિલાસો આપનાર ફિરસ્તો છે. તેણીની દિલસોજી કદી વ્યર્થ જતી નથી; તેણીની દિલસોજી કદી કમી થતી નથી. તેણી દિલાસો આપે છે, ઉત્તેજન આપે છે, ઉમંગ ઉશ્કેરે છે અને સુખ અપાવે છે. એ આયતમાં હુડની જીંદગી પણ લાગણીવંત પડે.

આપે એમ છે. તે જન્મથીજ અકલંકિત હતો, છતાં તેની પરણેતર તેને વફાદાર અને મદદગાર રહી છે તે એક ઉંચી સમજદારી ધરાવતી બાહોશ અને પતિવ્રતા ઓરત હતી અને પોતાના ખાવંદને ઉતેજન આપી તેની દુઃખી જીંદગીમાં તેને ટકાવી રાખ્યો હતો; તેની આસપાસ આશા અને ઉમગની હવા ફેલાવતી અને તેના બીમાર પીડાતાને પોતાના ખુશમીજાજ અને દિલાસાથી એક બગીચા બનાવતી તેમ તે ભરથાર તેણીથી બે સમજ હતો નહીં. જ્યારે તેણી ગેરહાજર હતી ત્યારે તેણી ઉપર કાગળ લખનાં તે ભરથાર લખે છેઃ- "ડીયરેસ્ટ તારા સિવાય મને કશું સુજતું નથી, અને તું તારી હાજરીમાં મને પોતાને સૌ કરતાં સુખી, ખુશમીજાજ અને આબાદ ધારૂં છું. આ કાગળ કું કારણ વગર લખતો નથી. હમણાંજ મને તારૂં કાગળ મલ્યું છે; બીલું આપણા ફરજંદોની યાદ છે; બીલું તારા દિલાસા અને મહોબ્બતની યાદ છે; અને ઉંલું મને પકકી ખાની છે કે તારી મધુર આંખ્યો આ કાગળ ઉપર મહોબ્બતથી નંખાશે" એક બીજા કાગળમાં તે લખે છેઃ- "આપણે બાગમાં જ્યાં બેસીએ છિયે ત્યાં બેસ્યા સિવાય મને કશું ચેન પડતું નથી." તેણી એક દિલસોજ દોસ્ત ઉપરાંત તેના કર્મમાં મદદ કરતા મિત્ર હતી, તેણીની ઉંચી સમજદારીમાં તેને પુરતો ભરોસો હતો અને તેથી તેણી તેના લખાણો વાંચતી, સુધારતી અને નવું ઉમેરતી તે ભરથારે લખેલી ઘણીક ચોપડીઓ તે વફાદાર પરણેતરને આભારી છે; આ રીતે ઉમરવાની-પચ્ચસાથી નહી પણ દિલથી-આનુ-ઓની સંદમાં મીસીસ ડુડ પણ એક આગેવાન જગ્યા રોકે છે.

તેમજ પેનીનસુલાર સ્લાઇ "ના તવારીખ નવેશ સર નેપરની પરણેતર પણ ઓછી આગેવાન જગ્યા રોકતી નથી, તેણીજ પોતાના ભરથારને તે લડાઈની તવારીખ લખવાને ઉશ્કેરતી હતી, અને તેણીની સદાવત વગર તે પુરૂં કરી શકતે કે નહીં એ એક શકમંદ સવાલ છે. નહીં વાંચી શકાય એવા હાથના દસ્તાવેજો અને માસ્તરાંઓ તેણી મોટી મુશ્કેલી વચ્ચે ઉકેલતી અને તેના તરજુમો કરતી. સર નેપરના અક્ષર અજબ ઢંઢસુધી ગુંચવાડા ભરેલા અને નહીં વાંચી શકાય એવા હતા, જેને તે ઓરત ગોદી મુશ્-કેલીએ ઉકેલતી તેની શુધ્ધ કોપી કરતી. એ ઉપરાંત બાળુવા જોગ તો એ છે કે આ ભારે જેહમત ભર્યા કામના દબાણ તળે તેણી કદી પોતાના ફરજંદોની સંભાળ અને કેળવણી આપવામાં પછાત પડી ન હતી. જ્યારે ભરથાર મરણ કાંઠે પડ્યો હતો ત્યારે તેણી પણ ભયંકર માંદગીમાં સપડાતી હતી. આખરે પોતાના મરતા પતિને જોવા તેણીને ખુરસીપર નાંખી તેના ઓરડામાં લઈ આવવામાં આવી. તે બન્નેએ મુંગી મુલાકાત લીધી અને તેજ ઘડીએ ખાવંદનો પ્રાણ ઉડી ગયો અને તુરતજ બેહાલ કલાક પછી તેની પુંઠે તે પતિવ્રતા ઓરતે ચાલ્યા માંડ્યું, અને આજ તકતેથી એકજ ચેરમાં સાથે સુતાં છે!

એવા એવા તો હમો પાસ પુષ્કળ દાખલાઓ પડ્યા છે જેને આપંતાં ચોપડીઓ ભરાય તો પણ આ તકે બેશક વધુ આપવા દરકાર સમજતા છે.

જણીતા કેાતરકામ કરનાર ફ્લેકસમેનની પરણે-તર પણ એક દિલસોજ દોસ્ત અને મદદગાર હતી, જે પોતાના ખાવંદના કોતર કામનાં જેહમત ભર્યા કામમાં ખુશમીજાજથી ભાગ લેતી અને ૪૦ વરસની લાંબી પણ સુખી પરણેલી જીંદગીની યાદમાં તે હેતાળુ ખાવંદે પોતાનું સુંદર "પ્રકાન" "આશા" અને "સખાવત" દેખાડતું પુતળું તે મહોબ્બતવંતી પરણે-તરને અર્પણ કર્યું છે,

એવોજ એક દાખલો બ્રેક ચિતારાનો છે, જેને તેની પરણેતર દુન્યાનો સૌથી સરસ ચિતારો માનતી. તેનું સ્વયું ઉપર ટપકેલું કામ તેણી ઉંચકી લેતી અને ૪૫ વરસ તક તેના સુખ યા દુઃખમાં એક-સરખો ભાગ લીધો. સૌથી લાગણી ભર્યું તો એ છે કે જ્યારે તે ખાવંદ મરવા પડ્યો કે તે પતિવ્રતા ઓરત તેની પાસ ધીમે આંસુ પાડતી દાખલ થઇ. તે મરતા ખાવંદે કહ્યું: "એમજ રહે વહાલી કેત, એમજ બેસી રહેજે; કું તારી તસવીર પાકી લઇશ; કારણ તું મારી હમેશની મદદગાર હતી" અહા! તે વફાદારી!! તે મહોબ્બત!!!

જીમરમેન એક શાંત આત્મા હતો. ગમગીન અને ઉદાસ જેવો શબ્દ હતો. અને કોઈ બીજું પરણેતરને કદાચ "નેગેટીવ ટાઈપ" નો આદમી લીધો હતો ત્યારે તેની બાલુ તેને દિલાસો અને આનંદમાં રાખવાને કોશીશ કરતી, અને તેના વિચારોને ગોવા અભ્યાસ કરતી. જ્યારે તે મરવા પડયો ત્યારે પતિવ્રતા ઓરતે રડી દેતા કહ્યું "મારા વહાલા જીમરમેન! હવે હું કયાં તારા વિચારોનો અભ્યાસ કરવા જઈશ"

ખરી કેળવાયલી અને લાગણીવંત પરણેતરો હંમેશ પોતાના ખાવંદોને મદદ આપવા તૈયાર રહે છે. તે માટે તવારીખનો એક દાખલો ટાંકતા મારા હાથો લાગણીથી ધ્રુજે છે. મધ્ય યુરોપમાં આવેલું વીન્સબર્ગ ગામડું દુશ્મનોને હાથ ગયું ત્યારે ત્યાંની ઓરતોએ માગણી કરી કે દુમોને હમારી કીમતી ચીજો ઉપરી લઇ જવાની પરવાનગી આપવી. પરવાનગી આપવામાં આવી, અને જ્યારે તેઓ ગામડાંનાં દરવાજામાંથી બહાર પડી ત્યારે તેઓની કીંમતી ચીજ તરીકે તે ઓએ પોતાની બાંધ ઉપર શું બાંધ્યું હતું? પોતાના ખાવંદને! (સાંધિ છે.)

મેહનત બરબાદ.

સોતી.—બટ બરાબર નહી. બધી મેહનત ફેરફટ ગેઇ.

હોમી.—બાની મેહનત? શું બરાબર નહી?

સોતી.—હીપનોટીઝમ રે યાર, હું હીપનોટીઝમ શીખેલો તે તુને યાદ છેની? વેસ તે દહાડે દુધવાલાને મેહતાજી બીલના પૈસા લેવા આયો. મેં તેને ખુરશીપર બેશાયો, પછી તેની તરફ બેઠી ટસરે જોયા કીધું. તેનેબી મારી તરફ એમજ જોયું, પછી હું બાજનેથી બોલ્યો, "આપ બીલ તો મેં આપેલું છે."

"પછી મેહતાજીએ શું કહ્યું?"

"મેહતાજી તો કહેજે તમે જુદા છેઓ! પૈસા આપ્યાજ નથી."

(સોલન.)

"શેઠ તમુને કોઇ મલવા આયું છ," નોકરે કહ્યું.

"બાર બેશે કંઇ નામ આપું હોયેની?" શેઠે પુછ્યું.

"નહીંજ, પણ હું ધારું છ કે એ તેજ આદમી છે જે તમારી દીકરીને પોતાનું નામ આપવા માગેછ."

(સોલન.)

જબરો અકલમંદ.

"મારા ગરીબ કાવલામાં અકલ ખરીલે-અચારો બજોજ ભરોને—

"ભલો ને અકકલવાલો" બીજો બોલી ઉઠી "ભલો તો કેવો, રોજ તુને મેડીપાક જમાડતો તો."

"અરે મારતો તો બરોજ પણ તે એવી જમાએ કે તેના દામ પડીને કોઇને દેખાય નહી."

(સોલન.)

પ્રોફેસર બીબાઢ ભાનભુલાને માટે કહેતા કે તેવન જબરા વીસરણા હતા. એક દહાડાપર શું થયું તેથી તેને યાદ રહેતું નહી.

એક દીવસ તે પોતાની બીબીસ સાથે બજાર બાજાપર બેઠા હતા. તેવમ પરોણાઓથી ચીકાર હતી પહેલાં સુપ બપોને પીરસવામાં આવ્યો બીબાઢબાએ તો સુપના બે સદરકા ભર્યા. પછી બીબીસ તરફ બધા સબિલે તેમ મોટેથી બોલ્યો,

"વરી બાજે તેં સુપ તદન બાજી જેવો કીધેછ. હું તુને કંઇજ આવતું નથી."

(સોલન.)

"સમજ્યો, એક ઠગાઇ ભર્યું માત તમને જોઇ-યેછ. લોકો જાણે કે તમે મરી ગયાછ તે સિવાય બીજું કંઇજ નહીં. વિચીત્ર મામલો."

"તમારેથી તે બનશે!"

"સીલાસ પીન્ચ આગળ કંઇજ્યી નહીં બને એવી વાત હેજ નહીં." જરાક વખત બંન્ને જણ એ પછી ચુપ બેઠા, પંડીતે સીગારનો ઢાબડો કાઢી પોતાનાં ગ્રાહક સામે મેલ્યો પણ એક હાથની અછાતે તેને ના પાડી. જે બાદ સીલાસે એક સળગાવી મોઢામાં ખોસી તેનાં ધુવાના ગોટાઓમાંથી બારીકાઇથી તે નિરીક્ષ દેખાતા, ઠોંગી ખોતે મરવા જાહેર થયા ગ્રાહનારનો ચહેરો તપા-સ્યો. સીલાસે મનથી કબુલ કીધું કે અત્યારેતો વાતચીત ઢબછબ, ચેટલાં પરથી દરેક આવનારને અર્ધોઅર્ધ હું ઓળખી લેતો, પણ આ ગુંચવાડે ખવારે તેવો માંણસ હતો અને હું જાણી શકતો નહીં.

"મારે માટે લાંબુ મોત જગતને જાહેર કરો તો હું તમોને માંગો તે રકમ આપવા કબુલ છું" બોલ-વાની વળ જોઇને આખર તેજ બોલ્યો.

વળી પાછી ચુપકીદી. બેઠાબેઠક જરા વારે ટેબલને છેડેથી ખુરસી ઉછળાની તે ધરાર પુરૂષની લગેા લગ આવી લાગી તેને પુછયું.

"તમે કોણ છો?" તેને ઉતાવળે પુછયું.

જવાબ આપ્યા પેલાં તે અચકાયો, ગુંગળાયો, પછી ગણ ખુંખારી તેને જવાબ કર્યો "મારૂં નામ ઓરડ સેન્ટમુઅલ ઓરડ છે." "અને તમારો ધંધો?" તેને ચપ દઇને પુછયું.

"મારો ધંધો જાણીને તમે શું કરશો? તે સાથ તમને લાગે વળગે નહીં." ઠીક. એક માણસ મરવા ચાહે, અને એમ કરીને દુન્યાને છેત્રે, પોતાનાં ઓને છેત્રે તેમાં તેનો કંઇ હેતુ તો હોવોજ જોઇયે. હેતુ સારો હોય તો સારૂં, પણ અનુભવ શીખવેછ કે ૧૦૦ એ ૯૯ દફા એવી વાતમાં હેતુ ભલો રહેતો નથી. માટે દોરવેાથી ગુજરવું અને દુન્યામાં છુપતા રેહવું તેનો હેતુ શું? તમારા હેતુ માટે મને કેહવો?"

"તે બી. મારી પોતાની વાત છે. હેતુથી હું દોરા નહીં."

"ત્યારે તો ભલા ભાઇ, બધુંજ ખુપાવવું છે તો એકલેા હાથે મરવું હતું, મને કહીને મારી મદદ શાની લેવા આવ્યા?"

"મેં એકલાએ મારા લાગતાવળગતાઓથી મુવેલેા જાહેર થવાનાં ઘણાએ પ્રપંચ રચી જોયા, પણ કંઇ વળ્યું નહીં, એક દહાડો હમારી કલબમાં તમારી જાળની તારીફ થતી સાંભળી હું તમારી મદદ લેવા આવ્યો છું. એ કામ માટે હું તમને સારી રકમ આપીશ."

તે કેમ? મુવેલેા માંણસ પોતાની જે કમાંથી પૈસા કેમ ઉપાડી શકે?" પંડીતે પુછયું.

"મરવા ચાહનાર માંણસે હવે પછી નામ ધારણ કરવા ધારેલાં નામ ઉપર પોતાનાં પૈસા ચહડાવી દીધા હોય તો પછી શું?"

સીલાસે એક પરબીડું ને કોરૂં કાગળ કાઢી તે ઉપર કંઇ લખ્યું, પછી તે પરબીડું બીજી તેના હાથમાં મેલ્યું.

"જુવો સાહેબ, આ પરબીડાંમાં મેં તમારે માટેનું માર મત લખ્યું છે એ હમણાં ખોલશો નહીં. હું જ્યારે તમને હુકમ કરૂં ત્યારેજ ખોલજો."

"તમને મારી ઉપર વિશ્વાસ નથી આવતો? હું ઘર જતાંનેજ વાર ખોલી જોઇશતો?"

"તમે વિશ્વાસઘાત કદીપણ કરોજ નહીં, મને પુરતો અનુભવ છે." તે બોલ્યો, પેલેા ચોંકયેા. બોલા સાહેબ, હવે તમે કયારે મરવા માંગોછ?"

"અને તેમ જલદી." તેને આ ઉતાવળથી ગભરાયલીનો ડોળ્યેા જોઇ કહ્યું.

"ઠીક, ત્યારે કહો કે આજે રાતે બાર વાગે મને મલશો?" સમયુઅલ ઓઇનો ચહેરો ખીલી નીકલ્યો. અજબ થતાં તેને પુછયું "કંઇ તાગડો રચીબી કાઢયેા કે શું?"

એનો જવાબ તેણે દીધેા નહીં. તેણે પોતાનું જ દાસ્તાનં આગળ ચલાવ્યું.

"દુન્યામાં જીવતા રહીને મરવા ચાહતા હોય તો આજે રાતનાં બાર વાગતે ટ્રાફલગર સ્કવેર આગળ ભમજો, હમણાં પેહરવાંછ તેવાંજ કપડાં પેહરજો પણ

રજ્નુનું ફુલ, તેની ઊપરથી ઊપજતા આપણી પાક્ ક્રિયાને લગતા વિચારો તથા ખુલાસો.

લખનાર :—ભીખા ધનજીભાઇ માણેકજી વાચ્છા.

(પાને ૨૫૪ થી ચાલુ.)

ખુદેહઝના ૨૭ ના બાબમાં ૨૪ મા ફકરા પરથી એમ જણાય છે કે આ દુન્યામાં જે સુગંધી-ખુશબોદાર સારાં ફુલો થાય છે તે દરેક અમસાસપંદ તથા યઝતને લાયક છે તથા અનુસરતાં (appropriate) છે. અને તેજ પ્રમાણે ખુદેહઝના એ હા ના બાબમાં દરેક અમસાસપંદ તથા યઝતને તેના અનુસરતાં ફુલો સાથે ગોઠવ્યાં છે. જેમ કે અહુરમજદને "મર્યંહ અને ગેગરાં" (Myrthle and Jassamine) અનુસરતાં છે. અહુમનને સફેદ મોગરાં, આવાં જે પાણી ઉપર મવકલ છે તેથી તેને Water-lily (વૉતર-લીલી) અનુસરતાં છે અને તેજ પ્રમાણે એ બાબના ૨૪ માં ફકરા પ્રમાણે રજ્નુનું અનુસરતું ફુલ ડોગ-રોઝ (Dog-Rose) નામનું છે.

આ ખુદેહઝના બાબપરથી આપણે જે ક્રિયાક્રમ કરીએ છીએ તે માટે એક ખ્યાલ આવેછે. આ દુન્યામાંથી ગુજર થએલાં માણસો કે જેઓ આપણા સગાં હોય છે અથવા જેઓ સારાં અને અશો હોવાથી આપણે તેઓની "દરૂન બાજ" કરીએ છીએ અને તે વખતે "આફરીનગાન" કરીએ છીએ. એ વખતે આપણે કોઇ વખતે પુલોને ચોકસ રીતે ગોઠવીએ છીએ તથા સાથે મુકીએ છીએ અને વલી કોઇ વખતે ક્રિયા કરતાં કરતાં એક મુબેદ યા દસ્તુર જે "આફરીનગાન" કરતો હોય તે—જે બીજો મુબેદ તથા દસ્તુર તેની સામે હોય તેને એક મોગરાનું ફુલ આપે છે અને એમ અરસ પરસ કરે છે. અને "આફરીનગાન" કરતી વખતે તથા "બાજ" ધરતી વખતે આફરીનગાનમાં તથા બાજમાં ફુલ હોવાંજ જોઇએ એવો જે વીચાર આપણા જરથોસ્તીઓમાં છે તે વીચાર કદાચ આવાજ દાખલા પરથી નીકળીઓ હોવો જોઇએ. એટલે આપણે જે ફુલો ક્રિયામાં લઇએ છીયે તે એ યઝતોની યાદ તરીકે મૂકાએ છીએ. કે જેથી જે તે ભણનાર એ ફુલો અને તેને લગતા યઝતો અમસાસપંદોને બરાબર પીછાને તો (જેમ કે ભણતી વખતે જો આપણે બરાબર તેનો અર્થ સમજીએ તેમ) હોયતો. તે યઝતની આ ક્રિયા બરાબર કરવાને તથા તે યઝતને વધુ યાદ કરવાને બની શકે છે અને તેથી છેલ્લે આપણે આ પ્રમાણે અમસાસપંદ તથા યઝતોને એમ યાદ કીધાથી આપણે આપણા પાક પરવરદેગારને તથા વળી આપણા રવાનને પણ યાદ કરીએ છીએ—

રજ્નુ, રસ્તાખીજના વખતે બીજા યઝતો સાથે મદદ કરનાર, તથા રસ્તાખીજ વાસ્તે બીજા ધર્મોમાંથી મળતું બ્યાન, અને થોડાક એને લગતો ખુલાસો.

દરેક ધર્મમાં વધુ કરીને કયામતના દહાડા એટલે રસ્તાખીજના વખતની યાદ આવે છે. આ દહાડાને The day of Judgment

કરે છે. કે માહોમેદનોનો વિચાર એવો છે જે જે વખતે તેઓ મરણ પામે છે ત્યારે તેમનો કાંઈ ખનસાફ થતો નથી પણ તેઓએ જે કાંઇ આ દુન્યામાં પાપ કીધાં હોય તેને માટે જે શીક્ષા થાય છે તે આ છે જે ફકત તેઓના સવાબ અને પાપના ટોળ તથા પ્રમાણ પ્રમાણે જ્યારે તેઓને તેઓના મરણબાદ ઘોરમાં નાંખે છે ત્યારે તે ઘોર નાની એટલે સંકડાસવાળી જેને ચુરે તંગ કરી કહે છે. તથા પોહોલાઇમાં મોટી થાય છે. એટલે જ્યારે તે સવાબથી ભરપૂર હોય છે. ત્યારે તે ઘોર મોટી એટલે વધારે પહોલી હોય છે કે જેથી તે ઘોરમાં તેનો જન સુખથી રહે છે. અને તેને કાંઇ દુઃખ મળતું નથી. પણ જ્યારે તેના પાપો ઘણા હોય છે ત્યારે તે ઘોર નાની સંકડાસવાળી થાય છે કે જેથી તેની અંદર તેના જનને દુઃખ લાગે છે. અને તેઓનો ખનસાફ જ્યારે છેલ્લો રસ્તાખીજ થશે ત્યારે થાય એવો વીચાર છે . . . . હિંદુઓમાં જો કે અવતાર લેવાની બાબત (Doctrine of Incarnation) આવેલી છે તો પણ તેઓના આત્મા જ્યારે ઘણીજ પાછીજગી મેળવે છે ત્યારે તે આ દુન્યાથી પેલી દુન્યામાં જાય છે અને બીજા બધા સાથે તેનો પણ રસ્તાખીજને વખતે છૂટકારો થાય છે. આપણ જરથોસ્તીઓમાં આપણી કેતાબોમાં મુખ્ય કરીને પેહેલવી કેતાબોમાં એ બાબતપર ઘણું ખરું લખાણ મલે છે. કે માણુસના મરણબાદ ચોથી બામદાદે તેનો ખનસાફ આ દુન્યામાં કીધેલાં કરતુકો માટે થાય છે અને તેની જગા તેના કર્મો પ્રમાણે સારી-યા નઠારી એટલે બેહેસ્ત યા દુજખમાં થાય છે. અને અહીંઆં સુખ ભોગવતાં-(જે તેઓ પાક હોય છે તો) તથા દુઃખ ભોગવતાં (જે તેઓ પાપી હોય છે.) તો ત્યાં કયામતના એટલે રસ્તાખીજના દહાડા સુધી પડી રહે છે. તથા તેઓ ત્યાં શું કરે છે તેનું બયાન પેહેલવી ભીનો અરદ તથા દારેસ્તાની દીની વગેરે ચોપડીઓમાં આવેલ છે — માટે તમોએ પેદા કીધી.? કોણે મને બનાવી? મારી ઉપર ગુસ્સો લુટફાત, મારામારી, બરબાદી, દુષ્કાળ (અથવા બખેડા,) અને જુલમ આવી પડે છે તમારા સિવાય મને બચાવનાર કોઇ નથી, એટલા માટે મને તમો ઉષ્મ શીખવો, કે (જેથી મજકુર બલા હું દૂર કરું)" આ ઉપરથી માલમ પડે છે કે જ્યારે આ દુન્યામાં બધી રીતનું બદફેલ ચાલે છે જેમ કે ઉપલા ફકરામાં આવ્યું તેમ મારામારી જુદાઇ બરબાદી વગેરે ત્યારે આ દુન્યાના લોકો ફરીયાદ કરે છે અને પછી બેજ ૨૯ માં હાના બીજા ફકરામાં અહુરમઝદ પુછે છે જે કોણુને મદદને માટે મોકલ્યું અને ત્યારે તે અશો જરથોસ્ત સાહેબને આ દુન્યામાં આ દુન્યાનો કારોબાર બરાબર ગોઠવવા મોકલે છે તેજ પ્રમાણે આ દુન્યામાં જ્યારે બધી રીતનું ધર્મ જ્ઞાન પાછીજગી અને સારાં કામો જતાં રહેશે અને તેની જગા બધી રીતની બદ ચીજો લેશે અને બુનદિહશના ત્રીજા બાબતના ૩૧-૩૨ વગેરે ફકરા ઉપરથી માલમ પડે છે કે જ્યારે ગુજસ્તેહ ગનામીનો એટલે અહરેમન એટલે તેને

ગ્રે ફાલકન.

(ચાલુ વાર્તા.)

લખનાર :—મીસીસ જરથાતુ મેહરવાનજી કોહાવાલા.

પ્રકરણ ત્રીજું.

જેમ દહાડાઓ પસાર થતા ગયા તેમ "ગ્રે'ંગ ડોક–કારટલ" ની જાગીરી ઉપર સાંજરે ફરવા નીકળતા પેલા ઓળાની ઉશ્કેરણી કાસ્ટલના નોકરોમાં વધારે ને વધારે થવા લાગી. કાઉનટેસ અને તેણીની બેટીએ પોતાના રક્ષવાએર મી. પીએરીને બધી વાતોની બારીક જુસ્તેજુ કરવાને સોંપ્યું હતું તે પ્રમાણે પેલો બાજબગરેલો પીએરી ત્યાં શોધ ખોલ કરી પરવાર્યો હતો અને તેના કહેવા મુજબ ત્યાં તેવું કશુંએ હતું નહીં. કાઉનટેસને તે માનવાની ફરજ પડી પણ તેણીના મને એટલા સમજનારા છતાં મહાલના નોકરો મુર્ખ–ગ્રસ્ત થવા પછીથી મકાનની બહાર નીકલવાને સાહ્સ ના પાડતાં.

પીએરી સીવાય દરેક જણ કાઉંટની પેરીસથી પાછાં ફરવાની બહુજ આતુરતાથી રાહ જોતાં હતાં; પણ પીએરી પોતાના ભાલેકની આ લાંબી ગેરહાજરીથી બેઅરમી ખુશ હતો.

હવે કાઉંટ તરફનાં કશાં કાગલ પત્રો પણ આવતાં ન હતાં અને ગરીબ કાઉનટેસ ફકર ચીંતાથી બેધીરજ બની ગઇ.

"ફેલીસ," એક બપોરે કાઉનટેસે પોતાની બેટીને કહ્યું. "એ હવે વધુ વખત મારેથી ખમી શકાશે નહી. આપણે કોઇની રીતે આ ભુત માટે શોધ કરવી જોઇએ; તારા પીતા કાળુજણે ક્યારે આવશે અને પીએરી ઉપર જરાએ ભરોસો મુકી શકાતો નથી. મારી સાથે સાંજને છેડે આથ જંગલમાં આવવાની તારામાં હીમત છે? આપણે એટલી સાવચેતીથી કામ લેવું જોઇએ કે કોઇલામાં કોઇનેએ આપણી ગેરહાજરીની ખબર પડે નહી.

ફેલીસે તે શાન્ત હીમતવાન ચેહરા ઉપર એક હસતી નજર ફેંકી.

"મારાં વ્હાલાં મમા, હું તમારી સાથે તો દુન્યાને છેડેથી આવવા તૈયારછું, પણ બુદ્ધા જેનેટને આપરી સાથે રાખશો કે?"

"નહી ડીકરી, તેનેએ નહી. કાઉન્ટની રીવોલ્વર હું મારી સાથે રાખસ અને પછી આપણને કશી ફકર નથી."

માતાની બહાદુરી જોઇ ફેલીસ દંગ થઈ ગઇ.

"મારાં મા તમે કેટલાં હીમતવાન છો, હું અજબ થાઉંછ કે આપણાં મગજર ઑસટ્રીયન રાણી મેરી એનટોઇનેટમાંથી આટલો દમામ હોશે કે? કોણ માની શકે કે કાઉનટેસ લૅંગડોક એક ભુતને શોધી કાઢવા રાત્રીના વખતે જંગલમાં કોઇની મદેની રાહબરી વગર એકલાં ગયાં હતાં"

"કાઉન્ટની ગેરહાજરીમાં મારાં ગરીબ માણુસોની સલામતી મારે હાથ છે અને તે હું મારી ફરજ ચુકી શકતી નથી. એ આકાર કયે વખતે બહાર આવેછ?"

"સુરજ અસ્ત પામ્યા પછી."

"બરાબર એ કોઇ જીવતો જાગતો ભુત હોવો જોઇએ, કારણ હવાઇ આકારો માટે દુન્યામાં ભટકવાનો વખત એ નથી! વારૂં તું તારી દાસી વીક્ટરને કહેજે કે સાંજે તું મારા ઓરડામાં આવે કે પછી તેણીનું કશું કામ પડનાર નથી માટે નીચે ચાલી જાએ. તેજ પ્રમાણે હું મારી દાસીનેએ કહીશ અને જ્યારે તમામ નોકરો આપણને લાયબ્રેરીના ઓરડામાં બેસીને વાંચતાં ધારશે ત્યારે આપણે પાછલને રસ્તે બહાર નીકલી જઇશું. મને કાંઇ બરાબર બનવાની આગાહી થાએચ. તે શું છે તે મને કશું સુજતું નથી. ખોટા આપણે મહેનત."

સાંજને વખતે ઘણી સાવચેતીથી તે બંન્ને માં બેટી દાદર ઉતરી બહાર બાગમાં નીકળ્યાં અને ઝડપી પગલે તેઓએ તુરતજ બહાર ઝાડીઓમાં ચક્રાવ્યું.

"મમા, શું તમને દેહશત નથી લાગતી?" ફેલીસ ધીમે બબડી

"મારાં ફરઝંદ, શું પોતાનાં બચ્ચાંની સલામતી ખાતર વાઘણ પોતાના છવ ઉપર આવીને લડતી નથી? મારી લાડકી તારાં સુખના વીચારે મને બેવડી હીંમત આવી ગઇછ; તુને જોવેટ ક્યાં ઉભી રાખી હતી તે જગીયે તુને યાદ છે?"

"હા, આપણે તે તરફજ જઇએછ."

જેવાં તેઓ તે જગીએ જઇ ઉભાં રહયાં કે કોદાડીના કોર ચોકાનો અવાજ આવવા માંડયો.

તે માં બેટી ગભરાટથી ચોકો વખત દંગ થઇને ઉભાં.

આહ! બરાબર પેલાજ પાવડાવાલે। કાલો આકાર સામી સડકેથી ચાલિયે આવતો હતો અને તેની આજુ બાજુ આતશના ભડકાં નીકળતાં હતાં. જેવો તે આકાર આગલ નીકલી ગયો કે કાઉનટેસ હામત ધરીને ઝાડીની બહાર નીકલી.

"ઓ મમા, તે પાછા ફરીને જોશે તો? -" ફેલીસ બોલવા ગઇ. "કોઇ ફકર નથી મારે શોથી કાદવું છે કે એ કોણ છે. આપણે અંદી ઝાડીઓના અંધારા ઓગામાં ચાલ્યું તો તે આપણને જોઇ શકશે નહી" આટલું બોલતાં તે બહાદર ઉમરાવજાટીએ આગલ ચક્રાવીયું' એટલે ફેલીસને મુંગે મોઢે પુઠે જવું પડયું.

ઝાડીનો છેડો આવતાંજ તે આકાર અચબુચ ગેબ થઇ ગયો. આ વખતે ચાંદ પ્રકાશીયો અને ઝાડીઓમાંથી આદનાં રૂપેરી પ્રતીબીંબ છુટાં છવાયાં પડનાં દેખાયી ત્યાં સદેજ ઉજાસ ફેલાયો. કાઉનટેસ નાસીપાસ નાનજ થએલી ત્યાંજ ઘમી ગઇ.

"એ શું દોરો!" તેણી બોલી "જાણે જાદુથી અલોપ થઇ ગયો."

"પણ તે ખરેખરો ભુતજ હોય તો કેવું!" ફેલીસ પુજતે ઝત્રરે પુછયું.

"છટ, હું ભુતોની વાત માનતી નથી—"

એકાએક ફેલીસે પોતાની માતાનો હાથ મજબુત ઝાલી લીધો "જુવો જુવો!" કાઉનટેસે જોયું કે નીચેની સડક ઉપર તેજ આકાર જાણે ચોકી ભરતો હોય તે મીસાલ ફેરા ફરતો હતો. તેઓ પોતાની અંધારીમાંથી ફરેગ થાએ તે પેહલાં તેઓએ સામેથી એક તેવાજ બીજા આકારને બળતાંનાં ભડકાં સાથે આવતો જોયો. હવે તેઓને છુપાઇ જવાનો માર્ગ રહેયો નહી. જમણી તરફ જતાં એક આકાર હતો ત્યારે બીજી ડાબી તરફ બીલ્લે હતો.

"ઓ આપણું શું થશે મમા?" ફેલીસ થરથર ધ્રુજતાં બબડી "ઝાડીમાં છુપઈ જવા સીવાય બીજો આપણો કશો ઇલાજ નથી ફેલીસ, બોલા આપણો અત્યારનાર છે"કાઉનટેસ બોલી "બીક ના, મારાં બચ્ચાં, તે માલક આપણી સાથે છે અને તે આપણને બચાવશે."

"ખરૂં છે મેડમ તે માલેક સર્વેનો મદદગાર છે." અચબુચ તેઓની લાગોલાગ પાછળથી એક ત્રાહીન અવાજ આવ્યો અને કાઉનટેસ જે ઝાડને અથીંગી ઉભી હતી તેના થડે દાર્યું પકાસીયું' અને પડી જતી કાઉનટેસનાં ખભાને પાછળથી કોઇએ ટેકો આપીયો.

"તમે કોણ છેઓ?" હેબતાએલી કાઉનટેસે પુછયું.

"એક દોસ્ત"

આ વખતે પેલા બે ભયંકર આકારો છેક લાગોલગ આવતા જતા હતા. બચવાને ઘણોજ ચોકો વખત હાથમાં હતો, પણ કાઉનટેસ ડગમગી; તેજ વખતે પેલા આકારે ધીમેથી તેણીના કાનમાં પોતાનું નામ કહ્યું તે સાંભળતાંજ કાઉનટેસ લૅંગડોક એક હાથભર ઉઠવી "અંદર આવ ફેલીસ, આ મહદય આપણા મીત્ર છે અને મને એમના ઉપર પુરેપુરો વીસવાસ છે" તેણી પુજતે અવાજે બોલી. પોતાની માતાના અવાજમાં થએલો ફેરફાર જોઈ ફેલીસ હેરાન રહી.

તે બાગનાં થડમાં એક નાની બારી જોયું બારણું હતું. તુરત તેઓ માંહે ઉતરી પડયાં. બારણાં

ચોરાક અંધારાં હતાં તે તરફ આંગળી કરી તેઓનો બચાવનાર બોલીયે "આ અંધારાંમાંથી તમે પેલા આકારોને જોઈ શકશો, જે તેઓનેજ લેવા તમે અત્રે આવ્યાં હોવો તો"

ફેલીસે ચુપ કીદીથી પોતાની માતા તરફ જોયું કાઉનટેસની છાતી કાંઇ છુપી ઉશકેરણીથી ઉછલાતી હતી "તમે શું કાંઈ બીમાર છો મમા?" ફેલીસે પુછયું, "મને તો આ અંધકાર ઉપર કાંઇ કુદરતી ધણો વિષવાર આવેછ."

"મારાં બચ્ચાં હું બીમાર નથી. મને પોતાને પણ એવાજ ઉપર પુરેપુરો ભરૂંસો છે"

"શું એ તદન ખરૂં છે?" પેલા ગ્રાહીત સખસે પુછયું. "તદનજ"

"તમારો આભાર માનું છું હવેજાણું છે કે અહીં અંધારૂં છે તેથી તમને હરકત નહી જણાતી હોય, હું કદાચ રોશની સલગાંઉ પણ પેલાઓ અજવાળું જોશે આ મારો છુપો માર્ગ શોધી કાઢે, જુવો તેઓ અહીંજ આવેછ"

કાઉનટેસ અને ફેલીસે પોતાની આંખો તે જ્યાં આકારાઓમાં બોસી અને તેઓએ ત્યાં અંધાર આડીઓ આગળ ત્રણ આકારો જોયા. ત્રણે પેઢર વેષમાં તદન એક સરખા હતા; તે ગાડીથી માત્ર બે વારને છેટે તેઓ બેઠા.

"દમ જેમ્સ આજ રાતે શું ખબર?" મોં. પીઝેરીનો ઠોર અવાજ સંભળાયો "પેરીસમાં કામ કેમ ચાલેછ?"

"ઘણુંજ સારૂં, માસા દોસ્ત, પેરીસ બહુજ બેચાપર ચઢયું છે. બહેર હુલ્લડની આગ મગજમાં વધારે પસરતી જાયેછ, અરે એક મોટું ટોળુંતો રાજમે લુધના મેદાન ઉપરથી પસી ગીયું હતું અને રાજાને આપણા કાયદા કબુલવાની ફરજ પાડી. અરે જોજોની દોસ્ત, બેકા વખતમાં એ રાજા યતાને ઉઠારી દઇને અમે પ્રજા રાજ ફેલાએછ કે નહી તે તુંજ બતાવશે!"

"હા હા, તેજ વખતે આપણા મગરૂર ઉમરાવ માસ્ટરોને આપણા ગોલામો બનાવશું." પીઝેરી ક્રોધથી દાંતો કચકચાવી બોલ્યો.

"પણ જેમ્સ તું ખરૂં કહેછ કે હવે હુલ્લડ મચાવાનો વખત નજદીક આયોછ?

"અરે હારે ઉમરાવ અમીરોની કતલતો શરૂથી થઇ ચુકી, અને એ મોટેરાઓમાં પ્રજાએ જેવો તરખાટ મચાવ્યોછ કે બધા એ ભાસ વગો ચોંકી રહ્યાછ વળી બાદશાહ તો નહાસી જતો તો પણ તેને તેના આખાં કુટુંબ સાથે પકડી પારીને પરહેજ કીધોછ, હવે એ પ્રજાસત્તાકની કૃતેહ નહી તો શું!"

"ત્યારે તો આપણો હાથેય બહુ સારી રીતે પાર પડસે," પીઝેરી બોલ્યો.

"બચ્ચીતજ, હવે તમે પેઢલાં બધાં ધરેણાં ગાંઠા હાથ કરી લેવો, આપજ કમાવાનો વખત છે, પેલો બેવકુફોનો પાદશાહ તારો મરરર કાઉન્ટ તો હલ્લુર પોતાનું ધેરબાર મુકતુ મુકીને પેરીસમાં શું માથું કુટેછ, પણ આપણે માટે આપજ લાગ ઉત્તમ છે." પેલો બીજો સખસ બોલ્યો.

"એ તો કેવી સીફતથી બધું પસાર કરી લેવાનું તે મને આવરેછ પણ ખબરદાર હું તમુ બેકોને આગલથી કહી રાખુંછ કે પેલી પોરી માર્ક ઇનામ છે." પીઝેરીએ કહ્યું.

"કોણ, પેલા કાઉન્ટની દીકરી કે? હોકો કહેછ કે તેણી ખુબસુરત છે, તુંથી મારો વહાલો જબરો દેખું, કાંઇ ભાવતુંજ નહી, પણ તેની કાંઇ એકાદ બેહનથી તો કાંઇ છે કે?"

"છે તો એક પુરી પણ એટલી મગરૂર છે, હમણાં તો મગજમાં ખાંડી બધે રાખ લઇને ફરેછ પણ એના માબાપને કતલ કરીને એ દુકાનીને હું મારે હાથ કરસ ત્યારે એની અમીમાનીનો બરાબર નંદીને ચખાડશ" તે મુછ સખસ ધણુંજ જતુરથી હવામાં મુકટી કકડાવી બોલીયો.

ફેલીસે પોતાનો ધ્રુજતો હાથ પોતાની માતાના હાથમાં મુકીયો. ગરીબ કાઉનટેસ હંફીગાર મારી ગઇ હતી જ્યારે તેઓને બચાવનાર પેલા ગ્રાહીત સખસની આંખો અંધારામાં પણ ગુસ્સાથી ચમકી રહી.

પીઅરીએ બોલવું ચાલુ રાખ્યું "આજ રાતે હું વધારે સોનાની પ્લેટ લાવ્યોછ; કાઉન્ટની ગેરહાજરી આપણે માટે ઘણીજ નસીબદાર કેહવાય આપણને અ ભુતનો દેખાવ ઉભો કરવાનું સારૂં સુજ્યું. નોકરો તો એટલા બીહી ગયાછે કે સાંજ પડતાં તો સૌ પોતાના ઓળાને જોઇનેજ બીકેછ અને કોઇ સાંજના બહાર ફરવું પણ નથી. આખું જંગલ આપણે માટે ખુલ્લું છે. આજે આંધ સુનાની પ્લેટો લાવ્યોછ તે આપણે અંહી દાટવી જોઇએ, મારો આપણેથી ઘણા સારા ભુતો છીયે; હે ઉઠો હવે આપણે કામે વળગીએ" અને તે ત્રણે શુરવીરો પાવડા કોદાળી બન્ને મારી આગલ ચાલીયા તેઓના પગલાંનો અવાજ નાબુદ થઇ ગીયો પછી કાઉન્ટેસ બોલી :

"બોદાવંદતાદારોનો આભાર કે મને અંહી આવ વાની બેગી બસારત થઇ. ઓ શું કામ કાઉન્ટ હજુર પેરીસમાં રોકઇ રહયોછ?"

"કારણ તેવણ પેરીસ છોડી શકતા નથી તેવણના રસતો હુલ્લડ ખોરોથી ઘેરાય રહયો છે, છતાં મે એક એવી યુકતી કરેલી છે કે કાઉન્ટ ભટકીને આવી શકશે" પેસો અભાગ્યો સખસ બોલ્યો.

"તમે કેટલા માણસુ છેઓ ?" કાઉન્ટેસ બબરી.

"હું માત્ર એનેજ માટે જુવુંછ. મારૂં બ્હાલું વતન ફ્રાંસ હુલ્લડ અને બસ્તીથી મોકલું થાએ તે મારાં ખરાં જીગરની આરજુ છે; એક ઘણા અકસમાતીક સંજોગે મને આ જાગું પોકલપણું માલમ પડી આવ્યુ. એટલે મેં સાહુચેતીથી અંહી એક દરવાલ્લે કોતરીયો તેને મેં છુપા ચાંપો આપીછ અને અંહીથા નીચે બોયમા જવાનો મેં રસતો કોતરી અંદર બે ઓરડા બનાવીયાછ. આ મોટો રેકડો તમુને દીસે છે તેની નીચે તે બે છુપા ઓરડા છે, હું તેમાં બોરાશી ભરતો યાઉંછ અને મને ફકર છે કે ફ્રાંસ માટે જ્યારે તે કાલા દીવસો આવશે ત્યારે તમુને અહીં તમારી બેડી

બે આસરો મલશે તમે નીરદોષ અને ભલાં છો. .રે કાઉન્ટ સાથની તમારી સગાઇને ખાતર તમને પણ હલાક કરી નાખવામાં આવશે જેમાંથી તમુને બચાવવા મેં તૈયારી કરી રાખીછ."

"બોદા તમુને સુખી રાખે" ફેલીસ બબરી.

કાઉન્ટેસ એક પલ વીચાર કરી બોલી "તમોએ કાઉન્ટનેજી મારી સાથે બચાવવા અને નહીતા હું કોલ્લામાંથી એક ડગલું બી આગલ ભરનાર નથી"

"જો મારેથી બનશેતો હું જરૂર કરીશ" તેણે ઘણી ગંભીરાઈથી કહયું. "મારા જનના જોખમે બી હું કાઉન્ટને બચાવવાને બનતું કરીશ,"

"ઓ બોદા તમુને સુખી રાખે, એમાધ્રસ" કાઉનટેસ બચકાં ખેચી બોલી.

"એમાધ્રસ!" હોટી ફેલીસે અચરતીથી પુકાર માર્યા "મમા શું એવણ એમાધ્રસ છે? ઓહ કેવું ધ્રચ્છુંછ કે અહીં આટલું અંધાર નહી હતે"

આ સાંભળી પેલાએ પોતાની કમરના પટા માંથી એક નહાનુ કાગુસ કાઢી સલગાવ્યું અને તેના પકાશમા એમાધ્રલે ચાતુર નજરતી સુંદર જવાન હોટી ફેલીસને જોઇ તેમજ ફેલીસેબી એકજ નજરમાં તે ઉમરાવી તોરવંતો ચેહરો તે કદાવર બાંધા અને તેની બાજ જેવી તીણી ચલકતી પણ માયાથી ભરપુર આંખો જોઇ લીધી.

"આગલી યાદોનો આય હુમહુ ચીતાર, તું એમાધ્રસ પીયે કેમ જાણે?" તેને અજાએથી પુકારયું.

"મારાં મમાએ મને બધું કહયુંછ અને ઓ, હું તમુને માન આપુંછ અને હું ધ્રચ્છુંછ—" તેણી અચકી.

"તું શું ધ્રચ્છેછ, બચ્ચાં" એમાધ્રસે બ્હાલથી પુછયું.

"કે તમારી મોટી નીરાશી માટે હું તમુને પ્રરતો દીલાસો દઇ શકું." ઉછાછકી ફેલીસે ખરાં દીલથી કહી દીધું.

આ શબ્દોથી તે કદાવર સખસનું તન બદન થરથર કાંપી રહયું. તેણે પેલી જવાન છોડીનો હાથ લઈ ચુસ્કારી પોતાને હોઠ દાબ્યો અને તેના ગરમ આંસુ ઓથી ફેલીસનો કપાળનો હાથ ભીંજાઇ ગયો.

"બોદા સાહેદ છે કે તારા સખુનોએ મને ઇગર ભરી નાખનારો સંતોષ બક્ષ્યોછ." તે બોલ્યો

"કાઉનટેસ વર્ષો પછીની આ એકજ ઘડી મને સુખ અક્ષતી થઇ પડીછ"

ગરીબ કાઉનટેસે એક ડુસું ડચકયું ખેંચ્યું. "ખોટા તમુને તમારી લલાઇનો બદલો આપશે. એમાંયલ, ઝરણ તમારો આભાર કદ રવેયે માનવો તે મને સુજ પરતું નથી."

આ વખતે એમાંયલે પોતાના હાથમાંની રોશની કાઉનટેસના ચહેરા તરફ ફેરવી અને તે દુખી ગમગીન ચીકણા ચેહરો જોઇ તે સખત ચોંકયો.

"આહ! તમે એક કાઉનટેસ થવાના કરતાં તમારાં છુગરના રસતાએ દોરવાયાં હતે તો વધારે સુખી થયાં હતે મારગ્રેટ, તારામાં આ કેટલો ફેરફાર" તે અતિ ઘણી લાગણીથી બોલીયો.

"છટ, તમારે આગલી પાછલી યાદ કરવી જોઇતી નથી, તમારે ખુશી જવું જોઇતું નથી કે હું એક દુખી નસીબવત ઔરત છું અને કાઉનટેસ લેંગબાર્ક મારૂં નામ છે. આ બન્નેએ તમોને તે આગલા વીચારો કરવામાંથી રોકવા જોઇએ હું તમુને હજુરથી જુવાનીમા તનદરસ્ત જોઇ ખોટાની ઉપકારીછુ અને તમારી મેહરબાનીઓ માટે ઘણીજ આભારી છું."

તેની બાજ જેવી તીણી આંખો ફરી પાછી ફ્રેવીસ તરફ ફરી. "જ્યારે હું આ મીઠા ચેહરો જોઉંછ ત્યારે મને બોયા આગલા પસાર થયેલાં વરસો એક દિવસ જેટલાં લાગેછ. મને લાગેછ કે હું બોયા મારા જવાનીના સ્વપના માહેલી, મારી મનની મુરતીને જોતો હોઉં" તે ઘણી લાગણીથી બબડયો.

કાઉનટેસ એવેન જેવી જણાઈ "મારી દીકરી, જ્યાત મારકવીસ-ડ-મેરી સાથે અદરાએલી છે, લગન હવે જલદીજ થનાર છે"

"મને તે વાતની ખબર છે." એક ગંભીર હસવાં સાથ તે બોલયો. "તે એક લાયક જવાન છે અને આ જવાન બાળકોને તદન લાયક છે. જોને કે આ વખત શાહદી રાતમસતીનો નથી છતાં હું એમોને લગનનું સંપુર્ણ સુખ ઇચ્છુંછ. હવે તમારી આસપાસ જોવા છે તે માટે આપણે વાતો કરીએ: હમણાં પેરીસમાં ઘણું અગત્યનું કામ છે એટલે મને ત્યાં જવા વગર છુટકો નથી; પણ હું ત્યાં લાંબો વખત માટે બોલનાર નથી. હું નકી ધારતો કે મારી ગેરહાજરીમાં અહીં કશું બનવા પામે. વળી તમારે માટે આ છુપો જગો તૈયાર છે. હું ધારૂંછ ત્યાંસુધી એ એક દીવસમાં કાઉન્ટ પણ આવી પુગશે. આ નીમકહરામ પીએરી આજે તમે તેને કહેલા?"

"નહી, તે કહેવું તદન ફેકટ છે. પીએરીની વીરૂદ્ધ એક સખુન પણ કાઉન્ટ માનનાર નથી, તે સામો હુમુને દમરાવશે અને પીએરી પાસેથી ખુલાસો ચાહવા જઇ તેને બધી હકીકતથી જાણીતો કરશે"—કાઉન્ટેસ દુઃખથી બોલી.

"નહી નહી, તો કાલનો દુકાલ આજે પડશે. તમે સમો સમાલીને કામ લેજો. વારૂં અહીં પાછા ફરૂં તે વખતે તમુને જાણવા માટે મારે કાંઇ નીયાણી કરવી જોઇશે. હું શું કરશ?"

"પુલનો એક ગોટો આ સામેની બે ટેકરીઓ વચ્ચેની લીલા ઉપર નાખશો તો હમે જણીશું કે તમે પેરીસથી પાછા ફર્યાછ; હું રોજ બામદાહમાં તે જોવા આવશ." ફ્રેવીસ બોલી.

"ઠીક, હવે ચાલો હું તમુને કિલ્લા સુધી મુકવા આવું." એમ કહી તેણે ઘંતી ફુલની નાખી. ફ્રેવીસ પેહલાં ઝાડમાંથી બહાર કુદી પડી.

"હવે તારી ધારતી કહાં ગઇ, ફ્રેવીસ?" તેણી માતાએ પુછયું.

"પણ મને ખબર નહતી કે એમાંયલ આપણા બચાવનાર દાખલ આવી પુગશે." તેણી ખુશાલીથી બોલી.

"ઓ મીઠાં ફરઝંદ ખેદાતાલા મને હમેશા વિશ્વાસને લાયકનો કરે" એમાંયલ ઘુસ્તે સાહદે બોલયો. "કાઉનટેસ, તમારી બેટીને મારા માટે આવી માયાલુ લાગણી તમે શીખવીછ. તે માટે હું મારાં દીલથી તમારૂં હેવાન માનુંછ."

"એના લગન માટે એને નસીયત દેવા બાતર મે એ બીના એને કહી હતી."

"તમે આ લગ્ન માટે શું ધારોછ?" એમાઇલ ફ્રેલીસને પુછ્યું.

"એ રસમ બહુજ ધીકકારવા જેવ છે, અને એ જોડાણ માટે મને ઘણો મોટો રીટકાર આપેછ" તે જવાન છોડી ઉશકેરાઇને બોલી ઉઠી.

"અને કાઉનટેસ તે માટે શું કેહછ?"

"નસીબ સામે લડવું એ મુરખાઇ છે છતાં એ રીવાજ તો બેશક ધીકકારવા જેવ છે." તેણી બોલી.

"આહ ફ્રાંસ, તારી પડતી આવતી દેખાએછ તેં આવા તારા અકકલહીણ સખત ધારાઓથી રાજની પક્ર ફરીથી પરણવું અને મહોમેટી ધર્મ મુજબ એકજેકના ચેહરાથી લગન આગમજ જોવામાં નહી આવ્યાં હોય એ રસમ બેશક પરણનારને માઠે વખત દુઃખના દર્યામાં દુબાડેછ, અને તેઓની જીવેદાનીની હાથથી ફ્રાંસની પતી બુરા બ્રાપ પામેછ એમાં શક નથી" અને પાસેની ઝાડી હાલી રહે એવી જબરી દર્દનાક હાય તે સખસે મારી કાઉનટેસનું માથું નમી પરીયું.

ઝાડી પુરી થતાં તેણી બોલી "હવે વધારે વખત હમારી સાથે આગલ વધોના, અહીં ઉનસ પુરતો છે અને હમે ફીલ્લા તરફ સલામત જઇ શકશું."

તે ઉભો રહી ગયો કાઉનટેસે ગૂનાઘટ બોલી આગલ વધવાની તૈયારી કીધી પણ ફ્રેલીસ તે મર્દના કદાવર ખભાને વળગી પડી.

"ભલા એમાઇલ, હમુને નગુણા ધારતા ના તમારી તરફનાં હેરાનથી હમારું જીગર ભરાઇ ગયુંછ અને તે હમો શબ્દોમાં દર્શાવી શકતાં નથી." અને તેણીએ વાંકી વળી તેનાં ખભાં ઉપર વહાલ અને માનથી હોઠ દાબ્યા તેના ઉપર ઘણી અસર થઇ અને ફ્રેલીસનો રૂપાલો હાથ દાબી તેણે મારગ્રેટ તરફ શકેહન્ડ માટે હાથ લંબાવીયો.

વરસો પછી તેઓનો હરત મેલાપ થયો પણ આ રપર્શથી બન્નેને ગઇ ગુજરીની સખત યાદ થઇ. એમાઇલ એક હથું એંચી ઘરત પીઠ ફેરવી ત્યાંથી ચાલી ગયો અને કાઉનટેસે પોતાના લપેરા ખાતાં બહેનને ટેકો આપવા ફ્રેલીસને ધરી લીધી.

ફીલ્લાની બારીઓમાંથી બહુમકાર રોશની બહાર સુધી એંચાઇ આવતી હતી તેના ઉજાસમાં તેઓએ આગલ પગલાં ભર્યાં. જવાન ફ્રેલીસ બબડી "ઓ મમા હું તમારે માટે ઢબી હેરત થાઉંછ. નહી બેતાબે, કે નહી અખુટ ગંજે કે નાતો એવા સખત મીલજના એક હઝાર બાપોએ મને એમાઇલ જેવા બહાદુર પેહલવાનથી છુટી પોડી હતે"

બસ થબ ચુપીયું. વરસોસુધી સારી સમજથી સમાવી રાખેલો તમામ ઉભરો કાઉનટેસમાં જોસથી ઉછલી આવ્યો અને પોતાની બેટીના ખભાં ઉપર પોતાનું માથું પટકી નાખીં તે બેતાકાત અનેકી ઓરત એક નહાના બાળક માફક રડી પડી. ફ્રેલીસ આ બોજ ગભરાઇ ગઇ. કોઇક વખતે તે ગરીબ અબળા શાન્ત થઇ અને પછી તેઓ કિલ્લે પોંહુચાં.

પોતાની મોટી આરામ ખુરસી ઉપર ઢબ ઇને બેસી પરતાં કાઉનટેસ બોલી. "ફ્રેલીસ ધંટ વળીને કોફી મંગાવ મને કાંઇ ઠીક લાગતું નથી."

તરતજ દાસી વીકટર આવીને ઉભી.

"ઓ મડામ, આજેપી, જોનેટ બે આકારો જોયા. હમુને ધણીજ બીહક લાગેછ એ કોણના ભુત હોશે, એ લોકના આત્માને સંતોષવા જોઇએ" વીકટર બોલી.

"મારાં ગરીબ આદમીઓ, જાવો, જાઇને બંદગી કરો કે તમો સલામત રહો, બાકી ભુત જેવું કુત્યામાં કશું હોજ નહી" કાઉનટેસ પણું જુસ્સાથી બોલીયાં.

તે છોકરી આ બન્ને ઉમરાવી મા બેટીઓની બહાદુરી ઉપર ડંગ થતી નોકરોના ખંડમાં દોડી ગઇ.

"અરે જુવોરે આખી સાંજ આપણા રોહાણી-ઓએ વીચરવામાં કાઢી અને તેઓ એટલાં શાન્ત અને ખુશ દેખાએછ કે જાણે ભુત જેવી ચીજ અહીં ભમતીજ નહી હોય" તેણીએ નોકરોને ખબર આપી.

(સાધન ઉ)

બેહરત બીચારા પંચીરામ જોશીને.

ગઇ ક્રિસ્ટમસની રજા ભોગવવા ગુરુવાર ગરબર અને તેનો પ્રિય દોસ્ત બહુમન બબ્બા માસ્ટર મુંબઇથી નવસારી ઉતરી પડયા. નવસારીમાં કોઇ પીછાણવાજું નહીં હોવાથી તે બન્નેએ "સોરાજ બાગ"માં ઉતારો લીધો.

તે એક ડિસેમ્બર માસની તા. ૩૦ મીની બુધવારની સાંજ હતી. અને તે બન્ને દોસ્તોએ લાલવાવટા તરફ હેવું લીધું. ત્યાં ચોળીમાસીનાં પેટમાં સજ્જડ ચચવાટ પડવાથી લથર પથડ કરતા, નવસારીની પ્રખ્યાત ધુળનો ફેસ પાઉડર (!) ગોં પર લેવા અને ન્યુનિ-પાલીટીનાં કાણુસોની સાથ બગડગીરી કરતાં તે બન્ને મિત્રો મોડી રાત્રે પોતાને મુકામે આવી પહોંચ્યા. તેઓ પોતાનાં કપડાં વેર વીખરે રીતે કહાડી બિછા-નામાં બેઠાવા ગયા. ગુરુવાર ગરબર તો મારે બ્હાવો જતાંની વારમાંજ નિદ્રાદેવીને વસ થવા લાગ્યો, જ્યારે બહુમન બબ્બા માસ્ટરને બળની બતીએ કહીપણ ઉંઘ આવતીજ નહીં; બતી બુજવતો ત્યારેજ શાંતિથી ઉંઘાતો હતો.

તે દિવસે તાડીની ઝમમાં બતી બુજવ્યા વગરજ બિછાનામાં ગોહવાયો, પણ સુતા પછી તેનું ધ્યાન બતી તરફ ખેંચાયું બતી હોવ્યે તો ટેર એવી કે ઉંઘજ ન આવે ત્યારે કરવું કેમ? આળસાય તો એવી કે ઉઠે કઇ બજારતનો બાપ! ઠંડીની સખ્ખન ને બાસ્સી મજેની તરેહથી ઓઢી પોઢીને થમ પડવા પછી પાછું ઉઘડવું કાંઇ સહેલ હતુ વાડ? અંતે તેણે એક યુક્તિ શોધી કહાડી અને ગુરુવાર ગરબરને જગાડયો તેણે બીચારાએ તો આટલા વારમાં આખી ઉંઘમી ખેંચી કહાડી હતી.

"મકુજે ગુરુવાદ, ઓ ગુરુવાદ, તું જાગેજ કે?" બહુમન બબ્બા માસ્ટરે તેને મોટેથી કહ્યું.

"કેમ?" ગુરુવારે બંદુસમાંથી પોતાનું છોલેલું માથું બહાર કહાડી પુછયું.

"મકુજે પેલા પંચીરામ જોશીને તું ઓળખેજ કે?"

"નહીં, કાંએ?"

"નહીંરે, બીચારો કાલે સહવારે ગુજરી ગયો." બહુમન બબ્બા માસ્ટરે પાટયાં ગોહવ્યાં "હું જાણું કે તું ઓળખતો હુશે—પણ આલ, નહીં ઓળખતો ત્યારે તો કાંઇ નહીં, મુઇ જા બીચારો ચટને પટ મરી ગયો."

"આએ?"

"ઘણુંજ અજબ જેવું મોત! રાતે બાઇ પીને સુતો તે સુતો. સહવારે ઉઠ્યો ત્યારે તો મુવેલો!"

"વરી મુવેલો હતો તો ઉઠ્યો કેમ?" !

"અરે ઉઠતો તો શાનો જો! મરીજ ગયો કહું છ ત્યારે!"

"અરે હા, પણ શાથી મરી ગયો?"

"નઠ્યા કારણથી, રાતે સુતો ત્યારે ઓરડામાં કેથી બતી બલ્યા કરે ને એકસો ઓકસારોજની નામની જે ગેસ કોઇ કોઇ બતીમાંથી નીકળતાનું વેલાતના ડાકટરોએ શોધી કહાડયુછ તે ગેસ દમમાં જતાથી તેનો બોગ થઇ પાયો ને સહવારે સુંવામાં લાંબોજ થઇ ગયો. આજનાં "નવસારી પ્રકાશ" માં તો મારે સુતી વખતે બતનાં સુંથી ઓરડામાં દીવો રાખવોજ નહીં."

ગુરુવાદ તો એ સાંભળી બિછાનામાં ખડો થય ગ્યો. "ત્યારે તુંબી આપણા ઓરડાની બતી બુજવી-નેજ સુતે કે નીં?" તેણે બબાંકયું.

"ઓ આપણીબી બતી બલવાજ કરેજ શું? મારે તો ધ્યાનબી નહીં! ચાલ કાંઇ નહીં, હવે સુઇ જા બુજવાની હશે ત્યારે બુજવા કરશે. મને તો ઉંઘ આવેછ."

"તુંને ઉંઘ આવેજ તો ચોંટાવ જા. બા, મારે કાંઇ પેલા પંચીરામ જોશીનાં ગોતે મરવું નથી તો!" ગુરુવારે ફેકડતાં કહ્યું, અને એક તડાકે કુદકો મારી બિછાનામાંથી બહાર આપ્યો અને બહુમન બબ્બા માસ્ટરના ભાર સંતોષ વચ્ચે બતી ચુત કરી તે પાછું ગોતુ મારી ગયો.

બીજે દિવસે ગુરુવારે મજકુર પેપરમાં એમથી તેમ શોધવા કાંઇ માર્યા, પણ કાંઇ માલમ પડયું નહીં; તેથી બહુમન બબ્બા માસ્ટરને તે આર્ટીકલ બતલાવા પુછયું ત્યારેજ બહુમન બબ્બા માસ્ટરે પોતાની ચાલાકીની બરી હકીકત ખુલ્લી કરી.

હજુરમાં આ બને મિત્રો જ્યારે સાથે મલે છે ત્યારે પેલા બહેરલી પંચીરામ જોશીનાં રહને હજારા હજાર દુવા કરે છે.

આવાજન! એવી એક—દુડિઉકેશન છે! કોઇ વખત કામ પડવે અજમાવી જોજો, રામબાણ ઇલાજ છે. પરવાનગીની જરૂર નથી.

"બોચાકરો કેમી."

"ઘરનો ઘેલો."

મોભેદ રૂસ્તમદાર આગલ રામલો દુખરો પોતાની બાયડી પેમલી સાથે આવી પુગ્યો અને ફર્યાદ કીધી કે "જો અબેધારણા, આ સોમલીની મા, મને બહુ હતાવે ને મારં કીધું માને નીહ ને ગાર ભાંડતી છે."

રૂસ્તમદાર મોભેદે પોતાનો ચસમો ચઢાવી પેમલી તરફ જોયું અને પછી શિખામણનું દારસ્તાન શરૂ કીધું. "એમ કોઇ કરે કે? માટીને તો પરતું છટર શમઝવું જોઇએ. ને રામલા, તુંબી ભાઇ મોટા જેવો ગધેડો છે. જરા પગમીનું બાપડું પગભોઝ રાખ્યે કેની! બાઇ-રીની કંઇ મગદુર છે કે પાલું બોલે! તડ દેતો કે તમાપો ખેંચી કાઢયે ને દોરા કાઢીને એવી વાત કરીયે કે બાઇરીની ચાતી દખીઝ જાય."

આ ખત ઘરમાંથી મોભેદનાં ગોરાંણીનો અવાજ આવ્યો. "એ શું બકબકારો માંડયોય! બુડી ચેરેલી છે. તે ભળ્યે તો એય તમારું તોડયું ભોંજ નાખય પાલો, તેમ આઇને બકબક કરો, નહીંતો સમેલું છુટહું મારય."

"રામલા, પાલ આવ પેલી તરફ આપણે વાત કરીયે." મોભેદ બોલ્યા.

રામલો બહબડતો ચાલતો થયોહે, "કેવી તારીએ વાત મારી જેવીજ દેખું! ઘેરમાં ઘેલો ને બહાર ડાહ્યો થવા નીકળ્યોં." "નોશાકરો કહ્યા."

નકરી જાણે ભમાઇ.

(જેવણ પોતાને ઘણાં જુવાનમાં ખપાવા માંગતાં હતાં.)

મેરીઅમ—જેમી, જેમી, અરે એની પેલા કોઇ મને કેમ ત્યારનો જોયા કરેછ! ન જાણે ખખરાવ કે એમ તે કાંઈ બહારને ટીકવા કરવાની રીત છે.

જેમીજગ્ગો—ખરેખરા લાવની જાને એને બોખરો કરી નાખ.

મેરીઅમ—(થોડેવારે જેમી પાછો ખાવી લાગ્યો તને) કેમ તુને હસુ કેમ આવેછે. પેલાએ શું જવાબ દીધો અં!

જેમીજગ્ગો—તે તો કેહેજે, એતી ભમાઇને શોધતો'તો નેતું તદન તેવણ જેવી લાગી તેથી કેહેજે જોયા કરતો'તો. તે કેહેજ કે તું નકરી જાણે એની ભમાઇ જેવી લાગેછ. દીનાં અ. ફ. ચીનાઇ.

દુખી પરીન.

દોરાબ—કાંય પરીન શું છે એમ દલગીર કાંય છ?

પરીન—તે શું કરૂ. પેલા નાટકમાં જવાનું છે ને ત્યાં ગવરનર સહિ આવવાનો ને મારી પાસે તો નવી સારી નથી, તેથી ઘણી વમાસણમાં પડી ગયછ કે કઇ પેહેરૂ.

દોરાબ—(બેહેલી શરડો થયને) ઓ મારાં ફલેન્ન તું શું કરવા એટલી દુખી થાયછ! મારેથી તારૂ દુખ નહીં સોસાતુ દીકરા. ચાલ હું મારેજ માટે એક ટીપીટ લાવશ. તુ તારે નર્યાતિ જીવે ઘેરમાં રેહેજે, મારા જીવ દીનાં અ. ફ. ચીનાઇ.

મ્યુઝીકના ખાં યાને પારખનું પુછવું.

નાજબાય—(જેવણ પોતાને મ્યુઝીકનાં ખાં સમજતાં હતાં, તેવણ એક કોનસર્ટમાં બેઠાં બેઠાં મ્યુઝીક કેવુંક સમજતા હોય તેમ તરેહવાર ડોચકીઓ કરીને ટીકા કરતાં હતાં. એક ધણું સરસ વગાડનાર 'પીયાનીસ્ટ' વગડવા બેહેા. થોડો વાર તો તેવણે મુંગા મુંગા સમજના કીધું' તેટલાં તે 'પીયર્નો ઉપર રેસ્ટ' આવેલી હોયાથી થોડેવાર પેહેા 'પીયાનીસ્ટ' બોલ્યા.

નાનાભાય—અરરર! બીચારો ભુલી ગયો, તેમાં ચોબી ગયો ખાં. અરરર! બધાં ક્રોકોમાં કેવું બીચા-રાને ભારી પડી ગયું હશે. વલી મ્યુઝીક થોડું આગલ ચાલ્યું ને વલી 'રેસ્ટ' આવવાથી પેહેા જરા ધબુસાર ચોબ્યો.

નાનીભાય—મરેરે એતે કાંઈ રીતછે! એવા ભડોમાને તે કાંઇ વગાડવા બેસાડવાનો હોશે વાર? હરવાયો વગડતાં વગડતાં બે વખતનો અટકી પડયો ચાલો, ચાલો, નવલશા આપરે ઘેર જઇયે. મને તે બા મ્યુઝીક ધણું મજનું આવરે તે એવું કયરાજેવું સમજતાં તો મુવો જીવ ઉકરી આવ્યો જોવોની આ આપણી આસપાસના બધાં જનાંભી મશ્કરી કરીને હસેછ તેને તમે એમ ઓય રડી પડે તેવું કાંઇ શું કીધુંજ જો. દીનાં અ. ફ. ચીનાઇ.

જીવ સટોસટની ઘડી.

શીરીન—શોરાબ ઓ શોરાબ, અહીં આવતો જલદી આવ ઓ માપરે હવે શું કરૂ. આવનીતો જલદી.

શોરાબ—(જે ફરાગત થયને ઇઝીચેર પર અર્ધે ટાયલો હતો તે રસીપર વગર, ઉપાડે પગે દોડી આવતાં સેનટરપીસ, સ્ટેન્ડ વગેરે બધું ઉઠલાવી નાંખતાં) કાંય કાંય શું છે ડીયર! ઓ માયરે બોયસની શું થયું?

શીરીન—અરે જોવોની અહીં આવોની પેલી બધરી મોહોલાને નાકે તો જઇ લાગી ને ઓય કરતી દેખાતી બંધ થશે તો શુ કરશો જો, જોવોની, જોવોની એની સારી તબીને ગમેછ કે? એવી મને બબાશોકે?

દીનાં અ. ફ. ચીનાઇ.

સરજતની સુંદરી.

લખનાર:—દિલકશ.

"ધર્મોન્માદ," "કુસ્વતનો બોલ," "કુંપળીના ચિરાગ"
વિગેરેના કર્તા.

પ્રકરણ ૩૦ મું.

(His body is of the col[or] of rose, and his face overspread with [ro]ses. There's nothing save delight and j[oy] from the day he has gained self-contro[l] There's music on his lips, and the hands keep time to the tune. Every day there's ei[th]and spring, and every night Divali. Eve[ry] moment is one of joy, of content, of not[h]ess. When the lover becomes the inte[r]cated mendicant, what melancholy can the be?

In carrying ideal principles into practical life, Marcus Aureli[us] was under an unceasing self-discipline, is profoundly interpreted by Hafiz:—

"Ay bikhabar, akush, ke saheb e khabar shavi" "Tarahru na bashi, kai rahbar shavi"

(O unknowing, rive to be a master knower, till you hav[e] not been a wayfarer, how can you be a gide?

"Dar maktab hakayak, wa nazde adibe ishk" "Had ay pisar, bakush, ke pidar shavi"

(In the schol of truths, and before love's teacher, stive O son! that one day—worthy to be—father you may be)

"Khab o khrat, ze martabe ishk dur kard" "Unghe rasi ba ishk ke bikhab o khur shavi"

(Far from loves degree, have sleep and dainties put you. To love you attain, when sleepless and foodless you be)

"Gar nure ishk, badil o janat uftad Billah kaz aftab, basi khubtar shavi"

(If the light of good's love, falls on your heart and soul, By God! fairer than the sun will you be)

"Yak dam gharike bahare Khuda sho, gumān mabar" "Kaz abe haft bahar, ba yak mui tar shavi"

(A moment immersed be in God's sea, think not that so much as a single hair of yours shall get wet)

"Dast az misse wajud, chu mardane reh bashuy" "Ta kimiyae ishk bayabi wa zar shavy"

(Like men of the Path, the (base) copper of existence abandon, so that you obtain love's alchemy, and be gold)

"Bunyade hastie tu, che zir o zabar shanad" "Dar dil madar hich, ke zir o zabar shavy"

(If below and above, the foundation of your existence be, think nothing in your heart, that above and below you can be)

"Gar dar sarat hawae wasal ast Hafiza Bayad ke khake dargeh ehle basar shavi"

(If you desire union O Hafiz, it is necessary for you to be the dust of the court of Him possessed of vision).

It was thus, Marcus Aurelius became a perfectly developed man. He was the honor of human nature, says Renan, and not of a determinate religion. Science may come, and apparently destroy God, and the immortal soul, but the "Meditations" will remain young with life and truth It is the absolute religion, that resulting from the simple fact of a high moral consciousness confronting the universe. Of no race, nor country, no revolution or change can ever alter it.

him thus: "Men seek retreats for themselves, houses in the country, sea-shores, and mountains, and thou too art wont to desire such things very much. But, this is altogether a mark of the commonest sort of men; for, it is in thy power, whenever thou shalt choose to retire into thyself. For, nowhere either with more quiet, or with more freedom does a man retire, than unto his own soul, particularly when he has within him such thoughts that, by looking into them he is immediately in perfect tranquillity,—which is nothing else than the good ordering of the mind. Be pleased and content with what happens and with the thread which is spun for you. Do not defile the divinity planted in thy breast. Disturb it not by a crowd of images, but preserve it tranquil. Follow it obediently as a God. Say nothing contrary to truth, nor do anything contrary to justice. The world within you and without, flows away like a river. Make the most of what is here and now. Art thou in love with men's praises? Get thee into the very soul of them, and see! See, what judges they be, even in those matters which concern themselves. Like the race of leaves, the race of man is. The wind in autumn strows the earth with old leaves: then the spring the woods with new endows. Leaves! little leaves! thy children, thy flatterers, thine enemies! and what is common to all of them is but the littleness of their lives. And yet, wouldst thou love and hate! Folly! to be lifted up, or sorrowful, or anxious by reason of things like these. Ah! 'tis on a tiny space of earth, thou art creeping through life—a pigmy soul carrying a dead body to its grave. Think of infinite matter, and thy portion; of infinite time, and thine own brief point there; of destiny, and the jot thou art in it; and yield thyself readily to the wheel of Clotho, to spin of thee what web she will. Death hangs over thee while thou livest: while it is in thy power be good. What has become of all great and famous men, and all they desired, and all they loved? Hippocrates the physician lifting wise brows at other men's sick beds, sickened and died. The wise Chaldeans who foretold the future died. Alexander, and Pompey and Cæsar killed thousands and then died. Lice destroyed Democritus and other lice killed Socrates. Augustus, and his wife, and daughter, and all his court, and all who in his day feasted, and married, and were sick, and chaffered, and fought, and flattered, and plotted, and grumbled and wished other people to die, and pined to become kings or consuls, died; and all the idle people who are doing the same things now are doomed to die. It is not for us, but for the gods, to settle whether we play the play out, or only a part of it." What a noble, gentle, pure and sweet influence, these admirable precepts exercise over us! We feel reconciled to our lot, however obscure, and to the task given us to perform, our only care being to perform it aright, for the blessing of the great Whole, of which we are but insignificant parts. This undisputed lord of the Roman world, seated on the dizziest eminence attainable for human grandeur was a darvish as depicted by the Urdu poet:—

"Hay tan to gul kā rang banā, aur munh par har dam lāli hay, "Juz aish aur tarab kuch aur nahin, jis dinse surat sambhāli hay.

પ્રભાત.

પુસ્તક: ૨ જું. માર્ચ ૧૯૨૫. અંક: ૭ મો.

અજ્ઞાને રાત, જ્ઞાને પ્રભાત,
નિરદોષ નવિન એ ફરશે બે વાત;
સુર્ય ઉદય ને લાધી સંગાત,
ખુશી સરખી દેશે જાત પરજાત.

અજ્ઞાન નિષ્પાધિન કંધક પડયાં;
શુભ જ્ઞાન વીના ન એ ઉંચે ચડયાં;
ચકયું પડયું સૌ જ્ઞાન થકી,
શુભ જ્ઞાન ખરે છે પ્રભાત નકી.

The Spirit of Truth shall guide us unto all Truth.

નવરોઝની બામદાદે બંદગી.

(જગતવાસી સૌ તુજની બળીહારી—રાહ.)

સરસ બામદાદને બુરે શોભાવીરે
ગાઉં ખુબી તારી હૈયે હરખ લાવીરે—સરસ૦
રાતે ચંદ્રથી શીહાઇને શરમાવીરે,
દિસે સૂર્યથી સહુવારને હરખાવીરે,
જ્યું નામ તારૂં એજ સુખની ચાવીરે—સરસ૦
અધ્ધર આસમાન રાખીઉં શોભાવીરે,
ફીર્યા ફુલો પમરતાં સુગંધ સમાવીરે,
દેખી કામ તારાં ભક્તિ તારી ભાવીરે—સરસ૦
ગુલો ડાળે ઝુકે યાદે સર નમાવીરે,
ગાય પશુ પંખી સરેઢ સરસસ્વાવીરે,
હસે જીવ જહાર 'રૂસ્તમ'ને યાદ આવીરે.—સરસ૦

પ્રભાતનો પ્રકાશ.

જીંદગીના મ્હાન મુસાફરીએ નીકલેલો માનવી સુખ અને દુઃખમાં પોતાની હૈયાતી કાયમ રાખે છે. બાળક અવસ્થાથી તે બુજરોગી સુધી પુગતાં દરેક આદમી પોતાના અંગે આશાનું કીરણુ તેજસ્વી કરવાની ઉમેદમાંજ જીવે છે. તેમા કેરવાતા વરસની બદલાતી ઉમેદોમાં રોળતુ મીસકીન માનવી પોતાની હાલતથી કોઇ રીતે અસંતોષ રહી શ્રેષ્ટ ને સુંદર હાલતમાં જવાની રેહવાની હરહમેશ આરજુ રાખે છે. જીંદગીના ભરપુરપણામાં જીવવું એ જીંદગાનીનો કાયદો છે; પણ જીંદગીના ભરપુરપણામાં જીવવું એટલે શું? એટલે એકે માત્ર બાહેરથી દેખાતાં નાશવંત શરીરનેજ ખરૂ આદમ ન ગણતાં તે શરીરમાં કાર્ય કરતી ચઢીયાતી શક્તિઓનું અવલોકણ કરી તે અમર તત્વની પેદાશોનું પોષણ કરવું અને શરીર ભેગાં આત્માની વૃદ્ધિનુ કળિયાયુકારક સાધન શોધવું તેજ જીંદગાનીના ભરપુરપણાનો કાયદો છે. આપણાં શરીરને, આપણા સ્વભાવને આપણી આશાને કે આપણા સર્વ વિચારો, ખ્યાલો અને લાગણીઓને બસ ઉંચ દરજ્જે ચઢાવી ઉંચ ભુવનોની તીવ્ર પવનીઓની સાથે એકસાન કરવું એજ ખુશી સર્યું છે, એમાંજ જીંદગીની ખુબ્બી છે, પણ તેમ કરવા માટે દુઃખ સહન કરવાની શક્તિ ખીલવવી જોઇયે. આ દુનિયામાં બધુંજ જો આસાન હતે બધુંજ સુખ રૂપ ને શાદમાન હતે તો પછી જીંદગીની વૃદ્ધિ જેટલી દુઃખની કસોટી વચ્ચે ઝઝપટી થાય છે તેમ કસવીત થતે નહી. પણ દુઃખ અને સુખ, આફત અને આરામ જર અને જેહમત, ખુશાળી અને દલગીરી, ચીંતા અને સબુરી નીગેરેના સામા સામા જોડકાંઓ વચ્ચેની દરરોજની નીરંતર લડત આપણા ચારીત્રને ચનવાને ઘણીજ કાર્યસાધક થઇ પડે છે. આપણે જાણીયે છીયે કે ઘણાંઓ પોતાના દુઃખથી કંટાલી હાય અને આફસોસના વિચારોમાં ગુચવઇ પડે છે અને કેટલાંકોતો શારીરીક દુઃખો કે વેદનાઓને મનની બેચેની કે દલગીરી સહન કરી નહી શકવાના સબબે આપઘાત જેવા જબુન નાપેકાર ગુનાહમાંથી ગુંચવાઇ પડે છે તે સઘળાંમાથી છુટવાના અને જીંદગીના ભરપુરપણામાં જીવવાનો એકજ સાદો-સુત્રો, સંગીનને સુંદર ધડાજ છે કે ખુદાતાલામાં સંપુર્ણ એકીન રાખવું અને કુદરતના અચલ કાયદામાં પુરતો એતેકાદ રાખી "સઉ સારૂંજ છે કારણુ કે સઉનો કર્તા સારો છે" એવા બુલંદ વિચારોથી એવા સુંદર ખ્યાલોથી આપણા મનની બેચેની કોઇ રીતે દુર કરી હીમતથી, દ્રઢતાથી, અને આગલ વધીને કહીયે તો ઇશ્વરમાં પુરા વિશ્વાસથી આવી પડેલી શારીરીક વેદનાઓ ખમવી કે મનની મુશકેલીઓ આસાન કરવી એમાજ જીંદગાનીના ભરપુરપણાનો ભાષ સમાયેા છે. જીંદગીથી કંટાળવું એ કાંઇ હીમતનું કાર્ય નથી. પોતાના માટે એવી કમનસીબી ભરી હાલતથી અસંતોષી રેહવું એમાં કંઇ દ્રઢાપણુ નથી. પરંતુ ચાલાકીથી, આશાની ઉમદા મદદથી, "પત્થર તળે આવેલો હાથ કહાડવો." એમાંજ બહાદુરી છે એમાંજ જીંદગીની કુતેહ છે; એમાજ મનુષ્ય જીવનનું ખરૂ ચૈતન્ય છે. દુઃખને તો ઉલટો. આવકાર આપવો જોઇયે કે સુખના રાહ જલદીયા રોશન થાય. જો કાળાં કાળાં વાદલાં હોય નહી તો સદૈવ સદૈવ વરસાદ વરસે કેમ? જો અંધકાર હોય નહી તે તારાંઓ પ્રકાશે કેમ? સુર્યની રોશની શુ કોઇ રીતે તેના ધાંધાંઓને આભારી નથી? લોકો શાન્તિ માગે છે પણ જીંદગીની લડતમાં હાર-જીતની હરીફાઇમાં સર્વોપરી થવાની એકલપેટી ઉમેદ કોણુનાં જીગરમાંથી સમુલગી નાશ પામી છે? મ્હાન પેગામબરેા તરફ નજર પુગાડો, દુનિયામાં થઇ ગયલા, ને થતા ને રેહતા મ્હાન પુરૂષો તરફ તમારૂં લક્ષ લગાડો ને જુવો ને જણો કે તેઓ સઘળાએ કેવાં કેવાં દુઃખો વેઠયાં, કેવી કેવી મ્હાભારત મુશકેલીઓ સહન કરી, કેવી કેવી પ્રાણઘાત આફતોની સામે ટકયાં. કાંયે? કાંયે કે તેઓ સઘળા જીંદગાનીને ભરપુર રાખનારા હતા, તેઓ સઘળા ધારતા હતા કે દુઃખનો દરેક ફટકો તેઓને સુખ લાવી આપશે. લાલચોળ થયલા લોખંડ પર પડતા ભારી હથોડા વડે શુ લોખંડી ધાતુને કંઇ આકાર અપાતો નથી? અને તેમજ આપણા લોંખડરૂપી શમીર આફતના આતશ વચ્ચે લાલચોલ થઇ દુઃખોના હથોડા વડે ચુંથાઇ સદગુણોમાં શુ સપુર્ણ બનતું નથી? હા! એ સઘળું થાય છેજને થશે. એમાંજ જીંદગીની મોજ છે. એમાંજ આદમની હૈયાતીની ઉંચી રોંચ છે.

દુરબીનમાંથી બહાર
અને
દર્શને દુનિયા.



ઓનરેબલ મી૦ ગોપાલ કૃષ્ણ ગોખલે સી. આઇ. ઇ.

ગયો! તે વિદેશે ગુમ થયો! હિન્દનો એક નામાંકિત હીરો! ૧૯ મી ફેબ્રુઆરી ૧૯૧૫ ની તે શીદા રાતે ગોખલેના મરણથી હિન્દની રવાસ્તે એક નામીચો નર ગુમાવ્યો છે અને તેની ખોટ પુરાવી બહુજ મુશ્કેલ છે. ગરીબ પણ આબરૂદાર બાત પીતાને ત્યાં ૪૮ વરસની વાત ઉપર ૧૮૬૬ માં જન્મ લેનારો અને ૧૮ વરસની લુવાન વયે બી. એ. ની બીકત પરીક્ષા માન સાથે પસાર કરનારો અને પોતાની જન્મ ભુમીની યાદગાર નિબ્યાલય "પ્રરમુખન" કોલેજમાં શીક્ષક તરીકે નાના પગારના દરમાયાને રહી કેળવણીની પીછાણ કરનારો અને પાછલથી રાજદ્વારી છંદગીમાં પડી દેશ પરદેશની મુસાફરી કરનારો આ એકેા નર આપણી વચ્ચે આજે હેયાત નથી. ભલી યાદના મરહુમ નામીચા નર જસ્ટીસ રાનાડેના વફાદાર ચેલા ગોખલે જાહેર રાજદ્વારી પુરૂષ તરીકે જે નામના મેલવી ગયા છે, તેની યાદ તેના કામેામાં હમેશાની મોજુદ રહેશે.

તકલ કરવા જોગ નમુનેદાર તેની છંદગી તેની સાદાઇ, સાફેદસાઇ અને નમનતાઇ, તે ઉપરાંત પોતાની ખાનગી કે જાહેર ફરજ બજાવવાની તેની દ્રઢતા, જીગરની ચોખ્ખાઇ, પોતાના દેશને અને રાંક રૈયતને ઉપર લાવવાની તેની ફીમતી કોશેશ, "સરવન્ટસ ઓફ ઇંડીયા સોસાયટી" સ્થાપવાની તેની ઉગી નેમ, એ સઘળું આપણા માન અને ચાહ ખેંચવાને પુરતું છે; તેની નમુનેદાર છંદગીના ધોરે લેવાનું ઘણું છે તેના માનવંત મોત પાછલ મહેતમ કરવા એક બે નદી પણ દસદુલર સોકથી મલેલી છે તેની તરફની ચાહેનાતજ જાહેર કરે છે.

એક બાજુ રૈયતના અને બીજી બાજુ રાજાનો, એક બાજુ સરકારનો અને બીજી બાજુ પોતાના મીત્રોનો પુરો વિશ્વાસ ધરાવનાર ધર્મે મારવાડી રાજ અને રૈયતની, કે છગલાંઇ અને હિન્દની, વચ્ચે સુંદર સમતોલપણું કેમ રાખવું અને તેઓનો સમાગમ કેમ મજબુત ને મીઠો કરવો તેનો પાઠ શીખનાર હિન્દ દેશનો ખરો ભક્ત પોતાની માતુભુમીનો ખરો પુત્ર, દેશની દાઝ દીલે ધરનાર, અંતકરણના આવાજ પ્રમાણે સચ્ચાઇથી ચાલનાર, ગરીબ રૈયતનો દાદખાં; કેળવાયલી દુનિયાનો અગરેસર અને રાજદ્વારી બાજતોનો પુરતો ભાદીતગાર કુનેહબાજ ને કરજપરિ નર તે ગોખલે હતો. તેની રાજનીતી ચોખી, તેની તકરાર વજનદાર તેની બોલવાની ધબ છાપદાર, તેની રીતભાત દમામદાર, દરેકના છગરને જીતનારો, રંક અને રાયને ચાહનારેા વહાલો થયો તે મિત્ર મિનોષ જેહાન!

"બહનનુ ખાદી આ બોળિયુ તજી
ચાલ્યો તે આતમા તો મિનોષ મુકામ
સુતું છે કેવું ઉપાન તેનુ શાન્તિ સજી
પામ્યુછે તે ધરતીની ધેયાનપર આરામ
હશે તેની છાતીમાં શી શી ઉમેદ
હશે તેના મનમાં શી શી મુરાદ
હશે તેના શુ શું હાં ભરમને ભેદ
અજલના કાસદથી સર્વ ગરબાદ"

ગોખલેના મુજરથી આખો દેશ ગમગીન છે, તેના રહને શાન્તિ હોજો એજ આપણા જીગરની બંદગી છે!

જાનરેલ ઉપર ગુજરેલ ઘાતકી-પણું અતકારનારી મંડળી.

ઉપલાં નામની મંડળી આજે ત્રણ ચાર દાહેલા થયાં આપણી વચ્ચે વસ્યાંચુના સાથક કામે કરે છે તેની નોંધ લેવાનો પ્રસંગ ઐટલા માટે આવ્યો છે કે એ મંડળીના પેત્રન નામદાર ગવરનર સાહેબ સોર્ડ વીંકિનબતના પ્રમુખપણા હેઠલ એ સોસાયટીનો વારસીક રીપોર્ટ અને તેના કામકાજનો જાહેર ખબર તેમાંજ પોતાની આગલ રજુ કરવામાં આવ્યો હતો અને નામદાર ગવરનરના બોલેામાં એ મંડળીની નાના સંબધી સ્થાતી એવી તો સંતોષકારક છે કે સરકાર પાસે તેને કોઇપણ રીતે પૈસાની મદદ માગવાની જરૂર

રહી નથી; પણ ફંડ ગમે એટલું મુળલક કે ધરખમ હોય તે ગાંધ પુરવાર કરતું નથી કે કાંમ પણ તેટલુજ મુલ્લક કે ધરખમ થાય છે. એ મંડળીની સ્થાપણા પ્રસ ગે હુવેતોડ મેહનત કરી એ મંડળીની સરજતને સુધારનાર ઉલી યાદના મરહુમ શેઠ કાવસજી મેહરવાનજી સરાફ હતા જેમની દારસાહેબ મરહુમ સર દીનશાજી પ્રીટીટ પેહલા એરેમેટિ સાહેબ જનવરોની બાઇ સાકર બાઇ ઓરપીતલ વગેરે બરપા કરાવી આપી છે. અને આજે આપણે એટલુંજ ધ્યછીયું કે એ મંડળીના ચાલુ પ્રમુખ હાલના સર દીનશા પીટીટ અને હાલના સેક્રેટરી મી. નવરોજ કુપર પોતા અસતકની આ ઉપયોગી મંડળીને વહીવત હુમનાના કરતાંથી વધારે પીસતારને કરે અને માલ ઘોડા કે બલદની ઉપરજ ગુજરતુ ઘાતકીપણું અતકાવીને સંતોષ ન પામતાં, કુતરાં અને બકરાં મરઘાં અને એ જાતના બીજા તમામ પ્રણી માલની ઉપર ગુજરતું નહી વરનવી શકાય એવું ઘાતકીપણુ અતકાવવાની જરૂર છે. તે જોય અને અમલ કરે.

જાનવર ઉપર ગુજરતા ઘાતકીપણાનુ જો અમો વીસતારીને એકુ વરનન કરવા બેસીયે તો અમારી ખાત્રી છે કે અમારા વાંચનારઓની આંખ્યોમાંથી આંસુઓજ વહે. ગરીબ બીચારા આ નીરદોશ વાચા વીનાના મુગા પરદા ઉપર દરરોજની કેવી કેવી જફા ગુજરે છે? મુંબઇ જેવા બોહલી વસ્તીના શેહરમાં કુર વીકરોમાંવાલાઓ દુબળા ઘોડાઓને કઇ ફાસમના બાળકા મારે છે તેની અબર મોતરદારમાં ફરનારાઓને જવલેજ હશે વળી સખત દહડાની છાતી ધરાવનારા ગાડાવાળાઓ જબરજસ્ત ઓઝે ધસડતા ગરીબ બલદોની ગરદન કેમ કચરી નાખે છે અને તે મુગા ગેસપદોને પોતાની નીરદર્ય લાતોથી કેમ નવાજે છે તેની બારીક માહીતી ઓશ આરામમાં ચમન કરનારા શેઠ સેહલાનીઓને કયાંથી હોય?

આટલા સરખા કરેડીઆમાં ઘણા સરખા મરઘાં ભરી લેઓ ઉપર એક તરેહની જનવરી ગુજરે છે તેની અબર માલેતેજદરો હોતેલવાલાઓને કયાંથી હોય? અને નહી બોલી શકાય એવી ઘાતકી રસમને લીધે લોહોના ખોરાક અર્થે મુગાં બકરાઓની જે ગરદન દરોજ રેહ સઇ જાય છે તેનો ખ્યાલ માંસ ખાનારાઓને કયાંથી હોય? મુગાં જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણુ અતકાવનારી મંડળી આપણી વચ્ચે હસ્તી ભોગવે છે છતા આપણી આંખ્યો સનમુખ ચાલી રેહલું અજબ ફાસમનું મુગા જાનવરો ઉપરતુ ઘાતકીપણું તેઓ અટકાવી શકતા નથી એજ અમારી અજાયબી છે.

સાવકી માતાનું ઘાતકીપણું.

જ્યારે અમો જાનવરો ઉપર ગુજરતાં ઘાતકીપણા ઉપર બોલીયે છીયે ત્યારે માણસો અને બસસ કરીને બાળકો ઉપર ગુજરતું ઘાતકીપણું અમો વીસરતા નથી. વીલાયતમાં અને અમો નહીં ભુલતા હોઇયે તો મુંબઇમા પણ બાળકો ઉપર ગુજરતુ ઘાતકીપણું અતકાવનારી મંડળીઓ હસ્તી ધરાવે છે અને તેઓ ગુપચુપ સંગીન કામ કર્યા જાય છે પણ અમો ધાર્યે છીયે કે જ્યાં લગી સંગીન કેળવણીનો પ્રસાર થશે નહીં ત્યાં લગી માણસ માણસ વચ્ચે અને બાળકો ઉપર ગુજરતુ ઘાતકીપણાનો અતકાવ મનમાનતો થઇ શકશે નહી. અજ્ઞન કેમોમાં અને અજ્ઞાન વર્ગોમાં કેટલીક ઘાતકી માતાઓ પોતાના બાળકોને માર મારે છે તેના અસંખ્ય દાખલાઓ મોજુદ છે પણ જ્યારે પારસી જેવી કેળવાયલી અને સુધરેલા ને દયાળુ વીચારો ધરાવનારી એક કોમમાંથી છુતા છવાયા દુરતાના દાખલા મલી આવે છે ત્યારે આપણુને અપ્રશોશાજ લાગે છે. અત્રેના તા૦ ૫ મી ફેબ્રુવારીના પત્રો મધે એક પારસી સાવકી માતાના ઘાતકીપણાનો કેસ મેજરેટ રાવબાદુર ચુનીલાલ સેતલવાડની કોર્ટમાં ચુકેલો જાહેર થયો છે જેમા ઘાતકી દહેજુ ધરાવનારી ૧ મહીના ઉપરજ પરણેલી એક પારસી સાવકી માતાને પાંચ છ વરસના બે બાળકોની ઉપર ગંભીર હુમલો કરવાના વાંક સાઠ બે મહીનાના સખત કેદખાણાની સજા થઇ છે. નાની નીરદોશ છુનીને એક કોચ સાથે બાંધવામાં આવી તેણીને નેતરથી કુટકારામાં આવી હતી તે કુર કાર્ય જાણે પુરતુ નહી હોય તેમ તે બાળકીની આંખ્યોની આસપાસ એક કપડુ વીંટાળી તેણીના શરીરે એક ઘણાજ નાજુક ભાગ ઉપર ડામ દેવામાં આવ્યો હતો. અને એવીજ રીતે આ નાની બાળકીના નાના ભાઇની ઉપરથી સાવકી માનો સાવકો ડામ જુલ્મ રહ્યો હતો. અંતે કેસ કોર્ટે ગયો અને ઉપર જણાવેલી શીક્ષા થઇ પણ અમો ધાર્યે છીયે કે એવાં સખત દહડાં ધરાવતી એક સાવકી માતાને એને બદલે બાર મહીનાનું બંધી બાણું આપું હતે તો તે વધુ વાજબી ગણાતે અમારી અજાયબી એટલીજ છે કે તે નીરદોશ બાળકોના પીતા પોતાની બીજી પરણેતરની આવી ઘોરપતનુકથી માહીતગાર ન હતો?

ઉપલા કેસ ઉપરથી પારસી સંસારને આપણુને કંઇ ખ્યાલ આવે છે અને આજની કેળવણીના જમાનામાં પણ આવી કીસમના આદમીઓ હૈયાત રહે છે તેની ઉપર ભારી અફસોસ છુટે છે, પણ અમો માનીએ છીયે કે આવો કેસ માત્ર અપવાદજ છે અને તે અપવાદજ રહે.

હિન્દની ઉન્નતી.

મરહુમ જમશેદજી નસરવાનજી તાતનું નામ તેઓના કામની અંદર અમર રહ્યું છે. ખરા સ્વદેશી ભક્ત, ખરા ઉત્સાહી નર તે જમશેદજી તાતા હતા કે જેને હિન્દમાં હુન્નર ઉદ્યોગનું ખેતર ખરા કાયું ને હુન્નરોને રોટલીનું સાધન પુરૂ પાડ્યુ. ભલી યાદના નામવર સર જમશેદજી પેહલા બારોનેટ સાહેબ જ્યારે સખાવતથી મશહુર થઇ હુન્નરો ગરીબ ગુરબાંના ઝુપરના સાચ્ચા આશીષ લીધા ત્યારે તેજ નામ ધરાવતા કોઇ પણ સરકારી "નાઇટહુડ" વગરના સાદા મી૦ જમશેદજી તાતા પોતાના ચક્ષુક જેહનના ને ઉત્તમ પ્રીસમના મગજમાંથી હીન્દને આબાદ કરવાની કંઇ કંઇ ભારી યોજના રચી ગયા અને તે નાની સોની નહી પણ મહાભારત યોજનાઓને સંપુર્ણ રીતે પાર પાડી અમોએજ ઉપર કહ્યું તેમ લખ્ખો ગરીબોને જીવતી અને ઉદ્યોગી સખ્યાને જોયા કરી ગયા અને આપણ રોઝથી તેઓની જીંદગીને જાગતી રાખી ગયા. દુરઅદેશ જમશેદજી તાતાના બાહોશ અને વફાદાર બેતાઓએ પોતાના વેપારી બીનાંઓને પોખ્યાં અને તેઓની અંદરથી મહાન યોજનાના ખુલ્લ દરખતો ચેતા કીધાં મુંબઇથી ૮૦ માઇલ લાનોલી મધે પરતા વીધમાર વરસાદનું પાણી અત્યાર મુધી આસપાસ આવેલી પહીનોમાં બરબાદ જતુ હતું. આત્મ વિદ્યાના શોખીન જબણીતા એનડનીબર મરહુમ કેપ્ટન ગેરસ્ટીંગને અચાનક એક વિચાર સુજ પડયો કે એ વ્યર્થ જતા પાણીઓના બળ વડે આપણે વીજલી કાંય નહી ઉતપણ કરે. ગેરસ્ટીંગે તે વીચાર પોતાના મરહુમ મીત્ર જમશેદજી તાતાને કહ્યો અને પરીણામ આવ્યું:- "તાતા હાઇડ્રો ઇલેકટ્રીક પાવર એન્ડ સપલાઇ કંપની". આ કામની શરૂઆત લાનોલી મધે ચાર પાંચ વરસ ઉપર થઇ, લખ્ખો રૂપ્યા ખરચાયા, મેહનત અને મુસીબત, રંજ અને જેહમત ભરેલા દીવસો પછીના દીવશો પસાર થયા અને મગરૂરીભરી ફતેહ ફીરાઇ સાથે મરહુમ તાતાના ઉખોગી આપના ઉખોગી બેતા ઓએ બે કામ અંતે પાર પાડયું.

સોમવાર, તા. ૧૫ મી ફેબ્રુવારી ૧૯૧૫ નો દીવસ મુબઇન ઇતીહાસમાં યાદ રહેશે કે જ્યારે લાનોલી મધે પડતા બેસુમાર વરસાદના પાણીઓમાંથી અજબ્ય ઇજનેરી કલાની વખાણવાલાયક હુનરમંદીથી ગોઠવાયલા સાંચાઓ મારફતે વીજલીક પ્રવાહ મુંબઇની મીલોને ચેદ્વીશ વેદ્વીશ પુરો પાડવામાં આવ્યો જેની અરકતથી મીલોનો દુમારો હવે દુર થશે અને પ્રકાશીત વીજલીક પ્રવાહના ખુલ્લ બળ વડે મીલનો ઉખોગ અને વેપાર આબાદ થશે.

વિંધ્યેલાને શિક્ષણ.

ગઝલ.

વિંગાયું' તો થયું'રે શું'? હગાયું' તો થયું'રે શું'?
અરે દિલ કાં થયું' બે હાલ, વિવશ ખાલી બન્યું'રે શું'?
નવાઇ કંઇ નથી એમાં, વફાઇના મલે જ્યાં ત્યાં;
નહીં એ દોષ કોનો એ, વિધિ સહ ફેરવે એને.
વૃથા એ આશા રાખીતી, સરસની તે ગીયા બાને;
નહીં સમજ્યું' એ ભોલાતું', પથ્થરમા પય વસે તે શું'?
તને દરકાર કેની છે? શો સત્કાર લેવેા છે?
અના હારે થયો તો શું', ઉદાસી ના બનેલું' શું'?
ઉંચા સંસ્કાર લીધાને, વળી સત્સંગ કીધાને;
અને શું' ખ્હાલરૂ આવું', જગત હાંસી કરે વેલું';
મહાજ્ઞાની ગુરૂ કીધા, વેદાંતે વિચરનારા;
રહ્યેા તું' કેમ માયામાં, ફસાયે મોહમાં જ્યાં ત્યાં;
સ્વજન તે શું' ઇતરવાશું'? નહીં પ્રભુથી ન શત્રુકેા;
વિકારીના વિકારોએ ઉઠાવેા મનના સર્વે;
હવે તું' દિલ ખુદાને દે, રહે પરવા ન કેાનીએ;
જહાં સારી ફરે તોયે, ખુદા તારેા સદા રહ્યેા;
જુહાં પ્રીત છોડી દે, પરમ આનંદ પ્રેમે લે;
ખુદા તારેા સદા રાજી. અપેક્ષા તો બીજાશની!

હામોદર દુલભજી બેમકા.

"દુઃખપર ડામ" કે "મનનું હામ?"

લખનારઃ—ભી૦ માણેક ફેરામજી સુંનાવાલા.

એક સેપાહુને ડીલના વખતે છાકટપણામાં હોવાથી પકડી આઠ દીવસની અંધારી કોટડીની સજા કરવામાં આવી. એક રાત્રે જ્યારે તે પોતાનાં કરણુ બીજાના ઉપર પડ્યો હતો ત્યારે તેણે ઓશીમાં કાંઇ ખખડાટ સાંભળ્યો. તુરતજ તેને ભાન આવ્યું કે પોતાની કોટડીનું હવા આવજાવ માટે રાખેલું નાનું બારોક ખુલું મેલ્યું હતું, અને આ બારોક જમીનની ઉપરજ દીવાલમાં હતું. કદાચ તે બારોક ઘમઘોર અંધારામાં શોધી કહાડી બંધ પણ કરે તો હવે બહુ મેહનું થયું હતું. આથી તે સ્થીર પડી રહ્યો અને એક બે પળમાં તો બીલકુલ તેની લગોલગ બીજો ખખડાટ થયો, અને તરતજ તેના ઉઘાડા પગને સાંપની સુમારી અને થંડી ચામડી લાગી. આ વખતે કોઇપણ સાધારણ માણસ હોતે તો અલબત પુષ્કળ ધમરાટ અકળાટમાં પડી, મદદ માટે બુમો પાડી, કિલ્યાણ કરી મેળતે. પરંતુ આ કેદીએ એવું કાંઇએ કર્યું નહીં. તે તો સદંતર ચુપ અને સ્થીર પડી રહ્યો કારણ તે બરોબર જાણતો હતો કે તેની બુમો દૂર આવેલા સંત્રીઓના સાંભળવામા આવવી મુશ્કેલ હતી. જો તેની પાસે પુરતાં સુધાનાં કપડાં પણ હતે તો પોતાનાં શરીર આસપાસ લપેટી લઇ, કાંઇપણ કરી શકતે પણ આ ઝેરી સર્પ સામે તે કાંઇએ બીજો ઉપાય હાલ લઇ શકયો નહીં. સહેજ પણ દીલચાલથી સર્પ ડંખ મારતો હોવાનું જાણવાથી તે પથર મીસાલ થંભ પડીજ રહ્યો. એટલામાં તો આ ઝેરી સાથી, કે જે હવે તેને ઘણોજ લાંબો જણાયો, તે તેના પગો અને શરીર ઉપરથી થઇ છેલ્લે તેનાં મોઢાં ઉપર આવ્યો. તેની આ અખંડ બહાદુરી, સહેજપણ ચલવલ ન કરવાની તેની વખાણવા લાયક સમયસુચકતાથી આ ગંભીર અને ઉંચી કસોટી વચેથી તે પુર કૃતેહમંદીથી જીવતો બહાર પાખ્યો. એક કલાક વેર આ જીવલેન સાણી તેના સારાં તન બદન ઉપર ફરેયો, અને આખરે બરોબર તેનાં માથાં આગળ આવી થોભ્યો અને આસાયશ લીધી. પરોઢિયાં સુધી તે બહાદુર સેપાહુ જરાએ હાલ્યાચાલ્યા વિના તેજ હાલતમાં ચતોપાત પડી રહ્યો. આખરે પરોઢિયુ થતાં ચાય તે ઘણીજ સંભાળથી અને બીલકુલ અવાજ કરવા વગર ઉઠ્યો, અને આસપાસ જોયુ એક ખુણામાં પરોઢે મસમોટો પથર ઉંચકી પોતે સુતો હતો ત્યાં તે સર્પની શોધમાં પડ્યો. પણ કાંઇએ ત્યાં નજરે ન પડ્યું. આ ઉપરથી તે બીજાનાં પાસે ગયો, ટકમા ઉપર પગ મેલ્યો, જ્યા સાંપ હતો પણ સાંપને તેનું માથું બહાર કહાડવા દીધું, તુરતજ પેલા મોટા પથર વડે તેણે તે ખુંદી નાખ્યું. જ્યારે નાસ્તાનો વખત થયો ત્યારે ફરવાને બોલવામાં આવતાંજ તે બીહામણા ઝેરી સાંપને બાહેર ફેંકી દીધો. એક ઓફીસરે અતિ અલપઝલીમાં જોતાં તેને વીશે કેદી પાસે ખુલાસો માંગ્યો. ઉપર દર્શાવેલી પોતાની હેરત ભરી પરાક્રમની હકીકત આપવાથી તે અમલદારે તેને સવાલ કરયો કે "જ્યારે તે જાણતો હતો કે તેનાં એક પણ ડંખથી તે તુરતજ મરી જતે તો કેમ કરી આટલો શાંત પડી રહ્યો?" કેદીએ ઉત્તર વાળ્યો કે, "તે મેં સાંભલ્યું હતું કે કોઇની સાંપ પેહલાં પોતાને છેડવામાં આવ્યા વિના કોઇ ઉપર હુમલો કરતો નથી, તેથી તેને ગમે તેમ મારી ઉપર મેં ચાલવા દીધો." જ્યારે કમાંડીંગ ઓફીસરને આ વાત કહેવામાં આવી, અને સાંપ પણ દેખાડવામાં આવ્યો, ત્યારે તે આ કેદીની હીંમતથી એટલો તો ખુશ થઇ ગયો કે તુરતજ તેને છોડી મેલવાનો હુકમ કરયો.

સરજતની સાંકળ

યાને

મોત અને માફી

(એક પારસી સંસારી ચાલુ વાર્તા)

લખનાર—'રફીક'

પ્રકરણ ૭ મું.

શીરીન પોતાને બંગલે પાછી ફરી તે વખતે એક દશ વાગી ગયા હતા. નરીમાનની ગાડીમાંથી ઉતરી તે હોલમાં આરતે આરતે દાખલ થઇ કે તેણીની નજર જમશેદજીની પાઘડી અને લાકડીપર પડી કે તેણીનું જીગર એક ખુશીનો ઉછાળો મારી મોંદુમાં આવ્યું 'શું ત્યારે' તેણીએ વિચાર્યું કે 'તેણીએ લખેલાં છેલ્લાં કાગળની એટલી બધી અસર તેવણપર થવા પામી હતી કે તેવણે એટલે છેટે આવવાની આટલી ઉતાવળ કરી હતી?'

તેણી તેવણને શોધતી આગળ વધી તે વખતે તેણીના ચહેરાપર રતાશ પ્રગટી રહેલ હતો અને તેણીની આંખો ધડક ધડક થતી હતી.

તેવણને તેણીએ પોતાના ઓરડામાં ઉઘેલા જોયા અને ત્યાં તેણી ઝડપથી ગઇ. તેણીની તરફ તેવણની પીઠ હતી એટલે તેવણ તેણીને જોઇ શકયા નહીં.

"જમશેદજી!" તે બોલી અને તેવણ આગળ બે હાથ પોહોળા કરી દોડી.

તેવણ એક બતી આગળ ઉભા હતા અને તેવણના હાથમાં એક કાગળ ઉંઘાડું પકડેલું હતું.

તેણીનો અવાજ સાંભળી તે ઘણી ગંભીરતાથી ફર્યો અને તેના ચહેરોજ જોતાં તેણીના હોસ કોચ ઉડી ગયા.

તેનો ચહેરો ઉજ્વળ પાખ જેવો હતો, તેના હોઠો લાલ અને તેનાં કપાળનો ગોલ્લો કડોર હતો, અને તેને જોતાંજ શરીરનાં હાંજા ગગડીજ ગયાં અને તેણીએ તેને મળવા પોહોળા કરેલા હાથ તેણીની બાજુમાં પાછા પડી ગયા.

તેણી કાંઇ બોલવાતો ગઇ પણ તેણીની જબાન અંદર બેઆબ જતી હોય તેમ તેણીને લાગ્યું, અને પોતાના વરનો ધાકડો ચહેરો જોઇ તે થંભ થઇ ત્યાંજ ઉભી.

આખરે તે બોલ્યો અને તે બોલ્યોની ગંભીર ચુપકાદી પર તેણીને મનસે જાણે જમાનો વીતી ગયો હોય તેમ તેણીને લાગ્યું.

"તારી સાથે સલાહ કરી તુંને પાછી મારે પડખે લેવા હું ઘરે આયો અને—અને મને આ મળ્યું."

દિરોજનું લેવું કમબખ્ત કાગળ તે બતાવી બોલ્યો.

તે કાગળ તેણીની નજરે પડતાંજ તેણીના ચહેરા ઉપર ગભરાટ છાઇ આવ્યો જે તેના ખાવિંદે પારખી. બીહીક તરીકે માની લીધો.

"એ શું છે?" તેણીએ પુછ્યું.

"એ શું છે?" જમશેદે પાછો સવાલ કીધો અને તેણીની આંગળ જરા વેણીને બાજુમાંથી જોરથી પકડી "તું મને પુછેછ કે એ શું છે? તું જાણીજોઇ નથી કે એ શું છે? આહ! તું જાણેછ કે જે આદમી મારી આગળ અઢવારે આવી દડદડતું જુઠું મને સમજવી ગીયો તેની તરફનું આબ કાગળ છે!" એમ બોલી તેણે તે કમબખ્ત કમનસીબ કમતાકેની આપ-

લાને તેણે પકડેલી તેણીની બાલુમાંથી આંચકો મારી દુર ફેંકી દીધી અને જો તેણીએ આંચકો ખાતાં પાસેના પલંગને પકડી લીધો ન હતે તો તે આંચકા સમેત તે જમીનપર પછડાઈજ પડતે.

"હું હમણાં પાછો આયો તે તુને સમજાવીને સમાધાન કરવા નહીં, પણ જેને હું મારી ભુલ હમણાં આય ઘડી સુધી સમજતો હતો તેને માટે તારી મારી માંગવા હું આયો, પણ હું મુર્ખજ કેની કે એક જુઠને હાથે હું વેચાયો! હું અહીં આયો ને આય કાગળને તારી રાહ જોતું પડેલું મેં જોયું અને તે લઈને મેં વાંચ્યું ન હોતે તો હું ખરેખરજ ઠગાતે નમો અને બાહોશ યુક્તિબાજોના હાથપર વેચાતે!" તે હવે તેની આગલ ધ્રુણી આવી તેનો હાથ પકડી બોલી—

"જમશેદ! જમશેદજી! તમે ધણી ભયંકર ભુલ કરોછ! મને એ કાગળતો જોવા દેવો!"

"નહીં" તેણીને વળી પાછી ખસાડી નાંખી તે બોલ્યો "નહીં એ કાગળ માણ વફાદોને રાખવા આપું તેટલાં તે હું મારી પાસેજ રાખસ; તું શું એમ ધારેછ કે તુને તે ફાડી નાંખવા આપું?"

"તેની ઉપર સરનામું મારું છે, તો તેની ઉપર હકમી મારો છે."

"જ્યાં સુધી તારા વર તરીકે હું છેકું, ત્યાં સુધી તો નહીંજ."

"પણ જ્યારે એમાં ઝેવું તે શું લખ્યું છે તે મને જણાવો."

"નહીં!"

પ્રજ્ઞે એકમેક સામે ટગર ટગર જોતાં ઉભાં.

"શીરીન" આખરે જમશેદજી બોલ્યા "તેં અને પેલા નાપાકે મારી ઉપર આય કેવો સિતમ ગુજર્યોછે તેની તુને ખબર છે? હું જે એવાં ધણુક બીજાઓમાં જોઈને હસ્તો અને તેઓને ધિક્કારતો તેની ઉપરજ આય જસ્તી તમે લોકોએ ગુજારી? તું એમ ના સમજતી કે આજે હું ખુશીથી હમુંછ, નહીં, આજે મને તારા કરતાં વધારે દુઃખ થાયછ. આપણા પારસીઓમાં એવા ધણુક કેરગાઓ છે; તેઓમાંના કેટલાક તો પરણેલાઓ છે અને કેટલાકો કુંવારા છે. જે પરણેલાઓ છે તે લોકોની કુંવારી છોકરીઓ સાથે એવા નાચ નાચેછ અને જેઓ કુંવારાઓ છે તેઓ લોકની પરણેલી બૈરીઓને આડે રસ્તે ઉતારેછ, પણ હું નહીં માનતો હતો કે આ છેલ્લા કેટલા કેરગાઓમાંનો એક મારાં સુખી ઘેરમાં ભરાઈ મારાં પોતાનાજ સુખી સંસારનું આય રીતે સત્યાનાશ વાળશે. એમતો આય બાજુ તરફ દીલસોજી ધરાવનારાંઓએ મને સલાહ આપી કે એમાં કોરટ દરમાંને ચઢીને ફજેતી શું કામ કરોછ? તમે લોક સલાહ સંપજની જુદાં કાંય નહીં રહેતાં? પણ નહીં. એવાં ધણુકા હું નજરે જોતો અને સાંભળતો ત્યારે ધિક્કારથી હસીને વિચારમાં પડતો કે એ બદી તરફ દાર મદાર નહીં કરતાં તેને ઉંવાડી પાડી તેમાં સંડોવાયલાંઓને તેઓને ફેજેજ પુગાડવાં જોઈએ. અને હવે જ્યારે એ કાંહોયુંજ મારી ઉપરજ વીંઝાય તો હું એ ઉપર દાર મદાર કરી કાંહવું વાળું? નહીં એમતેહ તે સંસારના શત્રુઓને ફાયદું પાય, એટલુંજ નહીં પણ માઈ જે ચાલતું હોય તો આપણો આય કેસ અને એવા બીજા બધા કેસો બંધ પારણે નહીં પણ ઉંવાડેજ પારણે ચલાવવાનો હુકમ ફરમાઉં. એવાઓને સોસાયટીમાંથી હડધુત કરી આબરદાર કુટુંબોમાં પગ, પેસારો કરતાં અટકાવવા જોઈએ, પણ આપણામાં સોસાયટીજ કયાં બળીછ? આપણામાંતો ગમે તેવા એક જ્ઞાન અંદરથી મેળો હોય, પાપી હોય, બદ હોય, બુરેહ હોય, પણ જ્યાં સુધી તે ખુબસુરત હોય, એશ્કી હોય, ગમ્મત હોય, જવાન હોય, અને મોંઢાંની ફેંકાફેંક તેને મોંઢે હોય તો તેવાને માટે દરેક ઘેરનાં બારણું ઉંઘાડાં— ગમે ત્યારે આવો—ગમે ત્યારે જાવો! લોકોમાં આજે—"

"પણ મેં ને ફિરોજે એટલું તે શું કાંયજ જમશેદજી?"

"આય કાગળ જો!" પાછું તેરણે તે કાગળ તેણીને બતાવ્યું.

"જો રૉકટર ફિરોજે એ કાગળમાં કાંઇ એવું લખ્યું હોય કે જે તમને મારીથી કાયદાપુર્વક છુટા થવા માટેનો વાજબી હક બક્ષે, તો હું કહું છું કે તેમાં લખેલું બધુંજ ખોટું હોવું જોઇએ, અને તેને માટે તમે

શ્રીરાજપર જે પ્રીટકાર નાંખ્યો તે થોડો છે. પણ શ્રીરાજ એમ લખે તે વાત માનવાની હું સાફ ના પાડું છું!"

"ત્યારે તુને તારા તે દોસ્ત ઉપર સંપૂર્ણ વિશ્વાસ છેની! તો મને કહેવા દે, ઓ કમઅક્કલ ઔરત, કે એ કાગળ તારા પોતાના પરણ્યા ખાવંદની નજરે પડવા માટે લખાયુંજ નથી, અને તેથી તે નીચની નાપાક લાગણીને તેણે તેમાં ઘણી છુટથી દોડતી કરીછે."

આ અપમાન તે અબળાથી નહીં સહન થઇ શકાયું અને તે અપમાન સાંભળી તેનાં હાડેહાડ ધ્રુજ્યાં. તે હાલ એટલી બધી ઉશ્કેરાઈ ગઇ હતી કે તેણીના નાકનાં ફીફરાં ઉડતાં હતાં, તેણીની છાતી એક જોરથી ચાલતી ધમણની માફક ઉઠ બેસ થતી હતી અને તેણીની આંખોમાં અંગાર ચમકતો હોય તેમ દેખાતું હતું.

હવે તેણીના વર સાથેનો તેણીના છેલ્લો મેલાપ અને તે વખતે તે કેવો ધાટકી પુરસાર થયો હતો, તે સઘળું તેણીને યાદ આવી ગયું, અને તેણીને થયલા તે અનુભવને આધારે તેણીએ જોઇ લીધું કે તેની સાથે સદરહુ કરવી અને એક પથરની લાકી સાથે માથું ફોડવું એ બરાબર હતું, અને તેને તાબે થવા તેણીનાં સ્વમાને હવે સાફ ના પાડી.

અને તેની સામે ઉભેલા મહેમ ટગર ટગર જોતી તે અબળા એક રાંકી જેવા હેરેશથી જ્યારે ઉશ્કેરાયલી હાલતમાં ઉભી હતી ત્યારે જે ખુબસુરતીથી તે દીપી રહી હતી તે ખુબસુરતી એવી હતી કે બ્રીજર મોત પોતેજી જો તે વખતે તેણીના જાનને પોતાને હવાલે લેવા આવ્યું હતે તો તે જાત ધરાવનાર ઔરતની ખુબસુરતી જોઇ તે ત્યાંથી પાછું ફરતે!

બસ, તેણી પોતાનાં મનમાં એક મક્કમ ઠેડાલ કરીને પોતાની તેમજ આગળ ગઇ અને પોતાના હાથમાંનો પંખો એક ઝટકે ભાંજી તેની તરફ જોઈને તે બોલી—

"જુવો, જ્યારે આપ પંખો પોતાની મેળે આપો એશે ત્યારેજ મારે આજે તમે ભાંજીને જુદા કીધું દીલ પાછું જોડાઇને એક આંગી થશે. આજે તમુને ઉંચે ઢાહાડે ઉંચું સુઝ પડેછ, પણ યાદ રાખજો કે એક વખત એવો આવશે કે જ્યારે સાચી વાત શું છે તે તમને જાણશો અને તેને ખરી તરીકે જ્યારે તમે માનશો ત્યારેજ સમજશો કે તમે મને નાહકની બદનામ કરી મારાં સુખનું સત્યાનાશ વાળ્યું છ, પણ એ બધુ તમે જ્યારે સમજશો ત્યારે મારી માફીને માટે ઘણુંજ અસુર થયું હોસે એમ ખાતરી રાખજો. મારાં નાધલાં પુલ અચ્ચાંને ખાતરખી તે વખતે તમને મારા પરણ્યા ખાવંદ તરીકે હું કબુલ નહીં રાખસ અને આપણે છુટાં પડ્યે તે અગાઉ સમજી લેજો કે ઢાળ શ્રીરાજશા પટેલ કરતાંથી તમે આજે મારી નજરમાં વધુ હેઠાણમાં ઉતરી પડયા છેવો; જાવો તમારું સુઝ્યું કરો અને મારી વિરૂધતા તમારા મુકદમામાં હું બચાવ કરવાથી ઉભી રહેવાની નથી, કેમકે તમારા જોરની સામે તેમ ઉભું રહેવું એ હું મારા દરજ્જાથી હલકું સમજું છ; બસ વધારે મારે કાંઇજ કહેવું નથી, માટે હવે આંહીયી તમો જશો! તમારી હાજરી હવે મને અકારી અણુગમતી થઇ પડીછ."

ઘડીભર તેણીનું આ બોલવું સાંભળી જમશેદજી દંગ થઇ ગયો. તે હવે શું બોલે? શ્રીરીને તેવાનુને બોલવા માટે જગ્યાજ ક્યાં રાખી હતી? એક ઔરત જેનાં હૈયાંમાં પાપ હોય તે એમ એટલું બધું બોલે? તેવણે વિચાર્યું; પણ વળી પાછું તેવણે પકડેલું પેલું કમબખ્ત કાગળ યાદ આવ્યું અને તેવણે ધાર્યું કે શ્રીરીનના તે બધા ટોંચ હતા. "ઠીક છે" તેવણ બોલ્યા "જેમ તારી મરજી; હું હમણાં પાંછો 'કોનાટ' માં જનઉ અને સહવારની ગાડીમાં મુંબાઇ જવસ ને 'તાજ માહાલ' માં ઉતરસ મને કાંઇ લખવું સુકવું હોય તો મારા વકીલને લખજે"

"નહીં, મારે કાંઇજ લખવાનું નથી."

એટલું સાંભળી જમશેદજી તે ઓરડો છોડી ચાલતા થયા અને થોડેક વારે તેવણ બંગલામાંથી નીકળી આવ્યા.

ત્યારે એ રીતે શ્રીરોજે શ્રીરીનનાં મનની શાંતી કરવા જે કાગળ લખ્યું હતું તેણે તો ઉલટું તેણીના સત્યાનાસની ઉપર સેવટનું રીલ માર્યું હતું. અને જ્યારથી તે બે ઘણી ઘણીયાંની વચ્ચે એ ખટપટ ઉભી

થઇ ત્યારથી તે છેક આજે શીરીનને તેણીના એકાંતવાસ હવે ખટકવા લાગ્યો હતો, અને બાજીની જીંદગી હવે તેણીને નામોશીભરી તનદાયમાંજ ગુજારવી પડશે એ વિચારથી તેણીનાં આંગમાં ઠંડીનું એક લખલખું ભરાઇ આવ્યું.

પ્રીરોજનાં તે કાગળમાં શું હતું તે જો તેણી જાણતે, તે વળી મુંબાઇ જઈ બધું સમાધાન કરી આવ્યો હતો તે વાતથી તેણી વાકેફ હોવે, તો જમશેદજી સાથે કેમ કામ લેવું અને શું તકરાર કરવી તેની તેણીને સમજ પડતે; પણ ના જમશેદજીએ તેણીને તે કાગળ વાંચવા દીધું કે ના તેણીને તેવણે પ્રીરોજની મુલાકાત વિશે ખબર આપી, એટલે તેણીતો માત્ર એટલુંજ સમજી અફસોસ કરીને રહી કે જમશેદજીથી તેણીને છુટી કરી પોતે તેણીને મેળવવાનો વાહીયાત ખ્યાલ હજી ડાકટર પ્રીરોજે છોડયો નહીં હતો, અને બારણને જ્યારે તેણીએ જાણ્યું કે ડા૦ પ્રીરોજ લાંબા વખતને માટે મુંબાઇનો કીનારો છોડી ગયો હતો ત્યારે તે વિશે તેણીની માનસીક શાંતી થઇ હતી. તેણીએ મનમેં નકકી માન્યું કે તેણીની સામેના કેસ પુરો થઇ તેણી છુટી થાય ત્યાં સુધી તેણે બાહારજ રહેવાનું પસંદ કીધું હોવું જોઇએ.

એ મુજબ પ્રિય વાંચનાર, સુધરવાપર આવેલી બાજી પાછી બગડી ગઇ હતી.

પ્રકરણ ૮ મું.

ગયાં પ્રકરણમાં બનેલા બનાવપર એક વર્ષ પસાર થઇ ગયું, અને ડાકટર પ્રીરોજ પોતાની જીંદગી પુરી કરી એકવાર પાછો મુંબાઇમાં ફરતો હરતો થઇ ગયો હતો. એક વર્ષ! અને તે એક વર્ષમાં શું શું દુઃખદાયક બનાવો બન્યા હતા તેની તેને કાંઇજ ખબર પડી ન હતી. શૈદાની શીરીનના કોંટેથી છુટા ઉંડા થઇ ચુકયા હતા અને તે જેના હાથમાં એ બેબીની નામોશીનો બટકાવ કરવાનું હતું તે મુંબાઇમાં બનતા એ બનાવનાં અજાનપણામાં ખુશાલ દુર દેશાવર ભટકતો ફરી હતો. હવે ત્યારે મુંબાઇ આવી તેને જ્યારે પહેલો વિચાર શીરીનનો થયો ત્યારે તેણીતો તેણીને પોતાના બ્હાલા ખાવીંદ જમશેદજી અને બ્હાલી બેબી તેહેમીનાં સુખમાં દીવસો ગુજારતીજ હોવી.

મુંબાઇ આવી પોતાને બંગલે હરીધામ થતાં સાંજે તે પોતાનાં માનીતાં ધામ પારસી જમખાનાંમાં ગયો. બાહાર ઓરડામાં કશી ધમચકરી હંમેશની માફક ન જણાતાં જમણી તરફના એક ઓરડામાં તેણે ડોકાવ્યું તો ત્યાં સાત આઠ મેમ્બરો સાથે ગુચ્છળું વળી. કાંઇ વાતચીતમાં રોકાયલા તેણે જોયા, અને હસ્તે મોંદે પોતાની પીકકેપ ઉતારી બન્નેને સામટી 'સાડે' કરતો તે તેઓ વચ્ચે જઇ ઉભો.

"એ એમ કાંય? હું બુનબુન હોવું તેમ મને બધા ટીકાઇ કાંય?" તે બોલ્યો. "કાંઇ તો જરા મને 'વેલ કમ' કરો."

"અલ્લો! એ તો આપણો ડા. પીરોઝ" એમ બોલી માણેક વાચ્છાએ તેને શેકહેન્ડ કરવા પ્હેલો હાથ લંબાવ્યો.

"કેમ્પ. માણેક, કેમ છે? હજી દીકરા વચ્ચી કે? જમશેદ, મેહેરબાં ઝરુ કેમ છે?"

"વૉટસ અપ, ફ્રેન્ડઝ? એ આજે બધા મારી ગમ કાંય જોયા કરોછ? કોઇએ મારાં મોંદાપર મેસ બેસ લગાડીછ કે? ચામોરની વાળા કસબનો વા બ્હારે જમખાનામાં તો નથી ઉડી આયો?" એમ બોલી પ્રીરોજે રૂમાલે પોતાનું મોંહું તુંછી રૂમાલ સાફ જોઇ પોતેજ હસ્યો.

"ડાકટર સાહેબ, વાત એમ છે કે જે એક્ટ્રેકટ વખતે તમારી હાજરી ધણીજ જરૂરની તેજ વખતે તમે સમ્રેડા તીન પાડે કરી જવા કેંદે પોંચારા માંથી ગયા તે તમારી ચાલ તમારા આપ કેન્ડાઓને જરા રૂચી નથી." હોમી ભાષા જે એક સારી વકીલ વાયો ઉધરતો સોલીસીટર હતો તેણે વાત છેડવાની શરૂઆત કીધી.

"ફ્રેકટ વખત-મારી હાજરી? એમ રીયલી સૉરી-શું કોઇ માનીતા ફ્રેકટરની ફ્રેકટ કારકીર્દીની સીલ્વર જુબીલી હતી કે દુનયાની મુસાફરીએ ફ્રીકટરોને લઇ જવાનું હતું તેની મીટીંગ હતી? કોઇ કાંઇ બરાબર બોલે તો માલમ પડે હતી?"

"ત્યારે શું તુંને કાંઇજ ખબર નથી?" ધન કોલસા દલાને પોતાની માજરી આંખો પરીરાજ પટેલના ચહેરાગમ ટકિકી રાખી તેને પુછયું.

"ઓન માય વર્ડ ઓનર, મને કાંઇજ ખબર નથી, અને અતરનું કોઇ પેપરજ નહીં મળ્યું હતું, ધન ફૅકટ હું તે મેળવવા માંગતોતોજ નહીં, કેમકે ચોકસ મુદત સુધી મારે મુંબાઇને ખોળી બાળી મુકવાનું હતું."

"ત્યારે તુંને પેલા છુટા છેડાની કાંઇજ ખબર નથી?" માણેક વાળાએ તેને પુછયું.

"છુટા છેડા? પેલા છુટા છેડા એટલે કયા છુટા છેડા?" ફિરાને ખરેખરજ અજાણ થઇને પુછયું અને તેની એ પ્રમાણેની અજાણપીને માત્ર ઢોંગ સમજી એક ઉંડાખમ મેમ્બર જેને પરીરાજને નામની ઢાકણ હશે તે બનેલું હાકેદર પરીરાજનાં એ અજાણપણા પરિણે શકમંદ હોય તેમ હસી પડયો.

"એ શું છે મને કેહેતો ખરા, મને કાંઇજ ખો ખુદા, મને ખરૂં નહીંતો—"

"સબર, સબર, તું ગભરા ના. આપણે ડોન્ટ બી પુલસ" એમ બોલી માણેક વાળાએ પરીરાજની આ લાગણી ભરી હાલત જોઇ ત્યાં કેટલાક હસી મસ્કરી કરનારાઓને ડોળા કઢકાવ્યા "હીયર, બોય, પ્લીઝ વન પેગ બ્રાંન્ડી એન્ડ સોડા—પરીરાજ તું જરા બેસ, હું તુંને બધી વાત કેહું છું, પણ તે પહેલાં જરા મેં બ્રાંન્ડી સોડા મંગાવ્યોછ તે લઇ લે"

"નહી મને પહેલાં કહે, માણેક કે શું જમશેદજી ગોઠવાયે—"

"હા, ખરી વાત છે, પરીરાજ, શેઠના વિરૂધ્ધ ગોઠવા અને ડા૦ પતેવરાવાલા મુકદમો, ત્રણ મહીનાની વાત ઉપર નીકળ્યો અને ડીઠી ઓપસોલ્યુટ થઇ."

"ત્રણ મહીના થયા! ગ્રેટ હેવન્સ!" અને આ છેલ્લા શબ્દો ડા૦ પરીરાજ એવી તો દુઃખદાયક હવે પુકારી ઉઠયો કે ધડીભર તેની આસપાસ એકઠા મળેલાઓની ગમગીન અને ગંભીર બની ગયા.

પેલો ઉજબખ મેમબર જે પહેલે પરીરાજની અજાણપણાને માત્ર એક ઢોંગ માની હસી પડયો હતો તે હવેમે ત્યાંથી ચલી ગયો અને તુરત બાર આગળ જઇ બોય જે બ્રાંન્ડી સોડા લાવતો હતો તેના હાથમાંથી તે પોતે લઇ પરીરાજ આગળ દોડી આવ્યો.

"હેવો ડાકતર, જરા બાય લઇ હેવો કે તમુને કાંઇ સુજ પડે."

પરીરાજેથી તે લેવાની જરૂર જોઇ અને તેના હાથમાંથી તે તખ્મસર લઇ એક ટાંસે તે પી ગયો અને તખ્મસર બાજુની એક તેજલપરજ મુકયું.

"કાંઇ વધુજ ગંભીર ભુલ થઇ હોરી જોઇએ, કેમકે મુસાફરીએ ઉપડયા અગાઉ જમશેદજીને મળીને મેં બધી ખુલાસો કર્યો હતો અને તે તેવણ સાચેજ માની પોતાની બૈરી સાથે સલાહ કરવા મારીજ સાથે મુંબાઇથી પુને આવ્યા હતા! અરરર, બીચારી નીરોહ છોકરીની જીંદગી ધુળ મળી ગેઇ! હવે?"

તેના સાંભળનારાઓની તેની તરફ દીલસોજીતો બેચેન પણ તે વાત કાંઇ તેઓના માન્યામાં ન આવી. કાંય? આગળ જણાશે.

"ધણી ડેમનીંગ એવીડન્સ તો એક કાગળની પણ જે કાગળ તમે મીસીસ શેઠના ઉપર લુન મહીનામાં લખ્યું હોસે ને તે કાગળ કોઇ સંજોગે જમશેદજીના હાથમાં ગયું હોસે. અલબત હુંતો પેપરોને આધારે કેહું છું. જો તે કાગળ તમેજ લખ્યું હોય તો મીસીસ શેઠના પોતાના આબરૂ છુટકારા માટે તેનેજ આભારી હોવી જોઇએ." માણેક વાળાએ ખુલાસો કર્યો, અને ત્યારેજ પરીરાજને અફસોસ કરવાનું બન્યું કે તે કાગળ જે તેણે તા૦ ૨૨ મી જુને એટલે તેના ઉપરમાની એક દીવસ આગળ લખેલું તે કદાચ જમશેદજી હાથમાં જવાથી જમશેદજી, જેવણ આરવને એટલે ૨૩ મી જુને શીરીનને મળવા જનાર હતા તેવણ તે કાગળ વાંચી પોતાનો વિચાર ફેરવી તેજ રાત્રે ત્યાં ગયા હશે અને બધું રદ્યુચ કકર થઇ ગયુ હશે!

"અરરર, કયાંનું કયાં તેણે તે કાગળ લખ્યું!" હવે તેણે મનસે વિચાર્યું "બીચારી શીરીનને આજે એક રાતની કંગાળપતમાંથી બચાવવાની તેની તજવીજે તો તેણીને સદાની જીંદગી સુધીની કંગાલપતમાં નાંખી

હતી! હવે કરવું કેમ? શીરીનનું હવે શું થયું હશે? અને તેને પોતાને માટે તે બીચારી શું ધારતી હશે?

"માણેક" તે માણેક વાળા તરફ જોઇને બોલ્યો તો ખરે કે પોતે જે કહેવાનો હતો તે ત્યાં બેસા મેલલા બધાઓને કહી સંભળાવવાની તેની મતલબ હતી "તે કારણમાં એવું કાંઈજ નહીં હતું; જમખાનાં એવાં એક કલંકરૂપી મકાનમાં મીસીસ શેઠાને લગતી કાંઇબી ચુનોચેરા કરવી જો કે વાજબી નથી, તોપણ, હું હવે રૂબરૂ લેવું તે અગાઉ મારે એટલો તો ખુલાસો કરવાની મારી ફરજ છે કે મીસીસ શેઠના તમામ નિરદોષ છે, એમ હું તુંને અને બધાઓને મારી પ્રામાણીક ખાતરી આપું છું. તમો ઓ માનો યા ન માનો પણ એ ખાતરી હું મર્દા મરદભમ માયજના કસમથી તમોને આપું છું. જો, હું જાણતે કે મારા આટલા ખુલાસા પછીબી જમશેદજી પોતાની પરણેતર સામે 'પ્રેસીડન્ટ થનાર છે તો હું કદીબી મુંબાઇથી બાહાર દેહે જતેજ નહીં"

એટલું બોલી બીજી થોડી ઘણી વાત કરી ડા૦ [illegible] ત્યાંથી ચાલતો થયો.

પ્રકરણ ૯ મું.

એ અહું શું થઇ ગયું?

ડા. દ્રિરોજ જમખાનામાંથી નીકળી પોતાને બંગલે ગીયો ખરો પણ તે કશી ઝુમરમાં ન હતો; અરે ઝુંમર શું જાણીએ? તેનું મગજજ ઠેકાણે ન હતું. તેનાં મગજમાં આગના સોળા ઉઠી તેનું બેલું ભુંજાતું હોય તેમ તેને લાગ્યું. શીરીનના છુટા છેડા થઇ ચુકયા હતા, ત્યારે તે હાલ ક્યાં હશે અને હાલ તે શું કરતી હશે તેના વિચારે તેને દેવાનો બનાવી મુકયો. નહીં તેને બેહેલા કાકા સાથે વાત કરવા ગમી કે ના તેને જમવા ગમ્યું. બંગલાના હૉલમાંજ તે એમનો એમ ડગલા ફેંટા સાથેજ માથે હાથ દેઇ કપાલનો ચીલ્લો ચઢાવીને બેઠો.

હજી તો રાતના સાડાસાત આઠ થયા હતા અને હાલ તેણે કરવુંબી શું, જવુંબી ક્યાં, અને શીરીનનો ભેળા ભેળવાબી કેમ?

હવે તે ધ્યાનમાં ને ધ્યાનમાં 'ટાઇમ્સ' લઇને બેઠો, પણ તેનું ધ્યાન લાગેબી કેમ? તે બાલુએ દેખ્યું અને હાથમાં જમે લીધું અને તેબી એમ તેમ ફેરવી બાજુએ મુકવા જતો હતો તેટલાં તેની નજર

"સુરીદે શક."

(એક નાટક)

બહેમાયલા ભરથારની કાંહાણી.

એ મથાળાં ઉપર પડી અને ચોપાને તે બાબદ વાંચવા તેણે 'જમે' પાછું પોતાની નજર સામે ધર્યું. તે મી૦ કાવસજી ખટાઉના જાણીતા મુરીદેશક નાટકનો રીવ્યુ હતો અને તે તેણે આખો વાંચ્યો. તેણે તે પાછો વાંચ્યો અને તેને લાગ્યું કે આખો નાટક જાણે ચોપાટ ફેરફાર સાથે શીરીન અને જમશેદજીની જીવતી જાગતી કાહાણી ઉપરથીજ લીધો હતો! તે રીવ્યુપરથી તેણે જાણ્યું કે તે પ્લે આજે રરજે થનાર હતો અને તેણે તે જોવાના ટેરાવ કીધા અને જમવાનું કહ્યાની ખુશખબર ખાઇ લઇ તૈયાર થઇ તે તે નાટક જોવા નીકળો અને ટોટનની ગેબડી નાટકશાળા જ્યાં તે નાટક તે રાત્રે રજુ થનાર હતો ત્યાં તે ગયો અને ઓરચેસ્ટ્રા કરતાં ગેલરી તેને વધુ સગવડ ભરી લાગવાથી ત્યાંની ટીકીટ લઇ ગેલરીની આગલી હારમાં તે ગોઠવાયો. નાટક એકતો જોકનો માનીતો એટલે તેને નાટકની તે રાત્રે ગેલરી અને તેબી વળી આગળી હારની ટીકીટ મળેબી શાની? પણ આજ કાલ નાટકવાલાઓ બાહારના ખવાશીઓને ટીકીટ આગમજથી વેચી નાંખી પરવાડી જવાનું જે શીખ્યા છે તેનો ડા૦ રીરોજે લાભ લીધો હતો, જો કે તેમ કરતાં તેને તે ટીકીટનાં ખરાં દામ કરતાં બેવડું બલ્કે લગભગ અઢી ગણું દામ આપવું પડયું હતું!

એ નાટકવાળા સાહેબો અને તેમી આવો કેફેહ મંદ જોનાવર પ્લે રજુ કરનારા માણેકા એમ કાંઇ કરતા હશે? શું નાટક જોવા આવનાર શોખીનોમાં એવું દેખાડવા કે કાહાડાઓ આગમજથી ટીકીટો ખપી ગઇ છે? પણ ત્યારે એવા-છોકરા પંદર વખત જોય તો ન ખરાય તેવા-નાટકના સંબધમાં અમેા ધારયે છીયે કે નાટકના માલેક સાહેબોની એ અધિરાઇ

ફ્રેકટની છે, કેમ કે જો તેઓ નાટક જોનાર શોખીનો ચાટેથી ગમેતા કાંઇક વધુ દામે ટીકીટો વેચાતી ખુદે તો અમો ધારીઅરણી માનતા નથી કે તેઓને કશી ચીંતના અવકરા પડે. હશે, જેવી તેઓની મરજી કેમ કે હાલ આપણે કાંઇ તે સાહેબોને બોધ દેવા નથી બેઠા.

ડા. ફ્રિરોજે ત્યાં ગોઠવાઇ ઓરચેસ્ટ્રામાં નજર ફેંકી તો તેણે તેની બરોબર ધણીજ અલ્પથી વચ્ચેજ જમશેદજી શેઠાનને એક સીટ ઉપર ગોઠવાયલા જોયા અને બરોબર જમશેદજી શેઠતા જોવા એક ગંભીર આદમી 'મુરીદે શક' જોવા નાગીયા નાટકને એક સીટની ચેંટૂનેજ આપવા આવે તેમાં અજબ થવા જેવું હતું જ નહીંજ, પણ જ્યારે ફીરોજ જાણતો હતો કે એવા અને એથીએ સરસ ઇંગ્લીશ કંમ્પનીના નાટકો તેની સાથે બાતો પોતાની પરણેતર સાથે જોવા આવવાની જમશેદજીએ કોઇ દીવસથી કાળજી જતાવી ન હતી ત્યારે હાલમાં તેમને એક ઉરદુ નાટકમાં ગોઠવાયલા જોય ફીરોજને જો અચરતી લાગી હોય તો તેમાં તે વાજબીજ હતો.

"કદાચ એમ્રી" ડા. ફ્રિરોજે વિચાર્યું "મારી આફક્ત ભમેમાં રીન્યુ વાંચીને તો નહીં આવ્યો હોય?"

હોયથી અને નહીં પણ હોય–પણ જમશેદજી ત્યાં બેઠા હતા અને તે નાટકમાં જે બનવું હતું તે ઘણું ખાનથી જોતા હતા એ ખરૂં હતું.

પણ જ્યારે ફીરોજે જોયું–અને તે જમશેદજીની દીકરાયાં ઘણું ધ્યાનથી જોતો હતો–કે જમશેદજી પેલી દાસી જે તે વખતે મરહુમ અમૃત નાયક થતો હતો તેની વહેમી બાદશાહ સાથેની તકરાર–જે બરોબર એ આખા નાટકમાં એક 'માસ્તર પીસ' છે તે–સ્ટેજ નરફ ટીંગાઇ તલ્લીન એકાગ્રતે ધ્યાનજ ધ્યાનથી જોતો હતો ત્યારે તેની ખાતરીજ થઇ કે જમશેદજી તે નાટક રૂકૃત એક નાટક તરીકેજ જોવા નહીં પણ તેને પોતા ઉપર વીતેલી કહાણી સાથે કેટલેક દરજ્જે સરખા અણીમાં મળતો આવતો જણીનેજ ત્યાં આવ્યો હોવો જોઇયે અને વળી વધુ ખાતરી તે વિશેની તેને ત્યારેજ થઇ કે તે તકરારવાળો સીન પુરો થતાંજ પારશી ઉઠીને જમશેદજી ત્યાંથી ઉઠી ગયો અને તેની પછીના સીનોમાં તે દેખાયોજ નહીં હતો. હવે પાછું તેનું ધ્યા સામે ચાલતા નાટક ઉપરથી ખસી ગયું અને વાજીબ આજદપર તેણે પોતાનું ભેજું ચોક્કું માંડ્યું.

"શું તે બીચારીનેજ કેદમાં આવવાની પડી હશે કે?" તેણે મનમેં સવાલ પુછ્યો "અને તેણીને આવવાની ફરજજ પડી હોય અને તે બી ને ત્યાં ઘર દેટમાં આરીજ હશે તો તે વખતે તેણી શું હાલત થઇ હોશે જોઇયે તેનો તિયાર કરતાં કે કારી છુરી અને તેજ વખતે તે નાટકમાં તે ચહેમા ભરથારની તેણીનાં નિરદોષપણાની ખાતરી કરી તેને પે ની તરફ પાછો એંચવાની જે તે અશ્રુઓએ યુક્તિ રચી હતી અને તેથી જે તે વહેમાયેલો બાદશાહ અને તે બીબુરી પડેલી રાણી પાછાં એક થયાં હતાં તે સીન તેની સામે રજુ થયો અને તેણે મનમેં સવાલ પુછ્યો કે ફીરીનને જમશેદજી શું હજીયે એક ન થઇ શકે? નહીંજ થઇ શકે, કેમકે તે બંનેની છેંદગીમાં બનેલા સંજોગો તથા તે બાદશાહ અને તેની રાણીની છેંદગીમાં બરપા થયલા સંજોગો ઘણે દરજ્જે જુદા હતા. મુખ્ય વાતતો એજ હતી કે આખેર તે બાદશાહ પસતાયો હતો અને પોતાની રાણીને મરણ પામેલી સમજી તે હવેરોબાવરો બની ગયેલ હતો અને તેથીજ તે રાણી અને તેની કુદરતી દિલસોજ દાસીને તે પુતળાંવાલા સીનમાં રજુ થતું. ચોકકું ગોઠવાતું રહેલ થયું હતું! ત્યારે જમશેદને તો કશો પસતાવો હતોજ નહીં! તો કાંઇ પોતાની કમનસીબ પરણેતરને મળવાને તલપજ કરતો ટવળતો હતો નહીં? એટલે તેઓને સવાલ કરાવવાનો અને તે કરવાનું કોઇ માથે લેય તો તે કામ પાર ઉતારવાનો બ્યાલ ઘણો દુરદુરજ હતો, એમ તેને લાગ્યું.

પણ, હા એ વાતતો તેના બ્યાલમાં આવીજ નહીં કે જમશેદ આજે નાટક જોવા આવ્યો હતો! કોઇ દાહાડે કોઇ નાટકમાં નહીં ને આજે તે એક ઉરદુ નાટકમાં આવ્યો હતો, તે નાટક તેણે ધ્યાનજ ધ્યાનથી જોયેલ હતો, અને વળી પેલી દાસીની બાદશાહ સાથેની તકરાર પછીના સીનથી જે તે ઉઠી ગયો હતોતે તો ત્યાં પાછો ફરકયોજ નહીં હતો, ત્યારે શું તે સીનથી,

તેની ઉપર કાંઇક અસર થઇ હતી? જો તેમ હોય તો, તાને ઘાએ કોઇ કૂટકો મારે તો શું તેની અસર તેવણ પર નહીં થાય? થાય, પણ કઇ રીતે? શું તદ્દબીરથી?

નાટક પુરો થયો, લોક બધું ઘરોઘર નાટકશાળા-માંથી નીકળવા લાગ્યું અને તેઓ સાથે ડા૦ ફ્રિરોજ બી નીકળીને અને લાગેલા પોતાને બંગલે ગયો.

બંગલે જતાંજ બેહેલા કાકા જે બીચારા પોતાના જવાન શેઠની વાત જોતા વરંડામાંજ એક બાંક પર કાને રૂમાલ બાંધી બાંક ઉપર બંન્ને પગો વાળી તેમને પોતાના ઊંઢ હાથેના કબજામાં ટેકણી ભીંતે અઢેલીને બેઠા હતા તે પોતાના શેઠને ગાડીમાંથી ઉતરી બંગલામાં આવતો જોઇ ચોંકીને ઉભે થયો.

"બેહેલા કાકા, તમુને મેં સત્તર વખત ના કહ્યું કે તમે મારે વાસ્તે જાગો ના; હું આખી રાત નહીં આવતે તો તમે બેસી રહેતે કે? પછી તમે મરવા પડશો તો તમારું કોણ કરશે? જાવો સુઇ જાવો ને જુવો સહવારે વળી વીરતીરમાં પડીને ઉઠતા ના, કાંઇ નહીં આરતે રેહીને ઉઠને સમજોછ કે? વારૂંછ! તે કયાં સુધીનું? શેનની કીંમાંમણ કાંઇ સુધી કે?"

બેહેલા કાકા વારૂંછ કરીને ત્યાંથી વિદાય થયા કે તેની પછવાડે હસીને ટીકતો તેનો શેઠ ઉભોજ રહ્યો.

"મા ખુદા, એ બુઢો જો આજે નહીં હતે તો મારૂં શું થતે? બીચારો કેવો ભલો છે! ભલાં માણુસને કેહેવું છે કે હવે બેઠું કે આપું' તે લઇને ઇચ્છાપોર ગગડી રેહો, તો કેહેજે 'હેહ ઉંતો હીજ મરવાનો' વળી ઉલ્લુ ચોપો છે કે મહીને મહીને પગારણી યાદ દેવાડીને લેતો નથી ને વળી સમ્માવતે બાહાદુર એવો થવા જાય છ કે' મારે કામે ખરચેલા પૈસાની પાકા માંગી લેવાની કનવાર નથી કરતો! હોય એ ખુદા પાસે એજીજ ભેલાઇ અને ભોળાઇ બખાણી લાયો હોસે તેને આપણે શું કરશું?"

બેહેલા કાકાનો ખરેખર ધણીજ છ૭ ડા૦ ફ્રિરોજ પર હતો. બેહેલા કાકાના બાપ ડા૦ ફ્રીરોજનાં મમાંઇ મમાવાને ત્યાં નોકર હતા અને બેહેલા કાકાજી લગભગ ર્વાંસ ઉંધરીને મોટા થયા હતા, અને જ્યારે ડા૦ ફ્રીરોજનાં બાપ ફ્રીરોજના બાપને ત્યાં પરણી આવ્યાં ત્યારે જાણે બેહેલા કાકાને પોતાની સાથે રીતમાં લઇ આવ્યાં હતાં અને ત્યારથી બેહેલા કાકાએ ફ્રીરોજનાં મમાંઇ મમાવાને ત્યાંની ઇમાનદારી અને જાનફેશાની ફ્રીરોજનાં બાપને ત્યાં ત્રાન્સફર કીધી હતી; અને તેમાં વળી ફ્રીરોજનાં માના ગુજર્યા પછી તો ફ્રીરોજને તેણે તન મન અને જાન અર્પણ કીધાં તે એટલે સુધી કે તેનાં માયજીની દૈયાતીમાંતો તે ભલો માણુસ જરા તરાણી આહાર નીકળતો હતો, તેની એક વિધવા બેહેન જે એકલી બીચારી મજગામ મર્ઝબાનની રહેલીપર રહેતી હતી તેનેપણ આંઠ દાહાડે પંદર દાહાડે મળવા જતો પણ પોતાની શેઠાંણીનાં મરણ પછી તો તેણે કેટે જવા આવવાનું બીલકુલ બંધ કરી પોતાની તે બેહેન પુરી બેહુનપણી ઓવારનીવાર કરી મુકી હતી.

તે બીચારી તેને કોઇવાર મળવા આવતી હતી કેમકે ભાઇની લાગણી બેહેન ઉપર ગમે તેવી હોય તે છતાં ભાઇ ઉપર બેહેનનાં હેતની વાત ઓરજ છે, અને જ્યારે મળવા આવે ત્યારે તે બીચારી પરીયારો કરતી કે,

"બેહેરામજી, બેહેન મરેછ કે જીવેછ તે જોવાતો કોઇ દાહારે આવો! અમસી બેહેન એક દાહાડો મરી જશે ને લોકા લોક નાંખી આવશે પંણ અખર્ચ રહ્યા ભાઇને તેની ખસરખા નહી પરવાની!"

"તું'ને કાંઇ થવાનું નથી, કુમળી, તુને મળવા આવું તો આય મારા ચોર્યાને કોણ પર મુકીને આવું?" એમ બેહેલા કાકા તેને સાફ પરખાતી દેતા.

કયાં છે આજે તે બેહેલા કાકાઓ? ખરેખર પગેપગ અઠવાડા બાંય બતલર આયાઓ અને દેઢ દુજાંઓની ધુમ ચકરીમાં તે બીચારાઓની જાત ગોવા આજે નાબુદ થઇ ગઇ છે.

ડા૦ ફ્રિરોજ બેહેલા કાકા સાથે હમામોર કરીને પોતાના ઓરડામાં ગયો. તેણે કપડાં કાઢયાં અને ઢોળવા પર પડ્યો પણ તેને ઉંઘ આવી કે?

અરે આજે ઉપરાસાપરી બનાવો એટલા બન્યા હતા કે ઢોળપાપર સુતાંજ તેને નીરાંતે ઉંઘ આવી એમ ધારવું તે તેને ગોવા દેવાં સુહુનો જાહેર કરવા બરાબર હતું.

નાટકમાંથી ઘરે આવતાંજ તેણે વિચાર કરી રાખ્યો હતો કે શીરીનને હોકની નજરમાં કેમ નિરક્ષણ જાહેર કરવી તેના તેણે કાંઇ તોર શોધી કાઢવા અને તે વિચાર અમલમાં મુકવા તે ઠોળયા પરથી ઠલાંગ મારી ઉઠયો અને એક ફર્નીચેર ઉપર પડયો.

શીરીનનું શું થયું હતું અને તે હાલ ક્યાં હતી, કેમ હતી, એ સંબાધો એહલા કાકાને પુછવાનું તેને ઘણું મન થયું, પણ તે વિચારજ તેને ગમ્યો નહીં. જમખાનાંમાંથી તે સાંજે શીરીનની બાબદમાં જે ચાવાચીવી થઇ હતી તે તેને ગમી ન હતી પણ તેમાં તેનો ઈલાજ ન હતો.

શું કુદરત છે કે શીરીન જો શીરીન છુરી થાય તો તેને પોતાની કરવાને તત્પર હતો, પણ આજે જ્યારે તે છુરી થઇ ચુકી હતી ત્યારે તેને દુંડી કાઢી પોતાનો તે વિચાર અમલમાં મુકવાનું તેને તો ભાનજ આવ્યું ન હોતું. બસ આજે જે વિચાર તેને ઘેરતો હતો તે એજ હતો કે તેને તેણીનાં નામને લાગેલા કલંકમાંથી મોકળી કેમ કરવી?

હવેજ તેને જ્યારે જમખાનાંની વાત યાદ આવી ત્યારેજ તેને પોતાની ઉપર કહેર છુટયો કે નકામું શીરીનપર તે ન્હેરત કાગળ તેણે લખ્યું હતું. બીચારીએ આટલી રાતતો માઠા અગાધ દુઃખમાં કાઢી હતી અને હવે એક રાત વધુમાં શું ખાડું મોડું થઇ જવાનું હતું કે તેણે ઉતાવળ કરી તે કાગળ ચીતરી કાઢયું હતું. જમખાનામાંજ માણેક વાળાએ કહેલું તેને યાદ આવ્યું કે 'ઘણી ઉંમતીજ એવીસ-સતો એક કાગળની પડી, જે કાગળ તમે મીસીસ શેહના ઉપર લખ્યું હશે અને તે કાગળ કોઈ સંજોગે જમશેદજીના હાથમાં ગયું હોયે' અને હવે તેને સમજ પડી કે કાગળ શીરીનને બંગલે તેણે મોકલ્યું તે વખતે શીરીન ત્યાં ન હશે અને તેટલાં જમશેદજી સહવારે પોતાને બંગલે જવાનો પોતાનો વિચાર ફેરવી તેજ રાત્રે ગયા હશે અને તે કાગળ તેવાનુના હાથમાં આવ્યું હશે! એમ જો હોય તો તે કાગળમાંની બાબદ વિશે શીરીનતો માહીતગાર હશેજ નહીં અને તેમ જો હશે તો તે કાગળમાં શું જુદું અને તે પોતે પુના અને પછી મુંબાઇ એકાયક કાંય છોડી ગયો હતો તેનીબી શીરીનને ખબરજ ન હશે, ત્યારે તે બીચારીએ તો એમજ ધાર્યું હશે કે તેની મતલબને ખાતર-તેણીના ખાવીંદથી તેણીને છુટી થવાની જોવાને ખાતરજ-તે અતરેથી દુરદરાજ ઉપડી ગયો હશે.

હવે તેને એકવાર ફરીથી જમશેદજીને મળવાની લાલચ થઇ અને તે જો કે દુબલો માણસ શ્રીજીને વળગે તેવીજ માત્ર કેશેરા તેને લાગી તે છતાં તે લાલચને એક પકડું વ્યવહારૂ રૂપ આપવાનો તેણે ડેાળ કર્યો. પણ તે ડેાળથી સહવાર અગાઉ અમલમાં મુકી શકાય તેમ ન હતું અને તેટલા માટે તેણે સહવાર સુધી ચોળવાનુંજ હતું.

જમશેદજીને મળ્યાથી જો મામલો ડેકાણુંપર આવે તો શીરીન પાસ જઇ તેણીની માંફી માંગવાની તેની પ્હેલી ફરજ હતી એમ તે સમજ્યો.

હવે જમશેદજી આગળ તેણે કેમ જવું, શું બાદાણે જવું, અને શું વાત કરવી તેના તે વિચારમાં પડયો.

એક વર્ષ અગાઉ જ્યારે તે જમશેદજીને મળવા અને ખરી વાતનો ખુલાસો કરવા પુનેથી મુંબાઇ ગયો હતો ત્યારે તે વખતે શીરીને તેને આપેલી મુલાકાતનો અને તે વખતની શીરીનની આલુજોનો તેવણ આગળ તેણે કશોજ ઇશારો કાઢયો નહીં હતો.

ખરૂં પુછો તો તેને તેટલી હદ સુધી પ્હોંચવાની કાંઇજ જરૂર પડી ન હતી, કેમકે તેને જે કહેવું હતું તે જમશેદજીને તેણે સાદી સરળ ભાષામાં કહી સંભળાવ્યું હતું અને તે સઘળું જમશેદજીએ તે ખરાં તરીકેજ માન્યું હતું. પેલું કમનસીબ ચોપડીએ લખાયલું કાગળ જો વચમાં નહીં આવું પડયું હતે તો સઘળું સમાધાનીથી પાર ઉતરતે એમ તેને હવે ખટકવા લાગ્યું.

હવે જ્યારે તેણે એકવાર ફરીથી જમશેદજીજ એ બાબદમાં મળવાનો વિચાર કાઢયો હતો તો તે એજ ડેાળ ઉપર આવ્યો કે હવે કાંસ્મી વાત બાકી રાખવી નહીં; જો જરૂર પડે તો કેરી નીચ અને સ્વાર્થિ મતલબને લીધે તેણે શીરીનવાલા કેસમાં જોયલા પ્રતિવાદી દાખલ કોર્ટમાં હાજર થવાનું તેણે માંડી વાળવું હતું.

તેમ્બી જમશેદજીને હવે આય કટોકટ વખતે કહી દેવાનો તેણે ઉશ્કેરાટ કીધો.

પણ, વાર, જમશેદજી જો એ બધું જાણતા હતા તેની વાત માનવાને સાફ ના પાડે તો? તેને વળી વિચાર આવ્યો, અને એ સવાલનો તેનાં અંતઃકરણેજ જવાબ વાળ્યો કે તેની વાત જમશેદજીએ ના પાડવાનો સંભવ થણો હતો.

ત્યારે તેમ થાય તો તેની પોતાની વાતના ટેકામાં રજુ કરવાની તેની પાસે સાબેતી શું હતી? કાંઇજ નહીં, માત્ર તેનો સુખન અને શીરીનનો બોલ!

એક જીવ સટોસટના મામલાને તેને ઠેકાંણે પાછેઃ લાવવાની એક ઇનજ્ઞાનમાં શકતી નથી એવી ખાતરી મળતાં જેટલો તેનો જીવ ટવળે તેટલોજ ટવળાટ તેના જીવને હવે થયો.

તેમ જો થયું તો શીરીનથી જીવાશેજ કેમ? તેના પરણ્યો ખાવીંદ તેની ખુચી તોડેમી અને તેની ઇજત અને તેનાં માન વગર તેની જીંદગીના ઝાકીના ઢાહાડા શીરીન ક્યાં જીવતરે જીવીને પુરા કરશે? પોતાની આખી જીંદગીમાં શીરીન એકજ અને આય પ્હેલીજ વખત ખુશી થયો કે આ બધું કાંટાનું કટેસર થયેલું જોવાને અને સાંભળવાને આજે તેનાં મા હૈયાત ન હતાં.

પ્રકરણ ૧૦ મું.

ખબરદાર! પસ્તાશે!!

બારવને અગ્યાર-સાડા અગ્યારને સુમારે ડા૦ શ્રીરાજ, શેઠનાના જમશેદજીને મળવા તેવણની કોટની ઓફીસમાં ગયો.

જ્યાં તેવણની ઓફીસ હતી તે મકાનના માળ ઉપર પ્હોંચતાં તેવણને તેના આવ્યાની ખબર આપવાને ન જોયતાં તે લાગલા તેવણના ખાનગી ઓરડામાં ગયો અને ત્યાં જમશેદજીને એક રોલ તાંપ ડરેક આગળ બેસી કાંઇ લખતા જોઇ તેને જીર આવ્યો.

તે તે ઓરડામાં દાખલ થતાંજ તેણે તેનું બારણું બંધ કરી અંદરથી પોતેજ સાંકળ દીધી કે અંદર કોઇ આવી તે વાત કરતો હોય ત્યારે તેઓને દીસતળે કરે નહીં.

"નહીં, બેસી રેહો" તેને ન્હોતાંજ ભત્રીનો ચીલ્લો ચઢાવી જમશેદજી ઉઠવા જતા હતા પણ તેવણને તેમ કરતાં અટકાવી શ્રીરાજ બોલ્યો "મને લાત મારી બાહાર કાઢવાના ઇરાદાથી તમે હમણાં ઉઠવા જતા હતા નહીં? કદાચ તમારી તરફના તેવા આચરકારને લાયક હું હોઉંખી કેમકે મેંજ પેલું મુરખાઈ ભરેલું અમાનું કાગળ લખ્યું હતું. તે કાગળ લખવાની, જમશેદજી, મારી કાંઇપણ જુરી મતલબ હતી નહીં. હવે આજે મારે જે થોહુંકે વધારે કહેવાનું છે તે તમારે સાંભળવુંજ પડશે; પછી મારાં કહેવાપર તમારે અમલ કરવો કે નહીં તે તમારું કામ છે, અને ત્યાર પછી તમારે ગમેતો મને લાત મારીને ઉભે ઢાહરેથી ગબડાવી દેજો"

શ્રીરાજને તેનાં આ ભાષાણનો કાંઇપણ જવાબ આપ્યા વગર જમશેદજીએ પોતાની ચેરટનાં ગજવાંમાંથી પોતાનું ધડવાલ કાઢી તેની સામે મુક્યું.

"તમુને ધણું તો હું દશ મીનીટ સ્પેર કરી શકસ તેટલાં તમારે જે કહેવું હોય તે કહી દેવો ને લાત મારવાના તમે પોતે ઉઠાવેલા સવાલનો મારો જવાબ એટલોજ છે કે તમને હાથ લગાડવો તો શું પણ એક ચીપ્પો વડેખી તમારાં આંગને અડકવામાં હું નજીલાત સમજું છું."

"એમ? ત્યારે તમારો એ વિચારતો ફેરવાયજ નહીં જમશેદજી કે? આગળનો—"

"બસ, વધારે વાત નહીં, તમારે જે કહેવું હોય તે કહી દેવો"

"ઠીક છે, ત્યારે શરૂઆતમાંજ મને કહેવા દેવો કે જમશેદજી તમે એક નિરદોષ અમલાનું નખ્ખોદ વાળ્યું છે."

"અં પછી?"

"આજે વર્ષની વાત ઉપર તમારા 'ડાયવોર્સ સુટ' ની આગમજ તમને પુનેથી મુંબાઈ આવી હું મળ્યો હતો તે તમને યાદ છે?"

"હા, ને પુનેનાં રેટેનના રીફ્રેશમેન્ટ રૂમમાં તમે મોગાચેગા થઇ સલાહમતી લીધી હતી અને પેલી કાળાને માળા વાલી કરીતા બોલ્યા હતા તેથી મને યાદ છે."

"જમશેદજી, ખરેખર હું આજે ગંભીર વાત કરવા આવેલ છું તમારા તાણા તપલા—"

"આહ-હા-હા, મેં તમને તાણા તપલા શું માર્યા? ઉલ્ટું તમે તે વખતે જુદા સોગંદ ખાઈને જે ચને ફગી ગીયા હતા તેની મેં તમને યાદ આપી, એટલુંજ કે ની?"

"નહીં, જમશેદજી, તે સોગંદ જુદા નહીં હતા, પણ, જે બધું કહેવાની મારી ફરજ હતી તે બધું મેં તમોને તે વખતે કહ્યું નહીં હતું; મેં જેટલું તમોને સોગંદપર કહ્યું હતું તે તમે બધું માન્યું એટલે વધુ કહેવાની મેં તે વખતે જરૂરજ નહીં જોઇ હતી."

અને પછી ડા૦ ફિરોજે જમશેદજી આગળ શીરીને તેને આપેલી મુલાકાત અને તે વખતે તેણીએ કબોધેલી આલુછની બધી વાત કહી અને તે બધી જમશેદજીએ તેની સામે બેસી ધીરે મને સાંભળી.

"ત્યારે, તમે આજે મને એમ કહેવા આવ્યાછો પેલી (અને પોતાની પરણેતરને તેને નામે નહીં પણ માત્ર 'પેલી'ના તુચ્છકાર ભરેલા એકલકાયથી જમશેદજીને બોલતાં સાંભળી શીરોજની છાતીનાં પાટયાં ઉઘડ્યાં) નાદન નિરદોષ છે અને તમે-તમે-એટલે ડા૦ ફિરોજશા બમનજી પટેલ કયારે હું તેની સાથે છુટા છેડા મેળવું કે પોતે તેની સાથે પરણી જાય તેની કાગને ડોળે વાર જોતા બેઠા હતા? ત્યારે તેથીજ તેજ નીચ મતલબથી તમે તમારા અઘાત રજુ નહીં કરનાર હતા કે?"

"હા, અને તેથીજ શીરીન મેં કહ્યું તેમ મારે બંગલે આવી હતી. મેં તેણીનું નહીંજ માન્યું અને તે ઘણી દુઃખી થઇને મારે ત્યાંથી પાછી ફરી હતી, અને ત્યાર પછી મને તે વાતનો પત્તાવો થતાં હું તમને મળવા પુનથી મુંબાઇ આવ્યો હતો, કેમકે મેં જોયું કે જે અપેક્ષા તને અને મને પાક તેની તરફ જેમ હું વર્તયો હતો તેમ વર્તનામાં ચરિત્ર હાંચકારપણું હતું"

"ત્યારે એક વખતતો તમે જેને તમે નિરદોષ અબળા સમજોજ તેણીની ઉપર જગની લાનત નખાવવા તમે તૈયાર હતા, નહીં? ઓ સંસારના શત્રુ, તારી એક નીચ મતલબને ખાતર તું મારા પરણ્યા સંસાર શું નખ્ખોદ વાળવા તૈયાર થયો અને તે તે વાળ્યું; ઓ નાપેકાર! ગામમાં શું પરી સુરત છોકરીઓના ટોટા છે? તારા જેવા એટલે જેવા તુંને એક વખત હું ધારતો હતો તેવા જનાનાને વરવાને અને તેઓના સંસાર સુખી કરવાને આજે આપણી જાતમાં કેટલી પુનમના ચાંદ જેવી છોકરીઓ તૈયાર છે તેની તું ને ખબર નથી? આહ! અફસોસ છે કે પારસીયોમાં કોઇ રેનલડસ જેવો લડવૈયો લેખક નથી, નહીંતો "મોટે આંચદેના ભરમો"નાં અર્થ સુચક મથાળાં હેઠળ તેને કેટલું બધું લખવાનો ખોરાક મળે!"

"જમશેદ, તું-અરે-તમે જે બોલો તે સાંભળવાને તૈયાર છેઉં બલકે એશીએ લાખ ઘણું સખ્ત તમે બોલો તે નીચી મુદીએ બધું સાંભળવાની આજે મારી ગેાયા ફરજ છે. તે વખતે હું હેમકે હતેા ધડપત હતેા દેવાને। હતેા કહેકે પાપી હતેા, આજે હું તે નથી."

હાં જમશેદ થમકે દેતા તેમજ આગળની પોતાની બેઠક પરથી ઉઠીને ઉભા થયા અને ડા૦ ફિરોજની સામે તેને ડોળા ફુરકતા ઉભા.

"અય ઇનશાન, તારી વાતનો એક બોલ એક અક્ષરથી હું નથી માનતો; બ, નીકળ અહીંથી ઉઠ!"

એટલું બોલી તેવણે તેને પોતાના ડાબા હાથની આંગળીએ બારણું બતાવ્યું.

ડા૦ ફીરોજની ઉઠીને ઉભો થયો પણ તેની સામે નરમીથીજ જોતો તે ઉભો.

"ત્યારે તમે મેં કહેલી વાત નથી માનતા?"

"એક બોલ નહીં-એક અક્ષર નહીં!"

આ સાંભળી ડા૦ ફીરોજને એક લખલખું ભરાઇ આવ્યું.

"જમશેદ, એક વખત એવો હતો કે મારો એક બોલ તારે મનસે વધારવને ત્યાં થયલાં એક કરારનામાં જેવો હતો."

"હા, તેમ હતું, પણ તે વખત આજે નથી; તેમ હતું કેમકે તે વખતે તું મારા જીવનો મારા જનની સોબતી હતો; ને મારી કલમ નથી, નથી હું કોઇ સાથે એટલો ભેળાતો તે છતાં જેવી દોસ્તીમાં હું આખી દુન્યા સમજતો હતો તે તુંજ હતેા; તુંને સાચવીને મારાં હૈયાની પાસે મારી બોયમાં રાખ્યો તો તું 'મારે

લગનની મોતેબરી.

લખનાર :—મી. મીનોચેહર માણેકજી માદન.

(પાને ૩૦૩ થી ચાલુ.)



શેઠ નીખરેલ જ્યારે કેદખાનામાં પડ્યો હતો ત્યારે તેનો છુટકારો તેની પરણેતરે કર્યો હતો. તેણી મળવા જતી હોય તેમ ગઈ અને એકમેકના કપડાં બદલી તે બહાર પડ્યો, જ્યારે તેણી બહાદુરીથી ત્યાંજ પડી રહી! એથી પણ હૃદયભેદક દાખલો તો ગ્રીતીયસના બાબમાં બન્યો હતો. લોસતીનના ભયંકાર કિલ્લામાં તે ૨૦ મહિના કેદ રહ્યો હતો, તેની પરણેતર તેની સાથ કેદમાં રહી અને તેની ગમગીની દુર કરતી. તેણીને અઠવાડીયામાં બે વાર ગામમાં જવાની છુટ મલતી કે તેણી ચોપડીઓ ખરીદી લાવતી. ચોપડીઓ એટલી બધી વધી પડી કે તે માટે એક મોટી પેટી બનાવાની ગરજ પડી. શરૂઆતમાં પોહરાગીરોએ તેને તપાસવા માંડી અને ચોપડીઓ જાણી બીજી વેળા જોવાની તકલીફ ન લીધી. તેણીએ તુરત પોતાના ખાવંદને નસાડી લઇ જવાનો વિચાર કર્યો, અને ચોપડીઓને બદલે પોતાના ખાવંદને બેસાડી કિલ્લામાંથી બહાર પડી. દરવાજના પોહરાગીરોએ જ્યારે તેને ઉંચકી જોઇ કે તેઓને ભારી માલમ પડી, ત્યારે તેઓએ મજાકમાં કહ્યું "એ કંઇ પેલો કિલ્લાનો રહેનારોતો નથી?" (યાને તેણીનો ભર ચાર) ત્યારે તેણીએ હસીને ઉમેરયું, "નહીંરે એતો તેની ચોપડીઓ છે." પેટી સહીસલામત કિલ્લાની બહાર નીકળી અને તે સાથે તે ઓરતનો કીંમતી બજાનો—ભરથાર,—પણ છુટકારો પામ્યો અને ત્યાંથી તેઓ નાશી ગયાં.

દુઃખ અને સંકટ એ પરણેતરી જીંદગીની કસોટી છે. તેઓ એક જોડાંની ખરી ખુબી અને ખાસ્યત ખુલ્લી કરવા ઉપરાંત તેઓને એકએકની વધુ નજદીક લઇ આવે છે. ઘણીવાર એક જોડાંના સુખનો આધાર તમામ તેઓ ઉપરજ રહે છે; તેઓ એકબીજાને સહાય થાય છે અને દિલાસો મેળવે છે. જ્યારે હીન્સતી પરણેતર મરણ પામી ત્યારેજ તેને માલમ પડયું કે તેને કેવી મોટી ખોટ ગઇ હતી. તેઓ બેઉએ મહોતાજગી અને કંગાલ્યત હાથમાં હાથ ભેળવી અનુભવી હતી; અને તેણીના મરણ પછી તે ખાવંદને મોટામાં મોટું દુઃખ એજ હતું કે જ્યારે સુખ તેઓને શોધતું આવ્યું કે તેણી મરણ પામી હતી. જ્યારે તેણી મરણ પામી ત્યારે દુઃખ અને વિચારોથી ઉભાતી છાતીએ તે બરબારે ઉચ્ચારેલું:—"અફસોસ, મને જે ખોટ ગઇ છે તેમાંથી તેણીની મહોબ્બતતો હું બાકીજ રાખશ કે જેથી મહોબ્બત કદાચજ કોઇની હશે; જેણીજીજ હું સૌ કરતાં સુખી આદમી હતો, તેણીએ કદી મારેથી સુખ અતુભવ્યું નથી છતાં અરે! તેણીએ કેવા ખુશબીજજથી સઘળું દુઃખ સેહવ્યું હતું. મારાં દરેક દુઃખમાં તેણી કેવી મને દિલસોજી દેખાડતી. અરે, જ્યારે હમારાં દુઃખથી હમો સાથે રડતાં ત્યારે તે બસલ દુઃખમાં પણ મારાં જીગરમાં શું લાગણી ઉત્પન્ન થતી હતી તેનો ખ્યાલ કોણ આપશે?"

એક મરદ પોતાની લાયકાતે ઓરતનો પ્યાર પોતા તરફ ખેંચે છે તેમ તેણી પોતાના ખુશબીજજથી તેને સંતોષ આપે છે. તે હરકરના દાખલા ઉપરથી માલમ પડે છે. તેઓએ એકએકને પહેલવહેલાં એક ભાષાણમા જોયાં હતાં, તે પરણેતર લખે છે:—"હું એક

કરેસ્તાનોજ અવાજ સમજી; અને તે આત્મિક શબ્દો હતા જે તે ઉચ્ચારતો હતો; સાંભળ્યા હું તેને મળી અને મેં મારો ઉપકાર દરશાવ્યો તે વખતથી હમારા આત્મા એક હતા." પોતાના પરણુવાનો હેવાલ લખતાં તેણી કહે છેઃ—"એક સુંદર સાંજની ધીમી અને મધુર રોશનીમાં હમો ફરયાં. હમો એક જીગર અને એક આત્મા ધરાવતાં હતાં." તે ભરથાર પોતે આમ લખે છેઃ—"મારી પરણેતર મારો દિલાસો, અને સુખ છે હમો હમારા દરેક વિચારમાં વટિક એક છિયે."

જ્યાં ખરી મહોબત હોય છે ત્યાં મગરૂરી પ્રીત્યારી કે કુંપણું હોતું નથી. અને "પ્રીત"ના દાખલામાં તેમ નોંધાયલું છે. તે બીચારો અતીધણો તંગદસ્ત હતો જ્યારે તેની પરણેતર માલેતોજાર હતી; પરણુવા અગાઉ જ્યારે તેને બીજે ગામ જવું પડયું ત્યારે તેની પરણેતરે તેની તંગદસ્તીના ખ્યાલ કરી, નાણાની રકમ ઓઢર કીધી. પહેલવહી બારીમાં તેણે અપમાન લીધું પણ વિચાર કરતાં તેણી ઉપર એક માયાકુલ પત્ર લખ્યો, અને તે નહીં કબુલ કરવાને માફી ચાહી. લાંબા અરસાની સખ્ખત હેજગારી પછી તે પુરતું કમાઇ ચુકયો કે તેણી સાથ પરણુવાને પોતાને લાયક સમજ્યો. તેણે લખ્યું, "પ્રીયરેસ્ત, હવે હું મને પોતાને તને અર્પણ કરૂં છું અને તેં મારી જીંદગીના સાથી તરીકે કબુલ કરવાને પસંદ કર્યું છે તે માટે હું હેઠાનમંદ છું. . . . હું માનું છું કે હ્યાં આ દુન્યામા કોઇપણ સુખની જગ્યા નથી—પણ આ મેહનતની દુન્યા છે, કે જ્યાં હરેક ખુશાલી આપણને વધુ મેહનત કરવા ઉશ્કેરે છે, હાથમાં હાથ લઇ આપણે તે જગ્યા તરીપાર કરીશું અને એકમેકને બળ અને ઉત્તેજન આપીશું. જે બાદ આપણો લોયલપણો આત્મા તે સહાન શાંત ભુમી તરફ ઉડી જશે." તેની પરણેતરી જીંદગી બહુ સુખી હતી. તેની પરણેતર એક સાચ્ચી અને દાનાવ ઔરત પુરવાર થઈ છે. તેઓ બેઉ તે ચેલા ચાલેલી લડાઈમાં ધાયલ થયલાંઓની સારવારમાં રોકાયાં જ્યાં તેણી એક નેહસ્ત તાપના હુમલામા પટકાઇ પડી મારગે લાગી. તે પોતે પણ તેના હુમલાથી છટકયો નહીં છતાં લાંબે વખતે સાજો થયો. તો પણ પોતાની પતિવ્રતા પ્રિયાનાં અકાળ મોતમાં તે પણ જવાંન ઉમરે સ્વર્ગે સિધાયો.

એક બીજો અસાધારણ દાખલો પીટરમ કોબેટનો છે. તે પોતે એક તુમાખી, સંગીન બેઅદબ અને પાજી હતો. એકવેળા ૨૬ વરસની ઉમરે તે એક રસ્તા ઉપરથી પસાર થતો હતો કે એક ૧૩ વરસની કુમારીકા ઉપર તેની નજર પડી ને ઓવી ઉઠયો, "તે છોકરી મારે લાયક છે." જ્યારે તેણે અદરખાં કે કોબેટ બદારગામ જતાં તેણીને ૧૫૦ ગીની આપી જેથી તેણી નોકરી કરની છોડી દઇ આરામમાં રહી શકે. જ્યારે તે પાછો ફર્યો કે તે તેણીને મળતા ગયો. ત્યાર પછીનો હેવાલ તે લખે છે, "૧૨મના માત્ર ૮૦ રૂપીઆમાં તેણી એક કુટુંબમાં નોકરી કરતી હતી. અને તે માટે એક પણ શબ્દ બોલ્યા અગાઉ તેણી મારી તરફ આવી અને ૧૫૦ ગીની તેમની તેમ મારા હાથમાં મુકી." તેણીની આ કરકસર, મેહનત અને ભલી ચાલચલણ ઉપરાંત તેણીનો અખંડ પ્યાર તે જીતી ગયો. બેઉ કર્મા તેઓ પરણી એક થયાં. તે પોતે તેણીની વખાણ ગાથામાં કદી ઢાકતો નથી અને તેની જીંદગીની વધુકિ કરેહો માટે તે તેણીનેજ ઉપકારી ગણે છે.

આપણે ઉપરની લીટીઓ દરમ્યાંન પરણેલી જીંદગીની કરજો, મહોબત, ઉદ્યોગ જોઈ ગયા તેમજ જાણુવા જોગ દાખલાઓ આપી આપણા બોલાને ટેકો આપ્યો. આશા છે જે આપણી કેામના જવાન પરણેલાં લોકોએ નકલ કરી પોતા પાછળ એક મહોબતતંતુ, કેળવાયલું સદગુણી અને નામના અને નેકીમાં નાજ કરતું કુટુંબ મેળી જાય! પણ આપણને આગળ વધવાનું છે. એક પરણેલી જીંદગી કેમ અને કેવી હોય તે આપણે જોઇ ગયા એ દરોબસ્ત છે, પણ તંદુજ આપણું કામ અતમ થયું નથી. અને તેથી આપણે જે ઉદ્યમ વધુ કરવો દર્શાવ્યાં છે તે ત્રીજના "ઘર"ની ઉપર આવી કાંઇક બોલવાની રજા લઇશું.

ઘર.

ઘર આપણી આસપાસની પહેલી અને અગત્યની નિશાળ છે; ત્યાંજ પહેલવહેલાં એક શખ્સ પોતાની નિર્ત.ની રૂડી યા માઠી કેળવણી લે છે; જે તેની આખી જીંદગી દરમ્યાન તેની સાથી થઈ રહે છે. એક કહેવત છે કે "આસપાસ માણસને ઘડે છે," બીજી એ છે કે "મનથી માણસ ઘડાય છે;" પણ એ બેઉ કરતાં વધુ સચ્ચાઇ ભરી તો આ છે કે "ઘર માણસને બનાવે છે." કારણ ઘરમાં કેળવણી, મન, તન અને આસપાસ પણ બંધાય છે. ઘરમાંજ દિલ ખુલ્લું થાય છે, આદતો બંધાય છે, સમજશક્તિ ખીલે છે, અને ભલી યા બુરી આસપાસ રચાય છે. આપણા મા.બાપસાઇ કાયદા ઘરથીજ શરૂ થાય છે. કાયદા કંઇજ નહીં પણ ઘરનો પડછાયો છે. એક એકાંતમાં એકાંત ઘરમાં એક કુમળાં મગજ ઉપર એક નાનામાં નાનો વિચાર ફલાવવામાં આવે તો થોડાં વરસમાં તે વિચાર તે કુમળાં મગજની મારફતે સઘળાં લોકોમાં ફેલાઇ જાય છે. એમાં કાંઇજ શક નથી કે નાનાં બાળકોને કેળવણી આપતો મારતર રાજ્યના મહાન વજીરો કરતાં વધુ અસર અને બળ ધરાવે છે.

ખુદ ખુદરતનો આ કાયદો છે કે દુન્યવી જીંદગી અગાઉ ઘરની જીંદગી આવવી જોઇયે અને મન અને આસપાસ પહેલાં ઘરમાં બંધાવાં અને રચાવાં જોઇયે. દરેક કુટવો, જે પોતે ખીલી નીકળી દુન્યામાં પોતાની હુશયારી દેખાડે છે, તે પહેલાં ઘરની લાડીમાંથી પસાર થાય છે અને જેમ સોનાને પીગળાવી નિર્મળ કરવામાં આવે છે તેમ ઘરની લાડીમાં તે જીવતાની આરપત. પીગળી નિર્મળ થાય છે. તે ત્યારબાદ કુટુંબમાંથી દુન્યામાં પગલું મુકે છે; અને છોકરપનપણામાંથી શેહરીપણા તરફ ધસે છે! એ રીતે, આપણા સુધારાની પહેલી અને મોટી અસર કરનારી રકુલ તે ઘર છે. સુધારાનો સવાલ જોઇયે તો દરેક શખ્સની કેળવણી ઉપર લટકેલો છે અને જેટલા પ્રમાણમાં બાળકોને ભલી યા બુરી કેળવણી આપવામાં આવશે તેટલા પ્રમાણમાં ભવિષ્યની પ્રજા સુધરેલી કે કુધરેલી નીવડશે.

ગમે તેવા ભણેલા શખ્સની બાળપણની કેળવણી તેને અસર કર્યા વિના રહેશે નહીં. એક બાળક જ્યારે જન્મ લે છે ત્યારે તે નિરાધાર અને પોતાની કેળવણી અને બક્ષિસવણી માટે તમામ બીજાઓ ઉપર આધાર રાખી પડે છે. અને તેના પહેલવહેલા શ્વાસથીજ તેની કેળવણી શરૂ થાય છે. એક પાદરીને એક માતાએ પુછ્યું કે તેણીના ચાર વરસના બેટાને કેટલામાં વરસથી કેળવણી આપવી. તે પાદરીએ જવાબ દીધો, "બાનું, જો હજી તમોએ શરૂ ન કરી હોય તો તમોએ તમારાં બાળકના ચાર વરસ ફોકટ ગુમાવ્યાં છે. તે બાળકને કેળવણી આપવાની પહેલવહી તકજ જે ઘડીથી તમોએ તેની ઉપર નજર કરી ત્યાંથી શરૂ થઇ છે." એક અરેબીક કહેવત કહે છે, "એક અંજીરનું ઝાડ બીજાં ઝાડ તરફ જોઇ કુળ આપે છે," એજ કાયદો બાળકોમાં છે. તેઓનો પહેલવહો ઉસ્તાદજ તેઓ જે દાખલાઓ જોય છે, તે છે.

બ્રિટીશ જેનરલો જેઓએ કદી હાર શું તે જોઇ નથી અને જાણી નથી—આવા બ્રિટીશ જેનરલોની સંખ્યા ઘણી નાની છે કેમ કે ઘણાક નામીચા બ્રીટીશ પહેલવાનોને એક યા બીજી વખત હાર ખમવી પડેલી જણાયલી છે.

કયુક ઔર મારલબરોએ કદી હાર અનુભવી ન હતી. તે બ્રિટીશોનો ઘણો નામિચો જેનરલ હતો, અને જો કે તેને બીજા દેશોના ઘણાક પંકાયલા પહેલવાનો સામે લડાઇમાં ઉતરવું પડયું હતું પણ તે બધાઓને તેણે સીફતસર આપી હતી.

કયુક ઔર વેલીંગટન બ્રિટીશોનો તેવોજ નામિચો પહેલવાન થઇ ગયો છે, જેને લડાઇમાં કોઇએથી હરાવવાની તાકાત બતાવી નથી.

જર્મનોના ફાલ્ડ-ન વૉન મોલ્ટકાને માટે પણ એમજ કહેવાય છે.

ફિલ્ડ માશલ ઉલસ્લી અને મરહુમ ફિલ્ડ માશલ રૉબર્ટસ પણ તેજ નામિચાં લીસ્ટમાં આવી શકે છે.

કુપનની કોપીઓ!

યાને

અધીપતીએ લીધેલું વેર.

એક ટુંકી વાર્તા.

લખનારઃ—સોલન.

"ઓરંગા અખબાર"નો એડીટર-દીનશાહ દમરી વીચારવંત અદાએ માથે હાથ દઇ તેબલપર બેઠો હતો. તેબલપર તેની સામે "ઓરંગા અખબાર" નું ૭ મહીનાના હીસાબનું સરવાયું પડેલું હતું; તેની સામેની ખુરશીપર તે પત્રનો મોલેક મી૦ સાવક સ્પેનસર બેઠો હતો. દેખાયતી રીતે તેની (સાવકની) દાળ દાઝી ગયલી હતી, કારણ આ હીસાબનું સરવાયું નફાને બદલે ટોટો દેખાડતું હતું.

"કેમ મી૦ દમરી, તમે આમ તપાસ્યું કે?" તે બોલ્યો, "હવે તમારો એ બીશે શું વીચાર છે?"

"મેતો મારેથી બનતું કીધું" દીનશાહે જવાબમાં કહ્યું, "ઘરાકી ઘટતી જાય છે, તેમાં કાંઇ મારો વાંક નથી."

"હું કંઇ ક્યાં તમારો વાંક કહાડવા આવ્યો નથી" સાવકે કહ્યું, "હું તમુને એટલુંજ કહેવા આવ્યો છું કે આવતા મહીનાની પહેલી તારીખથી-એટલે આવતા સોમવારથી આપ પેપર બંધ થશે, અને તમારી નોકરીનો હવે વધુવાર જરૂર રેહશે નહીં. મારો પૈસો કંઇ હરામનો નથી આવ્યો કે ફેંકટમાં હું એની પરવાહ કરૂં."

દીનશાહને લગાર ક્યવાટ લાગ્યો. તે કાંઇ સખ્ત બોલીમાં તેનો જવાબ વાળવા જતો હતો, પણ પાછો અટકી ગયો.

"ઠીક છે" તે બોલ્યો, "તમે કેહોછ તેમ આવતી પહેલીએ પેપર બંધ થશે, આજથી બરાબર અઠવાડયું છે, પણ મારી તો એવી પકકી ખાત્રી છે કે આપણે જો બીજા ૭ મહીના પેપર વધુ ચલાવીશું તો આપણે ફાવ્યા વગર રહીશું નહીં. બીલ ગીલ્ડયાંઓ કરતાં તો બેશક આપણું "ઓરંગા અખબાર" ઘણું સરસ છે. આટલા ૭ મહીનાંમાં કંઇ એક નવુંસવું પેપર ફાવે નહીં, એ તો પહેલે એમજ ખોટ આવે પણ મોડે વહેલે—"

"મારે વધુ વાર એ પેપર ચાલુ રાખવું નથી!" સાવકે કહ્યું, "તમે મારો સ્વાવ સાંભળ્યો છે. તમુને અને તમારા સ્ટાફને પુરેપુરો પગાર મળશે. હું તો આજેજ બપોરની ગાડીમાં દેવલાલી જાઉં છું. પણ તમારો બધો બંદોબસ્ત કરીને જઇશ. તમે એક બે દહાડા અગાઉથી પેપરમાં લખી દેજો કે સોમવાર તા૦ ૧ લીથી પેપર બંધ થશે."

એટલું બોલી તેણે ત્યાંથી ચાલતી પકડી.

"હું એનું એની પર વેર લઇશ!" દીનશાહ બોલ્યો.

દરરોજ સાંજનાં તે ઘરે ત્રામમાં બેસી જતો હતો, અને રાખેતા મુજબ આજે પણ તે તેમજ ઘરે પાછો ફરતો હતો, તેટલાં માર્ગમાં બીજાકોક પ્રવાહ બંધ થઇ જવાથી તેની ત્રામ એકાએક બંધ થઇને અમેરીકા ઈન્ડ્યા સીનેમા આગળ ઉભી રહી ગઇ.

ત્રામ ઉભી રહેવાથી દીનશાહે બહાર ડોક્યું કહાડ્યું અને જોવા લાગ્યો તો સીનેમાની સામેની બીલ્ડીંગ પર તેની નજર ગઇ.

તે બીલ્ડીંગની નીચેની દુકાનમાં ધામધુમ ચાલતી તેની નજરે પડી. દુકાનમાં કામદારો હારેહાર લાગી

ગયા હતા. કોઈ ચુનો દેતું તો કોઈ બારીબારણાં સાફ સુફ કરતું નજરે પડતું હતું. આ દુકાનની કાચની એક મોટી બારીપર હવે દીનશાહની નજર પડી. તેપર એક મોટા પપરદા જેવા જાહેર ખબર ચીટકાવવામાં આવી હતી. દીનશાહે તે વાંચી અને તે વીચારમાં પડ્યો; તે નીચે મુજબ હતી :

> આ દુકાનમાં આવતા સનીવારથી મેસર્સ સ્પેનસરની કું૰ પોતાની એક શાખા ખોલશે કે જ્યાં વરેહવાર ખાધ ખોરાકી તથા પરચુરણ સામાન મારકીટ ભાવે વેચવામાં આવશે.

આ નોટીસની હેઠળ વળી એક બીજી નોટીસ નીચે મુજબ લગાડવામાં આવી હતી.

> સવળી જવી આવતી ત્રામો હમારી દુકાન આગળ ઉભી રહેશે.

દીનશાહ આ જાહેર ખબરો વાંચી બડબડવા પડ્યો.

"વાહ સાવક કાકા ડારેડાર દુકાનો ઉઘાડતા ફરેછ ! પોતાને ત્યાં ટંકશાળ ચલાવે છે તે છતાં આવું કસ એક ન્યુસપેપર વધુ વાર ચલાવવાને ના પાડેછ! વાક ખોટથી આવી તો શું થયું? પેપર કંઈ એક મજ ખીલી નીકળેછ?"

આખરે તે ઘરે આવી પુગ્યો. પોતાના શેઠપર કેવી રીતે વેર લેવું તેનો વીચાર કરતો તે બીજાને ગયો. તેનો બરાબર ઘાટ ઘડવાની તેણે મનમાં યોજના રચી રાખી હતી.

બહારવટીયે તે સ્પેનસરની નવી દુકાને ગયો. ત્યાંનો મેનેજર ધોળીજમાંજ હતો. નોકરો પર તે દમ કશીને હુકમો કર્યો જતો હતો. દીનશાહ ત્યાં ગયો પણ પેલો જાણે જાંખુનો નહોં હોય તેમ ઉભોજ રહ્યો.

"માફ કરજો મી૰ પચુ તમે આંય નવી દુકાનનાં મેનેજર છેઓ કે?" દીનશાહે પુછ્યું.

"હા, હુંજ મેનેજર છઉં. કેમ કંઈ ફરમાસ? ' જાણે શું એક મોટો વાઘ મારતો હોય તેમ મેનેજરે લગાર દમામથીજ પુછ્યું.

"હું મી૰ સાવકશાહ સ્પેનસર તરફથી આવ્યો છું," દીનશાહે કહ્યું.

સાવક સ્પેનસરનું નામ સાંભળતાંજ પેલા મેનેજરની દીનશાહ તરફની વર્તણુક તદન બદલાઈ ગઈ તે હવે ચીંગોપીંગો થઈ ગયો.

"માફ કરજો, સાહેબ, હયાં એકબી ખુરશી નથી તેથી હું તમુને ખુરશીપર બેસવાની ઓફર કરી શકતો નથી. પણ તમે જો કંઈ હલકું નહીં ધારતા હોય તો આ બોક્ષપર બેશો."

દીનશાહે એક ઉંચા બોક્ષપર પોતાની બેઠક લીધી.

"તમુને માલમ છેની કે મી૰ સ્પેનસરનું "ઓરંગા અખબાર" નામનું એક પત્ર છે?" દીનશાહે પુછ્યું.

"હા, હું જાણું છું."

"હું તે પત્રનો અધિપતી છઉં" દીનશાહે કહ્યું, "વાઃ તમારું નામ શું?"

"મેરવાનજી"

"મી૰ મેરવાનજી, વાત એમ છે કે આય મી૰ સ્પેનસરનાં ન્યુસપેપરનું ટટુ કાંઇ બરાબર ચાલતું નથી. હવે એવણે કાંઇ નવીજ યોજના ધારી છે અને તેથી વળી તમારી આય દુકાન સનીવારે ઉંઘડેછ એટલે એવણને બેવડો લાગ મળી ગયો છે. સનીવારે પેપરનો છેલ્લોજ દીવસ છે તે દહાડે એવણે એવો ફરાવ કીધોછ કે ન્યુસપેપરનું હોજરૂ આય તમારી નવી દુકાને ભરવું."

મેરવાન લંગાર ગભરાટમાં પડ્યો.

"મ-મને સ-સહમજ નહી પાતી" તે બોલ્યો.

"હું લગાર ગોળ ગોળ બોલું છું. ન્યુસપેપરનો ફેલાવો ઘણો થોડો છે, જેથી તેને આય દુકાનમાંથી એવું કંઈ પીલું આપવું જોઇએ કે જેથી તે વધુ ટટાર થાય."

"પણ-પન્નુ એવાં પીયાં માટે અમારી પાસે લાઇસન્સ નથી." મેરવાન ગભરાટથી બોલી ઉઠ્યો.

મેરવાનને તેના બોલવાથી જે ગભરાટ ઉપજ્યો તેથી દીનશાહને હસવું આવ્યું.

"મારે તમારી સાથે ખુલ્લા શબ્દોમાં વાત કરવી જોઇશે. લાઇસન્સ કંઈ જોઇતું નથી, હું તો એમ

કેહવા માંગતો હતો કે જેમ ન્યુસપેપરને કશાનો ટેકો જોઇએ છે તેમજ આપ નવી દુકાનનેપ્રી જોઇએછે. આવતા સનીવારે "ઓરંગા અખબાર"ની વધારે કાપી કહાડવામાં આવશે; લગભગ બે હજાર કાપીઓ કહાડીશું, દરેક કાપીની અંદર એક કુપન રાખવામાં આવશે તે કુપન આંય દુકાને લાવનારને એક રતલ ખાંડ ભેટ આપવામાં આવશે. જો દરેકે દરેક કુપન લાં લાવવામાં આવશે તો તમુંને એક રતલ ખાંડનાં બે હજાર પડીકાં તૈયાર રાખવાં પડશે. હેલ્લપર તમારી "ગીની" છાપ છે તે મારન્હે. કેમ સમજણ પડેછે?"

"હા, આવી રીતે મફત ખાંડથી અમુને વધારે જાહેરાત મળશે."

"બરાબર છે." દીનશાહ બોલ્યો. "ખરચ થોડો છે જ્યારે નફો ઘણો જાહોળો છે. આવતા બ્રેસપત અને શુક્રવારનાં ન્યુસપેપરમાં અમે ગ્રાહકની જીજ્ઞાશા ઉશકેરવા જાહેર ખબર આપીશું કે 'સનીવારનાં પેપરમાં આંય જગા લેનેને કાંઇ તમારાજ લાભનું મળશે," એટલે કાપી પર તુટાતુટ પડશે, અને જેમ કાપી પર તુટાતુટ એટલે લાં દુકાનપર તેટલેજ દરેરો ને લુટાલુટ. જેથી તમુંને અને તમારાં મદદનીશોને ઘણી તકલીફ પડવાની. ઘણુંજ થોડાંએ આંય એક રતલ ખાંડ લઇને જતાં રહેશે. ખરાબ લાગશે કરીને કંઇને કંઇળી ખરીદી તો કરશેજ. જો કોઇ નહીળી ખરીદી કરે તો તમે લગાર ચેહતા કરીને પુછજો કે કેમ કાકા મફતની ખાંડ લઇને ચાલ્યા તે કંઇ બીજું ખરીદતાબી નહી કે? એટલે બચારો ચકુનમનો મારેલો કંઇળી ખરીદશે. હુંતો ધારૂંછ કે તે દહાડે તમારૂં કામ ચોવકુ વધી જશે."

ખુશાલીને મારે બેરવાનની આંખો ચમકવા લાગી.

"ઘણીજ સરસ યોજના છે સાહેબ!" તે બોલ્યો, "મી૰ સ્પેનસરને મારી તરફથી સંધ્યારો આપજો કે હું આરેથી બનતું કરીશ. ખરેખર એવન ઘણુંજ ચાલાક બેલું ધરાવે છે!"

"બેશક!" એટલું બોલી દીનશાહે ત્યાંથી ચાલતી પકડી.

* * * * *

"ગ્યારંગા અખબાર" નો માલેક સાવક સ્પેન દેવલાલીમાં હવા ખોરતો હતો. હોટલની અગાસી પ બેઠો હતો; આજે શુક્રવાર હતો, તેના હાથમાં કાલેનું બ્રેસપતવારનું "ઓરંગા અખબાર" હતું પકડી તે વીચારમાં પડ્યો હતો.

"બસ એજ દહાડા આય પેપરને રલ્યા" તે પ પડ્યો. "જોઇએ એમાં દીનશાહે એ વીશે શું ખુલા કીધોછ, કંઈ ગાયું માર્યુંછ કે?"

એટલું બોલી તેણે પેપર ખોલ્યું. એડીટોર પેજ પર કાળા હરફે નીચલી જાહેર ખબર પર ત તુરતજ નજર ગઇ.

> **આ જગ્યા પર નજર રાખજો.**
>
> આવતી કાલે અને સનીવારે આજ જગ્યા પર તમારી નજર જરૂર નાખજો. તમારે માટે એક ઘણીજ અગત્યની ખબર ત્યાં પ્રગટ થશે. આ તમારી ખબરથી મુંબઇમાં કોઇ દીવસ નહી થયલી ચિજ હોહો થઇ રહેશે.

આ ખબર વાંચી સાવક પહેલાં તો અજાય પાયો, તેણે તે ખબર બીજી વખત વાંચી, અને તેને તેમાં કાંઇ રમુજ માલમ પડી.

"આય દીનશાએ કોઈ જબરો હુશયાર લાગે તે બોલ્યો, "જોનેી લોકને સાજુત બનાવી કુ કાલે યા સનીવારે, એ ખબર આપી આપીને શું બ કે સોમવારથી અમારૂં પેપર બંધ થશે. અને તે જાણવા સારૂં એણે લોકની જીજ્ઞાશા જબરી ઉશ કાઢેલ્યા લાગે, બે દહાડામાં પાંચિક હજાર કોપી ચપાશે, ચાલ એમ્બી સારૂં. એટલી આપુને ખોટ એ

સનીવારે સાવક શુક્રવારની "ઓરંગા અખ ની કોપી લઇને હોટલનાં વરંડા પર વાંચતો બેઠો. આજેબી સનીવારે તેની નજરે ગઈ કાલ વાળી ખબર પડી. "આજે સનીવારે" હોટલાજ તેમાંથી કહાડી નાંખવામાં આવ્યા હતા, આજ જાહેર ખબર તેજ હતી. તેને શું ખબર હતી કે હું તે (શુક્રવારનું) ન્યુસ વાંચતો બેઠો હતો ત્યારે ઘણીએ તેની મુંબઇની દુકાનપર શું દેરોરો પડતો

* * * * *

ગયા હતા. કોઇ ચુનો દેતું તો કોઇ બારીબારણાં સાફ સુફ કરતું નજરે પડતું હતું. આ દુકાનની કાચની એક મોટી બારીપર હવે દીનશાહની નજર પડી. તેપર એક મોટા પપરદા જેવા હરેક જાહેર બાબત નોટીફાય કરવામાં આવી હતી. દીનશાહે તે વાંચી અને તે વીચારમાં પડ્યો: તે નીચે મુજબ હતી :

> આ દુકાનમાં આવતા સનીવારથી મેસર્સ સ્પેન્સરની કું૰ પોતાની એક શાખા ખોલશે કે જ્યાં તરેહવાર બાબ ખોરાકી તથા વસ્ત્રપ્રાવરણ સામાન મારફીટ ભાવે વેચવામાં આવશે.

આ નોટીસની હેઠળ વળી એક બીજી નોટીસ નીચે મુજબ લગાડવામાં આવી હતી.

> સવળી જતી આવતી ત્રામો હમારી દુકાન આગળ ઉભી રહેશે.

દીનશાહ આ જાહેર બાબતો વાંચી બડબડવા પડ્યો.

"વાહ સાવક કાકા કારેહાર દુકાનો ઉઘાડતા ફરેછ ! પોતાને ત્યાં ટંકશાળ ચલાવે છે તે છતાં આવું રસ્ક એક ન્યુસપેપર પણ વાર ચલાવવાને ના પાડેછ! ત્યારે બોટણી આવી તો શું થયું? પેપર કંઇ એક દમજ ખીસી નીકળેછે?"

આખરે તે ઘરે આવી પુગ્યો. પોતાના શેઠપર કેવી રીતે વેર લેવું તેનો વીચાર કરતો તે બીજાંને ગયો. તેનો બજારપર ધાટ ધારવાની તેણે મનમાં યોજના રચી રાખી હતી.

બહારવટે તે સ્પેન્સરની નવી દુકાને ગયો. ત્યાંનો મેનેજર ધોળામાંજ હતો. બેકરો પર તે દમ કઢીને કુકમો કર્યો જતો હતો. દીનશાહ ત્યાં ગયો પણ પેલો જાણે જોયોજ નહીં હોય તેમ ઉભોજ રહ્યો.

"મારે કરવું મી૰ પણ તમે આંય નવી દુકાનનાં મેનેજર છેઓ કે?" દીનશાહે પુછયું.

"હા, હું જ મેનેજર છઉં. કેમ કંઇ ફરમાસ!' જાણે શું એક મોટો વાઘ મારતો હોય તેમ મેનેજરે લગાર દમામથીજ પુછયું.

"હું મી૰ સાવકશાહ સ્પેનસર તરફથી આવ્યો છું," દીનશાહે કહ્યું.

સાવક સ્પેનસરનું નામ સાંભળતાંજ પેલા મેનેજરની દીનશાહ તરફની વર્તણુક તદન બદલાઇ ગઇ તે હવે ચીંગોપીંગો થઈ ગયો.

"માફ કરજો, સાહેબ, હ્યાં એકબી ખુરશી નથી તેથી હું તમુને ખુરશીપર બેસવાની ઓફર કરી શકતો નથી. પણ તમે જો કંઇ હલકું નહીં ધારતા હોય તો આ બોક્ષપર બેસો."

દીનશાહે એક ઉંચા બોક્ષપર પોતાની બેઠક લીધી.

"તમુને માલમ છેની કે મી૰ સ્પેનસરનું "ઓરંગ અખબાર" નામનું એક પત્ર છે?" દીનશાહે પુછયું.

"હા, હું જાણુંછ."

"હું તે પત્રનો અધિપતી છઉં" દીનશાહે કહ્યું, "વાહ તમારું નામ શું?"

"મેરવાનજી"

"મી૰ મેરવાનજી, વાત એમ છે કે આપ મી૰ સ્પેનસરનાં ન્યુસપેપરનું ટટુ કાંઇ બજારજ ચાલતું નથી. હવે એવણે કાંઇ નવીજ યોજના ઘડી છે અને તેથી વળી તમારી આપ દુકાન સનીવારે ઉઘડેછ એટલે એવણને બેવડો લાભ મળી ગયો છે. સનીવારે પેપરનો ઉહેલ્લાજ દીવસ છે તે દહાડે એવણે એવો હરાવ કાઢીયોજ કે ન્યુસપેપરનું હોજજે આપ તમારી નવી દુકાને ભરવું."

મેરવાન લગાર ગભરાટમાં પડ્યો.

"મ-મને સ-સદ્દમજ નહી પડતી" તે બોલ્યો.

"હું લગાર ગોળ ગોળ બોલું છું. ન્યુસપેપરનો ફેલાવો ઘણો ચોડો છે, જેથી તેને આપ દુકાનમાંથી એવું કંઇ પીણું આપવું જોઇએ કે જેથી તે વધુ ટટાર થાય."

"પણ-પણ એવાં પીણાં માટે અમારી પાસે લાયસન્સ નથી." મેરવાન ગભરાટથી બોલી ઉઠ્યો.

મેરવાનને તેના બોલવાથી જે ગભરાટ ઉપજ્યો તેથી દીનશાહને હસવું આવ્યું.

"મારે તમારી સાથે ખુલ્લા શબ્દોમાં વાત કરવી જોઇશે. લાયસન્સ કંઇ જોઇતું નથી, હું તો એમ

કેટલા માંગતો હતો કે જેમ ન્યુસપેપરને કશાનો ટેકો જોઇએ છે તેમજ આપ નવી દુકાનનેપણ જોઇએજ. આવતા રવીવારે "ઓરંગા અખબાર"ની વધારે કાપી કહાડવામાં આવશે; લગભગ બે હજાર કાપીઓ કહાડીશું, દરેક કાપીની અંદર એક કુપન રાખવામાં આવશે તે કુપન આંપ દુકાને લાવનારને એક રતલ ખાંડ ભેટ આપવામાં આવશે. જો દરેકે દરેક કુપન લાં લાવવામાં આવશે તો તમુને એક રતલ ખાંડનાં બે હજાર પડીકાં તૈયાર રાખવાં પડશે. લેબલપર તમારી "ગીની" છાપ છે તે મારજો. કેમ સમજ્યુ પડેછકે?"

"હા, આવી રીતે મફત ખાંડથી અમુને વધારે જાહેરાત મળશે."

"બરાબર છે." દીનશાહ બોલ્યો. "ખરચ થોડો છે જ્યારે નફો ઘણો બહોળો છે. આવતા બ્રેસપત અને શુક્રવારનાં ન્યુસપેપરમાં અમે લોકની જાણ્યા ઉઘાડવા જાહેર ખબર આપીશું કે 'સનીવારનાં પેપરમાં આંપ જગા જોજો કાંઇ તમારાજ લાભનું મળશે," એટલે કાપી પર તુટાતુટ પડશે, અને જેમ કાપી પર તુટાતુટ એટલે લાં દુકાનપર તેટલોજ દરોરો ને લુટાલુટ. જેથી તમુને અને તમારાં મદદનીશોને ઘણી તકલીફ પડવાની. ઘણુંજ થોડાંએ આંપ એક રતલ ખાંડ લઇને જતાં રહેશે. ખરાબ લાગશે કરીને કંઇને કંઇણી ખરીદી તો કરશેજ. જો કોઇ નહીંણી ખરીદી કરે તો તમે સભાર ચેશતા કરીને પુછજો કે કેમ કાકા મફતની ખાંડ લઇને ચાલ્યા તે કંઇ બીજું ખરીદતાણી નહી કે? એટલે બચારો ચકુનમનો મારેલો કંઇણી ખરીદશે. હુંતો ધારૂંછ કે તે દહાડે તમારૂં કામ ચોવદુ વધી જશે."

ખુશાલીને મારે મેરવાનની આંખો ચમકવા લાગી.

"ઘણીજ સરસ યોજના છે સાહેબ!" તે બોલ્યો, "મી. સ્પેનસરને મારી તરફથી સંધ્યારો આપજો કે હું મારેથી બનતું કરીશ. બરેખર એવન ધણુંજ ચાલાક મેલું ધરાવે છે!"

"બેશક!" એટલું બોલી દીનશાહે ત્યાંથી ચાલતી પકડી.

* * * * *

"ઓરંગા અખબાર"નો માલેક સાવક રપેન ટેવલાલીમાં હવા ધોરતો હતો. હોટલની અગાસી પર બેઠો હતો; આજે શુક્રવાર હતો, તેના હાથમાં કાલનું બ્રેપતવારનું "ઓરંગા અખબાર" હતું પકડી તે વીચારમાં પડયો હતો.

"બસ બેજ દહાડા આપ પેપરને રવા" તે પડયો. "જોઇએ એમાં દીનશાહે એ વીશે શું ખુલાસ કર્યોછ, કંઇ ગાબડું માલુંક કે?"

એટલું બોલી તેણે પેપર બોલ્યું. એડીટોરીયલ પેજ પર કાળા હરફે નીચલી જાહેર ખબર પર તુરતજ નજર ગઇ.

> આ જગ્યા પર નજર રાખજો.
>
> આવતી કાલે અને સનીવારે આજ જગ્યા પર તમારી નજર જરૂર રાખજો. તમારે માટે એક ઘણીજ અગત્યની ખબર ત્યાં પ્રગટ થશે. આ નવી ખબરથી મુંબઇમાં કોઇ દીવસ નહી થયલી ગોઠવો થઇ રહેશે.

આ ખબર વાંચી સાવક પહેલાં તો અજાયબ પાયો, તેણે તે ખબર બીજી વખત વાંચી, અને તેને તેમાં કાંઇ રમુજ માલમ પડી.

"આપ દીનશાબી કોઇ જબરો હુશયાર લાગેછે તે બોલ્યો, "જોનીં લોકને સાબુત બનાવી કાલે મા સનીવારે, એ ખબર આપી આપીને શું કરે કે સોમવારથી અમારૂં પેપર બંધ થશે. અને તે જાણવા સારૂં એણે લોકની જીજ્ઞાશા જબરી ઉશ્કેરવા શાબાશ, બે દહાડામાં પાંચેક હજાર કાપી વધારે જશે, આત્ર એજી સારૂં. એટલી આપુને ખોટ ખાવી

સનીવારે સાવક શુક્રવારની "ઓરંગા અખબાર"ની કાપી લઇને હોટલનાં વરંડા પર વાંચતો બેઠો આજેજી સનીવારે તેની નજરે ગઇ કાલની વાળી ખબર પડી. "આજે સનીવારે" ઇ દહાડાજ તેમાંથી કહાડી નાંખવામાં આવ્યાં હતાં, આથી જાહેર ખબર તેજ હતી. તેને શું ખબર હતી કે શુક્રવારનું) ન્યુસ વાંચતો બેઠો હતો ત્યારેજ ઘડીએ તેની મુંબઇની દુકાનપર શું દરોરો પડતો

* * * * *

તારાં મનનો ગમ તું દુર કર.



લખનાર—" રોશન "


" સંગી હમારે ચલ ગય, હમકો જાને દાર;
કાગજમે કછુ બાકી હય, તાસે લાગી બાર."
" જો મરનેસે જગ ડરે, સો મેરે મન આનંદ;
કબ મરીએ કબ ભેટીયે, પુરણ પરમાનંદ."

કબીર.

હે જીવ, તારૂં કોઈ વહાલું ગુજર પામ્યું હોય, જે તે તારાં હોહીમાંનું હોહી, અને માસમાંનું માસ હોય, જેણે તારૂં જીગર જીતેલું, અને પછી તેનો ત્યાગ કરી ગયું હોય, તો પણ તેને માટે ગમ કરવો ચોકકસ રાખ! તે વાહાલા જીવને, તારા અને મીનેશ્વર આલમ વચે એક સાધણ. યાને ખુદા અને તારા પોતા વચે એક વધારે ધાડો સંબંધ માની, દરેક રીતે, તે આતમા મારફતે, પ્રભુને પીછાનવાનો સમજવાનો પ્રયત્ન કર. માન, કે તે ખુદાની હજુરમાં (તુરત વેલા) તારા એક કાસદ દાખલ, તારો તે તરફનો માર્ગ મોકલેલો કરનાર દાખલ થયેલો છે, અને તારી લાંબી જીંદગી દરમ્યાન, વખતે ને વખતે, તે તારા સમાગમમાં આવ્યો, અને પાછો આવવાનોજ એજ એકીન, તારાં જળતાં જીગરને ઠંડક આપનારૂં એમાંજ તારી મુક્તિ છે એમ જાણજે.

કારીગરને એક જરૂર કારીગરી માટે સોંપનામાં આવ્યું, તે તેનુ પોતાનુ થતું નથી. ધણી માંગે અને તૈયાર ન હોય તેમાં કસુર કારીગરનો. વિશ્વાસપાત્ર ઠરેલો નહીં; માંગનાર તો તે લાયક જનારો. એજ પ્રમાણે, જો તારી ફરજ ભરસા પાત્ર બજાવી હોય તો, ખુશી થા, ગમ નહીં કર. ખ્યાલ કર, કે જે કહન તેણે પેદેરવું તેજ તું પેદેરશે, જે લોખંડના તખતા ઉપર તે ગયો, તેજ તને પણ ઉઠાવશે, અને જે રસ્તો તેણે લીધો, તેજ રસ્તે તું પણ પાછળ પડવાનો. ફકત તારી તૈયારી રાખ! અને, અરે! છતાં તારી ગમખ્વારી અને જીગરનો ટવળાટ કમતી થતો ન હોય, દુન્યવી ખેંચાણો હવે નહીં જેવાં લાગતાં હોય જેમ ચાટક પાણીના લાંબા અપવાસ પછી ચોકકસ નક્ષેત્રના જળ માટે આરઝુમંદ હોય, તેમ, જો તારૂં જીગર તે ગુજરનારને મળવાની તલબ કરતું હોય, તો, તારે માટે એક માર્ગ છે. તારા મનની મુરતીને તે માહાન "ભેદ" સાથ એકત્ર કર. તેમાજ તે સમાઈ ગઇ છે; અને, જ્ઞાન, અગર કર્મ માર્ગે, ભક્તિદ્વારે તેને જ્યા મલ. તે શક્તિ તને પોતા ભણી ઉપર ઉઠાવશે, તું તેને તારા તરફ હવે ખેંચી શકનાર નથી. જો તને ગમલી ખુદ ન પુરાય એવી લાગતી હોય તો બેહેતર છે, કારણ, સંસારી બીજી ખટપટો સામે ટકર ઝીલવાને તું સાબેત થશે, અને, દરેક બડી, જેમ કાબીના પાંદડાં ઉપરથી દરના ટીપાં ખરી પડે તેમ, તારૂં મન જે અફરમજદનુ રહેઠાણ, તે ઉપરથી ગમ ખરી પડશે.

જો તને તારો ગુરૂ મલ્યો હશે તો, આ ભેદના પાઠો તાહરી આંખ્યો સામે ખુલ્લો છે.



રબ્નું, તેની ફ્રવષી તથા બીજી યસ્તોમાંથી મળતું તેને લગતું બ્યાન.

(પાને ૬૧૪ થી ચાલુ.)

લખનાર :—મી૦ ધનજીભાઇ માણેકજી વાચ્છા.

આપણા પવિત્ર પૂરતકો પરથી માલમ પડે છે કે દરેક ફ્રેરસ્તાને તેની લાયકાત મુજબ્ જ તેને શરીર તરીકે વર્ણવેલું છે. જેમ કે અર્દીસુરને તથા અશીશંગ ને નાજુકાઇ બક્ષેલી છે ત્યારે બીજા નર યજદોને તેણે પાક પરવરદેગારે જેરમંદ વગેરે ચીતારીઆ. તેજ પ્રમાણે રસ્ને માટે પણ મળે છે કે તે બળવંત અને ખુબ્દ કહેલા છે અને મેહેર યસ્તના ૧૦૦ મા ફ્રકરા તથા ૧૧૬ માં ફ્રકરાથી માલુમ પડે છે કે તે મેહેર યજદની જમની તથા દાબી બાલુએ ચાલે છે. અને જેમ ફ્રરવરદીન યસ્તમાં દરેકની ફ્રરવરશીઓને આરાધેલી છે તેમ રબ્નુની ફ્રરવષીને પણ મેહેર અને શરોશની ફ્રરવશી સાથે આરાધેલી છે અને વળી બીજું જે અશીશંગ યસ્તના પેહેલા ફરદાના ૧૬ માં ફ્રકરાપરથી માલુમ પડે છે તે એ છે કે રબ્નુની બેન અશીશંગ છે જ્યાં લખે છે—"અમ્એ સ્પૈથી ઉતમ યજત, સ્પૈથી ખુર્જેંગ યજત (અશીશંગ) અહુરમજદ તારો પીતા છે, પવીત્ર અારમઇતી તારી માતા છે, અશો અને પવિત્ર શરેશ ખુર્જેંગ અને બળવંત રબ્નુ બોહળાં ખેતરવાળો, હજાર આંખવાળો, દશ હજાર કાનવાળો મિથ્ર તારા ભાઇ છે અને માજદીયસની દીન તારી બેન છે.

રબ્નું, તે રાસ્તી તથા સચ્ચાઇ પર બયકુલ છે, રાસ્તી અને સચ્ચાઇને લગતું મળતું વર્ણન, અવસ્તામાંથી તથા પેહ્લવી કેતાબોમાંથી મળતું વર્ણન, અને તેની અગત્યતા.

આ બાકી દુન્યામાં આપણ માણસ જાતને લાલચના ફાંદામાં નાખવાને કેટલીક ચીજો એવી છે કે જેની અંદર લગભગ દરેક માણસ બેઠા બધા તેના સપાટામાં આવેલા હોય છે. એ ચીજોમાંથી એક ચીજ છે તે સચ્ચાઇ તથા રાસ્તીથી ઉલટી ચીજ તે જૂઠાઇ છે કેમકે એ લુટારૂ માણસ જાતને પહેલ વહેલાં તો તેને લાલચના ફાંદામાં નાખે છે અને ઘણીક વખત તેમાં તેને સચ્ચાઇ તથા કરેહ આપે છે પણ એ સચ્ચાઇ તથા કરેહ લાંબો વખત ટકતી નથી અને મોડે યા વહેલે તેનો નાશ થયા વગર રહેતોજ નથી.

અસલ આપણા ન્યાગાનોના વખતમાં એટલે અવસ્તા જમાનામાં જે મુખ્ય મનની કેળવણી તનની કેળવણી સાથે આપવામાં આવતી હતી તે તેઓને (બચ્ચાંઓને) તેમ્ના બચપણથીજ ખુદ આપણા અશો જરથોસ્ત સાહેબના ફ્રસામો જે **સાચુંજ** બોલવું વમાસવું તથા કરવું એ કેળવણી આપવામાં આવતી હતી. અને ફ્રજરંદોએ નાનપણથી આ શબ્દોની ટેવ રાખવાથી ખુદરતના ફાયદા પ્રમાણે તેઓ પોતાનો વખત જ્યા પ્રમાણે મોટપણમાં બીજા ઘણાક સાદા ગુણો એ ઉપરથી સંપાદન કરે છે. અને તેથી બીજાને એવો સારો ધડો આપે છે. આ બાબત પર " **હીરોદોટસ**" પોતાના જમાનાના ઇરાનીઓ માટે શું કહેછે તે જોઇએ. તે કહે છે કે "તેઓ (ઇરાનીઓ) પોતાના બચ્ચાંને પહેલાં **સાચ્ચું બોલવાને** શીખવતા" અને બીજું જે તે નીચે પ્રમાણે કહે છે તે સઘળું તેના જમાનાના જરથોસ્તીઓ પોતાના વડાએાના ચારસામાં મેળવેલા ગુણો છે તે કહે છે "જે ચીજ કરવા ના રવા હોય છે તે ચીજ વિષે વાત કરવી પણ તેઓ નારવા ધારતા કે જુઠું બોલવું એ દુન્યામાં અત્યંત નામોશી ભર્યું કામ છે એનાથી ઉતરતું (નામોશી) ભર્યું કામ કરજ કરવાનું છે તેના બધા કારણોમાંનું એક કારણ એ પણ છે કે કરજદારને જુઠું બોલવાની ફરજ પડે છે.

આપણા પાક અવસ્તાના લખાણોમાંથી પુષ્કળ ટેકાઓથી એ રાસ્તી તથા સચ્ચાઇને મળતા દાખલા મળે છે અને મુખ્ય કરીને આપણા પાક અશો જરથોસ્ત સાહેબના પાક ગાથાવાનીમાં તો બહોળજ ટેકાઓથી મળે છે અહુનવૈતી એટલે યજ્ઞના ૨૮ માં હરદાના એટલે એ પાક ગાથાવાર્ષની શરૂઆતનાજ પેહેલા ફકરામાંજ અશો જરથોસ્ત સાહેબ દુવા માંગે છે "નમનતાઇથી હાથ ઉંચા કરીને સહુથી પેહેલા અનદીઠ તથા આબાદી કરનાર હોરમજદના તમામ રાસ્તી (૧) ભરેલાં કામોને તથા બધા ભલાં મનની અકલને આ ખુશાલીમાં હું માંગું છું કે જેથી કરીને દુન્યાના આત્મા (અથવા જોહરને) હું ખુશાલ કરું" આ ઉપરથી માલુમ પડે છે કે અશો જરથોસ્ત સાહેબ પેહેલેથી રાસ્તીને માટે નમનતાઇથી દુવા માંગે છે અને તેનજ (રાસ્તીને) પોતાની ઉલ્લી ધરી સુધી જાળવી રાખી હતી, કે જેને પુરાવો જ્યારે એ અશો નર અર્દીસુરની સાથે ગુફતેગુ કરે છે ત્યારે અર્દીસુર તેને "અરેઝવો અશાઉમ જરથોસ્ત" કરીનેજ વાત કરે છે એટલે સાચ્ચા અને અશો જરથોસ્ત-એમજ કહે છે-વળી એજ અહુનવદ ગાથામાં વળી એક ટેકાઓ એટલે અહુનવદ ગાથામાં યજ્ઞસ્નેના ૩૪ માં હાના ૭ માં ફકરામાં તો ખુદ અહુરમજદને રાસ્તી તરીકે ગણેલા છે ત્યાં કહે છે "ઓ રાસ્ત તારા સિવાય બીજા કોઇને હું જાણતો નથી માટે હુમુને તું બચાવ." વળી જો એક માણસ આ દુન્યાનું તેમજ પેલી દુન્યાનું સુખ મેળવવાની આશા રાખવી હોય તો તેણે પણ રાસ્તીજ અખત્યાર કરવી જોઇએ, કે જે અહુનવદ ગાથાના યજ્ઞસ્નેના ૨૮ મા હાના બીજા ફકરાપરથી માલમ પડે છે કે "(આ જે) હાડમંદ તથા (પેલી) જે મીનો (એ) બેહુ દુન્યાના ફાયદા (જે) રાસ્તીથી (છે) (માને રાસ્તીથી મેળવી શકાય છે તે) મને તું આપ, જે કૃપદાઓની મારફતે ખુશાલી આપનારૂં સુખ હાસિલ થાય" આ ઉપરથી માલુમ પડે છે જે આ દુન્યામાં માણસ જાતને જે મુખ્ય પેહલી ચીજ જોઇએ છે તે "સચ્ચાઇ" અને ભલુમન (સારી અકલ) છે. અને જે શખ્સ આ બેઉ ચીજોનો ધણી હોય છે તે તેને આ તકલીફો-અને ખાહી દુન્યાની-ખોટી-જુઠી સમજાતી લોભ લાલચ્ચ તેની ઉપર ગલબો કરતી નથી અને જો એવા માણસ ધણીજ દરિદ્ર હાલતમાં પણ હોય છે તોપણ તે એક ધણા પૈસાદાર માણસની બરોબર પોતાને ગણવા શક્તિવાન થઇ શકે છે એટલે તે સંતોષી રહે છે પણ જેઓ આ દુન્યાની જુઠી માયા અને લોભ લાલચ્ચ મનમાં રાખે છે તેઓ આ દુન્યામાં તેમજ પેલી આવતી દુન્યામાં કાંઇપણ ખરૂં સુખ મેળવવાને નસીબવાન થતા નથી વાસ્તે સચ્ચાઇ અને ભલા મનની અકલને માણસ જાતને આ તેમજ પેલી દુન્યાનું ખરૂં સુખ અને મોહોતાજ કરવી અને છેક પોતાની છેલ્લી ઘડી સુધી જાળવી રાખવાની બનતી કોશીશ કરવી વળી સ્પેન્તોમદ ગાથામાં-યજ્ઞસ્નીના ૪૯ માં હામાં ફકરા ૭-૮ અશો જરથોસ્ત સાહેબ પોતાને પોતાના દીન ફેલાવવાના કામમાં કોણ મદદગાર થશે તથા બેરી તરીકે કોણ થશે કે જેઓ એ સાહેબને એઓના પેગમબરીના કામ માટે સારી શીખામણ આપે-એવી અરજ કરતા માલમ પડે છે. અને તે પાક હાદાર અહુરમજદ પાસે માંગે છે કે "મને મદદ તથા બચાવ આપવાની શક્તિ તથા રાસ્તીની સરદારી અએ હોરમજદ! કરશીસ્તરને (એ સાહેબના સસરા-તથા દીન ફેલાવવામાં મદદ કરનાર) તું આપશે (તેં આપ્યું છે). એ (અરજ) મારે ખાતર (હું) તારી પાસેથી માંગું છું, જેથી હમેશ સુધી તારી નેક પાદશાહીમાં સર્વ પ્રિય હમો થઇએ" એ ઉપરથી આપણે જોઇશું કે પેગમબરીના કામમાં પણ મદદને માટે રાસ્તીનો ધણીજ જરૂર છે. વળી એની પછીના ફકરા ૯ માં કહે છે કે જે "સાચ્ચું બોલનારે દુષ્ટ માણસની મારફતે (દુષ્ટ માણસની સાથે) સરદારી લેવી નહીં

(૧) ગાથાની અંદર જે શબ્દ રાસ્તી તથા સચ્ચાઇની અંદર આવે છે તે ફકત ૪૬ મા હા એટલે ઉસ્તવઇતી ગાથામાં આવે છે. બાકી બધે ઠેકાણે અષ શબ્દ લીધેલો છે અને એ. કા. એ. કાંગા અષેમની માફેનો આપતાં એને અશોદ્ય-રાસ્તી સચ્ચાઇ વગેરે કહેછે અને તેમજ એવણે ગાથામાં બધે ઠેકાણે એ શબ્દ લીધો છે.

. . . , રાસ્તીને લીધે . . . . બદ્દાદુર (શુરતારૂપ) અને જમ્માસ્પ હકીમ ન્હેડાએલા છે એટલે એઉએ રાસ્તીમાં પુરેપુરા હતા તેથી તેઓના દીલ પણ એકજ હતાં. વળી આપણે એશી તરીકે કોણને ગણવા તેને માટે પણ આપણે રાસ્તીનાજ જવાબ મલે છે, જેમ કે ઉસ્તવદ ગાથામાં યજ્ઞતાનીના ૪૬ હામાં-ફકરા ૫ માં કહે છે **"રાસ્ત-નેક માણુસોને પોતાના એશી તરીકે ગણવા—"** આ બાબત પણ આપણા ધર્મનું ઉતમપણું અને એક દીવી દેખાડે છે જેમ કે . . . . સાધારણ રીતે આપણે હાલમાં જેઓ જરથોસ્તીઓ નથી તેઓને . . . . "દરવંદ" તથા દેવો કહીએ છીએ. પણ એનો ખરો અર્થ તો એમ છે કે જે માણુસ બદ હોય અને અહુરમજદના તરીકાથી ઉલટી રીતે ચાલે અને એહેરેમનના માર્ગ પર જાય પછી તે જરથોસ્તી હોય કે કોઈ પણ જાતના એટલે ધર્મનો હોય-તેને દેવ કહેતા હતા-તેજ પ્રમાણે આનો પણ અર્થ થઈ શકે કે આપણા પોતાના એશી તો ઘણા પણ હોય, પણ જેઓ નેક અને રાસ્ત હોય-પછી તેવા જરથોસ્તી હોય કે પર કોમના હોય તો પણ તેઓને એશી તરીકે ગણવા એ સજાવાર છે. વળી વહિસ્તોઇશ્ત ગાથાના છેલ્લા ફકરામાં કહે છે "ખોટા એતેકાદવાળાઓને લીધે (દીન ઉપર) દ્રૂજ થયલા તારા ધર્મ ગુરૂઓને (અએ અહુરમજદ) સંકટ વેઠવું પડે છે. જ્યારે જોઇને **રાસ્તીને** હાણી કરનારાઓ તનાદુર (એટલે ગુનેહગાર) થાય છે અથવા ગણાય છે. રાસ્ત સાહેબ . . . . કર્યા (છે) કે જે તેવા શખ્સોના છુટા પણાનો તથા જીંદગીનો નાશ કરી શકે. અર્થાત અએ હોરમજદ તારી પાદશાહી (અથી છે) કે જેથી નેક જીંદગી ગુજારનાર ગરીબ માણુસને (તેની નેકીના બદલામાં (તું) બેહેતરી (એટલે ખુશ્બદ દરજ્જો) બક્ષે છે." આ ફકરા ઉપરથી પણ માલુમ પડે છે જે જેઓ ખરા ધર્મી અને રાસ્ત હોય છે તેઓને ખરાબ માણુસોથી વેઠવું પડે છે. એજ પ્રમાણે પેહેલવીમાં પણ રાસ્તીને ઉંચી જગા આપી છે જેમ કે મીનો ખેરદના એક બાબમાં કે જ્યાં દરેક સારાં કામ જે માણુસ કરે છે તેના દરજ્જા પ્રમાણે મુકેલા છે, ત્યાં સખાવતને પેહેલી મુકી છે અને પછી બીજી રાસ્તી આવે છે અને પછી બીજાં બધાં સારાં કામો આવે છે.

લડાઇનો ખર્ચ શું? આ સદીમાં થયલો બધી લડાઇઓ કરતાં હાલ ચાલતી જંગી લડાઇ સૈથી વધુ ખરચાલુ પુરવાર થશે. બાલકન લડાઇ આ લડાઇના પ્રમાણમાં ઘણી નાની હતી તે છતાં જ્યારે સુરેહ થઇ ત્યારે તે લડાઇના ખર્ચનો અડસટો પાંચ કરોડ પાઉંન્ડનો કાઢવામાં આવ્યો હતો.

રશો તરફોશ લડાઇનો ખર્ચ મહીને દાહાડે એક કરોડ હેંસી લાખ પાઉન્ડનો આવ્યો હતો. જ્યારે સુરેહ થઇ ત્યારે રશીયાએ હારેલાં તરફોનો ૧૪ કરોડ ૫૦ લાખ પાઉન્ડ આપવાની ફરજ પાડી હતી. પણ તરફોનાં સંસ્થાનો વિગેરે રશીયાને હવાલે કરતાં કુલે પાંચ કરોડ પાઉન્ડની બાકી તેને રોકડા નાણાંમાં આપવી પડી હતી.

ફ્રાંન્કો જર્મન લડાઇ જે આંઠ મહીના ચાલી હતી તેનો ખર્ચ ૩૧ કરોડ ૬૦ લાખ પાઉન્ડ સુધી થવા ગયો હતો અને ફ્રેંચોએ જર્મનીને આલસેસ લોરેન આપી દેવા ઉપરાંત ૨૦ કરોડ પાઉન્ડનો દંડ પણ દેવા આપ્યો હતો.

લશ્કરી ખુટના લગેલા અસાધારણ ખપને લીધે સાધારણ ખુટ શુના ભાવોમાં ૨૫ ટકાનો વધારો થઇ ગયો છે.

જર્મન કાફ્લાનો ખર્ચ ૧૯૬૮ પછી ૬૦૦૦૦૦૦ ઉપરથી વધી વધીને ૨૩૦૦૦૦૦૦ પાઉન્ડ જેટલો થયો છે.

એવો અડસટો કાઢવામાં આવ્યો છે કે હાલના જેવી લડાઇમાં રોકાયલા લશ્કરો સિપાહીને માટે જોઇતા ગોળાઓ બનાવવા જેટલું સીસું આખી દુનીયામાં કેંઇ નથી મળી શકવાનું.

ઇંગલાંડમાં જે કે એક પાઉન્ડની નોટોનું ચલણ નવું અને તેથી કાંઇક નવાઇ જેવું લાગે છે, પણ સ્કોટલાંડમાં તો તે ગીની કરતાં ઘણું સાધારણ વપરાસમાં છે.

રશીયામાં લડાઇ પર થયલા મરદોનું કામ કરવ હજારો સ્ત્રીઓ બાહાર પડી છે.

ગ્રે કાલકુન.

(ચાલુ વાર્તા.)

લખનાર:—મીસીસ જરબાનુ મેહરવાનજી કેકાવાલા.

પ્રકરણ ચોથું.

વર્ષો પછી કાઉનટેસ લેંગડોફના અજબ સંજોગે પોતાની જવાનીના ભલા મીત્ર એમાર્લસ સાથે મેલાપ થયો. લેંગડોફ કાસટલની જાગીરી ઉપર ભમતા ઓળાઓમાં શું ભરમ હતો તે જાણી લેવા કાઉનટેસ પોતાની બેટીની સાથે શોધ કરવા નીકળી અને ત્યાં ઝાડીની અંદર આવેલાં એક ઝાડું થડ એકાએક ખસી ગયું અને ત્યાં તે મા બેટીએ એમાર્લસને છુપું ઘર બાંધીને ત્યાં રહેલો જોયો. પેલા ભમતા ઓળાઓ લેંગડોફ કાસટલના નીમકહરામ સ્ટવાર્ડોર મેાં પીગ્રીએ ખાસ ઉભા કરેલા હતા અને તેને તેના સાથીઓ જોડે પોતાના પાપી પ્રપંચને લગતી વાતો કરતાં સાંભળી કાઉનટેસે તે બુરા આસામીને તેના ખરા રંગરૂપમાં જોઈ લીધો. તે આપણે બધું ગયા પ્રકરણમાં જોઈ આવ્યાં.

ત્યાર પછી તે મા બેટી પોતાને મેહલે પાછાં ફર્યાં. એમાર્લસ સાથની મુલાકાતે તેણી ઉપર ઘણી અસર કરેલી જણાતી. કાંઈ મુંગાવી ફ્રેલીસ આદીને પોતાની માની પાસ બેઠી. કાઉનટેસ પીગ્રેથી બોલી—

"ફ્રેલીસ, જો મારફરીસ સાથની સગાઈ તુંને પસંદ નહીં હોય તો હું તુંને એ વાતની બેાદ્દસ કરીશ નહીં. હું બરાબર સમજું છું કે દોલત હશમતની ગમે એવી ઝાહોઝલાલી કરતાં એક ગરીબ બેદુલતા સાચાં જીગરના વ્હાલમાં વધારે સુખ છે. આવા અણઘટતા ભુલમેાથી જવાન જીગરોમાંથી નીકલતી હાય પીકાયના આપણી કાંસની ભુમીને બદબખ્તીએ ઘેરીછે; તું તારી ખાહેરા પ્રમાણે ચાલજે, અરે પણ હું કેવું ધમ્યું છું કે તારા પીતાને એ બાબે સમજાવી શકું."

ઢેલી ફ્રેલીસ આંખે હાથ દઈ રડી પડી. તેણી મારી રહેશે સમજતી કે તેના કઠોર સખત દીલના આપને સમજાવવા એ હીમાળય પરવતને પોતાનાં બરફથી પીગલાવવા જેટલો નહી અનવા જેમ બનાવ હતો. કાઉનટેસે તે રાતે પોતાની બેટીને પોતાના પાસાંમાંજ સુવાડી; રાત્રે કાઉનટેસ એક ઘણોજ ત્રાસદાએક સ્વપનો જોઈ ઉંઘમાંથી ઝબકીને ઉઠી. પોતાની પાસે પોતાની લાડકી બેટીને નીરદોષ ઉંઘમા પડેલી જોઇ તેણી તુરત ગુંથણ મંડીએ પડી અને ફ્રેલીસના માથાં ઉપર અતિઘણું વ્હાલથી હાય મેળી તેણી બબડી—

"મારી લાડકી બેટી બોદા કરે તે જે દુઃખ તારી માતાના કમનસીબે તને વેઠવું પરીયું છે તે તારાં નસીબમાં હોય નહીં; તુંને ખરાં જીગરથી ચાહનાર એક માયાળુ ઘણી મલે અને નહી કે તારી માતા જેવેા સાંકડા મગજનો ગુસ્સેબાજ ને કાયા કાનનો, જો કે તે એવેા હોવા છતાં પણ તે બેહદ્દતનો માલેક સાહેબ છે કે હું તેના તરફ ખરાં વફાનથી વફાદાર રહી છું."

જે પ્રમાણે એમાર્લસ કહ્યું હતું તે પ્રમાણે બે દહાડા પછી કાઉન્ટ આવી લાગ્યો. તેની સાથે જવાન મારફરીસનો બુઝર્ગ પીતા અર્લ-ડ-એરી હતો. તે બંન્ને વહેવાઇઓ સાથેજ આવ્યા.

કાઉન્ટ દમામમાજ પોતાની પરણેતરને નમીયો પણ પોતાની બેટીને તેણે વ્હાલથી પાસામાં ચાંપી. એટલું તો ખરું કે તેણી તેને દુન્યામા સર્વથી 'પ્યારી હતી સીવાય કે તેની ખાનદાની મગરૂરી. અને જાતી ખવાસની એકલપેટાઇ.

"ડ-એરી, આ મારી બેટી લેડી ફ્રેલીસ છે, તમે જોયું એ હવે કેટલી મોટી થઇછ તે?" કાઉન્ટ મગરૂરીથી પોતાની દીકરીને તેણીના ભવીષ્યના સસરા સાથે ઓળખાણ કરાવતાં બોલ્યો.

બુઝર્ગ અર્લ-ડ-એરી માનથી નમીયો.

"આ ખુબસુરત ચહેરાએ મારી આંખોને ઘણી ટાઢક આપીછે દોસ્ત, પણ બેશક એની મુંદરતાની કીમત તો મારો બેટોજ કરી શકશે." ડ–બેરી નરમાસથી બોલીયો.

"તમારા બેટા તમારી સાથે આવ્યા નથી?" કાઉનટેસે પોતાની બેટીને જવાબ આપવાની મુંચવણમાંથી બચાવી લેવાને ધારી કહ્યું.

"નહી, બાનુ તમુને બેશક પેરીસની પ્રજના હુલ્લડની ખબર તો મલી હશે; મારા બેટાએ ઘણીજ બહાદુરીથી આમ લોકોના અપમાનમાંથી નામદાર રાણીના બચાવ કીધો અને એ તેની હીમતથી તેને બચારાને બહુ ખમવું પરીયું'છ; જ્યાં સુધી મારો બેટો અહીં સલામત આવી પુગશે નહી ત્યાં સુધી મારા જીવને જપ રેહશે નહી."

"મેં પેરીસની ખબર ઘણી થોડી મેળવીછ, કારણ કાઉન્ટે અહીં ફ્રેજસના ગામડાંમાંથી કોઇને પેરીસ તરફ જવા દીધા નથી એટલે ત્યાંની ખબર કાંઇ મલી શકી નથી, હું ધારુંછુંક મામલો ઘણો ગંભીરતે। નહી હોય." કાઉનટેસ બોલી,

"શું બનશે તે કોઇ કહી શકતું નથી, હમણાંતો જરાક શાન્તી છે પણ પ્રજની આગેવાની લેનારાઓ ઘણા કાવતાંબાજ છે તેઓ જો એકાએક હુલ્લડ કરાવશે તો કહી શકાતું નથી કે શું થશે; બોહા આપણને બચાવે."

કાઉનટેસે ઇંતેજારીથી કાઉન્ટ તરફ જોયું.

"તમે એમ ધારોછ કે એ હુલ્લડ અહીં ફ્રેજસ સુધીપણ આવશે?" તેણીએ પોતાના વરને પુછયું.

"ભટ!" કાઉન્ટ ભવાં ચઢાવી બોલીયો. "આરતેા એની બાબતે શું સમજે? મારે પેહલાં જઇને મારા વીસવાસુ મેા. પીએરીને મલવું જોઇએ. તેનાથીજ હું જણી શકશ કે ફ્રેજસની હકીકત શું છે."

"યેાસે" કાઉનટેસ વચ્ચે પડી. "તમે પેહલાં મારૂં સાંભળેા—" કાઉન્ટ તુચ્છકારથી તેના તરફ કર્યો.

"તમારૂં સાંભળું? ખરેખર? શું તમે કાંઇ રાજદારી સમજ ધરાવેાછ? માફ કરજો કાઉનટેસ પણ તમારી આખી અકલ કરતાં હું મારા પીએરીની અરધી અકકલને વધારે કીમતી ધારૂંછ."

કાઉનટેસ લાલ લાલ મારી ગઇ, ફ્રેડીસની આંખેા ગુસ્સાથી ચમકી ઉઠી. બાપડેા ડ–બેરી તેા ડંગર થઇ ગયેા.

"આપણું બોલેલું તે કહી માનનાર નથી" કાઉનટેસ ધીમે બબડી; કાઉંટ ધસારામાં બહાર ગયેા. કાઉનટેસે પેરીસને લગતી બધી ખબરેા ડ–બેરીને પુછવા માંડી અને તે બુઝર્ગ અલે આ ચહેરેનમુન કાઉનટેસની ચાલાકી અને રાજ તરફની અતંત વફાદારી વખામૂીયા વગર રહી શકીયેા નહી.

"શું" તેણે મન સાથે વમાસીયું "આ ગુસ્સેા બાજ કાઉન્ટ પેાતાની અમીરી ખવાસની બાતુના ગુણેા જોઇ શકતેા નથી? જો મા જેરીજ ખસલત એની બેટીમાં ધરાવતી હશે તેા બેશક મારેા ભલેા બેટેા એક લાયક ધણીધણી મેળવશે."

આટલા વખતમાં કાઉન્ટ નાચતેા કુદતેા પાછેા આયેા "કેવી ખુશ ખબર? ડ–બેરી, આપણી બધી આશાઓ સફળ થશે; માં. પીએરીએ મારી ખાતરી કીધી છે કે આપણાં ગામડામાં તદન શાન્તી અને સુસેહ રાજ કરે છે. પેરીસમાં જે જે બન્યુંછ તે માટેથી એ માહીતગાર નથી અને મેં તેને જણાવ્યું પણ નહી માટે આપણા હાથમાં ઠીક વખત છે. આપણે આપણી દરેક કીમતી ચીજો લઇ, આપણાં છેાકરાંઓના લગન કરી ફ્રેજસથી વખતસર નહાસી જઇશું."?

"તમારી ખાતરી છે ફ્રેંગેાડેક, કે આ માણસ તદન ખરેજ કેહવ?" ડ–બેરીએ પુછયું.

"બેશક, અથીતજ આપાં યુરપમાં આવેા નીમકહલાલ, વફાદાર વિશ્વાસુ માણસ મલવેા મુશ્કેલ છે" આંધલા કાઉન્ટે જવાબ દીધેા.

કાઉનટેસ અને ફ્રેડીસે એકમેક તરફ જોયું; તેઓની આંખેા માહેલી ગભરાટની ઇસારત જોઇ હેતાં ડ–બેરી બેચેન બની ગયેા. તેણે કહ્યું. "આવા ગભરાટના કટાકટીના વખતમાં આપણે આપણા નેાકરેા ઉપર બહુ ભરેાસેા મુકવેા જોઇએ નહી, ફ્રેંગેાડેક.'

"અરે પણ મારા પીએરીના સખુનો ઉપરનો હુ મારી જોખીનગીરી આપવા તૈયાર છું." અપીચારી કાઉન્ટ બોલ્યો.

કાઉન્ટેસે કાંઇ બોલવા માટે હોઠો ઉઘાડયા પણ પેલા ગુસ્સેબાજનાં ભર્યા ચઢતાં જોઇ તેણીએ પોતાની બેટી તરફ જોયું.

"પપા તમારા અવિચારવામાં હું બીલકુલ ભાગ લેતી નથી "ફેલીસ બોલી ઉઠી "હું તમને કાંઇ દ્રઢાકત કહીશ કે જેથી તમે એ દગાબોર પીએરીને તેના ખરાં રંગરૂપમા પીછાણી લેશો."

"દગાબોર પીએરી!" કાઉન્ટ ધીકારથી પોતાની આતુની સામે જઇ બોલીયો. "કાઉનટેસ દેગરોઇક, તમોએ મારી ગેરહાજરીના ઘણો હીચકારો લાભ લીધેલ. તમે આપ છોકરીના મજાજમાં તમારા જેવાજ હલકા વીચારો મારા ભલા પીએરી માટે ખરી મુકીયાછ."

ગરીબ કાઉનટેસે આ ખેતવત ભર્યા સખુનો સાંભળી દુઃખથી પોતાનો હોઠ કરડયો. "ફેલીસ તમારી ખાત્રી કરી આપશે કે આ સખુનો એના પોતાનાજ છે, હાલતો એ, વાત પડતી નાખો કારણ બીમારા અર્લ-ડ-એરી ચાકેલા લાગેછ, ચાકેા ખાણાતો પણ ટાઇમ થયો."

ડ-એરીએ ઝટ પોતાની જમણા હાથની બાલુ કાઉનટેસ આગળ ધરી અને તેઓ બન્ને ચુપચુપ ખાણાંના ઓરડા તરફ ગયાં; કાઉન્ટ પોતાની બેટીને લઇ તેઓની પાળ્ય ચાલીયો.

ખાણા ઉપર કાઉન્ટે ભરીબ્બની માસ્યોનેસ ડ-એરીની સલામતી લીધી જે ફેલીસ ચુપ મોંદુકે રમુજ રાખી.

"હું કેવું ધ્યુછુંછ કે મારો બેટો એડવીન એકાદ અઠવાડયામાં આવતા પામે" ડ-એરોએ બહુજ ઇતેજારીથી કહ્યું,

ત્યારે તે મા બેટી એકલાં પડયાં ત્યારે ફેલીસ બોલી—

"મમા આપણે શું કરીએ? પપા કાંઇ આપણું માનતો નથી, તેવણને પેલા બુરા આદમી ઉપર બહોજ વિશ્વાસ બેઠોછ. અને આપણે જે એવણને કહીયું તો એ વાત એવણ પીએરી આગલજ લઇ જઇ તેના ખુશાસો પુછશે તો કામ બગરી જશે."

કાઉનટેસે કડવાસથી હાથ મારી.

"ફકત એકજ ચીજ ઉપર આપણો આધાર છે. એમાબસ હવે વેહલો પેરીસથી આવે તો સારૂ; તું રોજ પેલા પુલના ગોટા માટે તપાસ રાખજે, જે આપણને એમાબસની પધરામણીની ખુશાલી આપશે, અને હવે મારી દીકરી તું તારાં લગન માટે શું કેહછ?"

તે છોડીએ નીચી નજર કરી.

"મારા બાતાનો હુકમ હું કેમ તોડી શકું? તે સાથ વળી એમાબસે તે જવાનને ભોપોછ અને તે મારે લાયકનો છે એમ કહેછ ત્યારે તો હું મારાં તસલીમને તાબે થવસ. એટલું'તો ખરૂં કે બુઝર્ગ ડ-એરી મને પેહલીજ નજરે ગમી આપ્યાછ."

કાઉનટેસ પઢાવથી તેણીને ભેટી પડી.

"મારાં બચ્ચાં, એ ભલા આપનો બેટો પણ તેવોજ નેક હોવો જોઇએ બોલા તુંને હમેંયા ખુશી રાખે."

"અજબ જેવું નથી કે પપાના અને ડ-એરીના સ્વભાવમાં આટલો બધો તફાવત છતાં તેઓ એકમેકના મીત્ર થઇ શકીયાછ."

"છટ બેટી, તું તારા મુરબ્બી તરફની ફરજ ભુલી જાયેછ" તે નેક કેરદાર બાતુએ પોતાની બેટીને રોકી.

બીજા સવારે કાઉન્ટ અને ડ-એરી તદન સાધારણ પોશાકમા તૈયાર થઇ ઘોડેસ્વાર બની ફ્રેજસના ગામાં તરફ ગયા. પીએરી તેઓને જતાં જોઇ ફીકરથી દાંતમાં કચકચાવી બબડયો "આપ બે મોટા મુરબ્બીઓ વાય મારવા નીકલીયછ. એ લોકના પાછાં ફરવા પહેલાજ એ લોકની સુખ્ય ઉપડસે.

તેઓ પાછા ફર્યા ત્યારે ડ-એરી ઘણો ઉદાસ જણાતો હતો. કાઉનટેસે પુછયું.

"કાંઇ બરાક બનારતો નથી ઢરો—"

"મડામ, હું મારા બેટા માટે બહો ઇતેજાર બની ગયોછ. મેં ગામડાંનાં દરેક લોકના ચેહરા ઉપર

બધાં નાપસંદ ચીન્હો જોયાં અને તેથી કાંઈ મને ઠીક લાગ્યું નથી."

કાઉન્ટેસે એક છુપી હાથ મારી.

દહાડાના અઢારીયાંઓ અને પછી એકાદ બે માણસથી ગબડી જવા પણ નાતો જવાન મારકવીસ ૬-બેરીની ખબર કે નાતો પેલા છુપા પેગામનો ફુલતો ગોટો દરેક જણ ધારતી અને ચીંતાથી બેબાકરાં જેવાં બની ગયાં હતાં.

એક સવારે કાઉન્ટ અને ૬-બેરી બગીચામાં ફરતા હતા ત્યારે એક ચીયરેદાર બેયુત તેઓ તરફ ધસી આવ્યો. કાઉન્ટના ભીંગ ફરી ગયાં પણ ૬-બેરી દરબાર કાંમિ ધસીને તેને ભેટી પડ્યો.

"મારા દીકરા, મારા એડવીન, આ તારા કેવા હાલ!"

"બોદાનો ઉપકાર માનો પીતાજી કે હું તમુને ઝવતો આવીને મરી શક્યો, પણ મને લાગેછ કે હું દમણાં બેસુદ થઈ જવસ" અને એટલું બોલતાંજ તે જવાન પોતાના પીતાની પોહલી છાતી ઉપર ગબડી પડ્યો.

કાઉન્ટ અને અર્લ બન્ને મલી તે બેહોશ જવાનને ઉઠાવી અંદર લઇ ગયા. તેવી ફ્રેડીસે જ્યારે જાણ્યું કે મારકવીસ આવી ચડ્યો હતો ત્યારે તેણી પોતાના ઓરડાના એકાન્તમાં ચાલી ગઇ.

જવાન મારકવીસને માથાં ઉપર મોટોપા થએલા જણાતો અને તેમાંથી પુશકલ ઠોઠી ગયું હોય તેમ તે બીચારો તરફ ફીરો ને કાઢેલી જણાતો; પોતાના ચુસ્તીસુલાબ જેવા તનદોરસ્ત કલેવર બેઠાના આવા હાલહવાલ થયલા જોઇ પેલા બુઝર્ગ આપની બાની દુખથી ફાટી જતી હતી અને માથાનુ કાઉનટેસ તેને બની શકતો દીલાસો આપી જવાન મારકવીસની સારવારમાં એકે પગે ઉભી રેતતી.

છેક સાંજ પડતાં મા બેટીનો મેલાપ થયો.

"અમ્બાં વહાલાં પેરીસ મારે મારકવીસ શું બબર લાવાવ!" ફ્રેડીસે પોતાની માને પુછ્યું

"બહુજ બરબબની ભર્યા સમાચાર છે, બેટી. અરે બોદા, આવો દીવા વખત તું કામ આવેછ! બાદશાહી મહાલમાં લુટ ચાલી રહીછ, વફાદાર આદમીઓ બધાં રેહસાંઇ ગયાંછ. અમીર ઉમરાવોનાં લોહીની નેહર ચાલી રહીછ. રાજા રાણી કેદ પરીવાંછ તેઓને બચાવવા જતાં મારકવીસને જખમી કરીને પણ બંદીખાને પકડી ગએલા; એ કેહેછ કે કોઇ ગણેત સખસે એને એક રાત છુપો છોડી દીધો અને રેજીમના ગામડાં સુધી તેને મુકી આવ્યો. મારકવીસતો કેહવ કે હુલ્લડખોરો અડી સુધી પોંચા વખતમાં આવી પુગવા જોઇએ."

"પણ મમા હવે મારકવીસ આવી પુગ્યા તો આપણે બધાંએ શા માટે ખોટી થવું જોઇએ? હવે આપણે ઉતાવલે હાસી જવું જોઇએ "ફ્રેડીસ બોલી.

"બોદા બબર કે આપણાં તાકેમા શું લખ્યું હસે; પણ મને કાંઇ બરાબ બનવાની આશાદી થાએછ. મારી દીકરી આપણી કરણીનું જેવું ખરે તેવુંજ ફળ મલસે એટલે સબુરી રાખવા સીવાય છુટકો નથી."

"પણ જે પેલા ગ્રાહીન સખસે એને બચાવીયો, તે કોણ હશે?" ફ્રેડીસે પુછ્યું.

"કોણ જાણે એ કેહવ કે તેનું નામ બહુજ બજબ જેવું હતું. "એ ફ્રાલ્હન" તેનું નામ હતું અને તે કોઇ ઘણોજ દીલલ્છત દેખાવનો ને બાઝ જેવી તીણી નજરનો સખસ હતો, મને શક છે કે તે—"

આ પલે કાઉન્ટ ત્યાં એકદમ ધસી આવ્યો. "મારગ્રેટ, જલદીથી આપણી ફ્રેડીસના લગનની હવે તૈયારી કરવા માંડ, આપણે બનશે એટલી ઉતાવલે છુપવું ઉઘડું જોઇએ. જે અને અર્લ આપણી બધી રોકડના હીરા વેચાતા લઇ લીધાછ એટલે તે સાથે લઇ જઇશું. ને નોકરોથી બંનણ બનશે તો આપણી મુનાની પ્લેટો પણ લઇશું" ફટ મોં પીએરીજ એ વાત જાણશે."

"મોં પીએરી!" બંન્ને મા બેટી પુકારી.

કાઉન્ટના ભર્યા ચહેરા. "હા, મારો વીશ્વાસુ પીએરી!" કાઉન્ટ દમામથી બોલ્યો.

"કાઉન્ટ રોગેરોક, તમે એ આદમી ઉપર વિશ્વાસ મુકશો તો આપણું બધાંનો નાશ કરશે. હું મારી લખને કહું છું કે છેતરીમાં એકજ વખત મારો મોસ માનો; મોં પીએરી એક રોજાદીનો વફો છે જે રોજા

આપણુ બધાંને મારી નાખવા તૈયાર છે." કાઉનટેસ ઘણી ઉશ્કેરાઇને બોલી.

"એ એક સદંતર ખોટી વાત છે. ટેળા શું તે હુલ્લડ શું? પેરીસની વાત તો એ એક શબ્દથી જાણતો નથી.—"

"એ એક ખરેખરો નીમકહરામ ઢગ છે. હમે પોતે તેનાં કાવત્રાં કાનેકાન સાંભલીયાંછ—"

"મને બધી પુરાવો જોઇશે—" કાઉન્ટ બોલીયો.

"હા, હું તમુને બધી હકીકત કહેવા તૈયાર છું. પણ એક સરતે કે તમે પીએરીને જબને કશું કેહો નહી, નહીતર તે ભર મધરાતે આપણને હલાક કરી નાખશે."

"તમારી હકીકત એ બોલેબોલ જુઠાણું છે અને તેથીજ તમે પીએરીને બચાવ કરવા માટેની ટક આપવા માંગતાં નથી. કાઉનટેસ, હું ખુશીછું કે ચૈરાંબોની નીંદા માનું તેવા હું કાચા કાનનો નથી. હું હવે તમારૂં કાંઇપણ સાંભળવા માંગતો નથી. મેં કહ્યું તે પ્રમાણે કરો, કેલીસ માટે એક રાજવંસી ઘરદાગીનો પોશાક તયાર કરાવો. એવું જોઇ કોઇ બોલશે નહીં કે ઢેંગોક કુંટુંબ ધાસ્તીને વખતેજ પોતાની ઝાહોજલાલી મેલવા ચકીયું નથી" આટલું બોલી તે ચાલી ગયો.

"પહાડ જેવો સખત, હમેશનો પહાડ જેવો સખત," કાઉનટેસ બોલી.

જ્યાન મારકરીસને બીજે દીવસે સખત બોખાર આવવો ચાલુ થયા અને દરેકના ચેહરા ઉદાસ મારી ગયા.

નાસતા પછી લેડી કેલીસ બહારથી ફરીને આવી ત્યારે તેણીના હાથમાં એક પમરતો સુંદર ફુલનો ગોટો હતો,

"ઓ મમા, આ ગોટાએ મને તાજી તનતરસ્તી બક્ષીછ, મમા, એમાંથલ આવ્યાછ."

કાઉનટેસનો ચેહરો ઘણી શાન્તી પામેલો દેખાયો

"મમા, આજ સાંજે આપણે એવણને જબને મલશું, એવણ આપણને બધી ખબર આપશે.

"તેમજ કરશું! બેટા"

લડાઇમાં માર્યા કેટલા જાય છે? બનવા જોગ છે કે આ જંગી લડાઇમાં માર્યા ગયેલાઓની સંખ્યા આગલી લડાઇઓમાં માર્યા ગયલાઓની સંખ્યા કરતાં ઘણી વધારે થવા જશે.

બાલકનની લડાઇમાં ઘણી ખુનખાર નીવડી હતી તેમાં બેઉ તરફથી દશ લાખ નેવું હજાર સિપાહો ઉતર્યા હતા અને ત્રણ લાખ બીસ હજાર માણુસો માર્યા ગયા હતા જેમાં બે લાખ તર્ક હતા.

રૂશો જેપેનીસ લડાઇ વખતે મુકદનની લડાઇમાં રશીયાના સાડાછ હજાર રશીયનો કપાઇ મુવા યા જખમી થયા હતા અને જપાન જેની તરફથી છ લાખ માણુસ તે લડાઇમાં ઉતર્યું હતું તેમાંથી ૪૦,૦૦૦ માણુસ માર્યું ગયું હતું.

સ્પેન અને અમેરીકા વચ્ચે જનેરી લડાઇ દરમ્યાન બેઉ તરફથી ઉતરેલા ૧૩૨૮૦૦ માણુસોમાંથી ૨૩૫૦૦ સિપાહો માર્યા ગયા હતા, જેમાંનાં ૬૫૦૦ લડાઇમાં, એક હજાર તેમને થયલા જખમથી, દશ હજાર તાવની બીમારીથી અને બીજાં જુદાં જુદાં દર્દથી ૩૦૦૦ એમ આંકડો આવ્યો હતો.



બાળકોને બરનું.

પ્રભાતનો પાઠ ૩ જો.

"અદેખાઇ"

વ્હાલાં વ્હાલાં બાળકો,

દર રોજની તમારી જીંદગીને રમ્ય રાખવાની નીતનાં પવિત્ર શીક્ષણો તમારી સનમુખ દર મહીને હું રજુ કરવામાં આવે છે તેની ઉપર તમો પુરતુ લક્ષ આપતાં હશો એવી આશા છે. તમારી દરરોજની નાની મોટી રમતો કે દરરોજ તમારા વપરાસમાં આવતાં નાનાં મોટાં રમકડાંઓજીજ માત્ર સંતોષ પાછીને તમારે જેવી જેવાનું નથી પરંતુ ઘણા ઘણા સુંદર ને સંગીન સદ્‌ગુણોના સંગ્રહથી તમારા દીલને સ્વચ્છ ને શોભાયમાન રાખવાનુ મ્હારાત કામમ્ભી દરરોજ તમને કરવાનું છે. અને તેવા ઘણાક સદ્‌ગુણોમાં તામેદારીનો સદ્‌ગુણ ઘણો અગત્યનો છે જેની ઉપર ગીઆના પાઠમાં પુરતુ વીવેચન કરવામાં આવ્યું હતું. તેની ઉપર તમોએ ઘણું મનન કીધું હશે. આજ રોજે એક બીજી વાત તમો આગ્રહ કરવા માગુ છું અને તે "અદેખાઇ" ને લગતી છે. ઘણા ઉપરતાં ઉછરતાં બાળકોમાં આ દુર ટેવ આપણે વીશેષ જોઇએ છીયે કે તેઓ પોતાની દાદાગીરી સત્તાને ન પામતાં બાજા બાળકની કે કોઇ બીજાની જારે અદેખાઈ કરે છે. હવે અદેખાઇ એ એકજાતનો પાપભાવ છે. બસ તમેજ મોટાં થશો ને દુનિયામાં જાવ તમુનેજ મળે એ કોઇ કાળે જરાંઈ શકે નહી. આ દુનિયામાં ઘણાંજી આદમીને ઘણીજી વાતે ખુશ થવા જેવી હોય છે અને તેઓ સ્વભાવીક કરણી તેવી પાર ઉતરજી કરે છે. ' જેવું જેણે રોપ્યું હશે તેવું તેને મળી રહેશે. જુઓ એક વાર્તા કહું. એક વેળા ત્રણ મીત્રોને મુસાફરીએ જતાં પંત દોસ્તદ મશ્કરાંનો કંઇ સંજોગ થઇ પડયો. ત્રણ મીત્રો અક્ષરશીજ જાની દોસ્તો હતા અને નવી ભાઇ બીરાદર મેલવવાની ઉમેદમાં હતા પણ કમનશીબે એક બનાવ બન્યો. ત્રણેમાં અદેખાઇ ઉતપન્ન થઇ. બે મીત્રોએ એક સંપ કરી ત્રીજાને ખોરાકમાં ઝેર આપીને મારી નાખવાની ગોઠવણ કરી કે જો તેને મારી નાખે તો બાજનાનો વધેલો લુખકો પેસા બે મીત્રો વેહેચી લે, એવું વિચારી પેસા બે જને ત્રીજાને કંઇ બહેમજે સમજાવી પરદેશ મોકલ્યો ને કહ્યું કે કુસાને દહાડે તું પાછો આવજે આપણે સાથે જમીશું. તેમ તેતો ગયો પણ તેનાં મનમાં કંઇ અદેખાઇ ઉતપન્ન થઇ આવી. તેણે વિચાર્યું કે "જો હું આ બે જનનું કાતલું કહાડી નાખુ ને કોઈ રીતે એ બન્ને ને મારી નાખું' તો આખો બજનો મારે અસ્તક થઇ જાય એવા બુરા અને અદેખાઇ ભર્યા એકલપેતા વિચારમાં સજ થયેલા આ આદમી પરદેશ ફરી દેવેલા દીલમ્ભે પેસા બસલ બે મીત્રોને મળ્યો; અને જમવા આવવાને બહ્મે તેઓની મુલાકાત લીધી બે જને વિચાર કીધો કે ત્રીજાને ખોરાકમાં ઝેર આપી મારી નાખવો ને ત્રીજાએ વિચાર કીધો કે બે જનને કોઇકી રીતે ધાયલ કરી તેઓની અમુલ્ય જીંદગીને નાશ કરી નાખવો ને બાકી વધેલો બજનો બસ પોતેજ વહેંચી લેવો. હવે પરીણામ શું આવ્યું તે જુવો. પેહલા બે જને ત્રીજાને માટે ઘણો સ્વાદીસ્ત ખોરાક તૈયાર રાખ્યો હતો, પણ જેની અંદર ઝેર ભેળવ્યું હતું તે ત્રીજે ખાવા જાય તેની અગાઉ ત્રીજાએ પેસા પોતાના બીલ બે મીત્રોને ખુશ થાયલ કરી મારી નાખ્યા અને બજનેજો મેલવવાની ખુશાલીમાં પોતે સ્વાદીસ્ત ભોજન જમવા લાગ્યો, પણ ભોજનમાંતો ઝેર પીરસેલું એટલે એ ગરીબ બીચારોભી જીંદગીથી નાશ પામ્યો અને ફલ શું આવ્યું? બજનોજ કોઇનેભી મળી રાખ્યો નહીં અને અદેખાઇના પરીણામમાં ત્રણેના જીવ ગયા.

વ્હાલાં બાળકો આ વાતો ઉપરથી આપણને નસીહત લેવાની છે કે અદેખાઇને અંતમ ઘણોજ ઘણોજ બુરો છે, અને કોઇ પારકાંની કે કોઇની મળી રાખેલી જીંદગી અદેખાઇ કરવામાં ઉતરે આપણનેજ ઘણી મોટી હાની છે, માટે વ્હાલા બાળો ચેતેલાં રહેજો.

લ૦ દુવાગીર તમારો,
મોટા બાવા

સાચા પ્યારની કસોટી!

યાને

કોણ સરસ? પૈસો કે પ્યાર?

(પારસી સંસારની એક સંપૂર્ણ વારતા)



લખનાર:—'રઈફ'

પ્રકરણ ૧ લું.

વસંત ઋતુની તે મોસમ હતી અને તેના એક દીવસની એક સાંજે ઝઝકળતાં પુણાના પારેખ કાસ્ટલના જવાન માલેક જહાંગીર પારેખ પોતાના કાસ્તલની લગતી વિશાળ જાગીર જમીન નિહાળતો ઉભો હતો. તે જમીન અને જાગીર તેની પોતાની માલેકીની હતી. પણ તે પોતે વાળેવાળ કરજદાર હોવાથી તે કાસ્તલ અને તેને લગતું બધું મારગેજ હતું અને જે વખત જોય તેમાં તે બધું પારકે હાથ જવાનું હોવાથી તે બધાંની એક છેલ્લી મુલાકાત લેવા તે ત્યાં ઉભો હતો.

"હવે મને લાગેછ કે આય બધું ખોવાને લાંબો વખત લાગવાનો નથી" તે મનસે બડબડ્યો "એમ તો આહું તો એ દુંજ રાખું પણ કેટલી મોટી કીમત તેની મને આપવી પડે? ને તે દું આપું કયાંથી?"

એટલું બોલી તે આગળ ચાલવા જતો હતો તેટલાં તેની પછવાડે કોઇનાં ધીમાં પગલાંનો અવાજ તેને સંભળાયો અને પાછું ફરીને જોતાંજ તેણે પોતાની પાછળ એક કપાળી છોકરીને કાંઇ વિચારમાં ઉભલી જોઇ.

"મીસ પરીન્દ્રેહ! તમે આય વખતે અહીં? આવે વખતે ને આય રસ્તે તમે તો કોઇજ વખતે દેખાએોછ?"

"ગુલબાયને વાસ્તે વેકેન્સ મેગેઝીન લેવા સ્ટેશનના બુક સ્ટાલ પર આવીતી, હવે ફરતી ફરતી બંગલે જાઉછ. તમે અહીં શું કરોછ?"

"હું? હું મારી આય જાગીર જમીનને છેલ્લી સલામ કરવા ખાસ હમણાં અહીં આયોછ, જ્યારે મને તે આપી દેવી પડશે ત્યારે મને ઘણુંજ દુઃખ ઉપજશે, ખરું કેની?"

"પણ, શું ખરેખર, તમુને એ બધું આપીજ દેવું પડશે?"

"તો બીજું શું? એ બધું આપી દેવાની મને ફરજજ પડશે."

"મીસ. મેહેતા" થોડોકવાર ચુપ રહી તે બોલ્યો "મીસ પરીન્દ્રેહ, તમે ઘણાં ભલાં છેવો અને મારી તરફ તમે સાચી દિલસોજી ધરાવેાછ તેથી તમોને કહેવાની મને હીંમત આવેછ કે મેં મારાં પારેખનાં નામીયાં ખાનદાનને મારી ચાલથી ઘણું નામોશીમાં મેળવું છે. પારેખ ખાનદાનનો હું છેલ્લોજ વારેસ છેઉ. મેં મારી દોલત બાય ખરચી નાંખી છે. એ બધું નખ્ખોદ મારાં બીચારા માય બાપો મને નાનો મુકી ગુજરી જવાને લીધે બન્યું છે, કેમકે, તેઓની ગેરહાજરીમ મને સીધે રસ્તે દોરવી ઉધારનાર અને મને સારે રસ્તે ડેારાણે પાડનાર મારે માંથે વાંસે કમનસીબે કોઇ રેવું નહીં હતું. હું મુર્ખ બન્યો, અને એક વાર જે ઉંધા ધુમાં હું મારા બાપદાદાથી મેળાપણે ત્યાંથી જે મેં ઉતરવા માંડ્યું તે છેક હેઠાંધુમાં ગબડી ગયોછેને અત્તે આય હાલતમાં હું આવી પડ્યોઃ હવે મને જ્યારે મારી એ બુરબાયનો દંડ આપવો પડેછ ત્યારે ઘણીજ અનુરે મને શુધ્ધી આવે તે હવે મને શા ખપની? એતો

પરીન્દ્રેર જોતીતો પોતાની એ દીણી હાલતને ત્યમે વતી રહી ને તાબે નહીં થાય તો જાય ક્યાં?

"હા, બીચારી તે અહીંજ રહેછ, છેક નાકેના ગારામાં રહેછ પેાતાને મદીરેને નામે રહેછ, બેરાંમજીજ મારી આગળ અહીં તેવણને લઇ આયા; બીચારી બાય ગેાલાબ જેવી બેરી છે ને એ એના વરને શું સુઝ પડી હોસે. આપરે તુસતેા વાંચતાં મુવાં પન બેરાંમજીએ થેાડીઘણી મારી આગળ વાત કરેી, તારે જાણું."

"પણ કેટે એ બીચારી બાયછ આવેછ કે? કરેછ હરેછ કે?"

"અરે નહીંરે કરતી હરતી ડાસી થઇ, સારપરથી હેઠે નહીં જતી; ને ઘરી ચપકેા મારી આગળ જરા આવેછ ને તેબી સીવવા મુકવાનું લેવા કરવા"

"ત્યારે બાધા પીધાનું કેમ?"

"બાય પાંડે, માખણ, ઇંડાં—ને કોઇ વખત મારી પાસે બજારમાંથી બીજો મંગાવેછ. હું બજારમાં જાઉંછ તારે બીચારીને પુછતી જાઉંછ. મેંતા કેહ્યું કે માય તું મારી સાથે જમ. દીકરી હું જમસ તે તુને જમારસ, તેા એકની બે નહીં થઇ. બે તન વખત બેરાંમજીએ તેને કેહ્યું પણ એની બેાંઇસીસી છે કે 'ના'ની 'હા' નહીં."

"વાહ એનેા વર કાંઇ બેાકળેછ કે? તમુને કદાચ એણે કેહ્યું હેાય, યાતેા તમે કાંઇ જાણતા હેાવ તેથી પુછુંછ"

"મને વરની વાતતેા માલમ નથી પણ એક વખત બેરાંમજી કાંઇ અડછતું બેાલ્યા કે તેણે હરણાએ કાંઇ

મુસારો બાંધી આપવા કહેલા, પણ અભાગણીએ ના કેહી ને આય હું સીવવાના સદરા લઇ આવું છે એને આપું છું. બીજું કાંઇ આય ફેરબેાર ભરેછ તેમાંથી ચાલતું હોસે ને કાંઇ વરી ઓવા વરની બૈરી તે એની પાસે પોતાનુંળી કાઇજ હોસે નહીં?"

"ચાલો ત્યારે હું જરા તેવણને મળું' તમે કાંઇ કહેતાં ના કે મેં તમુને બધું પુછયું છું."

"નહીંરે બા હું જાણું'છ. વધેા મરૂં, આપ પેટ્રા સાંયેનેા આરેડેા."

એટલું બતાવી કુંવરબાઇ પોતાના ઓરડામાં ભરાઇ ગયાં.

ડા. ફિરોજ શીરીનના ઓરડા આગલ ગયેા અને સારાં નસીબે તેણીના ઓરડાનું બારણું ઉઘાડુજ હતું એટલે જરા વારમાં તે બેઉની નજર એક થઇ ગઈ.

બંન્ને એકમેક તરફ ટગર ટગર જોતાં ઉભાં.

"કેમ, તમે અહીં આવ્યાં? બાહાર જાઓ, આવી જાઓ, હું તમેાને નથી મળવા માંગતી" એમ કહી તે રેહેસિલાભર ઉઠીને તેની સામે ટીકતી ઉભી.

"ખુદા ખાતેર, શીરીન, તું ઠંડી પડ, તું શાંત થા, હું સોગંદપર કેહું'છ કે તુંને કેવી વાતે હું હેરાન નહીં કરૂં. મારી જરાક વાત સાંભળી. પછી તું કેહેશેા તેા તારી આગળ કોઇ દાહાડે નહીં આવસ. તુંને મારેા ઓળખી નહીં દેખાઉસ. બસ આય વખત મારે જે કહેવું છે તે સાંભળ."

તેને તેણીએ ખુરસી આપી બેસાડયેા નહીં, પણ પોતે પાછી પોતાને જગ્યે બેઠી અને મારી તરફ બાહાર ટીકયા કરીું' અને તે વખતે ડા. ફિરોજે જોયું કે તેણીની આંખેા આંસુથી તર હતી.

"શીરીન, હું—"

"ચુપ, મારૂં નામ એ નથી. એ નામ જીણે પોતાને માટે પ્યારૂં ગણીને પસંદ કરીું'તું તેણે જ્યારે તે નામને નાંમોશીમાં ગીરવતાર કરીું'છ તેા મેંબી તે નામની નિશાણ નાબુદ કરીધીછ. મારૂં નામ ખવાજખાઇ છે."

"ત્યારે, નવજબાઇ, આપું માનજો કે પેલા નેહસ્ત મુકદમા માટે મને કાંઇજ ખબર નહીં, તેને લગતી દફાકતતેા હું જ્યારે મુંબાઇ આયેા ત્યારેજ મેં જાણી. તું એમ સમજેછ કે તે મુકદમેા નીકળશેજ એમ હું જાણતે તેા તેમાંથી દુર રહેતા દુમ દબાવી નાહાસી જવા જેટલેા હું નીચ કુતરેા હતેા? જે સદવારે હું પુનેથી ઉપડી મુંબાઇ અને મુંબાઇથી દુર દર્યાની મુસાફરીએ જવા નીકળેા તે સદવારની એક રાત આગમજ મને જમશેદજીએ ખાતરી આપી હતી કે તારી સામે તેવણ કદાંજ પગલાં લેશે નહીં, ને—"

"પુના ગેાડયું' તેની એક રાત અગાઉ—એક રાત અગાઉ?" તેનું કહેવું ધ્યાનમાં ન ઉતર્યું તેથી તેની તરફ જોઇ તેણીએ પુછયું.

"હા, એક રાત અગાઉજ, પણ ત્યારે તે વાત શું કેાર્ટમાં નહીં નીકળી?"

શીરીને મોંહ ફેરવાવ્યું' અને તેને આખે આંસે જાણે લખલખું ભરાઇ આવ્યું હોય તેમ ફિરોજને લાગ્યું.

"કેાર્ટમાં શું બન્યું તે હું કાંઇજ જાણતી નથી ને મેં તે વીશે પેપરમાંથી વાંચવાની કનવાર કીધી નથી. મેં ધાર્યું કે તમે તમારેા બચાવ કરવા નહીં આવા તે માટે સત્યાનાશ તેથી વળી શીયું' પણ એ વાત હવે તાજી કરવામાં મતલબ? હવે એ વાત મને કેહી મને સતાવવાની કાંઇ મતલબ? હું તમુને હાથ જોડીને કરગરીને કેહું'છ, પીરાજશા કે તમે એનર કારભેાની વાત ચુંથવા અહીં આવા હોય તેા તમે અહીંથી જાવેા—ખુદાને વાસ્તે જાવેા."

"ઓ ખુદા, શીરીન—નવજબાઇ તે વખતે તમે મારે વાસ્તે શું ધાર્યું હોસે? તમે મને કેવેા વિકારેા હોસે?"

જાણે તેની એ લાગણી લુછી હોય અને તેની સચ્ચાઇમાં તેણીને રતીભાર વિશ્વાસ નહીંજ હોય તેમ તે જરા હસીને પાછી ગંભીર થઇ ગઇ.

પાછી તે બેઉ વચ્ચે ચુપકીદી પંથરાઇ રહી. અને શીરીનનાં મગજમાંથી તરેહવાર વિચારેા પસાર

થઇ ગયા, અને તે પસાર થઇ જતા તહરેવાર વિચારો માંથી હાલ તે હાલતમાં હતો તે હાલતને બરના વિચારો ચુંટી કાઢી તે મુજબ કામ લેવાની તેને જોગવાઇ થઇ.

તે હવે પોતેજ એક ખુરસી પોતાની તરફ ખેંચીને બેઠો અને તેણીને જે બધું કહેવું હતું તે ધીરજથી કહ્યું. શીરીને તેની મુલાકાત કરીને ગયા પછી તે કેમ અને કેટલો પંસ્તાયો હતો, અને તેજ રાત્રે તે પુનેથી મુંબાઇ જમશેદજીને મળવા કેમ તે ઉપડી ગયો હતો, અને તેમની સાથની તેની મુલાકાત પછી કેવા તે બંન્ને સલાહ સંપજથી પાછા પુને આવ્યા હતા, સાથેજ હાડ પીધો હતો, તે બેઉ ધણી ધણીયાણીના સંપની તેણે કેવી સલામતી લીધી હતી, તેણીને તેજ રાત્રે મળવાની અને મળીને બધું સમાધાન કરી નાંખવાની જમશેદજીની છાતી ન ચાલી હતી, કેમકે શીરીન તેવણુને આગલી પાછલી ભુલી જઇ માફ કરશે કે નહીં તેને માટે જમશેદજી કેટલા શંકાશીલ હતા અને રખેને શીરીનને એક વધુ રાત અશાંતીની કાદવી પડે કરી તેણે—એટલે શીરીનને—ધધેડા જેવાએ પેલું કાગળ લખ્યું હતું અને તેજ રાત્રે તે પોતાની લંબાણ દર્યાની મુસાફરીએ જવ। મુંબાઇ ઉપડી ગયા હતો, તે બધુ તેણે ધીરજથી તેણીને કહ્યું અને તેણીએ તે બધું ડોકું ઘારીની બાદારજ રાખીને સાંભળ્યું અને જેવો શીરીનનો અવાજ બંધ થયો કે તે બોલીઃ—

"હું દલગીર છેઉં, ત્યારે કે હું તમારી ઉપર ગ્હેમાઇ અને મેં તમને ગેરમનસાફ કીધો."

"તોપી મારો ગુનાહ કાંઇ ઓછો થતો નથી, મેં અથવા આપણે બેઉએ એવણુને હું જેમ મળ્યા તેમ મળીનેં બધો ખુલાસો કરી દેવાની તક લીધી હતે તે, જમશેદજીને કોર્ટમાં જવાની ફરજ પડતેજ નહીં અને તું—તમે આપ હાથતે પ્હોંચતે નહીં."

"તમારા કરતાં મારો ગુનાહ ઘણો ગંભીર કહેવાય કેમકે જનથાન્યતમાં એક કાયદો છે કે જે બુલને માટે તે મર્દને જેટલો જવાબદાર ગણે તે કરતાં સો દરજ્જે વધારે એક ઓરતને તે જવાબદાર ગણે છે. મરદના કીડી હાડા નિરદોષ મસ્કરીમાં નીકળી જાય છે, જ્યારે ઓરતને તેથી દશ ગણા, કમતી કીડી હાડાને માટે લાખગણો વધારે દંડ ભોગવવો પડે છે."

"એમ નથી, પણ—"

"હવે તે ગમે તે હોય તે વાસ્તે આપણે તકરાર હાલ કરવી બેજા છે. હું તો તમારી વાત સાંભળી દલગીર થઇ કે પુનેથી મુંબાઇ વેરનો તમારો ધક્કો અકારત ગીયો ને—"

"પણ મારી મુલાકાત કારગત લાગી હોતે તો બધું—"

"નહીં, તોપી નહીં."

"કાંય નહીં?"

"જ્યારથી તેવણુને ને મને છેલ્લી તકરાર થઇ ત્યારથી મારી ઉપરનો તેવણુનો વિશ્વાસ આટલો બધો ઉડી ગયલો જોઇ તેવણુને માટેનો મારો બધો પ્યાર કચડાઇ ભચડાઇ ગયો હતો, મારાં સુખનું પ્યાલું તેવણુના અવિશ્વાસની અછતાથી ભોંયપર પટકાઇ પડી ભાંગીને ભુક્કા થઇ ચુક્યું હતું ને—"

"હા, ને?"

"ને—ને તે ટુકડાઓ ભોંયપરથી વીણી એકઠા કરી તેઓને જોડે તે પ્યાલું પાછું આખુંબી કરું તોપી તેમાં અસંખ્ય સાંધાઓતો રહેજ."

પ્રકરણ ૧૩ મું.

* * *

"પણ, ત્યારે, તે ટુકડા તું નહીં ઉંચકીને એકઠા કરે?"

"નહીં."

"ત્યારે તેહનીતું શું થાય?"

આહા! પ્રિય વાંચનાર, તે નિરદોષ બાળકીનું નામ દેતાંજ શીરીનનું દિલ બેદાયું.

"ને જમ—મારા વરે તમારું માન્યુંજ હોતે અને અમે બેઉ તેવણુ કોર્ટમાં જવા વંચર ઘુતાં પડતે અને રહેતે તો મને મારી ગુલાબ દીકરી ઉપર તેવણુનું

જેટલોજ હક રહેતે પંથુ હવે જે નહીં અને તેની વાત, તે ઉપર વિચાર શાનો કરવો?"

જ્યે કે શરીન એમ કચવાટ અને કંટાળાથી બોલી પણ હાં ફિરોજે જોયું કે તેહેમીની વાત છેડવાથી તેણીનાં હૈયાંએ કાંઈક નરમાશ પકડી હતી, એટલે તેણે હીંમત પકડી તેણીને પુછયું.—

"ત્યારે, હું તારી—અરે—તમારી આગળ જરા આઉં ભલે?"

"હા, મને કાંઈ અડચણું નથી, પણ અહીં વેર છેક ફેરો ખાવાની જરૂર શું છે?".

"શરીન, તે દાહાડે મેં તુને દુઃખ દેવ ઘણી હાડમાર કીધી તે મારી ચાલ આજ સુધી મારીથી માફ થઇ શકી નથી, પણ તું માફ કરશે?"

"હવે તે વખત ગીયો—તે વાત જેવ."

"તું ધારેછ, શરીન, હોકા મું આશા રાખતાં હોસે તે?"

"હા, ને તે આશાને તેઓનાં દિલમાં જનમ આપનાર તમારી હેમકાબજ કેની? તેમ જે આપણે હવે કર્યે તો આપણું જીવતર બળયું. આપણી—હું એકદીને માટે કેહું તો મારી શુદ્ધ ઘણી ખોડેથી પણ ઘણી અસરકારક રીતે ઉંધડીછ."

"પણ, શરીન,—હું તુને શરીન કરીને બોલાવું કેની? પણ, શરીન, તુંને રહેવાનું બીજું સારૂં ઠેકાણું ગળ્યુંજ નહીં? તું છેક ચાલી ચાલીને અહીં કાંય આવી? તુને અહીં કોણ લાયું?" ફિરોજે અજાયબ થઇ આ ઉલ્ટો સવાલ પુછયો હતો.

"મારી જબા પરમાને મારે રહેવું જોઇયે કેની? ને અહીં શું છે? માત્ર ગરીબી છે. બાકી આબરૂ ને ઇજત તો ડારેધર ડગલે ને પગલે છે. ને અહીંથી મને જગા કાંઇ મલતીતી? એતો બેહેલા હાકાનાં બીચારાં બેહેન મરજબાન આગળ ગીયાં. તેવણુને સમજાવ્યું કે મારૂં કોઇ નથી ને મારી મરજી તેવણુની આગળ રહેવાની છે તેથી જેમતેમ મને આય જગા મળી."

"ત્યારે તારૂં ગુજરાન કેમ ચાલેછ?"

"મારી પાસે થોડુંક છે ને વરી સીવું છું સાંધું છું કોર ભરેછ. બીચારાં બેહેલા હાકાનાં બેહનજ મને સીવવાનું બી લાવી આપેછ."

"ત્યારે બજર હાટ? ને રંધેછ કોણ?"

"કોઇ વખત પાઉં ને ઇંડાં તો કોઇ વખત પાઉં ને માખણપરજ ચલાઉંછ. કોઇ વખત તેવણુ પાસે બજરમાંથી કાંઇ મંગાવી બેઉ વખતનું સાંજેજ રાંધી નાંખું છ."

"તુંજ રંધેછ?"

"તો કાંય નહીં? ત્યારે મીસ્તરી રાખું ને તેમલ પર સર્વ કરવા જોય રાખું? ગરીબ સંસારે હું પરણી ગેલ હોતે તો શું કરતે? હાથે રાંધતે નહીં? હા, હાથે નહીં આવતું હોતે, મારે મહીરે આખાં હાટકાંની રેહી ખુલ્યાની કાંની મેં. બાપા કાંધું હોતે તો આજે મારા દાંય ચણાતે. એણે એમ તે મને માસીક લવાજમ બાંધી આપવા કેહું કે જે લવાજમ તેવણુની આવક તરફ જોતાં ઘણું મોટું મને મળતે પણ—"

"તેં ના કહું?"

"તુજકોરથી મેં ના કહું."

"તમારા બેહેલા હાકાનેબી આં કેસની ચોટોક વખત આગળ મેં તેઠાબ્યા ને મારે વાસ્તે એવી કાંઇ સગવડ રોપી કાઢવા મેં તેમને કેહું પણ, ખરેખર મને અંહી કશીજ અગવડ નથી, બીચારાં કુંવર ડોસાંબી કહેવાય નહીં તેમ કરેજ ને બીજી બી બૈરીઓ બીચારી થોડી થોડી થઇ જવેછ."

"પણ, તુંને અહીં સોહાવાયજ કેમ?

"આય મેં કેહું તે કામેમાં વખત નીકરી જવેછ, એમતો મારૂં વાયોલીન જે મારે મહીરેનું હતું તે હુલ્લડ આવીછ પણ કોઇ કાહાડે વગાડવા કાઢયું નથી ને કાઢસણી નહીં, કેમકે આવાં ધરમ ખાતેના ધેરમાં રહેવું તે ઓરી રોબની સ્ટેજ કરવી તે રહેતારને ને રાખનાર બેઉને ધણું નબોજાું થઇ પડે; એમ બીજાં એવાં ધરમનાં મકાનોનો ધણો સાબો પડેલો મેં વાંચેર ને સાંભળેથી છે."

"ને કરવા કરવાનું?"

"હા, જવા માંગું તો જાઉં પણ મારું કાંઇ ધક્કે લાગતુંજ નથી. મને ગમતું નથી. બસ આટલુંજ છેતે ગણું:મનને બધી વાતે હું સંતોષી છેઉં. કૃતજ એકજ આનંદ મને રાતને દીસ ટવળાવેછ."

ને અહીં વળી તેણીની આખોનાં પાપણો હેઠલ પક્ષપક્ષ્યાં ભરાઇ આવ્યાં.

"તે કેમ આનંદ તે તમુને ખબર છે? તે મારી ગુલાબ તેહેમીની ગેરહાજરી! આજે બાર બાર મહીના ઉપર થયા મારી તે દીકરીને નથી જરા પેટમાં ચાંપી, અરે તેને જોવાનીજ ઓવરા, તો પેટમાં કાંઇથી ચાંપું? અરે મારી દુધ પીતી ગુલાબની કળી, તે પોતાની માયને વારતે શું જાણતી, શું સમજતી ઉધરશે?"

અને ઘાં તે કમનસીબ અબલાનું હૈયું ભરાઇ જમશેદજી કુટુંબીને. આંખે રૂમાલ દાબી માથું નીચું કરીને એક વધુ રાત અશાંતીનીજે ન જોયું કે તેણીનો ચેહરો રાતો પીરોજે—ધોયો જોવાએ ચેસ્ટેટથે તેણે જાણ્યું કે તે બીચારી જોર રાત્રે તે પોતાની લંબાણ ધ્યાન.

મુંબાઈ ઉપડી ગયો હતો, તે બધુ તેણે પીરોજજી રહ્યો. તેણે કહ્યું અને તેણીએ તે બધું ડોકું બારીની બાહા... વચ્ચે રાખીને સાંભળ્યું અને જોવા પીરોજનો અવાજ બંધ થયો કે તે બોલી:—

"હું દલગીર છેઉં, ત્યારે કે હું તમારી ઉપર ગુસ્સે થઇ અને મેં તમને ગેરબનસાફ કીધો."

"તેણી મારો ગુનાહ કાંઇ ઓછો થતો નથી, મેં અથવા આપણે બેઉએ એવાનું હું જેમ બળ્યા તેમ બળીને બધો ખુલાસો કરી દેવાની તક લીધી હતે તે, જમશેદજીને કોર્ટમાં જવાની ફરજ પડતેજ નહીં અને તું—તમે આમ હાલતે પહોંચતે નહીં"

"તમારા કરતાં મારો ગુનાહ ઘણો ગંભીર કહેવાય કેમકે સનયા-સતમાં એક કાયદો છે કે જે બુલને માટે તે મદ્દને જોરદો જવાબદાર ગણે તે કરતાં સો દરજ્જે વધારે એક ઔરતને તે જવાબદાર ગણે છે. મરદના ડીડી હાડા નિરદોષ મરકરીમાં નીકળી જાય છે, જ્યારે ઉથલ પાથલ થતી હતી, તે પીરોજ રહેજમાં સમજી શકયો હતો.

જ્યારે શીરીન કાંઇક શાંત થઇ તેણીએ મોહું છાંટયું ત્યારેજ પીરોજની જબાં જરા ઉપડી.

"શીરીન તું એમ રોજ બળાપો કરેછ કે?"

"નહીં, રોજ એમ રડતાં કાંઇ પસ્તાઉં? રડતાં રડતાં આંસું હવે બલાસણી થયાં, તોબી હું માય જેવી માય તે જ્યારે મને મારી દીકરી યાદ આવેછ ત્યારે મને ઘણું દુઃખ થાયછ."

"હું તે સમજું છ, પણ તું હીંમત રાખ, તું સ્યાણી છે તુંને કાંઇ ઝાઝું કહેવું પડે તેમ નથી. ચાલ ત્યારે હવે હું જાઉં"

"જઓ? બેસોની ચાહે કર, ચાહે પીનેજ રોકારો ને—"

"નહીં, ઠેંકયું, આજે નહીં, વરી કોઇ વખત હું આવસ. સાહેબછ"

અને તેણીએ પોતેજ શેકહેન્ડ માટે હાથ લંબાવ્યો, જે તેણે ઘણુંજ માનથી લીધો અને ઘણીજ નરમાસથી શેકહેન્ડ કરી તે ત્યાંથી ચાલતો થયો.

જતી વખત બેહેલા કાકાનાં કુંવરબાઈને મળવા ચુકયો નહીં અને તેવખતે મળી શીરીનની વિદેશ ળાળ લેવાની તેવખતે તાકીદ કરીબી, જે કે તેની તેણી ની તે ભલી ગામડપન બાઇને માટે કહી જરા

હતી અને સફેદ બરફ જેવા ડુંડા ડ્રોકનેણી બ્યુજ રંગનો સૅંથ બાંધેલો હતો. પગમાં સફેદ મોજા હતાં અને સફેદ કીડનાં બુટ હતાં.

જેમ ગાડીમાં આખે રસ્તે તેમ રીરોજની ફેડપર બેસી દાદર ચઢતાં તે બચ્ચાંએ "કહાં છે મમા" ના સવાલથી ફ્રિરોજનો જીવ લઇ નાંખ્યો હતો.

શીરીન રાણેતા મુજબ પોતાનું સીવવાનું લઇને બેઠી હતી અને એકાએક દાદરપર ચઢવાનાં કોઇનાં પગલાં સાથે બચ્ચાંનો પટપટ કરવાનો જીણો સાદ સાંભળી તે ચોંકી ને તે અવાજ પોતાની તેહેમીનેજ અવાજ જણાતાં તે ખુબી વાધણ પેરે પોતાની બેઠકમાંથી ઉછળી અને બારણામાંથી બાહાર નીકળી ચાલમાં ગઇ. સાંટક એવું બન્યું કે તેણીનું ચાલમાં જવું અને રીરોજનું તે બુબી સાથે ઉંબર ઓળંગી ચાલમાં દાખલ થવું એજીજ વખતે થયું એટલે તે મા દીકરીની નજર એક થઇ અને બેઉ એકમેકને ટ્રોટે એવી સાંમડી વળગી પડી કે મળવાની પ્હેલી તલખ કોણે કીધી તે શોધી કાઢવું ફ્રિરોજને માટે મુશ્કેલ થઇ પડયું.

માએ દીકરીને અને દીકરીએ માએને ગળાંસે ચાંપી અને પ્યાર ભરી મીઠી ચુમીઓનો ત્યાં વર્ષાદ વર્ષો રહ્યો.

શીરીન તે બચ્ચાંને લઇને અંદર ગઇ અને તે પવિત્ર મેળાપ જાણે ફ્રિરોજ જેવાની આંખોને લાયક ન હોય તેમ ફ્રિરોજ બાહાર ચાલમાંજ એક બારીએથી બાહાર ટીકતો ઉભો રહ્યો.

ઘોડે વાર ઓરડામાંથી કાંઇ અવાજ ન આવતાં શીરોજે ફરીને જોયું તો બુબી ડાહી ડોહેારી થઇને તેમજ પટ બેસી, દુખમાં બીસ્પીટ ખોરીને ખાતી હતી. તેને એમ ખાતી છોડી શીરીન રીરોજ આગળ આવી.

"ફ્રિરોજ! એ બુલબુલ કયા બાગમાંથી પકડી લાયો?"

"શીરીન, એને માટેની કાલની તારી તલબગારી જું તું એમ ધારેછ કે તારી આગળથી બાહાર જતાં હું બીસરીજ ગીયો હોવસ? નહીં, અંદીયા કાંઇ બાહાર નીકળતાંજ તમેા બંન્નેને એકબી વખત મેળવવાનેા મેં પકકેા વિચાર મારે મનસે કરી મુકયેા હતેા, પણ મને ખબર નહીં કે તે વિચાર હું એટલેા જલદી અમલમાં મુકસ. જમશેદજી બાહાર કેડે ગયેલા છે તે ખબર કાઢતાં મેં જાણ્યું કે તેને મુંબાઇ પાછેા ફરતાં વધેક મહીના લગી શકે તેટલાંતેા હુમણાં સાડા ચારેકને ગુમારે ચેાપાડી તરફ ફરવા જતાં તારી પેજીજ આવા એરીન મને દેખાઈ તે બુબીને આબાગાડીમાં ફરવા લાવી હેાસે ને વળી તેની સાથેજ મારા ભેહેલા કાકાને જોયા એટલે ચેાકકું મજેહતું એમેા ગીયું.

ભેહેલા કાકા સાથે હું કાંઈ વાતમાં ઉભેા અને તે બાહાણે મેં આવાને બુબીની જમશેદજીની જમશેદનાં બાપ હીરાંબાઇની ખબર અંતર પુછી આપ્યાએ મને તારી ખબર પુછી અને એમ જરા લાહાત પર આવતાં તારાં નસીબમાં બુબીને મળવાનું તે બીચારી આપાજીજ બેાલાવું કે

"સેઠ, એક દાહાર બાઇની આગળ બુબીને લઇ જા. એ બીચારાં 'જી હેા' થી કેમ કહેવું' તે કદાં સમજતાંજ નથી. બુબી રેાજ કાંઇ પંદર વખત મમા કાંઇ છે, આયા, મને મમા આગળ લઇજાની કરીને બેાલ્યા કરેછ. જરા નવું કુરતું પ્હેરાઉંછ કે મેંનું ધેાઉંછ કે મને પુછેછ કે આપરે મમા આગર જાયેંછ કે?"

મેંથી જોયું કે આજે જે થાય તે કાલપર રાખવાની વાત સારી નહીં, એટલે હું બેાલ્યેા.

"લાવની કોઇ દાહાડે શું કામ? આજે મારીજ ગાડીમાં બેઇ જા લાવું. તું અહીંજ થેાભજે. હું પાછી એને અહીંજ લાવસ કરી બુબીને "આલ મમા આગળ આવેછ કે?"

મેં પુછયું ને તેવેા નાની કુદકરી મારીને ગાડીમાં ઉભી થઇ ને મારે ટ્રોટે વળગી પડી"

તેટલાં હવે તે બુબી દુખ બીસ્પીટ ખાઇ રહી શીરીને તેના હાથ ધેાયા વાળ બેારાઇ ગરેલા હતા તે પાછા બાંધ્યા અને બળી ભેટીને તે મા દીકરાં છુટાં પડયાં.

ગરીબ નિરદોષ બચ્ચું તેણે મમાને પોતાની સાથે નહીં આવી જોઈ દધાણ ગઇ અને અટેલઇનેજ ઉભી.

"નહીં મમાથી આવે"

હવે તેને કોણ સમજાવે?

મામલો ત્યારે તદનજ આશા વગરનો લાગ્યો ત્યારે ફ્રીરાજે શીરીનને ઇશારત કીધી જે શીરીન સમજી ગઇ અને જરા વારમાં

"ચાલ, તેડેમી હુંબી આઉંછ ચાલ, માય"

કરી તે ફ્રીરાજ અને બુચી સાથે બાહાર નીકળી નીચે ઉતરી ગાડીમાં બેઠી અને ફ્રીરાજે કોચમેનને કદમ કદમ ગાડી હાંકવાનો હોકમ કીધો.

"શીરીન, એને કોઇ ઘડીવડી લગાર નહીં મારૂ માને તો તારે વરે હું ગાડી મોકળવા કરૂં ને ગમેતો બાકીની ગાડીમાં તુંજ ચોપાડી તરફ બેચાર દાહાડે જમશેદ ગામ છે ત્યાં આવ્યા કર ને એને ગળ. જોની આપણે શું વાત કર્યેજ તે સાંભળેજ કેવી? તારાં કપડાં બુલી આવી કરીને તું ત્રામ તરમીનસ આગળ ઉતરી જા, પછી હું એને વિસરાવી મુકસ."

ત્રામ તરમીનસ આવ્યું કે શીરીને ફ્રીરાજ બતાવેલા પ્રમાણે કીધું અને સઘળું રામબાણ પાર ઉતર્યું.

શીરીન થોડા વારમાં એકલી બીચારી પોતાનાં ઓરડામાં બેઠી અને બુચીબાઇ બાજાગાડીમાં બેસી આપાને હવાલે થઇ પોતાના બાપને બંગલે સીધાવ્યાં.

એમ લાગટ ત્રણ મહીના મા દીકરી એકમેકને ભેટતાં રહ્યાં અને આખરે ફ્રીરાજે તેણીને જમશેદના મુકામ આવી પુગ્યાની ખબર આપી અને તેઓની તે મુલાકાત બંધ પડી ગેઇ.

* * * *

હવે "આઘને નહીં લાગું ને ઢાઘને લાગું" તેમ શીરીનપર આવી પડેલું આ સંકટ બીચારા બેહેલા કાકાને ઘણું ડંખતું હતું તેમાં એક ચોક્કસ વાત એક ચોક્કસ બીના તેવણને ઘણીજ ખટકતી હતી તે શું હતી?

આપણે આગળ જોઇશું.

બેહેલો બળાપો તેને તેના શેઠ શીરાજનો હતો તે જોતો હતો કે દહાડે દહાડે શીરાજ નખાતો જતો હતો, અને તેમની બધ તેમના શેઠનાં બાબમાં ખરી હતી. ફ્રિરાજને શીરીનની રાત દિવસની ચીંતાએ ઘેરી રાખ્યો હતો. તેણીની તે હાલ તેનીજ મુરબ્બાઇ તેનીજ નાદાનીને લીધે હતી એમ તેનાં અંતઃકરણથી ના પાડી શકાતું ન હતું.

બેહેલાએ મામલો જોઇ પોતે ચીંતાતુર બન્યા હતા, કેમકે જમશેદજીને ફૉર્ટે જવાબદારીની ગેરહાજરીમા છુટા છેડા અપાવ્યા પછી જેમ બધાં તેમ બેહેલા કાકા એકજ પરિણામની વક્રી રાખી બેઠા હતા અને તે એજ ફ્રિરાજ અને શીરીન પરણીને એક થશે, પણ જ્યારે તે વાતને દાહાડાના દાહાડા, અને મહીનાઓ પસાર થઇ ગયા ત્યારે જેમ સૌની તેમ બેહેલા કાકાની અજબપીની પાર રહ્યો નહીં. હવે ખરૂં કહે તો એક ચોક્કસ બાબદથી બેહેલા કાકાને આ વાત બનવાં પામે તે વિશે શકજ હતો. તે ચોક્કસ બાબદ કે જેણે બેહેલા કાકાને ફ્રીરાજ અને શીરીન પરણી જાય તેને માટે સંકાશીલ બન્યો હતો તે બાબદ તેને એકલાનેજ ખબર હતી. અલબત્ત જેને તે લાગેવળગે તેઓ તે જાણતાં હતાં પણ તેઓ સિવાય જે બાહારનાને તે બાબદની ખબર હતી તે બાહારના માત્ર એક બેહેલા કાકાજ હતા એમ તેવણ જે જાણતા હતા તે ખરેજ હતું.

ત્યારે જે પ્રમાણેકપણે કહે તો બેહેલા કાકાની બીચારાની હાલત તેજ બાબદને લીધે કફોડી થઇ પડી હતી.

ત્યારે હવે તેવણને માટે એકજ સવાલ રહયો હતો અને તે સવાલ એ હતો કે તેવણું તે બાબદ જો ખુલ્લો કેરાવે કે નહીં?

જો તે બાબદ બાહાર લાવી તેવણ તને ઉંધાડી પાટેજ તો શીરીનને ફ્રિરાજ એક થવાને બદલે જમશેદજી અને શીરીનને સલાહ થઈ જાય તેઓ એક થઇ જાયજ જો તે બાબદ તેવણ પોતાનાં મનમાંજ રાખેજ તો શીરીનને ફ્રિરાજ એક થવાનો સંભવ રહેજ પણ પછુ

નર્સ; તેને સર્વેથી સરસ ઘર, સંભાળ, કેળવણી અને દરેક ચીજ મળશે! અમો તેની ઘણી જતન કરીશું!"

તે નર્સ આ રવેશે વમાસ્તી હતી, જ્યારે મિસિસ એંવરીટ પોતાનો પટપટારો ચલાવીજ જતી હતીઃ— "હું જે બચ્ચા ધરાઉછું, તે બેજ છે કે, અમને કોઇ તાલેવંત વાંજ્યું જોડું મળે અને તે આ નાના સૈતાનને પાલક કરી લઇ પોતા સાથે રાખે, કે જેથી કરી મને કાંઇ વધુ કડાકુટ કરવી નહીં પડે!"

તે નર્સ પોતાનું સુંદર ટોપીવાળું માથું એકાએક ઉંચું કર્યું. "તમો આ ખરાં દિલથી બોલોછ, મિસિસ એંવરીટ?"—તેણીએ સવાલ કર્યો. "મિ૦ એંવરીટનું કેમ? શું તેઓને પણ સમજાવી લઇ શકાશે?"

"તેઓને સમજાવવાની કાંઇ જરૂર પડશે નહીં,"—તે જવાન પરણેતરે કડવાસથી કહ્યું "તેઓતો સામા ઘણુજ આભારી થશે. તેઓ આવે ત્યારે પુછી જોજો."

તેજ સાંજે મી૦ એંવરીટ તે નર્સીંગ હોમમાં પોતાની પરણેતર આવી હતી કે નહી તે વિષે ખબર કાઢવાને ત્યાં આવ્યો. તે મજબુત બાંધાનો, સાંવલા ચેહરાનો, ગંભીર દેખાવનો એક મર્દ હતો. નર્સને જોતાં તેણે સ્હેજ હસ્તું મોંહ કર્યું.

"જબરી પિડા છે,"—તેણે નર્સને કહ્યું. "એતું અમારે શું કરવું તે કાંઇ સુજતું નથી!"

આ વેળાએ તે બાળકને દત્તક તરીકે આપી દેવાની સુચના તે નર્સે કરી અને પેલા અધોર મર્દ વિષે ઇશારો કર્યો; કે જેને તેણી ઓલખની હતી. તે તત્વંગર હતો, અને કાપડ વણવાનું કારખાનું ધરાવતો હતો, અને વળી બાળકો ઉપર તેને ઘણી પ્રીતી હતી.

આ સુચના મી૦ એંવરીટને ઘણીજ પસંદ પડી અને તે હાર પાડવાને તેણે નર્સને રજા આપી. "એજ માત્ર એક ઉપાય છે,"-પોતાની ટોપી ગોળ ગોળ ફેરવતાં, અને તે નર્સનો સુંદર પોશાક નિહાલતાં તેણે કહ્યું. "એ ઘણી ધન્યિયાણી બાળકોના માત પીતા થવાને ખરેજ લાયક છે. અમો બંનેમાંથી એક જણ પણ એ બાળકને લઇને એસી શકયે એમ નથી; અને કોઇ પણ સંજોગે એ નાના જીવડાને રહેવાને એક ઘર અમારેથી પુરું પાડી શકાવાનું નથી. મારી પરણેતરે તમને કહ્યું હશે કે—વેલ, ખરી બીના એ છે, નર્સ, કે તેણીની અને મારી વચ્ચે ઘડી ઘડી કજીયો થયા કરેછ. અફસોસ, હેલીન હવે તમને એ પિડા બતાવવાનું સોંપ્યું છે. સાહેબજી. હું કાલે આવીશ."

બીજે દીવસે મિસિસ એંવરીટ એક બાળકને જન્મ આપ્યો. તે બાળક એક બેટો હતો, અને તે નર્સીંગ હોમમાં તેને 'વોર' એવી 'ને નામે ઓલખાવામાં આવતો હતો, કારણ તે બાળકના જન્મની ખબર ની સાથેજ એક બીજી ખબર પણ બાહેર પાડવામાં આવી હતી, કે જે ખબરે ઇંગ્લંડમાં એક નાકેથી બીજા નાકાં સુધી હોહોકાર મચાવી મેહુણો હતો-તે ખબર જાહેર લડાઇ થવાને લગતી હતી.

"અને હાં આપણે માટે એક જવાન સોકરજ છે,"-મગરૂરીથી રાતા થયલા ચેહરા સાથે નાના એંવરીટને ત્રાજવામાંથી ઉંચકતાં તે નર્સે કહ્યું "એ એક ઘણોજ દબદબાવાળો નાનો પોર્પો છે! ગોયા ત્રણ અઠવાડયાંનો હોય એટલો એ મોટો દેખાય છે! તમે તો એને જોવા માંગતાં નહોતા, મિસિસ એંવરીટ?"

"હા તેને જોવાને મને કાંઇ વાંધો નથી," આનંદથી રાતા થયલા ચેહરા સાથે તે જવાન માતાએ કહ્યું; "તેને મારી આગળ લાવો."

પાછળથી મી૦ એંવરીટ ત્યાં આવ્યો. "અમે તેમ છતાં એ એક પોર્પો છે, એ ઠીકજ છે,"—એક નાના છોકરા માફક બેફકરીભર્યા સાદે તેણે કહ્યું; જ્યારે તે નર્સને હસ્તું આવ્યું, અને તે જવાન માંના સોનેરી વાળો પીળી નાખવાનું મન થયું, "હાલમાં છોકરીઓ ગાડી આવકારદાયક થઇ પડતી નથી- જે હોય આ પોર્પોને પાલક કરી લેનાર છે, તેઓ એતે લડાકરમાં આમેલ કરવા જેટલી અક્કલ ધરાવે છે કે નહીં, તેતો ખોદા જાણે. તેઓ તાલેવંત તો છે."

જ્યારે તે બાળક પોતાનું તાલેવંત જોડું નાના એંવરીટને જોવાને આવ્યું, ત્યારે તે નાના ગળોટાને

જોઇ તેઓ અતિશય ખુશ થયાં. તેજ વખતે પોતાની રુપકોરવેલી ગાડીમાં તેઓ તે બાળકને લઈ ગયાં હતે. અમર નર્સે કહ્યું કેઃ—"હવણાં નહીં." તેણીએ ધાર્યું કે, કાંઇ નહીં. તો એક માસ સુધી તે બાળકને તેની માતાનું દુધ મળવું જોઇયે,

તે તવંગર મરદની બી લગભગ છેડાઇ પડી. "બીચારૂ"—તેણીએ કહ્યું "એ બાળકની માતા પોતે એને ધવાડવાની તો નહીજ હશે? તેણી તો એમજ સમ જેલી લાગે છે કે, એ બાળકને પહેલેથીજ ઉપરનાં દુધ ઉપર ઉછારવામાં આવશે."

"વેલ, મેં કહ્યું કે, મેં તેમ ધાર્યું હતું'" તે નર્સે આનાકાનાથી ઉત્તર કરેલો, "મગર એ બાળકને ધવાવાને તેણી પુરતિ શક્તીવાન લાગે છે અને વળી તેમ કરવાને તેણીએ ના પણ પાડ્યું નથી!"

નાનો ઍવરીટ પોતાની માતાનાં દુધના કુદરતી ખોરાકથી પોખાતો આવ્યો.

નૉર્થ સી તેમજ બૅલ્જીઅન લડાઇનાં મેદાનની ઇસ્પીતાલ ઉસ્લી ખબરો સાથે નાના ઍવરીટના વજનમાં થતા વધારાની ખબર તે નર્સીંગ હોમમાં ઉલટ સાથે સાંભળવામાં આવતી હતી.

એક સાંજે નાના ઍવરીટનાં કપડાં ધોઇને નર્સ લઈ આવી જ્યારે તેણીએ દીઠું કે તે બાળક પોતાની માતાના ખોળામાં પોઢેલું હતું, કે જે માતા એક ગામ ચોકર તરીકે પોતાનું નામ આશકારા કરવાને તવપી રહેલી હતી. આ વેળાએ મિસિસ ઍવરીટ ઉપરનાં ખાતી હતી— હા, તેણી મુંગે મોટે ગમગીનીથી આંસુએ ખની, ઉપરાં ખાતી હતી. તેણીના ગાલો ઉપરથી આંસુનાં મોટાં ટીપાં ઝરડી નિચે પડતાં હતા. આ આંસુઓ મારેલું એક તે વોર બેબીનાં માથાં ઉપર પડ્યું.

"મિસિસ ઍવરીટ, બ્હાલાં, આ પ્રમાણે તું ચાલવા દુઃ ખદાસ નહી,"—તે નર્સે વાંધો ઉઠાવ્યો. "તમારે એ પ્રમાણે ઉરેશવું નહીં જોઇયે; આ બાળક પ્રત્યેની ફરજ તમારે યાદ રાખવી જોઇયે! આ બાળક માટેના ખોરાકમાં તમો ઘટાડો કરશો, તે તું ચાલવા દુઃ શક્તિ નથી! તમો એ રવૅસ ગમગીન બનેશો, તે એ બાળક માટે પુરતું દુધ તમે આપી શકશો નહીં."

"બોલા સાહેબ છે, હું તેમ કરવા માંગતી નથી!"—તેણી રડતાં બોલી. "એ બાળકને ધાવવું છોડવવા હું માંગતી નથી—એને બીજાઓને આપી દેવા પણ હું બીલકુલ રાજી નથી! પેલા કમકમાટ ઉપજાવે એવાં માટી બૅબેર ઓને લઈ જાય તે હું—સાંખી—

"તે માટી બૅબેર કમકમાટ ઉપજાવે એવાં નહીં પણ માયાળુ દિલનાં છે, બાઇ,—" તે નર્સે ધીરે ઉતર કર્યો; "તેઓ એ બાળક માટે સધળું કરશે!"

"તેઓ સધળું કેમી રવેસ કરી શકશે?"—તે જવાબ માતા ઉરેકરાઇ બોલી. "તમે જાણતાં નથી. નર્સ! જ્યાં સુધી તમો એક બાળકનાં માતા થયાં નહીં, ત્યાં તક તમે તે જાણી શકા નહીં! હું પણ તે જાણતી ન હતી! પ્રેકીન હવે—ઓ, હું એ બાળકને અતિયંત ચાહું છું! જો મારેથી એને મારી પાસે રાખી શકાતો હોય તો! એને બીજાઓને આપી દેવાને મારા બરથાર—"

ઍટલાંમા દાદર ઉપર ડોબનાં પગલાં સંભળાયાં બારણાં ઉપર એક ટકોરો પડ્યો, અને તેણીનો પતી ઉતાવળે મંદિ દાખલ થયો.

"દક્ષા! મેરી, હું આપણને સારૂં કાંઇક ખબર લાવ્યોછું,"—તેણે ઉતાવળે કહ્યું. એમ છતાં તેના સાદમા ખુશાલી હતી, અને મગરીથી તેની છાતી ખોવેલી હતી. ગોવા તેનાં ખભાં ઉપરથી કાંઇ ભાર ઉંચકાઇ ગયો હોય, અને તે ખુશાલ બન્યો હોય, એવો તેનો દેખાવ હતો. "મારી પહેલી અમે થઇ છે,"—તેણે આગલ ચલાવ્યું. "હાલને કાજતો હું નોકરી બનાનો થયોછું; મગર ને એક શ્રીલજર તરીકે આપણા માન વંત રાજાના લશ્કરમાં હું જોડાઉં, તો મને અધો પગાર આપવાને અને લડાઇ ઉપરથી પાછો ફર્યા પછી ફરીથી નોકરી રાખવાને મારા શેઠો ખુશ કરે છે. હું ધારૂંછું કે, તું અને આ બાળક મારા અર્ધા મુશારા ઉપર આનંદમા રહી શકશો, માટે હું લડાઇ ઉપર જાઉંછું!"

મિસિસ એવરીટ શરમાયાં તેને ટીકવાં લાગી.

"આ બાળક અને હું?"—તેણીએ પડયા કર્યો. અને તે પછી તેણી જે ખોલી તે સાદમાં અનહદ ખુશાલી સમાયલી હતી, તે વિષે શક લઇ જવાને કાંઇપ કારણ નથી. "ત્યારે આ બાળકને હું રાખું કે?"

તે બાળકના પિતાએ ઓલી હમરે તેણીની તરફ જોયું, અને ધીમેથી તે હસ્યો.

"મેં ધાર્યું હતું કે, એમ કરવામાં કાંઇ અડચણ નહીં પડશે!"—તેણે દાંત કાઢતાં કહયું. "મેં અટકલ કરી હતી કે તું એ બાળકથી છુટી પડવાને નારાજ છે! મેં તારા ચારમાંરા જોયા હતા!"

"મગર પેલાં તબગર માટી બૈએરતું કેમ!"

"ઓ, તેઓ!—તેઓ આગલે કરતાં પણ વધુ માતબર બન્યાં છે. તેઓનાં કારખાનામાં હમણાં ખાસી ગોલ વધુવામાં આવે છે, અને તેમાથી તેઓ મોટી દોલત પેદા કરે છે!—તે બેદરકારીથી હસ્યો. "લેકીન આપણું આપણું એટાને—જો આપણે આપણા બેટાને આપી દઇએ, તો આ જગતમાંનું આપણું સર્વસ્વ આપી દેવા બરાબર થાય. મારે લોભ વિચાર કરતાં મને લાગે છે કે, ગમે તેમ કરી આપણું એ બેટાને આપણાં પાંસામાજ રાખવામાં લાભ છે—કેમ, બૉલી?"

"તે, પ્રતિ પોતાની પ્રિયા બેડલી હતી તે ખુરસી નજદીક ગુડપ્રે પડયો, અને તેણે પોતાની પરણેતરની કમ્મર આસપાસ પોતાનો હાથ નાખ્યો. ત્યારે તેણીના હાથમા તેઓનો બાળક બેટા હતો.

જ્યારે તે નર્સ તેઓના ઓરડાનાં બારણું આગલ ગઇ, ત્યારે તેણીએ તેને બોલતો સાંભલ્યો:—"તું મારેજ કે આ સઘળું હવે તુને સુગમ પડતું થઇ પડશે? આપણી આગલી જીંદગી કરતાં બીલકુલજ જુદા પ્રકારની થઇ પડશે!"

નિચે ઉતરી જતાં તે નર્સ ધીમે ધીમે આદે. હસી. "હા, મેં ધાર્યું હતુંજ કે તેઓને આ નવીન પ્રકારનુંજ લાગશે,"—તેણીએ વમાસું. "હાલા છરડાઓ! આ લડાઇના પ્રનાપે કાંઇ નહીં તો આ બે પ્યારા છરડા ઓને એકત્ર કર્યા!"

અફસોસ! આ નેદરલ્ડ લડાઇએ ઉપર જણાવેલા બે છરડાઓને એકત્ર કર્યા છે, લેકીન હેએ છરડા ઓને સદાના જુદા પાડયા છે, કે જેઓ માત્ર એક બીજાની હસ્તીમાંજ પોતાની જીંદગીનું સાર્થક સમજતા હતા.

બમનુ ભાઇ—તુને ખબર કે? કહે જે વેલાતનો કાંઇ દારુગોળો બનાવનાર બરાબર જર્મનો ઉપર ગોળાઓ ઓકવી આપેછ?

કરાંમશેરજી—એ શું બોલેછ? તે કેમ બને? એ તો ખરેખર બધું નામોશી ભરેલું! વાહ તે એ ગોળાઓ મોકલેછ કોનુંતી મારફતે?

બમનુ ભાઇ—આપણા બ્રેંચ સેપાહોની બંદુક મારફતે!

"મજનુ"

"એમ આવ, એમ આવ, આપ કુતરોબી નહીં આવ તેવો કતરોસ કર્યાથી લાગે? બધ જ બંદીયો ને—"

"લાવો લાવો મને નહીં બખર-ત્યારે તો તમારીથી તે નહીંજ બવાય."

"મજનુ"

કાવસ અને રતી બેન-જીનીને ત્યાં મરઘીની એક હીસાની લેઝત ચાખતાં બેઠાં હતાં. મરઘીમાંથી બળી આવતું પેલું "લકી બોન" રતીને બતાવી તેની સંમજ કાવસ આપતો હતો.

"લે, આમ એક છોડા તું પડા અને બીજો છોડા હું પકડી. આપણે તે બેચ્ચે હવે તારાં મનમાં તું કાંઇ ધાર ને જે તારી તરફનો છોડા પહેલો તુટી તારા હાથમાં આવે તે તે ધારેલું પાર પડશે."

"બરે, હું શું ધારું?"

"કાંઇપણ, ગમેતે"

"પણ, મનેતો કાંઇજ યાદ નહીં આવતું"

"આછા ત્યારે હું ધારેછ—કે મેં પકડેલો છોડા તુટી મારા હાથમાં આવશે તો એમ સમજવાકે તું મારી સાથે પનરો ને જે—"

"પણ, હાલા ત્યારે નકામા કાંઇ માથોફોડ કરોછ—લેવની હમણાંજ કેટી દેવુંછે હું તમારી સાથે પરણુસ—નકામો બીચારી મરઘી પર આલમ!"

"મજનુ"

રબ્બનું યજત અને તેને લગતો ખોલાસો.

(પાને ૩૭૨ થી ખતમ.)

લખનાર :—મી૦ ધનજીભાઇ માણેકજી વાચ્છા.

મેહેરદરૂજી તથા તેને મળતું અવસ્તામાં વર્ણન.

જેમ આપણે ઉપર જોયું તેમ રશ્ન અને મેહેર યજદ બેઉ એક બીજાના જાની દુશ્મનરીકા છે અને ઉપર જણાવ્યું તેમ રશ્નએ પોતાના કૃતેહનો (સચ્ચાઇ તથા રાસ્તી કૃતેહનો) પાયો મેહેર યજદપર રાખેલો છે તેમજ રાસ્તી સાથે (એટલે રશ્ન) એક માણસે બીજા માણસને આપેલા ક્રોલથી બંધાયલા રહેવું (એટલે મેહેરમજદ) એ બેઉને ઘણો સંબંધ છે વાસ્તે એની ઉપર ચોકું વિવેચણ કરવું વ્યર્થ નહીં જશે જેઓ જૂઠાઓ વચન તોડનારાઓ ક્રોલ આપ્યા મૂજબ કામ નહીં કરનારાઓ વગેરેને મેહેર યસ્તમાં "મિથ દુખ્ત્રા" અથવા મેહેરદરૂજી કરનારા કહેલા છે. જેઓ આપેલા ક્રોલા બરાબર પાલે છે તેઓને મિથ્રસ કાસેદા તેઓની રખેવાલી કરે છે તથા બચાવે છે. એને મળતું જ્યાન મેહેરે યસ્તના ફકરા ૫ માં આપેલું છે જેમકે "જેના ચિત્તના ભક્તિભાવ ધરાવનારા કાસેદા તમામ ઉંચી જગાઓ ઉપર અને તેમના મીનાશ ઉપર અપલોકન કરવા બેઠેલા છે જેઓ મિથ્ર દુબ્બને જોય છે મીથને જેઓ આગળ ડગી ગયા હોય છે જેમને જેઓ યાદ કરે છે. જેઓને મીથ્ર દરૂબ્બે.....નાશ કરનારાઓ (ધન્ન કરવા માટે) શોધે છે તેમના માર્ગનું તેઓ રક્ષણ કરે છે. વળી ફકરા ૨૨-૩૪ માં કહે છે જે સખ્સ મેહેરદરૂજી કરતો નથી તેને મિથ્ર સખળા જુલમમાંથી ટાલે છે અને સખળા નાશમાંથી ઉગારે છે તથા સંકતમાંથી છોડાવીને તેને બચાવે છે.....જે દેશવાળાઓ મિથ્રને હગતા નથી તેઓના દેશોને મિથ્ર સરસ સત્તા તથા કૃતેહ આપે છે તેઓના મકાનમાં તે સંતોષી રહે છે તેઓને પુષ્કળ માણસો અને ગોસ-પદોના ટોળા મેળવી આપે છે. તેઓના મકાનોને બાનુઓથી મોહોતાબવાળાં અને ગાદી ગોડા અને ફરનીચર વગેરેથી ખુબસુરત કરે છે-તેઓને તે દોલત હીમત-જુના મવાળી કૃતેહ ખુશ્બોવાળી અશોધ-સ્વાનની લગતી મોહોતાબ ડહાપણ, ભરેલી વિદ્યા-સખળા ઉપર કૃતેહ મેળવનારી પવિત્ર સરસાધુ-તથા પાકદીનનો અભ્યાસ કરવાની ઉલત આપે છે; તેમ દેવરૂપી બદીઓ સામે તથા ખરાબ અને પાપી માણસો તથા ધાટકીઓ અને જુલમગારો વગેરેની સામે મદદ અને કુમકો કરે છે જેમ મિથ્ર કોલ-વચન-સોગંદ અને નિતીનો રખે-વાલ છે અને જેઓ તે પાળે છે તેમને તે બચાવે છે તથા સંભાળે છે, તે પ્રમાણે જેઓ મેહેરદરૂજ કરે છે વાને ક્રોલ તોડે છે, ડગે છે-અને બેઇમાન થાય છે તેઓ ઉપર તે ગુસ્સે થાય છે-અને તેમને શિક્ષા કરે છે-વળી જેઓ મેહેર દરૂજ કરનારા છે તેઓને સજા કરવામાં આવે છે-જેમકે મેહેર યસ્તમાં ૧૭-૧૯ ફકરામાં કહે છે મિથ્ર ક્રોધથી ડગાતો નથી નહીં ધરપણથી નહીં મોહોલ્લા કે ગામના વડાથી, કે નહીં દેશના રાજથી. અગર જો કોઇ ધરપણથી-અથવા મોહોલ્લા કે ગામના વડાઓ અથવા ક્રોધ દેશપતી મિથ્રને ડગે ક્રોલ તોડે, તો તે ગુસ્સે થયેલા અને આજુરદે થયેલા મેહેર તે ઘર-મોહોલ્લા-ગામ અને દેશનો, અને તેમજ તેઓના ધણી અને વડાઓનો અને દેશના આગેવાનોનો નાશ કરે છે-; જે પણ દીશાએ અને ઠેકાણે મેહેરદરૂજ કરનારા રહે છે ત્યાં સુધી ગુસ્સે થયલો મિથ્ર જતો રહે છે અને મેહેરશત વિષેની ખાતરી આપતો નથી વળી મેહેર યસ્તના ૫કરા બીજા પરથી માલૂમ પડે છે કે અશો માણસ સાથેનો ક્રોળ અને (દરવંદનો ક્રોલ એ બેઉને એકજ ગણેલા છે-જેમકે એ ફકરામાં અહુરમ-જદ.....રપે તમાન જરથોસ્તને કહે છે-" જેટલું સો

તેઓ એક થાય કે ન થાય અને નહીંજ થાય એવા સંજોગ હાલ વધારે હતા, એમ બેહેલા કાકાને લાગ્યું.

ત્યારે હવે કરવું શું?

બેહેલા કાકા કોઇનાંએ ભલામાં રાજી હતા, એટલે શીરીન અને જમશેદજી વચ્ચે પડેલો આ અબરો અને તેનાં આવેલાં પરિણામથી બેહેલા કાકા અકર વકરમાં પડયા હોય તેમાં કાંઇ નવાઈ ન હતી.

ત્યારે 'ડોહી બોલતી રખે તો કેહેજે નારે બાપા!,' તેવી હાલત બેહેલા કાકાની થઇ પડી હતી, અને તે બીચારો શું કરવું તેના સેનટ પર આવે તેટલાં તો તે મુકાઇને અડધો થઇ ગયો.

તેવજીમાં થયેલા એ ફેરફાર પીરોજશાથી છુપ્યો ન રહ્યો તે એટલે સુધી કે તેવજીએ તેને પોતે આપે તે દવા લેવા અને નહીં તો બે મહીના પોતાને ગામ જઇ આવવાં ઘણું દબાણથી કહ્યું પણ બેહેલા કાકા માને શાના!

તેટલાં વળી તેવજીનાં બેહેન કુંવરબાઈથી બેહેલા કાકાને ખબર મળી કે "હજુન દીકરીને મળવા બેટવાની શીરીનને લાલચમાં નહીં નાંખી હોતે તો પર વરતે કેમકે હવે તેહમીનને મેળવાતુ સહેલ્તર બધ થઇ જવાથી શીરીન ઘણી મુઝાતી હતી અને મરે હાલ તે થઇ રહી હતી."

બસ, હવે બેહેલા કાકાને છેડાય તેમ નહીં હતું: તેવજી જે એક બાજાદ જાણતા હતા તેનો ભડકો ફોડી, દેવાનો તેણે હવે પક્કો વિચાર કીધો અને તેવજી તે ઠેકાણ કેમ અમલમાં લાવ્યા તે આપણે આવતા અંકમાં જોઇશું.

(સાધણ છે.)

ધણી—ભાઇ ગૌડા! તું શું બોલ્યો! આપ ખની-યાનના તું ૨૫ રૂપ્યા આપી આવી? અરે એમ કાંય તું અવતર્યા—"

ધણ્યાણી—અમથા ના ગોખાઇ કરોરે-તું આપી નથી આવી-બીલ તમારી ઉપરજ મોકલવા કહી આપીછ-હું કાંઇ મુરખ છેઉ કે લગનથી તમે મેળવેલા દુક હું છીણુવી હઉં?

"મજાનું"

"ભાઇ, એમ આવ; હું એમ પુછું કે જીવતી બે બાયડી કરવાની સજા શું હોયે?"

"સજા? સરકાર એવાઓને સજા કરતીજ નથી-તેઓને દયા આવે છે કે-

હું એ-શું? દયા આવેછ?"

"તો નહીં? તે બીચારાઓને એકને બદલે બે સાસુ મળે એ કાંઇ ઓછી સજા કહેવાય?"

"મજાનું"

આ નીચલી જાહેર ખબર એક ગુજરાતીમાં આવી હતી:-

"એક સારા સભ્ય સુખવાસનો ખાનદાની અને પરણીને ઘર ... કરનાર જવાન, એવા એક કરેલ પાકટ બુધ્ધીના આદમીની ઓળખ કરવા રાજી છે કે જેનામાં તેને તેણે આ લેવા-ધારેલાં આપ-ઘાટીક પગલાંથી બચાવી લેવાની શકતી હોય!"

"મજાનું"

ધન—યાર, પનવાયી તો હાથ જોડયા-એ સાવ તાઈ જુત લઈ નોકે ધમુંછ!

નસવાન—કાંય? કાંય? એટલું બધું તે શું થયું?

ધન—શું થયું? જરા પછુની જોની-જ્યારે લેખે ત્યારે બસ લાવ-લાવ-ને પૈસાજ લાવ-દીસે પૈસા મગિછ-ચાહે પીતાં પૈસા મગિછ, નાસ્તો ખાતાં પૈસા મગિછ-અપોરનું જમતાં પૈસા મગિછ-સાંજની ચાહે પીતાં પૈસા મગિછ-રાતનું જોમરતાં પૈસા મગિછ સુતાં પૈસા મગિછ-ઉધમાં પૈસા મગિછ-સન્નગર થઇ કે પૈસા મગિછ-ઉઠતાં-"

નસવાન—પછુ તારી બૈરી એ બધા પૈસાનું કરેછ શું? કાંઇ ખબર-"

ધન—(માજરી આંખે હસીને) બસ્સ જાણે મારી, હું પૈસા આપતો હોઉં તો જાણું કેની?

લગ્નની મોતેબરી.

લખનાર —શ્રી. મીનોચેહર માણેકજી માદન.

(પાને ૬૬૩ થી ચાલુ)



બાળકના મન ઉપર ગમે તેવી પણ નાની અસર કરવામા આવે તે તેની તમામ જીંદગીભર વળગી રહે છે કવિ કહે છે, "બાળક માણસનો પિતા છે" મીનતન એ વિચારને બીજા શબ્દોમા રજુ કરે છે, 'જેમ સહવાર આખો દિવસ કેમ જશે તે બતાવે છે તેમ બાળપણની ભવિષ્યની જીંદગી દેખાડે છે" આપણી ઘણી ઘણી ચાલચલણો અને ટેવો આપણા જન્મ પછી તુરત ધારણ કરવામા આવેલી હોય છે. બાળપણમાજ ભનાઇ યા બુરાઇના બીજો વવાય છે, જે આખી જીંદગીવર કડવા યા મીઠા ફલો આપે છે

એક તુરતનુ બાળક એક નવીજ દુનીયામા આવે છે જ્યા જેની ઉપર પણ તેની આખો પડે છે, તે તેને નવાઇ જેવુ અને વિસ્મય પમાડે એવું લાગે છે. શરૂઆતમા તે તેની સામે માત્ર જુએ છે, રહેતે રહેતે તેને બારિકાઇથી જોય છે, તપાસે છે, બુકાનલો કરે છે, શીખે છે, અને તેના વિચાર અને ખ્યાલને મનમાં જાનવી રાખે છે અને જો એક માતા ડાહી અને ભલેડી હોય તે આ પહેલવહેલા જીવનની ચહડી ઝાડ ઉપર ઉપરાત કાળેલ્યતથી તેના મગજ ઉપર ડેસવશે એક દાનાય શખ્સ કહે છે, 'એક બાળક ૧૮ અને ૩૦ મહિનામા જેટલુ આ દુનીયા વિષે શીખે છે, પોતાની શક્તિ માટે ખબર ધરાવે છે, બીજા સાથ મુકાબલો કરે છે, અને પોતા મટે જાણતા શીખે છે, તેટલુ તે તેની આખી જીંદગીમા પણ શીખી શકતું નથી.' એક બાળક જે વિચર કરે છે, જે શીખે છે, તે અતી અગત્યના છે.

બાળપણમાજ આપણુ મન કોઇપણ ચીજનો છાપ પકડી લે છે, અને તેની નકલ કરવા મંડી જાય છે. તે બાદ વિચારો બધાય છે જે તેની તમામ જીંદગી રવે રહે છે. એ માટે અતિ જાણીતો દાખલો સ્કોટલાન્ડના નાબીચા કવી, સ્કોટ નો છે તે પુરાણી વાર્તાઓને કવિતાઇ રૂપમા મુકી નાખીયુ નામ કમાયો છે. અને હજ તો તે વાચના-વકતા શીખે તે અગાઉ તેનો છાપ તેની માતા અને ખમાઇથી તેના મગજ ઉપર પડયો હતો. બાળપણ એક આયના (mirror) મિસાલ છે જેમા તેની ભવિષ્યની જીંદગીના છાપો દેખાય છે એક બાળકની વળગુ તેની જીંદગીની વળગુ છે. અને એક બાળકની ભવિષ્યની જીંદગીનુ મેદાન તેની બાળપણની ખુશાળી, દલગીરી, કુતેહ, નિષ્ફળતા, કોશીશ અને નિરાસાથી બધાય છે

આપણી માણસાઇ જીંદગીનુ સુખ આપણી ચાલચલણ, મીજાજ, કિર્તિ અને દેવ ઉપર લટકેલુ છે, જે સબળાનો પહેલેનો છાપ બાળપણમા પડે છે આપણુ માણસ તરિકે ચોક્કસ રીતનુ છુટાપણુ ધરાવ્યે છિયે એ ખરૂ છે પણ તે છતા આપણી ઉપર બેહારની અસરો પણ મોટા પ્રમાણમા પડે છે તે ભુલવું જોઇતુ નથી. એક ગમે એવા પહરેજગાર રીવજીકને ચાલુ બુરાઇ હસ્ત અને અનીતિમા મુકો તો તેની ગમે તેવી પહરેજગારી અને રીવજીકી હલા તે રહેતે રહેતે રેવા થશે, તો તેવા પહરેજગાર રીવજીક બહારની અસરોને વશ થાય છે તો ખ્યાલ કરો કે એક નિરાધાર મહદવતા બાળક ઉપર કેટની અસર થતી હશે? માટે જે ઘરમા બુરાઇ હોય, કજીયા હોય, અપવિત્રના હોય ત્યા કદીમી બાળકોના મન ઉપર મહોબાત, નેકી શાતી અને પવિત્રાઇના બીજો વાવી શકાય નહી

ઘર એક બાળકની નિશાળ છે અને જેવી અસર એક નિશાળ કેનાવે છે તેવી અસર બાળકો લઇ ભરીમમાં ઉધરે છે જે ઘરમાં મહોબાત અને ફરજ હોય, જે ઘરમા મગજ અને હૃદયની દાનાઇનુ રાજય ચાલતુ હોય, જે ઘરમાં રોજંદી જીંદગી સત્યથી અને પ્રમાણિક હોય, જે ઘરમાં મહોબાત, દયા, પ્રેમ કામ કરતા,

હોય; તો તે ઘરમાંથી આપણુ તેવાજ સત્યુણી, ઇરજ, સભ્યજનારાં, ધ્યમાની, મહોત્તમવર્તન જીવડાઓની આશા રાખીશું. કારણ બાળકો કાંઇ નહીં પણ મા-આપની કુટુંબ-કુબીલાની નકલ કરે છે. તેથી ઉલટું જો મા-આપો અજ્ઞાનતા, સ્વાર્થ, અસભ્યતાથી ઘેરાયલાં હોય તો તે બાળકો અજાણપણે તેવીજ ચાલચલન પકડશે અને જવાનીમાં વધુ અજ્ઞાન, વધુ સ્વાર્થિ, વધુ અસભ્ય નીકળી આ જીંદગીની લાલચોને વસ થઇ પડશે. એક બીક શીક્ષણકુક કહે છે, "જો તમો તમારાં બાળકને ગુલામના હાથમાં સોંપસો તો એક ગુલામને બદલે બે ગુલામ થશે."

એક બાળકને નકલ કરવા સિવાય ચાલી શકેજ નહીં. જેમો તે જોય છે તેની તે નકલ કરે છે. એક નામીચી ગ્રોપડી આ મુજબ વિવેચન કરે છે, એક માણસ માટે સૌ કરતાં અગત્યના વરસો તે તેના બાળપણના છે; કે જે વરસોમાં તે બાળક બીજાને જોઇ તેની નકલ કરતાં શીખે છે. તે પછીની કેળવણી તેના ઉપર ઓછી અસર કરે છે. જો આપણે આખી જીંદગીને નિશાળ ગણીયે તો એક મુસાફર તેના બાળપણમાં જે અનુભવ અને કેળવણી લે છે તે તેની તમામ મુસાફરી દરમ્યાન પણ લઇ શકતો નથી. "(The Doctrine of Education" by Richter,)

આથી માલમ પડે છે કે જે બીજો એક બાળક જુએ તે ભલી હોવી જોઇયે; જે જે દાખલાઓ એક બાળક તપાસે તે ભલા હોવા જોઇયે અને એક સૌ કરતાં અતલગની અને સૌ કરતાં નજરનો દાખલો એક બાળક માટે કાંઇ પણ હોય તો તે તેની માતા છે એક ધર્મગુરૂ કહે છે, એક ભલી માતા સો માસ્તરો કરતાં વધુ લાયક છે. એક માતા સઘળાં છોકરા અને સઘળી આંખોનું એંધાણ છે. તેણીની નકલ એક બાળક હરહમેશ કરે છે. અને આપણે જાણયે છિયે કે હુજર નસીહત કરતાં એકજ દાખલો વધુ અસરકારક છે તે ચગર શબ્દોએ શીખવે છે અને વધુ અસરથી. એક જુરા દાખલાની હાજરીમાં સૌ કરતાં સરસ નસીહત બ ઉપોગી અને બે ફીજમત છે. દાખલાની નકલ ચશે અને નહીં કે નસીહતની. એક નસીહત કહી બતાવી તે ઉપર અમલ ન કરવો એ મોટામાં મોટું હીચકારાપણું છે. જે બેહલીભગતપણું શીખવે છે, જો ખુબું જોઇયે કે બાળક પણ વિચાર કરી શકે છે અને તેમા મા-આપો કહે એક અને કરે બીજું એ તુરંત તે બાળક પારખી શકે છે. એક પાદરી માટે કહે છે કે તેની બગલમાં ચોરેલી ભરવી હતી છતાં તે પ્રમાણિ. કપણાં ઉપર ભાષણ આપતો હતો!

નકલે કરવાથી ચાલચલણ ઘિમે પણ મકકમપણે બંધાય છે. એક નાના કામની અસર કદાચ માલમ ન પડે પણ જેમ તીપે તીપે સરોવર ભરાય છે તેમ તેટલીજ નાની નાની અસરો આખી જીંદગીને બાંધે છે.

એક પિતા કરતાં માતાની નકલ એક બાળક વધા રે કરે છે માટે એક ઘરમાં માતા ભલી હોવી જોઇયે. કારણ ઘર એ ઔરતનું રાજ્ય છે અને તેણીના બાળકો એ્ો રૈયત જેવાં છે, તેઓ ઉપર તેણી પુરતો કાબુ ધરાવે છે. તેઓ પોતાની દરેક ચીજને માટે તેણી તરફ આતુરતાથી જોય છે. તેણી તેઓની સામે એક નકલ કરવા લાયક દાખલો છે, જેની તેઓ દર પળે નકલ કરે છે. એક બાળકના કુમળાં ભેજાં ઉપર કેમ અસર થાય છે તે માટે એક લખનાર જણાવે છે. જેમ એક ઝાડના થડ ઉપર નાનો પણ કાપ હમેશતક રહી જાય છે તેમ બાળકના ભેજાં ઉપર એક નનો પણ છાપ ભુસરી શકાતો નથી. એક બાળકને અણાજી શીક્ષણ એક તૈયાર થયલા જમીનમાં દાણા રોપવા બરા બર છે જે લાયક વખતે ઝુરી નીકળે છે. એ રીતે એક માતા તેણીના બાળકોમાં ફરી જીવે છે. તેણીની આદતો તેઓની બને છે અને તેણીની ચાલ ચલણ તેઓમાં ફરી દેખાય છે છે." માતાની આ અસર અને મહોમત હમેશતકની છે. એક બાળક આ ધરતી ઉપર જન્મ્યું કે તેની કેળવણી દરમ્યાન તેની માતાની અસર ચાલુ થાય છે, અને એક ભલી માત તેની તમામ ઉમર વેર અસર કરતી રહે છે. વિચાર કરો કે એક બાળક જોતપણે આ મેહતાજી રૂપી નિશાળના લીલા સુકા અનુભવોની શીડીઓ ખાઇ અને જમાનાના હાથોની થપેડો ખાધા પછી ડોજુની તરફ ઠકલાસા માટે ફરે છે? બેશક તે તેની માતા તરફ! જે પણ ભલા વિચારોના બીજો તેણીએ પોતાની જીંદગી દરમ્યાન પોતાના બાળકના મનમાં વાવ્યા હોય તે વિચાર તેણીના મરણબાદ પણ ખીલતાજ જાય છું!

એમ કેહવું કરીજ રીતે હમો અંગેજતી ગણુતા નથી કે આ દુખમાં સુધારો કે કુધારો, સુખ કે દુખ, સીવીલીઝેશન કે બારબેરીઝમ એ સઘળું એક ઔરતની **ઘર સંબધી અસરમા** સમાયું છે. એક અમેરીકન શીક્ષણકુક લખ છે, "એક ભલી ઔરતની અસર સુધારાનું પ્રમાણ છે." એક માતાના ખોળામાં રમતું બાળક આપણી ભવિષ્યની પ્રજા છે અને તેથી તે પ્રજા કેવી નીવડશે તે સઘળું તે બાળકની માતા તેને કેવી કેળવણી આપે છે અને રીતભાત શીખવે છે તે ઉપર આધાર રાખે છે.

માતાનો પ્રેમ.

એક ટુંકી વાર્તા.

લખનાર—"થેલ્મા."

"તમે જાણો છો, હું એ બાળકને રાખી શકીશ નહીં," —ઉશ્કેરાયલી, ચીડાયલી અને ગભરાયલી હાલતે નર્સીંગ હોમમાં દાખલ થતાં મિસિસ ઍવરીટે કહ્યું "એક બાળકનું પોશન કરવા જેવી હાલતમાં અમો નથી, નર્સ."

તે શાંત ચેહરાની અને થંડા સ્વભાવની નર્સ ઍજ મોંહ મળકાવી ઉપલા ઓરડા સાંભળ્યા, કારણ એવી વાતો સાંભળવાની તેણીને ટેવ પડી ગઇ હતી; અને હડે કહેજે ઉતર કર્યો કે, "તે બાળક પોતાનું નસિબ પોતાની સાથે લેતું આવશે."

"અમારા બાળમાં નહીં,"—તે નર્સ નેતરની એક આરકેટની અંદર તકયા ગોઠવતી હતી, તેણીની તરફ તથા તે ઓરડામાં આસપાસ નજર ફેરવતાં મિસિસ ઍવરીટે જીદ કરી. "અમારી સ્થિતી ઘણીજ કંગાલ છે. તમો જાણોછો, મારા ભરથાર માત્ર એક નાના પગારના કલાર્ક છે. અને બીજા જણે કયારે તેઓનો પગાર વધારવામાં આવશે! અને વળી—વૅલ, અમારાં લગન એક મોટી ભુલ પુરવાર થયાં હતાં. એક સ્ત્રી ગાયણકાર, કે જે જે પોતાના ધંધાને વળગી રહેવા માંગતી હોય, તો તેણીએ લગનના ગાંઠથી કદી પણ જોડાવું નહીં જોઇયે. મારો ભરથાર તે સમજતો નથી! અને અમારી પરણી જીંદગીના પહેલા ત્રણ માસ પછીથી અમો બંને દરપણે પ્રસ્તાપણે છીએ!"

"ખરેખર?"—તે નર્સે પોતાના રાજેતા પ્રમાણે કાંઇ પણ મત ન આપતાં કહ્યું અને મિસિસ ઍવરીટે પોતાનાં બીજાણું ઉપર બેસી આંગલ બોલવા માંડયું:— "રે દુ-નામાં નામ કાઢયું હતે. હું એક ગાયણકારણું; એટલે કે, હું એક ગાયણકાર બની હતે. હું પાછી મારા સ્ટુડીઓમાં ગઈ હતે, અને જે છોડી સાથે પરણ્યા આગમજ હું રહેતી હતી, તેની સાથે જઇ રહેતે; લેકીન—આ પીડાને લીધે મારેથી તેમ થઇ શકયું નહીં!" આમ કહેતાં તેણીએ ગુસ્સાથી તે બાળણા તરફ આંગળી દેખાડી. "આ મને કેટલો ગુસ્સો ઉત્પન થાયછ, તે હું કહી શકિત નથી!—અને વળી અધુરામાં પુરું, અમો બંનેનાં ગેવાં કોઇ સગાં નથી, કે જેને અમો એ બાળકને સોંપે.! હું તેને ધવાડી શકીશ નહીં, તેમજ તેની માવજત પણ મારેથી થઇ શકવાની નથી! મારેથી તેને બીલકુલ રાખી શકાવાનું નથી; કહો મારેથી તેમ થઇ શકશે? હું હંમેશાં મુસાફરી કરતી ફરું છું, કોઈ વેળાએ એક કૉનસર્ટ પાર્ટી સાથે, તો બીજી વેળાએ કોઇ બીજા ટોળી સાથે; અને જો મારો ભરથાર તાકેવંત હતે, તોય તે એટલો બધો તો આપરવાર્થી છે કે તેનાં ધરમા બાળકોની કલાકાર તે સાંખી શકતે નહીં, હું ધારું છું કે, સલાહ નહીં આલેનમાં આપણતરમી હોવા જોઇયે!"

"આ સહજાજ નહીં,"—તે નર્સ વચ્ચે ઉદાવ્યો. તેણી એક મર્દનો વિચાર કરતી હતી, કે જે તેજ સહચારે તેણીની મુલાકાત લઇ ગયો હતો. તે અધોર વયનો એક મર્દ હતો, અને તેના ચેહરો સોરાયલો છતાં માયાવંતો હતો, અને તેણે તેણીને નિચે પ્રમાણે કહ્યું હતું:—"મારી ઘણીયાણી ઘણીજ મુજાય છે, તેમજ હું પોતે પણ અતીવ્ય દુંજાઇ થાઉંછું; કારણ, અમને પરણ્યાને આટલાં બધાં વર્ષો વહી ગયાં છે, છતાં અમને એકે અપ્રચ્યું થયું નથી! એક બેટાનાં બાત પિતા થવા કાજે કાંઇ પણ કરવાને અમો તૈયાર છીએ,

બૂરાઓ અશીર્વાદની દુન્યાને નુકશાન કરે છે તેટલો એક ખરાબ માણસ જે મેહેરદરૂજ કરે છે તે તમામ દેશનો નાશ કરે છે. તેથી ઓ સ્પીતમ-; તું કોઇ તોડતો મા. પછી તે કોઇ એક દુર્વૃદ્ધ (પાપી માણસ) સાથે કર્યો હોયકે તારી પોતાની દીનવાળા એક અશો સાથે કર્યો હોય-તો પણ તે કોઇ તોડતો ના-કારણકે એક પાપી માણસ સાથે અને તેમજ અશો માણસ સાથે કરીયેલો કોલ એ બને એકજ સરખું છે" વળી સદરે[1] તરીકે નામની ચોપડીમાંથી એ બાબતપર નીચે પ્રમાણે મળે છે-"કોલ તોડવે તે પોતાની દીનની રાહથી ફરવા બરાબર છે-કે જે કોલ તોડવાને આપણી દીન મધે મેહેરદરૂજ કરીને કહે છે" તે મહેરદરૂજના કામથી મોહોતી પરહેજગારી તપાસીને તું ચાલવું કર-અગર જો કોલએ દુન્યામધે એ મેહેરદરૂજપણું કાંઇ હોય તો તે કોલ ભાંગવાને લીધે બધે જહાનમાં તેણ બોહાર તથા બદબખ્ત થાય છે.

"તથા કોલ તોડવાના અથવા વચનથી ફરવાના ગોનાહથી "મેહેર" તથા "રશ્ને" બરકત અને "આફતાબ" તથા "માહતાબ" તથા આસમાન ઉપરના તમામ ફરેસ્તાઓ પણ તે કોલને તોડનારા મરદથી ઘણુંએક-નાખુશનુદ થાય છે-અને ઘણીજ સખ્ત લેયાનતો તે નાપક પર નાખે છે.

"ઓ ર (મેહેરદરૂજ) જિંદે અશો જરથોસ્તે ગેબદાન પરવરદેગારને એ રવેશે પૂછયું કે "જહું બોલનારા શબ્દોકો હાલ તથા મરટ બોરી પ્રકારનો છે" ત્યારે.....જહું બોલનારના રવાનની જગો અંધારાં દોજખ મધે એકદરમનની નજદીકમાં અને તે જગોએ તેના રવાંનને ઘણુંએક દેવો ઇજ્જ તથા આનમ દે છે.

વળી આગળ ચાલતાં એજ ફેતાબમાંથી મળે છે જે રાસ્તીએ કરી.....પરવરદેગારે ગેતી તથા મીનો, આદમ તથા આસમ, દીન-પાકીજગી-નૂર જલકાટ-જમીન-પાણી-ગોસપંદ-ઓરવર-પરવત-તથા દુન્યાની સર્વે ચીજો પેદા કરી-વળી રાસ્તીથી દકતાલાએ કરતા આસમાન.....સેતારા આફતાબ-તથા મહાતાબનું પણ સરજવું કરીયું છે-અને સરવે જેહાનનું કાયમ તથા બરપા રહેવું પણ એ ઇજદ તઆલાની રાસ્તીથીજ થએલું છે,"

વળી જમીઆદ યસ્તના ૭ માં કરદામાંથી એમ મળે છે કે જ્યાં સુધી જમશીદ ખરો અને સાચો રહ્યો હતો ત્યાં સુધી તેનુ ઐશ્વર્ય તેની પાસે હતું તથા તેની દરેક મુરાદ બર આવતી હતી પણ જ્યારે તેણે જૂઠાઈ ભર્યો માર્ગ ધર્યો કે તેનુ ઐશ્વર્ય જતું રહ્યું અને પોતાની મુરાદોમાં નાસીપાસ થવા લાગ્યો.

છેવટે આ બાબત પૂરી કરવા પહેલાં સ્પેન્તોમદ ગાથાના ઇજસ્નેના ૫૦ મા હાનો ૯ મો ફકરો તાંકી લઉંછું.

"મારાં દિલના ઉલટાના કવિતારૂપી વચનો, જે પૂરતી રીતે જણાએલાં (છે તે) સાથે આજેજીની રીતે બેહુ હાથ ઉચા ધરીને, ઓએ.....અહુરમજદ-તુંને હું પહોંચું. રાસ્તીની મારફતે તથા દિધાની જેટ સાથની બંદગીની મારફતે તથા નેક મનશ્નાતીની ખુશી મારફતે અએ અહુરમજ તુંને તુંને ખચિત હું પહોંચું. (કા. એ. કાંગા)

સમાપ્ત.

૧ સાધારણ રીતે સદર ફેતાબને નામે ઓળખાય છે. જુઓ પાનું ૧૬૭-૧૬૧ (દા. દ. ભ. મી. ભમારૂપ આસાનો તરજુમો.)

૨ જુઓ પાનું ૨૬૪-૨૬૫.

સોનાની વાત છે. ગરીબ ફ્રાંસ તારી મર્તી હાલમાં કેવા ઉત્તમ અમીરજાદાઓનું લોહી ચુસેછ, ઓ ભાઈ જીગર તુટી જએછ." તે બહુ ગમખ્વારીથી બોલીયો.

કાઉનટેસ અને ફેલીસે ઘણીજ તાબુબીથી આ બધું સાભળ્યા કીધું. એમાથ્રસ ત્યારે કોણ હતો? એની આટલી બધી સત્તા હતી એવી કશી ખબર તેઓને હતી નહીં અને તેઓ દંગ થઇ ગયાં.

"પીએરીને હું ફાવવા દેનાર નથી, હું આજે રેજ સના ગામડામાં જઇને ત્યાંથી મારા બેહા વફાદાર આદમીઓને લઇ આવીશ જેઓ પીએરી ઉપર નજર રાખશે. પણ આવો, તમે આ બધી ઝાડની છુપી ચાવીઓ જોઇ લેવો, કદાચ હું પાછો ફરૂં તે પેહલાં તમુને એનું કામ પરસે."

કાઉનટેસ થાકી ગએલી હોવાથી નીચે બેસી ગઇ જ્યારે એમાથ્રસે ફેલીસને બધી છુપી ચાવીઓ બતાવી. જ્યાં સુધી પોતાની મેળે તે ખોલી શકે ત્યાં સુધી ફેલીસે તે ઉપર ધ્યાન આપ્યું.

"આહા હવે આપણે જઇએ." કાઉનટેસ બોલી "બોલા તમુને સુખી રાખે. એમાથ્રસ હવે હમારે જવું જોઇએ."

તે બા બેઠીના જતા આકાર તરફ દીલના ઉભરા થી જોતો તે કલાવર તન સખસ થોડોવાર ઉભો રહ્યો. કાઉનટેસનો ઓળો નજરેથી દુર થયો ત્યાં સુધી તેણે ચુપ્પી નજરે તે બેઠીમતી આકાર પાછળ ટીકમા કીધું અને પછી એક જબરી હાથથી ત્યાંની ઝાડી હલાવી તે ઝાડની અંદર ઉતરી પડયો.

જ્યારે તેઓ બગીચા આગળ આવી પુગીયાં ત્યારે તેઓએ સામેથી કાઉન્ટને દોરતો કુદતો આવતો જોયેા.

"કાલ સવારે બધી તૈયારી થવી જોઇશે મારફ્રીસ હાલમાં સાહજને થયેછ એટલે કાલને કાલ તારાં લગન કરવાના છે. મારી દીકરી, જ્યાં સુધી તું લગનના દમામદાર પોસાકમાં સજ થસે નહી ત્યાં સુધી તુંને હું મારફ્રીસ આગલ રજુ કરવા નહી, અને પછી તે તુંને આપણાં ખાનદાની જાહેરાતમાં સજ થએલી જોશે ત્યારે તે તારી સુંદરતાથી કેવો છક થઇ જશે. મારી દીકરી, આપણે જ્યારે ફ્રાન્સમાં શાનતી થયા બાદ આપણે વતન પાછાં ફરસું ત્યારે ઘણાજ ભપકાથી તારી શાહદીની ખુશાલીમાં મેળાવડો કરીશું. ફ્રાલેતો લગન પછી આપણે ઈંગલંડ તરફ ઉપડી જશુ."

"લગનની એક ભેટ દાખલ પપા મારી એક માંગણી કબુલ કરશેા? મોં. પીએરીને જણાવતાના કે આપણે કાલે મુશાફરીએ નીકલનાર છેએ" ફેલીસ રડતાં બોલી.

"રડેચ કાં, ઘેલી?" કાઉન્ટનો મીજાજ ગયેા.

"મને તે આદમીની બહુજ ફ્કર છે, ઓ મને એટલું વચન આપેા, પપા"

"વારૂં ઠીક હવે મુંગી રહીજ. હમણાં પીએરી આગલ જનાર નથી." "તે કબુલ કરતાં ખંચાયેા કે હમણાં આપણે કલાક ઉપરજ તે પીએરીને આવતી કાલના લગન અને મુશાફરીની તૈયારી માટે કહી આવ્યેા હતેા. કેવેા ખરેખરેા અક્કલ હીણ!

ફેલીસ અને કાઉનટેસ હલકાં દીલે અને લગાર ખુશાલ મને કાસ્ટલમાં દાખલ થયાં.

બીજી બામદાદે ખ્હારથી ગમે એવેા શાન્ત દેખાવ રાખવા છતાં આજે કિલ્લામાં કાંઇ ધામધુમ હતી એમ માલમ પડી આવતું. જવાન મારફ્રીસ વરરાજાનેા પેશાક પેહરીને બેઠેા હતેા અને ઉપરના ઓરડામાં તેની જવાન સુંદર કન્યાને પણ શાહદીનેા કેઠેરેા કરવામાં આવતેા હતેા.

"આહ! કેવી સુંદર તું લાગેછ, મારી બેટી, એહ-વીત તુંને પેહલીજ નજરે પસંદ કરશે." પેાતાનાં એક પુરાં ફરઝંદની ગુલછરી જેવી ગરદન આસપાસ મેાતીની માળા પેહડાવતાં તે માતા મગરૂરીથી બેાલી.

"આલેા જલદી, કેટલી વાર કહ્યાં સુધી બેાઢી કરેશેા?" ખ્હારથી અધીરા કાઉન્ટે મગઝાત કીધેા.

કાઉન્ટેસે એક ગંભીર ચુમી પેાતાની બેઠીના કપાલ ઉપર લીધી. "બેાલાવંદતાલા મારી બેટીને પેાતાની પનાહમાં સંભાલે અને સદા સુખી રાખે."

આહ! ત્યાર પછીથી ફેલીસ આંખેામાં આંસુ-ઓની ધારા વચ્ચે આ પેાતાની માતાના છેલ્લા આસીસેા કેટલાં દુઃખ સાથે યાદ કરસે.

કાઉન્ટ પોતાની ખુબસુરત બેટીનો હાથ ધરી દુરબથી ઉઘલતાં જીરને તેણીને નીચે લઇ ગયો જ્યાં બોકાંક વીશ્વાસુ નોકરો આ ધામધુમ વગરના લગ્ન માટે મુબારકબાદી આપવા ઉભાં હતાં. કાઉનટેસ બોદાની બંદગી બજાવતી તેઓની પુઠે આવતી હતી.

જેવી કન્યા તે શાહુદીના ઓરડામાં દાખલ થઇ કે પોતાના હવે બનારા ધણીને જોવા તેણીએ શરમથી ગુલાબી બનેલા રોખસારાએ નજર ઉંચે કીધી પણ મારફતીસની તેણી તરફ પીઠ હતી. તે બારીની બ્હાર જોતો હતો અને તે બીચારમાં ઓટલો ચક્કુર હતો કે તેણે પોતાની કન્યા તરફ જોવાની પણ દરકાર કરી નહી.

કાઉન્ટ હવે બાહરી તરફ ફર્યો પણ તેજ ઘડીએ ગો. પીએરીએ બહારની બારી વાટેથી માહે કુદકો માર્યો અને પોતાના હાથમાંની સીરંટી જોરથી વગાડી કે બીજીજ પલે એક ડઝન ઘાટકી ખરીસ રાખસો તે ઓરડામાં ધસી આવ્યા. જવાન મારફતીસ ને બીચારો ઘણા દીવસની બીમારીથી નાતવાન થએલો હતો તેના ઉપર હીચકારા પીએરીએ એક જબરજસ્ત કુદકો લગાવીયો કે તે પોતાની શાહદીના લેબારામાંજ પોતાના બુઝર્ગ બાપના પગ આગલ જમીનદોસ્ત થઇને પડયો. ગભરાટની એક બીહામણી ચીસ સાથ કાઉન્ટ પોતાના કહેવાતા વફાદાર પીએરી તરફ ફર્યો. તે પાછી જગમારે નફટાઇથી હસી એક પીસટોલ પોતાનાં પેદરબુમાંથી ખેંચી કાઢી. એકજ પલ તે તાતા બીજાજના કમઅકલી કાઉન્ટને, પોતાની મુરબ્બાઇ, તેના કારભારીની દયાનતી બેવફાઇ અને પોતાની નેક વફાદારીની તરફની બેરહમીનો ખ્યાલ કરવાને મથી અને બીજીજ પલે પીએરીના પીસટોલથી ભળથી બેજાન બની એક કારકુદીકરી માફીની નજર પોતાની કાઉનટેસ તરફ ફેંકી તે પોતાની બેટીના પગ આગલ મુરદું થઇ પડયો.

ફ્રેલીસની દાવરી બાવરી બનેલી ચીસોથી તે ઓરડો ધમધમી રહયો. તેણી પોતાની માતા તરફ દોડી દીવાની જેવી દોડી પણ ગરીબ કાઉનટેસ પોતાના વફાદાર પીએરીની સેર જોઈ તેણીનો જાન કમજ થઇ ગયો હોય તેમ ભોંય ઉપર તુટી પડી બીચારા બુઝર્ગ ડ-મેરીલુ પોતાના બેટાને કમોતે મરતો જોઇ હાર્ટ અપ થઇ ગયું અને તે પોતાની બેડકમાંજ મરણ પામ્યો. ફ્રેલીસ બેસુધ બની તુટી પડી.

ઘણીવારે જ્યારે ફ્રેલીસ સુદ્ધીમા આવી ત્યારે પોતાનાં બ્હાવાંઓના મુરદાં આગલ પોતાને પડેલી જોઇ તેણી કમકમાટથી ધુજી રહી, અંતે હીમત રાખી તેણી પેદરમાં પોત.ની માતા નજદીક ગઇ અને. તેણીનું છર વનાનું બદન તપાસવા લાગી, મગર સર્વે ફેકટ છતાં ત્યાં કાંઇની કુટકો કે જબમ નહી પડેલો જોઇ આવા દુઃખમાં પણ તે ગરીબ છોડીને સંતોષ મલીયો કે તેની પવીત્ર માતા કોઇ ખુનીને હાથ મરણ પામી ન હતી પણ દુઃખના આંચકાથી તેણી બેહરતને માર્ગે નીકલી ગઇ હતી.

ભલી કાઉનટેસ લેંગ્રેડાક. તેની બેટી જબુની હતી કે અહીં કરતાં તેણી પેરી દુઃખામાં વધારે સુખ જોઇ રાકશે છતાં તે મોટી માવતરને બોદવાના બ્હાને તેણી માર્યું પટકીને બોધમાર રહી.

એકાએક તેણીને પોતાની કંગાલ એકલવાઇ હાલતની યાદ થઇ અને જો ચંડાલ પીએરી ત્યાં આવી પુગે તો તેણીનું શું થાએ તે બ્હાવે તેણીને નવું જોર આવ્યું. તેણીએ પેલા બીચારા માર્યા ગએલા પાદરીના બદન ઉપરનો જબ્બો ફાડી પોતાના દીલ ઉપર ઓસરીયો અને બારી કુદવી તેણી એક છુટેલા તીરની કાફે પેલાં એમાઝનવાલાં ઝાડ તરફ જવા ઝાડીઓંથી દોડી ગઇ એકાએક તેણીએ પોતા પાછળ કોઇનાં પગલાં સાંભળ્યાં. એક ગભરાતની નજર પોતા પાછળ ફેંકી લેતાં તેણીએ પીએરીને જોયો. તે ક્યા બોરને જોઇ તેણીનાં પગમાં વીજળીક જોર આવ્યું. આજુબાજુ ઝાડીઓમાં ભરાતો પોતાનો જબ્બો ખેંચતી તાબુતી તેણી બદહોમ આગલ વધતી ગઇ પણ હજુર પાપી પીએરીનાં પગલાંનો પડયા પાછળ પ્રગટ આવતો હતો. તે એક છર સટોસટની પળ હતી. ઝાડની એક વળાચુથી તે ક્યારાનો આકાર નજરેપી એક લાબવાર બંધ થયો કે તેજ ઘડીએ પેલા ઝાડની છુપી ચારી દાબી તેણીં બંદર ઉતરી પડી.

એક ઠંડી ધુજારી તે નાલુક બદનમાંથી નીકળી ગઇ કારણ તે ઝબકું ખાલી ખાલી હતું. ઓ ખોદા તેણીનો એકલો રહેવેા બચાવનાર એમાઇલ કયાં હતેા? શું તેણીના ખેરખાહ આ ધર્તિ ઉપર હવે રહ્યો હતેા નહી? તેણી અચાનક જેમી નીચે બેસી ગઇ, અને પેાતાની મીઠી માવતરનાં કમેાત ઉપર એક દર્યાવ ભરીને ગમખારીનેા આંસુ ઉતારીયાં "ઓ મારાં મા, મારાં મા, તમારા વગર હું કેમ જીવીશ, આજે એમાઇલની ગુમ થઇ ગયા હશે અને ચંડાળ પીએરી મને શેાધી કાઢશે તેા મારૂં શું થશે?" આ બધા વીચારથી તેણીના આંસુ સુકાઇ ગયાં અને તેણી મગ જથી બે મગજ બની ગઇ હેાય તેમ બેફામ જેવી ગાઇલ બની ગઇ. જો આવેાજ એક કલાક વધારે જતે તેા તે ખચીત દીવાની બની જતે પણ તે જ્યાર કેાઇનાં ભારી પગલાં વાગીયાં, તે જ્હાને દરવાજે ખુલ્યેા અને જ્હાવરેા બાવરેા બનેલા જેવેા એમાઇલનેા સાહદ પુકાર્યેાઃ—

"લેડી ફેલીસ, લેડી ફેલીસ! તમે અહીં છેઓ!"

જવાબમાં તેને એક ઉંડુ ડચકારૂં એક દુખી હાય સંભળાઇ અને તેને અંદર આવી પેાતા પાછળ કરવાજો બંધ કરીયેા. ગરીબ ફેલીસને ત્યાં પડેલી જોઇ તેને અતી મમતાથી તે બાળકીને પેાતાના હાથમાં ઉઠાવી લીધી અને બે સીડીયે ઉતરી તે તેણીને નીચે બતાવેલાં બેાંયરામાં લઇ ગયેા. એક નહાનાં બીછણાં ઉપર તેણીને મેળી એમાઇલે બની સાવગારી અને એક ગલાસ ભરીને વાઇન લઇ તેણીના હેાય બાળી ધરીયેા "આ પીજા મારાં બચ્ચાં, અને પછી મને કેહ કે તુંને કાંઇ ધ્રજ થયછ?"

ફેલીસે જબરીથી હેાઠ ખેાલી કહ્યું "ઓ એમાઇલ, એમાઇલ, મારાં મા મરવુ પામીયાંછ"

અતી દુખની વેદનાથી તે પીલતન સખસનેા ચેહરેા કરમાઇ ગયેા. તેણે પેાતાના હાથેા મજબુતીથી પેાતાની છાતીએ દાબી દીધા, બીજા ગમખ્વારીથી તેનું જીગર ઉછાલીને જ્હાર કુદી પડતું હેાય "હું જાણુંછ, મારાં ફરઝંદ કે તારાં ને મારાં જન્મેાનાં નસીબ ફુટી ગયાંછ, એવા આપણુને મદદ કરે. હું કમજખ્ત તેમ બનતું અટકાવવાને કમબેર હતેા. મને જો ખબર હતે કે આજે લગનનેા દીવસ હતેા તેા હું મારાં આદમીઓને લઇ આવી તૈયાર રેહવે પણ 'ઘણું મેાડું થઇ જવા પછી મને આવ નીચ કાવત્રાંની ખબર મળી તેવેાજ હું મારા સાથીઓ સાથ ત્યાં ફીલ્લા આગલ દેાડી પુગેા. હમેા ચંડાલેા સાથ બાથેાબાથ લડીયા પણ મારાં માણુસેા થેાડાં હતાં. પેહલાં મેં તુંને કાઉન્ટની પાસ પડેલી જોઇ હતી પણ જ્યારે તેઓ સાથે લડત કરીને હું બીજા મારાં માણુસેાને બેાલાવવા પાછેા ફરવા આગમજ તમેા મા બેાલીને ત્યાંથી ઉઠાલી લાવવાનેા હતેા ત્યારે મેં ફક્ત તારા લગનની જગેા ત્યાં પડેલી જોઇ. તમેા બન્ને મા બેાલીને ત્યાં નહી જોઇ હું દુખથી ગાંડેા બની ગયેા. તારી નેક માવતરતેા બીચારી બેદરકારના બાગમાં ગઇ હતી એટલે તેણીના રવાનને તે બુરાઓ ઉઠારી યવા પણ તુંને જીવતી લઇ ગયા તે માટે મને ધણેા અફસેાસ થયેા છતાં મને આશા હતી કે કદાચ તું બચીને અંહી દેાડી આવી હેાય. ખુદાના શુકર મારાં ફરઝંદ કે તું તે પાપીના કાલા હાથેામાંથી બચી જવા પામી."

"પણ મારાં માતા, મારાં જ્હાનાં માતા" ફેલીસ વીલાપ કરતાં બેાલી.

"તે નેક જાનુ આ જગાની બધી જંજેરેામાંથી મેાકલી થછ એટલેા આપણે સધારેા જોવાનેા છે, એમાઇલ તે દુખી છેાડીને દીલાસેા આપવાને મકસદે બેાલીયેા, પરંતુ તેની છાતી ફાટી જતી હતી. "હું તારા એક બાપ અને મા બન્નેની જગ્યા રાખીશ. તે મરહુમ ફરેસ્તાહ ખસલત જાનુ તરફની મારી લાગણી હું ભુલ્યેા નથી પણ ફેલીસ આવી ધાસ્તીના હીંગામમાં તારે હીંમત રાખવી જોઇએછ, બેટી, તારી હીંમત વગર હું તદ્દન કમજોર થઇ જઇશ."

તે ગરીબ છેાડીએ મહા જેહમતે પેાતાનાં આસું લુછી નાંખીયાં અને તેના હાથમાં પેાતાનેા હાથ મુકયેા,

"હું મારેથી બનતી હીંમત રાખીશ. મારી માવતરના અને મારા સાચા રફીક એમાઇલ હવે તમેાજ મારી સ્થીતીના મદદગાર એક એકલા બાકી રહયાછ."

આ શબ્દોથી તે બ્હાદર તન સખશ ઉપર ઘણી અસર થઇ અને તેને પોતાની આંખમાં દેારી આવેલાં આંસુ છુપાવવા પોતાનો ચેહેરો ફેરવી નાંખીયેા.

"તે ચંડાળ ચોકડી વધારે ખરાબી કરવા ફેજ-સના ગામડાં તરફ પેતાના જેવાજ બીજા પાપી સાથી-ઓની શોધમાં ગઇછ તેટલાં હું કિલ્લામાં જઇ જે કાંઇ બે કીંમતી ચીજો હાથ આવે તે તારી હકદાર મત્તા તારે માટે લઇ આઉં. તારા પેાશાકેાની મારે લાવવા જોઇશે, તેનેા જગાયેા ક્યાં હશે?"

ફેલીસે કુંકમાં કહ્યું પણ પછી ધારતીથી ઉમેર્યું "પણ તેઓ જો પાછા ફરી તમને પકડશે તેા મારું શું થશે?"

"બીહ ના, મારાં માણુસેાએ હજુર કિલ્લાની રખાનીપટી રાખીછ અને તેયીજ પેટેા દગાખેાર વધારે મદદ લાવવા ફેજસ તરફ ગયેછ. વળી મેં ને મારાં બધાં આદમીઓએ ચેહરા ઉપર બુરખા પેહરેલાછ એટલે પીએરી હજુને લુટારાઓ હાખલજ ઓલખેછ. તુ જરાપણ ફકર ના કરતી ટીકરી, અને હું પાછેા ફરું ત્યાં સુધી અતી બળતી રહેવા દેજે. અંધારામાં તુને વધારે ડર લાગશે."

"વાર મહેરબાન એમાબલ, હું તેમજ કરીશ." તેણી બેાલી.

એક કલાક સુધી માથું ઝુમાવી બેાદાતાલાની બંદગી કરતી ફેલીસ બેસી રહી અને સીઢી ઉપરથી ઉતરતાં પગલાંએ ચેાંકી તેવણે ઉપર જોયું. અને એમા-બલને એક ફીકા પાતલા જવાન સાથ ત્યાં ઉભેલેા જોયેા.

આ દુનિયામાં શ્વાસોશ્વાસનો એક મહાન કાયદો ચાલી રહ્યો છે જેને ઇંગ્રેજીમાં Inhaling and Exhalingના નામે ઓળખવામાં આવે છે. સાધારણ રીતે માનવામાં આવે છે કે આપણે માત્ર નાક વાટે રાત દીન દમ શ્વાસ લઇયે છીયે અને બાહેર કહાડીયે છીયે પણ ખરી હકીકતમાં તો નાક ઉપરાંત આપણી ચામડીના કંઈ હજારો છીદ્ર મારફતેથી આપણે બેભાનપણે શ્વાસ ખેંચીયે છીયે અને તેજ રસ્તે રાત દીન તે બાહેર કહાડીયે છીયે. આ શ્વાસોશ્વાસની નીરંતર ચાલી રહેલી કુદરતી ક્રીયાની ઉપર મનુષ્યની તંદરોસ્તીનો તમામ આધાર છે. પણ શું એ શ્વાસોશ્વાસતી ક્રીયા માત્ર મનુષ્યોમાંજ છે? અને તે શું માત્ર "દમ"ના "ધમન" ચાલવામાંજ સમાઇ છે? નહી! જરા ઉંડી દાનાઇથી આપણે દરીયાદીલ કરીશું તો આપણને માલમ પડશે કે એ મહાન કાર્યની ઉપર આપણી જીંદગીનો તમામ આધાર લટકેલો છે એટલુંજ નહી પણ કુદરતની તમામે તમામ પેદાયશ શ્વાસોશ્વાસની ખરી ને ખુદાઇ ક્રીયા વગર પોતાની જીંદગી કે સંભાળી શકતી નથી. માત્ર દરરોજ આપણને દમ વાટે કે ચામડીના છીદ્ર વાટે ચોખ્ખી હવાજ શરીરમાં દાખલ કરીને બેસી રહેવું નથી. પરંતુ પ્રેમ, ઠંડાપણ, અને બીજી ચઢવાતી ક્રાસમના સદગુણોનો આપણી આપણા જીગરે દરરોજ ઉતારવાનો છે અને ઉત્સાહ-ઉલ્હાસ-માયા અને મેહબુબતના પવિત્ર પ્રવાહ દરરોજ નીરંતર બાહેર પાડી આપણી અને આપણા આસપાસવાળાઓની જીંદગીને ખુશાલી ભરેલી અને ખુબસુરત કરવાની છે.

સ્થુળ શરીરનો જે કાયદો તે ગોથા મીનીટ મન જેવી લાગુ પડે છે માત્ર બાહેરની શોભામાંજ કે બાહેરનાજ ચલકતમાં કંઈ જીંદગીની મોતેબરી કે મરતબો સમાયેલ નથી પરંતુ આપણી જીંદગીને સદગુણોના અને સભ્યતાના સંગારથી સ્વચ્છને શાદમાન કરવાની જરૂર નથી. હવે એ કામ કરવાને માટે કંઈ એકાંત વાસની જરૂર નથી. પહાડની ટોચ કે જંગલના ખુનાને શોધી કહાડી ત્યાં સદગુણોને ખીલવવામાં કંઈ બહાદુરી નથી. ખરી રીતે સહુને રોશન થયું જોઇયે કે ખુદાતાલાએ આપણને જન્માંથી અને જેથી સંજોગ કે સ્થીતી વચ્ચે જન્મ આપ્યો છે તેજ ખરેખરો સ્તુતીપાત્ર છે અને ત્યાંજ રહી જીંદગીની મહાન લડતમાં લડી સંપુર્ણ રીતે સુંદર થવામાંજ જીંદગીની નેમ જર આવે છે. કેટલાકો જીંદગાનીથી કંટાળી જાય છે, કેટલાકોને જીંદગાનીમાં કોઇ જાતનો કરાર લાગતો નથી, પોતાની હાલની હાલતથી તેઓ સંતોષ પામતા નથી. સમતોલપણામાં રહેવું એ કુદરતી કાયદો છે; આપણે પાછો "દમ"નોજ દાખલો લઇશું: જોઇયે તે કરતાં વધુ હવા આપણા "દમ"માં આપણે લઇ શકતા નથી કે જોઇયે તેથી ઓછી હવા આપણા "દમ" વાટે આપણે બાહેર કહાડી શકતા નથી, સમતોલપણામાંજ આપણે જીવીયે છીયે. તેજ પ્રમાણે સદગુણોના સમતોલપણામાં કે મન-વચનના મીનોઇ મીજાજમાં આપણને હર હંમેશ જીવવાનું છે. અદેખાઇ, મગરૂરી કે બીજાકરે કોઇનાબી હૃદયને દુખી કે ખુશાલ રાખ્યું નથી. ગરીબાઇ એ કોઇ પાપ નથી. એ સદગુણ આપણે જાણીયે છીયે પણ તે ખરી હકીકતમાં આપણે સમઝયે છીયે કે? જો એ વાત સમજતા હોઇયે તો પછી જોઇયે શું! શ્વાસના સમતોલપણામાં જીવતા સહુ કોઇ માંગે છે-સદગુણોના સંગારમાં કોણ જીવશે?

over raiding of ugly passion in the heart to conquer thy decrepit Reason. Shall not he think evil of thee? Surely, if not his heart will mysteriously curse thee. Thou shalt merit scowl for scowl as thou wilt Love for Love. Man is weak, frail mortal! What cans't thou do to fight revenge for revenge and hatred for hatred. God shall avenge the crime for God is Omnipotent.

Do thy best in all the actions that tend to benefit thy self and exalt the trend of thy environments. Do all thou can'st to be of use to mankind. Keep God in sight and the high Vocation of Duty and all actions impossible though they seem, shall fall within thy grip.

Impossibility existeth not. For him who is manly in thought and deed nothing is but what can be achieved.

When any peril comes over thee, remember! it is the transient cloud of destiny over ruling thee. Suffer and bear with patience all its troubles. The tempest will pass away as the fleeting Time and Tranquility shall succeed. Sufferance and forbearance ought to be the badge of humanity. Sufferance leads to universal Victory in the end. Triumph is meant for him who suffers with patience when troubles turn up. Patience is the goal to Glory. Patience is bitter but its fruits are sweet.

Why! Time is changeful as is the World. Art thou suffering to-day? Tomorow the Sun of Happiness shall wake thee up. Be not melancholy nor gloomy for that is the sign of weakness in thee, and human infirmity, lack of power to suffer the torments of the ideal world. God likes thee not if thou lettest sorrow overcome thee for a bit of misery befalling thee.

Fall to the ground the Devil of Temptations and trample him under, the curbing sovereignty of Virtue and no particle of an unclean thought shall be able to make an encroachment upon thee. This shall give thee no Sorrow.

Unveil not the Secrecy of thy heart to any one for as soon as it is unveiled the glimpses of its light are caught by the world-folk among whom it becometh current and the Secret becometh open unto all.

Tell thy secret to any faithful friend and honest relation of thine own whom you do not doubt. "Please speak this to none." Senseless fool thou! Thou hast no reason. Weigh a man ere thou givest him thy heart. Put no faith at once in one who professeth love towards thee-Why! that may be a hypocrite. Doubt, honestly doubt the character of men that speak good of thee and show friendliness. Try them. If they stand thy test put faith in them. Ere that to do so is dangerous.

In weighing be thou not suspected nor give any reason for suspecting thee-men love not those that suspect others.

Speakest thou ill of others! Oh! thou Scandal-monger. The Viper of poison shall eat away thy tongue. Revenge shall gnaw away thy heart. Thou whilest away thy time in vain in minding others' business and having no look-out for thine own. Destiny shall cudgel out thy brain.

Despair not if thou failest in any of thy vital tasks for that shall crumble down thy

power of resolution. Who knoweth the depression may lead to a higher level! Despair is a sign of weakness and infirmity of purpose. Despair, think not, is a cankerer of life and that it bringeth misery. There are men whose whole periods of life are past away in despair and in not attaining to their purpose of life.

Hope beyond the bounds of Hope for a great piece of human happiness lieth therein. Hope till the end of thy life. Hope only perishes with the life above.

Be not discontented with thy lot. Discontent breedeth jealousy which in its stead leads on to self-ruin. Be discontent in the lofty and spiritual sense of the word, but not in its corrupt and physical. Think not that when thou hast attained to the great object of thy life thy will is satisfied, and object accomplished. Get onward! Higher duties await thee. Greater things thou hast still to do. Be not satisfied with what thou hast done. Deed never reaches its limit but with the end of life.

When thou art needy think of those that are more in need than thee. When art successful in life think of the more successful. Example shall teach thee to be what thou wishest to be. Example joined with experience is a greater teacher of life than anything. Keep no limit fixed to thy deeds. As time progresses, progress thou too, on the path of action.

Seek not peace nor happiness nor rest on earth but seek them in Heaven. Futile are the businesses of Earth. Ever-living are those deposited in Heaven.

Know that the whole Creation moveth according to the bidding of the Law of God. The Order that pervades in the whole Universe and in the Life of Man is according to the Law of God. Man hath no power to alter even an atom of it, for he is but an atom of the Law-abiding Universe. All things that proceed from thee by the Law of Karma are in accordance with this Ordained Law whose active influence is every where and on everybody, man, beast and plant.

This Law hath much to do with what is called Destiny or Fate. Hence all thy Karma is worthy of thy Fate. Thy good deeds are so because of thy fate moulded in previous life upon the basis of God by the purity of thy actions; and so, also for evil deed. Mark well this Truth and live accordingly.

Heaven's peace on earth! Gods' blessings on all!!

પ્રભાતનું પંચાંગ.

એપ્રીલ ૧૯૧૫.

રવિ.	આ મહીનાનો પ્રકાશ : ! ભેજ : ભક્તિમાન	પાંચમ. ૪ અરસીસંગ.	બારસ. ૧૧ બેહમન.	ચોથ. ૧૮ આદર.	અગ્યારસ. ૨૫ મેહર.
સોમ.		છઠ. બેક ૫ બંધ. આસતાદ.	તેરસ. ૧૨ અરદીબહેસ્ત.	પાંચમ. આંવાં ૧૯ જશન. આવાં.	બારસ. ૨૬ સરોશ.
મંગળ.	હિંદુ માસ ચૈત્ર-વૈશાક.	સાતમ. ૬ આસમાંન.	ચૌદશ. ૧૩ શહરેવર.	છઠ. ૨૦ બોરજેદ.	તેરસ. ૨૭ રસને.
બુધ	પારસી માહ મહેર તથા આવાં.	આઠમ. ૭ જમીઆદ.	અમાસ. ૧૪ અસપનદાદ.	સાતમ. ૨૧ મોહર.	ચૌદશ. ૨૮ ફરવરદીન.
ગુરૂ.	એકમ. ૧ ગોઆદ.	નોમ. ૮ મારેસપંદ.	એકમ. ૧૫ ખુરદાદ.	આઠમ. ૨૨ તીર.	પુનમ. ૨૯ બેહરાંમ.
શુક્ર.	બીજ. બેક ૨ બંધ. દેપદીન.	દશમ. ૯ અનેરાંન.	ચાંદરાત. ૧૬ અમરદાદ.	નોમ. ૨૩ ગોશ.	એકમ. ૩૦ રામ.
શનિ.	ચોઠ બેક ૩ બંધ. દીન	અગ્યારસ. ૧૦ અદુરમજદ. માહ આવાં.	ત્રીજ. ૧૭ દેપાદર.	દશમ. ૨૪ દપમેહેર.	



પુસ્તકઃ ૨ જું. એ ૧૯૨૫. અંકઃ ૯ મો.

સાંકળીયું.

વિષય.	પાનું.
વખાણ તે સાહેબની (કવિતા) ...	૪૪૭
પ્રભાતનો પ્રકાશ...	૪૪૮
દુઃખીનમાંથી બહાર	૪૪૯
૨૬ તે ૩૬ (કવિતા)	૪૫૧
તાબેદારી	૪૫૨
સજ્જનતાની સાંકળ (ચાલુ વાર્તા) ...	૪૫૩
બિલોરનો ધુચ્ચ (ચાલુ વાર્તા.) ...	૪૬૩
લગ્નની મોતેબરી	૪૬૯
બદમાસ અરબેર (ટુંકી વાર્તા) ...	૪૭૨
સણી કે ણ	૪૭૪
સરદી	૪૭૫
એક સલાહની કીમત કેટલી ...	૪૭૭
એ ફાલકન (ચાલુ વાર્તા)... ...	૪૭૮
આનુબોનો ખાત્મ.	૪૮૬
બાળકોને બગ્યુ	૪૮૮
મોતીની માળા	૪૮૯
બાલુસો પર પ્રસન્ન થયલી લક્ષ્મી...	૪૯૪
પ્રભાતનો ચેપ્ટર...	૪૯૫
The Throbs	૪૯૬
પ્રમ નવું પંચાગ	૪૯૮

વાર્ષિક લેંઝાજમ રૂ. ૩॥ પોસ્ટેજ સાથે હિંદુસ્તાનમાં—રૂ. ૪॥ હિંદુસ્તાન બહાર.

એન. અરબ્બેરની કુઠ

ઓફીસ "પ્રભાત," કાલ્બા રેરેસ, કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

પ્રભાતનો પ્રકાશ.

જીંદગીમાં જીવવાની કળા! આ ટુંકો પણ અર્થસુચક વાક્ય ઉપર વાંચક તું બે વાર વિચાર કરજે! જીંદગીમાં જીવવાની કળા? આ બોદ્ધી ને પોદ્ધી પૃથ્વિ ઉપર જે તરેહવાર કીડામના માનવીઓ વસે છે, તેમાંથી જીંદગાનીના રંગ-ઢંગ અજબ પ્રકારે પ્રકાશતા કે ધંકાતા આપણને માલમ પડે છે. માનવી જનને ખુદાતાલા કે કુદરત તરફથી અકલનું જોર જે મલ્યું છે તેની ઉપરજ જીંદગાનીમાં જીવવાનો સઘળો આધાર આવીને અટકતો છે પણ એકીન વગર રની અકલમંદી શું કામની? જીગરની નેક બખસલત-ખાશીયત બગર મનની હોશીઆરી શું ખપની કે ખુબીની! અને દયાજ જીંદગાનીની ખુબસુરતી જાદેર થાય છે. મનની હોશીઆરી કરતાં જીગરની જવાબદારી વધારે જોખમદાર છે. મગજની મજબુતા-ઇના કરતાં હૃદયની નર્મતા વધારે પસંદ કરવા જોગ છે. અને ભતાં દુનિયાના ધંગ કંઈ ન્યારા છે. કોઇને તે પ્યારા છે કોઇને તે અકારા છે. જીંદગાનીથી જે ઓદ્યવા નદી વહી રહી છે તેની બંને બાજુની જમીન ગોયા કર્મના કાંતાઓથી મુંચવાઇ ગઇ છે. જીંદગાનીની તે નદીના પાણી કંઈ તદ્દન સ્વચ્છ કે શાંત માલમ પડતાં નથી. તનો રોદ કેટલો જોરાવર છે, અને તેમાં દરેક જણા દરેક રીતે માત્ર ધસડાયાજ કરે તો પડી એવા ધસાડામાંજ જીંદગાની ઉપર નકી સમજી રાકાય એવો બોજો પડે અને પરીણામમાં પત્તાની જીંદગીને વધારે શોભાયમાન, ખુબસુરત કે ખુશીયતી બનાવવાનું કાર્ય વ્યર્થ જાય.

આપણે એક વેદવાર દાખલો લઇએ. જેમ કે એક આસામીને રાય અથવા ખપનો રોગ લાગુ પડયો હોય તેનું હૃદય ગોયા રાતને દહાડો ધસાતુ અને કોતરાતું જાય તેમ કોઇના દીલમાં દુઃખ કે દરકારીએ મજબુત વાસો કીધો હોય તો તે તેનું મન ચકમક કરે અને તેનુ ઝગર બધુ કોતરાઇ કોતરાઇ જાય. પરી-ણામમાં તે આસામી દુઃખીને ગમગીન થઇ પડે. પણ હવે ધારો કે ખપના રોગથી પીડાતો પેલો આસામી શોદરની ગીચ વસતીથી દુર થઇ કોઇ શાંત પહાડો વાલાં એકાંત મુકામ ઉપર જઇને વાસો કરે અને ત્યાંની સુધી ને સુંદર આબો હવાનો લાભ લે તો પરી-ણામમાં તેનું દુઃખ ઓછું થયું થયું નાબુદ થાય અને શરીરને આરામ થાય તેજ પ્રમાણે જોજો જીંદગીમાં દુઃખ કે દલગીરીથી કંટાલી ગયાં હોય તેઓ લે પોતાની આસપાસ ખુદા કે કુદરતની રજીયાતમાં સર્વ સારૂજ જોય અને ખુદાના કાયદામાં સંપુર્ણ વિશ્વાસ રાખવાની કળા હાથ આવે તો પછી દુઃખ અને દલ-ગીરીના ચિન્હોથી તે નીરાશો થાય અને પોતાની અંદરથી દુઃખ કે દલગીરી આફત કે ચિંતાના ભય-ભીત બીઆંઓ નાબુદ કરી ખુશાળી, સુખ અને સુંદરતાના ઝરણો પોતાની આસપાસ ફેંકવા કે ફેલા-વવાને તે સામર્થવાન થાય. એ કળા આપણે હાથ આવીજ જોઇએ. દુઃખ, દુઃખને દુઃખના પોકારથી દુનિયા ગોયા દીવાની બની ગઇ છે. સુખ સુખને સુખના સઘુનેયીજ હવે દુનિયાની હાદ લેવી જોઇએ. અફસોસ સુખ અને દુઃખ, દલગીરી કે ખુશાલીની વચ્ચે માનવીને હરદમ જીવવાનું છે. એ એક બીજા વગરનું જીવેલું એકલ કે ફોકટ છે, અને આવી જનની સામ સામા પ્રકારની લાગણીઓ વચ્ચેથી નીરંતર લડતમાંજ જીંદગીની જીવ આવીને અથડી છે. મનુ-ષ્ય સીરાયે કુદરતમાં કે બાદી કોઇની પેદાયશ જીંદગાનીમાં જીવવાની કળા ધરાવનાને સામર્થવાન નથી. ખરી હકી-કતમાં અફસોસનાં કુદરતની બની પેદાયશો પોતાની મુકરર કાર્યોથી હરમાં પોતાની જીંદગાનીનો જીવનગાળો ગુજારે છે. માબુમની પેદાયશમાં એવી છે કે જેવી જીંદગાની વહેતો તમામ આજર તેના પોતાનેજ ઝર રહેલો છે. અને લાંજ જીંદગાનીમાં જીવવાની કળા હાથ ધરવાની જરૂર છે. "જીંદગી"એ એક એવો બોલકો શબ્દ છે અને વળી તેમાં "જીવવાની કળા" એ બોલથી બધી તો જીવતી બાગતી ગોયા કોઇ છે કે ખરી પ્રીક્ષકુરીમાં જેની કંઈ સરખાતણી નથી કે જેનો કશો અંતભી નથી. "જીવવું" એ તો સહે કોઇની સરજતે સમયાપવું છે પણ કર્યું જીવવું અને કેમ જીવવું એજ મહાત્મારત સવાલો ઘણે પડે છે. એ સવાલોના જવાબો આપવા કંઈ મેલવું કામ નથી. એ સવાલોના જવાબો આપવા તે ગોયા જીંદગી ભરની મંજલની રંજ ખેંચવા કે એડવા બરોબર છે. "ભલા થવું અને ભલું કરવું" એજ માનવીની જીંદગાનીની ચાવી છે; પણ જુદાં જુદાં આસામીઓ તેજ ચાવીના જુદી જુદી રીતે ઉઘોકર કરે છે. એકને માટે જે ચીજ સારી તે બીજાને ભારી થઇ પડે છે અને જે ચીજ એકને માટે અકારી તે બીજાને પ્યારી થઇ પડે છે. તે સઘળી જુદાઇ વચ્ચે સમતોલપણું સાચવી જીંદગીની પ્રભાતને પ્રકાશીત કરવી એમાજ આત્માનો આનંદ છે. એમાજ મિનોર્ષ મોજ છે. એમાજ જીંદગીની ખરી ખુબી અને ખુબસુરતી છે. તમારામાં ને તેવી કંઈ ખુબી કે ખુબસુરતી હોય તો તેમાં વધારો કરી કર દીન તેને ખીલવવામાં ઓ વ્હાલા વાંચકો પ્રભાતના પ્રકાશનો ઉપયોગ કરશો!

દુરબીનમાંથી બહાર
અને
દર્શને દુનિયા.

લડતાં લશ્કરમાં દારૂનો ઉપયોગ.

નામદાર બ્રીટીશ સરકારની આબકારી નીતી કેવા પ્રકારની છે તે તકરાર બાજુએ મુકી-ગીણા મહીનામાં આપણા ભલા બાદશાહ નામવર રાજા જ્યોર્જનો દીલાવર દાખલો "દારૂ"ના સબંધમાં જાહેરમાં આવ્યો છે તે ખરેખરો વખાણવા લાયકજ છે. હમના જે કમનસીબ સંજોગો વચ્ચે યુરોપની ભુમી ઉપર ભયંકર લડાઈ ચાલી રહી છે તેમાં ભાગ લેતા સીપાહોમાંથી દારૂની બદી દુર થાય તેના સંબંધમાં જુદા જુદા રાજ્યો ઘણી તરેહની યોજના રચે છે. અને "રસીયન" લશ્કરમાંથી દારૂનો ઉપયોગ નાબુદ કરવાનુ ફરમાન જાહેરમાં પણ આપ્યું છે. આપણા બ્રીટીશ લશ્કરને નામદાર હોર્ડ કીચનરે ઘણીજ કીમતી સલાહ આપી છે કે દારૂથી નીરાળા રેહવું; પણ સહુથી વધારે સરસ તો ફ્રેંચ જ્યોર્જે પોતેજ દાખલો બેસાડ્યો છે કે પોતાના ધરમા તેમજ બાહેર દારૂનો ત્યાગ. ઉપયોગ કરવો નહી અને એ દાખલો લઇ લશ્કરમાંથી દારૂની બદી જો દુર થાય તો તે કામમાં રહાય થવાની પોતાની મરજી જાહેર કરી છે.

દારૂની બદી ઉપર વિવેચન કરવાની કંઈજ જરૂર નથી. એ જીવલેન ઝેરથી કેવી ખાના ખરાબી થાય છે તેની ઉપર કંઈજ સરેહની જરૂર નથી. એ દારૂની બદીથી લશ્કરમાં કેવી બીમારી પેદા થાય છે અને લશ્કરનો સામન્ય બાંધો કેવો નબળો પડી જાય છે તે સઘળુ ધ્યાનમાં લઇને નામદાર જ્યોર્જ જે ફરમાન જાહેર પાડ્યું છે તેની ઉપર વેદ્ધવાર અમેલ થાય તો કેવું સારૂ!

અથોરનાન મંડળ.

જરથોસ્તી તોલાની બુલંદીનો આધાર તેના ધર્મ-ગુરૂઓની ઉપર છે અને તેઓની બેહતરીનો સવાલ પારસી કોમમાં એટલી બધી વાર ચરચાઇને ચવાઈ ગયો છે કે હવે તો કંઇ વેદ્ધવાર ઉપાયો યોજી આ ગરીબ બીચારા હીનાતા અફલાતા "અંધેરાઓ"ની હાલત તમામ રીતે સુધારવા સમારવાનો મુસ્કેલ સવાલનો જેમ બને તેમ જલદી નીવેડો લાવવાની જરૂર છે. અને અમો જાણીને ખુશી છઇયે કે ગયા એપ્રીલ માસમાં એક નવા મંડળની સરઆત થઇ છે જેને "અથોરનાન મંડળ"નુ ટુંકુ પણ ભપકાભર્યું નામ આપવામાં આવ્યું છે. જેટલુ નામ ભપકાભર્યું છે તેટલુ તેનું કામબી ધરખમ થાય એવી અમારી ઉમેદ છે તે પાર પડશે? કે રખેને જેટલુ તેનુ ટુંકુ નામ છે તેટલી ટુંકી હયાતીમાં તે ખતમ થશે! ખુદા કરેને હવે કંઇ જરથોસ્તી કોમમાં સંપ રાજ્ય કરે અને ધારેલાં મુસલધીમ કામો કોમની ઉન્નતીને માટે પાર પડે. "અંધેર"નો દરજ્જો કેટલો ગોરો છે-ધર્મગુરૂની બદી કેટલી બુલંદ છે અને દસતુરનો ઓધો કેટલો મોતેબર છે તે આપણે સર્વ જાણીયે છીયે. તે આપણે "જાણીયે છીયે." પણ "માણીયે છીયે" કે? આજ કાલ કરીબને અજાન અંધેરાઓ બીચારા અજ્ઞાનપણાના અંધેકારમાં કેવાં ગોથાં ખાય છે, આજે મોજેદીની મરવન રાખનારા બેહદીનો કયાં છે?

દસતુરોનો દરજ્જો સાચવનારા દીનદારો આજે કયાં છે? સહુ ડીંડા ડીક છે.

બેહદીનો અને મોબેદોની બેડીયોજ પારસી જરથોસ્તી કોમ તકી રહી છે અને રહેશે.

બન્નેને એક બીજા ઉપર આધાર અને આસરો છે પણ કેટલો કમનસીબીભર્યો આ સવાલ છે કે મોબેદ પોતાની અભન અને ગરીબ હાલતમાં બેહદીનોથી દીનાય છે અને બેહદીનો શીખેલા વધેલા અને સાચ્ચા ધાર્મિક ધર્મગુરૂઓની રાહબરી વગર રાતને દહાડો કેવા તવરે છે અને હેરાન હેરાન થાય છે. તમો જાણો છો કે ખુદ "મોબેદો તોળા"માં કેવી અને કેટલી મતફેરીઓ આજેબી ૨૦ મી સદીના કેલવાયલા જમાનામાં મોજુદ છે.

બગરીયાઓ અને કદરીયાઓ અને મીનોચેહર હોમઝનાઓ અને કલાના ચીનાઓ વચ્ચે "હક"ની લડત અને કાર્યા કામોની મગતભરી મતફેરી અફસોસ કે આજેબી મોજુદ છે. "અર્યોરનાન મંડળ" શું કરી બતાવે છે તેજ હવે જોવાનું રહ્યું છે.

એપ્રીલ મહીનામાં અત્રે બે મંડળોની સ્થાપના થઇ. એક તો ઉપર કહેલું "અર્યોરનાન મંડળ" અને બીજું તો આપણા શેહરના કેટલા ઉભરી પારસીઓની બાહેધરી હેઠળ જન્મ પામેલું એક નવું મંડળ નામે "ગુડ લાયફ લીગ." નામના ત્રણે અક્ષરો ધ્યાનમાં? પણ તેના દેશી કામ દ્વારા "ધ્યાનમાં" કામ કરી બતાવશે કે?

"ગુડ લાયફ લીગ."

આ પુર્વથી ઉપર જણાતા શેહરોમાં ઘણા ઘણાબી ઉભરાઇ જતા મંડળો છે તેમાં વળી એકનો નવો વધારો! આપણે તેઓના કાર્યને પ્રતેહ ધ્યાનીશું અને જોઓ "બેડ લાયફ લીગ" કરતા હોય તેઓને "ગુડ લાયફ લીગ"ના ઇચ્છીશું પોતાનું કે દુનિયામાં ભાઇચારો, ખરી અને ખુશીવતી ભાઇચારીના વધારો થાય અને પોતાની મમત અને મતફેરીમાં લોહેા જીંદગી ગુજરે છે તેમાં કંઇ ઘટાડો થાય. "ગુડ લાયફ લીગ"ની નેમો તો ઘણીજ ભલી ને સારી છે પણ તેને પાલનારાઓ અને પ્રગટ કરનારાઓ જો દરરોજ જેટલા "બોલે" ભલા છે તેટલા વરતણે "ભલા" થાય તો પછી આ દુનિયા જે "દોજખનુ ધામ" કહેવાય છે તે "બેહસ્તના બાગ"માં બદલાઇ જાય.

"ગુડ લાયફ લીગ"ની નેમો અને મકસદો અને તેના સ્થાપકોના અને કરતા કારવતાઓના નામો અમોએ અથે વાર વાંચ્યાં છે અને અમો જો ભુલતા નહી હોઇએ તો જગ જાહેર થીઓસોફીકલ સોસાયટીની નેમોનો આધારજ અને થીયોસોફીના સુંદર સાહીત્યમાં શીખવવામાં આવેલી જીંદગી સુધારવાની રીતીબોજ આ ભલા ભાઇઓએ ઓખત્યાર કીધી છે. એના સ્થાપકોના મુખારક નામોમાં થીઓસોફીકલ સોસા યટીના એક વેળાના કે હાલના સબળા સભાસદોજ આપણને જણાઇ આવે છે. અને જાહેર પ્રજા આગલ આ વાત છુપાવવાની જરૂર નથી કે આ સબળા ભલા અને નેક નીશતાના સાહેબો પોતાનીજ હકુમત થીઓસોફીકલ સોસાયટીની અત્રેની શાખા "બ્લેવાટ સકી લોજ"માં કમનસીબે મુકરર કરી શકયા નહી અને થોડા મહીનાની વાત ઉપર તેની એક સામન્ય સભા બોલાવીને જાહેર ચાલી ગયા પછી થીયોસોફીનાજ જોર અને જેહનથી આ નવું મંડળ સ્થાપ્યું છે તો તેઓ સબળાને આપણે મુખારકબાદી આપીશું અને એટલુંજ ધ્યાનીશું કે એ "ગુડ લાયફ લીગ" ખરેખરીજ "ગુડ" નીવડે. આ પૃથ્વીના પડદા ઉપર કેળવણીનો કેટલો બધો પ્રચાર થયા છતાં સામન્ય આમ લોકમાં હજી ઘણા પ્રકારનુ અજ્ઞાનપણું જણાય છે જેના પરીણામમાં ભલી જીંદગી કેમ ગુજારવી તેના સામન્ય બ્યાનથી તેઓ હજી બેનસીબ છે તેવાઓની આગલ "ગુડ લાયફ લીગ"ના "લીડરો" કંઇ પોતાનું પાણી બજ્જાવી બતાવશે તો અમો ધારીએ છીએકે તેઓ કંઇ ઉપયોગી કામ કીધેલું કહેવાશે બાકી કંઇ વાયલા સબમસો આગલજ કેળવણીની વાતો કરવી અને જોઓ પોતાનું ચારીત્ર ચણી શકવાને માટે બીજા મંડળોને આભારી છે તેઓની આગલ ચારીત્ર સુધાર-

વાની વાતો કરવી તે ભરેલા કુવામાં પાણી ભરવા જેવું છે. કેળવણી છતાં આજે હંકારની ધુંધમાં આપણી આસપાસ કેટલી ખાનાખરાબી, બદબોઇ નીંદા ને નાલેસી ચાલી રહી છે. કેહવાતા શ્રીમંત વર્ગનો સડેલો સંસાર આજે કેવી હલકી પંકતી ઉપર ઉતરી પડયો છે. પોશાકના એંચાનકારક તત્વ હેઠળ અનીતી અને એમટલમાલપણું કેવું ઘેર ઘાલી બેઠું છે તે વિગેરે બાબતોની ઉપર જ્યારે આપણે મનન કરવા બેસીયે છીયે ત્યારે આપણે હાઇ અફસોસજ છુટે છે અને ઉમેદનો એક ઉદગાર એવો બાહેર પડે છે કે "ભલી જીંદગી"ની ઝગડતી ભલાઇ ફેલાવવાનું કામ કેટલું બધુ પુણ્યવંતુ છે, અને આજેની ભલા વ્યવહારમાં અને ભલું કરવામાં કેટલું મુખ આપી શકાય છે. "ગુડ લાઇફ લીગ"ના સુંદર નામ હેઠળ સંગીન કામ કરવાનું છે; માત્ર પોતાનીજ મતલબના વિચારો ફેલાવવા બીરદા ભાડે લઇ દર સાંજના મહનારાઓજ વચ્ચે ભલી પોતાની ભાની લીધેલી અને પોતે જે જીંદગી ગુજારે છે તેજ "ભલી જીંદગી" છે એવા અનુમાનથી વર્તનારાઓએ જરા આંખ ખોલીને જોવું જોઇયે કે દુનિયા કેટલી બોહલી અને પોહલી છે અને મતમતાંતર માણસોની લાગણીઓ વચ્ચે થતી વૃદ્ધિનો ખ્યાલ કરી પોતાથી વીરૂધ્ધ મત ધરાવનારાઓથી પોતાનેથી તેટલીજ હદમાં ભલા ગણી શકે એ સંભવિત છે અને તેવી ભલતના વિરૂધ મતની પણ ભલી જીંદગી ગુજારનારા "ગુડ લાઇફ લીગ"ના "લીડરો" કરતાં હજાર દરજ્જે બેહતર, જ્ઞાની અને દાનેશમંદ સ્ત્રી-પુરૂષો આ ચોખંડ દુનિયામાં પડયાં છે તેથી ભુલી જવું જોઇયું નથી. "ગુડ લાઇફ લીગ"ની સ્થાપનાનું મુલજ જો "ગુડ લાઇફ" હોય તો પછી અમારે કંઇ બોલવું નથી પણ અમોએ ઉપર કહ્યું તેમ તે જો "મમત અને મતફેરીનુંજ પરીણામ" હોય અને પોતાનાજ અહંકાર અને અભીમાનને સર્વોપરી આપવાનું જો તેમાં કંઇ ભાન હોય તો પછી એક દાનાવના સમુદેશમાં એક સંતોષકારક સલાહ અમો આપીયું કે:—

"Your goodness is of no use to you if you are not good to *others*."

ગઈ તે ગઈ.

સ્થનાર:—"ફકીર"

સુનો મુજ અંધની અરજી, રહેયે દીલ સદા કરજી
લાવો ગઇ તેણી કયાં? દરશન લેવા થઇ મરજી
રમી ચોહા દીન મુજ સાથ, રાખી મે માહરી બાથ
કરી રડતો કાં ગઇ ચાલી, બજુ છું તેણીનો હું પાહ
ચલાવતી ચાલ લટકાલી, બની બાળણ હું બાળી
હાય! કરમાયુ જોબન તેણીનું, દીસે દુન્યાં બધી ખાલી
કયાં હું હું? કયાં ખોળું? કયાં પુછું? કયાં ખોલું?
અરે! ગઇ તેણી બીજી સાથ, રડતાં હાથ હવે ચોળું
ફકીર બનાવી ગઇ-તે-ગઇ, ન પાછી આવવાની રહી
દગો દઇ જેવી ચાલી ગઇ, જુવાની ગઇ જુવાની ગઇ

જયસી ચાલ બાથોડી, વયસી જુવાની હય
ભર કટોરા, ગર પીયા, તો ફકીર લા શાની હય;

તાબેદારી.

લખનાર :—ખી. જાંહગીર દારાશા દુંગાજી.

તાબેદારી એ એક ખુદા તરફની આદમ જાતને ઉમદા બક્ષેસ છે, જે વડે સામા વધુનું માન અથવા ઓદ આપણે ખેંચી સકવાને નશીબવાન થઇએ છીએ. ઘણા એક શીક્ષસુદ્રો તેમજ લેખનપુઆએ પોતાની કલમનાં જોરે યા બેજાંની શક્તીથી તાબેદારીને એક આશીરવાદ સમાન લેખી ગયા છે. અને તેઓનાં લખાણ ઉપરથી પણ માલમ પડે છે કે તાબેદારી આ દુન્યાનો મુખ્ય પાયો છે. તાબેદારી ઉપર કાંઇ એક પુસ્તકો રચાયાં છે તથા એ ઉપર આજ સુધી ઘણું બોલાયું છે. તો પણ આપણે હજી તુલીક તેની ખરી ખુબી પીછાનવાને બે નસીબ રહ્યા છીયે.

આપણે સારી રવેશે જાણીયે છીયે કે આ દુન્યા તાબેદારી વગર ચાલી શકતી નથી, યાને આપણે જ્યાં પણ જોઇયું ત્યાં સર્વત્રે તાબેદારીજ છે. એક ચાકર શેઠને, શેઠ કતાવાલાઓને, સતાવાલાઓ સરકારને એમ સર્વ જણાં પોત પોતાનાં વધાને તાબે રહે છે. આ ઉપરથી માલમ પડે છે કે આ દુન્યાનો મુખ્ય પાયો તાબેદારી ઉપરજ રચાયેલો છે.

હવે તમો નજર કરો કે એક લશકર પોતાના વધાને કેવું તાબે રહે છે! અને જો લડાઇનાં ખુનખાર મેદાનમાં તે લશકરનો વડો કાંઇ ઓટો દુકમ પોતાનાં લશકરને આપે છે, તો પણ તેવા બારીક સમયથી તે લશકર પોતાના વધાને તાબે રહી તેના ઓટા દુકમને માન આપી પોતાની અમુલ્ય જીંદગીને લડાઇનાં મેદાન તરફ ઓપલાવે છે: અને તેવા સમયે મોહતનો કરો પણ ડર ન રાખતાં પોતાનાં વધાને તાબે રહી પોતાના પ્રીમતી જાનનો નાશ કરે છે, અને આવા ઓટા દુકમથી એક નહીં પણ એવા સેંકડો વીરદોષ જીવડાઓ માર્યા ગયા છે, આ તે ખરી તાબેદારી કહેવાય!

એ વીષેનો ખાસ સદો આજે આપલું ધ્યાન ઓચી રહ્યો છે અને તે ઇંગ્લાંડની તવારીખમાં જોવાતા દરેકે લખાયલો "Charge of the Light Brigade" નામે ઓળખાતો છે, તેમાં તે લશકરનો સરદાર પોતાનાં લશકરને તોપોનાં મોંદ્ર બણી ધસી જવાનો દુકમ આપે છે. અને તે ૬૭૦ બાદુર લડવૈયાઓ તેનાં ફરમાનને તાબે રહી તે પ્રમાણે ધસી જાય છે. અને આખરે માત્ર ૧૬૦ આદમી આ બાકી જેહાંન જોવા પામે છે જ્યારે બાકીનાંઓ પોતાનું નામ આ જેહાંનમાં તાબેદારીને સારૂ અમર કરી ગયા છે.

આપણે એ વીષેનું બ્યાન ઇરાનની તવારીખમાંથી પણ કાંઇક મેલવી શકયે છીયે અને ત્યાં પણ તાબેદારીને સારૂ એક ઉમદા દાખલો આપણી નજરે પડે છે; જે વીષે કયો જરથોસ્તી અંજાણ હશે?

સ્યાવક્ષ કે જે ઇરાનના પાદશાહ કેકાઉસનો બેટો હતો તેને એક દીન પોતાના બાપ સાથ ચોકસ બાબદ સર તકરાર થવાથી પોતાના આપના દુકમનોને અનાદર કરી અને તેની દરબાર છોડી તુરાન દેસનાં પાદશાહ અફરાસ્યાબ પાસ તે ચાલી ગયો. અને ત્યા થોડોક વખત બાદ તે અફરાસ્યાબની દીકરી સાથ લગનના ગાંઠથી જોડાયો; પણ કુંક વખતમાં અફરાસ્યાબનો કોપ તેની પર ઉતરયો અને આખરે તે પાદશાહે તેને બરદન મરાવ્યો. મરતી વખતે તે બોલ્યો કે "જો હું મારા પેદરને તાબે રહ્યો હતે તો આજે મારી એવી દશા થતે નહિ" પણ અફસોસ કે એ પ્રશ્ચાતાપ બહુ મોડો હતો.

આથી આપણને માલમ પડે છે જે કેટલાક શખ્સો તાબેદારીનાં લીધે અમર થઇ ગયા છે કેટલાકોએ તાબેદારી સારૂ પોતાનો જાન પણ કુરબાન કરયો છે; અને જ્યારે કેટલાકો તાબેદારીનો અનાદર કરવાથી દુખી પણ થયા છે કે જે વીષેનો મજબુત પુરાવો આપણે સ્યાવક્ષનાં દાખલામાં પુરવાર કરી ગયા છીએ.

આ ઉપરથી એમ નહી સમજવું જે તાબેદારી માત્ર ગરીબોને સારૂજ સરનામેલી છે, પણ એથી ઉલટું તાબેદારી ગરીબો તેમજ તવંગરને માટે રચાયલી છે. કદાચ કોઇ તવંગર પોતાના પૈસાનાં જોરે ગરીબોને તાબે રાખી શકશે; પણ તેજ તવંગર સરકારને તાબે છે, એમ પણ ભુલવું નહિ. આથી આપણે જોઇયે છીયે જે આ બાકી જેહાંનમાં સર્વથી પહેલી અને સર્વોથી ઓગત્યની ચીજ જો કાંઇ પણ હોય તો તે "તાબેદારી" છે.

સરજતનાં સાંકળ

યાને

મોત અને માફી

(એક પારસી સંસારી ચાલુ વાર્તા)

લખનારઃ—'રફીક'

પ્રકરણ ૧૪ મું.

જમશેદજી શેઠનો મિલ્લસ આજે કમનસીબે બર બેસાઇ હતો.

તેઓમીનાને પોતાની માયને મળવા જવા દેવાની આયાની લુચ્ચાઇ તેવણને કાંઇ પસગવટ માલમ પડી આવી હતી, કેમ તે અમને ખબર નથી. તે બંન્ને મા દીકરીને મેળવવામાં ફિરોજે જે ભાગ ભજાવ્યો હતો તેનીથી તેવણને જાણ થઇ હતી અને હળુથી ફિરોજે તેણીની 'કાઢી મુકેલી' બૈરીનો પીછો નહીં છોડયો હતો તે વાતથી તેવણ બહુજ છેડાયા હતા; એમ કાંય? કમનસીબ સંજોગે વાજબી યા ગેરવાજબી અબખે વિખુટી પડેલી માયને તેનાં પેટનાં બચ્ચાં મળે તો તે તેમાં તેમના બાપોને ઓટલો વાંધો કાંય? એ ફકત આપણે વારતાઓ માંજ નહીં પણ આપણા ખુદ જીવતા જાગતા સંસારમાં આપણે ડગલે ને પગલે જોયેજ છીયે.

તેહેમીને તેની માય સાથે ભવિષ્યમાં મળતી અટકાવવાને તેવણે શું ઉપાય લીધા હતા અને શું લેવા ધારતા હતા તે આપણને જણાયું નથી, પણ એટલું ખરૂં કે આયા જે વખતે રડતી રડતી કુરમાં જવા પોતાના ગાંસડા પોટલા બાંધતી હતી તેજ વખતે બેહેલાકાકા જમશેદજીને મળવા તેવણને બંગલે આવી ઉભા હતા.

બેહેલા કાકાને જોતાંજ જમશેદજીનો ચહેરો ચીડનો માર્યો કઠોર થઇ ગયો અને તેવણ તેની સામે જરાં ચઢાવી ઉભા.

"બેહેરામજી તમે શું કામ આયાજી તે હું જાણતો નથી-તે છતાં જે કહેવું હોય તે હુંકમાં પટાવી ચાલતા થાઓ, કેમકે મને હાલ કામ ઘણું છે."

બેહેલા કાકા આમ કહેવાથી બીચારા અકરવકરમાં પડી પાણી પાણી થઇ ગયા અને ત્યાંથી મુગા મુગા પોબારા ગણી ચાલવું' તેવણને ઘણું' મન થયું પણ, નહીં, જે વાત તેવણ કહેવા ત્યાં આવ્યા હતા તે તમામ પુરેપુરી કહ્યા સિવાય ત્યાંથી બાહાર નીકળવું નહીં એવો પક્કો ઇરાદા કરીનેજ તેવણ ત્યાં આવ્યા હતા.

જમશેદજીને બેહેલા કાકા તરફ એક નોકર તરીકે માન હતું. બેહેલા કાકા એક નોકર હતા પણ બીજા નોકરોની કીસમના નોકર નહીં હતા એટલે તેવણે તેને બેસવા એક ખુરસી બતાવી અને પોતે એક સોફા પર બેઠા.

તેની લગભગ સામેજ જમશેદજીએ બનાવેલી ખુરસીની છેક કોર પર પોતાના બે પગને ગુંચવણ આગળથી ભીડી તેવણ બે પગના એક બાંયામાં પોતાના બેઉ હાથની મુઠ્ઠી ઢાબી બહાં ઢહાની બેઠા અને મનમાં યથા અષેમ ભણી વાત શરૂ કરીબો જરા પેહેલે લહાવા પણ પછી તેવણને હીંમત જે આવી તે જાણે "પંજાબ મેલ" છુટો!

તે વાતજ એવી હતી કે જમશેદજીએ મોંહ ફાડીને તે સાંભળી.

વાત પુરી થઇ અને જાણે પોતાનું કામધંધો પુરું થયું હોય તેમ બેહેલા કાકા પોતાની ખુરસી જરા દુર ખસાડી જરા ફરાગાતથી બેઠા.

થોડીક વાર બન્ને ચુપજ બેસી રહ્યા. તે ઓરડાની જમણીબાજુ ગોઠવેલી એક સાદડીબેઠ પર મુકેલાં મારબલના ઘડીયાલની ટીકટીક સિવાય બીજો કશો અવાજ ત્યાં સંભલાતો નહતો.

જમશેદજીને તેમના વિચારમાંથી જાગૃત કરવા બેહેલા કાકાએ એક ખંખાર માર્યો અને બેહેલા કાકાની ક્રોસ એકઝામીનેશન શરૂ થઇ.

"તમે પ્રીરોજશાહનીજ નોકરીમાં હજુન છેવોની?"

"જી હા, મારા મુરબ્બી"

"ત્યારે મારી આગળ જે હમણાં તમે વાત કીધી તે તમે તમારા શેઠને જણાવીજ કે?"

"હજુન નથી કેહી મારા મુરબ્બી."

"જુવોની બેહેલા કાકા–અરે બેરામજી એ તમારી મુરબ્બી અને મુરબ્બો તમારા શેઠને વરે રહેવા દઇ મારી સાથે સીધી વાત કરો; એમ તમે બેંગા મેંગા મારી આગળ થશો તેથી તમે જે મને બધું કહેવા નીકળ્યાજ તે હું માની દેવસકે?"

"વારૂજી"

"તમે બગાઉ તમારા શેઠની એવી કાંઇ ખાનગી વાતની બબુબેહ કીધી'તી કે?"

"નહીંજી"

"હું કેમ માનું કે તમુને એવી ચાવાચીવીની ટેવ નથી"

"હું હોંગનપર કેહુંજ, મુર–અરે–સાહેબ."

"ત્યારે આજજ વાત તમે કેમ સાંભળી?" વાં જરા આપણા બેહેલા કાકા શરમાઇને લાલચોળ થઇ ગયા.

"તે–સાહેબ–છે તે–કરીને–સાહેબ—"

"જુવો બેરામજી; મારી આગળ બધું હું જે પુછું તે છે–તે–છે–તે કર્યા વગર બરાબર કેહેવા નહીં તો હું તમુને અંહીંથી રસ્તો પકડાવસ"

"નહીં, સાહેબ–આપ તમારી ને તમારાં–કીરીનબાઇ વચ્ચેની પંચાતની મને થોડીક અડચની ખબર પડીને—"

"તે તમારી જીજ્ઞાસા ઉશ્કેરાઇ, એમજ કેની?"

"હાજી, બરાબર."

"વારૂ ત્યારે તમારા શેઠને પેલી વચ્ચેની વાર વાર થયલી મુલાકાતોની સાબેની આપવા તમુને તો મારા એક સાક્ષી દાખલ ઓલાવેલા કેની?"

"હાજી."

"તે તમે કોર્ટમાં સાક્ષી આપેલી કેની?"

"હાજી,"

"ત્યારે આવે વાતે કહેવા તે વખને તમે ક્યાં બાઇ સુતાંતા?"

"તે જુવો હાએસ, મને મારા હેહના વિચાર પહેલે આવે કેની? હવે કીરીનબાઇ જે મારા હેહને મલેલાં ને મેં હેહનાંજ બારણા આગળ વાત હાંભરેલી તે વખને મારા હેહના વીચાર હું ઉતા તે મેં હાંભરી લીધેલા ને જો કે બાઇએ તો તે વિચાર જણાતાં છતી ઉંચકેલી પણ, હેહ, આપરે ગરીબ મનીખની અકકલ કેટલી? ઉં એમ હમજેલો કે કીરીનબાઇ છુટાં થહે તો કદાચ—"

"હા, બોલો બોલો–આગળ બોલો."

"નીહ હાએસ મારી જીભલીજ નીહ ઉપરતી તે!"

"ત્યારે હમણાં કાંઇ પુડી નીકર્યા?"

"તે મારી બેહેને મને કીહેલું—"

અને ત્યાં બેરામજી પોતે બોલતાં પ્રમી જતા હોય તેમ અટકાને ઉભા, કેમકે કીરીનને કરીદામ બાકામાં તેમનો હાથ હતો એમ જમશેદજી જાણીને રખે ચીરકાઇ પડે તેની તેવચુને ધાસ્તી લાગી.

"તમારી બેહેન? તમારી બેહેનની વજા છે કે?"

"હારેજી, મારી બેહેન જહાં રહેજ કેની તાંજ કેટાં બાઇ રહેતાં છે તે કાંઇ મારી બેન તેવચુને બગી હોસે તે કહેનીતી કે બીમારી કીરીનબાઇના હાલ અવતાર પરી ગીયાજને બામારી રાતને દાહારો દરદ ઉછને—"

"કાંય ? તવળેજ કાંય ? ફીરોજશાતો તેને બળેજ ઓરેજ ને એમ કેમ? વારૂં એ જ્યાં રહેજ તે જ્યા તમારા શેઠેજ અપાવીને તાંઢા રાખી કેની!?"

"નીરે હાશ, તેવણુનેતો પ્હેલું મેંજ કેહું તારે તેવણુને આપવું કેઠાણું માલમ—

"આય તમે ખરેજ કેહોજ? કાંય જુદા થયને જુદું ઓસેજ, ઓરાંમઠા?"

"હોવેરા હાશ આય જુવેા" એમ કહી ઠાક દઇને ઉભા થય એક હાથે કરતી પકડી અને બીજે હાથે દમલા અને બત્તીવાનનાં ઉપરનાં બટન છોડી નાંખી સદરાનું ગેરેબાન હાથમાં પકડીને ઉભા.

"ત્યારે, તમે તે બેઉના પેલા મેલાપની વાત કેહી તે સાચીજ છે? પેલીએ તમારા શેઠને તુચ્છકારી કાઢયેા'તેા એ ખરૂં છે?"

"બોલે બોલ ખરૂં—કેહેા તેા જંદવરતાની ચેપરી હોયને કેહું."

"નહીં, હમણાં નહીં, પણ હું જેની આગળ તમેાને લઇ જાઉં તેની આગળ તમે સોગંદ પર કહેશેા?"

"જી હા,"

"ને તે તમારૂં આય કહેવું બહું લખી લઇ તમારી સહી માંગશે તેા તમે આપશેા?"

"બરાબર આપસ, કાંય નહી હાયેજ?"

જમશેદજી હવે વિચારમાં પડયા; એટલેા બધેા વખત તેવણુ શાંત બેઠા કે બેહેલા કાકાને ત્યાં એક હાથમાં ગેરેબાન અને બીજા હાથમાં કરતી જેમ તેવણુ પકડીને ઉભા હતા તેમ ઉભુંજ રહેવું કે ચાલી જવું તે તેવણુને સુઝ પડયું નહીં.

"બેહેલા કાકા, આય બધું તમે ખરેજ કેહેાજ?"

"મુરબ્બી, આય હું તે જાણેાજ કે?" કરી પેલા ને હાથેા રેકાયલા તેવણે બતાવ્યા "બેહેલાકાકાને તમે તારે ઓરખ્યેા નહીં મુરબ્બી-તેને ખરે ભરેાસેા કરે કેની તેા કસ્તીને તે જુદેા હાથ ની લગારે, મુરબ્બી."

ત્યાં જમશેદજી ઉઠયા ને લીફવાલાં દુલ્લકપેનેા એક લાવ લાવ્યા અને તે તેજલપર મુકી ત્યાં ગાદીનેા બાજેા અને સ્ટીલ પેન બ્હોદીમ ઝેા બેહરની ત્યાં બેહેલાકાકાને બેલાવ્યા.

"જોવ જોવેા તમે મને જે કહું તે બરાબર લખી કાઢી તમારી સહી કરેા જોવ"

"તે હેઠ મને લખતાં એવું—"

"તમે ગામ કાગળ લખેાજ કેની? તેા તેમ આય બરાબર લખેાની!"

બેહેલાકાકાએ લખવાનું શરૂ કીધું.

પ્હેલાં તેા કલમની કાંય તપાસે તેમ સ્ટીલ પેનની તેવણે તાંય તપાસીને તે સાદીમાં બોલીને લખવા બેઠા.

પા એક કલાક થયેા ને કાગળને હજી ઉપરેજ ભાગે તેવણુને કાંઇ મારતાં જોય જમશેદજી ઉઠી તેવણુની આગળ ગયા અને કાગળમાં ડોકું બોસ્યું.

"એ શું બધું આગડ ચુગડ લખ્યું? 'આય બધી દુન્યાને બ્હર પુગાડું છે કે દીરીનબધીનેા કાંઇ વાંક નથી ને જમશેદજી હેરનેાબી વાંક નથી ને મારા હેઠ દાકતર પીરોજહાનેાબી વાંક નથી ને મારેાબી વાંક નથી ને ઉઝે—"

"એ બધું શું લખેાજ? કેાઇનેા વાંક નથી ત્યારે વાંક કેાઇનેા? ને તમુને પણ પુછ્યું કેાણે કે વાંક કેાઇનેા તે શેાધી કાઢેા? અરવાયા તમે લખતા, લાવેા હું લખી કાઢું ને તે બરાબર વાંચીને તમે સહી કરજો."

"તે હાજ બાપ કરજો, પન મકુજે એમાં મને અરચણુતેા નહીંની?"

"અરચણુ? બલબત, એમાં એકબ્બી બેાલ જુદેા હોયે તેા તમુને બતબે—"

"અરે, તારે કેમ નીહ, બેાટેા હોય તેા કની?"

"હા."

"લખેા તારે બેલાહક હેઠ લખેા. લાવેા કેહેાતેા પ્હેલેજ મારી હઇ કરી દહકત મુકું? લાવેા."

"તમે અપટ છેવેા? તમે પ્હેલેથી સહી કરેાને પછી હું મારી મતલબનું લખું' તેા? તમે જોય તપાસી મેં લખ્યું છે તે બરાબર છે કે નહીં તેની ખાતરી કરીને સહી મુકજો."

"ની હાજ, તમે તેવા નીમરે-તમારીથી એમ થાયજ નીહ-તમારૂં તેવું ક્રોહીજ નીહ તે?"

"વાહ ત્યારે, હવે પટપટ ના કરતા હું લખું ત્યાં વેર મુગાજ બેસજો."

"વાહ મુરબ્બી-હવે મુરબ્બી કેહેવા હાએમ?" જમશેદજી આખરે જરા મુછમાં હસ્યા ને બેહેલા કાકાએ જોયું કે તેવણુની કરોહ થેઇ હતી, બાકી જમશેદજી એમ હસે?

આખરે તે લખવાનું કામ પુરૂં થયું અને જમશેદજી ઉઠીને બેહેલા કાકા આગળ આવ્યા અને તેવણે લખેલા ખુલાસો બેહેલા કાકાને વાંચી સંભળાવ્યો.

તે ખુલાસો કાંઇજ નહીં, પણ જેમ વાંચનારાં અત્યાર આગમજ ચેરી ગયાં હશે તેમ શીરીન અને ફ્રિરોજ વચ્ચેના પેલા યાદગાર મેળાપને લગતો હતો. તે મેળાપની વાત જમશેદની આગળ ફ્રિરોજે તેણે પહેલી મુલાકાત લીધી તે વખતે છુપાવી હતી અને મુલાકાત લીધી પાછો ફરી ત્યારે તે જમશેદજીને મળ્યો હતો ત્યારે તે મેળાપ તેણે તેવણુને જાહેર કર્યો હતો, પણ જમશેદે તે મેળાપની વાત જોડી કાઢેલી તરીકે હસી કાઢી હતી. ત્યારે બેહેલા કાકાજીજ જમશેદજીની ખાતરી થઈ કે તે મેળાપની વાત ખરીજ હતી અને શીરીને ફ્રિરોજ સાથે પરણીને એક થવાની વાત સદંતર તુચ્છકારી કાઢી હતી; ત્યારેજ જમશેદજીએ જાણ્યું કે કોઇપણ વખતે ફ્રિરોજે શીરીનનાં આંખને એક આંખણી વરીક નહીં લગાડવાનો ફ્રિરોજે શીરીન આગળ કરાર કર્યો હતો. ત્યારેજ હવે જમશેદજીની ખાતરી થઇ કે શીરીન સાચી અને તેવણુનેજ વફાદાર હતી, અને ખરેખર જો શીરીન અને ફીરોજના તે મેલાપની વાત કોઇ તેવણુના વિશ્વાસુ દોસ્તે જમશેદજીને કહી હતને તો જે બધો ગુસ્સો ઘોંટાળો થયો હતો તે નહીંજ થતે.

"ક્રમ, આય બધું જે લખ્યું છે તે ખરૂં છેની? બોલેબોલ તમે અને જે કહેવું તેજ જે લખ્યુંછેની?

"હાજી, મુરબ્બી, બરાબર છે પન પન—"

"શુ? કાંઇ રેહી ગીયુંછે કાંઇ બોલું"

"ની જી, છોતો બરાબર પન ધર્મમાં એમ લખેલાની કે હીરીનનો કાંઈ વાંક નીહ મરેને ને—"

"બસ પટપટારો. છોડો, બરાબર છે કે?"

"હાજી."

"લેવો ત્યારે હવે તમારા દસ્તકે હું લખાઉંછ તેમ લખીને તમારી સહી કરો"

એમ કહી, બેહેલાકાકાએ લખવાનું શુરૂ કર્યું.

"મુલાકાતે હાજર નાજર—લખ્યુ?"

"જી, હા,—તમે હાએલ, ધીરે ધીરે બોલતા જાઓ, હું લખસ, તમે મને મુજવા ના દોગો."

"એમ? ત્યારે આગળ ચાલો—તા૦ ૨૧ મી જુને ડા. પીરોજશા પતેલ અને બાઇ શીરીનબાઇ જમશેદજી શેઠના વચ્ચે જે મુલાકાત, ડા. ફ્રિરોજશાનાં ઘરમાં થઇ હતી તે મુલાકાતનો આય બોલેબોલ સાચો. અને ખરો હેવાલ છે. એ મેં મારા શેઠ ડા. ફ્રિરોજ શાના ઓરડાના બંધ બારણા આગલ ઉભા રહી બધી હકીકત સાંભળી હતી:—ચાલો આજની તારીખ લખો ને તમારી સહી કરો. દસકત પોતે કરીને કરજો—અરે ઉભા રેહો—સહી ના કરતા"

એટલું બોલી તેવણે ચંગ માર્યો, જેના જવાબમાં એક હમાલ આવ્યો, જેને તેવણે હુકમ કર્યો:—

"જાહો છાપખાનાવાલા પીરોજશા શેઠનું બોલાવ"

મી૦ પીરોજશા અંપું, ઔરંગઝેબ પ્રેસ તરફથી જમશેદજીની આઝીસતું છાપવાનું કામ હોવા તેવણુને ત્યાં આવતા જતા હતા અને આજે પણ તેજ કારણસર તેઓ આવેલા હતા. તેવણુ ત્યાં આવતાં જમશેદજીએ તેવણુને કહ્યું—

"જરા આય બેહેલા કાકા સહી કરેજ તે તમે જોઇ તમારી સાખ મુકાની-ચાલો સહી કરો બેહેલા કાકા" બેહેલા કાકાએ સહી કરી અને પીરોજશાએ સાખ મુકા અને ત્યાંથી તેવણુ ચાલતા થયા કે જમશેદજી અને બેહેલા કાકા, બેઉ પાછા એકલા પડયા, અને જમશેદજીએ જે કે સીધી રીતે નહીં, પણ વાત કરતાં કરતાં આડકતરી રીતે બેહેલા કાકા પાસ તેવણુની બેહેનનું મરણાંત જણી લીધું અને પછી એમ શેઠ લોકનાં બારણાં આગળ ભરાઇને કોઇની

વાત નહીં સાંભળેલી તે વિશે એક તાનું જેવું લેકચર કરી બેહેલા કાકાને તેવણે ત્યાંથી રવાના કીધા.

"અરે હાં—એમ આવો બેહેલા કાકા" બેહેલા કાકા છેક કમ્પાઉંન્ડની બહાર નીકળી ગયા પછી જમશેદજીને કાંઇ યાદ આવ્યાથી તેવણને પાછા બોલાવ્યા.

"જુવો તમે આવે કપડે મારે ત્યાં હવેથી આવતા નો, કાંઇ ગરમ ડગલો—બગલો શ્રીજે છે કેની? નો આય લેતાના શું હાલ ને પાધરી—ઉઘાડે એ બધું—"

"તે હાજા, ગરીબ મનીષ કાંથી લાવે? ને જરા એણી ગમ પેસી ગમ કાટેલું ઓહે તો પણ કાંઇ કામ કે હુય કાંઇ છે? જુવો" એમ બોલી બધે ગેળ ફરીને પોતાનો ડ્રેસ તેવણને તેણે દેખાડ્યો.

"વાર વાર, પણ જરા થોભો!" એમ કહી જમશેદજી અંદર ગયા અને જરા વારમાં પાછા આવી તેવણે બેહેલાકાકાના હાથમાં એક બંધ પરબીડું મુક્યું.

"લેવો આય-હમણા ઉઘાડતા નો ઘેરે જઇને જોજો—એમાં કાંઇ ચીઠી છે."

પણ બેહેલાકાકા એમ ઘેરે પુગેજ શાના? તેવણનો કાંઇ ઝંખ રહે?

રસ્તામાંજ તે ચીઠી ઉઘેડીને જોઇ તો તેમાંથી ચેા રૂપાની એક નોટ નીકળી—અને ત્યારેજ બેહેલા કાકાને ખાલમ પડ્યું કે જમશેદજીએ તેવણને પોતાનાં કપડાંને માટે તેઢીને જે બખાવ્યા હતા તે માત્ર ટોંગ હતા.

* * * *

બેહેલાકાકા ગયા કે જમશેદજી હાલમાં બેસી કાંઇ ખુબ વિચારમાં પડ્યા. એ વખતે તેવણનો ચહેરો બહુજ ઉદાસ હતો અને જો અમે જાણતા ન હોઇએ તો તમની આંખોમાં આંસુ હતાં, તેમ જો હોય તો તમારે ખાતરી રાખવી કે તેવણને કાંઇ ધરીજ મજબુત સાબણીએ પેર્યા હોવા જોઇએ.

હવે તેવણ પોતાના ઓરડામાં જરા ઉઘા અને જતાં જતાં એક હમાલને પુકારીને તેવણની મોટર સાયકલ વરદી કીધી, અને હાલમાંથી ઉપર પોતાના ઓરડા તરફ તેવણ જતાજ તેટલાં દારપર તેમને આવા મળી. આવા રડતી હતી અને તેની કેડપર તેઢેલા દધાને એડી હતી. આવા રડતી હતી કેમકે તે ઘણી જુની આવા હતી અને શેઠે તેણીને આજેજ રજા આપી હતી.

"આવા, તું હમણાં જાની ના, જુવોની તૈયાર કર, હું એને આહાર લઇ લઉંછ ને તું હું આઉં પછી હું કેહું તો જજે."

"વારૂજી" કરી દધાપણે સાદે આવા ગેલી અને જુવોને તૈયાર કરવા પાછી તે ઉપર ગઇ.

અને પ્રિય વાંચનાર ત્યાર પછી એક અડધા કલાકમાં તે બાપ દીકરીને લઇ શીકોને ભળતા તે મોટરકાર જેટલી ઝડપથી દોડાય તેટલી ઝડપથી દોડી.

પ્રકરણ ૧૫ મું અને છેલ્લું.

તેજ દીને જે દીને સહવારે જમશેદજી નાની તેઢીને લઇને મોટર કારમાં મજબુતમાં તરફ જવા પોતાને બંગલેથી નીકળ્યા તેજ સાંજે ચારેકને સુમારે 'એડવેકેટ ઑફ ઇંડિયા'ની આફીસ આગળથી સાંજનું તે પેપર લઇ વેચનારા પોકારેલા પોકારમાં ચારે તરફ પોતપોતાની કાપી લઇ દોડતા નીકળ્યા.

"પેપર પર! આઇડવેા કાર્ડ!! મોટી અકસ્માતની ખબર! એકેક આણા—આઇડવેા કેસેટ"

એ પ્રમાણે આ પોકારેા અકસ્માતની ખબરથી લહેર લેાકને વહેમ કરતા હતા ત્યારે ડા. માસીનાની આસ્પીતલના એક આગળી ઓસાદેલા ઓરડામાં ઉજળા પુણી જેવા ચેદરાની એક પારસી અબલા આવી અને ત્યાં વયમાં ગોઠવેલાં એક બીજાનાં પર સુતેલા પોતાના આકિકાનાં માથાંની પાસેજ પોતાની ડેાક ગોઠવી બીજાનાં આગળ ગુંડાયુ મરડને પડી.

તે દુઃખી ચહેરાની અબલા શીકોન હતી અને જે બીજાનાં પર સુતેલા જમશેદજી શેઠના હતા.

જમશેદજીનાં માથ પલુ ત્યાં હતાં પલુ તેવણ બીજા બીજીતરા સાથે બીજા ઓરડામાં બેઠેલા હતા.

"જમશેદજી! એ મારા જમશેદ!!" બીજે ચહેરે તે અબાલડી અબલા બોલી.

તેનો સાદ સાંભળી આંખ ઉઘાડી તેવણુનો ચહેરો જરા મલકાયો. સારે નસીબે તેવણુના ચહેરાને કશોયે ઘાવ થયો નહતો પણ બીચારાની છાતી કચડાઇ ગઇ હતી.

"તેહેમી કેમ છે?"

"છે, સારીકાની છે તેને અમથા ધક્કા લાગ્યા હાકતરે ભલમ લગાડીને તેને ઘેરે મોકલીએ"

"ગુફરાના ઓહાના!"

ઘોડેવાર ત્યાં ચુપકીદી પંચરાઇ.

"ઠીયર, તું-ને-અરે!" જ્યાં કાંઇ દુઃખ વચાયો તેવણે મોંહ કુમળાયી ઝુમ પાડી.

"તું-ને-ખુદાજ-ને બધું-આ! બધું સમાધાન કરવાજ-હું તેહેમીને-લઇને-આવતો'તો—"

જ્યાં શીરીનની આંખોમાંથી આંસુનો ધોધમાર પરસાદ વરસ્યો અને તેણીએ પોતાના હાથમાં લીધેલા તેવણુના હાથને આંખોમાં દાબી તેને ચુંમીઓ લીધી.

"કહે શીરીન કે તેં મને માફ કીધું છે હું મરી જાઉં—"

"ઓ એમના બોલો, જમશેદજી એમના બોલો" જ્યાં તે ઓરડામાં એક નર્સ આવી પણ તે તે બીમાર આગળ જવાને બદલે બીમારને પોતાની મેરી સાથે જોઇ એક બારી આગળ જઇને ઉભી.

શીરીને તેવણુને હવે નહીંજ માફ કરવાનો અને તેવણુને હવે નહીંજ મળવાનો પક્કો ઠેરાવ કીધો હતો અને લે તેવણુ પોતાની જીવતી જાગતી તંદુરસ્ત હાલતમાં તેણી આગળ આવતે તો કદાચ તે પોતાના ઠેરાવને વળગીજી રહેતે પણ આવી વખતે? ઓ ખુદા! ઓરતનાં દૈયાંને—તેણીનાં જીગરને કોણ પીછાણે?

શીરીન એમ ધસારાબંધ આપણા નાટકોમાં બનેછ તેમ કળાપીત કરતી નહીં આવી હતી. આવ્યા અગાઉ તેણી ડા૦ માસિનાને મળી હતી અને ડા૦ માસિનાએજ તે બીચારીને ઘણી દીલસોજીથી ખબર આપી હતી કે તેણીના ઘણીની આશા ખોટી હતી, અને જ્યારે એકની જીંદગીથી માણીના જેવો કાબેલ શાસ્ત્ર વૈદ્ય હાથ ધોઇને એમ કહેતો પછી શીરીનને પોતાના વરની હાલત વિસે કાંઇજી શક રહે?

શીરીનને ખુદા ઉપર પુરતો ભરોસો હતો અને તે બીચારી ઉપર પડેલાં અગાધ દુઃખોમાંથી તે ખુદાને ઘેરના ધનસાફમાં માનતી હતી પણ આજે તેણી ઉપર તુટી પડેલા પહાડમાં તેણીએ જીંદગીમાં પહેલીજ વખત ખુદાના ઇનસાફી હાથને બદનામ કરી ઘો હતો. ખુદાનું આ પગલું તેણીને આજે ગેરવાજબી લાગ્યું હતું.

"જતી વખત શીરીન—તારાં-નામને-પાક કરી-જવસ-માફ વકીલ કરેગીને મેં બોલાવ્યોછ-તેને-પેલા બેહેલા કાકાનો-મા-રી આગળ—અરે! મારો! કાંઇ કોણ ખુલાસો-મેં બંગલામાં—કાંઇ મુકયોછ-તે કહેવસ ને ને—"

જ્યાં તે બીચારાથી વધુ બોલાયું નહીં તેનો દમ ભરાઇ આવ્યો અને છાતીમાં વધુ દુઃખાવો થયો. તેવણુનો જીવ ગભરાઇ આવ્યો.

તુરત તેવણુ આગળ નર્સે દોડી આવીને ડા૦ માસીના જેવણુ પાસેનાજ ઓરડામાં હતા તેવણુને તુરત બોલાવ્યા.

તેવણે ચમચી ચમચીએ કાંઇ દવા આપી અને તેવણને ઉંચકેરાવા નહીં દેવાની શીરીનને તાકીદ કરી તે બહેને એકલાં રહેવાની પાછી તક આપવા તેવણુ પાસેનાં ઓરડામાં જઇ બેઠા.

બેલા બેહેલાકાકાને મારે જમશેદ શું કહેતો હતો તેની તે બીચારીને કાંઇ સમજ પડી નહીં, તે છતાં તેણી મોંહ ઠાવકું રાખીનેજ તેવણુ જે કહે તે સાંભળતી બેઠી હતી.

"નહીં, જમશેદજી, એવું ના બોલો મારે નામતો આજે તમારી આય ગેહમાં હું બેઇયેજ્ય માફ થઇ ગીયુંછ. તમે સારા થયને ઉઠો કયાંને ખાતર નહીં તો મારે ખાતર મેં ખમેલાં દુઃખને ખાતર છતો અને મને મારી બાકીની જીંદગી સુધી સુખ દેખાડો. જમશેદજી આય આર ચીતળ લઇને—"

"નહીં, શીરીન, હું કાંઇ-નાનું બચ્ચું છુંકે? મારી આંખ-જેવી-ઉઘડી ને-ડા૦ માસીનાનું મોંહ જોવું મેં જોયું કે મેં લક્ષ્યું કે-મારો કેસ-ખરાબ છે; તે ભલા-હકતરની આંખમાં-શીરીન-આંહું હતી

તે-બીચારો-આપણી કહાંણી. જાણે એટલે એટલે ઓ! અથ! મારો! આહ! મને છાતીમાંજ કાંઇ એવું થાયછ કે ને શીરીન જો ફ્રિરોજ તુને ચાહતોજ હોય ને ને—"

"ઓ નહીં-જમશેદ એમ બોલી મને વગર મોતે આય વખતે રીબાવીને ના મારો—"

"પણ લાંબે વખતે કદાચ—"

"નહીં નહીં જમશેદજી કમી નહીં હું તમારીજ પરણેતર છેઉં ને મારાં મોત સુધી તમારીજ રહેવસ અને મુવા પછીબી તમારીજ થવસ."

"મને મને એક ફાસ લે શીરીન—"

શીરીને તેવણના હોઠપર એક ફીક્ષ લીધી

"આહ! એ માફીની ફીસ શીરીન, બેહતી—મોત અને માફીની એકજ ફાસ હવે હવે—"

"વરી, જમશેદજી! તારે હું ઉડી જવઉં, ડીયર?"

હવે ત્યાં જમશેદજીનાં માય, ડા૦ ફ્રિરોજ બીજા જમશેદજી અને શીરીનના બોલબોલાઓ તે ઓરડામાં આવ્યા અને ઉભા. ડા૦ માસીનાએ જમશેદજીની નાડ જોઈ અને મોઢું કમળાવ્યું કે શીરીન માથે તડાપ મારી ડુસકે ડુસકે રડી પડી.

બધાંઓની આંખોમાં આંસુ હતાં; જમશેદજીનાં માય ડાહ્યાં પાકાં હતાં; પર શું અને ઉંસ્પીતાલ શું તે તેવણ સમજતાં હતાં અને જો કે પોતાના પેદાશ જેવા દીકરાને આવાં અકાળ અને અનેમ મોતને બીછાણે પડેલો જોય તેવણનું કળેજું ચીરાય ફસાય જવું હતું છતાં તેવણ ધણીજ હદ વગરની ધીરજ અને સબુરીથી એ બધું જોતાં ઉભાં હતાં.

"શીરીન, એ કાણ રડેછ? માયછ કહાં છે? માયછ, એ રડવાનો સાદ કહાં બાવેછ?"

"ઢીકરા, હું અંઢી છઉં એ તો ઢીકરા કોઇ પાસે સીક હોસે તેનું સયું કોઇ રડતું હોયે."

તેવણે સહુથી વાત ઉડાવી.

"શીરીન આજે સો રોજ?"

"આજે ઓરદાંદ રોજ જમશેદજી"

"ને મહીનો?"

"તીર"

"ત્યારે તો આપણું લગનનોજ મહીનો ને રોજ"

"હા, ડીયર,"

"ડા. કયાં છે?"

"કેમ, જમશેદજી, હું અંઢી છઉં કાંઇ કહેવાય"

"જરા બી. કેમીને મારી આગળ મોકલોની?

તેવણને મેં બોલાવવા કહ્યું હતું તે આપાછ કે?"

અને હયાં, ત્યાં એકલાં મળેલાંઓએ પોતાના ભય વચ્ચે જોયું કે જમશેદજીને હુશ્યારી આવેલી હતી જેવી હુશ્યારી ત્યાં બીજાઓ પડેલાંઓનાં સંજોગમાં હમેશ છેલ્લીજ હોય છે.

મેશર્સ કેમી, લીન્ચ, અને આવનની જાણીતી પેઢીવાલા બાહોશ વકીલ કેમી જે પોતાના લક્ષાપતી કુવને પ્રાણઘાતક અકસ્માત થયેલો સાંભળી ત્યાં દોડીજ આવ્યો હતો તે જમશેદજીવાલા ઓરડામાં દાખલ થયેલ અને શીરીન અને તેવણનાં સાસુ સિવાય બધા તે ઓરડામાંથી ચાલી ગયા.

આપેક કલાકે કેમી તે ઓરડામાંથી બાહાર નીકળ્યો અને બધાં જમશેદજીને જોવા આવેલાઓ જમશેદજીના ઓરડામાં પાછા એકઠા થયા.

"માયછ, જરા અહીં આવો"

માય બીચારાં તેવણ આગળ ગયાં. તેવણને કાનમાં કાંઇ જમશેદજીએ કહ્યું, પછી માફ મેહેનતે પોતાના બે હાથ તેવણની ગરદન આસપાસ વિંટાળી તેવણને કોટે કીધી.

"શીરીન, સાહેબજી ફ્રિરોજ માફ કરજે, મારી શીરીન હવે કરમાવે તેમ કરજે. નહીં શીરીન રડ ના. જે બનવાનું હોયે તે બન્યું. તેહેમીતી સંભાળ લેજે. તેને રડાવતી ના. બધું મેં મારા કેમીને કહેવું છે તે જેમ કહે તેમ તું કરજે. શીરીન-તેહેમી ઓ માયરે!"

બસ, તે ગંભીર તોરવંતો બાદ ચેપારી જમશેદજી શેહનાએ તેજ સાંજે સાત વાગે પોતાનો ખારો પ્રાણ તે કરતારને હવાલે કર્યો.

હવે અમારે માટે કહેવાનું કાંઇ બાકી છે?

હા ધોયુંકે છે—જે અંદી તંદી ઝાડ ઝુડ કરીને અમે વાંચનારથી રૂખસદ ચાહીશું.

* * * *

શીરીનને માસીનાની ઇસ્પીતાલમાં લાવનાર શીરોજ જ હતો.

તે અકસ્માત બન્યાની તેને તુરતજ ખબર પડી અને બેહેલાકાકાને તેણે તુરતજ મજગામ દોડાવ્યો, અને તાકીદ કીધી કે તે બનાવની ખબર કુંવરબાઇની મદદ સાથે ધણીજ ધીરેથી શીરીનને કરવી.

"ને જોવે બેહેલા કાકા, કુંવરબાઇનેજ કહેજો કે શીરીનની સાથે માસીનાની ઇસ્પીતાલમાં આવે, તમે વ્હેલા દોડી જાવોની.!"

ડા. ફ્રિરોજ પોતેજ તે ખબર આપવા દોડતે પણ તેની છાતી ચાલી નહીં.

જમશેદજી અને બેહેલાકાકા વચ્ચેના તે સહવાસના મેલાપથી તે વાકેફ થયો હતો.

બેહેલા કાકાએ જમશેદને ત્યાંથી આવતાંનેવાર તે ખબર પોતાના શેઠને આપી હતી, અને તે વાત ઠેઠર્યાજાંજ બેહેલા કાકાએ નહીં રજુ કીધી તે માટે ફ્રિરોજે તે બાબારાને તે દાહાડે બહુજ ઠપકાર કીધો હતો.

બારવને સહવાસનાં બધાં પેપરોમાં જમશેદજીને થયલા અકસ્માત અને તેથી તેમનાં નિપજેલાં મરણની ખબરવાર નોંધ આવી હતી, જે નોંધમાં તેવણ અને તેવણની પરણેતરની વચ્ચે ધોયું કપર થયલા કમનસીબ બનાવની કાંઇસ્ધોતી યાદ આવતાં એકે એક વાંચનારની દીલસોજી તે કમનશીબ મરનાર અને તેમની સેટલીજ કમતાલની વિધવા તરફ ખેંચાઇ હતી.

એક જણીતાં રોજદાંએ લીધેલી એ બનાવની નોંધ અમે વાંચનારાઓની વાકેફગી ખાતર નીચે ઉતારી લઇએ છીએ:—

"આપણી તરફના જણીતા ચાલ વેપારી અને લક્ષાપતી શેઠયા શેઠ જમશેદજી ખરશેદજી શેઠનાને ગઇ કાલે સાંજે થયલા મોટરના અકસ્માતથી નીપજેલાં તેમનાં દુઃખદાયક મરણની આજે ખબર લેતાં ખરેખર દલગીરી ઉપજે છે અને જ્યારે વાંચનાર જણશે કે જે વખતે તેવણને અકસ્માત થયો તે વખતે પોતાની નાની દીકરીને લઇ તેવણ પોતાની ધણીયાણી કે જેણી સાથે ધોયુંકની વાત ઉપર તેવણે કાયદા પુર્વક છુટા છેડા કીધા હતા તેણીને મળવા અને મળીને પાછી સલાહ કરવાજ તેણીના મજગામ ખાતેનાં રહેવાનાં મકાન તરફ જતા હતા. તે છુટા છેડાના મુકદમાની કેફયત હજી અમારાં વાંચનારાંઓનાં મનમાં તાજી હશે એટલે તે વાત અત્રે ચુંથવામાં સાર નથી એમ અમે માનીએ છીએ.

"તોપણ, અમે સારી સત્તાને આધારે કહેવાને આજે શક્તિવાન થયા છીએ કે તે છુટા છેડાની કર્યાદી સર્વાંમ એક ખુલજ હતી એમ મરનારની ગઇ કાલે સહવારેજ ખાત્રી કરવામાં આવી હતી અને જ્યારે અમે કહે છીએ કે શેઠ જમશેદજી જેવા એક ગંભીર અને ખરાં ખેતાંનું બરાબર તોલ કરનાર વેપારી અચ્છાનીજ જ્યારે પોતાની પરણેતર નીર્દોષ હોવા વીશેની ખાત્રી થઇ હતી તો તે ભલી પરણેતરનાં નીર્દોષપણાં બાબે વાંચનારાઓના મનમાં કશોજ શક રહેવા જોખે નહીં અને એ ખાત્રી મરનારને કેમ મળી હતી અને કોણે આપી હતી તેને લગતી પુરેપુરી વિગતની ગેરહાજરીમાં અમો વાંચનાર સનમુખ કશું રજુ કરી શકતા નથી, છતાં, તેવણના ચોવીસીટર મી. ફ્રેગી અમને જે જણાવે છે તે ઉપરથી અમે કહી શકે છીએ કે મીસીસ જમશેદજીની પોતાની પરણેતર પ્રત્યેની વફાદારી અને સાચવટ એક જરાયી કલંક લાગ્યા વિનાનાંજ પુરવાર થયાં છે.

"મીસીસ જમશેદજી શેઠના અને મરનારનાં જુદાં માતાજી તરફ આ બુરા બનાવથી હદ બાહાર દિલસોજી બેંચાઇ છે. એ અકસ્માતને લગતો લંબાણુ હેવાલ બીજા ભાગ ઉપર રજુ કીધેલા જણાશે."

* * * *

જમશેદજીને ચુંબનોને આર દાહાડા થઇ ગયા હતા અને આવતાં જતાંઓની મધુભરમાં કોલાહલના

શીરીન પોતાના કોલાબેના બંગલાની દર્યા સાંગેની પાળ પર એક સાંજે દુબતા સુરજ જોતી નાની તેહેમી સાથે બેઠી હતી. કાળી સાડી અને કાળા ફીટ સાથનાં સુધ સુફેદ બન્નાનમાં તે એક જોવા જોગ પીકચર રજુ કરતી હતી; કહેજ કે ખુબસુરત ચહેરો ખુશી કરતાં ગમીમાં ઔરજ મીઠો અને દિલ ચરપ લાગે છે. બીજી ખુબસુરતીઓના બાબમાં તેમ હોય કે ન હોય પણ શીરીન જે વખતે પાળપર બેઠી હતી તે વખતે તેણીનો મુખડો જે ખુબસુરતીથી ઠીપી રહ્યો હતો તે ઉપરથી તો અમે તે કહેનારની વાત સાચીજ માન્યે છીયે.

તેટલાં કાળી બાલુએથી ચાલી આવી એક જવાન ત્યાં ઉભો રહ્યો. શીરીને તેને જોયો અને તેણે શીરીનને જોઇ, પછી ખુશી બાળળ જય તેને પછવાડેથી ઉંચકી કાઢી, અને તેની સાથે આ જાતની બેજાદબી કરનાર કોણ છે તે ડોકું ફેરવીને જોવાની જે નિરદેશ કોશેશો તે કરતી હતી તે જોઇ શીરીનનો ચહેરોબી કાંઇક નરમાંશ પકડી મલકાયો.

"શીરીન, બસ તું એ ખ્યાલ નહીંજ છોડશે?"

"એ ખ્યાલ છોડું? કાંય? મારૂં મોત આવે ત્યારેબી જો એ ખ્યાલ મારીથી ભુલાશે તો મારી તે છેલ્લી ઘડીએબી હું અજબ થવશ."

"ત્યારે હું કેહું છ તે તો નહીંજ કે!"

"નહીં—નહીં—નહીં—ને નહીંજ!"

"તેવણની પોતાની તો મરજી હતી કેની?"

"નહીં—મારૂં દીલ જોવા બચારાએ મરતે દાહાડે મને અમસથું એમ કેહ્યું હોસે, પણ એ વાત તું કાંઇ દાહાડે કરતોજ ના. બસ મારા દિલનો ધણી તેજ એકલો હતો અને હજીબી તેજ છે ને તેજ સદા રહેશે."

"તારી મરજી—પણ હું તુને મળું ભેરૂં તેમાં તુને કાંઇ વાંધો તો નથીની?"

"જરાબી નહીં."

સમાસ.

નોંધ:—સરજતની સાંકળ આજે પુરી થઇ એક લબી પાવરફુલ ડીટેકટીવ વાર્તા આજના અંકથી શરૂ થાય છે.

અમે સદા અમારૂં કામ ગુપચુપ કરતા આવ્યા છીએ. અમારૂં એકાદ કામ સારૂં છે એમ કહેવા કહેવડાવવાનો અમને કશોજ અભ્યરો નથી, અને અમારાં આધીન મત મુજબ તેવી કશી જરૂરબી નથી, કેમકે આજનો વાંચક વર્ગ તેને જે વાંચણુ મળે છે તે કેવું છે, કેવું નહીં તેનું બરાબર તોલ કરવાને પુરતો સામર્થવાન છે, અને તેથી જ્યારે એક લાયક કલમનની લાયક કદર કરવાના હેતુથીજ આજે જો અમે અમારા એ નિયમથી વેગળા જતા હોયયે તો વાંચનાર અમને દરગુજર કરશે.

'સરજતની સાંકળ' જે કે એક નાની સીરી યલ હતી તે છતાં તે પોતાના પ્લોટની મજબુતીમાં કે લખાણુની ઝમકમાં ઘણી કૃતેહમંદ પુરવાર થઇ છે, એમ અમને બેતકરાર ખાતરી મળ્યાથીજ, એક બીજી મોટી સીરીયલ પણ અમે એ જણીતા લખનારનેજ સોંપી છે, જેનો શુરૂઆતનો શોડોક ભાગ આજના અંકમાં અમે દાખલ કાધો છે.

'બીલોરી બુબ્ય' એક ઘણીજ જોરાવર પ્લોટની ડીટેકટીવ વાર્તા છે. ત એક માલાન ચોર—જેને ચોરોન નેપોલ્યનની બાજમાં ઉપમા મળી છે તેની છુંદગીમાંના ઘણોજ રસીલો, વાંચતાં દાંતમાં આંગળાં પકડાવે, અને ઘડીભર રંગેરગમાં દોડતું હોઇએ બંબ કરી નાંખે તેવો સ્ટોરી છે. તેનાં પરાક્રમોએ આખાં યુરોપમાં પ્રેરી પંકતીએ રેખાતા પેરીસનાં પોલીસખાતાને 'માહુ—માહુ' બોલાવ્યું છે, તેનાં પરાક્રમો ઉપરથી લખાએલા નાટકોએ આખાં યુરોપની રંગને ધુલવી છે અને એની એકેથી સીનેમા કું૦ આજે નથી કે જેની રફીનપર એનાં પરાક્રમો નહીં નખાયાં હોય! તમારે તે એવો કાબુ છે?

તે ઉઠાઉગીરોનો ઉસ્તાદ, લલાલાલાખોનો એક યુટકામાં ઉઠાવનાર, ચોરોનો શાહ, હથેળીમાં ચાંદ દેખાડનાર, બ્લેક ગાડીનો બ્લેક ગાર્ડ, બુરજીનો પીર, પોતાનાં નાકના ટીપકાપર બેઉ હાથોની બીલ્લસ મુકી, તેમનાં આંગળાં ફફડાવી મુછપર લીંબુ નહીં ઠરતા દેવ એવા ડીટેકટીવોને કુફેત પોગવી કરનાર, બારબાંના નકુચામાંથી કે સોયનાં નાકોમાંથી નાહલતી જનાર, તે શ્રી 'રશીક'ની નવી સીરીયલનો નાયક.

બારસીન લુપીન!

અને 'બિલોરનો બુબ્ય' તમારો અનમુખ તેનું આખેરી પરાક્રમ રજુ કરશે.



બિલોરનો બુચ !

(આરસેન લુપીનનું આખેરી પરાક્રમ)

(ચાલુ વાર્તા)



લખનારઃ—'૨૫ીક'

પ્રકરણ ૧ લું.

તે બાગની એક બાજુ તે સરોવરની તરફ હતી અને તે બાજુને તે છેડે જે એક ડકો બાકાર નીકળી પાણીમાં લંબાયલો હતો, તે ડકાને બાંધેલી બે હોડીઓ, હવાથી હીલતી તે પાણીની સપાટી ઉપર બે કાળાં હંસ હોય તેમ નાચતી ને ગેલ કરતી હતી.

જો કે તે રાત્રે-જે વખતની અમો વાત કર્યે છીયે તે રાત્રે-ધુમસ હતું, છતાં અહીં તંદી બતીના ઉજાસથી બારીઓ ચમકી રહી હતી, અને જો કે રુપેરી અજવાળું મહીનો હોવા છતાં, ત્યાંનું જાણીતું "એન્જીત હૅસીનો"ને નામે ઓળખાતું કલબ હાઉસ તે સરોવરને સામે કીનારે ભભુકદાર રોશનીથી ઝળઝળી રહ્યું હતું.

આસમાનપર થોડાક જ તારાઓ હતા, રાત અંધારી હતી અને પવન ધીમો અને ઠંડો હતો.

તેજ બાગનાં એક ખુણામાં બાંધેલાં સમર હાઉસમાંથી મોટરમાં પકડેલી શીગાર ફુંકતો, આરસેન લુપીન બાહાર આવ્યો, અને તે ડકાની બાળપરથી ઠેકાવતાં તેણે પુછ્યું—

"આઉસર? મેશર? તમો બંન્ને અહીં છેલ્લા કે?"

તુરત તેનો અવાજ સાંભળી, તે બંન્ને મોટા માંથી એકેક જન, ઉભો થયો.

"હા, મહેરબાન"

"ત્યારે તમાર, રહેજો-ગીલબર્ટ અને વૉશરને લઇ મોટરકાર પાછી આવતી સંભાળજો."

તે પછી બાગની જે તરફ મોટો ઘોરી રસ્તો આવેલો હતો ત્યાં તે ગયો અને આંખ તાણીને તેણે જોયું તો તેને મોટરની આગલી મોટી બતીઓનો ઉજાસ દેખાયો, અને જરાવારમાં એક મોટર તેની આગળ આવીને ઉભી, જેમાંથી મોટો ઓવર કોટ પહેરેલા બે આદમીઓ ઉતરી તેની આગળ આવી સલામ ભરે એ સલામ ભરતા ઉભા.

તેઓ ગીલબર્ટ અને વૉશરે હતા. ગીલબર્ટ બીસથી બાવીસ વર્ષનો એક જવાન હતો. તેના ચહેરાનો ઘાટ ઘણો સુંદર હતો, અને તે આંગે પટ્ટો અને દેખાવનો બહાદુર હતો.

જ્યારે વૉશરે, મોટી ઉમરનો, કદે હીંગણા મુખવા જેવા બાળાલો, અને ફિકા સીકલી ચહેરાનો એક આદમી હતો.

"કેમ?" લુપીને પુછ્યું "તમે તે ઉપ્પુડીને જોયો ?"

"હા, મહેરબાન" ગીલબર્ટ બોલ્યો "અમે તેને સાતને ચાલીસની ટ્રેનમાં ચેરીસ જતાં જોયો, તે અમે અગાઉથીજ જાણતા હતા કે તે તે ટ્રેનમાં ચેરીસ જશેજ."

"ત્યારે આપણે આપણું કામ કરવાને આપણે છુટાજ છીયેતો ?"

"તદન, બેતકરાર, એ વીસા મરાયા બાદે આપણું બાપનુંજ મકાન હોય તેમજ સમજો."

પેલી મોટરનો 'શોફર' જે પોતાની બેઠકપરજ હતો તેની તરફ લુપીન હવે ફર્યો અને તેને હુકમ કર્યો કે—

"તારે અહીં થોભવું નહીં, કોઇનું ધ્યાન ખેંચાશે. બજારમાં સાદા નવે તું સામાન ભરવા આંહી આવજે તે જો બધું કામ રામબાણ ઉતર્યું તો—

"કેમ વારૂ? એમાં હવે શું વાંધો છે, સાહેબ?" ગીલ્બર્ટે પુછ્યું.

લુપીને કશો જવાબ આપ્યો નહીં.

તે મોટર હંકારી ગઇ અને તે પોતે પોતાના તે બે સાથીઓ સાથે પાછો સરોવર તરફ આવ્યો.

"તેં શું પુછ્યું ગીલ્બર્ટ?"

"આપણે ધારેલું એ કામ રામબાણ પાર ઉતારવામાં હવે વાંધો શું છે, સાહેબ?" ગીલ્બર્ટે પોતાનો સવાલ પાછો રજુ કીધો.

"વાંધો શું છે? વાંધો એટલોજ કે આપ કામનો પસ્તાન મેં નથી નક્કી કીધો, અને જ્યારે કોઇનાં કામની તૈયારી હું પોતે મારી જાતી અક્કલે કરતો નથી, ત્યારે તે કામ માટે હું આપણે ભાગે ચઢાવેલો રેહું છું."

"એ શું બોલોછ, સાહેબ? તમારી સાથે મને કામ કરતાં ત્રણ વર્ષ થયાં ને હવે હવે બધી યુક્તિઓ મને સમજ પડતી જાયછ."

"હા, છોકરા, તુંને હજી બધી સમજ પડતી જાયછ તેથીજ રખેને તારાં કામોમાં કાંઇ નજરચુક હોય તેની મને બીકીક લાગેછ; લે, ચાલ તું મારી બોટમાં બેસ ને વાશરી તું બીજી બોટ લે.....એમ! ચાલો, મારો ભેરથી હવેસાં.....ને જે જરાબી અવળચંડી થઇ, તું કે!"

પેલા બે હોડીવાલાઓ ગાઉલર અને મેશરે તે હોડીઓને હાંકી, અને સામેને કીનારે દેખાતાં પેલાં કલબ હાઉસની તાબી તરફ હેંકી લીધું.

તેઓને રસ્તે એકાદ બે બોટ મળી, જેમાંની એકમાં એક આશક માશુકનું જોડું બેસીને ગમ્મત કરતું હતું અને બીજીમાં કોઇ જવાનોની ટોળકી ગીત રંગમાં મશગુલ બેઠી હતી.

લુપીન પોતાના બોટવાની છેક નજીક આવ્યો અને ઘણુંજ હળવેથી તેને કાને લાગી તેણે પુછ્યું—

"ગીલ્બર્ટ, આપ-કામ તેં શોધી કાઢ્યું કે વૉશરે એ?"

"તે સાહેબ હું તમુને ચોક્કસ નહીં કહી શકતો; અમો બંન્ને એ બાબે કાંઇક અટવાયાં થયાં નક્કી કરતા હતા, અને—"

"જોની, વાત એમ છે કે મને વૉશરે ઉપર ભરોસો નથી; તે હકીકત બનાવનો અને લુચ્ચો છે; તેને જે ઓળખે તેજ ઓળખે. મને સમજ નહીં પડી કે મારીથી એને પેટો કેમ નહીં પકડાવાતો?"

"કાંય વારૂ, સાહેબ?"

"હા, હું કેહું છું તેજ ખરૂં છે. તે બેધમ ભરેલો આદમી છે; મને લાગેછ કે તેનું અંતઃકરણ મેલથી ભરપુર છે"

તે થોડોકવાર ચુપ બેઠો, પછી પાછો બોલ્યો:

"તારી ત્યારે ખાતરીજ છે કે તેં ડૉબ્રેક રેયુ-ડીનેજ જોયો?"

"મેં મારી આંખે જોયો, સાહેબ."

"ને તું જાણેછ કે પેરીસમાં તેને કામ છે?"

"સાહેબ તે નાટકમાં જવાનો છે."

"ને તેના નોકરો?"

"રાંધનારીને તો તેણે કેટે ચોકલીજ, ને તેનો ખાનગી નોકર પેરીસમાં પોતાના શેઠની રાહ જોતો ચોગઠાનો છે, અને ડૉબ્રેક જ્યાં જતાર છે ત્યાંથી તે રાત્રે એક વાગ્યા અગાઉ પાછો ફરનાર નથી, પણ....."

"એ વળી પણ શું?"

"પણ, જોવા ડૉબ્રેકનાં મનનો લાહાલ! વખતે તે પોતાનો વિચાર ફેરવે ને જલ્દીપી નીકળી જાવાનું મન કરે, વાસ્તે આપણુને જે કરવાનું છે તે એકુ કલાકમાંજ આટોપી લેવું જોયએ."

"ને એ બધી ખબર તુંને ક્યારે મળી?"

"આજે સહવારેજ. વૉશરે અને મેં તેથી તુરતજ એ તક હાથ કરવાનું બેહેતર ધારયું. પાસેજ એક નવું બંધાતું ઘર છે. તેનો બાજ અમે પસંદ કીધોછ: કેમકે રાત્રે તે તદન એકાંત રહેછ. આપણી હોડીઓને માટે બે ખલાસીઓને મોકલી આપ્યા ને તુરત જ તમને તાર કરીને બોલાવ્યા."

"ચાવીઓ તારી પાસે છે કે?"

"હા, આગલાંજ બારણાની."

"બંદીની આય સામે દેખાયછ તેજ મકાન કે?"

"હા, એજ 'વીલા મરાયા.' અને પેલાં બીજાં એ મકાનો દેખાયછ તે તદન ખાલી છે, એટલે મજેનથી તમોતે જે સામાન આપણને કાઢવો હશે તે કાઢી લઇશું. હું ખરૂં કહું છ સાહેબ, કે એ એક 'માલ' છે."

"છટ, પણ કામ તદન રહેલ છે" લુપીન બડબડ્યો "એમાં કાંઇ મજાહ નહીં."

હવે તેઓ સામી તરફનાં તે સરોવરની ઉંચી પાળ આગળ આવી પ્હોંચ્યા અને ત્યાંજ કાઢેલા એક બાંકામાં કોતરેલી સીડી આગળ તે હોડીઓને થોભાવી

આરસેન લુપીન પોતાના મળતાઓ સાથે સીડીના ચુકામાં સીંદુની દાઢી ઓઢયા જેવું સાહાસ કામ માથે ઉઠાવી આવ્યો હતો. તેનાં કામોજ એવાં હતાં; તે અંધારામાં કટકો મારતો ન હતો અને જેણી કાંઈ કરતો તેમાં તે લોહીનું એક ટીપુંબી રેડવા દેતો નહતો. આજે જ્યારે આપણે તેને જોઇયે છીયે ત્યારે ક્રાંન્સના એક માહાન ઓથેદાર ડીટેકટીવ ખાતાંઓના વડા રેખુદી ગ્રેંજેકના વિલા મરાયામાંનું અતી કીંમતી ફરનીચર ઉંચકી લઇ જવાનું તેણે બીડું ઝડપ્યું હતું, અને એ કામ તેને મનસે એક બચ્ચાની રમત જેવું હતું, એમ બોલનારે તેના ઉપલા ટીકાથી માની લીધું હશે; તેને કોઇબી રહેલ કામ, રહેજમાં પાર ઉતરે તેવું કામ પસંદ ન હતું. તેણે એવાં કામો કીધાં હતાં અને હજીબી તેને એવાં કામો જોઇતાં હતાં કે જેમાં તેને પોતાની છાંબાની છાતી, લોખંડી મગજ અને પોલાદનાં આંગનું કામ પડે, તો તે કામ, નહીંતો કાંઇજ નહીં. જેવી હોડી તે સીડી આગળ આવીને ઉભી કે લુપીન બોલી ઉઠ્યો.

"તે વીલામાંતો લોક હોય તેમ લાગેછ; જોતો પેલી બતી!"

"એ તો શેરની બતી હોસે, મેહેરબાન, જોઇ કેની તે કાંઇ હીલતી ચાલતી જણાતી નથી."

માઉલર પોતાની હોડીને લાંગરી, અને તેને બધી તપાસ રાખવાનો હુકમ થયો; જ્યારે મેયર તે તરફના રસ્તા પર ઉંધડતા એક દરવાજે આગળ ગયો અને લુપીન અને બીજાઓ તે સીડીના બાંકામાં ભરાઇને થોભ્યા.

તેઓ હવે લાગ જોઇને આગળ વધ્યા અને પેલાં મકાન આગળ આવ્યા. ગીલ્બર્ટ ચારી લગાડી જે બારણા લાગી અને બારણું ઉંઘાડતાં તે ત્રણે લુપીન, ગીલ્બર્ટ અને વૉંચારે તે મકાનમાં દાખલ થયા.

હોલમાં ગૅસની બતી ખુલ્લીજ બળતી હતી.

"જોયું કે સાહેબ?" ગીલ્બર્ટ બોલ્યો.

"હા, હા, પણ મને લાગેછ કે જે બતી મેં જોયછ તે એ નહીં" લુપીન બોલ્યો.

'ત્યારે તે કયી?"

"તે હું કહી શકતો નથી. પેલો બારણો કરો આપજ કે?"

"નહીં, સાહેબ" ગીલ્બર્ટ બોલ્યો, અને અજજ કે તે મોટે બોલતાં જરાબી બીહીતો કે અચકાતો નહીં હતો. "સવારતીને બાતર તેણે એ બધું ફરનીચર પહેલે મજલે પોતાના સુવાના અને બીજા બાલુબાલુનર બે ઓરડામાં મુકયું છ."

"ત્યારે દાદર કયાં છે?"

"જમણી તરફ, પડદાની પછવાડે."

લુપીન તે પડદા આગળ જઇ તે ખસેડવા જતો હતો, તેટલાં તેનીથી ચારેક પગલાં આગળનું કાચી ગમતું એક બારણું ઉંઘડયું, અને તેમાંથી એક આદમીનું માથું બાહાર આવ્યું.

"મદદ! મદદ! ખુન!" તે આદમીએ બુમો પાડી, અને પાછો તેજ ઓરડામાં તે ભરાઇ ગયો.

"એ તો ગ્રેંજેકનો અંગત નોકર લૈયો!" ગીલ્બર્ટ બોલી ઉઠ્યો.

"એ જો ગડબડ કરશે તો એને હું સવાદ-ચખાડીશ" વૉંચારે બોલ્યો.

"તારે કાંઇજ તેવું કરવું નહીં, વૉંચારે, સમજ્યો?" લુપીને તેને હુકમ કીધો, અને જે બારણામાં તે આદમી પાછો ભરાઇ ગયો હતો તેજ બારણા ચોટે તે તેની પુઠે દોડ્યો.

પહેલે તે જંભવાના ઓરડામાં આવી પુગ્યો જ્યાં એક તેમજપર એક સલગાવી મુકેલું લેંપ હતું, જેની આસપાસ રકાબીઓ અને દારૂની એક બાતલી ગોઠવી મુકેલી હતી; અને તે ઓરડાને એક નાકે આવેલી બાથ ઓરાડી ભરી રાખવાની ઓરડી આગળ પેલા લીયોને એકાદ બારી વારે નાહાસવાનાં કપડાં મારતો તેણે જોયો.

"જરાબી હતું ના, મારા બકલ્યાં! શેમ ને આય.... પણ આહ!" એમ કહી જેવો લીયોને તેણે પોતા તરફ હાથ લાંબો કરતાં જોયો કે લુપીન ભોંય પર સુધ ગયો અને તેમ તેણે કપડું તો સારૂંજ થયું કેમકે તેજ વખતે એક પછી એક ત્રણ ગોળીનાં બાર લીયો તરફથી છુટા. તરતજ સુતાં સુતાં લુપીને તેના પગ પકડીને તાણ્યા કે લીયો જમીનપર ફસ ડાઈ પડ્યો, અને તેના હાથમાંથી લુપીને રીવોલ્વર ઝુટવી લીધી અને તેને ગલચીમાંથી પકડ્યો.

"લુચ્ચા બદમાશ! તું જાણેજ કોણ સાથે તું લીરલેરી કરેછ તે? એમ આય, વેાશરે એને બાંધ!"

તેને વેાશરને હવાલે કરી લુપીને પોતાનાં ગજ-બામાંથી એક નાની વીજળીની બત્તી કાઢી તે પેલા નોકરના મોંહ ઉપર ધરી.

"આલ પુર કીયું કે વેાશરે? મારે આખી રાત અહીં કાઢવી નથી."

"હવે કાંઇ ધાસ્તી નથી સાહેબ" ગીલબર્ટ બોલ્યો.

"ખરેખર? ત્યારે શું આય ગેાળીબારના અવાજો બહાર સંભળાયા નહીં હોય?"

"બ્લબત નહીં."

"ઠીક, તે છતાં, આપણે તાકીદ કરવી જોઇયે વેાશરે, ચાલ બત્તી લે, ને મારી સાથે ઉપર આવ"

તેણે ગીલબર્ટને બાલુમાંથી પકડ્યો અને તેને પોતાની સાથે ઉપર ઘસડતાં તે બોલ્યો:—

"બધેા! એમ તપાસ રાખે કે? મેં જે શુરૂ-આતમાં ફ્રેહમ બતાવ્યો તે કાંઇ ખોટા હતો?

"પણ, મેહેરબાન સાહેબ, મને શું ખબર કે એ એમ વિચાર કરેલા અહીં આણું લેવા આવશે?"

"જ્યારે લોકનાં ઘેર પ્રાણી તેઓનો સામાન હોયમાં કરી જવાનો ધંધો કર્યે ત્યારે તો બધીજ બબર રાખવી જોઇયે! હવે તારી ને વેાશરેની મને પુરા માહ રહેશે, મુરખાઓ!"

તેઓ પહેલે મજલે પહોંચ્યા, અને ત્યાં ઓર-ડાઓમાંનું ગોઠવી મુકેલું ફરનીચર જોઇ લુપીનનોજીવ ખુશ થઇ ગયો અને તેનું જનુન તુરત સમી ગયું.

"ઓ, બાય જોવ! કાંઇ ઘણું નથી, પણ જે છે તે ઘણુંજ-ઘણુંજ અસલના વખતનું અને કીમતી છે. એ તે ખરેખર માલ!" એમ બોલી તેણે ઘણે નજર ફેરવી પોતાનાં મજબમાં તેની ટીપ કરવા માંડી.

"હું ધારૂંછ કે આ માંહેલા માત્ર અડધા દાગીના માટે કોઇ અમેરીકન કરોડપતી પોતાની બધી દોલત આપી દેવા તૈયાર થાય; અને તોબી કેટલાક મુરબાઓ બજા-ડેછ કે અસલનું ફરનીચર કદે રહ્યું નથી! ને આય ડાંખેક સાહેબ એ કયાંથી લાવા હોસે? પોતાના પૈસા ખરચીને? અરે ખુદા-ખુદા કરો? એ તો જેમ તે એવણના હાથમાં આવ્યું તેમ તે એવણનાજ હમન બરદ આસીન લુપીનના હાથમાં જવાનું!"

હવે ગીલબર્ટને વેાશરેએ તેઓના વડાના હુકમ મુજબ એક પછી એક દાગીના ખીસાવા માંડ્યો અને બેઉએ ઝડપ એવી કીધી કે અધા કલાકમાં તે બોજ સમેત ત્યાંથી પેલી બે બોટોમાંની એક બોટ તો ઉપાડીબી ગઇ; અને તે બોટમાં આઉ-લર અને મેશરને ઉપડી જવાનો હુકમ થયો કે જેથી તેઓ તે સામાન પેલી તેની વાટ જોતી ઉભેલી બોટ-રમાં ભરવા કામે લાગે.

લુપીન પોતે તે બોટ ઉપડતી જોવા ત્યાં હાજર રયો. તે મકાનમાં પાછો આવતાં પેલી બાથ ઓરાડી ભરી રાખવાની ઓરડી તરફથી કાંઇ અવાજ આવતો હોય તેમ તેને લાગ્યું.

તે ત્યાં ગયો તો તેણે લીયોને બાંધેલો પડેલો જોયો.

"આ! ત્યારે એ બુમ તું પાડેછ કે? ઉતાવળો આઇશ નો યા, અમારૂં કામ હવે ઝટ બપાસ થશે. ઇંતઅઝલુંજ કે જોવું તું એમ કાંસ કરોજ કરેલી બાલું

રાખશે તો અમારે સખત પગલાં તારા સંબંધમાં ભરવાં પડશે. તું ને પેર ખાવા ગમેત્યાં? ગમતું હોય તો હમણાં આપજ હાથની મુઠીથી એક પેર તારાં કનેરાંમાં મુકી દેહુ."

એમ તેની ખુશામત મસ્કેરી કરી તે ઉપર ગયો અને માળો તેને કાંઈ સાદ આવ્યો. એ શું સાદ હતો તે તે ચુપચાપ સાંભળતો ઉભો અને તેને કાને નીચે મુજબ અવાજો આવ્યા:

"મદદ! ખુન! કોઇ આવો!! મને મારી નાંખશે! પોલીસના વેશને જલ્દી ખબર આપો!!"

"મને લાગેછ, એ મુછ મજાજનો ગયેલો હોય યા તો હું કોણ છઉં તે તે જાણતો નહીં હોય" લુપીન બડબડયો "ગરીબ બીચારી પોલીસ! રાત્રે નવ વાગે તકલીફ!"

એટલું બોલી તે પાછો કામે વલગ્યો અને જેટલી લુટ મળી તેટલી લુટ તેણે પોતાના સાથીઓને એકઠી કરવાનો હુકમ આપ્યો. હવે તેની ધીરજનીશી હદ આવી.

"ચાલો, બસ હવે!" તે બોલ્યો "વધુ લોભને સારૂ બધી બાજી મારે નથી બગાડવી, અને હવે બીજાં બધાંને વારતે મોટરને નહીં ખોટી કરવી. ચાલો, હું તો હવે બોટ લેઉંછ."

તેઓ બધું લઈ દરીને કીનારે આવી લાગ્યા, અને તેઓ બોટમાં તે સામાન ભરી તેમાં બેસવા જાયછ કે ગીલ્બર્ટ લુપીનને બાજુમાંથી પકડીને બોલાવ્યો.

"મેહેરબાન સાહેબ, જુવો, મારૂં માનો તો અમે એક ફેરો બીજે મારી આવ્યે-પાંચેક મીનીટનું કામ છે."

"પણ, શા સારૂ?"

"જુવો અમને એક અસલની નાની ચીલેતા સંબંધ સામની એક નાની કારકૂદને મારે કહેવામાં આવ્યું હતું ને—"

"પછી?"

"તે અમને મળી નહીં-પણ હવે મને લાગેછ કે પેલી બાઇ બોરાડી ભરી રાખવાની ઓરડી આગળ મોટું તાળું મારેલી જે કબાટ છે તેમાંજ વખત—" અને ગીલ્બર્ટ તે વાકય પુરો કરે તેટલાં તો તેણે પોતે પેલાં મકાન તરફ ચાલવા માંડયું.

વૉટસેની તેની પુઠે દોડ્યો.

"ચાલ, ભા, તુને હું દશ મીનીટ આપી શકું છ, એક સેકન્ડ્‌ થી વધારે નહીં" લુપીન બોલ્યો "દશ મીનીટ થશે કે હું ચાલતી પકડસ" પછી પોતાનું ઘડીયાલ કાઢી લેતાં તે બોલ્યો

"પોણા નવમે થયા ત્યારે એ બેસાપણું નહીં તો બીજું શું?"

વળી તેને ત્યાં યાદ આવી કે પેલો બધો સામાન બસેડતી વખતે ગીલ્બર્ટ અને વૉટસેના ચાળા બાળા કાંઇ ઠીક નહિ હતા. તેઓ સાથેના સાથેજ રહેવાની સંભાળ રાખતા અને બેઉ જણે એક બેકનાં કામ ઉપર તકેદારી રાખતા હોય તેમ લાગ્યું હતું.

"એ શું હશે?" લુપીને વિચાર્યું.

લુપીન એ બાજુનો વિચાર કરતો ઉભો. હવે તેણે જોરથી પોતાની સીસોટી ફુંકી, અને પેલાઓ શું કરતા હતા તેનું માજણું જોવા તે દિશા બરાબર તરફ ચાલ્યો પણ તેટલાં એકાયક એક બંદુક ફુટવાનો અવાજ તેને કાને આવ્યો, અને તુરતજ કોઇની ચીસાટી તેને સંભળાઇ. તુરતજ લુપીન અંદર દોડ્યો, તે હાલમાંથી પેલો દાદર ચઢી ગયો અને જમવાના ઓરડામાં તે દાખલ થઇને જોયછ તો ગીલ્બર્ટ અને વૉટસેને એકમેકને બાઝીર જમીન પર પડયા હતા. તેઓનો પોષાક લોહી લુહાન થઇ ગયો હતો; લુપીન તેઓને છોડવવા ધસ્યો.

ગીલ્બર્ટના કબજામાં તેનો દરીઇ વૉટસેર આવેલો હતો, જેના હાથમાંથી કોઇ ચીજ જે કુંટવી લેવાની તે જીવતોડ મેહેનત કરતો હતો, તે ચીજ શું હતી તે જોવાની લુપીનને કશી તક મળી નહીં. વૉટસેર જેને ઘણું લોહી થયું હતું તે જરાવારમાં જે યુદ્ધ થઇ પડયો, અને લુપીને તેને તપાસ્યો તો તેનાં બખ્તામાં જખમ પડેલા હતા.

"એ જખમ કોણે કીધો? તેં કે ગીલ્બર્ટ?"

લુપીને ઝડપી બની પુછ્યું.

"નહીં, લીપીએ."

"લીયેઓ? લીયેને તો બાંધેલો છે!"

"તેણે દાંતે પોતાના બંધ ઢીલા કીધાને તેની પતરોળ જે ત્યાંજ પડી હતી તે તેણે લીધી."

"બ્લેક ગાર્ડ! કયાં છે તે?"

લુપીને હવે ટેબ્બ હાથમાં લીધું ને પેલી બાજ ઓરાકી વાળી ઓરડી આગળ તે ગયો.

જ્યાં લીયેને બાંધીને રાખવામાં આવ્યો હતો ત્યાં લુપીન ગયો અને જોયછ તો ડૉક્ટરનો તે બાસગી નોકર બે હાથ પોહોળા કરી ચત્તાપાટ પડેલો હતો અને તેનાં ગળામાં એક ખંજર ભોકેલું હતું. તેનાં મોંદમાંથી ઢોહી ઝરતું હતું.

"આહ!" લુપીન તેને તપાસીને બોલ્યો "એ તો ખલાસ થઇ ગીયોછ!"

"તમે ધારોછ, મેહેરબાન?" ગીલબર્ટ ધુજતે આદે તેને પુછ્યું.

"હા, એતો મરી ગીયોછ."

"વૉશરેએ એ કામ કીધું.....વૉશરેએ એને મારી નાંખ્યો"

લુપીને ગુસ્સાથી લાલચોળ બની તેને બાજુમાંથી પકડી હલાવી મુકયો "ખરૂં બોલ, કોણે એ જબુત કામ કીધું? વૉશરે એ કે તે? ખુન! ખુન! મારા નિયમથી ઉલટું, આજે ખુન! મારો કાયદો શું? કે ઢોહીનું એક ટીપું નહીં ને આજે ખુન? ધનસાનનું ઢોહી ધનશાન રેછે? ગમે મારો જન જમ, મારે હાથે મારો જન કબજ થાય, પણ ખુન? કદી નહીં. ઠીક મારૂં શું જાયછ? તમો બંન્નેની કમબખ્તી! એ જબુત કામનો કર તમારે જબરદસ્તીનો આપવો પડશે અને તે? ખુનનો બદલો ગરદન! તમે જાણોછ કે ની? કોય? વૉશરેએ એને કોય મારી નાંખ્યો?"

"વૉશરેએ પેલી કબાટની ચાવી લેવા એના ગાડાં તપાસવા માંડયાં. તેમ કરવા જેવો તે વાંકો વળ્યો કે તેણે જોયું કે લીયેએ પોતાના હાથના બંધ ઢીલા કરી હાથ છુટા કીધા હતા; એ જોઇ તે બીધો અને તેને ખંજર ભોકી દીધું."

"પણ પેલો બદમાશનો અવાજ?"

"તે લીયેએ કીધો. તેના હાથમાં રીવોલ્વર હતી. તે મુવો તેની બગાઉ તેણે તે ટાંકીને ફોડી..."

"અને પેલી ચાવી?"

"વૉશરે એ લીધીછ."

"તેણે તે કબાટ ઉઘાડી?"

"હા,"

"ને તેને જે ચીજ જોઇતી,તી તે તેને મળી?"

"હા."

"ને તે તું તેની પાસેથી ચુંટવી લેવા માંગતો તો? તે ચીજ શું હતી? પેલા અસલ દાગીનાની કારકેટ? ત્યારે શું? જવાબ આપ."

લુપીને જોયું કે ગીલબર્ટ તેના સવાલનો જવાબ રહેલ સુલુકે નહીં આપવાનો તેથી ઊળા કકડાવી તે બોલ્યો—

"તું નહીં બોલવાનોની? પણ યાદ રાખ કે એક બાળુ હું આરસેન લુપીન છેઉં, બચ્ચા! હાંલે તો હવે નાહાસવાની વેતરણ કરશે, પણ—ચાલ એય આવ આય—નાપાક વૉશરેને ઉંચક, એને બોટમાં લઇ જઇયે."

તેઓ બંન્ને પોતા ઉપ્રચે તે વૉશરેને લઇને જમવાના ઓરડામાં આવ્યા, અને ગીલબર્ટ કાંઇ બોલવા જતો હતો જેને અટકાવી લુપીન બોલ્યો—

"ને, સાંભળ!"

તે બેઉના ચહેરા દેહેશતને મારે ફીકા પડી ગયા હતા. કોઇ પેલી ઓરડી આગળ બોલતું હોય તેમ તેઓને લાગ્યું, અને તે છતાં તેઓની ખાતરી હતી કે ત્યાં પેલા મુવેલા નોકર સિવાય કોઇ નહીં હતું.

અને તે છતાં તે અવાજતો આવતો હતો, એમાં કશોજ શક નહીં હતો.

હવે લુપીન પોતે પેલા નોકરનાં મડદાં આગળ ગુંહલુ મરડયે પડયો.

ચોકીદાર તે અવાજ બંધ રહ્યો અને પાછો ચાલુ થયો.

"લાવ મને બાતી આપ" તેણે ગીલબર્ટને કહ્યું

ગીલબર્ટે તે ટેબ્બ ઉપરનું શેડ કાઢી લુપીન આગળ ધર્યું તો લુપીનને માલમ પડયું કે તે અવાજ તે મુવેલાં નોકરનાં શેરીરમાંથી નીકળતો હતો!

ઓ ગજબ! એ શું?

"મેહરબાન સાહેબ, મનેતો બુજતાં છુટેછ.

ગીલબર્ટ બોલ્યો.

વળી પાછો તેજ અવાજ!

(બાકી છે)

લગ્નની મોતેબરી.

લખનાર:—મી. મીનોચેહર માણેકજી માદન.

(પાને ૪૧૧ થી ચાલુ.)



આપણા સઘળા શીક્ષકોમાં માતા આપણને આબુસાઇપણું શીખવે છે. મરદ મગજ છે ત્યારે ઔરત જીગર છે; તે જ્યારે ઇનસાફ છે ત્યારે તેણી લાગણી છે; તે જ્યારે જોર છે ત્યારે તેણી ખુબસુરતી, શોભા અને દિલાસો છે. એક ભલી ઔરતની મહોબતમાંજ તેણીનું જ્ઞાન, અનુભવ અને ડહાપણ કામ કરે છે. મરદ મનને ખીજવે છે ત્યારે ઔરત લાગણી ઠેળવે છે. મરદ જ્યારે મનમાં વસે છે ત્યારે તેણી જીગરમાં જગ્યા લે છે. મરદના કેહવાથી આપણ ચોક્કસ ચીજ માની શકયે ત્યારે એક ઔરતના શીક્ષણથી તે માટે મહોબ્બત ધરાવી તેણીનીજ માફકે સદગુણને બિછાને પિઢાને પિયે. સેંત ઓગસ્ટીન નામના એક પવીત્ર પુરૂષમાં મા—બાપની અસરનો નોંધપાત્ર લાયક દાખલો મળે છે. જ્યારે તેનો બાપ તેને માત્ર રકુલની ઠેળવણી આપવા ખરજ ભરેલો હતો ત્યારે તેની માતા તેને તેની પાપી જીંદગી માટે ઠપકો આપતી, સલ્લાહ આપતી અને તેને માટે રાતો દીન ખંદગી કરતી અને તેને ભલે રાહે દોરવવા મંડતી. આખરે તેણીની મહોબ્બત ફતી અને તેણીની ધીરજ અને ભલાઇનો બદલો આપ્યો. અને તેણીનો બેટોજ નહી પણ ખરથાર પણ ભલાઇ તરફ વળ્યો. તેણીની શરૂઆતનીજ કેળવણી અને અસર તે બેટા ઉપર પડી રહી અને છેવટે તે તવારીખના સફાંઓ ઉપર એક પવિત્ર અને અજરૂ નામ છોડી ગયો છે.

એવા ઘણા દાખલાઓ પડયા છે જેમાં એક સુસ્ત બેટાની જીંદગી તેની માતાના આંસુ આગ્રહથી તબદીલ થઇ મોટપણમાં લાખો ફલો આપતી થઈ છે. કોઇ વાર એવું દીસે છે કે એક બાળકને ભલાઇને માર્ગે ચાલવાની મા-બાપની ગમે તેવી કોશેશ વ્યર્થ જાય છે અને ગોબા પત્થર પર પાણી રેડવા જેવું થાય છે, પણ ઘણી વેળા જોવામાં આવ્યું છે કે જ્યારે તેઓ મરણ પામે છે અને કોઇ વાર તો તેને પણ ૨૦) ૨૫) વરસ વિતી જાય છે કે તેઓની ભલી સલ્લાહ અને રૂડી નસીહત ફલ આપતી થાય છે. તેનો એક જાણવાજોગ દાખલો રેવરન્ડ જોન ઓઈ ઓલ નીમાં નોંધાયલો છે. એક પાપી અને હવસી જીંદગી ગુજારવા બાદ તેને લાંબે વખતે પોતાની પાપી જીંદગીનો ખ્યાલ થયો અને તરોજ તેની માતાએ તેના બાળવયમાં આપેલા ભલા સબકો તેની યાદદાસ્તમાં તાજા થયા. ગોબા તેણીનો મુબો અજાજ તેને ભલાઇ તરફ દોરવતો હતો!

બીજો એક દાખલો અમેરીકાના રાજ્યાધિકારી રેનડોલ્ફમાં મળે છે. જે કહે છે, "હું એક નાસ્તિક થયો હતો પણ હું આસ્તિક રહ્યો છું તેનો સબબ એ છે કે મારી બાળવયમાં મારી માતા મને ગુડણ ઉપર એસાડી નેમાજ કરતી કે "અય ખુદા, તું બેહદ્દાતમાં છે;" જેની અસર હજી મારી ઉપર પડી રહી છે." બાળવયના વરસો અચિંત ઘણા ઉપ્યોગી છે. એક ઉમેજ કવિ કહે છે, "તું ભલે ગમે તેવી મોટી જીંદગી ગુજરે, છતાં તારાં પહેલાં ૨૦ વરસજ સા કરતાં લાંબા અને ઉપ્યોગી છે." ત્યારે હવસી અને નિદાખોર ડો. બોસકટ મોતને બિછાને પડયો હતો ત્યારે તેને ગળગળતા સાદે કુખા સાહી "આપ મને મારી બાળવય આપ!" માત્ર તેજ તેને મળે અને તે સુખરી, જ્યારે પણ ઘણું મોડું થયું હતું.

નામિયો ગાયણકાર ગ્રેત્રી એક માતા માટે એટલો ઉચો વિચાર રાખતો હતો કે તે એક ભલી માતાને "ખુદાનું શીક્ષક" કહે છે. અને તે દરોગસ્તજ છે. એક પિતા કરતા માતાજ પ્રજાને ઉછેરે છે, તાજ કરે છે અને તે પ્રજાની આસપાસ નીતિજનક અસરો ઉભી કરે છે તેણીનું ડહાપણ, ખુશમીલજ, અને મોહજતથી બનાવેલી અસરોમાં તે પ્રજા ખુશમીલજી, શાંતોષી, ડાહી અને શાંત રહે છે અને જે અસરો હેથળ એક બહાદુર લાપકાતની બીળાવણી થાય છે.

એક લાયક, કરકસરવાળી, ખુશમીલજી અને અક્કો બાતુનું ગમે તેવું ગરીબ ઝુપડું પણ શાંતોષ, સદ્ગુણ અને સુખ છે! તેણી એક કુટુંબની મગરૂરી છે; ત્યાં બરફ શાંતીથી પેસાઈ આવે છે; જ્યાં આ દુન્યાથી ધરાયલો થાકેલો અને પરેશાન બરફ આરામ લે છે; તેણી જીવનનું બેહદ્દત છે-ત્યાં પરેશાનીથી રાહત છે-ત્યાં બદબખ્તીના દિલાસો છે અને હમેશનું સુખ છે. એ રીતે તમામ જીંદગીની સૌ કરતાં અસરકારક સ્કુલ તે ઘર છે. ત્યાં બુઢાં કે નાના ખુશમીલજ શાંતોષ, બાતિસાયકાત નીતી-દયાણ ફરજ અને સેવાનું શીક્ષણ લે છે. નામિયા કવિ હરબર્ટની માતા માટે કહેવાયું છે કે તેણી પોતાના ઘરને પોતાનાં ડહાપણથી તાબામાં રાખતી પણ તે એટલાતો ખુશમીલજ અને મીઠાંપણાથી કે તેણીનું સાધું ઘર તેણીનીજ કંપતીમાં મલ્યુ માનતું!

ઘરમાંજ સાલેસાબ શીખાય છે; જેનો માસ્તર એક માતા છે જેણી પોતાના બાતિ-દાખલાથી ધડો આપે છે. બરજ કહ્યું છે, "આરત વગર બરફ માત્ર એ બરબ્બ બે પગું જનાવર હતે" ઘરબીજ સખાવત રાહ થાય છે નામિયો રાજદારી બર્ક કહે છે, "આપણા કુટુંબના નાના બાળકને ચાહવું તે આપણને તમામ જગતના ચાહ ઉપર લાઇ જાય છે," સૌ કરતાં દાનાવ અને ભલા પુરૂષો પોતાના ઘરમાં રહેવાને માટે કદી શરમાયા નથી. અને જે માણસ પોતાના ઘરને ચાહે છે તે પોતાના દેશને પણ ચાહે છે. જેમ એક ઘર ચાકચવણુની સૌ કરતાં સરસ અસર કરનારી સ્કુલ છે તેમ સૌ કરતાં બુરી અસરોની પણ છે. અરે આપણે બાળવયમાંથી જવાનીમાં માં આવ્યે તે આગમચ ઘરનું અજ્ઞાનપણું શું શું કરી શકે છે? અરે, આપણુ આપણાં જીવનનો પહેલો દમ ખેંચી અને આખરી દમ છોડયે તે દરમ્યાન આપણી અજ્ઞાન માતાઓ અને આયા-દાયાઓથી આપણે કેવા ખરાબો થાય છે? એક બાળકને બજાત, બુંડી અને નાલાયક માતાને હાથ ઉછરવા દો અને તે માટે તેની તમામ જીંદગીમાર કોઇપણ ઉપાય મળી શકનાર નથી. એક માતાને બુંડી અનીતિવાળી, અને અસ્વચ્છ રહેવા દો; એક ઘરમાં કજીયોકંકાસ, ગડબડ અને અશાંતિ રહેવા દો—તો તે ઘર નહીં પણ દોજખ છે—ત્યાં સુખ નથી પણ હમેશનું દુઃખ અને શંકટ છે;—અરે તેની જગાએથી નાહસવું હ બરબાર સારૂ છે;—પણ અફસોસ, દયા હોજો તે બાળકો ઉપર જેઓ તેમાં ઘરમાં વસી મોટાં થાય છે; જેઓ અનીતિમાં ગબડી પડી ઓર વધુ સંકટનું બાજ થઇ પડી બીજાને. હેરાન કરે છે!

નેપોલ્યન જેવો લડવૈયો જોધ્ધો વારંવાર કહેતો હતો, "બાળકની ભવિષ્યની સારી અને માઠી જીંદગી સઘળી માતા ઉપર આધાર રાખે છે." અને પછી એનાજ બોલીતા શબ્દો ઉભરી આવે છે કે, "કહે નેપોલ્યન દેશને કરવા આબાદન, સરસ રીત એજ છે કે દો માતાને જ્ઞાન!" તે પોતાની સરફરાજ બુલંદી અને કૃતેહનો ભેદ એજ બતાવે છે કે તેની માતાએ તેની ઇચ્છા અને બાતિ વિશ્વાસ કેલવ્યો હતો તેની જીંદગીનો વરતાંત લખનાર કહે છે, "તેની માતા સિવાય કોઇ તેને તાબામાં લાવી શકતું નહીં; જેણી તેને નરમાસ, અને સખ્તાઇથી પોતા તરફ ખેંચતી; તેણીજીજ તે તાબેદારીનો સદ્ગુણ ચાખ્યો હતો;"

એક સ્કુલના 'રીપોરટ' ઉપરથી એક માતાની અસર બાળક ઉપર કેમ થાય છે તેનો અછો દાખલો મળે છે. તે રીપોર્ટ કરનાર મી. તરનેલ કહે છે,

"મને એક મોટી ફેકટરીમાં કહેવામાં આવ્યું કે ફેકતરીના મેનેજરો એક બાળકને નોકરી લગાડતા અગાઉ તેઓની માતાની ચાકચવણુ માટે પુછે છે, અને તે માટે જો ખાત્રી આપવામાં આવે તો તે મેનેજરો માને છે કે તે બાળક પણ કામદાર અને

તાબેદાર નીવડશે પણ તે બાળકના બાપ માટે કશું પુછવામાં આવતું નથી."

(૪૦મો રેન્ડ અને વેલ્સના પેરોડયલ સ્કુલ મુનીપન ના ઇન્સપેક્ટર મી. તદ્દનેલનો રીપોર્ટ-૧૮૫૦)

એવું ઘણી વેળા જોવામાં આવ્યું છે કે એક બાપ બીજું કારણે જો બાપ છાકટો થતો હોય, કઠણીય કંકાસ કરી હાડમાર કરતો હોય પણ જો માતા દાનાવ અને દુઃજનતદાર હોય છે તો તે કુટુંબ સારી રીતથી રહી શકે બાળકો સારી આબરૂવાળાં ઉપર છે. પણ તેથી ઉલટા દાખલામાં ઘરીબામ ભયાનક આવે છે. બાપ ગમે તેવો આબરદાર અને લાયકીવાળો હોય છતાં જો માતા ભુંડી હોય તો બચ્ચાંની ભારીબ્યતી ઉંચી નેકનામી અને કારકીર્દી ઉપર તર્ત્યાંજ ઘાંચુ વળે છે! એક માતા પોતાના ઘરના એકાંતમાં ચોલુ બંત અને ધીરજથી ચોલચલણના બીજ વાવે છે. એક ઔરત ગમે તેવી દાનાવ અને શીખેલી હોય તો તે ઘણી બાદેરમાં આવતી નથી પણ જ્યારે તેણી ના બાળકો સદગુણથી બાદેરમાં દીપી નીકળે છે ત્યારેજ તે ઔરતની ખરી કીમત અને પુખ્તી સમજી શકાય છે.

એ તો ખરું છે કે જે પુરુષ એક મરદ માટે આપણે તેની બાદેર જીંદગી માટે સમજયે છીયે તેમ એક ઔરતની ઘરની જીંદગી માટે બહું યા ઘણું સમજયે છીયે. અને એક ભલી માતાની નામના અને બાદેર ચિછાંન મોટાં ચીત્રો દોરવા અથવા મોટી ચોપડીઓ લખવા અથવા મોટા મોટા એલકાઓથી ચઢિથી છાતી ભરી નાખવા કરતાં ઘણુ ઉત્તમ અને ઉંચા છે. એક ફ્રેંચ લખનાર કહે છે, "એમાં તો કાંઇ શક નથી કે ઔરતોએ મોટાં ચિત્રો દોર્યાં નથી; મહાભારત પ્રમાણેનો ઢગલી કરી નથી; મહાન ગ્રંથો અને પુસ્તકો લખ્યાં નથી; સુંદર પુતળાંઓ કોતર્યાં નથી; તેઓએ મોટા હિસાબો કે સાયન્સની શોધ કરી નથી;—પણ તેઓએ એ સર્વથી કરતાં ઘણું અને મહાલાંત કામ કરી બતાવ્યું છે અને તે એજ કે તેઓનાજ પગો પાસ મોટી મહાન ચિત્રો દોરનારાઓ, ધમારત બાંધનારાઓ, પુસ્તક લખનારાઓ કોતરનારાઓ અને જંગી શોધો કરનારાઓએ પોતાનું બહેલું શીક્ષણ લીધું છે."

એજ ઉપરો લખનાર પોતાની ચોપડીમાં પોતાની માતા માટે માન અને મહોબ્બતથી લખી જાય છે. તે પોતાની માતાને "ઉત્તમ માતા" કહે છે અને ઉમેરે છે કે, "તેણી એક ફરેસ્તો હતો જેણીને ખુદાએ થોડા વખત માટે માણુસાઇ અવતાર આપ્યો હતો." અને તે પોતાની સઘળી નામના અને નેકી માટે તેણીનેજ આભારી લેખે છે. જોનસન જે એક ઘણેજ સખ્ખત અને કરડો હતો તે પોતાની માતાને કેવી મીઠી મહોબ્બતથી ચાહે છે તે જાણવા જોગ છે. તેણીએજ તેના મનમાં ધર્મ માટે પહેલવાં બીજ વાવ્યાં હતાં. પોતાની ગમે તેવી સખ્ખત ગરીબાઇ છતાં તેણીને રાહત આપવા તે બનતું કરતો; અને જ્યારે તેણી મરણ પામી ત્યારે તેણીનું નાનું કરજ અને મરણ ક્રિયાના પૈસા માટે તે બેટાએ પોતાનું નાનીયું પણ નાનું ફિલસુફીથી ભરપુર પુસ્તક "રાસેલસ" લખ્યું હતું. એ બેટાએ પોતાની ૫૦ ની ઉમરમાં પોતાની ૯૦ વરસની માતા ઉપર જે હાગળો લખ્યાં હતાં તે વાંચવા જોગ છે.

અમેરિકાના રાજદ્વારી છુટાપણું મેળવી આપનાર વોશીંગતન જ્યારે માત્ર ૧૧ વરસની વયનો હતો ત્યારે તેનો બાપ મરણ પામ્યો. તે મોટો દિકરો હતો કે જ્યારે તેના બીજાં પાંચ ભાઇ બેહનો તેથી તે નાનાં હતાં. પણ તેઓની માતા નેક ચાલચલણની, કરકસર વાલી અને ડાહી ઔરત હતી, પોતાના આ નાનાં બાળકોની સંભાળ, જતન, અને કેળવણીની ફરજ તેણી પર આવી પડી. તે ઉપરાંત એક મોટી એસ્ટેટની સંભાળ અને દેખરેખ હતી:—તે સઘળું તેણીએ મોટી ફતેહ સાથે બજાવ્યું, તેણીએ એ ફરજોને પોતાની દેખરેખ, ચોંપ, કાળજી, મહેનત અને દાનબ્રથી ઉપરી રીતે: પણ જે શીર કરતાં તેણી માટે મોતેબર સાબીત તો એજ હતો કે તેણીનીજ એકલી સંભાળથી ઉછરેલાં તે બાળકો નાનપણથીજ મા-બાપને જેમ આવે એવાં ઉપયોગી.

(જુઓ રપાર્કની 'લાઈફ ઓફ વોશીંગતન')

બદમાસ બરજોર.

એક ટુંકી વાર્તા.

લખનારઃ—"નાશાકરો કેકી."

લુણસીકુઇપર આવેલા "દાદાના કૉટેજ" માં આજે કાંઇક ખુશાલી વ્યાપી રહી હતી. લવજી શેહરીના એક પુરા લાડકવાયા બેટાની આજે સાલગ્રેહ હતી. લવજી અને તેના વડો ભાઇ સોરાબ છોટાપાણી લઇ પોતાનાં મનને રાહત આપતા બેઠા હતા, જ્યારે તેવણની સામેના સોફાપર તેવણનો નાનો ભાઇ બરજોર બેસીને ગુસ્સાથી વાત કરતો હતો. લવજી શેહરી નવસારીનો એક જાગીરદાર હતો. તેણે ઝીણી મલમલના સદરો પહેર્યો હતો અને તેની ઉપર ખમીશ પહેર્યું હતું. જ્યાં એ બેઠો હતો ત્યાં સુર્યના કિરણો પડવાથી ખમીશના બટનના હીરાઓ ઝગઝગી રહ્યા હતા. તેવણ નવસારીમાં એક સારા આબરૂદાર બ્રહ્મરથ તરીકે ઓળખાતા હતા. તેવણ ગરીબો તરફ માયાથી વર્તતા હતા, એટલુંજ નહીં પણ છુપો ધર્મ કરતા તે કોઇનેપણ માલમ પડવા દેતા નહીં. બીજા કેટલાક ખુશામતખાની માફક એવણુને માનચાંદનો અસબરો હતો નહીં. એવણુના મોટા ભાઇએ આફ્રીકાના નાતા લમાં લગભગ ૨૦ વર્ષ ગુજર્યાં હતાં, અને ત્યાંથી બે પૈસા મેળવી હવે પોતાના વચલા ભાઇ સાથે નવસારીજ આવી રહેલા હતા. જ્યારે એવણુનો નાનો ભાઇ બરજોર જે ૨૨ વર્ષની ઉમ્મરનો હતો, તેણે ગયે સાલજ મેટ્રીકની પરીક્ષા પસાર કરી હતી. તે પોતાના બેઉ ભાઇઓથી તદન ઉલટોજ હતો. તે લુગારી બરાબ સંગતનો અને ગરીબોને હીણવામાં એકકો હતો. તે પોતાની એવી ચાલ વિષેનો જરાપણ સંસારો પોતાના ભાઇઓના કાનપર જવા દેતો હતો નહીં. તેનામાં એક એવી ખાસ્યત હતી કે જો કાંઇ બોટું કામ થઇ ગયું હોય તો ઝટ પોતાના ભાઇઓ પાસ તે માફી માગી લેતો હતો, તેથી તેનાં બદકામો તેના ભાઇઓને તેમજ કોઇને પણ માલમ પડતાંજ નહીં. આજે ખુશાલીમાં વ્હીસકીની બાટલીનું તજ્યું લાવતાં તેના વડા ભાઇઓએ તેને પરણવા માટે કહ્યું તેથી સેજ બીજવાયમો આપણે તેને ઉપર જોવા આવ્યા. એટલામાં ડ્રોઇંગ રૂમમાં કોઇ દાખલ થયું.

"એ કોણ છે?" વ્હીસકીનું ગ્લાસ ટેબલપર મુકતાં લવજીએ પુછ્યું.

"એ તો હું છું." એમ કહી તેવણના મહોરદાર શીરીન અંદર આવ્યાં.

શીરીનના આવવાથી સોરાબ અને બરજોર ઓરડામાંથી ઉઠી બહાર ગયા.

"કેમ શીરાં!" લવજીએ પોતાની મીસીસને પાસે બેસાડતાં પુછ્યું. "કાંઇ ફરમાશ? કાંઇ હોકમ?"

"વરી હજુર પુછોજ! તમેથી અમથા કાંઇજ થયા?"

"ત્યારે બોલની શું જોઇએચ."

"મને કાંઇથી જોયતું નથી. મારે ફકત કહેવુંચ એ કે આજે દીકરા અદીને સાત પુરાં થઇ આઠમું વર્ષ બેઠું ને હવે એ જીસરાયાની નવજોત કરવી જોયેજે."

"હા હુંબી ઝજ વિચારમાં છું, તુંને આજે કહેવાનોજ હતો. આવતા હોરમજદ રોજે મારા બહેસ્તી ભાવાજીની બાજ છે તે દહાડો હાથમાં લઇ એની નવજોત કરીએ."

"ઓ વાય! તમેથી છેક અતીપર ધીક આવે ત્યારેજ બોલોચ. આજને તો આજથી ફકત તેરજ દિવસ બાકી રહ્યાચ!"

"તેમાં શું થયું?"

"તેમાં શું થયું? હજુર તો મારે કપડાં ચશ્મ વસાવવાનાં છે."

"હજુર તારાં કપડાં બાકી રહ્યાંય શું? પણ બારે તે બરીદાંતાં દેઢલા દિવસ લાગશે. જા, કાલ પરમ મુબાઇ જઇને લઇ આવ."

આખરે હોરમજદ રોજ અને તે બાજાનો દિવસ નકી. થયો. શીરીનબાઇ કાપડીયાની દુકાને સીધાંથી અને કપડાંનો એક નાનો જેવો કુંગર વસાવી લાંબા તોળી મરે આય રહી ગયું પેલું રહી ગયું કરી બીજા દેઢ-લાક ફેરા ખાઇ આવ્યાં. શીરીન જરા ગ્રેહડી હોવાથી કપડાં પાળ્યા. બેશુમાર પૈસા ખરચતી. જેમી નવી નવી ફેશનો નીકળતી તે તેણી ખરીદતી. આથી લવજી કોઇ કોઇ વખત લગાર તીખ્યો થઇ જતો હતો અને વારંવાર બેઉ જણાં આડી પડતાં હતાં. આખરે તે હોરમજદ રોજ આવી લાગ્યો.

* * *

આજે "હાર્કના ટોનિક" નો કાંઇ ઑરજ ભપકો છે. આખો બાગ ફીટસન લાઇટથી તેમજ તોરણોથી સપ્રકારાદર રીતે શણગાર્યો હતો. બેક તથા ઢોલીઓ પોતાના સુંદર સરોદો વચ્ચે પરોણાઓને રીઝવતા હતા, કે જેઓનું માંધું ખાઇ જતા હતા? વચ્ચ આગેથી સોકોની તેમાં ખુબસ કરી રંગબેરંગી સાડી-ઓમાં સજ્જ થયલી અબલાઓની આમદ શરૂ થઇ ચુકી હતી. દરવાજા આગળ બે મોમેદો, લવજી, સોરાબ, અરજેર અને શીરીન પરોણાઓને હસ્તે મુખડે આવકાર આપવો ઊભાં હતાં, જ્યારે માસ્ટર અડી એમથી તેમ બુશારીમાં પોતાના દોસ્તો સાથ મજાદ ઉડાવવામાં પડયો હતો,

તેવામાં પીરોજશાહ પટેલનું ઇંમીલી આવી લાગ્યું. તેજ કુંડુંજ સાથ એક બીજી અબળા પણ હાજર થઇ. તેણી કોણ હતી તે કોઇ ઓળખી શક્યું નહીં.

આ જુવાન અબળા આસરે ૧૮ વર્ષની લોભનમાં ખીલેલી હતી. તેણી સોટા સરખી સીધાં કદની, મોજરી આંખો તથા સોનેરી બાલવાળી એક ખુબસુરત નાર હતી. તેણીએ સુંદર પોષાક તેમજ મોંઘી કિંમતનાં ઝવેરાત પહેરેલાં હોવાથી કોઇ પૈસાદારની છોકરી માલમ પડતી હતી. આ નાજુક અબળાની ખુબસુરતી તરફ દરેક જણની નજર દીઠી દીઠીને જોતી હતી. નવજોતનો વંખત થવાથી ઇસ્તુરોએ તે પવિત્ર ક્રિયા કરી. ત્યાર બાદ મી૰ અને મીસીસ લવજી લેદરીને તેમજ માસ્ટર અદીને દોસ્ત આસનાવો તથા સર્વ બ્હારાંઓ તરફથી સારી પહેરામણી થઇ જે બધી અરજેર રાખતા હતો. ત્યાર પછી સર્વે જણ રીફ્રેશમેન્ટ લેવા ગયાં. ત્યાં પેલી ખુબસુરત બાંધુ પણ આવી, તેને અરજેર આદરસહીત તેમજ પ્રેમી વિગેરે આપ્યું તે તેણીએ હસ્તે મુખડે ઉપકાર સહિત સ્વીકારી. હવે અરજેર તે અબળા સાથ તરેહવાર વાત કરવા લાગ્યો. તે કોક વાતમાં એટલાં તો મશગુલ થઇ ગયાં કે રાતના સાત વાગ્યા તોબી તે કોકને ખબર પડી નહીં. તે બેઉની કંપની વાત કરતાં બાગમા એક એકાંત જગ્યાએ આવી લાગી, ત્યારે તેણીએ કાંઇ જુદોજ રંગ પકડયો. તેણી વાત કરતાં હસી હસીને એવા ચેન ચાળા કરવા લાગી કે અરજેર જેવા લુચ્ચાના પીરને પુછવું શું પડે! હવે તેણે તેણીને પકડી એક કીસ લીધી; તેણીએ તુરત ઝુમ પાડી અને તે લુચ્ચાના હાથમાંથી છુટવા બેચેનાઇ કરતાં તેણીની પતલી ગેલાની સાડીનું ચીરું નીકળ્યું; તેવામજ અરજેર ફીકરા પડી ગયો, ને તેણીને બાથમાંથી છોડી દીધી. તેણીએ છુટકા મેળવી તરત નેણ ફેરવી તે બદમાસને ધમકી આપી કે જો તેણીપર હુમલો કરવા માટે તેણીને એક હજાર રૂપીયા તેમજ તેનાં બાંધાંપરની હીરાની વીંટી નહીં આપશે તો તરત બધાંને કહેશે, તેમજ હુમલાજ આ મેળાવડામાં પોલીસ પાસ પકડાવી આબરૂના કાંકરા કરવામાં આવશે. હવેજ તેને ભાન આવ્યું કે એક નખરાંબાજ છોકરીના હાથપર બાપ ખાપ હુમલો કરવામાં પોતે ખરેખરૂં કાંચું કાપ્યું હતું. પોતાની આબરૂની ફજેતી થવાની બીકથી તેણીએ માંગેલી ચીજો તરત કહાડી આપી. પેલી છોકરી તો પોતાની ફતેહથી ખુશ ખુશ થઇ ગઇ અને પછવાડેના રસ્તા પરથી બહાર નીકળી ગઇ. અરજેર બાગમાંથી હવે પરોણાઓ આવ્યા ત્યાં તેના ખાસ મિત્ર ડાવર ગરાજ મલ્યો. તેની આગળ આ વાતનો બધો ખુલાસો કીધો, શાવક જે કે અરજેર કરતાં ચાર ચાસ્તી સરસ હતો અને તેને ઠગારા ઠોકોનો અરજેર કરતાં

વધુ અનુભવ હોવાથી તરત બેઉ જણ પાછલે બારણેથી બહાર પડયા અને પોતાની ભારે અક્કલથી વચ્ચે પેસી દમારી છોકરીને એક ખુણામાં ઉભી રહી પોતાનાં શરીરપરથી કપડાં ઉતારતી જોઇ, તો તે એક ખુબ સુરત છોકરો માલમ પડયો. તેવાજ તે બંને જણ સેને પકડવા દોડયા તેની અગાઉ તો તે છોકરો રસ્તા પર એક ચીઠ્ઠી ફેંકી ચાલાકીથી લેહેરીગેા માપી ગયેા. તે ચાઠ્ઠીમાં નીચે મુજબ લખ્યું હતું:—

ભાઇ બરજોર,

જો કે આ બધેા બનાવટી ફારસ મને લજવવેા પડયેા છે, તે તારાં ભલાંને ખાતરજ છે. તારી ખરાબ ચાલચલણ સુધારવાને માટેજ એમ કરવું પડયું છે. તું જાણીને ખુશી થશે કે હું કોઇ છોકરી નહીં પણ તારેા એક દોસ્ત છું. દલગીર છું કે મારું નામ તુંને જણાવી શકતેા નથી અને તું કદીએ જાણી શકશેજ નહીં. ભવિષ્યમાં ફરીથી તું એવી અટકચાળી કોઇપણ સાથ કરતેા નાં, નહીં તેા તારા એથીને બુરા હાલ થશે અને આબરૂ ગુમાવી બેસશે. માટે એટલાંજાજ તારી ચાલ ચલણુ સુધરે તેા સારૂં. જો તું સમજી હોય તેા તારે માટે આ બેાલ બસ છે.

લા૦ તારૂં ભલું ઇચ્છનાર,

એક દોસ્ત.

હજુર બીચારેા બરજોર જાણતેાજ નથી કે એ કેાણ હતું. તેણે ઘણીએ તજવીજ કરી પણ કશેા પતેા મલ્યેાજ નહીં. હવે દિવસે દિવસે બરજોરની ચાલચલણમાં સુધારેા થતેા ગયેા અને પેાતાની લાયકીમાં પેાતાના ભાઇઓ સાથ વધારેા કરતેા ગયેા. બરજોરની ચાલચલણમાં એકએક આવેા સુધારેા થવાથી તેના બીજા દોસ્તેાએ વિચારમાં પડયાય, પણ આ વાત કૃશ્ત તેનેા મિત્ર શાવક શરાફ, પેસેા ઓના વેપમાં આવેલેા જવાન અને પીરોજશાહ પટેલનાં કુટુંબ સિવાય બીજાં કોઇનાં પણ કાનપર આજ સુધી ગઇ નથી.

બરજોર પણ હવે પેસ્તનજી પાંડોવાલાની પીરોજ સાથે અદશેા છે, અને તેનાં લગન આવતા હોરમજદ રોજે "દાદના કૅટેજ"માં ભારે ધામધુમથી થનાર છે.

સખી કોણ? શાહ કે કુંવર?

એક દીવસ ઇરાનેાનેા એક શાહ પેાતાના કુંવર સાથે સહવારના ફરવા નીકળ્યેા. રસ્તામાં તેમેાએ એક ગાડાવાલાને પેાતાનું ગાડું કીચડમાંથી કાઢવાની કોશેરા કરતાં જોયેા. તેઓએ પણ તેને મદદ કરી ગાડું બહાર કાઢયું. ઉપકારના બદલામાં બેહેને ગાડામાં બેસાડી એક પીઠામાં લઇ ગયેા અને ઉલાસની "ઓફર" કરી. બેઉએ જે તે ઉપકાર સાથે ના પાડી, અને જતી વેળા શાહે એક ગીની અને કુંવરે બે ગીની તેને આપી. અલબત્ત ગાડાવાળેા આ બેઉને ઓળખતેા ન હતેા તેથી તેને આ વાત પેાતાના દોસ્ત આરનાથે આગળ કરવા માંડી. તેઓએ આ પરથી જણાવ્યું કે તે શાહ અને શાહઝાદેા હોવેા જોઇએ. "જે એમજ છે," પેસેા ગાડાવાલાએ ઉત્તું, "તેા રાજા કરતાં કુંવર ઘણેા સખી છે." અને આ બીના તેણે દરેકને કહેવા માંડી. જ્યારે રાજાએ સાંભળ્યું ત્યારે તે કાંઇક ખેદ પામ્યેા. અને જ્યારે તેજ ગાડાવાળેા તેને ફરીથી મલ્યેા ત્યારે તેને કહ્યું, "તમેા મારી સખાવત ઓછી માનેા છે એ ખરૂં. પણ જેમ તમારા બચ્ચાં ને તમાર કુટુંબ તમારી કમાઇ પર આધાર રાખે છે, તેમ મારી ઉપર રૈયતનેા આધાર છે અને લાખેા ગરીબેાને મારે પાળવા જોઇએ અને તેથી એક રાજે રાષ્ટ્રિક મારે સરખે સરખું આપવું જોઇએ. મારેા દીકરેા તેા હજી નાદાન છે તેને તેા મેાજશેાખ બહાલી છે. તેને કયાં કોઇની ફીકર છે? જોતેા ત્યારે વધુ સખી કેાણ!" એટલું બેાલી તે રાજા જે કોઇજ નહિ પણ જોર્જ ધી સેકન્ડ હતેા તેને એક વધુ ગીની તે ગાડાવાલાને આપી ચાલતી પકડી.

ન. સ. ગોળવાલા.

સરદી.



લખનારઃ—અરદેશર બેરામજી હોમાવજીર.

આ કાટેલ રોગ સેંકડો છોડી હજારોને જીંદગીએ હેરાન કરી આખી જીંદગી દરમ્યાન માણુસોને દુઃખી બનાવે છે, રીબાવે છે અને છેવટે જીંદગીનો નાશ કરે છે. ત્યારે આ સરદી એ શું ચીજ છે તથા તે કઇ રીતે માણુસાઇ શરીરને લાગુ પડે છે તથા લાગુ પડી તો તે નાબુદ થવાના શું શું ઇલાજને હોવા જોઇએ એ માટે કુદરતી રીતે આપણને કાંઇ જાણવાની ઉલટ થઇ આવે છે.

પ્રોફેસર રોઝનો પોતાની એક ચોપડી "Preventive Medicine and Hygiene" માં કહે છે કે આ સરદી, નજરો જોવી રીતે શરીરમાં શરીરને વધુ દુઃખ ન હોય એવું દેખાડતી માણુસોને લાગુ પડે છે તથા ધીમે ધીમે દુઃખનાં જોરમાં વધારો કરવો શરૂ કરે છે. શરીરમાંનો તેનો ફેલાવો એટલો ધીમો છે કે તેની સહેજ પણ અસર દરદીને પહેલાં લાગતી નથી પણ જ્યારે તે મક્કમ રીતે જડ ઘાલી બેઠું હોય છે ત્યારેજ દરદી પોતાની ભવિષ્યની હાલતનો ખ્યાલ કરતો થાય છે. આ સરદીના સર્જા બ્રહ્માંડોનાં નામ બોળખાં મુશ્કેલ નથી. તેઓમાં હાંસી, હાંફણ, દમ, ખડી, ન્યુમોનીઆ વગેરે વગેરે. હડીકાં દરદોનો સમાવેશ છે. જેઓ પાછળ દરદી પોતાના જાને તથા પૈસે ટકે ખુવાર થાય છે.

હવે આ સર્વ જીવલેન તથા સર્વ રીતે હેરાન કરનારાં હડીકાં દરદોનું મુળ સરદી કેવી રીતે દાખલ થાય છે. તે માટે સર્વ લોકોનું સામાન્ય મત શું હોય છે તે આપણે જોઇએ. આપણે સર્વ એમજ સમજીએ છીએ કે આ સરદી રાત્રે તથા દીવસે ગરમ કપડાં નહી પહેરવા કારજ તથા રાત્રે મુસાના ઓરડાઓની બારીઓ નહીં બંધ કરવાથી આપણને Drafts તથા Chill લાગે છે તેથી તથા ઠંડા પીણા પીવાથી આ સરદીનું મુળ રોપાય છે કેટલેક દરજ્જે આ ચાલની આવેલી માન્યતા ખરી પણ હોઇ શકે પણ દુનાના ચાલુ અનુભવો ઉપરથી આપણને જે શીખવાનું મલે છે તેથી આ માન્યતા કેટલે દરજ્જે ખરી છે અથવા તેની સત્યાણ કેટલે દરજ્જે માન્ય રાખની તે નીચલેા ખુલાસો લખી હું વાંચક વરગને મત બાંધવા સોપીશ.

સરદી, હાંસી, હાંફણ, ન્યુમોનીઆ, ખડી જેવા ભુરા દરદો, દીવસો સુધી બહાર ખુલ્લા જંગલોમાં ફરી ખાઇ મુઆ શીકાર કરતાં શીકારીઓને કદી પણ લાગુ પડતા નથી. આ કાટેલ દુઃખોએ Camp Life મુલ્કરતા લશ્કરી સીપહેસાલારો જેઓ બરફ અને વરસાદમાં ભીંજાતી પોતાની Camps માં મહીનાઓ સુધી રહે છે તેઓ તથા તરવાના હુન્નરથી કલાકો સુધી અંગ કસનારાઓ એ સધલાઓ ઉપર ગજબો કરેલો જણાયો નથી; ના એટલુંજ નહીં પણ ઘણાંજ ઉત્તર તરફના અતી ઠંડા મુલકોમાં આ દરદનું રાજ હોવાનું જણાયું કે વાંચવામાં આવ્યું નથી. તેથી પણ વધારે આગલ તપાસ ચલાવીએ તો જે મુસાફરો અને શોધ કરનારા ખેરખાહો Arctic તથા Antartic જેવા અકડાવી નામનારા મયકોએ Expeditions કરે છે તેઓ આ જીવલેન દુશમનોથી તદન નીરાળા હોય છે એવું આપણને બાપોકાર જાહેર મતોથી જંજાવવામાં આવ્યું છે, જો આથી તદન ઉલટું જ પાસ તપાસીએ છીએ તો આપણને જણાવવામાં આવે છે કે જ્યારે આવા મુસાફરો, શીકારીઓ કે લશ્કરી સીપાહો આવા ઠંડીવાળા ખુલ્લા મયકોની મુસાફરીએ ગી જ્યારે શહેરે શેરે પાછા ફરે છે ત્યારે તેઓ કોઇ કોઇવેલા સરદીથી પટકાય છે પણ જ્યારે તેઓ ખુદ ઠંકમાંજ વાસો કરતાં હોય છે ત્યારે તેઓને સરદીતો શું પણ તેઓના ગલા કે નાંકને પણ અસર થતી નથી કે નથી તેઓને

એક બેટી છીંક વતીક આવતી. ત્યારે આ માણસોમાં ચતો ગોર્યોતો ફેરફાર આપણને શીખવે છે કે જ્યારે તેઓ ખુલ્લી હવામાં તથા ખુલ્લા ઠંડા ચોગાણોમાં રહેતા હતા ત્યારે તેઓને અતી (Pure) ઓક્ષ્જી હવા દમમાં લેવાની મલતી હતી તથા તે ઘણા જહોમાં ને પ્રમાણમાં તેઓને મલવાથી તેઓના શરીર લોહીના અતી સાફ બનવાથી ઓરબી બેરાવર તથા તંદરસ્ત બનતા પણ જ્યારે તેઓ વરતીમાં પાછા દાખલ થતા કે રૂતુ તથા હવાના એકાએક બદલાવાથી તથા તદન ઓક્ષ્જી હવા શ્વાસમાં લેનારા તે લોકો થોડી ઘણી ઝેરી હવાના સમાગમમા આવવાથી તેઓ ઉપર સરદીનો ગલબો થતો હતો.

શહેર મધે રહેનારા લોકો વરસાદથી ડરી જાય કે ઠંડીની રૂતુમાં પડતા ધુમસ યા દયથી ગભરાઇ જાય ઘરના બારી બારણાંઓ ખસુસ કરી રાતની વેલાએ મજબુત ઢાંકે છે એવા ખ્યાલથી કે રખે તેઓને Chill લાગે યા રખે તેઓ પવનના Drafts ના સપાટામાં સપડાય એટલાંથીજ ન વસતાં તેઓ વલી પોતાના બાળકોને ગરમ રગમાં બરાબર લપેટવાની કાળજી રાખે છે તથા પોતે પણ મોંટાવેર બંદુસ રંગ ઓઢી થંડીથી પોતાનો બચાવ કરવા દરસ્ત છે પણ આ કેવી હાણીકારક માન્યતા છે તે આપણને ઉપર જણાવેલી અતી ઠંડી રૂતુવાલી હવામાં વસનારા તથા મુસાફરી કરનારાઓની તનદરસ્તી ઉપરથી ખુલ્લી સમજાય છે. ખરી બીના તો આ છે કે સરદી એ સહીએડ, ગોવરાં કે બીજાં ઉડતાં દરદો માફકનો એક ઉડતો રોગ છે. આ રોગો કેટલી હદ સુધી ઉડતાં રોગો ગણાયલા છે તેનું વર્ણન કરતાં એક લેખક કહે છે કે દુન્યાના કોઈ પણ ખંડમાંના દેશમાંથી આ રોગના જંતુઓ કાગળપત્રો મારફતે બીજા કોઇપણ ખંડના કોઇ પણ દેશમાં ફેલાઇ શકે છે. બીજા સાહેતી જે મંગે છે તે આ છે કે સરદીવાલાં સબસાં દરદે.નું જોર પણ બીજાં ઉડતાં દરદો માફક ચોકકસને વખતેજ ઉભરે છે. ત્રીજી સાબેતી એકે એક ઘરમાં વસતાં આખાં કુટુંબ ઉપર, યા એક નિશ્ચે જતાં થોડાંક બાળકો ઉપર આવા સરદીવાલાં દરદોનો ગલબો સામટો થાય છે. આ સગળી સાબેતીઓ આપણને જણાવવાને પુરતી થઇ પડે છે કે સરદીવાલા સર્વ રોગોને હવા સાથ યા કોઇ પણ રૂતુ સાથ ઘણો મોટે ભાગે લાગતું વળગતું હોતું નથીજ. પણ ખુલ્લી હવા તથા વધારે થંડીવાલા દેશોમાં રહેનારાં માણસોનાં શરીરો આવાં સરદીવાલાં દુઃખ દરદોથી મોટે ભાગે નીરાળા હોય છે.

ત્યારે હવે આપણે એ માટે શું કરવું જોએએ? મેલેર્યા નહી આવે તેની સંભાળ માટે આપણે મચ્છરોને મારી નાંખીશું. તાઇફોઇડથી બચવા માખીઓનો નાશ કરીશું પણ આ કરોડો જંતુઓ મારવું એ એક કામ છે જે કરતાં વધુ અગત્યતા આ સરદી અને સરદીથી ઉત્પન્ન થતાં દરદોનો નાશ કરી તેથી બચવાની છે.

ઇલાજ ઘણોજ સાદો, સહેલ્લો ને સુતરો છે. માત્ર તે અજમાવવાની તથા તે અજમાવવા કાજ થોડીક શ્રમ વેઠવાની જરૂર તથા બેાડી છે.

શરીરની દોરસ્તી જેટલા અને તેટલા પ્રમાણમાં મેળવવાની તથા જાળવવાની યુક્તિઓ કરવી આ માત્ર એકલેાજ ઇલાજ છે કે જે આપણને આવાં દુઃખ દરદોથી બચાવશે એમ મોટાં ડૉકતરોના મત પડી ચુકયાં છે. આ ઇલાજ અજમાવવા કાજ નીચલા નીયમો જાળવ્યા તો જરૂરજ ઇલાજ સાદો, સુતરો ને સેહલ્લો જાણવો. ૧. તદન ખુલ્લી હવામાં સવેળા વખત ગુજારો, તથા રાત્રે નીદાવસ્થા પણ તદન ખુલ્લી હવાવાલા ઓરડામાંજ થાએ. ૨. સરદીના અથવા સરદી વાલા કોઇ પણ રોગથી પીડાતા દરદીથી બને તેટલા વેગળા રહો. ૩. તમારી જાતી તેમજ ઘરબારુ સ્વચ્છતા જાળવો. ૪. કસરત અથવા અંગને અતી મહેનત પડે એવો શ્રમ કરતાં શરીરને કેળવો.

આમાંનો પહેલો નિયમ પાળવાથી આપણા શરીરનું જોર અને Resisting Power દુઃખ દરદ સામે ટક્કર મારવાની શક્તિ વધે છે; શરીરમાંની નકામી તથા ઝેરી ચીજો બળી જઇ તેનો નાશ થાય છે; રોગ ઉડવાનો ભય ઓછો બને છે; માટે તાજી, ચોખ્ખી હવામાંજ બેસવાની, ફરવાની, તથા સુવાની તજવેજ પાડો. અને તેનાથી કોઇ પણ દુર જવાની

તજવીજ ના કરો તથા તેનાથી કયી રીતે ડરો ના. બીજો ફાયદો લગાર શક્ય ઉત્પન્ન કરે છે કે શું આપણા ઘરમાં બહારથી આવતાં દરદોથી પીડાતાં હોય તો તેઓને રખડતાં નાંખવાં? નહીં આમ કહેવું જોજ નહીં—પણ બનતી તજવીજથી ઘણો વખત તે માણસના સમાગમમાં ન રહેવું એ સલામતીભર્યું છે. તેઓના શરીરમાંથી નીકળતો પરસેવો, તેઓના દમમાંથી બહાર નીકળતી ઝેરી હવા-તથા, તેઓની ચુક, ઝાડો પીસાબ વગેરેથી વધુજોર ચોકવાનું તથા બીહવાનું કારણ છે કે જેને હજારમે દિવસે પણ ખુલ્લી હવા તથા ચોગાણથી બીહવાનું કારણ નથી. ત્રીજા કાનુનની અગત્યતા વિષે આટલું કહી શકાય કે જાતી સ્વચ્છતાઇ, નાહવાથી તથા વારે વારે શરીરના ખુલ્લા ભાગો સાફ કરવાથી રાખી શકાય છે, બ્યારે અંદરખાનેની જાતી સ્વચ્છતાઇ અંગકસરતથી રહે છે. વસ્તુત સ્વચ્છતાઇ વગર જાતી સ્વચ્છતાઇની શ્રમને પણ ઘણુંજ દરજ્જે પોંહોચે એમ છે. ચોથા નીયમમાંની અંગકસરત શ્વાસોશ્વાસની ક્રીયા દ્વીયાને લીધે આખું સર્વ ઝેર બહાર કાઢે છે અને એ રીતે લોહીને સ્વચ્છ બનાવે છે. જેનું લોહી સ્વચ્છ તેનું શરીર સ્વચ્છ, આ રીતના ત્યારે નહીવા પણ શ્રમ પડે એવા નીયમો કાઢેલ દરદના મુળોને જડ બાલતાં અટકાવે છે. જો તેઓથી બચવું જોજ હોય અને મુખ્યકારી ભરી સોહાયપોગી જીંદગી ગુજરવાની ખરી ખાહેસજ હોય તો તીચક્ષું વાંચી તે અમલમાં મેળો અને જીંદગી સુધીનું સુખ સંપાદન કરો.

૧. ઘર બહારની હવા ગમે એટલી બેજવાલી હોય યા પવન બહાર ગમે એટલો જોરથી ફુંકાતો હોય તો પણ બારી બારણા ખુલ્લાં મેળો.

૨. મોંહ માથું ઢાંકો, સુવાની આદત ઊઠી દેવો.

૩. ઠંડી હવા યા વરસાદમાં ફરવાની તથા ઠંડા પાણીએ નાહવાની આદત પાડો.

૪. જબરી અંગ કસરત ચાલુ કરો.

૫. છાતી ઉપર બને એટલાં ઢીલાં અને ઓછાં કપડાં રાખો.

૬. જે ઓરડાઓ ગીચ હોય યા જેમાં ઘણા માણુસનો વસવાટ હોય ત્યાંથી દુર રહો.

૭. બરદીવાલાં યા બીજાં દરદથી પીડાતાં દરદીઓનાં ઘણા સમાગમમાં જતાં અટકો.

એક સલાહની કીમત કેટલી?

He who can take advice is sometimes superior to him who can give it. VON KNEBEL.

આગલા જમાનાનો એક રાજો પોતાના શેહાક સાથીઓ સાથે એક દીવસ ફરવા નીકળ્યો હતો. રસ્તામાં તેને એક દરવીશ મળ્યો, જેની સાથે રાજાએ ઘણુંક પ્રકારની વાતો કરી છુટા પડતી વેળા તે દરવીશ બોલ્યો કે "જે કોઇ મને સો સીક્કા આપશે તેને હું એક સારી શીખા મણ દઇશ" આ સાંભળી રાજાના સાથીઓ હસવા લાગ્યા અને તેના ઉપર ટીકા કરવા માંડી પણ રાજા દુર અંદેશ હતો, તેથી તેઓને તેમ કરતાં અટકાવ્યા. પછી ફકીરને સીક્કા આપવા ફરમાવ્યું. સીક્કા લઇ તે દરવીશ બોલ્યો.

"નામવર શાહ! મારી સલાહ છે કે એકાદ કામ કરવા અગાઉ તેનું શું પરીણામ આવશે તેનો વિચાર કરવા વગર તે કામ કદી કરતા ના."

બીજાઓને મનથી આ દરવીશ ધુતારો ગણ્યો અને રાજાએ આટલા શબ્દો માટે સો સીક્કા આપી દીધા તે માટે પણ ઘણી ટીકા થઇ. રાજાએ એવા ટીકાતી દરકાર નહીં કરતાં પોતાના મેહેલના બારી બારણા ઉપર અને તમામ બારવટાની ચોન્ને ઉપર સખ્તે ટેકાણે ઉપરા છાપરા કોતરાવ્યા. આ બનાવને શેકાક મહિના થઇ ગયા એ દરમ્યાન ઘણીક ઉંદ્રામાંદ્રાલ થઇ રહી. ટેટલાક ઉમરાવોમાં બેદીલી જાગી. એકે તો રાજાનો જીવ લેવા વિચાર કર્યો. આવા વખતમાં રાજા સખ્ત માંદો પડ્યો. કાબેલ તબીબોએ તેની કસ ખોલવાનો વિચાર દર્શાવ્યો. આ વાત પેલા ઉમરાવને કાને ગઇ એક તબીબને લાંચથી ફુસલાવી એક ટેરી ખજુર વડે રાજાની કસ ખોલવા ફરમાવ્યું. સારી જેવી રીત મળવાના વિચારમાં તે તબીબે આ કામ કરવા માંજે ઉઠાવ્યું.

નક્કી થએલા દીવસે એ તબીબ રાજા આગળ આવ્યો. લોહી ઝીલવા માટે એક તસ તાં મુકવામાં આવી. જેવો તે તબીબ પેલાં ખજુર વડે કસ ખોલવાની તૈયારી કરે છે કે તેવીજ તેની નજર પેલી તસપર કોતરેલા આકારોપર પડી. તેણે શું વાંચ્યું? "એકાદ કામ કરવા અગાઉ તેનું શું પરીણામ આવશે તેનો વિચાર કરવા વગર તે કામ કદી કરતો ના." આ વાંચતાંજ તે વિચારમાં પડ્યો, 'આ કામ જો ફકીર તે રાજા મરી જશે, તો મને ફાંસી મળશે તે મને તે સીક્કા શું કામ આપશે. ના, મારે રાજાને બચાવવોજ જોઇએ.' આ વિચાર સાથે તેણે તે ખજુર બાજી નાખ્યું. રાજાએ આ જોયું, ને તેમ કરવાનું કારણ પુછ્યું. તબીબને શું કરવું તે સુઝ્યું નહિ પણ રાજાના અભય વચનથી તેને કહેણી હકીકત કહી સંભલાવી. પછી કહેણી પ્રીતુરીઓને સજા કરી અને પેલા સાથી-ઓની અને ટીકાકારોની ખાત્રી કરી આપી કે ઉપલી સલાહના સો સીક્કા કુરુ વિસાદમાં ન હતા.

ન. ર. ગોળવાળા.

ગ્રે ફાલકન.

(ચાલુ વાર્તા)

લખનાર:—મીસીસ જરબાનુ મેહરવાનજી કોઠાવાલા.

પ્રકરણ છઠું.

લેડી ફ્રેસીસના લગનમાં અચાનક વધન નડ્યું અને દગાખોર પીએરી પોતાના જેવાજ પાપીઓ સાથ તે છુપાં લગનની નહાની મીજલસ ઉપર તુટી પડ્યો અને એક પક્કારમાં ઠેકાઠોક કાસટલમાં ખુના મરકી ચાલી રહી. લેડી ફ્રેસીસ જેથી બચી જવા પામી હતી તેથી એમાબ્રેસે તૈયાર કરેલાં પેલાં ઝાડવાલાં છુપા મકાનમાં જઇ ઉતરાઇ ત્યાં એમાબ્રસ એક જખમી જવાનને લઇ આવ્યો ત્યાં સુધી આપણે વાંચી આવ્યાં.

લેડી ફ્રેસીસનાં મકાનમાંથી તેણીને ઉપયોગી થઇ પડે તેવી કેટલીક ચીજો એમાબ્રસના આદમીઓ ઉઠાવી લાવ્યાં હતાં તે પેલાં છુપાં જોયરામાં ગોઠવી રહી એમાબ્રસે પેલા જખમી જવાન તરફ ધ્યાન આપ્યું. તે મોહત જેવી બેહામીમાં પડેલો જણાતો અને ઘણી મુશ્કેલીએ દમ લેતો હતો.

"અરરર, ગરીબ બીચારા, મને ફકર છે ફ્રેસીસ કે એની ઉપર ઘણી સખત બીમારી ગાલેબ આવશે પણ હું ખરાં દીલથી એની મદારત કરશ, કારણ આવા બ્હાદર નેકદીલ જવાનો ઘણા થોડા હોએછ. મે એને પેરીસમાં એક દુલ્લડની રાતે પેહેલવેહેલો જોયો. એક ઉમરાવ ખાનદાનના બીજાપની આસપાસ દુલ્લડખોર આસામીનુ ટોળું ફરી વળેલું હતુ અને તે હીયકારાઓ તે હથીયાર વનાના ધર્મ ગુરૂને ગમે તેમ હેરાન કરતા હતા ત્યાં આ જવાન વગર હથીયારે આટલા બધા બીકાલ દુશ્મનો વચ્ચે તે પાદરીનો બચાવ કરવા ધસી ગયો એ દેખાવ કદી હું ભુલશ નહી. કેવો શુરવીર, કેવો દીલસોજ, મારૂં હેત એકેદમ એના તરફ ઢોડ્યું; પોતાની જબરદસ્ત મુકીઓ ચોગાલુએ ઘમ-ઘમાવી તે પેલાં ટોળાંને થોડો વખત બાલુ કરી શકયો, પણ કેટલોવાર તેમ થઇ શકતે! તે ટોળાંમા હથીયાર બંધ બનેલા ખુની દીલના જખમો હતા જેઓ એવું નાહક ખુન રેડવા જરાપી ડરતે નહી હું એકદમ તેઓ વચ્ચે જઇ ઉભો મારા હુકમને તેઓ તાબે થયા અને વીખેરાઇ ગયા; ત્યારથી મને આ જવાન ઉપર અજબ વ્હાલ આવેછ, કારણ એની બીજી એવી બ્હાદુરી પણ ત્યાર પછીથી મારી નજરે પડીછ. અને હવે ફ્રેસીસ, શું આપણે આવા નેકબખ્ત જવાનને મરવા દઇશું?"

"નહી, કદી નહી, હું એની સારવાર કરવાનું મારે માથે લઉંછ."

એમાબ્રસ સેહજ ફીકકું હસીયો.

"હવે મારે જવું જોઇએ, વખત ઘણો કીમતી છે. પીએરી જ્યારે જાણશે કે એકેબી એમુક દાગીના તેને માટે રહ્યો નથી ત્યારે તે કેટલો દુષ્ટ પંદ અફાલી મેલશે. મારાં બચ્ચાં, તારા આ બ્રમ્હાની નીચેથી હું જોઇ શકું છે તારાં બાનદાની ધરેણાં બધાં તારા આંગ ઉપર છે. તેમ વળી પેનાની બીક-કતો વેચી જે એમુલ્યા હીરા કાઉન્ટે ભેગા કીધા હતા તે તેની કમરબંધે બાધિલા હતા તે હું બધાં ઉતરી લાયોછ અને તે મારી પાસ છે, તે બધું હું તારે માટે સાચવી રાખ્યા એટલે બ્હાલાં બચ્ચાં આટલી બધી બદબખ્તી છતાં હુજુર તું ઘણી માતબર છે, પણ મારે હવે જવું જોઇએ તેટલાં તું બીચારા આ જખમી જવાનને સંભાળજે."

થોડાજ વખતમાં એમાબ્રસ ઢાંકેલો ઢાંકેલો પાછો આવ્યો.

તે નાપાકો પાછા ફર્યાંછ તે હું જોઇ શકીયો.
ા સાથીઓને ગે મોકલી આપીયાછ—આ
હું તુને શું કેહું તુને ખબુ દુખ લાગશે પણ
કહેવું જાઇએ. ઉમરાવોની મોટાઇ તરફના તે
ા ધીક્કારને રસ્તો આપવા તેઓએ તાજ આપીકુ
ને સલ્તાની મુકયું છ. ગરીબ અચ્ચાં, તારો મહાલ
ની બુલંદી જમાનાઓ સુધી નીલી રેહ તેવી ગુંજ
ર હતી તે ઉપર એક છેલ્લી નજર ફેંકની હોય તો
આત મારી સાથે ખ્હાર આવ."

લેડી ફેલીસની સમજવાની શકતી ગેાયા સુન
મારી ગઇ. માબાપના કમોહત પછી આ બાપીકા
મીલકત ત્યાં તેણીએ આટલી આટલી અાહોજલાલી
ભોગવી હતી તેનાં નાશની માહેતમે તેણીને વધારે
સાહસવંત બનાવી મુકી. એમાઇએ તેણીને હાથ ધરી
માયાથી ઉઠાડી અને તેણી ચુપચુપ તેણી સાથ
ખ્હાર ગઇ.

આહા! તે ત્રાસદાએક દેખાવ! તારાં સેતારાથી
આ ધરતી ઉપરની દુરસ્ત જેવા આતરી ભલુકના
એળા હેઠળ પ્રીક્રા મારી ગયા હતા, જે અહોા
જલાલી ભરયાં મહાનમાં તેણીએ પોતાના પેદાશને
પેહલો રોશન રોજ જોએાયેા, ત્યાં તેણીએ પોતાનું
તમામ બાળપણ ખુશ રમતમાં કાટેલું જે હવે
પકીથી વંસ પરમપરા તેણી પોતાની મીલકત બનાર
હતી તે આ તેણીની નજરમેા સનમુખ ખાક બરાબર
મલી જતી હતી. મીનારા પછી મીનારા અને કંગુરા
પછી કંગુરા ભરામ થતા ગયા અને ગરીબ ફેલીસે
દુઃખથી પોતાની આંખેા વીચ્ચી દીધી; એકાએક એક
જબરો કડાકા થયેા અને ગરીબ ફેલીસે તે દમાગી,
મહાલને પોતાનું બુલંદ સર જમીનદોસ્ત કરતાં જોયું કે
તેણી તમ્મર આઇ એમાઇનના ખભાં ઉપર ગબડી પડી.

"ચાલ મારાં ફરજંદ, એમ કાંઇ બેાટાતાલાનેા
હુકમ" તે ફેલીસને માથાથી પાસામા દાબતાં બેાલીયેા.

"ચેાલેા!" એક બેાખરા અવાજે એકાએક
તેઓ વચ્ચેથી પુડી નીકલતાં તેણે ગગડાટ કર્યાં "મને
જબ્બુયેા એકદમ કે કેાણ આ બદબખ્ત ઉમરાવેાના
મહાલને ગંધીથી જોતું ઉડાડે છે!"

એમાઇલે બજબુત હેાઠ ભીડયા અને ફેલીસને
એક ખ્હાનાં પંખેરા માફક પેાતાના હાથેામાં ઉઠાવી
બીજલી માફક ઝાડીઓમાં ઝેાકાવ્યું; એક છત્ર સ્ટેા
સટની ગીનેટ અને પાછળ આવતાં પગલાંથી વધારે
છત્ર ઉપર આવી એમાઇલ પેાતે જખ્મ છેાડી સાથ
સલામત ઝાડની અંદર ઉતરી પડયેા.

તેઓને આમ અચબુચ ગેબ થએલા જાણી
પેલાએ ખ્હારથી એક મેાટી બરાડ મારી

"પાછેા એકવાર હું સજ્જડ ઠગાયેા તેમેા કેા
ઉમરાવ ખાનદાનનાંજ હેાવા જોઇએ નહીંતર એ
ખ્હાસતે નહીં; હું કેપ્ટન પીઅેરી આગલ પાછેા જ
આ આખું જંગલ કુદારી મારૂં તેજર રહુ" એ
એમ બબડતેા ફરૂતેા ને ચાલી ગયેા.

"આપણે અહીં તદ્દન સલામત છેયે." ફેલીસ
ઠંડા મારી ગએલા હાથેાને મસલીને ગરમી આપતાં
બેાલીયેા "છ માસ સુધી આસે એટલેા સુકેા પણ
બેારાક મેં અહીં ભરી મુકીયેાય અને પાણીના પીપ
ભરપુર છે, તે સાથે વળી પાણીનેા ઝરેા કાંઇ અ
દુર નથી હું રાત રાતના ભરતેા જવસ અને
મારા ગરીબ અચ્ચાં હેંગેાડાક કાસ્ટલ તેમજ
માલેકનેા નાશ થયેાછ, તેઓની વારેસ તું છેવેજ
તારી પુંઠેબી કેટલાંક આદમીઓ તાંપી રહયાંછ,
આ દુષ્ટ વખતમાં અમારી વંશની કેદેબી સલામ
માટે માફ માની તું બી એક સાથ લેાકનું
હેાએ તેવું એક સાદું નામ અખ્તયાર કર. મારી
બેાકરી હું જાણી શકું છ કે તુંને કેટલું જ
થાએછ તે છતાં તારી હીમતને આફીન દે."

"તમેાને જે ગમે તે નામ મને આ
'તમે જેમ કહેશેા તેમ કરવાને મને કબુલ છે"
નરમાશથી જવાબ દીધેા.

"ત્યારે હું તારૂં નામ કલેાટીલ્દા રા
નામની મારી એક ખ્હાની બેન હતી હું બ
વશ કે તું મારી બેનની બેટી છે અને મારે
મીત્ર બી તુંને મેડમેાજલ કલેાટીલ્દાને નામે
બેાલશે. અરેરે હું ઘરડું છું કે બે બીચા
સાહસે થવા પામે. હવે કલેાટીલ્દા તું

ગ્રે બેટા, તેટલાં હું ફરી એકવાર જરા બહાર જઈ આઉં"

આ બહાદર શખ્સ એટલું બોલી ફરી બહાર પડ્યો. તેને પોતા માટે તો જરાપણ દેહશ્રત ન હતી કારણ તે પારીસમાં પ્રખ્યાત થએલો "ગ્રે ફાલકન" પોતે હતો. તેને જોતાં દરેક આમ વરગ તેનો હુકમ બજાવવા ગુંહણીએ પડતાં કારણ તેને દરેક હુલ્લડખોરોને એમ જાણવા દીધું હતું કે તે પોતે તેઓની પરદેશનો હતો અને પ્રજાસત્તાક અને છુટાપણાંનો પરદારી તેને ઘણી પસંદ હતી. આથી આમ લોકો તેના ઉપર છત્ર કુરબાન કરતાં અને તેના એક સખુન કાયદા માફક તેઓ અમલ લાવતાં. લોકોને આ પોતે પોતા તરફ એવી સખી ગ્રે ફાલકન છુપીથી દયાળી અને ઉમરાવ કુટુંબોને મદદ કરતો અને પુક અમીર ઉમરાવોને ફેંચ પ્રીન્સો અને અમીરી ના કારડીનલો અને બીશપો આ એકલા એક ફ્રાંસની મોટી સત્તાને લીધે છુપીથી બચીને ઈંગ્લંડ પણ જવા પામ્યા હતા. તેનો મોટો હેતુ રાજા લુઈ અને તેની પરણેતર રાણી મેરી એનેટને તેના બાળકો સાથે બચાવવાનો પણ કમનસીબે તે આ તરફ રોકાઈ ગયો અરસામાં હુલ્લડખોરોએ બીચારાં તે બદબખ્ત પરણેજ કરી દીધાં હતાં એટલે ગ્રે ફાલ્કન્હારથી તો તે બાબે ખુશીજ બતાવતી પડી. તે પોતાના પવીત્ર દીલથી જે જાનુ તરફ રહયો હતો તેનાં ઉમરાવી મકાન ઉપર ના બીહા વાદળાં ઘેરાતાં જાણી તે અહી બચાવમા રોકાયો હતો, પણ અફસોસ તે માત્ર ળકી ફ્રેંચીસનેજ બચાવવા પામ્યો. કાઉન્ટેસ ા દુઃખી ઉંમરથી આ પીત્રતન સખસની દુઃખ ગોથા ભરી ગઈ હતી, માત્ર તે ફરજને જોડે જીવતો હતો. પણ ફ્રેંચીસને બચાવી એ નાની સુની વાત ન હતી કારણ પ્રજામાં ખ્યાત ઉભો કરનાર ફ્રાંન્સમાં પ્રજાસત્તાક પેરવી રચનાર કમ્પ્રે દીવના રોજસપીયરે ની ખાનદાનનાં આસામીઓનાં માથાં દીડ મોટાં મોટાં ઇનામો ફાડીયાં હતાં અને એ વધી મોટા ખાનદાનના નામવર આસામીઓ જનુની હાથે દયાદીલુ રીતે રેદ્દસાદ જતાં હતાં. આ ફ્રાંસની ધર્તી આ નીરદોષોનાં ખુનથી દુઃખી ગઈ હતી અને તેવી વેળા ત્યારે લેડી ફ્રેંચીસને અ રાખવી એ ઘણી મોટી મુશકેલીનું કામ હતું.

એમાંઈને મધ્ય રાત્રીએ પાછો ફરતાં તેણે જો કે પોતા જખમી જ્યાન ભર ઉંઘમાં પડયો હતો અ લેડી ફ્રેંચીસ પાણીનો કુંજો પોતાની બાથમાં ઝાલી રાખી બેહદ થાકથી ગીરફતાર બનેલી ભારે ધ્યાનમાં જમીન ઉપરજ પડી હતી. એમાંથી ત્યાં બારણાને અઢેલીને બેઠો. આજના ઉપરા સાપરી બનેલા ગમખ્વાર બનાવોથી તેનું મગજ ચકરમ બની ગયું હતું એટલે તેને ઉંઘ આવી મુશકેલ હતી. કાઉન્ટેસનો દેખાવ તેની ચશમો સનમુખ આવીને ઉભો રહેતો અને તે જોરાવર બદનના સખસનું બીતર ગમની ઢાપણી ધુજ રહેતું.

બ્હારથી, કોઇનો ધોધારી મોટો અવાજ આવ્યો. "પેપીન, તું કોઈ ખરોખરો મુરખ છે." પીઝરીને સાહદ એમાંથી ઓળખ્યો.

"તેં શું કામ એકદમ બંદુક છોડીને તેને મારી નહી નાંખીયો. આપ કંગાલ ઉમરાવના નેહસ્ત એકદમ તરફ ગભીરી જોતો ઉભેલો હતો એમ તું કહેછ ત્યારે તો નકકી જાણવું હતું કે તે કોઇ ઉમરાવ ખાનદાનનોજ હોવો જોઇએ અને ત્યારે તેં એકદમ રીવોલવર કાંધ નહી છોડી? પેલી દુકનીની મારા હાથમાંથી છટકી ગઈ અને કાઉન્ટે કાંઇ સમ્બ્યો કુપનના દીસ મોતી સંધરી રાખવાના તેનોપણ મને પત્તો મળીયો નહીં. એ કહાં ગુમ થઇ ગયાં હશે તેની મને સમજણ પડતી નથી; પણ હું આકાશ પાતાલ એક થાએ ત્યાં સુધી મારી શોધ ચલાવશ; એ લોકો કેટે અહીંજ છુપાએલા હોવા જોઇએ. હલુકર હું પેરીસ જવાર નથી એ દુકની અને એનો બચાવનારો કોણ એ માણસો તેને હું શોધી કાઢું તેજ રેહું. પણ પેપીન, તારી આગે છે કે મેં આજ સુધી થોડી થોડી કરીને જે સોનાની પેટેટા અને ચાંદીકામ લાવીને અહીં ભોંયરે દાટી

ચર્ગમાં પર્ય
હોઈશ. પા
"પા?"

અમા
મારી તદન ખાત્રી છે માંન્યો. પીએરી કે આપણા
પક્ષ, એમાં કોઇ દગાખોર નથી. આપણે આટલી મહે-
નત કર્યા મેળવ્યું હતું તે ઉઠાવી લઇ જનારની
એજ આસામી હોવો જોઇએ. માટે માનો તો તમે
અહીં એક ટોળાશ રાખો જેઓ આ જંગલનો કણ્ણે
ક્રોતડીવત્ત પોતા હસતક રાખે." એક બીજે અવાજ
બોલીયો.

"આપણે તેમજ કરશું, પણ અહીંનાં ખેડુતો
ઉપર જરાણી ભરૂસો મુકાએ તેમ નથી કારણ એ
મા ડોકરી અહીંનાં ખેડુતોને ઘણું ખ્યારાં હતાં—"
પીએરી બોલીયો.

"પણ પેલો બુઢો જેનેટ કર્યા છે તેની ઉપર
ઘણી ચોકાસીની નજર રાખવાની જરૂર છે" પેરીન
બોલીયો.

"હા તેમ છે ખરૂં, અને તેથી મેં તેને મારી
નજરેથી દુર નથી રાખીયો; સેડી ફ્રેન્ચેસની દાસી વીકટર
જખમી થયને પડ્યાની તેને એ ઉપાડી જતોતો અને
મારી પાસ કાકલુદી કરવા આવેલો કે એટલી વીકટ-
રને તેને પોતાને મકાને લઇ જવા દેવી અને
જે તેને તેટલી રજા આપીજ હતે એના શેઠ શેકાણી
ચુવાં એટલે એનો કોણ ભાઇ પુકેજ પણ પેપીન કાલે
સવારે હું અહીંનું આખું જંગલ ફુંડાવશ" અને
તેઓ ચાલીયા ગયા.

"તારા કરતાં ગ્રે ફ્રાલકનની આંખો વધારે તીણી
છે આ પાપી પીએરી" એમાંથી પેતાને મનથી
બબડયો "પણ એક વાતની મારે સાવચેતી રાખવી
પડશે, હું ધારતો હતો કે અહીંથી હમે ત્રણે મેડીટરેનીયન
નદી મારફત ઇટલીને ઇંગલંડ ચાલી જઇશું, પણ તેમ
બનવું મહાલ લાગેછ મારે પેરીસ તરફ જવું પડશે
અને ત્યાંથીજ કોઇ તદબીરથી દુશ્મનોનાં ડાચાંમાંથી
જાસી જવાની પેરવી રચવી પડશે. ફ્રેન્ચેસનેતો સહેલા-
ઇથી મારી ભાણેજ દાખલ ઓળખારી શકાશે પણ
પેલા જવાનનું કેમ કરૂં? એનો ઉમરાવી દેખાવ છુપા-
વવો મુશ્કેલ છે ગમે તે હોય પણ હું આ બન્નેને
બચાવશ."

જ્યારે બામદાદે સુર્યની રોશની પ્રકાશી ત્યારે
જ્યાં ગઈ કાલે બેનેડીક કાસ્ટલ પોતાનું દમામી સર
આકાશની બુલંદીએ ઉઠાવી ઉભો હતો ત્યાં ખાખ
રાખનો ઢગ પડેલો જણાયો તે મહાલનો મગરૂર માલેક
જે અભીમાનીથી માનતો કે તેનું બાપીકુ મકાન બીજા
એક સદી સુધી જવાબ આપશે તેજ મકાનની બાબમ
તેનું બદન પણ બળી જઈને રાખ બાબ થઇ ગયું
હતું જે કીરણુ આ બેનેડીક કાસ્ટલની પાયામાંથી
બતાવતું હતું તેજ કીરણુનો પ્રકાશીત ઓજો પેલી
માબાપ વગરની જવાન નાર જેણી ઉમરમાંથી ભર્યા
બુજરી સાથના ડચકાં ખેચતી પડી હતી તેના ઉપર
ઝાડનાં થડમાંથી આવીને પડયું અને તેણી ઝબકી
ઉઠી પેલા જખમી જવાનને કસિનો સાંભળી તેજ
પેલી પાણીની સુરાહી લઇ તેના પાસે ગઇ અને જ્યા
એમાંથી પ્યાં આવ્યો ત્યારે તેને ફ્રેન્ચેસને પેલા જો
નને પાણી પાતાં જોયેા.

"તમુને આજે જરા ઠીક લાગેછ?" એણે
પુછયું.

બાનુંઓનો બાગ.

લખનાર—**સદ્ગતશીલ સખી.**

પારસી બૈરાંઓનો ગાદ્યમ્બાર.

ખરી રીતે પારસી બાનું ઓનો ગાદ્યમ્બાર બોલાવો જોઇએ; પણ તેઓ "બાનુંઓ" તરિકે વર્તવા નથી; તે એક સુધરેલી કેળવાયલી કોમને નીચું જોવાનું થયું છે. જાણે "ઘાન—શાક" કોઇ દહાડે લોયું—ખાયું નહિ હોય, તેમ નબોજી દોડાદોડી, અધીરાઇ, જાહેરમાં કેવી રીતે વર્તવું તેની સરિયામ બેખબરી, અને જાહેર રીતભાતની કોટાઇ જોવામાં આવી હતી. આથી કચવાટ ઉત્પન્ન થાય તેવી પારસીનાં બૈરાંઓની ચાલચલણથી ઘણાંઓના ભવ્ય રંજાડા થયા ઉપરાંત, બીજાંઓને બેહદ મેહનત પડી હતી.

આ ગાદ્યમ્બાર ફંડનાં ત્રસ્ટીઓને મારી સૂચના છે, કે તેઓએ આવતે વર્ષ છોકરાંઓનો યા પુરૂષોને ગાદ્યમ્બાર કરવો કે જેથી કંઇ નહિ તો એક વર્ષ ત્રસ્ટીઓને તેમજ તેઓનાં કુટુંબનાં બાનુંઓને તકલીફ વાંધી મોકલ્યા થયું પડે ને રાહત મળે.

* * * *

એક ફ્રેન્ચ્યુમ્ફ આનું-શિક્ષક

૪૩ વર્ષો સુધી શિક્ષણ આપવું અને તે પણ ખુશીથી અને પોતાને શિષ્યોનાં દિલ દોરે ધીરેને તેઓને કેળવણી આપવી, એ એક ધીરજ અને ખંતનો શ્રેષ્ટ દાખલો છે; અને તે મિસિસ ગુસ્તાવ ના. રાણીનાઓ બેસાણો છે. લગભગ અર્ધી સદી સુધી છોકરાંઓ પાછળ તન-મન તારી નાંખ્યા પછી આરામ લેવાનો બનાવ પારસી કોમમાં અને પારસી બાનું ઓમાં બેટલોજ છે. આ તેમની અથાક જેહમતના બદલામાં તેમનાં આશકાં તેમજ દાસનાં શિષ્યોએ એક માનપત્ર અને "પર્સ" આપીને એમની સુંદર સેવાની કંઇક કદર બુની છે, તે શિષ્યોને પોતાનેજ ગ્રોત્રો અને માન ભર્યું છે; અને લગભગ અર્ધી સદીની ખંત-રંજ તરફ જોતાં મિસિસ રાણીનાને તે બદારત છે; પણ રંજનો ગંજ જે એવણે નિશાળના લાભાર્થે પાછો આપ્યો છે, તે ઉપરથી માલુમ પડે છે, કે મિસિસ રાણીની સ્થિતિ એક શિક્ષક તરિકે ઘણી સારી હોતી જોઇએ. હું ઇચ્છું છું કે કોમનાં સઘળાં શિક્ષકો પોતાની જુંદગી ધડપણમાં આરામથી અને આસાએશથી શાંતિમાં ભોગવવા માટે એટલાં દ્રવ્યવાન બને, કે જેથી તેઓને પોતાનાં શિષ્યો તરફની છેલ્લી માયા-મેહરબાનીનો જે બદલો મળે, તે તેઓનાંજ લાભાર્થે વપરાય. પણ આપણી અત્રાહ શું જોઇએ છિયે? હિંદુસ્તાનમાં શિક્ષકોની શી દશા છે? ક્યાં છે તેઓ માટે ફંડ? ક્યાં છે તેઓ માટે આસાએસનાં "હોમ"? ક્યાં છે તેઓનાં નિરાધાર થઇ ગયલાં કુટુંબ માટે મદદ? જુવાની, જે જુંદગીનો સોથી શ્રેષ્ટ વખત, તે દળદેસરી અને વહીવાટી ગાણી નાંખી, ઢુંક પગારમાં તન-મન ઘસી નાંખ્યા પછી, જુંદગીની સાંજે નિરાંતે બેસવા યા અશક્ત થયા પછી યુરોપનાં સાધન મેળવાની કેટલી બેડી આશા તેઓ માટે રહે છે? એ સઘળું જોઇ જાણે છે, તેઓનેજ બખર છે!

મિસિસ રાણીનાએ ઓધ્યો છોડતી વખતે ભાષણ કરતાં સ્ત્રી-કેળવણી માટે અને પારસી કોમમાં કેળવણી "મેનીફેક" ના વખારા માટે, પોતાના લાંબા પારા અનુભવ પરથી જે કિમતી વિચારો દર્શાવ્યા છે, તે આજની કેળવણી લેતી છોકરીઓ અને તેમનાં માબાપોને મનન કરવા યોગ્ય છે!

* * * *

"સ્ત્રી જરથોસ્તી કોનફરન્સ"

કોણ જાણે કોમનાં બેજાંમાંથી આ વિચાર જાહેર પબ્લી છે! હજુ તો જરથોસ્તી કોનફરન્સ મરે કોમમાં બે મત છે; તેમાં ૮૦ ૧૧ મી એપ્રિલનાં "કયસરે હિન્દ" માં 'સ્ત્રી જા

"નહીં સાહેબ, હું તો સાબી તેને બરીમ મીસીસ બુકસ માનતો હતો. જે તમારો બટલર હાબલ ન થતે તો આ કાવતરું બારીકાઇમાંજ રેહતે" મેં કહ્યું.

"ઓ ખુદા! આ તમે શું કહો છો?" તેણે પુછ્યું.

"એટલુંજ સાહેબ" મેં ખુલાસો કર્યો કે જેથી ઇસાબેલે બટલરના હાથમાંથી રીટ્રેશમેન્ટ ટૂ લીધી તેટ લાએજ મેં તેણીને બોલતાં સાંભળી કે "ઉપકાર થયો ડીક્ટન!" જે ઉપરથીજ મેં ધાર્યું કે તેણી જો કાંઇ અજાણી હોત તો આપનાજ ઘરમાં આપનાજ નોકરનું નામ કેમ જાણે?

"ઓ ખુદા હવે મને બધું સમજ પડે છે કે તેણીએ બોયનું નામ દીધાથીજ તણી તેને ઓલખતી હોવાનું જણાયું."

"બરાબર એમજ છે સાહેબ" મેં તેને ટેકો આપ્યો. "કોયેજ મેં પુછેલા મીસા સવાલને કાંઇ પણ સંતોષકારક ખુલાસો તેણી આપી શકી નહીં કોયેજ મેં હીંમત કરી તેણીને ઉઘાડી પાડી."

વાંચનાર, આ ઉપરથી ધડો એટલોજ લેવાનો છે કે બાહોશ બદમાશોની અંજામપણામાં એક નજીવી ભુલ કરી બટ પડવાજ આવે છે.

"શેહેનશાહી ખબરો."

(લખનારઃ—મીસીસ જાલ બરજોર ચીનાઇ.)

તે પરવરની શું ખુબરત છે કે કોઇથી મનુષ્ય જાતીને કાંઇનો કાંઇ પણ શોખ હોય છે. ગરીબ હો, યા તવંગર હો, તોપણ તેઓ બહુજ શોખ કોઇથી ચીજ પર ધરાવતા હોવાજ જોઇએ. તેજ પ્રમાણે આપણા શેહેનશાહી કુટુંબમાં પણ શાહી બાનુ યા ગ્રહસ્થોને ચોકકસ ચીજપર શોખ હોય છે.

આપણા મરહુમ રાજા સાતમા એડવર્ડ તરેહ તરેહ ચીજનો સંગ્રહ કરતા હતા. એવનુના collection સંગ્રહમાં એક જુનો ચીનાઇ વાસણનો સટ છે કે જે લગભગ દશ હજાર કુકડાઓએ બનેલો છે, ને તેની કીંમત લગભગ ૨૧૫ા ૨૨૫૦,૦૦૦) ની થવા જાય છે. દરેક કુકડો એક ચોપડી જેવી આકારમમાં રાખવામાં આવ્યો છે, તે ઉપરાંત એવનુનાં સંગ્રહસ્થાનમાં અજબ તરેહનો ચાહેના વાસણનો સટ છે જે આસરે રૂ૦ ૧૫૦,૦૦૦)નો થવા જાય છે. આ સટ ૧૮૧૦ માં ત્રીજા જ્યોરજની સાલગરેહને દીને તેની પાંચ છોકરીઓએ પોતાની સહીઓને ટીપાર્ટી આપી હતી તે વખતનો છે. દરેક કુકડા પર ત્રીજા જ્યોરજની સખી પણ મોજુદ છે, મરહુમ રાજા સાતમા એડવર્ડના સંગ્રહસ્થાનમાં એક રાયટીંગ ડેસ્ક છે જે આંહમાં હેનરીએ એન બોલીનને લગનના દીવસે બેટ કીધી હતી તે ઉપરાંત એક જુની દીવીસ્યન ખુરસી છે જે ઉપર ૨૬૭૦ ની તારીખ છે; અને ૧૬૧૦ ના વર્ષની એક બીજી ટેબલ છે, જે ઉપર રાજા એડવર્ડનો કેટલોક ખજાનો મુકવામાં આવ્યો છે. મરહુમ રાજા એડવર્ડના ચીત્રોનાં collection માં ઘણુંજ સુંદર ૨૧,૦૦૦) ચીત્રો છે કે જેની કીંમત બે સુમાર થાય છે. રાજા એડવર્ડના પ્રાઇવેટ મ્યુઝીયમમાં કેટલીક મોતાની અને રૂપાની ચાવીઓ છે કે જે ચાવીઓ મરહુમને બીરડીંગસ અને બપ્તીક્ષ હોલો ખુલ્લા કરતી વખતે મલી હતી. વલી એ સુંદર સંગ્રહસ્થાનમાં એક પીઠાનો ઝભો છે કે જે ૨૦ ૧૫૦,૦૦૦) નો થવા જાય છે. એ ઝભો ૧૮૨૪ માં ચોથા જ્યોરજ પાસે હતો. તે ઉપરાંત રીપુ સુલતાનના વખતનું એક મુન્નાનું ગરૂ પડી છે કે જેની આંચ અને પાંખોમાં હીરા જડેલા છે. વધુ એ સંગ્રહસ્થાનમાં આસરે ૧૮૭ કીંમતી લાકડીઓ છે કે જે લાકડીઓનો સટ એવનુના માતાજી મહારાણી વીકટોર્યાએ એવનુને બેટ આપ્યો હતો.

એવનુની લાઇબ્રેરીમાં આસરે ૧૨૫,૦૦૦) ચોપડીઓ છે અને તે છેક પ્રીન્સ કોનસર્ટના વખતની છે. તેની કીંમત લગભગ રૂ૦ ૧૫૬,૦૦૦) ની થવા જાય છે, અને છેલ્લે એ ઉપરાંત મરહુમ રાજા સાતમા એડવર્ડના Collection માં બાલબાતની ચીજો સમાવેશી છે કે જે જોવાથી અવશ્ય દીલ ખુશ થાય તેમાં કાંઇ શક નથી.

દુઃખ એ શું ચીજ છે?

લખનાર–સાકરલાલ છોટાલાલ ધરીયા.

જગતમાં મનુષ્યથી માંડીને તે નાનામાં નાના પ્રાણીને પણ દુઃખ હોય છે. દુનીયામાં દુઃખી કોણ નથી! કોઇને પૈસા જતા રહ્યા તેથી દુઃખ થાય છે; કોઇને તેની વ્હાલામાં વ્હાલી વસ્તુ જવાથી દુઃખ થાય છે, કોઇ શારીરીક વ્યાધીથી દુઃખી છે, કોઇ સ્ત્રી નહિ મળવાથી દુઃખ માને છે. એવી રીતે આખી દુનીયા દુઃખથી ભરેલી છે એમ ઘડયા વારંવાર સાંભળીએ છીએ. આથી એમ સમજાય છે કે દુઃખ એ જીંદગીના પડછાયો છે અને જ્યાં જીંદગીની હયાતી છે ત્યાં તે હોય છેજ એમ માલુમ પડે છે. ત્યારે શું એક પણ હૃદય એવું હશેકે જેણે દુઃખનો ડંસ નહિ અનુભવ્યો હોય? એવું એક પણ મન હશેકે જેણે ચીંતારૂપી સમુદ્રમાં મથન નહિ કર્યું હોય? અને એવી એક પણ આંખ હશેકે જેણે વરસાદની માફક આસુંઓ પાડી તે આંખ સુકાઇ નહિ હોય? અને એવું એક પણ ઘર નહિ હશેકે જ્યાં મૃત્યુ દેવનું કાળરૂપી વારંટ પ્રવેશ કરી શકયું નહિ હોય? આવી રીતે પ્રાણી માત્રને કર્યો. "દુઃખ ગજુમી રહેલાં છે. આથી દરેક જણ પૈસાની જરૂર પડયને હજારો ઉપાયો કામે લગાડે છે, મેં કુસલાથી આવી કંઇ સુખ પ્રાપ્ત થતું નથી, અને પેહલાં તો તે એકનો બે થયો નહોતા મનુષ્ય પદાર્થ તેને એક માતા તરીકેની મારા તરફજ્ઞ તેમાંજ યાદ આવી ત્યારે તે સમજ્યો. પછીનું કામ તો સહજ હતું. મેં તમારી જાહેર ખબર વાંચી કોઇ પાસે કાગલ લખાવ્યું અને ખોટી વીરી પેહરી-આંખ આગલ કોરમેટીક લગાડી તમેને એક પોષ્ટ તરીકે બોલાવીને તમારો છોકરો મેં મેલવો આપ્યો છે તો હું આશા રાખું છું કે આ મને આપેલું ઇનામ તમે પાછું લેશો નહીં." "નહીં ઇસ્માએલ, હું તુને આ રકમ ખુશીથી આપી માફ કરીને આશા રાખું છું કે હવે આ પૈસાથી તું તારી જીંદગીનું બાકી બાલ્લી નાખીને નવી જીંદગી શરૂ કરશે અને હવે જા. ફરી મને તારૂં મોંહડું બતાવતી ના" તે બુઢાએ કહ્યું અને તેણી ગઇ.

"જા દેખે સો દુઃખીઆ બાળા,
સુખીઆ કોઇ નાહીરે

"જોગી દુઃખીઆ, જંગમ દુઃખીઆ,
તપસીકુ દુઃખ દુનારે

"આશા મનસા સબઘટ વ્યાપી,
કોઇ મહેલ નહી સુનારે

"રાજા દુઃખીઆ, પ્રજા દુઃખીઆ,
દુઃખીઆ ઘર એરાણી

"દુઃખ કારણ વો સુખ દેવને,
ઉદરી માયા ત્યાગી

"સચ કહે તો સબ જગ દુઃખીઆ,
જુઠા કહે ન જાયરે

"બ્રહ્મા, વિષ્ણુ, શંકર દુઃખીઆ,
જીનને સૃષ્ટિ કમાયરે

"ધ્રુવ દુઃખીઆ, અવધુત દુઃખીઆ,
દુઃખીઆ હે ધન રંકારે

"કહેત કબીરા, ઓ નહી દુઃખીઆ,
જીનને મનકુ જીતારે.

જો આ પ્રમાણે સઘળે દુઃખનું વાતાવરણ છે તો પછી તે દુઃખ અને ચીંતાથી બચવાનો શું રસ્તો પરે કયાં નહિ હોય? અથવાતો એવાં કોઇ સાધનો તેણીએ ઉપાયો છેજ નહિ કે જેથી દુઃખ રૂપી બેડીઓ હોવાયું જાય? જો એમ નથી તો શું સ્થાયી સુખ.

"અને શાન્તી એ કહેવાની ભ્રમણાં અથવા તો આપ્યો. ખ્યાલ છે. જરા બારીકાઇથી કુદરત તરફ નજર ણી એટલે જણાશે કે તેમાંથી છુટવાને રસ્તા છે અને જેથીજ દુખ મળે તેને વાસ્તે જરી ખુશી તથા પુર્ણિત

વાં પ્રથમ આપણે વિચાર પુર્વક જોઇશું તો કે બાહોય દુઃખ મનની સ્થીતીથી ઉત્પન્ન થાય છે અને બુધ કરીનાનેલું દુઃખ ઉત્પન્ન થવાના કારણ, પુર્વના

અથવાતો ચાલુ જન્મના સરકારને લીધે છે. કોઈ પણ દુઃખો અકસ્માત તરીકે કે ઈશ્વરી કોપ તરીકે કે કોઇની સતાવણી તરીકે આવતાં નથી, પણ કુદરતના કાયદા મુજબજ આવ્યા કરે છે અને તેના કારણ ભુત પણ આપણે છીએ. જેટલાં ખોટાં કૃત્યો મનુષ્યે ગયા જન્મમાં કરેલાં છે અથવા તો હાલમાં કરે છે તેનું ફળ તે માત્ર મનને લાગતું દુઃખ છે; દુઃખ પડે ત્યારે દુઃખી થવાને બદલે ખુશી થવું જોઇએ, કારણ કે તેની આપણને જરૂર છે માટે તે આવે છે. તેને સહન કરવાથી વધારે મજબુત, વધારે ડાહ્યા, અને વધારે ચંચળ બની અંખડ સુખની સમીપ જવાય છે. જેમ જેમ માણસને માથે દુઃખ પડતું જાય છે, તેમ તેમ તે પોતાનાં ખરા રૂપમાં પ્રકાશવાને શક્તીવાન થાય છે. ડાંગર ઉપર જેમ જેમ સાબેલાના માર પડે છે તેમ તેમ ચોખા ઉજ્વલ પકડે છે તેવી રીતે દુઃખનો અનુભવ મળે છે તેથી હીંમત, સહનશીલતા આદી ગુણોની ખીલવણીથી ઈશ્વર તરફ શ્રદ્ધા વધારે ઉત્પન્ન થાય છે. દરેક મહાન પુરૂષો જે દુનીયામાં થઈ ગયા તેઓમાંના ઘોડાક દાખલા લેઇશું તો તેમાંથી જણાશે કે તેઓના માથે દુઃખના ડુંગરા તુટી પડવા છતાં પણ તેઓ પોતાના નીયમોમાં, તથા કાર્યોમાં ડગ્યા નહોતા અને પોતાની પાછળ પોતાના અમર નામો મુકી ગયા છે. દાખલા તરીકે ક્રાઇષ્ટ એ એક ઈશ્વરી દુત હતો પણ દુઃખોથી તેમજ આફતોથી મુક્ત નહોતો. છેવટે દુઃખ માંજ પોતાનું સ્થુળ શરીર તેને છોડવું પડયું હતું; તેવીજ રીતે પારસીઓના પેગમ્બર અશો જરથોસ્ત એ એક સત્યવાદી મહાન પુરૂષ હતા, અને જન્મ્યા ત્યારથી અનેક દુઃખોમાં પસાર થયા હતા અને દુઃખ માંજ તેઓના દેહનો અંત આણ્યો હતો. આવી રીતે મહાન પેગમ્બરોને માથે પણ દુઃખોના ડુંગર હતા કે જેથી તેઓનું નિવારણ કરવાને શક્તિવાન હતા, પણ મનુષ્ય રૂપે મનુષ્ય જાતને તેનાથી ઉગવાને નહી પણ ધીમતથી સતત પ્રયાસ ચાલુ રાખવાનેજ તેઓ પોતાના દાખલાઓ આપી ગયા છે.

દુઃખનું બીજું કારણ માત્ર ઈશ્વર ઉપરનો આપણો અવિશ્વાસ છે તેને લીધે છે. ઈશ્વર ઉપર પુર્ણ ભરૂસો છે એમ સઘળાઓ બોલે છે પણ તે પરમાત્માની કૃપા ઉપર આ વીશ્વાસ અને આ શ્રદ્ધાને લીધેજ આપણે દુઃખી થઈએ છીએ. એક વિદ્વાન કવી કહે છે કે:—

If you have faith and doubt not, ye shall not do suly this,—if ye-shall say unto the mountain, be thou removed and be thou cast into the Sea it shall be done.

આ ઉપરથી જણાય છે કે ઈશ્વર ઉપર પુર્ણ વિશ્વાસ રાખવાથી માણસ ધારે તે કરી શકે તેમ છે, પણ તેવો વિશ્વાસ કાલમાં કોણ રાખે છે? વેપારમાં હજારો રૂપીઆની ઉથલ પાથલ વિશ્વાસથી થાય છે. હજામ પાસે હજામત કરવતાં તેનું તીક્ષ્ણ હથીયાર ગળામાં ખોસી નહિ ધારે વાસ્તે સંપુર્ણ વિશ્વાસ રહે છે પણ આફત વખતે જે ખુદા યાતો ઈશ્વર આપી સૃષ્ટિને પેદા કરનાર છે તેના ઉપર શા માટે તેટલો ભરોસો રખાતો નથી? તે જે કરે છે તે સારાને વાસ્તેજ કરે છે, એવું માની તેના ઉપર સંપુર્ણ ભરોસો રાખવો જોઇએ, કારણ કે બોદાને ત્યાં અન્યાય નથી. એક ગુલાબના ઝાડ વિષે વિચાર કરીયું તો જણાશે, કે તેની અંદર કેવી સુંદર ખુશબો તથા લહેજત રહેલી છે! પણ તે ખુશબો મેળવવાને વાસ્તે તેને કેવી કેવી વિપત્તીઓમાંથી પસાર થવું પડે છે! તેનું માથું તથા શરીર કાપી નાંખવામાં આવે છે, મુઢામાને ચુંથી ડોગામાં આવે છે, અને મુળીઆંને અગ્નિની જવાળા નીચે મુકયા પછી તેની ખરેખરી ખુશબોથી સુગંધ નીકળી આવે છે, તેજ માફક દુઃખમાં પણ સુખ છુપાએલું રહેલું છે; અને અંધારા પછી ઉજાસ ચુર છે. ત્યારપછી દિવસ થાય છે, તેજ માફક દુઃખ પછી સુખ આવે છે. જ્યારે આમજ છે ત્યારે અંધકારમાં જે સુખનો ઝરો છુપાએલો છે તેને મેળવવાની અરઠા હોય તો ઈશ્વરની પ્રાર્થના કરો કે હે પ્રભુ! જ્યારે દુઃખ વગર તારી સાક્ષના થનાર નથી, ત્યારે હે પરવર દીગાર! તું જે દુઃખ આપશે તે હું સહનશીલતા, ધીરજ અને શાન્તિથી સહન કરવા તૈયાર છું. મનિલાસ્ત તરફ નજર કરતાં પણ આપણે ઈશ્વરની ભક્તિનાં

દઇ રહીને અસહ્ય દુઃખ વેઠ્યાં જણાઇ આવે છે. ચીનાંબાઇ ચીતોડના રાણાની રાણી હતી. તેના ઉપર રાણાએ કેવી કેવી વિપત્તીઓ નાંખેલી હતી તથા તેને મારી નાંખવા માટે વિષનો પ્યાલો, સરપોથી ભરેલા કરંડીઆઓ અને પીશાચોથી ભરેલું રહેવાનું સ્થાન ઇત્યાદી ઘણા પ્રકારની પીડાઓ છતાં કૃષ્ણ પરમાત્મા ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવાથી તે સઘળી પીડાઓને તરી જવા શક્તિવાન થઇ હતી અને છેવટે તેનાજ સ્વરૂપમાં મળી ગઇ હતી.

હવે ત્રીજું દુઃખનું કારણ તપાસીશું તો જણાશે કે તે ઉદાસી મન છે, એટલે કે કંઇ પણ આબદ દીલગીર બનવું અને તેનાજ વિચારમાં શરીરને શોષવું તે છે. એક વિદ્વાન કવિ કહે છે કે:-

To be happy the Passion must be cheerful and gay, not gloomy and melancholy. A propensity to hope and joy is *real riches*; one to fear and sorrow, *real Poverty*.

સુખ મેળવવાને સ્વભાવ આનંદી અને ખુશ મીજાજ રાખવો જોઇએ અને ઉદાસ રહેવું જોઇએ નહિ, કારણ કે ખુશ અને આનંદી રહેવામાંજ સુખ છે. ફાસ્તી રાખવી અને દીલગીરીમાં રહી શોક કરવો એજ ખરેખરી દરીદ્રતા છે. કોઇપણ જાતનું દુઃખ આવે તેને વાસ્તે નીરાશ થવું નહિ. કારણ કે તેમાંજ આપણી કસોટી છે. જેવી રીતે સોનીને સોનું બહુ પ્રીય છે તેથી તેને અગ્નિ કમીને લુચે છે તેવી રીતે ઇશ્વર પોતાના ભક્તને વધારે ચાહે છે તેથી તેને વધારે દુઃખ આપી કસે છે. કેટલાકો ગરીબાઇ એને મોટું દુઃખ માની રાત દિવસ તેનીજ ચિંતામાં પડયા રહે છે, પણ ગરીબાઇ એ કંઇ ખરેખર દુઃખ નથી, તેને આપણે આપણી નબળાઇ અને સુસ્તીપણાનો પોશાક પહેરાવેલો છે તેથી તે આપણને દુઃખ રૂપે ભાસે છે. જ્યારે આપણે આપણા નસીબના કરીઆ બની, આત્મ સુધારણાનું કાર્ય હાથ ધરીશું ત્યારે આ દુઃખો પોતાની મેળે અદ્રશ્ય થઇ સુખ આપનાર નીવડશે અને તે વખતે ગરીબાઇના ઉપયોગ સહનશીલતા, હીમત અને શ્રદ્ધાના સદ્ગુણો ખેડવાનું શીખવવામાં થશે.

છેવટમાં પ્રીય વાચક! આગળ કહેવામાં આવ્યું તેવી રીતે જો તું કદાપી નાશ નપામે એવો સુખનો ઝરો, કદાપી અંત ન આવે એવો આનંદ અને કદી ભંગ ન પડે તેવી શાન્તિ મેળવવાને ઇચ્છા રાખતો હોય, જો તું આ અનંત જીવનાં-મુક્તિનાં દ્વાર તરફ જવા ચહાતો હોય તો પ્રથમ તારા મન ઉપર કાબુ મેળવ, અને તહારા દરેક વિચાર, માનસીક ઉભરા અને તૃષ્ણાને તહારી અંદર રહેલી દિવ્ય શક્તિને અનુકુળ બનાવ અને ઇશ્વરી પ્રેમમાં સંપૂર્ણ શ્રધ્ધાથી લીન થઇ, તહન નિરદોષ જીવન ગાળવાને પ્રયત્ન કર જો તું તે પ્રમાણે કરવાને ઇચ્છતો ન હોય તો પછી તું ગમે એટલી પ્રાર્થનાઓ અને ક્રિયાઓ કરે તે સઘળી નિષ્ફળ અને નિરૂપયોગી સમજજે, કારણ કે મહાન પુરૂષો કહી ગયા છે કે જે મનુષ્ય પોતાના મનને વશ કરે છે તેજ દિવ્ય જ્ઞાનનો અને ખરા સુખનો અધીકારી બને છે.



એપ્રીલફુલ!

ચવિત્રા કોરગાંઓના તરેહવાર બેમાનો.

લખનાર-"K. D. J."

એપ્રીલફુલની રસમ બહુ વર્ષની જુની છે. તે ક્યારે શરૂ થઇ તે માટે આપણને કશી પણ નોંધ માલમ પડતી નથી, કે તે વિષે કોઈ પણ જાણતું નથી. જે જાણ્યું છે તે એજ કે એ રસમ જુનામાં જુની છે. આખા યુરોપ ખંડમાં તે ઉપર અમલ કરવામાં આવે છે, અને પહેલી એપ્રીલે ત્યાંના કેટલાક ચવિત્રાઓ સૌને તોબા પડાવે છે. તેઓ ત્યાં તરેહ તરેહના ફારસો ભજવે છે: જેવા કે પરણીઠાંમાં મુવેલા ઉંદર તેમજ એવુંજ કાંઇ પેકેટ બનાવી રસ્તાપર પડ્યું હોય તેમ નાંખશે, અને પછી દુર ઉભા રહી મજહ જોશે. જો કોઇએ તે કાંઇ અગત્યનું પેકેટ સમજી ઉચક્યું અને ખોલ્યું તો તે બાપડાની કમબખ્તી! તરતજ તેને એપ્રીલફુલની ખુમોથી વધાવી લઈ વાજતો ગાજતો તેઓ તેને તેના ઘર સુધી પહોંચતો કરી આવશે. વળી કોઈ રસ્તે ચાલતા મુઝેર્ગ આદમીને કહેશે કે "કાકા, જરા ગજવું તપાસો, પેલું પડી જશે." અને તે બાપડો ગભરાઇને ગજવું તપાસવા જશે તો એપ્રીલફુલની ખુમો સાથે તેને વધાવવામાં આવશે.

અત્રે પણ હવે દિવસે દિવસે એ પવન ફેલાયો છે, અને એપ્રીલની ૧ લી તારીખનો ખાલ લઇ કેટલાક નાપાક કોરગાંઓ સુખી ઘરમાં સડો પેદા કરે છે, એવા કેટલાક દાખલા મારી જાણમાં છે. કેટલાકો કોઇની માસુક, કોઇના આસક્ત યા કુટુંબો પર જુદાં જુદાં નામોથી ભલતા ભલતા ગલીચ શબ્દોથી ભરપુર કાગળો લખે છે, અને કેટલાકોએતો મરણના ખોટા સંદેશાઓ પણ મોકલ્યા છે, કે જેમાંનો અત્રે ફક્ત એકજ દાખલો આપીશ.

નવસારીનાં એક કુટુંબમાં સુરતથી નીચેનો તેલીગ્રામ આવ્યો.

"તમારા છોકરા ગુજર્યા. પાયદસ્ત રાખેલી છે. મોટું જોવું હોય તો જલદી આવો."

આથી તેનાં કુટુંબમાં ભારે રડારોળ ચાલી રહી. તેનાં સગાં વહાલાંઓ ઉપર તારો ગયા અને તેનું કુટુંબ પહેલી મલતી ગાડીએ સુરત ઉપડી ગયું. સુરત જઇને જોયછ તો પેલા ભાઇ તો તદન સારી પેઠે હતા અને કોઇએ ખોટો તાર મુક્યો હતો. એજ પ્રમાણે એક બીજા જાણીતાં કુટુંબમાં પણ એવોજ દાખલો બન્યો હતો. આ નીચ કામ કરનાર કોરગાને પકડી ધકતા કેટલે પુગાડવા ઘણીએ તપાસ કીધી પણ સઘળું વ્યર્થ ગયું.

આ નીચ કામ કેટલાકો દુશ્મનાઇ યા રમુજને લીધે કરે છે, ભલે, જો તેઓએ રમુજ મેળવની હોય તો બીજી ઘણીએ છે, ને નહીં કે આવી બેશરમ ભરેલી! જેમ દરેક રીતની હદ હોય છે તેમ એની પણ હદ હોવીજ જોઇએ.

આ ટંકે મારાં વાંચકો સનમુખ મારે જણાવવું જોઇએ કે આ અદના સેવકપર પણ એપ્રીલની ૧ લીએ પોસ્ટ પારસલથી કાંઇક નવીન પ્રેઝન્ટની નવાઝેશ થઇ હતી, અને તે ચવિત્રાએ તે મારા એક ખાસ ફ્રેન્ડના નામથીજ મોકલ્યું હતું; પારસલ ખોલતાં અંદરથી શું નીકળ્યું? એક ડઝાસ પેપરવેટના ભાંગેલા કટકા, Fun and Frolic નામની એક અજીબ રમુજ દુચકાઓની ફસારાએ ખાઇ નાખેલી પેપડીનાં થોડાં છુટાં પાનાં અને પેપરના દુચા. હું અત્યધીમાં ગર-

કાવ થયો પણ એક ભલા મિત્ર કે જેવણ મારે ત્યાં પરોણા દાખલ ઉતરયા હતા, તેવણે તરતજ માર ધ્યાન ખેંચી કહયું કે "એ તો આજે એપ્રીલની પહેલી તે તમોને કોઇએ એપ્રીલ ફુલ બનાવ્યા." પણ કાંઇ નહીં, તે ગ્રેજન્ટ પણ મને કાંઇ ઉપયોગમાં આવી છે. તે નાગીયો (!) ગ્લાસ મારી ઓરીજમ મારી ટેબલ પર પેપરવેટ તરીકે કામ બજાવે છે, જ્યારે પેલી ચોપડીનાં થોડાં પાનાં પણ ઘણીજ ઉપયોગમાં આવ્યાં છે, કે જેમાંથી મને કેટલાક રમુજ હુચ કાચો લખવાના મલ્યા છે. એક દિવસે બપોરે મારી લાયબ્રેરીમાં બેસી હું મજકુર પાનાંઓ ઉથલાવતો હતો ત્યારે એકાએક એક પાનાંની બાજુમાં પેન્સ કોરાનું નામ તેના પોતાનાજ અક્ષરે લખેલું મારી નજરે પડયું ત્યારેજ મારી ખાતરી થઇ કે આ ભેટ (!) મોકલનાર મી. .....છે. આથી મેં મજકુર ગ્રન્થસની સખત રીતે ખબર લીધી હતી, અને ફરીથી કોઇની ઉપર પણ એવી નાદાનપત નહીં કરવાની તેને ચેતવણી આપી હતી. અરે! હવે એપ્રીલની પહેલી તારીખ પરથી કેટલાક બદમાસો તો પોતેતી જેવે શુભ દિવસે પણ તરેહ તરેહના ફારસો ભજવી રંગમાં ભંગ કરે છે. પણ આહ! હાલ હું મારા વિષયથી દુર ગયો છું, માટે એ બાબદ અત્રેજ પડતી નાંખી ભવિષ્યમાં મલતી ટકે એ ઉપર કાંઇક વધુ વિવેચન કરીશ.

એપ્રીલ ફુલને લગતો એક રમુજી બનાવ એક ઇંગલીશ પેપરમાં મારા વાંચવામાં આવ્યો હતો, જે અત્રે પ્રસંગોપાત હોવાથી ટપકાવીશ.


એક બાઇએ એપ્રીલ ફુલની રમત ઠીક બજાવી હતી. તેણીએ પોતાના એક દોસ્તનું સોનાનું ઘડિયાળ તારીખ પહેલી એપ્રીલે લેવ કરયું અને જ્યારે તેણી પકડાઇ અને કોરટમાં તપાસ થયી ત્યારે તેણીએ જણાવ્યું કે "એતો મેં એપ્રીલ ફુલ કીધું." એ વેળાએ તેણીને મેજીસ્ત્રેટે પુછયું કે "આજે તારી પાસ તે ઘડિયાળ છે કે નહીં?" તેણીએ જવાબમાં ચોખ્ખી ના પાડી એટલે તેણીનાં ધરની જાતી હોતાં તે ઘડિયાળ ત્યાંથી મલ્યું. પછી જ્યારે કોર્ટને ડગવા માટે તેણીપર વાંક મુકયો ત્યારે તેણીએ હસીને કહ્યું કે "એતો મેં કોર્ટને પણ એપ્રીલ ફુલ બનાવી." આથી કોર્ટે પણ એવું ઠરાવ્યું કે તેણીને પણ એક વર્ષ સુધી એપ્રીલ ફુલ બનાવવી. તેથી તેણીને મેજીસ્ત્રેટે કહ્યું કે "આવતી પહેલી એપ્રીલ સુધી તારે કેદખાને રહેવું, અને એક વર્ષ પછી કેદખાના માંથી છુટે ત્યારે એમ સમજવું કે કોર્ટે તને પણ એપ્રીલ ફુલ બનાવી." એમ કહી મજકુર સ્ત્રીને એક વર્ષ સુધી વગર ભાડાની કોટડીમાં હવા ખાવા મોકલી આપી એ તે એપ્રીલ ફુલની ખરી મજાદાર!

આ બાબદ ઘણી અગત્યની છે અને હુકેડીજર આવાં કામ કરનાર કોરાઓના ટાંટીયા ભાંજવાજ જોઇયે, કે જેથી ભવિષ્યમાં તેનો ફરીથી લાભ લેવાય નહીં.

(આ બાબદ અમારા એપ્રીલના અંક માટે ખાસ લખાઇ આવી હતી, પણ જગ્યાની કોરાયને લીધે તે હમણાં સુધી રહી જવા પામી હતી—આ૦ પ્ર૦)

શું સરસ—ઈમાન કે સોનાની ખાણ?

(એક વાર્તા)



લખનાર—'રશીદ'

"તમારે ગમે તો મને રીલીફ કમીટીનો એજન્ટ સમજી લેવો" તે ચસમા વાલા આદમી બોલ્યો "લડાઇએ કાંઇકોને નોકરી ચાકરી વગર રઝળતા કરી દીધા છે અને તેથી જુદી જુદી રીલીફ કમીટીઓ આજકાલ ઘણી ઉઘોગી થઇ પડી છે."

"પણ મારે કોઇ દી કોઇની સખાવતપર જીવવું પડશે એમ મેં ધાર્યુંજ નહીં" રૉબર્ટ ડેનીએ તેની સામે સોનાની મોહોરથી ભરેલી એક બેગ લઇને ઉભેલા પેલા આદમી તરફ જોઇ કહ્યું.

"ઘટ-છટ!" પેલો આદમી બોલ્યો "લડાઇમાં આપણે એકમેકને મદદ કરવી વટાર્ટ છે. તું હવે કરશે શું? તું એક પૈ વગરનો લંગડો લુલો અને તારી બૈરી ભુખમરાએ આધી મરી ચાલીછ,"

"તું અમારે વાસ્તે બધુંજ જાણતો દેખાયછ" રૉબર્ટ કાંઇક કચવાઇને બોલ્યો.

"તે બધું જાણવાનું અમારું કામજ છે" પેલાએ જવાબ દીધો. "ચાલ, કહે તને હું જોઇએછ? એક ગીની હમણાં જરૂરીયાતને માટે આપું?"

"પણ મારી જીંદગીમાં કોઇ પાસે મેં ભીખ માંગીજ નથી" રૉબર્ટ પેલાના હાથમાંનો બેગ જોઇ બોલ્યો.

પેલા આદમીએ પોતાના હાથમાંનો તે બેગ એક તેપરપર મુકયો.

"વારૂં, એમ સમજો કે હું તમને મદદ કરૂં તે કોઇકની નહીં પોતા: આપણે તેને એક જાતના ધંધાનું રૂપ આપ્યું: હું તમને પૈસાની મદદ કરૂં તેના બદલામાં તમે મારૂં કાંઇ કામ કરો તો?"

તે માણસની આ દરખાસ્તને તેની મરજીનેજ પેસ પડતો જવાબ આપવાની ઉશ્કેરણીમાં માણ ઉપરથી ખોં-ખોં કરીને ચાંસવાતો રૉબર્ટ ડેનીને અવાજ આવ્યો. રૉબર્ટ ડેનીએ તે સાંભળ્યો. તે પોતે બીચારો લુલો લંગડો હતો, તે છતાં તેની જીંદગીની એકની એક મોજ તેની પોતાની પરણેતરમાં તેણે ભરી મુકી હતી. પણ હાલ તે બીચારી માણ પર ભુખી મરવા સુની હતી. તેણીને લાયુ પડેલી જાણેમ બીમારીને ડાકટરો કદાચ ગમે તે બીજા નામે ઓળખાવે, પણ તે પોતે તો જાણતોજ હતો કે તે બીચારી ભુખમરાનોજ ભોગ થઇને સુતી હતી.

"ચાલ, ત્યારે બોલ, તારે ૫૦૦ પાઉંડ કમાવાછ?" પેલા માણસે તેને પુછ્યું.

રૉબર્ટ ડેનીની નજર હવે ત્યાંનીજ એક ખાખ ખોરાકી ભરી રાખવાને વપરાતી કબાટ તરફ ગઇ અને તેને માલમ હતું કે ત્યાં ભરી મુકેલાં વાસણો તમામ ખાલી હતાં.

"જો બરાજ કેહું તો ૫૦૦ પાઉન્ડ તો હું પણ પાંચ પાઉન્ડ કમાવાને માટે હાલ હું કોઇ ગુનાહ કરવાનીજ કોશેશમાં હતો. જો હું રીલીફ કમીટીનો ખરેખરો એજન્ટજ હોય તો મને થોડીક મદદ કર.. હું ચોરી કરૂં તેનાં કરતાં તારી મદદ ઉપર હાલ તુરત જીવું તે બેહેતર."

"અરે, હું તો પાંચસો પાઉંડની વાત કરૂંછ" તે બોલ્યો "તુંને જોઇતા હોય તો તુંને આપું જો ચાય!"

એમ કહી પેલાએ પેલો બેગ ઉંધાડ્યો અને તેમાં સીંચી મુકેલા સોનાના સીક્કા અને નોટોનો ઢગ તેણે તેને બતાવ્યો.

"જોઇને શું કરું?"

"તમે પ્રોફેસર ઇન્ગ્રેન સાથે કામ કરતા હતાની?"

"તમે મારે માટે બધુંજ જાણોછ? હા, એવણુની લેબોરેટરીમાં હું કામ કરતો હતો. હું તેવણુને ત્યાં એક નોકર હતો અને તેમનાં કામમાં મદદ કરતો હતો.

"ત્યારે તેવણુ સાથની તમારી કાસ્ટીરદીની બધી વાત મને કહેો."

"હું બાર વર્ષ તેવણુ સાથે હતો, તેમાંનાં બે વર્ષ તેવણુ સાથે મેં રીગેટમાં અને દસ વર્ષ બેલગ્રેવમ માં કાઢ્યાં હતાં, હું તેવણુની હાઉસકીપરની દીકરી સાથે પરણ્યો હતો.

"જેવણ ઉપર હમણાં સીક છે."

"હા, જે બીચારી હમણાં મરવા સુતેલી છે." ડૅર્ટ બોલ્યો. "ને કે ડાકટરે એમ કહ્યું નથી પણ ના ચહેરા પરથી હું ચેતી ગયો છું."

"ત્યારે કાંઇ શક્તિનો ખોરાક—"

"ઓ ખુદા, એવું બોલીને તમે દુઃખ ઉપર ડાહામ ના મુકો, ડાકટરેમી શક્તિનો ખુરાક લેવા કહ્યું પણ, તે લાવું ક્યાં ચુહુલામાંથી?"

પેલો આદમી એક ખુરસી તાણી હવે બેઠો, અને રોબર્ટને જાણે તે વીશ્વાસમાં લેતા હોય તેમ બોલ્યો—

"બ્રસ્ત્સમાંબી તમે પ્રોફેસર ઇન્ગ્રેની સાથેજ હતા ની?"

"હા"

"ને જ્યારે તેનાં ઘેર પર દરોડો પડ્યો ને એવણુને તે તજ જવાની ફરજ પડી ત્યારેગી તમે હતા ની? ને બે વર્ષ પછી તમે એન્ટવર્પમાં તેની સાથે આવ્યા કે ની? ને તે બાદ પ્રોફેસર દુન્યાની સફરે નીકળ્યો ખરૂં કે ની?"

"હા, ને તેટલાં તેમની હાઉસ કીપર મરી જવાથી તે કામ મારી બેરી કરતી હતી."

રૉબર્ટ ડેનીને પેલા બળતા આવનારે પોતાનો ચરમો કાઢીને લુછવા માંડ્યો.

"ત્યારે અમુને તારા જેવોજ માણુસ જોઇયીછ" તે બોલ્યો—"પ્રોફેસરનો વિચાર એક ધાતુને બીજી ધાતુમાં ફેરવવાનો હતો ની?"

"ફેરવવાનો?"

"ત્યારે શું સોનું બનાવવાનો?

"નહીં, પ્રોફેસર એવો ઉલ્લુ નહીં હતો કે એવાં વાહીયાત ધાંધાં મારે; તેનો વિચાર સ્ટીલ કરતાં કોઇ વધુ ચીવટ્ત ધાતુ બનાવવાનો હતો."

"ને તેથી તે ધાતુઓ મોટા જથ્થામાં ખરીદતો હતોની?"

ડેનીએ ડોકની ઇશારતથી હા કહી; તેણે ભોગવેલી આગલી જીંદગીની યાદ તેને હાલ કાંઇક મોજ આપતી રહી હતી.

"એક વખત તે ત્યારે એક આંધુ વાહાણ ભરીને સોંકડો ટન ત્રાંબુ લાવ્યો હતોની?"

"હા, પણ તે તે ભુસમાં ખરીદી લાવ્યો હતો અને તેમાં તેણે ઘણો માર ખાધો હતો."

"ત્યારે તે ત્રાંબાનું શું થયું?"

પેલાના આ ઉપરાઉપરી સવાલોથી રૉબર્ટ ડેની અજાયો, તે વિચારમાં પડ્યો કે પ્રોફેસરને લગતી એ વાતમાં તેને શું લાભ હશે?

"પ્રોફેસર ઇનગ્રેએ કેટલુંક અખતરામાં વાપર્યું" તેણે આડધે મને જવાબ દીધો.

"કેટલું? ચોકકે રતલ?"

"નહીં વધારે."

"ત્યારે હર્ટ્ઝવેટ એટલે એકસો બારેક રતલને આશરે? ને તે બી પેલાં રૂ'કડેા ટનમાંથી? ત્યારે બાકીનાંનું શું થયું? કેટે લઇ જઇને મુકયું હોવું જોઇયે. તમે લેાક તે એન્ટવર્પ લઇ ગયા?"

"નહીં. પ્રેાફેસરનેા વિચાર બ્રસલ્સ લઇ જવાનેા હતેા અને તે માટે તેવણે એક જગ્યા શેાધી કાઢી હતી." ડેાશીએ જવાબ આપ્યેા.

"કયાં?" પેલાએ પુછયું.

"કેટલેક દુર હું તે એક ભારેની ગાડીમાં લઇ ગયેા, જેને તે ધારેલે ઠેકાણે જતાં પંદર દહાડા લાગ્યા હતા. તે બાબે ઘણેા ભારી હતેા, અને બે એક માઈલ જવાનું હતું."

ત્યાં પેલા ડેાનીને મળવા આવેલેા આસામી ઘણેા ઉશ્કેરાયલેા લાગ્યેા.

"તે તમે કયે ઠેકાણે લઇ ગયા.?"

"હું તે જગ્યાનું નામ ભુલી ગીયેલ છ"

"પણ તે જગ્યા કયી તરફ આવી તે તેા તમે જાણતા હશેા, મને નકશા પર તે જગ્યા દેખાડી શકશેા?"

"હા, હું પલ્લાન દેારી શકું પણ તે એટલા કામ—"

"જો, મને તે પલ્લાન તું આપે તેા તેના બદલામાં આપ પાંચસેા પાઉન્ડ તારજ સભજ." પેલેા પેાતાની બેંગ ઉંધાડી બેાલ્યેા.

"પાંચસેા પાઉન્ડ! પણ શા માટે?" તેણે દિગ મુઢ બની પુછયું.

પણ પછી એકાયક તેને કાંઇ યાદ આવી હેાય તેમ ઉછળીને તે ઉઠયેા, અને ખુણામાં ગેાઠવી મુકેલી પેતીજ કબાટ આગળ જઇ, તેમાંથી તેણે એક બંડલ કાઢયું. તે બંડલ તેણે જોયું તેા તેમાંથી અડધું પાઉ નીકળ્યું, જે બાલુએ મુકી તે બંડલવાલેા ન્યુસપેપરનેા ટુકડેા લઇ તેણે તેમાંથી કાંઇ વાંચ્યું અને તેને જે વાંચવું હતું તે વાંચી લઇ તે ટુકડાને ઘડીવારણ બીસામાં મુકયેા. તેણે તેમાં જે આવ્યું વાંચી તેનું મથાળું નીચે મુજબ હતું.

"જરમનીને ત્રાંબાના પડતા અવતરા ! બેલ્જીયમનાં ઘરેાનાં બારણાં બારીનાં પીતળનાં હેન્ડલેા અડગશ અને કબેા તેઓએ ઉખેડવા માંડયાં !

તેણે હવે તે પેપરનેા ટુકડેા પેાતાનાં ગજવામાંથી કાઢી તેમાંપર પેલાની નજર સામે પાંચેય.

"આપજ કારણ સર તમેા સવાલેા મને પુછેછ ?"

પેલેા હસ્યેા,

"એમ ધારેા કે હા"

અને તેનાં મેાંદમાંથી આ શબ્દેા પડતાંજ રેાબર્ટ ડેાની ઉશ્કેરાઇ ગયેા.

"ને તું મને પુછેછ કે એ નાંણું તારે કયાંથી મેળવવું કે જેથી તેજ નાંણામાંથી જરમની પેાતાનાં બાના બરાબીનાં દુશ્મન બનાવે?"

"હું તેા તારે પાંચસેા પાઉન્ડ કેમ કમાવા ને બતાવું છું"

પેલેા મેાંહ હલકું રાખીને બેાલ્યેા.

તેનેા આ જવાબ સાંભળી રેાબર્ટ ડેાની ચેહેા ઉશ્કેરાઇ ગયેા કે તે પેલાને ટેટેજ બાઝતે, પણ તેટલાં ઉપરથી "અરરર, એા" કરીને ઘુમેા પાડવાનેા સાદ આવ્યેા અને તે તુરત ઉપર દેાડી ગયેા. અને ત્યારે તે પાછેા ત્યાં આવ્યેા ત્યારે તેની આંખેામાં અંગાર ચમકતેા હેાય તેમ પેલાને લાગ્યું.

"કેમ?" પેલાએ પુછયું.

"ખુદા ખાતેર, તમે આંદીથી જાવેા!"

"તમારી બેરી બેદાલ છે કે?"

તેને કશેાએ જવાબ આપ્યા વગર રેાબર્ટ નિસેાસ્ટ થઇ એક બુરસી ઉપર પડયાંઈ પડેયેા, ને પછી એકાએક ઉશ્કેરાઇ જઇ બેાલ્યેા—

"લાવ મને આપ-દશબાંજ પેસા આપ! ને એક કલાક રેકીને પાંચસેા પાકેડ લઇને આવજે; મને તે પલ્લાન દેારનાં એક કલાક લાગશે."

પેલો આદમી હસ્યો અને તેબલ પર પાંચ સાવરીન્ મુકી ચાલતો થયો.

એ રીતે રોબર્ટ ડેનીએ પોતાનું ઇમાન વેચ્યું.

* * *

તે બીમાર બાઇનો ખાવીંદ શૅંબર્ટ કાંઇ ખુબ રોકેનતમાં રોકાયલો હતો અને તે બીચારી તેને જોતી બેઠી હતી.

તેણીનાં કપાળ પર કરચળી વળેલી હતી, અને તેણીનાં ભવાંનો ચાલ્લો ચઢેલો હતો: તેણીની બાલુમાંજ ઉંચા પાઇનની બે ત્રણ બાટલીઓ અને ગ્લાસ તાજા ફરૂટની ભરેલી એક બાસ્કેટ હતી.

"રોબર્ટ!"

"કેટી ડીયર!"

"આમ તું કયાંથી બધું લાયો?"

"એ મને કાંઇક કામના બદલામાં મળ્યું."

"એ તું કાંઇ પ્લાન દોરેછ કે, શૅંબર્ટ?" તેણે મનમાંજ જખને પોતાનું તે કામ છુપાવી દીધું.

"શૅંબર્ટ, મેં સ્વપનું જોયું કે ખરેખર તું ને કોઇ આપણા પ્રેફેસર ઇન્ગોના તાંબાને માટે પુછતું હતું?"

"કેટી, વ્હાલી તું હવે જરા આસાયશ લે" તે બોલ્યો.

"શૅંબર્ટ, તું મારીથી કાંઇ છુપાવેછ? આગળ તો તું એમ કહી નહીં કરતો હતો."

તેણીને સમજાવી પટાવીને વાહી સેવા તેણે પોતાની પેન બાજુ મુકી, પણ તેણીના ચહેરાપરથી તે ચેતી ગયો કે તેણે માથે લીધેલાં કામનો સનસારો તે બામી ગઈ હતી.

"તમે શું કરોછ તે હું જાણું છ!" તે બોલી "મને અહીં બાળપરથી ઘડી ઘડી પેલાં તાંબાંનો વિચાર આવ્યાજ કરતો હતો. જરૂરમંદોને મોટો ફાયદો થાય તેવો ભેદ તમે વેચવા નીકળ્યાછ!"

"કેટી!"

"હા, ને તેમ કરી તમે તમારું ઇમાન વેચોછ! ખાવું ભલે મને એનો એક ટુકડો યા હવે હરામ છે."

એટલું બોલતાં તેણીની આંખ્યો આંસુનાં પણીથી ભરાઇ ગઇ.

"એથી નજીવાં કારણસર ભલી નેક અબલાએ ભુખી પ્યાસી મરી જાય દુનામાં પોતાનું નામ મુકી જોઇછ; મારી ફરજ હું બી બજાવસ હું બી ભુખી મરીજ જવસ"

"કેટી! કેટી!" તે બોલ્યો.

"શૅંબર્ટ, આપણે ત્યાં દીકરાની બક્ષેસ ખુલ્લએ કાધી હતે તો તેને તું તારા દેશની સેવામાં અર્પણ કરતે; હું જાણું છ કે તું તેમ કરતેજ! તારો દીકરો નથી તો તારી પરણેતર તો છે. લે તેને તારા રાજ અને દેશની સેવામાં અર્પણ કર."

શૅંબર્ટથી તેણીના આ શબ્દો સાંખી શકાયા નહીં તેથી તે ઉઠ્યો અને પોતાની તે પરણેતરનાં કપાળપર એક કીસ લઇ તે પ્લાનના ચીથે ચીડયાં તેણે કરી નાંખ્યાં, તેજ વખતે તેનું બારણું ઠોકયે થોડકું.

પેલો વેર વીખેર થોડોક પડેલો બોરાક પેલી બાસ્કેટમાં તેણે ભરી દીધો અને પછી નીચે ઉતર્યો.

"લે આય પાંચસો પાઉન્ડ" પેલો આદમી જોને રોબર્ટે બારણું ઉઘાડી અંદર લીધો હતો તે બોલ્યો. "દશ દશ પાઉન્ડની ત્રીસ નોટના આડધા કકડાને બસો પાઉન્ડ રોકડા, મને પેલું તાંબું તારા પ્લાનવાલી જગ્યે મળતાંજ બાકીના ત્રીસ ટુકડા તને તુરત મળશે."

"નહીં જોઇયે!" શૅંબર્ટ બરાડ મારી બે ઉપ્યો.

"એટલે?"

"એટલે એમ કે મારે તારૂં એ કામ નથી કરવું."

"તે કામને પેટે તે થોડાક પૈસા લીધાછ કેની?"

"લે આય તેમાંના બાકી વધ્યાછ તે" એમ કહી તેણે થોડુંક પરચુરણ પેસા બાજણ તેબલઉપર હસેલ્યું.

"લે આય ને ચાલ્યો જા"

"પણ, ભાઇ તુંને—

"તે ભેદ મારો નથી, પ્રેફેસર ઇન્ગોનો છે, જા તેને જઇને પુછ"

"પણ તેતો મરી ગીયો"

"તો તું બી મરી જા"

"એન્ટવર્પમાં તેની ઉપર એક બોંબ પડ્યો ને તે ગઇ કાલેજ માર્યો ગયો."

"તારે લે બાય તારા પૈસાની બાકી ને ઉતાવળે મરી જા કે રસ્તામાં તેવણુનો ને તારો મેળાપ થઇ જાય તો તું ને છેક સુધી નહીં જવું પડે!"

"પણ, તું એ કામ માટે કબુલ થયો હતો, તેને પેટે તેં પૈસા લીધા હતા અને તેં તેમાંના કેટલાકતો ખરચીબી નાંખ્યા. વિચાર કર, મારા બાલા દોસ્ત ને બાય તારી નજર સામે રાખી નિરાંતે ગૌર કર, હું પાછો રાતે આંઠ વાગે આવીશ," પેલાએ રોબર્ટને પટાવી લેવાની હવે બાજી રમી.

* * * *

પેલો બીચારો લંગડો રોબર્ટ ઉપર ગયો અને પેલી બાસ્કેટ તરફ ટીકીને તે ઉભો; પછી પોતાની પરણુ તર તરફ જોઇ બોલ્યો,

"બ્હાલી, મને તારી હીંમતમાંથી થોડીક ઉછીકા આપ."

તેણીએ તેનો હાથ લઇ આંખોમાં દાબ્યો અને હસી

"કેટી, ગમે તે થાય પણ આપણે સાથેજ રહેશે કેમી જે હાલ તારો થાય તે મારોબી થાય."

"હા, રોબર્ટ" તે બોલી.

વળી પાછું નીચેનું બારણું ઘોકાયું; તેણીને તે છોડીને નીચે ગયો અને બારણું ઉઘાડયું તો તેણે એક ઉંચા કદના દાઢીવાલા મરદને પોતાની સામે ઉભેલો દીઠો.

"તમેજ રોબર્ટ ડેની?"

"હા, સાહેબ"

"કેટલાક વરસો સુધી પ્રેફેસર ડ્રુનેના નોકર અને મદદનીસ?"

"હાજી."

"પ્રેફેસર એક બોંબથી બાયલ થયા હતા તે તમે જાણોછ?"

"મેં હમણાંજ સાંભળ્યું સાહેબ,"

"તેવણ ગઇ કાલેજ ગુજરી ગયા, હું તેવણુનો વકીલ અને એકઝીકયુટર છેઉં; તમે જાણોછ એવણુનાં કોઇના સગાં વ્હાલાં નથી તે?"

"હાજી, મને બ્યકર છે."

"એવણુ કાંઇ ઘણા પૈસાવાળા ન હતા; તેમની વારસીક આવક માત્ર ૩૦૦ પાઉંન્ડની છે. તે ઘણી વખારે હોતે, પણ તેવણુને સત્તાનો અને બીજાં ચીજાં બ્હેનજનો ઘણો શોખ હતો. તેવણુનું બધું નાણું અહીં ઈંગ્લાંડમાંજ છે.

"તેવણુનાં મરણુની ખબર સાંભળી હું દલગીર છેઉં"

"તેવણુ તમુને પોતાના વારેસ ઠેરવી ગયા છે" પેલો વકીલ બોલ્યો "અને પોતાની બધી અસ્કયામત તેવણુ તમારાં નામ ઉપર કરી ગયા છે."

"એક જરા મને બાજ કરશો? હું હમણાં આવુંછ" એમ બોલી તે ઉપર દોડી ગયો અને પેલી કુટ અને વાઇનની બાસ્કેટ કેટીને બતાવી તે બોલ્યો.—

"ડીયર, આપ હવે આપણુજ છે—હવે આપણા હલાલ પૈસાની તે છે" પછી તે પાછો નીચે આવ્યો.

"તમે જે કહેછ તે શું ખરૂં છે કે પ્રેફેસરનો તમામ પૈસો મને મળશે?"

"હા! થોડાક કાલે મળશે, બાકીનાને મળતાં જરા વાર લાગશે, પણ તમુને હાલ જરૂર હોય તો થોડા હું આપું."

"હા, સાહેબ, એક પાંચ પાઉંન્ડ આપો તો મેહેરબાની"

પેલાએ પોતાની પાકેટ કાઢી.

"વધારે જોઇયે તો વધારે લેઓની?"

"નહીં સાહેબ પાંચજ પાઉંન્ડ જોઇયેછ"

"પણ પાંચજ કાંય?"

"મારે માંઇ વચેનું ખમાન પાછું ખરીદી લેવું છે."

"ઓહ્યે?"

"તે હું તમને કાલે સમજાવીશ, તેટલાં સાટું બસ."

"સાહેબજી"

એ રીતે રોબર્ટ ડેનીએ પોતાનું વેચવા કાઢેલું ખમાન પાછું ખરીદી લીધું હતું.

(સમાપ્ત.)

બાનુંઓનો બાગ.

લખનાર—સદ્ગુનશીલ સખી.

દિકરીઓ કોણની પાસે રેહવી જોઇએ ?

આ એક મોટા અને મહત્તવનો સવાલ છે, જેનો જવાબ સૌકોઇ નવાણું આસામીઓ આપશે કે, "માતા પાસે." ઝબપથી વેહતા સુધારાના રેહમ ટેકલાંક મા-બાપો એટલાં ઉતાવળે ધસડાઇ—તણાઇ જાય છે કે કુંવારી દીકરીઓનાં ભવિષ્યનો ભય તેઓની સામે ડોળા ધુરકતો નથી, એજ આપણી અચરતી છે!

આજનાં મા-બાપની કૃત્ત છોકરીજ કેળવણી આપવાની હદ બાહેર ઉલટને લીધે તેઓ દુ-બાદારીના લાંબો વિચાર કર્યા વગર પોતાની કુંવારી નિર્દોષ દિકરીઓને નજરથી દૂર પરધર્મની અને પરદેશની બાતાવરણમાં છુટી છોડી દે છે; જ્યારે બીજાઓ, સર્મા—રનેહીઓનાં ઘરમાં કેળવણીને બાહલું સૌકોઇ ગૈલ દુર દિકરીઓ ધીરે છે! આવા દાખલાઓ જ્યારે આપણે પારંવાર જોમમાં જોઇએ છિયે, ત્યારે આપણને કુદરતીજ વિચાર આવે છે, કે એક માતા પોતાની પવિત્ર ફરજંતુ ફરજ બીજાઓને અદા કરવા કહે છે! પોતે પ્રત્યેક જંન્તુઓ-જેમ્બમાંથી અળગ થવા પ્રયત્ન કરે છે.

બીજાઓ, વરની નોકરી દેશાવર હોવાથી, યા ઘણી પ્રદેશમાં ઘંધો કરતો હોવાથી, પોતાની બેટીઓને બીજા બાળુ મીશન બાતાંઓ કે કૉન્વેનટ સ્કુલમાં બેનડી ફી આપી, રાત-દહાડો "બોર્ડર" તરીકે ધકેલી દઇને પોતે નીરાંત જીવે બેસે છે. આવી ગંભીર ગફલતીનું પરિણામ છેવટે શું આવે છે? નજરથી દૂર રેહવાથી મા-દીકરી વચ્ચેનો પ્રેમાળ ઝરો વેહતો રેહતો નથી, પણ ધર્મો વહી જવાથી સુકાઇ જાય છે. અરસપરસનું એકયતાનું બંધારણ ઢીલું થઇ જાય છે: માતાનું મહત્તવપણું દિકરીને દેખ સુષ્ટિમાં માતાનો દરજ્જો કેવો મહાન અને છે, તે દિકરી ભૂલી જાય છે. ઘણી વેળા ગુલામગીરી ગણવામાં આવે છે; માતાજીની શરણ ચવામાં છુટાપણું લુટાઇ ગયલું સમજવામાં છે. મોજ-મજાહનો અભખરો, ઐશ-આરામની બે દરેક ટેકાણે દેખાર દેવાનો હલકો ચડસ; સ્વજી ગમતમાં ભાગ લેવાનો મનનો ધખારો; પૈસ. ખપવા કાજે બોટું ડોળ દેખાડવાનાં પાખંડ, ઇ ખર્ચાળુ રીસીબારી દેખાદેખાથી દેખાડવાના ખાલી ભેજાંની પતરાજીબોર બડાઇ દેખાડવાનો દમામ, એ સધળું એક માતાને પોતાની દિકરીથ પડાવવાનાં કારણોમાંનાં મુખ્ય કારણો હોય છે. રાનાં ઓઇ હેઠળ, ગમે તે આસામી સાથે, ગમે તે છોકરપણે છુટથી ફરવામાં તેથી બાહદુરી સમજે છે. મને પારકા પુરૂષો સાથે મધ્ય રાત્રિ સુધી બે વાજાં બાફક છોકરપણે ભટકવામાં હિમ્મત માની છે. અહીંજ મા-દીકરી વચ્ચેની પ્રેમની સાંકળમાંથી કડી તુટી જઇને સાંકળ છુટી થઇ જાય છે! અને માતા પોતાનાં આગળાં અવિચારી પગલાંનો પશ્ચાતાપ મુખે મોહડે કરે છે.

જેવી રીતે એક માતા પોતાની બેટીની જાળવણી કરી શકે, કાળજી રાખે, તબિયત અને તંદુરસ્તીની સંભાળ રાખે, અભ્યાસ માટે આતુરતા ધરાવી તેણીનાં અભ્યાસમાં સવળતા કરી આપે, અને દિકરીની કુદરતી ખાસિયત, સ્વભાવ, ટેવ અને ચાલચલણ પર ચોંપથી નજર રાખે, તેમ પારકાંઓ રાખે એ માનવું ને સમજવુંજ અકુદરતી છે.

વળી, બીજા હાથ પર, કેટલીક માતાઓ પોતાની જ-મજ્જાની લાંબી મુસાફરીને બાહાણે પોતાની નદોંષ દિકરીઓને પારકાંઓને આધારે છોડીને હવા ખાય અને પછી તેના પરિણામો માતાની ઇચ્છા મુજબ નહિ આવે, તો તેમાં બીજાઓને કે દિકરીઓને દોષ દેવા કરતાં, પોતેજ પોતાનો આભાર માનવાનો છે; અહિંજ ખરેખરા માતાઓને પસ્તાવો શરૂ થાય છે, પણ તે ઘણો મોડો. ઘણા દાખલાઓમાં કંઇ કેળવણી-નેજ બાહાને દિકરીઓ માતાથી છુટી પડતી નથી, પણ ખુદ માતાઓ પોતાની મોજ-મજાહ, આસાએશ, વિગેરે માટે તેમજ જંજાલમાંથી મોકળાં થવા કાજે અનેક બાહાણે તેઓને દૂરને દૂર રાખે છે; અને એ રીતે દિકરીઓને પારકાં રક્ષણ હેઠળ સોંપી પોતે મજાહ મારે છે. ઘણી વેળા તો માતાઓ પોતાનાં **મહીયરાંની** સગવડ સાચવવા દિકરીઓની કેળવણીમાં અને તેઓનાં ભવિષ્યમાં આડે આવે છે. **મહીયરાં** તરફની હદ બાહેરની આગ-દાઝ અને કાળજાનાં પરિણામમાં ઘણી વેળા મા-દિકરીની ધારેલી ધારણાઓ નિરાશી અને નાસિપાસીમાં આવે છે.

ઘણી વેળા, સગાં-સ્નેહીઓ કે મિત્રો પર વિશ્વાસ રાખી, તેઓની સંભાળ હેઠળ, કેળવણી કે હુનર ઉદ્યોગ સંપાદન કરાવવાની શુભ નેમથીજ, દિકરીઓને પારકે ઘર, પારકાંઓનાં આશરામાં સોંપવામાં આવે છે; પણ તેમાં મોટે ભાગે કુગાયલાંજ તેઓ (માતાઓ) હોય છે. મતલબથી દુન્યા કેવી સ્વાર્થી હોય છે, અને કેળવણી કે હુનર આપવાને બદલે મતલબીઓ કેવું પોતાનું કામ કાઢી લે છે, તે તો ખરાજ તેઓ દિકરીઓને અભણ જોય છે, ત્યારેજ સમજીને પસ્તાય છે. આવી રીતનું છેવટ એજ આવે છે, કે તે નિર્દોષ બચ્ચાંઓ જીંદગી સુધી જેને આધારે થોડો વખત પડેલાં હોય, તેઓનાં તાબેદાર, દબાયલાં, ઓસીયાળાં, તાણાન્તપલા ખાતાં રહે છે; અને તે એક માતાની ગંભીર ભૂલનું પરિણામ દિકરીઓને સોસવું પડે છે.

ઘણી વેળા ધર્મને ભોગે કેળવણી આપવા માટે એક દિકરીને દૂર રાખવામાં આવે છે. આવી જાતની કેળવણી કરતાં તો એક દિકરી તદ્દન અભણ રહે તેજ ઠીક. ખરૂં, કે તેથી ફકત ઇંગ્રેજી કેળવણીજ બે નસીબ રેહશે; તેમ સોસાયટીમાં ફરવાનાં ખર્ચાળુ પોશાકોથી અને સોસાયટીનાં ભારે દંડથી તેણી મોકલી રેહશે; પણ તેજ વેળા જો તેણી ડાહી, સમજુ, સારા સ્વભાવની ને ઉંચા ખમીર-ખાસીયતવાળી હશે તો કેળવણી કે હુનર વગર પણ તેણી મા-બાપ કે ગરીબ ધણીનાં ઘરમાં ઉજવાડું કરશે!

ધર્મ કે નીતિ-રીતિના ભોગે જો ઇંગ્રેજી કેળવણી એક માતા પોતાની દિકરીને આપે, તેણી ક્યાં અને કોણ સાથે ફરે છે, તે વિષે એક માતા જો બેખબર રહે, તો તેણીને માતાનું શ્રેષ્ઠ નામ છાજતું નથી.

એક માતાની ગંભીરમાં ગંભીર ફરજ છે કે પોતાની નદોંષ કુંવારી દિકરીઓને પરકામમાં, યા સગાં-વ્હાલાંને ત્યાં, કે મીત્રોને ત્યાં કેળવણી આપવાને બાહાણે, કે કોઇ પણ કારણે ધીરવા પહેલાં લાખ વખત વિચાર કરવો સજાવટ છે. જ્યાં સુધી તેઓ પુખ્ત ઉમરનાં થાય અને પોતે પોતાને સાચવી શકે, ત્યાં સુધી તેઓને એકલાં છોડવામાં ડહાપણ નહિ, પણ એક માતાની ગંભીર ભૂલ છે. ભલે તે દીકરી અભણ રહે, યા અંગ્રેજી કેળવણી લે બેખબર રહે, તેમાં શું મુજાકા?

સારૂં છે કે એ પવન આખી દુનિયામાં નથી ફેલાયો, પણ કેળવણીને બાહાણે દિકરીઓને દૂર દેશાવર નજરથી ને સંભાળથી દૂર રાખવાનો ધંધ રો મોટુ રીવની માતાઓનાં ભણજમાં ભરાયલો છે, જેનાં ઘણાં નહિ ઇચ્છવાલેગ પરિણામો આપણા કાનને કચવાટ સહીત કોઇ કોઇ વેળા અથડે છે, તે સમયે દુન્યાદારી સમજનારી માતાઓની મુર્ખાઇ, ભૂલ અને કમઅકલીપણા પર આપણને અફસોસ છુટે છે!



બાળકોને બરનું.

પ્રભાતનો પાઠ ૬ ઠો.

ખંત.

વ્હારાં વ્હાલાં બાળકો,

ગીયા અંકમાં તમોને "ઉદ્યોગ" ઉપર કંઈ શીક્ષણ આપ્યું હતું. આ વેળા તેની બેહેન "ખંત" વીશે હું થોડું બોલીશ. આ દુનિયામાં ખુદા અને કુદરતનો એક કાયદો છે કે સઘળું કંઈ આસાન પાર પડે તેની અગાઉ તે બીજાને પાર પાડવા તેની સાથે લડત કરવી પડે છે. તે લડતને માટે "ખંત" ના ગુણની વિષેશ જરૂર પડે છે. આ દુનિયામાં સઘળુંજ કંઈ સહેલું હોતુ નથી.

કોઇપણ ચીજમાં કુદરતે મેળવવા અગાઉ તેને માટે સખત મેહનત કરવી પડે છે. સફરાતમાં નીશફળતાની ખુબ નડે છે પણ જે ખંત રાખી હોય તે સોમાંથી નવ્વાણું તકા કુદરતની આશા રહે છે અને ધારો કે કદાચ આપણે મેહનત કરતાં નીશફળ નીવડયા તો શું થયું? જે ખંત આપણે ચાલુ રાખી હતી તે આપણામાં શક્તિનો કેવો વધારો કરશે? તમોએ કોઇ દીવસે ઉંદરને કંઈ ચીજ કરડતાં જોયો છે? તે ઉંદર કેવો ખંતથી તેની અને તેનીજ પુંડે લાગી બધું કોતરી નાખી ધારેલી મકસદ પાર પાડે છે તેમ ચીવટાથી કોઇની ધારેલી મુરાદ આપણે ખંતના ઉપ્યોગ વડે પાર પાડી શકીયે છીએ; દુનિયામાં જેમી મહાન શોધ થઇ છે તે એકદમ એક તડાકે નડી પણ દીવસોની મેહનત, રંજ અને ખંતનુ તે પરીણામ છે. દુનિયાનાં મહાન સ્ત્રી પુરૂષોની મોટાઇનુ માપ તે તેઓની ખંત છે. ઇતીહાસમાં વખાણવા લાયકના એક મહાન પુરૂષોની ખંતના કંઈ ખ્યાલ આપણને આપે છે, પણ હું જાણું કે થડીક વેળા તમે ઉંઘતાં બાળકો ઘડીક બાદમાં, હારી બાજો છો અને જે કામ ખંતથી પાર પાડવું જોઇયે તેને બદલે બાલીશાઇની હકુમત ચલાવી તે પડતું નાખે છો; થડીક વેળા કંઈ બીકત કામ તમે ઉપર આવી પડે છે તો "એ કોણ કરે" કરીને કરવાના તમો અખાડા કરો છો, પણ એ સઘળુ "ખંત" ની બેરહાજરીનુ પરીણામ છે.

લુહાર પોતાના હાથ નીચેના દાણ્ડ ઉપર મોટા હથોડા ફરી અને ફરી માર્યાજ કરે છે અને સોનો પોતાના હાથ નીચેના સોનાના ઘરેણા ઉપર નાની હથોડી વડે ફરી અને ફરી ટીપન કર્યાજ કરે છે, પણ આખરે તેની અંદરથી તેઓ શું કિંમતનુ કરે છે? સે કડો હથોડા પડયા પછીજ તેમાથી ધારેલી ચીજ તેઓ બનાવી શકે છે, તેમ વ્હારાં વ્હાલાં બાળકો તમારી જીંદગીની અંદર મોટી મુશકેલ બીનાઓ આવી પડે તો લોખંડની ઉપર લુહાર જેમ જબરદસ્ત હથોડા મારે છે તેમ, અથવા કોઇ જુનુ કામ રંજ ભરી ખંતથી પાર પાડવાનુ હોય તો પેલા સોનીની માફક તમારા સદ્ગુણોના સોના ઉપર જ્ઞાન, તાબેદારી વીગેરે વીગેરેની જીની જીની હથોડી ફરી અને ફરી માર્યાજ કરો અને જુવો કે પરીણામમાં તમારૂ ધારેલુ કામ પાર પાડવામાં તમો ખરેખરા કુતેહમંદ નીવડશો. કુદરતનો એ કાયદેજ છે કે જેઓ ખંત રાખે છે તેઓનેજ છેવટની કુતેહ મલે છે. તે કાયદાથી તમો કદીપણ છુટી શકશો નહી માટે સત્રચેત રહીને ખંત રાખવાનાં શીખશો તો ખુદાનુ ચાહવુ છે કુતેહ તમારીજ છે.

લી૦ દુવાગીર તમારો
મોટા બાવા.

કાકાનું વીલ.

સારો

લખનાર:—મીસીસ મેહરબાનુ ફ્રિરોઝશાહ એડનવાલા.

પારસીઓની જુની જાહોજલાલી માટે પ્રખ્યાત [illegible] સુરત શેહરમાં આપણી આ નાહની વાર્તા ઉદ્ભવે છે: વાર્તાથી હાલનાં જમાનાની નથી, પણ અસલનાં જમાનાની જુના અને નવા થઇ થતા વખતની છે.

જ્યારે મુંબાઇનાં પારસીઓ અસલથી રીતીઓમાંનાં ઘણાંક દૂરી ગોને વખોડી નવા દૂરીગો પોતાના સંસારમાં આમેજ કરવા બેઠેલા તેવા વખ્તમાં જુના વિચારનાં શેઠીયા કેહવાતા સુરતનાં રહીસ જેહાંગીરશાહ જગીરદાર કોઇ પણ પોતાને પેટનો વારેસ પાળ્યા સેવ્યા વનાં ગુજરી ગયા; તેઓનું પોતાનું રુપાર આનાર કોઇ ન હતું, પણ તેવણના ત્રણ મરહુમ ભાઇઓનાં ત્રણ દીકરાઓ હતા, તેઓને પોતાની તમામ અસકપાસત અને રોકડ પુંજનાં વીલ મારફત વારેસો કેહવી ગયા.

મરહુમ જેહાંગીરશાહ જગીરદાર સુરતનાં પોતાનાં મંડળમાં ઘણા રમુજ અને વીચારવંત નર કેહવાતા, તેઓનું વીલ આ પ્રમાણે હતું.

"વીલ."

આપણે કંઇ સરકારી દરબારી વાતો કે શહારીતીઓ જાણતા નથી. પેઢના કાકાનાં વંશથી ઉતરી આવેલા આપેહાડે હમે એખુત હૈયે; પણ એખુત એટલે જમીન એકનાર અને જગીરદાર એટલે જમીનો વગેરેનાં ધણી. સરકારી દરબારી રીત પ્રમાણે મારે મારાં વીલમાં આ બાબતો જરૂરજ વાપરવા જોઇયે ને તે એ કે "હું સુરત શેહરનો રહીસ, ગામની પાદરે એત્રાંઓ અરાવનાર જગીરદાર જેહાંગીરશાહ, આ મારું વીલ, મારી પુર દુરસ્તારીમાં, અને જાતિ ચંચળાઇથી કરી જણું છું.

"પેહલું તો એ કે સુરત અને ભીમપોર જવાને અપેર રસ્તે કે મારું એખુત આવે છે તે હું મારા મરહુમ ભાઇનાં દીકરા ગુસ્તાદજી ગોરખરને આ લખ્યાથી આપી બક્ષેસ કરી જણું છું; એ બીજારાને દુકરાં પાળવાનો વધો સોખ હતો, અને દુકરને અસલ જમાનામાં ગોરખર કેહવાં એમ સહુ આગળ બહુદ થય વાતો કરતાં ગુસ્તાદજીના બહેનની બાનું નામ ગોરખર પડી ગયલું. બહેસ્ત હોમે તેવનને:

"બીજું એ જે ગુસ્તાદજીના નેહાળ થયા, હવે બીજા ભાઇનાં દીકરા જમશેદ સચ્ચા બીમારી વારણ આવી—એ મારા મરહુમ ભાઇને ચુંટી ચુંટીને સાચ્ચુંજ બોલવાની ટેવ હતી, તેથી તેને બીજારાને સહુ સચ્ચાબીયાં કરીનેજ બોળાવતા— બહેસ્ત હોમે તેવનનેબી—જમશેદ સચ્ચાબીયાં ને બીમપોર રોહેવનો ગામ હાથનો આખો જમીનનો કટકો, અથવા બીમપોરનું મારું બેનું હું આપી, સોંપી, સપુર્દ, બક્ષેસ કરી જણું છું; એટલું બધું ખુલ્લું લખવાનું કારણ એ જે એ પોર્યાઓ મારાં વીલનો મીનીંગ કરાવવા ચાલતે દહાડે કોરત દરબારે દોડે નહીં.

"બીજું અને છેલ્લું નહીં, વલસાડ ગામે આવેલું મારું બેનર હું મારા નાહના ભાઇના દીકરા નવરોજ નયનરાયને આપી જાઉં છું—બહેસ્ત બીચારા એનાં બાપાને, તેવનને દરેક બાબતમાં નયનરાય કરવાની બેબાની અને કરી બાબરવાની ટેવ હતી, તેથી લોકોએ તેવનને આખે નામ આપેલું હતું, બાકી ત્રણે ભત્રીજાઓ મારા ભાઇઓનાં દીકરા તેથી સહુ જગીરદારજ કેહવાયરે, પણ બીજાઓનું તે જાણે આપું જેવી વાત છે.

"હવે છેલ્લું મુદ્દેબા, દું: છેલ્લું તે એ કે આ લખ્યાથી હું મારા એકસીકુનાર રોહ દોસ્તબા નીમદારીમને માથે ફરજ નાંખી જણેછ, કે મારી રોકડ પુંજનાં રૂ. ૭૫ હજાર છે તેને સારાં બ્યાજે વપરા હો અને આખાં દસ વરેસ બેનું બ્યાજ વધીને પડી બે બ્યાજ

સાથની આખી રકમ મારા ઉપર જણાવેલા ત્રણે ભત્રીજાઓ માંહેલા જે કોઇ સર્વથી તવંગર બનતા પાંમે તેને સપુર્દ કરે.

"હવે, તદનજ છેલ્લું તે એ કે આ મારી મરજીથી, મારે હાથે, પુર સુપ્રલામાં લખાવયું વીલ–વસીયત છે તે પ્રમાણે મારા દાનાવ, ઇનસાદી મીતર શેઠ દોરાબશા નીમહરામે અમલ કરવો, અને કોઇની ગીધને ઓઠું લુટવા વચ્ચે આવવા દેવું નહીં. તમે સમજ્યા કે? ગીધ તે કોણ? વકીલ સાહેબ તમારી હજરો માફી. આપરે દરબારી સરકારી કામ કંઇ જાણુતાંજ નથી તેની વાતજ કેવી?"

આ વસીયતમાં જણાવ્યા પ્રમાણે શેઠ દોરાબશા નીમહરામ ખરેજ ઇનસાદી અને પોંઢેલેલા માણુસ હતા, તેવુંજ મરહુમ જેહાંગીરસાના ત્રણે ભત્રીજાઓને તેડીને તેઓને આપવા ચાહેલાં ખેત્રાં વેંહેચી આપ્યાં અને પોણો લાખ રૂપૈયા મરહુમની ખ્વાહેશ પ્રમાણે મોટાં બાબે એક માતબર પેઢીને દસ વર્ષની મુદતે સોંપ્યો.

આ ખેત્રાં જુદી જુદી કીમતનાં હતાં; ગુસ્તાદ ગોરખરનું ખેતું ઘણો મોટો સુધારો ભોગવતો હોય તેવું દેખાતું; પણ જો તેમાં જોખતો સુધારો કરે તો પછી તે ખેતરમાંથી કાર્યા સોનાં પાકે એવું મુલવાર હતું જમશેદ સરગ્રા ગીયાંનું ખેતર સર્વમાં કેંક હતું, અને નાહના નવરોજ નસવનજનું સર્વમાં સરસ હતું.

મરહુમ જેહાંગીરશાહની વાડીની પડોસમાં, વસ્તાં અને સુરતનાં બીજાં ઘણાંઓમાં વીલની વાત જાહેરજ ચરચા ગેઇ, તેઓ આપસ આપસમાં આ ત્રણે સુરતી જવાનીઓ માટે જાત જાતનાં અભીપ્રાયો આપવા લાગ્યા, તથા દશ વર્ષની મુદત પછી આ ત્રણુમાંનો કોણ રોકડ પુંજીનું ઇનામ જીતવા પાંમશે તે ઉપર શરત લેવા લાગ્યા.

તે ત્રણેનાં ખવાસ પ્રમાણે લોકો મત ઉચારતાં.

ગુસ્તાદ ચીકો અને પૈસા ખર્ચવાનું આખું ત્યાં બીકન્યુ હતો. જમશેદ સરગ્રાં બીયાં દહાપણુંના ઉડા વિચાર કરીને કંઇપણ કરવામાં જાણીતા હતો, અને નવરોજ નસવનજી તેનાં મરહુમ બાપ જેવો દરેક નવી બાબતોમાં વગર વીચારે અને વગર ચેાખવે છપલું હવે તેમાંનો હતો; તેથી વળી તે ધુંધીની ઉડવાનો.

સહુ સહુને પોતાનું ખેતું મેળવવાને એકજ અહવાયું વીત્યા બાદ, ત્રણે ભત્રીજાઓ જેહાંગીરશાહની વાડીમાં જમતા જમતા વાતો કરતા જણાય છે. નવરોજ નસવનજીએ ગુસ્તાદ ગુરખરને પુછ્યું.

"ભાઇ ગુસ્તાદ, હવે તું તારા ખેત્રાંમાં સુધારો કરવાનું કયારે શરૂ કરેછ?"

"સુધારો? ત્યારે શું અંદર કંઇ બીગાડોછે કે શું? સુધારો કરવા જતાં કુધારો થાય તે તું જાણેછ કે?" આમે પૈસો ખરચવાની વાત આવી ત્યાં બીહને ગુસ્તાદે રોકડું પરખાવ્યું.

"તારા જવાબ પરથી મને તો લાગેછ કે તું ખેતરમાં કંઇજ સુધારો નહીં કરવાનો, ઉજડ જમીનોને ખેડાવવાનીબી કંઇ તકલીફ લેશે કે ફકત ખેની યથસ્તીજ જમા વાપરવા કરશે!" નવરો જમવાનું અટકાવી ઘણીજ નવાઇથી ગુસ્તાદનું મોહડું ટીકવાનું પુછ્યું.

"મારે નવો ખર્ચ કંઇ કરવોજ નથી."

"હું! ત્યારે તો મીલ્ટ મારો કે તમુને કાકાનાં પેણો લાખનો ટેકોબી કહી મલવાની વકીજ નહીં," નવરોજએબી રોકડુ જ કાઢયું.

"નહીં તે કેમ? બાકી તો તારેજ કહે તો મીલ્ટ મારી રાખજો કે કાકાનો પેણો લાખને તેનું બધું વ્યાજ સાથે મારજ આવંછે."

"અહીંની દુન્યાં આડી જાયે તોબી નહીં પણ જો તારે તારી વગર ખેડેલી જમીન ઉજડજ રાખવી હોય તો મને તે ઉપર ખેડકામ કરવા દેશે? હવે કંઇજ નહીં તો તારી જમીનપર ઠીયેઠીયે ઠુંગેલાં ઝાડોનાં ડાબી ડાબ્યાં એક બીજાને હરકત કરે છે અને પુર આપતાં એક બીજાને નડેછ, તેટલું તો કપાવી દેવા દે?"

"મારે એક ઝાડ નથી કપાવવું, એક ડાબ્યું નથી છંટકાવવું, એક તું કહેશે કે એક છોડ્યું છોકાર તો તેમાં નહીં, નહીં ને નહીંજ," ગુસ્તાદ ગોરખરે મજબુતાઇથી કહ્યું. મારે કરોજ ફેરફાર કરવો, કરાવવો કે કરવા દેવાનો ઇરાદો નથી. સમજ્યું હવે?"

"એમ કેમ વાહ?" અત્યાર તુરીક સાંભળ્યા કરતો જમશેદ હવે વચ્ચે પડ્યો. "ભાઈ ગુસ્તાદ! કંઈ સારો સુધારો થોડાક ફેરફારથી થતો હોય તો તેમાં નહીં કરશો?"

"જમશેદ, તું કાંઈ નકામો માથું દુખવેછ? સુધારો, વધારો, કે ફેરફાર તો હું કંઈ કબજ નહીં કરાવાનો મારા બાપદાદાઓ જેમ ખેતી વાસ્તે હળ કરાવતા, ખેડાવતા, રોપાવતા, કપાવતા, વઢાવતા અને વેચાવતા તેજ હુંબી કામ કરીશ. તે સિવાય ફેરફાર કે સુધારાને આપરે ઓળખતા નહીં." ગુસ્તાદે જમશેદને મિઠાસથી જવાબ કર્યો.

"પણ હમણાં નવી રૂઢી પ્રમાણેનાં હળ નિકળ્યાછ તેતો જરૂરજ મંગાવીને વાપરજે." વકી પેસ્તો નચ-નવાઇ નામનો પોચો વચ્ચે હોમાયો.

"નારે દીકરા, જુનું તે સુનું એ ખેતરાં સાથે મને સોંપાયલાં જુનાં મારા બાપદાદાનાંજ ઓજારો મારે હંમેશાં વાપરવાં છે, હમે સમજ્યો. તુંબી યાદ રાખજે કે જુનું તે સુનું."

"પણ મિરાદર, નવું તમે વાપર્યું કે અજમાવ્યું નથી, ત્યારે જુનું તેજ સુનું એમ કેમ કહી શકો? મેં તો અજમાવ્યુંછ, અને જુની રૂઢીનાં હળ કરતાં એ નવાં નિકળેલાં હળ ઘણાજ કાયદા કારક પુરવાર થયલાં મેં જાણ્યાંછ, અનુભવ્યાંછ," જમશેદ પણ નવાં હળની હિમાયતમાં નિકળ્યો.

"તે ગમે તે હોય, નવું ખરીદવા, નવો ખર્ચ તેટલો કાયદો જુનાંમાંથીજ હું મેળવી લેઇશ લેવશ-મારા બાપ દાદાનાં વખતની અસ્સી ચીલેપર અને અસ્સી રૂપીઆપર મને ઘણો ન્હા છે. ભાઇઓ." નવા ખર્ચાના બીહુને ગુસ્તાદજીએ વાત ઉડાવી.

જુનું તે સુનું આ જવાબે ઘણા ખુશાજ કરતાથી બોલતા રહી પાંચ સાત વખત તેનું તેજ પીછ ગુસ્તાદજીએ ખાધું પુરું કર્યું. તેનાં કંટાળો ખાસ તેનાં તરફ ચોખ્ખી પીઠ ફેરવી હવે નરસ નયનવાઇ પોતાને ખોબે ઉતરી આવેલા નવા નવા શોખો ઉઠાવવાપાછળ કરવા વિચારો જમશેદને કહી સંભળાવવા મંડ્યો.

"જોતો મારા જાની ભાઇ જમશેદ," તે બોલ્યો "તું કંઈબી વાત શાંતીથી અને દલાપણુથી સાંભળેછ, તેથી તારી સાથે કોઇને વાતમાં કરવા ગમે ખરી; મારી બધી યુક્તિઓ મેં રચી રાખીછ તે હું તુને કહેઉછ તે સાંભળ."

"ઠીક, બેશક કહેવો, પણ તમે જે કહેવો તે બધુજ મારે કબુલ કરવું જોઇએ એવી છેક આશા નાં રાખશો."

"અરે નહીં તે કેમ? જોતી મારી યોજનાજ એવી ઉત્તમ છે કે તે સાંભળતાંને વાર ખુશીથી તું તે કબુલ કરશે. ભાઇ, મારી જમીનની તદ્દન લગોલગ તરકારીનાં ખેતર અને તેની પાસે મોટું ટોળાવું, એટલે ટોર લોક વસી રાહે તેવી મોટી જગ્યા ખાલી છે, એ બધું હું કામમાં લેવા માંગુંછ, કેમ વારૂં, એ તું પૈસાનાં ડગલા—"

"તું ભાઇ એમ તો નહીં વમાસતો હોય કે મોટો અરાજો ખરીદી લઇને તેપર તું મોટા મોટા ખર્ચો કરવા ધારેછ?"

"અહાહા! તેજતો તરકારીનાં ખેતરની ઉપજ તે દર વર્ષે વેર બેગા પૈસાનાં દગલા લાવેજ ભાવે કેમ જે તરકારી તો સહુ ખાય અને ગાય મેટાં, જરૂરનું, બેસારો લવારાં, એમ થોડાં ખરીદીને ટોળારામાં ભર્યા કે પછી ભાઇ, તું જાનેજ તો ખરો કે એ લેવેરા વર્ષમાં બબે ત્રણ ત્રણ અચ્ચાં ઉપજવે, તે જો ધાર કે બસેજ કે આપ્યે વર્ષે મે એકસો ટોર ખરીદ્યાં તો આવને વર્ષે ૩૦૦ નવાં ઉમેરાઇને ચાલ્યો થશે, વળી તે ચારસોમાં બીજે વર્ષ બીજાં ચારસો ઉમેરાશે તો આંકસો થશે. એમ કાકાના વારસો દસ વર્ષ મકે તેટલાં દર માસે ટોરોમાં વધારો થવાં જુનાં ટોરા વેચવા જરાક તા દસ વરસમાં મારા જેવા પૈસાદારોને બીજા દાદા બાપ ધર્યાપર નહીં રહેશે." આ નવરૂની અજબ યુક્તિ, દોલત વધારા દેવાના ખેલ સાંભળીને જમશેદતો હરખા વનાં રહેવાજબ નહીં.

"પણ ટોરા ખરીદશે તે લેવા જન્મ આપીને વધારા કરશે તો કોઇનું મોત નહીં નીપજશે કે?"

૭૫ મરણી આંઠ દીવસમાં મરી ગેઇ. કેમ? ચીલ ઉંચકી ગયા. ૩૦૦ બકરાં મેદાંમાંથી સવાસો મરી ગયાં? કેમ? ચારવાની જગ્યા ઉપર જમીનમાં મેટાં કાંટા છે તે નાંકમાં અંદરવેર લોકાકને હોહી છત થઇ ત્યાં ઝોકાની પ્રીક ચહડી. પાસેનાં નરકારીનાં ખેતરમાં મરઘાં બટકો ને તેરો જાય ચડી સત્યાનાશ વાળતાં તે કૂરોદ જુદી. નચન્તવાર ને એક આંખનાં પળકારા ભાર કરસદ ન રેવતી. એક જનવરનું વેચાંણ થાય તેટલાં દસ મરી ગયાંની વાત આવે. માંણસો તેર પંખી ચોરી જાય અને સંખ્યામાં ગણુંથી મુજબ આગુદ્ધ વધારો થવાને બદલે ઘટાડોજ ઘટોડો. આપદાયતો. ઢોરોને ચેરાનમાંથી નીકળી પોતાના કુળદીપ ખેતરમાં ગેરી જતાં બટકારવા જમશેદે સલાહ આપી કે કુંવા કાંઠાની વાડ રોપાવવી, પણ ચોપડીઓમાં વાંચ્યું કે એક નાહલી તગારી માપક ઉંડી જમ્યા બેઠળી, અને તેમાં પાણી સમાય તેવું કરવું કે જેથી જ્યાં તેરો ખેતરમાં આવતો જતો પગ દઇ ટુટે ને પડે ને ખેત્રોને ઘટે ત્યારે પાણી મલે તેમજ ઢોરોણી ખુબ ઉંડી અને હસેલા બટકાંચો તરે.

આ મતલબે ખેતર અને જનાવરની જગ્યાની વચ્ચ વચમાં મોટા ઉંડા ખાડા ખોદાવી દેવાદોદી ચાલી. ખાડો ખણાતો જાય ને અચાનક ઢોરો અંદર પડીને પગ ભાંગી લુલાં લંગડાં થતાં જાય, પણ કાંટાની વાતની સમજણ મગજમાં ઉતરે. વેલાતમાં આ નવી ઢરણી અનેક ફાયદાઓ થાયછ, અને જુની અસલ રીત કાંટાની વાડ હવે ફેશનમાં કે ચલણમાં નથી.

હસેા, બેાદાને બખર શા કારણે હગલે હગલે મરવા લાગ્યાં. બકરાં મેદાં દુરસ્તલ થઇ ગયાં, ગાયો ભેંસો બરાબ બરાબ મરવા લાગી અને બધું ધાર્યા કરતાં ખુશાપુશાલ દીસ્વાને બદલે રીકવી ને રડમેસ હાલત બતાવવા લાગ્યું. મુવેલાં ઢોરોનાં ચામડાં ઉતારવા જતાં ઉપરીયલું બરાબર નહીં તે બદલે બાજ લેાકેા ઉઘાપત કરી જતાં, હંસોના પીળા ને ચરીકણી દુંખનારીઓ ફેશનની આંખ પેતા પર નહીં જોનેને તેનેાણી બદલે આંખ બચ્ચેા પેાલ કરવા લાગ્યાં, માંકાળા ટોપલાની રનજેનર ગયા.

જમશેદે એ પોષનિ આંતેા મામલેા જોર ઘણીજ દીલગીરી સાથે વધુ ધેાંટાળામાં હોમાતેા વારવાનું કર્યું અને દરેક ચીજની દેખરેખનાં માણસેાની ઉપ્રાંત અકેક મુકાદમ, ઘરેા, વીશ્વાસુ રાખવાનું સમજાવ્યું.

હજીએ જમશેદ ઘણેા દીલગીર થતેા, પણ જરા નવાઇ નવલને અન બધી વાતની ઉહાટ હતી. પહેલા ચાર છ મહીનામાં કેવું એમજ દેખું, ખરચપણ કંઇ નીકળે નહીં. બાપરે, આ એ કઇ ઢોરોને મરઘરાં એ ખાયછ, કે કાહકનેા ખજનેાથી ખુટી ખમ. પણ સસલાં બધાજ પૈસા વાળી આપી દેવાનાં એવું તેને કંઇક લાગતું. મુંબઇથી ઉપડતી ચીનની આગબેાટ સાથે સીધેા વેપાર તેણે સસલાં નેા શરૂ કર્યેા. ચાર રૂપ્યે દઝનની ખરીદી કરતેા, અને બાર રૂપ્યે દઝનનું વેચાણ! એક દઝન વેચાતાં લીધાં હોય તેા કેટલે એકે બે મહીનામાં છ દઝન થાય એ બધું તેણે વાંચેલું. પણ અફસેાસ; વાંચેલુમ્ આટલી હદ સુધી ખોટું હતું દેખુ! વધારેા કંઇ થાય તેમ જણાયજ નહીં. એ શું ભેદ હશે? જમશેદે તેનું ધ્યાન ખેંચ્યું કે સસલાને ઘેરી રાખવાની જે હદ છે તે પેાચી માટીની બનાવેલી ભીંત છે, તેમાંથી કેાકીને તેઓ હારેહાર રેાજ દાં નાહસીને હારેહાર જંગલમાં ભરાઇ જાયછ અરર હદ બાંધી લખને દેવાળી ઉપર ભાંગેલા હાથ જરેલા તે તેા દેખું આજની ફેશન સીયા કરા કાતું નહીં. અંદરથી તલું ભેદી સસલાંઓનું લશકર ઘેરેબારે જણને ગેાફવાતું દેખું. ધેાવાયું!

ગુસ્તાદ વધુને વધુ હું હું કરી તેને તેાડી પાડવા લાગ્યેા, અને મનમાં ને મનમાં હવે નવલ નચન્તવારને લાગવા માંડ્યું કે આવેા મામલેા ચાલુ રહ્યેા તેા હું કે વખતમાં પૈસાદાર તેા શું પણ બીખારી કરતાં નબેદાર હાલે પુગવાનું.

તે હીમત હાર્યેા નહીં. સસલાં જે બધા નાહસ ભાગ કરી ગયાં હતાં, તેઓને નામે પૂરેા મુકી, રહેલું તમામ સસલું એક લાંટમાં મુંબઇની માસ્ટાર્ટ ને હવાલે કરી તે જમીન ખેડાવી ત્યાં રોપણી કરાવી; અને જણે સસલાંઓપર વેર લેવાઇ ચુક્યું હાય તેમ તે મુંદર દર્પણા ભેલવા લાગ્યેા.

આઠ દીવસમાં શું સુંદર ઘોડ થયા કે હાહા! નવલ નચ–નવાઇ જેને દરરોજ નવું નવું જોવાની કરવાની બહુજ મજાહ હતી તે તો આ મામલો જોઇ હરખાઇ હરખાઇ ગયો. ઉજડ વેરાનમાં બાતર પાડતાં લુચ્ચાં દુખ્યાં સસલાંઓને બદલે આ તેને વધુ ભાવ્યું પણ વાંચનાર! શું તેની નિરાસાની વાત કર્યે? જે લુચ્ચાં સસલાંઓનું લશ્કર તાહેરેલું તે પોતાની આ અબ્રહ્મ જગ્યા કે શું વખ્ત જોવા આવેલું તે ત્યાં આવા મજાનાં લીલા મીઠા કુમળા ઘોડ જોઇને ત્યાંજ છાંવણી નાંખી પડી કુર કુર આવા મંડેલું. અને આહ જેહમતેથી આંઠે દહાડા તે લોકને ત્યાંથી વિખરાતાં લાગ્યાં જેટલાં અરસામાં તેઓ બધું ખાઇ ખુંડારી સફા ચક જમીન છોડીને વગે ડારે કર પડ્યાં!!

નવલ નચ–નવાઇને ખોટ ભારી ગઇ, પેણ તે કરતાં તેને અલખી ભારી લાગી જેમ તેને ધાર્યું હતું તેમ કેમ નહીં થયું' તેજ એની અલાયથી ભારી હતી.

એક બે દહાડા તે આવા બનાવોથી નિરાસ રહેતો, અને પાછો નવી ઉલટમાં ઉગી નિકળી પાછો કર્શામાં ઝીપલાવતો.

"અરે કંઇ નહીં રે" જ્યારે આવા મામલા જોઇને ગુરતાદ કરતો અને મજાક કરતો, તથા જમશેદ દીલગીર થતો ત્યારે નવલ નચ–નવાઇ પાછી ઉલટ તાજી કરી બોલતો. "વેપારનું સાધન તે શું એક સસલાંજ છે કે? થોડાં ઉડ્યાં ચુડ્યાં હંસ, બટકાં, મરઘાં ચુવેયા ને હંસનાં કબુંદ પીળાં હાથમાંથી જવેયા શું બધું આવી રહેલું' હું સમજ્યા કે? સસ્તો ઉન ઉતારીને સાડી છસો મેંહું મેં એક ભર ચાલને સોંપું છું, તેમી કેમ? વેલાતનાં લોકો ઉન ઉતારીને જે બટાવ્યા તે લોકને પેકડાવીજો, એથી શું કે જેહું એક કરમે ને ચરબદાર થાય તે લોકની ચામડી બીગડે નહીં" ને લખલખાં ચહડીને તવાઇ સુકાઇ નહી જાય. કાંયે તે તેણું તેડાવીશ, તું જોને જે તો ખરો તું જોઇને હલતાજજ જશે કે ચરબચપન મેંહું કે ઓરસ્ત્રેલીયન મેંહુણી એટલું ચરબદાર નહીં હોય." તેને જમશેદને હીંમત આપી.

એ બાપડો નિરાસાને દીલમાં જે ઘડી ઉભી રહેવા દેતો નહીં. કોઇ જેવું હોય તો અકળાઇ ગભરાઇને ભરે નહીં તો મરવાની અણીપર પુગે અથવા અધું દેવાનું થાય; નવલ નચ–નવાઇમાં આશા ઉમેદે ઘણીજ હતી. આશા પર ને મોટી ઉમેદો પર તે રહી શકતા.

બીજે દીને તેને પોતાનાં મેંઢાંઓ ભરવાડો પાસે દોડાવી મંગાવ્યા.ઓ અફસોસ! બાપડાં તે લોકને પેહડાવેલાં કુરતાં તો બધી એક ડેલી પેાચ હોય તેમ તેઓ પર ઝુમી પડેલાં એવાં લેવાઇ તવાઇને પાણીનો પોપરો થઇ ગયલાં. એ કેટલી હીંમત રાખે?

"તોબાહ! તોબાહ! તારાં મેંઢાં, દોસ્ત જમશેદ મજાના કુમળા છે પણ મારાં તો બધાં તારાં હતાં કે જ્યાં ચરબથી બધ ચબ, તે લોકનાં આ એ શું અવતાર?" નવલે અફસોસ કરી.

"બધું જેવા જાય તે અડધાંમાંથીજ જાય." ગુરતાદે ઠીરના કરી.

"જ્યાં છે ત્યાં મારૂં નસીબ ચાલતું નથી," વળી કાંઈ આશા ઉછેરવા તેને નસીબને દોષ દીધો. "પણ જેવા કહે તેમ મહેનું નસીબ પાતરાં તળે; એક ટુક મારી કે પાડું ઉડી જશે ને નસીબ ઉંઘડી જશે."

"જો દીકરા, મારી વાત માનતે તો સુબાનો થતે, હું મારૂં ઠોબારૂં સમારમાં સુરજનાં કિરણ નિકળ્યા વગર બહાર ચારવા કાઢડવા દેતો નથી; કેમકે આખી રાતનો દવ પડેલો તે સહેં ખોરાક એ લોકનાં પેટમાં જાય ને સહેં લાગી કુમળા થઇ જાય- ઉપરથી બદબાંન કુરતાં લોકડાવે તેમાં શું સાર્થક સમજાય?

"બધુ મેં ભરવાડોને એમી તારી ચેતવણી મુજબ ચાલવા કહીજ રાખેલું, કેમકે, હેમક, તું'ને મેં શું કહેલું' કે એ લોકને સહેં પડેલો, દવ વહેલો ખોરાક ચાવવા નાં દેતો?"

"ગે? કરે કીએલું જે? દેવયા તો અમનેજ એ વાત હાંભલતોરે આ." ભરવાડે કનિં હાથ દીધા.

"હાશે, હોશે, ખોરડર આપવા જઉં તેટલાં કંઇ બીજાં કામમાં શું'ટાઇ ગયો હોઉં, એમ હોય."

નવલે ભુલ કબુલી.

"કામનું કાઢકપણું તે નહીં કાંય એમ થાય?" ગુરતાદે ટીકા કીધા.

"બધું ખોટેજ હવે તે બધુંજ અકબૂર તે અકારત જાય."

(સાંધણ છે.)

પુસ્તક પરિક્ષા.

ફિરદોસ.

પ્રગટ કરનાર:—અરદેશર દોરાબજી રૂ. જા. દસ્તુર મેહેરજી રાણા.

ઉપરે નામનાં માસિકની એક નકલ અમારી 'પ્રજ્ઞાત'ની એક નકલનાં બદલામાં તેમના (આગલા) પ્રગટ કરનારાઓ તરફથી અમને નિયમીત મળતી રહેતી હતી, પણ જાનેવારીથી તે માસ્ચ સુધીની તેની એક સરખી ગેરહાજરીએ અમને કાંઇક તાજુબ કીધા હતા. પછી વળી દાબડામાંના જુતની માફક એકાધકે ઓચીંતું લાલમલાલ રહેરે પરણે બદન સાથે અમારી તેબલ ઉપર જ્યારે તે ગયા મહીનાની શુરૂઆતમાં ફીરદોસ આવી ભહું ત્યારેજ તેની ગેરહાજરીનું કારણ અમને જણાયું, અને એ ત્રણ અંકનો પોથો, નપાસી જોતાં જેમ અમને તેની આટલે સુધીની ગેરહાજરીથી ઉપજેલો ગુસ્સો ઠેકાણાર થઇ ગયો તેમ અમને ખ તરીજ છે કે કાગને ડોળે તેના એ બધા ચઢી ગયલા અંકોની વાર જોતા વાંચક વરગની અધીરાઇ અને તેના કકડાટ ચટકાટનો પુરેપુરો ખ્યાલ તથી વળી ગયો હોવોજ જોઇયે. અમે એક માસીકવાલા થઇને જ્યારે અમારા એક ભાઇબંધને માટે બે સારા શોખન ઓલ્યે ત્યારે તે ખરાં દીલ અને ખરાં મનથી કહેલાજ સમજવા. તેનાં પાનાં ફેરવી જોતાં એરદે સાહેબની પીઠ જે જે લખનારાઓનો જમેલો ચોટેલો નજર આવે છે, તે ઉપરથી અમે તેનું ભવિષ્ય ઘણું સારૂં વરતી શકયે છીયે.

"તમો આજે કાંઇ જેવા જેવું તેવા ખુશાલ નથી! આજે એમ કાય?" ઓવન હોલસનની ભવિષ્યની મોહરદાર એલીસે ઉચીત મન સાથ સવાલ કર્યો.

"મહને કાંઇ નથી! તું સુણેછ! હું રોજના જેવો ખુશાલ ને આનંદી છું!", તે ભલા યુવાને ઉડાવનારો જવાબ કર્યો.

"હું જાણતી નથી બલકે તમો તમારી વ્હાલી પ્રિયાને ફગવાની જે કોશીશ કરો છો તેમાં તમો પોતે મોહટી ભુલ કરો છો! તમો દિલમાંને દિલમાં મુજવો છો. મહને કહો તમને શું છે? તમો જે કોઇ મુશીબતમાં સપડાયા હો તો તે મહને કહો! હું તમારી ભવિષ્યની મોહરદારને તે બધું જણવાનો શું હક નથી? મહને તે કહો! વ્હાલા ઓવન, તમારી તે મુશીબતનું વર્ણન માહરી કને કહો-ચામદ આપરે બન્ને સાથે મલીને હલાવી કાઢવામાં કૃતેહ પામ્યે! પુતા આપણને જરૂર શાબે પાશે!"

"તું જ્યારે આમ જીદ્ર કરેછ ત્યારે તો હું લાચાર છું! હું હાલ જે ભુરા સકંજામાં સપડાય ગયોછ તેમાંથી બાહાર નિકલવું ખરે માહાલ છે! તારી સાથ અડરાયા આત્મજ માહરે માહરી સ્થિતીનો ખ્યાલ કરવો હતો! પણ અફસોસ કે માહરી આંખો તે વેળા ઢુકેલી હતી! અફસોસ! માહરી સાથ મેં તારી બેમુળ જીદ્દગીની કયરી નાખી!"

"એમ ના બોલો! વ્હાલા ઓવન એમ ના બોલો! આવા સખ્ત સબુનો માહરી છાતી વિંધી નાખેછ!"

તે ટુંકેલા દિલના જવાનમા વધુ બોલવાને કોઇ તાકાતજ બાકી રહેવા પામી નહિ અને તેથી મુજે મોહડે એક છાપો પોતાની માહબુબના હાથમાં મેળી તે ચોક્સ કરેરા વાંચવા બેસારો કર્યો.

તેણીએ તારીફ લાયક ધીરજ સાથ તે આખો કરેરો નીચે મુજબ વાંચ્યો.

રશયન ગવરનરનુ જબુન ખુત!

લખવાને ભારે અફસોસ થાય છે કે રશ્યાના વાયની ઉપમા પામેલા દ્રઢ મનથી ખરી ખંત સાથ કામ કરનારા ગવરનર 'જનરલ કોમરોસ્કી' જે આખી જહાનમા મશુર થઇ ચુકેલો છે, થઇ કામે સાહજના ચારના ગમલે વળિરે આત્મનો મથકથી પોતાના રહેઠાણે વાપસ ફરતાં રસ્તામા નિર્દય પણે માર્યો ગયો છે ખુની ધ્યાન નિકલીશ સકે-જમાં છટકી જતો પોલીશના હાથમાં ઝિલાયો છે. ખોળ કરતાં એ એકાદ છુપી મંડળીનો સભાસદ જણાય છે, પણ તેમ હોવાનો તે સાફ ઇનકાર કરના સાથ ગવરનરનુ ખુન કરવાનું કારણ પણ કંઇ આપતો નથી. વધુ કરી એ જવાબ્યાપણે કરવીજ સલ્લામ વગર તપાસે તોપના મોહડાં પર મુકવામાં આવશે."

"હું તો કાંઇપણ સમજી શકતી નથી કે એ કરપીણ ખુનોના સાથ-તમને સંબંધ શું છે!" તે ભલી ઓરતે દુઃખી થતાં છતાંએ સવાલ કર્યો.

ગયો, જ્યાં એક નજીવા બાહાનાને ગંભીર રૂપ આપી હમો મરાયાં તેનો જન લેવાના ઝોરદંદ ખાતો હું ચીરકાતમા કલબ છોડી ચાલતો થયો. છેક મોટી રાતે હું હોટલમા દાખલ થયો, ગજરાયલો અકરાયલો હું ત્યાં જજ પુગો અને ત્યાં કોબનેબી બજર કર્યા વના ફક્ત વેટરને બોલાવી બાંદર બિલ ચુકવી ત્યાંથી નિસરી સીધા સ્ટેશનપર જજ પુગો-અર્ધાએક કલાકમાં જે ગાડી આવી પુગી તેમા હું સવાર થાંઉ તે અગાઉ ડીટેકટીવ કોકે આવી મારી ગરદનપર હાથ મુકયો અને ફ્રાન્સની સરકારના નામે મહને પરહેજ કીધો.

"માહરૂં કામ ધણું અગતનું છે! આવી બેનાદક રોકાણ મહને સહેજે પસંદ નથી!" મેં કરડાકીથી તેણે અખડાવ્યો.

"તમારા કામની હમણે રતી ભાર પરવાહ નથી" તે તુછકાર સાથ બોલ્યો.

"હમો તો ફક્ત હમારિજ કામ કેમ કરવું તે જનેછીએ છ!"

"પણ મહને આમ પજવવાનુ કારણ શું છે? મેં કાંઈ કોઈ પર કોડયું નથી કે કોઇને લુટયો નથી!"

"તે બનવા જોગ છે, પણ તમને કાંઇ પર કોડવા કે ચોરી કરવા માટે પકડવામાં આવતા નથી, પણ પીટર પેટરોસ્કીનું ખુન કરવાના આરોપ માટે સાબુત પુરાવા સાથ પરહેજ કરવામા આવે છે. તેની લાસ હમણે કલબના કમપાઉંડમાંથી હાથ લાગીછ."

"એ બધું જુઠું છે!"

"ઓવન સાહેબ! જુદાં બધાંની પરીક્ષા કરી બધું ખોળું ગોથી કાઢવાનું કામ જો કે હમારૂં છે છતાં ધનવાદ તોજવાનું કામ સરકારે બીનઓ માટે રાખેલું હોવાથી એ બધું તમો એકાદ ધનવાદ તોજનાર કલેજર બોલવાનું મુલતવી રાખો! હાલતો માહરા વધા પાસે ચાલો તે જે હુકમ આપે તે પર બધો આધાર રહેતો છે!"

હું તુરત રાજી થયો અને તેની સાથ ગયો. મહને મારી કંઇ થયેલી લઇ જવા વધા સામે ઉભો કરવામાં આવ્યો.

"કેમ કોક? પિટર પેટરોસ્કીનો ખુની ત્યારે હું આખર ઠિકાણે!" ત્યાં જજસાંગતાંજ વકીલ કોકને સવાલ કર્યો.

"જી હા! કોકએ જવાબ કર્યો. જે બાદ અકેક સાક્ષીએ મારી વિરૂધમાં જબાની આપી કે જેઓ કલબના મેમબરો હતા. જબાની પુરી થતાં મારૂં બંજર તપાસવામાં આવ્યું.

"સાક્ષીઓની જબાની જો કે એ યુવાનની વિરૂધ જાયછ, છતાં મરનાર પર વપરાયલું હથયાર બેશક આ નથી, જે તપીલ પોતે સાબેત કરી ચુકયા છે. ખુનીએ જે જરબ લગાવ્યોછ તે બંજર કરતાં અકેક કુદાડાનો ભારા આપે છે. ઓલ્યુજ નહિ પણ એ બંધવાના પોશાક પર લોહિનુ અકેક ટીપુંબી જણાતું નથી. સાક્ષીઓની જબાની સીવાય બિજી કોઇ સાહદત એની વિરૂધ જતી નથી. ગુરસામાં જેમો કાંઇ એ બોલ્યો હોય તો તેથી એ સાબેત થતું નથી કે પિટર પેટરોસ્કીનો ખુની એજ હોવો જોઇયે, અને તેથી માનવંત સરકાર તરફથી મહને અપાયલી સલાની રૂએ એ નિર્દોષ બંધવાને માન સહીત છોડી દેવાનો હુકમ કરૂંછ!"

મહને તુરત છોડી દેવામાં આંગ્યો-રસ્તામાં મહને ખબર આપવામાં આવી કે પિટર તો કયારનો છુપા ઇલાયમાં અમેરિકા પસાર થઈ ગયો હતો.

ત્રણ માસના એક નાદના ગાળા બાદ તે બન્નો બ્હાર્યા લગનના પવિતર ગાંઠથી જોડાઈ એક થયાં તે બન્નેને તે છુપી મંડળીનો એટકો તો ડર હતો કે જે સબબે ઓવન પોતાના મિત્ર પિટરને કેવી રીતે બચાવી શકયો તે કદિપી કોઇને તો શું પણ પોતાનાં અર્ધાંગિ વટીકને કહેવાનું દરકત ધારયું નહિ. આ બિના લાંબા વર્ષો લગી છુપીજ રહેવા પામી ફક્ત ઓવનનાં અકાળ મરણ બાદજ વાર્તાની રૂપમા પિટર તરફથી બાદાર પાડવામાં આવી કે જેથી આજે એ બરી વાર્તા જાણવા જેટલી આપણ નશીબવંત નિવડયાં છીએ.

સેવક તમારો પરણે કે નહિ ?

કોઈ સલાહ આપશો, પ્લીઈઈઝ ?

સલાહનો તલબગાર—શોખીન.

૧

ઓ પરણેલા વાંચકો ખોલી જબાન,
કરો કંઈ ખુલાસો કરી કરમ;
ખોલો—ઓ કહો રફીક મહેરબાન,
કે શાંત પડે મુજનું આ ભેજું ચકલમ;
મુશ્કાલ એ સવાલથી ગયોછ અકરઈ,
એ ઉખપાણા ભેદીથી ગયોછ ગભરઈ;
ને ભેજું મુજ ગયું છે તદન ભખરઈ,
આ! ખોલોની વાંચકો પરણું કે નહિ ?

૨

અઝીઝ, છું કુંવારો હાલમા બા હું,
ને ખર કહું છું સુખી છું તદન વાંચનાર;
ખુદા ખબર ભેજામાં આવું છે કંઈ શું?
કે કરવા શાદી બદો થયોછ તૈયાર.
લાઉંછ હું દોઢસોનો માસીક પગાર,
ને મન ગમતાં મોજીયા મારંછ હું ભાઈ;
શું મારશ એ મોજમાં, લાવી એક નાર?
ઉંહ! ખોલોની વાંચકો પરણું કે નહિ ?

૩

બાઈ પી કલબમાંથી મોડે હું આઉંછ,
ને નાટકને ફોટકમાં મજા ઉડાઉંછ;
દુખવારા સાથે ત્યારા ઘરે હું જાઉંછ,
ને વારંવાર ગટરમાંથી હું ઝપલાઉંછ;
સામતી રજા એકમાં પડેછ અગર,
તો ઉપડી જવા બહારગામ રાખ્યું છ લખી;
બસ પ્રરછને હરછ, નથી કસી ફીકર !
હા! ખોલોની વાંચકો પરણું કે નહિ ?

૪

પુછનાર યા પરછનાર નથી બા કોઈ,
મુજ જીવનો હું માલીક છું, ડીયર વાંચનાર;
ચાહે સો કરૂ—ન નડે ભઈ કોઈ,
છું સુખ્યારો ખરે નર હાલને કાજ યાર;
મોસીર પર રાખું છ કુલ પગાર મુજ પાસ,
નહિ ભાગ તેમાં પડનાર ભરયું છે કોઈ;
નથી મારતું બેરાદર તેમાં કોઈ ચાંચ,
બસ! ખોલોની વાંચકો પરણું કે નહિ ?

૫

છું એક વાતેજ દુખ્યારો મહેરબાન વાંચનાર,
અગર હું પહું છું જો કોઈ વાર સીક;
ત્યાર નથી કરવાવાલુ કોઇ મુજની સારવાર,
ઇસ્પીતાલમાં પડવાની લાગે છે બીક;
કબુલું છ કે નથી કંઈ મોટું એ દુઃખ,
પણ ઓસ્યાર યત્ના કોઇનું ગમતું નથી;
છે બીજી વાતે બધું બંદાને સુખ,
અરે! ખોલોની વાંચકો પરણું કે નહિ ?

૬

ઓ પરણેલા વાંચકો ખોલો જબાન,
મુજ કમીનાની ભુલ બા ભાંજજોરે કોઇ;
જીંદગી પરણીના સુખદુઃખનું કરો કંઈ બ્યાન,
ને સાચો બા હેવાલ સુનાવો કોઇ;
કહો પરણી જીંદગીમાં છે કે બા સુખ ?
યા દુઃખ કુંવારી જીંદગી યાને ભરયું છે ભય,
સાચ્યુંજ બા કહેનો, ના ખોલતા અનટરય,
ઝટ ખોલોની વાંચકો પરણું કે નહિ ?

સ્ત્રી અને તેણીનો દરજ્જો.

લખનારઃ-ગામરેની ગારી.

સ્ત્રી એ માત્ર એક અક્ષરી શબ્દ છે છતાં આ દુન્યામાં તેણીનું કાર્ય, ઇનશાન ઉપર તેણીની અસર અને કુલ બલકતના કારોબાર ઉપર તેણીની હકુમત કેવી જોરાવર પણ અનદીદ છે તેનો ખ્યાલ તો એ આપણને ઉંડાણથી તપાસતાંજ આપણને આવી શકે છે. આ ભુવનનો રાજા જોને કે મરદ છે છતાં સ્ત્રીઓ હાકમ ઉપર પણ હકુમત ચલાવનારી અને સરદારી ભોગવનારી છે-ખરેખર જોતાં તો તે પોતેજ એક બાદશાહ જેવી છે કે જે મોહબતનું તાજ પેહેડી નીતીના રાજદંડ વડે એ કહેવાતા જોરાવર મરદને તાબે કરતી રહી છે. પ્રેમ તેણીના કાયદો છે-સહનશીલતા તેણીનો ઇનસાફ છે અને નમનતાઇ તેણીનાં ફરમાનો છે કે જેની સામે ગમે તેવો મજબુતમાં મજબુત મર્દ પણ પોતાનું મગરૂર સર ઝુંકાવાને સરજાયલો છે, અને ત્યારે આવી એક સ્ત્રીનો દરજ્જો ઘર કે બાહાર શેહેર કે દેશમાં એક મરદનાજ જેટલો ચઢતો ને ઉંચો છે એમ જો આપણ કહીએ તો તે કોઇપણ રીતે ગેરવાજબી ગણાય નહી. મગર અપરોમ્સ કે તેમ છતાં ઘણીકવાર આપણ મરદોનેજ નહી પણ બાનુઓને વટીક બોલતાં સાંભલીએ છીએ કે સ્ત્રી ગમે તેટલી આગલ વધેલી હોય તો પણ તે દર એક બાબતમાં મરદ કરતાં ઉતરતીજ થવી ને ગણાતી જોઇએ અને ત્યારે આપણે સવાલ કરીયું કે એમ કાંય? અલબત્ત શારીરીક બાંધામાં તો તેણી તેના કરતાં ઉતરતી એટલે નાજુક અને નબલી છે અને તે કારણ સર અગર તેણીને હલકા ગણી ઉતારી પાડવામાં આવે તો ખચીત તદન તેના જેવું ગેરવાજબી બીજું કાંઇજ હોય શકે નહી સબબકે શારીરીક બળથીજ અગર માનવા ઇનસાનની ઉંચી હાલતને પુગી શકતું હોય તો હાથી એક હેવાન હોવા છતાં તેમા મનુષ્ય કરતાં વધુ બળ છે તો શું તે કદીપણ એક મર્દ કરતાં વધુ અકલમંદ કે અદતો ગણાય શકાશે? એવા દાખલાઓ ઉપરથી ત્યારે આપણે જોઇ શકીએ છીએ કે સ્ત્રીની શારીરીક નમતાઇ કે નાજુકાઇ કોઇપણ રીતે તેણીને એક મર્દથી હેઠી પંકતીએ ઉતારતી કે મુકતી નથી. હવે મગજની સ્થીતી તપાસ્યે કહે છે કે એક મર્દનું મગજ એક સ્ત્રી કરતાં હંમેશાં ચઢતું હોય છે કારણ કે તે કદ અને વજનમા વધુ મોટું માલમ પડયું છે પણ એ હકીકથી કાંઇ દરેકજ દાખલાઓમાં ટકી શકતી નથી કારણ કે તોલ કરતા માલુમ પડયું છે કે એક મગર મચ્છનું ભેજું એક મરદના ખોપરી વજનદાર જોતાં કરતાં પણ વજનમાં વધુ ઉતરતું છે મગર તેથી કાંઇ એક ઇનશાન ને આપણ મગરમચ્છની બરોબરીમા મુકી શકતાં નથી એટલે એ દાખલા ઉપરથી પણ સીધ્ધ થાય છે કે એક ચીજના વજન ઉપર કાંઇ તેની સમજ શકતી કે બુધ્ધીને આધાર રહેતો નથી પછી સ્ત્રીની મગજશકતી કેટલાક દાખલાઓમાં એટલી તો જોરાવર પુરવાર થયલી છે કે તેને મુકાબલે મરદો અજબ જેવી હદે ઉતરતા જણાયા છે. લેખક બાનુ તરીકે Jane Austin નો દાખલો જગજાહેર છે. ધરમ અભ્યાસી તરીકે લઇએ તો Mary Howard એક ઓલમાના જેવીજ પુરવાર થયલી છે, વળી એક લડાયક તરીકે સુરવીર પણામા મરદનેબી બાજુ બેસાડે તેવી ફ્રેન્ચ પ્રજાની માનીતી Jeandase હતી. એજ મુજબ સીતારાની સોધમાં ગઝીત શાસ્ત્ર વીગેરેમાં પણ ઓએઓએ કરેલી શોધો અને મરદની બરોબરીમાં ઉતરેલા તેના દાખલા આજે નોધમાં મઓજુદ છે મગર આપણા પારસી કોમની કેટલીક

બાનુઓનેજ નહી પણ કેટલાક કેલવાયલા મરદોને પણ આપણુ કહેતાં સાંભલીએ છીએ કે એ જ્ઞાનની બાબદમાં આમ સ્ત્રીને આગલ વધવા દેવી સલવાર નથી. તેવા ડોહોદ ચતુરો કહે છે કે તેમની સ્ત્રી કદત તેઓની સગવડને ખાતર માત્ર તેમનું ઘર સ્વચ્છ રાખવા તેમને સારાં સારાં પકવાનો જમાડવા અને તેમનાં બાલકોની સંભાલ લેવા માટેજ સરજાયલી છે. અને એવી રીતે પોતાની પાક પરજીતર પોતાના બાલકોની માતાને એક ગુલામગીરીમા અસીર કરી રાખવામા તેઓ વડાઇ લે છે પણ અફસોસ તેઓ જાણતા નથી કે આવી ઉતરતી પંકતીએ રહેલી સ્ત્રી તેની ઓલાદની વૃદ્ધી કરનાર માતા છે કે જે પોતાની આવી દીનાવસ્થી હાલતને લીધે તેજ દરજ્જાને જન્મ આપશે કે જેઓ પણ તેવાંજ નમલાં અને સાંકડા મનના તથા સ્ત્રી જાતી તરફના અભાવને ગેરમાનને લીધે મજાદ થશે તેણીનો નાશ કરનાર પોતાના કુલવંત નામને નામોશીમા લાવી મુકનાર પુરવાર થશે. હીંદુ તથા મુસલમીન વર્ગમા સ્ત્રીની યુવાની હાલત આપણે સારી રીતે જાણ્યે છીએ જો કે હીંદુ-ઓનો અસલ ધર્મ તો એ બાબદથી તમામ વેગલો જાય છે કેમકે મનુ, નામના તેમના એક આગલા પય-ગમબરે પોતાના એક ધર્મ પુસ્તકમાં કહ્યું છે કે "જ્યાં સ્ત્રીઓને માન આપવામાં આવે છે ત્યાં ખુદા પણ રાજી થાય છે." વલી આપણા જરથોસ્તી ધર્મમા પણ સ્ત્રી અને તેણીના ઉંચા દરજ્જા માટેનું ફરમાન ઘણુંજ વખાણવા જોગ છે. અવસ્તામાં જણાવ્યું છે કે "અશોનારી જે નેક મનવાલી હોય છે, જે નેક સખુના બોલે છે તેને હુમો વખાણીએ છીએ જે નેક કામો કરનારી અને સીખેલી હોય છે તેને હુમો વખાણીયે છીએ." અને ત્યારે આપણને ખ્યાલ કરવાનો છે કે હજારો વરશ ઉપર-તે શીક્ષા જમાનામાં કે જે વખતે સ્ત્રીને ખરખર એક ગુલામ તરીકે ગણવામાં આવતી હતી તેવા અજ્ઞાન જમાનામાં વદીક આપણા પવિત્ર પેગમબરે સ્ત્રીને ભલી અને મરદની બરોબરીમાં ગણેલી અને જાહેર કરેલી છે તો હવે સુધારાના હજારો સાલ પસાર થયા છતાં અફસોસ આપણુ તેજ પાક ધર્મના પાલનાર તેથી માટે તમામ ઉલટું અને હલકુંજ મત ધરાવીએ એ બરોબર આપણા પાક મહજબની સામે થયા જેવું બલકે પવીત્ર જરથોસ્ત અને ખુદ ખુદાના વટીક કાયદા અને હુકમનું ઉલધ્ધન કરવા બરોબર છે. અવસ્તામાં જણાવ્યું છે કે એક સ્ત્રીને તેણીના ભરથાર જોડે દરેક ધાર્મીક ક્રીયામા ભાગ લેવાને એકજ સરખો હક છે પણ તેથી ઉલટું કમનશીબે આપણુ જોઇએ કે કેટ-લાક આપણા ગ્રહસ્થો પોતાની સ્ત્રીઓને એ તેણીના હકનો હીસ્સો આપવામાં ઘણુંજ નીચું અને હલકું સમજે છે એટલુંજ નહીં પણ એ બાબદને અનધડતી છુટ અને નહીં ધડતા કુપારા તરીકે લેખવાની મુર્ખાઇ કરે છે. તેણીને તેઓ કહે છે કે આંકોશમાંજ રાખવાનુ કાહાપણ ભરયું છે કારણ કે નહી તો એવી છુટ પારસી કોમમાં ખરીત ઘણી બીજાઓ કરનારી પુરવાર થશે. પણ આ વિચાર તમામ ભુલભર્યો છે બરાબરીને બગાડે. બીજાથી તેણીને હદ બનાના આંકોશમાં જ્ઞાન કે નીતિના કાંઇ પણ શિક્ષણ વિના. એક જનવરી હાલતે ઘરમાં રાખી મેલવામાં છે સમજ કે આવા હદ બનાના આંકોશથી તેણીને આ દુન્યામાં ઘરમા રાખી મેલવામાં છે કારણ જે એવા હદ બનાના આંકોશથી તેણીને આ દુન્યાની સારી ને બુરી બાબુ તપાસીને તોલ કરવાની તક મલતી નથી તથા પોતાં ઉપર કાબુ રાખી પોતાના દુરગુણોને પોતાની જાતી કોશેશથી દુર કરવાનું તેણી સીખતી નથી અને તેથા થાય છે એમ કે તે આંકોશમા એક તલસાર પણ ફેર પડતાંજ તેણી પોતાના પોત કેલવાયલા ખવાસ અને અજ્ઞાનપણાને લીધે જે પગલું ભરે છે તે આવદા તેણીને નાશ કરનારજ પુરવાર થાય છે. મગર હવે સ્ત્રી માટે આવા વીચારો કાંઇ દરેકજ માણસો ધરાવતાં નથી જેમ તેણીને શીક્ષા ચીતરનાર અજ્ઞાનો હસ્તી ધરાવે છે તેજ પ્રમાણે તેણીના સર્વોતમપણાની સ્તુતી ગાનાર શુરવીરો પણ કાંઇ ઓછા નથી એ વીશે એક વીદ્વાન ના સખુનો નીચે પ્રમાણે છે તે કહે છે કે—

The beautiful see the beautiful and the base the base. Men portray their own Characters by the manner in

which they portray the character of others and this is specially true with regard to their judgment of women. If they have treated them as toys and playthings they esteem those frivolous and empty. If they have used them lawlessly they write them down as base. If on the other hand they have honoured or cherished them they will hold them as superior to themselves in all finer human qualities." "We pity the man,"

says Ritcher, "for whom his own mother has not made all other mothers Venerable."

એટલે—ભલાં ભદ્દાં તેણીમાં ભલુંજ જોય છે અને બુરાઓ બુરૂ. તેઓ પોતાના અંતરમણ વાદે સ્ત્રીને નિહાળે છે કે જે અંતરમણ જેવું હોય છે તેવીજ પડછાયો નાંખે છે. જેઓએ તેણીને એક રમકડાં પેઠે રાખી છે તેઓ તેને ઉછાળીને એવેજદુર ગણે છે. જેઓ ગેર કાયદે તેની સાથે વર્તયા છે તેઓએ તેણીને બુરીજ ધારી છે મગર બીજા હાથ ઉપર જેઓએ તેણીને એક પવિત્ર છોડવા મીસાલ માન અને ભક્તિનાં પાણી ઉતારી છે તેઓએ તેણીને દુનીઆમાં સર્વથા ઉતમ અને ઓલા તરફની એક પાક બક્ષીસ તરીકે જાણી છે. રીચર નામનો એક વિદ્વાન કહે છે તે માણસની હું દયા કરૂંછું કે જેને તેની પાક અને પ્યારી માતા તરફના ભક્તિભાવે વટીક કુલ દુનીઆની માતાઓને ઐરેટ ગણવાનું શીખ્યવું નથી.

હવે ધર્મની લાગણી બંનેમાં તપાસીએ તો તેમાં પણ ઓજ વધુ સવોપરી જણાય છે. એક મર્દ સ્વતંત્ર, મગરૂર અને પોતાના બળ ઉપર મુસ્તાક હોય છે ત્યારે બી પોતાના નરમ બનાસને લીધે પોતાથીબી ઉચ્ચ પાક શ્રેષ્ટ શક્તિ ઉપર આધાર રાખવાને આતુર બને છે. કે જે ત્રીજા ધર્મ અને ઓલા છે. એક વિદ્વાન કહે છે કે ખુદા અગર કદીબી જાણાય તો તે એક પાક સ્ત્રીની આંખોમાંથીજ છે. તેણીનો ખુદ આતમાજ ખુદા તરફના ભક્તિભાવ અરપા અને આધારની એક બેહદ છે. જો કે ધાર્મિક લાગણીવાલા મર્દ અનયાસીઓના દાખલા આપણે ઘણુંક જાણયા છે. તોપણ સ્ત્રી તો ગોયા પોતાનો હક, ધર્મની બાજુ અને ખુદ ખુદાના આતમાજ લઇને જન્મેલી છે. કદાચ ઓમ થવાનો સબબ તેણીના લગાર બીકણ સ્વભાવને લીધે હોય અથવા બીજા ઉપર આધાર રાખવાના એ તેણીના સ્વભાવીક ગુણને લીધે પણ હોય. ગમે તેમ હોય પરંતુ આ એક પુરવાર થયલી બીના છે કે તેણી હુંમેશાં સામન્ય રીતે ખુદા ઉપર એક મરદ કરતાં વધુ ભરૂસો રાખનારી હોય છે. સ્ત્રીની પ્રીદાગરીના ઘણાક દાખલાઓ નોંધાયા છે કે જેમાં એક હીંદુ બાનું મીરાંબાઈનો દાખલો ઘણોજ જાણવા લેગ છે. મેવાડની આ રાણી માટે કહે છે કે તેણી પોતાના ધર્મ ઉપર એટલી તો ફીદા હતી કે જ્યારે ભોજરાજ સાથે તેણીને પરણાવવાની માંગણી થઇ ત્યારે એક રાણી થવાના બદલે વટીક તેણી પોતાની પવિત્ર આસ્થાથી ફરી કે હઠી નહી સેવટે પોતાના રાજવંસી ભરથારને ત્યાં જવા પછી તેણીએ તે બાદશાહી સુખનો કશોજ લાલ લીધો નહી અને એક ભક્તાણીની જીંદગીજ જીવવાનું શરૂ કર્યું, ભોજ રાજે તેણીની સામે વાંધો ઉઠાવ્યો સારાંસ થયું એમ કે સેવટે તેને તે પવિત્ર નારને ગુરસાના અવેશમાં બંદીખાને નાંખવાનો હુકમ ફરમાવ્યો પણ જ્યારે તેમ કરવાથીબી તેનું કાંઇ વલું નહી ત્યારે તેણીને મારી નાંખવાના હેતુથી એક ઝેરી સર્પને એક દાબડામાં બંધ કરી તેણીની ઉપર રવાના કર્યા તે દાબડો ખુલતાંજ જે ઝેરી ફાડો તેણીની નજરે પડયો તેથી તે જરાબી ગુસ્સે થઇ કે ડરી નહી પંણ શાંત હસવા શાથ તેનો સ્વીકાર કરતાં તેણીએ કહ્યું કે "ફકર નહી એક ભક્તાણીનો આત્મા પોતાના ભરથાર તરફની કાયમી ભેટને આવકારદાયક ગણશે" અને આમ કહી તેણીએ તે કાતરસ્વીતરા સર્પને ખુદા તરફના પુર ઇતબાર સાથ પોતાની સુંદર ગરદનની આસપાસ વીંટાળ્યો અને કહેવાને અજબ જેવું છે કે ભનભરે તેણીને કશીજ ઇજા

કરી નહી ટુંકમાં તે પછી તેણીએ વનવાસ અખત્યાર કરયો અને એક અંજાણ્યા નામ હેઠલ વરસો પસાર કરયાં. હવે એક દીવસ એ વાતની જાણ તેણીના બાદશાહી ભરથારને થતાંજ પોતાની ચાલની પસતાવો કરી તે પોતેજ તેણીની માફી માંગવા છુપા વેશજમાં ગયો. ચેવટે જ્યારે તેણીએ જાણ્યું કે તેણી આગલ માફીની આર્જુમાં ગુઠણે પડેલો શખ્શ તેણીનો ભરથારજ હતો, ત્યારે ઠપકાનો એકપણ શબ્દ વિના તેણીએ તેને ઉઠા ડયો. અને ખુશી સાથ પોતાના રાજય'શી મેહેલમા તેની સાથ પાછી ફરી. એવા દાખલાઓ ઉપરથી ત્યારે આપણે જોઇ શકીએ છીએ કે એક બીજું ધાર્મીક બલ એક મર્દ કરતાં હમેશાં વધુ હોય છે.

અને ત્યારે મર્દ અને ઓરતનું આ દુન્યામાં કાર્ય અને એક બીજા તરફની ફરજ શું છે તે ટુંકમાં આપણે તપાસીએ-કુદરતનો કાયદો છે કે સ્ત્રી મર્દ કરતાં તનથી નબળીજ. હોવી જોઇએ અને તેથી શારીરીક મેહેનતથી તેણીનું ગુજરાન કરવા તેણીની સગવડ તપાસવા પોતાં ઉપર ગમે તેવીભી આફત છતાં તેણીને સુખશાંતીમાં રાખવાની મર્દની ફરજ છે એટલુંજ નહી, પણ સ્ત્રી તરીકેનો તેણીને દરજ્જો જલવી જોઇગીમાં તેણીનો Guide એટલે દોરવનાર બની બાહદુરીથી તેણીની બાજુમા તેણીનો બચાવ કરવા આખી જીંદગી સુધી એક મર્દ બંધાયલો છે અને બદલામાં સ્ત્રીએ તેણીના સુખદુખનો ભોગીઓ બની પ્યાર અને ભક્તિભાવ કે જે તેણીની જાતિનો ખરો સનગાર છે તે સાથ જેની જીંદગીનાં અંધકારમાંથી તેનો Guiding Star એટલે રોશની આપતા સીતારાની માફક પોતાની જીંદગી તે ભોરાવર મર્દને અર્પણ કરી દેવાની. છે કે જે અરસપરસની આપ લેમા જ્યારે ગોઠો થાય છે ત્યારેજ કુદરતના ત્રાજવામા ફેર પડી જાય છે અને પરીણામમાં સ્ત્રી અને મર્દના સંસારમાં આબાદીને જગે બરબાદી અને રોશનીને જગે શીહા અંધકાર વ્યાપી રહે છે. મગર જે મર્દો સ્ત્રી માટેના આ વિચારો સાથ મલતા ન થાય તથા જેમને સ્ત્રીને નામની છીજ્જ હોય તેમને સદા યાદ રાખવાનું છે કે તેમના હાલના ગમે તેવા વીચારો છતાં અને તેણી માટેના ઉતરતાં મત છતાં તેમને પોતાની ખુદ હસ્તી માટે તેણીનાજ આભારી થવાનું છે તેણીનાજ નાજુક હાથોમાં તેઓ ઉપરના છે વલી જ્યારે તેઓની શારીરીક કે સ્વભાવીક ખામીઓને લીધે અગર તેઓ હીનાયા હોય તો પણ તેણીએ તો તેમને સદા એકજ સરખી નજરે અને એકજ સરખા પ્યારે જોવા અને ચાહવા છે. સૈથી પહેલી તેમની આંખો જ્યારે આ ભુવન ઉપર ઉઘડી ત્યારે એક સ્ત્રીનાજ ચહેરા ઉપર તે ઠરી હતી. જ્યારે નાનકડી છોકરી તેઓએ સૈથી પહેલેા પુકાર કરયો ત્યારે તે તેણીનાજ મીઠાં નામનો હતો. આજે તેણીનો કાયદો અને હુકમ તોડવામાં મર્દને તેઓ વડાઇ લેતા હોય પરંતુ તેઓ ઉપર સૈથી પહેલું ફરમાન કરનાર હંમેશાં એક બીજા હતી. હા!! ખરેખરા ભણેલા અને ભલા તો તેઓ છે કે જેઓ તેણીને પોતાથીબી ચઢતી ગણવામાં મોજ માને છે. અને ત્યારે હવે એક બીજાને સુંદર હોય તો તેણી એક રમકડાં તરીકે ગણવી જોઇએ નહી, અગર તેણી તંદરોસ્ત હોય તો બોલકો પેદા કરી તેઓને ઉધારી મરદની સગવડને ખાતર તેમનું ઘર રાખી તેમને સ્વાદીસ્ટ પકવાનો જમાડવાને માટે પણ સરજ્યથી નથી વલી જ્ઞાન તથા ઉમદા વીચારોથી બે નશીબ રાખી તેણી ઉપર હરએક તરાહની સરદારી ભોગવવા પણ કુદરતે તેને બનાવી નથી. તે તો સદા યાદ રાખજો કે બાલકોનો રક્ષણ કરનાર રાહબર જવાનોને સલામત દોરવનાર ફીરસ્તો વૃધોની બાજુમાં મદદ આપતો એક સાચો મિત્ર અને કુલ પરથ્વીના મેહેસ્તનો ભોમીઓ છે કે જે અગર મેહેસ્તનો દરવાજો કોઇ કમબખ્ત માટે બંદ હોય તો પણ તેની શીહા જીંદગીમાંથી રોશનીનું એક ઝીણું કારણ ફેકનાર એક સીતારો છે. સેવટે એક જાણીતા કવીની, ઉમદા લાઇન સાથ આ વીશય હું ખતમ કરીશ તે કહે છે કે:—

What were earth without a woman's face
A life without a woman's love
A desert waste without a resting place
A starless pathway through a silent grove

માનેઃ—એક સ્ત્રીના ચહેરા અને તેણીના ભક્તિ ભાવ વીનાની દુન્યા તે એક આંસરા વીનાના ભયંકાર વેરાણ જેવી હતે અને તેમાં મર્દ એક અંધકાર રાતે ગીચ ઝાડીઓથી ઘેરાયલાં એક શીહા માર્ગમા ચાલતા એક થાકેલા મુશાફીર જેવો હતે જેના અંધકાર અને જેની જીંદગીના માર્ગોનો કદીભી છેડો આવનેજ નહીં.

પુરાતત્વ હિંદની નવાઇઓ.

(લખનારઃ—માણેકજી ફરામજી સુનાવાલા.)

સર્વથી પુરાતત્વ હિંદી ઇમારત.

નેપાલની સિમાએ આવેલાં 'પીપ્રાહવા' નામે જગ્યા નજદીક ઇ. સ. ૧૮૯૮ ના સાલમાં Mr. W. C. Peppé એ એક ઇમારતની શોધ કરી હતી. અનેક મજબુત સાહદતો ઉપરથી આને ઇ. પુ. ૪૫૦ અંતરાદ્રની મુદતનાં બાંધકામ દાખલ ગણવાનું વિદ્વાનોને વાજબી કારણ મલે છે. ગૌતમ બુદ્ધનાં મરણની માત્ર થોડાક વખત પછીનો અસ્સો હાથ રહિત દીસે છે. આ અસલી બાંધકામ તેનાં ખરાં સંગીન રૂપમાં ઓદાયા પામ્યું હતું. ઘુમટ (Cupola)ના આકારનું પાકી ઈંટનું આ પ્રખ્યાત પુરાણું બાંધકામ નમુનેદાર છે, જેની તખ્તેની આસ ૧૧૬ ફીટ, કે જ્યારે ઉંચાઇ ૨૨ ફીટની મપાય છે. લાદી મીનાસલની ઇંટોને એક ફીસમના ચુનામાં બેસાડેલી લાગે છે, કે જેઓમાની સર્વથી મોટી ઇંટનું માપ ૧૬ "*૧૧"*૩" જેટલું છે.

પુરાતત્વ હિંદી બાંધકામો.

પુરાતત્વ હિંદી બાંધકામોનો નમુનેદાર, કળાબાજ દુનર અશોકના રાજ્ય અમલ (ઇ. પુ. ૨૭૨-૨૩૨) દરમ્યાન અતીસય ખીલેલો જણાઇ આવે છે. મારકેય વંશ ના આ નામાંકિત શહેનશાહના વખતમાં આવી કળાઓ જે પગભર થવા પામી હતી તે છેક સદીઓ તક અલબત્ત કાંઇક ફેરફારો સહિત ચાલુજ રહેવા પામી. મધ્ય હિંદમાં ભોપાલ તરફ આવેલાં Sānchi ખાતે બૌદ્ધ ધર્મને લગતાં સંખ્યાબધ 'સ્તુપા' (stupas) અને ઇમારતો મલી આવે છે. તેમજ નાગોદ જીલ્લામાં આવેલાં ભરત ખાતેનાં ઘણાંક કીમતી કોતરકામોને નાશ પામતાં બચાવી લેવામાં આવ્યાં છે. પાતલીપુત્ર, યાને હાલનું પતના, બુદ્ધ ગાયા, અને જમના ઉપર આવેલાં પુરાણાં પ્રસિદ્ધ મથક મથુરા ખાતે અસલી બાંધકામોના ભિન્ન ભિન્ન પ્રકારના નમુનાઓ મલવા પામે છે.

સાંચી ખાતેનાં એક મોટાં ઘુંમટ, કે જેને અશોકના વખતનું બાંધેલું ધારવામાં આવે છે, તે ઉંચાઇએ ૫૮ ફીટ જેટલું છે. વખતના વહેવા સાથ જેમ તે વેળાનાં બાંધકામોની ઉંચાઇ વધતી જતી તેમ ઘુંમટનો આકાર બદલાઇ સીધો, ઉંચો, મિનારા સરખો થવા લાગ્યો, કે જેઓને 'સ્તુપા'નું નામ આપવામાં આવતું. આવાં 'સ્તુપા' હરેક દેકાણેથી જડી આવે છે.

ઘણાંક આવાં બાંધકામો ઉપરનાં કોતરકામો ગિમાડે છે કે ચુનાનિ તેમજ ઇસાનિ હુન્નરોની વિશેષ અસર થવા પામી હતી. સીકંદરની ચઢાઇ બાદ જેમ અનેક હિંદને લગતી બાબતોમાં જાણવાલાયક ફેરફારો થવા પામ્યા હતા તેજ મુજબ આ દેકાણે પણ જોવામાં આવે છે. એશિયાના બીજા સુધરેલા દેશો, તેમજ આફ્રિકા અને યુરોપ સાથ આર્યવંશ જે ધાડો સંબંધ ટેકવી રાખવા કૃત્તેહમંદ નિવડયો હતો, તેનુંજ અલબત્ત આ પરિણામ ગણી શકાય. અશોકના રથભો તપાસતાં જણાશે કે તેમાંજમ ગ્રીક નકશીકામની હાજરી માલમ પડે છે તેમ વળી ઇરાની બાંધકામની ઢબ પણ મોજુદ દિસે છે.

* જુઓ, "The Imperial Gazetteer of India," Vol. II p. 102.

પ્રભાતનો વધારો.

મોરનાં પીછમાં કાગ.

(મોટી ચાલુ વારતા.)

લખનારઃ—'રફિક.'

તે

'સરજતની સાંકળ,' 'હક હનસાફ,' 'ગુલબદ' 'ગમગીન ગુલાં,'
'બિલોરનો બુચ,' 'નિતા,' ઇત્યાદિના રચનાર.

પ્રકરણ ૧ લું.

જુન મહીનાની એક શાંત અને સુંદર સાંજે ઈંગ્લાંડના એક ઘણા પુરાણાં મહેલના મોટા દરવાજા આગળ લોકોનું ટોળું એકઠું થયું હતું. તે દરવાજાથી થોડેક કદમ દુર એક મોટું લાકડાનું કામચલાઉ આરકું ઉભું કરી તેને તરેહવાર રંગબેરંગી પુલોના ભરેલા લીલા કંજર વેલથી ખુબ તરેહ સીંગારી લેવામાં આવ્યું હતું. અને તેની ઉપર મોટા ફાફરડા જેવા અક્ષરે 'Welcome to Ridge Court' એટલે 'રીજ કોર્ટમાં ભલે

વધારો'નો આવકાર આપનારો લેખ મારવામાં આવ્યો હતો, અને તે આરકાંની બાજુમાંજ તે ગામનું વખણાયલું ખેડ 'ક્યારે-ગાડી-નજર-પડે-કે-અમે-ભેંકડો-તાણ્યે'નો તોરથી તૈયાર ટટણખાર થઈને ઉભું હતું.

મોટા લોખંડના દરવાજામાં દાખલ થતાંજ એક મોટો ઢળાવદાર પોહોળો રસ્તો આવતો હતો જે વાટે તે ધનાઢય મહેલમાં જવાતું હતું, જ્યાંના વિશાળ ઓટલાપર સારાં સોજાં કપડાંમાં સજ થઇ તે રીડજ કોર્ટ મહેલનાં નોકર નફરો ઉભાં હતાં, જેઓમાં ત્યાંનો હેડ બતલર—જે હમેશાં એવા માતબરોના મહેલોમાં ઘણો મોટો અને અગત્યનો દરજ્જો ભોગવે છે તે—સીડીપર પોતાની આંખોને નમતા સુરજનાં કીરણથી બચાવવા કપાલપર પોતાના જમણા હાથની હથેલી આડી કરી દુર નજર તાણતો ઉભેલો દેખાતો હતો, જ્યારે સીડીની નીચે બેઉ બાજુએ ગોઠવી મુકેલા પથ્થરના સીંહોની આગળ આઠીક દજન કોચમેનો અને ઘોડાવાળાઓ કમરે બાંધેલા પટામાં હાથ ખોસી દરવાજા તરફ જોતા ઉભા હતા.

જે રીતની ત્યાં સામાન્ય ધામધુમ હતી અને ધધુણ મચી રહી હતી તે ઉપરથી કોઇ એમજ સમજે કે ત્યાં કમમાં કમ કોઇ શહેનશાહણાનુ આવી પુગ્યાની રાહ જોવાતી હશે, પણ જો ખરૂં પુછો તો તેઓ જેનાં આવી પુગવાની એમ ઢાગને ઢોળે રાહ જોતાં ઉભાં હતાં તે માત્ર વિસેક નાતાલ જોઇ વળેલી એક જવાન છોકરી હતી, જે તે રીડજ કોર્ટ અને તેને લગતી વિશાલ જાગીર જમીન અને વર્ષોથી એકઠી થતી આવેલી જંજવર દોલતનો ઢગલો લેવા ત્યાં આવતી હતી.

એમ પાંચ મીનીટ પસાર થઇ, દશ થઇ, તો પણ સ્ટેશનપરથી આવતી ગાડી દેખાઇજ નહીં, એટલે તે બતલરે દરસામાંજ પોતાનું ઘડીયાલ—જેને તેનાં કદપરથી ગંધણીમાંના કોઇ ચવિત્રા હુકતાએ પુર્ડીંગ ભુંજવાના તંદુરની ઉપમા આપી હતી તે—કાઢયું અને તેમાં જોઇ 'સીરીયાઉસ' ડાચું કરીને બડબડયો—

"ત્રેન લેટ થઇ હોવી જોઇયે."

"યા તો એ છોકરીએ ત્રેન 'મીસ' ણી કીધી હોય!" એક ઘોડાવાલો બોલ્યો.

જેવો તે બોલ્યો કે તેને તે બતલર જેનું નામ મી૦ સેાક્સ હતું તેણે બાંધો.

"તે છોકરી! તે છોકરી એટલે શું? તે છોકરી કેમ કે? નામ દઈને બોલતાં મોંકું ભાંગી જાયછ કે? બબરદાર! બાદ રાખજે કે બાઇ સાહેબનું નામ મીસ રીડજ કોર્ટ છે."

તોપના ગા ગોળાથી તે બોલનાર ઘોડાવાળો બાપડો ગભરાઇજ ગયો અને ઝટ પોતાની ચીમની પોંટ હેટને હાથ લગાડી તેણે તે 'મોટાં' માણસની દરગુજર ચાહી.

"નહીં છોકરા, મીસ રીડજ કોર્ટ ત્રેન 'મીસ' કરે એમ હું જાનતો નથી. રીડજ કોર્ટવાળાઓએ એવી બેદરકારી કોઇ દહાડે બતાવીજ નથી, અને જો મીસ રીડજ કોર્ટને સ્ટેશનપર આવતાં લેટજ થયું હોય તો તેવણ માટે ત્રેન બોટી થઇજ હોસે."

"જી, હા." એટલુંજ બોલી તે બીચારા ઘોડાવાલાએ ટુંકમાંજ પતાવ્યું, અને તે જ્યાં ઉભો હતો ત્યાંથી હઠીને જરા દુર જઇને ઉભો, કેમકે, આટલું બોલવામાંજ મી૦ સોમ્સ એટલો ઉશ્કેરાઇ ગયો હતો કે રગેને ડાબા હાથની એકજ અછાતથી તે બીચારાની ઠોક ફરી જાય એમ તે ઘોડાવાળો બીધો હોય તો તેમાં કશું બોટું ન હતું.

પણ નહીં. મી૦ સોમ્સે કહ્યું તેમ મીસ રીડજ કૅાર્ટે ટ્રેન 'મીસ' તો નહીંજ કીધી હતી; કેમકે આ નાની ટપાટપી ચાલતી હતી તેજ વખતે મીસ રીડજ કૅાર્ટને માટે ગયલી બેઠીની ફાંકડી ગાડી તેવણને લઇને ત્યાંનાં સ્ટેશન યાર્ડમાંથી બાહાર નીકળતી હતી, અને દુરથી 'હુરરરરે'ના પોકારો ત્યાં ઉભેલાંઓને કાને આવતાંજ પેલા એન્ડવાળાઓએ પોતાનાં ભેંબુડાં મોંહમાં ખોસ્યાં અને તે ફુંકવાની તૈયારીમાં ઉભા.

તે ગાડીમાં ત્રણ જન—એક બુઢાં બેસાં અને બે જવાન છોકરીઓ—બેઠેલાં હતાં. તે જવાન છોકરીઓમાંની એક, મીસ રીડજ કૅાર્ટની સહી હતી, જે હાલ તેણીની સાથે રહેવા અને વસવા આવતી હતી. તે બહુ આંખ્યો અને રેશમ જેવા નરમ અને સલુના જેવા રંગના વાળોવાળી ગોરી ઘટમારી છોકરી હતી. તેણીના હોઠો પટલા અને આંખ્યો ઝીણી હોવાને લીધે તેણીનો ચહેરો ખુબસુરત તરીકે દીપી નીકળતો ન હતો, અને તેણીને જોનાર એક તકાકે કહી શકે કે તેણીની આંખ્યોમાં કાશ્મીરસ્તાન ભરેલું હતું. તે ડાવડી અને બંધી દીસતી હતી. તેણીની જોડમાં બેઠેલી છોકરી તે પોતે મીસ રીડજ કૅાર્ટ હતી.

મીસ રીડજ કૅાર્ટનું વર્ણન? પીસતાલીસ વર્ષની આ અઢાર વયની ઠલમે ઘણુંક લખ્યું હશે, કંઇક ખુબસુરતીઓ ચીતારી હશે, પણ આજે ખાલેસ દીલનો એકરાર કરવાને તે જરાણી શરમાતી કે અચકાતી નથી કે એ જવાન બાળાની જે અનુપમ ખુબસુરતી ત્યાં ઉભેલાંઓની નજરે પડી તેનું પુરેપુરું વર્ણન કરવાને તે કલમ બીચારી અશકત છે. તેને એક દીલકશ ગુલાબનો ગોટો કહો તો તેથી બરહકક છે. તેને મીઠાશે ભક્ષનાર મોળતી માલણ કહો તો તેણી દરોગસ્ત છે. તે બવાસની નરમ, મીજસની સાલેસ, અને બાસ્યતની મનપસંદ હતી. તે મીઠાસ ભક્ષનાર મનમોહન નાજનીનની પેશાંનો લંબાચી ગોળ, અને તેણીનું અંગ સીધું, સરૂનાં ઝાડ જેવું ઉંચું, પટલું અને એક પુરડી દીદવાણીના જેવું ચપળ હતું. તેણીના બન્ને ગાલો ઉપર ગુલાબી રંગની ગોયા રજાલ પંથરાઇ હતી. તે પરીન પથકરનાં માથાંના વાળ ચળકતા સોનેરી રંગના હતા, જે તેની સાફ સફાઈદાર અને સુંવાણી ગરદન પરથી નીચે ઉતરી તેની છેક કમર સુધી પોંચ્યા હતા. ટુંકમાં તે એક કમળની બીલંતી પણ સુંદર અને નાજુક કળી જેવીજ હતી. તેણીની આંખો કંઇક ભુરી હતી અને તેનાં પાંપણ ઉંડા ઘઉં વરણના રંગનો સીંગાર લઇ બેઠાં હતાં, અને તેનીથી જરાક ઉંચે તેણીનાં ભવાંની ઠાળી ઝીણી લીટી તેણીના આખા ચહેરાને સંપુર્ણ બનાવી તેમાં કાંઇ ઓરજ મીઠાસ ઉમેરી રહી હતી. તેણીના દુધીયા રંગના દાંત કાચાં અનારના દાણાની બીસાલે તેણીનાં મુખની બોહક સંદુકમાં ગોઠવાઇ રહ્યા હતા, અને તેણીના ચહેરાની એ બધી અપાર ખુબસુરતીની હદ તેણીની ગોળ ચપટી હડપચીમાં આવીને અટકી હતી. એમજ સમજી લેવાની કે ગોયા એ નાજનીનને કુદરતે પોતાની

ગમત અને પોતાનો શોખ પુરો પાડવાને માટેજ કકડે કકડે જેમ પોતાને કુરસદ મળતી ગઇ તેમ માહા મુશ્કેલીએ ધીરે ધીરે બનાવી હતી. એવી એ લુસી રીડજ કૉર્ટ હતી.

પેલાં જઈ ડાસાં—મીસીસ ડોસન—મુંવાં જાણે આખે તન બદને અકડી ગયાં હોય તેમ સીધાં ટટાર હસ્તે ચ્હેરે ગાડીમાં બેઠવાયલાં હતાં. પેલી મીસ મેરી વરનર તેઓની ગાડીને બળતો ઉત્સાહભરેલો આવકાર હસ્તે ચ્હેરે જોતી બેઠી હતી, જ્યારે લુસી રીડજ કૉર્ટ ઘણી ગંભીર અદાથી, જાણે ઉંઘમાં કાંઇ બાબ જોતી હોય તેમ પોતાની સીટની પાછળી પીઠને અઢેલીને બેઠી હતી.

જેવી તેઓની ગાડી રસ્તામાં ઉભા કીધેલાં એક આરકાંમાંથી પસાર થઈ કે એક બોલ્યો—

"બાપરે! કેટલી ખુબસુરત! પણ જરા બીબત્સી લાગેછ."

"બીબત્સી?" તેને બીજાએ જવાબ આપ્યો "બધાંજ 'રીડજ કૉર્ટવાળાંઓ' બીબત્સી હતાં પણ તેઓના બીબત્સમાં હું મેશ મીઠાસ રહેતો આયેાછ."

હવે તે ગાડી પેલા દરવાજા આગળનાં આરકાં આગળ આવી અને લોક અત્યાર સુધી જે ગુચ્છલાંમાં આમ તેમ આડું તીડું ઉભું હતું તે એક પલટણની માફક હારે કટાર ગોઠવાઇ ગયું અને કોઇકોઇએ પોતાની ટોપીઓ, તો કોઇકોએ પોતાના રૂમાલો હવામાં ઉંચે હીલવી ખુશાલીના પોકારો કીધા. જેવો એ ઉત્સાહ મીસ રીડજ કૉર્ટને કાને પડયો કે તેણી પોતાની સીટપર ખડી થઇને બેઠી અને મોંહ હસતું રાખી ડોક હીલવી તેણીએ તે બધાંઓનો જવાબ કર્યો.

મીસ વરનર ઘડીમાં આય બાજુ અને ઘડીમાં પેલી બાજુએ પોતાની ચળકાટ ચળકતી ચશમ ફેરવતી બધે જોતી બેઠી, પછી પોતાની તે ચશમ મીસ રીડજ કૉર્ટ તરફ ટીકેલી રાખી તે બોલી—

"મારી વ્હાલી લુસી! તું કેટલી ઠંડી ને બેદરકાર?"

"ઠંડી?" પોતાની કમ્પેનીયન તરફ જોઇ મીસ લુસી બોલી.

"હા, ઠંડી, જાણે બરફ! ને બાય હું જોનીી! કેવી ઉલટમાં આવી ગેાછ? મીસીસ ડોસન પર બી જોની કેવી અસર થઇછ તે!"

"ખરેખર" મીસીસ ડોસને ટાહુકો પુર્યો "આ બધો દેખાવ જોઇને હેરું તો જાણે ભરાઈ આવેછ."

"ને લુસી તું એવેા દેખાવ કરીને બેઠીછ કે જાણે તારી જીંદગીમાં એવા બનાવો જોવાની તુંને આદતજ હોય!"

"ત્યારે, તમે લોકેા મને કહેા હું શું કરૂં? ગાડીમાં ઉભી થઇને નાચું?"

"અમે તું ને નાચવા કયાં કહેાછ? પણ જરા તારા ચ્હેરાપર ખુશાલીની લાગણી તો દેખાડ!"

"હું જો એક છોકરોજ હોતે તો ગાડીમાં ઉભો થઇ, ટોપી ઉતારી બધાને 'બાઉ' કરતે પણ હું છોકરો નથીની!"

"ગમે તેવું કોઇ ગરીબ ને કંગાળ હોય તેબી જરા લાગણી દેખાડવાને ચુકે નહીં, ને તું તો જાણે એક શહેનશાહણાનું હોય તેમ અહીં બેસી રહીછ. કોણ ધારે કે આજે અહવાડયાંની વાત ઉપર તું ફ્રાન્સની એક સ્કુલમાં અડધી ભુખી ઠોકાતી એક છોકરી હતી!"

"કાંય, એમ તુચ્છકારથી કાંય બોલેછ? આપણને તો પેટ ભરતું આધાનું મળતું હતું."

"તે હાસે, પણ જરા વિચાર તો કર કે કાલે જે એક સ્કુલમાં શીખતી છોકરી હતી તે આજે આય બધાંની રાજ કરતી માલેક થઇછ. તું એક રીડજ કૉર્ટજ છે તેની જો કાંઇ વધુ પુરવારીની ગરજ હોતે તો તારી આજની આય ગંભીર અદા અને ઠંડેરાથી તે મળી આવતે."

"તું ભુલી જાયછ, મેરી! કે આય બધો ઉત્સાહ રીડજ કૉર્ટના વારેસને માટે છે, મારે પોતાને માટે નથી, હું જે હમણાં છેઉં તેને બદલે બખરીલ્વખરી ગયેલી એક ડાસી થી હતે તો તેઓનો આજનો ઉત્સાહ આય ઉત્સાહ કરતાં કોઇ રીતે કમતર નહીં રહેતે."

"પણ રીડજ કૉર્ટની માલેક તો તુજ છે કેની? ને તેથી આય બધી ધધુખર તારેજ માટે કહેવાય, ને તે છતાં તું જાણે કશામાં હોય નહીં તેમ ઘુંઘસ જેવી બેસેછ, ને—બ્યા એ શું?"

તે પેલાં બેન્ડનો અવાજ હતો.

લુસી હસી અને બોલી—

"એ અવાજ બતાવેછ કે આપણે ઘેરની છેક નજીક આવી લાગીંછ."

મેરીએ તે તરફ જોઇને જોયું અને તેણીની નજર રીડજ કૉર્ટની ઢાળી બાલુએ ઝાડોની ગીચ ઘટાએ ઢંકાયેલાં એક મોટાં મકાન ઉપર પડી.

"એ આય ઠયું મકાન! એ મર્લ હોલ હોસે લુસી, જો!"

લુસીએ તે તરફ જોયું

"હા, એજ માસ્કવીસ મર્લનો મેહેલ હોસે" મીસ વરનરે બોલવું ચાલુ રાખ્યું, "એ તારો ઝાથી નજીકનો પડોસી થાય, લુસી, ને આય ગામમાં તારા કરતાં અગત્યમાં બીજો દરજ્જો લેાગવતો એ હોસે. મજેહનું ઢાંકડું મકાન છે!"

પછી બોડીક વારે તે પાછું બોલી—

"તુંને આવકાર આપવા એ માસ્કવીસ થી અહીં આવો હોસે કે? તે બીચારો ગજબે ગરીબ છે, એટલે નમાનો તો હોસેજ."

"એ બધું તે કેમ જાણ્યું?" લુસીએ તેણી તરફ જોઇને પુછ્યું.

"વડીલ મીઠ હેડે મને કહ્યું—ને તેવધુ તુંનેબી કહેતે પણ તારૂં ધડક કયાં તે વખતે ઠેકાણે હતું? હું તો બા બધું ચોપીચોપીને પુછ્યું."

અને ત્યાં ઉભેલાં બધાંઓ એ કોરસમાં સામેલ થયાં, એટલે, લુસીએ ને બધાંઓ તરફ નજર ફેરવી બોલી—

"હું તમારો ઘણો ઘણો ઉપકાર માનું છું ને હું ઉમેદ રાખું છું કે આપણે બધાં સલાહ સંપજથી સાથે રહીશું. એક વાર ફરીથી તમારો હું ઉપકાર માનું છું."

તે જવાબ ટૂંકો ને ટચ હતો, પણ તે જવાબ દેનારનો અવાજ એટલો તો મીઠો અને એવો તો મધુર હતો કે તે ત્યાં ઉભેલાં બધાંઓનાં હૈયાંનાં ઉંડાણમાં પહોંચી ગયો અને તેઓ ઉલટમાં આવી જઇ તે ગાડીની આસપાસ ફરી વળ્યાં, અને ત્યાં એ ત્રણેને માટે ઓછી થતાં લાગતાંવળગતાંઓને ફીકર પડી કે આખી રાત એમ ગાડી ત્યાંજ ઉભી રહેશે કે કેમ? અને કદાચ તેટલાં ઘોડાઓએ તે સામટા અવાજોથી ચમકી તે બધાંઓનાં દીલમાં કચડાઇને ભચડાઇને મરવાની ઢેહેશત ન બેસાડી હતે તો. આખી રાત તો નહીં, પણ કોણ જાણે કયાં સુધી તે ગાડીને એમને એમ ઓછી થવું પડતે તે કહી શકાતું નથી.

તે ઘોડાઓ એવા ચમકયા કે તે ટોળાંને ફરજ્યાત ઢાંયણાંય થઈ જવું પડયું અને ગાડીએ આગળ ચાલવા માંડયું.

"વાહ! અંહીનાં કોઇ પેપરને માટે આ બનાવને લગતી કેવી ફક્કડ આર્ટીકિલ લખી શકાય" મેરી વરનર બોલી "રીઝર્જ કૉર્ટની વારેસતું હાં આવી પુગયું—લોકોનો ભારે ઉત્સાહભર્યો આવકાર—રીઝર્જ કૉર્ટની જાગીરનાં ભાડુતોની પ્રીદાગીરી—લોકોનાં ટોળાંએ ગાડી ઘેરી લીધી—રસ્તાઓ ઉપર ફુલનો છંટકાવ—મીસ રીઝર્જ કૉર્ટનું છટાદાર ભાષણ—વિગેરે—વિગેરે."

"મેરી, તું'ને નાટક કરવા મુકી હોય તો હું નહીં ધારતી કે તું જમવાનું'ય માંગે," લુસી હસીને બોલી.

"ખરેખર? નાટકની તો મારામાં કુદરતી બક્ષેસ છે."

"મીસ વરનર, તું હવે પટપટ છોડ ને જરા સુલુક રાખ, પછી વળી તું કહેશે કે—"

"અરે મુગાં રેહોરે, આપણે સીડી આગળ આવી પુગ્યાં" મેરી મીસીસ ડોલ્સનને મુગાં રાખતી બોલી "એ આય સીડીની પગથી ઉપર કોણ છે, લુસી! પેલા તો મી૦ હેડ વકીલ અને પેલો બતલર છે કે કોઇ બીશપ સાહેબ છે? ને પેલો, એ, લુસી મારી ખાતરી છે કે તે મારકવીસ ઓફ મર્લ હોસે."

બટલર મી૦ સોમ્સ બે ગૃહસ્થો વચ્ચે ઉભેલો હતો. તે બે ગૃહસ્થોમાંનો એક જે અધોર વયનો, ગોળ ચહેરાનો અને જરા જરા સફેદ થવા આવેલા વાળનો હતો, તે મી૦ હેડ સોલીસીટર, અને બીજો જે જવાન વયનો પતલો, ઉંચો કાળી ભ્રમર જેવી આંખોવાળો, ફિક્કા ચહેરાનો હતો તે મારકવીસ ઓફ મર્લ હતો. કોઇનો ઇરજ્જો તેના ચહેરાપરથી માલમ પડી આવે છે, તેમ મારકવીસના બાબામાં ન હતું. એટલે એમ કે તેને જોતાંજ કોઇ એમ ન જાણે કે ઇંગ્લાંડનો બીજી પંકતીનો તે એક માન પામેલો ઉમરાવ હતો. ઉલટું તેના દેખાવમાં કાંઇક એવું હતું કે જોનારને તે ચહેરો કાંઇ ઝાઝો ગમેજ નહીં અને

તે ચહેરો ધરાવનારને માટે તેને માન કશુંજ બરપા થાય નહીં. ગમે તેમ હોય, પણ લુસીની નજર તે ચહેરા પર પડી અને તેને તે ચહેરો ગમ્યોજ નહીં.

પેરી ગડબડમાંથી છુટી ઘોડાઓ એવા જોશથી ત્યાં દોડી આવ્યા કે પેલા સીડીની આગળ વાટ જોતા ઉભેલા ઘોડાવાલાઓ ગભરાઈને તે આવતી ગાડી આગળ દોડી પહોંચ્યા અને ઘોડાઓની ડોકને પોતાને કબજે લઇ લીધી અને તેઓને ધીમા પાડી કદમ કદમ ચલાવી તે સીડીની આગળ લઈ આવવામાં ગાડીપર બેઠેલા કોચમેનોને તેઓએ ઠીક મદદ આપી.

બટલર દ્વાર ખોલ્યો સીડી ઉતરી પડયો અને તેણે ઝટ દઈને ગાડીનું બારણું ઉઘાડયું, અને પેલા વકીલ સાહેબ હાથમાં ટોપી લઈ તે ગાડી આગળ આવ્યા, અને તે બાનુઓને તેવણે પોતાનો હાથ આપી તેમાંથી ઉતારી.

"ભલે પધાર્યાં મીસ રીડજ કૉર્ટ" તે હસીને બોલ્યો.

લુસી લાલ સૂર્ખ ચહેરે ત્યાં ઉભી રહી, અને જેવી તેણીએ પોતાની બે સહીઓ ભેગી સીડી ચઢવાની શરૂ કરી કે લોર્ડ મર્લ ટોપી ઉતારી તેઓને નમ્યો.

"અતરે તમને આવકાર આપવાને મને રજા આપશો, મીસ રીડજ કૉર્ટ" તે બોલ્યો, "તમારા સૌથી નજીકના પાડોશી દાખલ તમને આજે મળતા આય આવકારમાં મારી સામેલગીરી આપવાની મેં છુટ લીધી છે." તેનો અવાજ જો કે ધીમો હતો તોપણ બેસુરો હતો અને જાણે દરેક બોલ જોખી જોખીને તે બોલતો હોય તેમ લાગતું હતું: "તમે લાંબી અને કંટાળાભરેલી મુસાફરીથી થાકી ગયાં હોસો."

"મુસાફરી લાંબી હતી ખરી, પણ હું કાંઇ થાકી ગેઇ નથી. લોર્ડ મર્લ, આય એવણ મીસીસ ડોસન અને એવણ મીસ મેરી વરનર."

લોર્ડ મર્લ તે બેઉને નમ્યો; બાદ, તેની નજર મીસ મેરી ઉપર ઠરી રહી, પણ તે માત્ર એકજ પલ અને બીજી પલે તેણે ત્યાંથી તે બસાડી નાંખી લુસી ઉપર ઠીકેઠી રાખી.

વળી પાછા ત્યાં બાહાર પુકારો થયા અને લુસી તેઓ તરફ ફરી, અને હસ્તે ચહેરે નમન કરી ચાંદર ડ્રોઈંગ રૂમમાં દાખલ થઇ.

તુરતજ લોર્ડ મર્લે એક ખુરશી તેની જગ્યાએથી ખેંચી ઠાઠી લુસીને બેસવા માટે ગોઠવી.

"તમને આવકાર દેવામાં સૌથી પહેલો ગણાવવાની હું ફરજ સમજતો'તો, મીસ રીડજ કૉર્ટ, અને મેં તે ફરજ હવે અદા કીધી છે, એટલે હું રૂખસદ ચાહીશ." લોર્ડ મર્લ બોલ્યો, "તમેણી હવે આસાયશ લેવો. તમને કાંઇણી જરૂરી કામ પડે તો હું તમારો નજીકનો પાડોશી છેઉં એમ યાદ રાખવાની મહેરબાની કરજો. મને જ્યારે બોલાવશો ત્યારે હું તમારી ખીદમતમાં હાજર થવસ."

" તમારો હું ઉપકાર માનું છું, લોર્ડ મર્લ " લુસી બોલી.

" સાહેબજી, બાનુ'ઓ " તે બીજાઓને નમીને ત્યાંથી નીકળી આવ્યો.

" તે તેને જમવા કાંય નહીં થોણાવ્યો, લુસી ? " મેરીએ કાનમાં કુંકે મારી.

" હું થાકી ગેઇછ, મેરી " લુસી બોલી.

બીસીસ ડાસન ઉોલમાં ગેઇ અને એક 'મેઇ'ને લઇને તે બે જ્યાં બેઠાં હતાં ત્યાં આવી.

" આય તમારી દાસી છે, મીસ રીડજ કૉર્ટ " તેવણ બોલ્યાં, " એ તમુને તમારા ઓરડાઓ બતાવશે. "

લુસી હવે ઉઠી અને તે દાસીની સાથે ચાલતી થઇ. તે મેહેલ કેટલો ગંજાવર હતો તેનો ખ્યાલ કરવાને હાલ તેણીને કશો વખત મળ્યો હતોજ નહીં.

તે દાસી તેણીને તેણી માટે તૈયાર કીધેલા ઓરડાઓમાં લઇ આવી, જે એવા તો આરાસતે કીધેલા હતા કે મેરી વરનર જે તે બેઉની પાછળ પાછળ ચાલી આવી હતી તેનીથી અજાયબીની એક ચીસ પાડ્યા વગર રહેવાયું નહીં.

" લુસી, અહીં તો અલાઉદ્દીનનો મેહેલ નજર આવેછ" તે બોલી "હું તે આંખો ફરીને ક્યારે ભેવસ ? પણ હમણાં નહીં, તું થાકીને લુસ થઇ ગેઇછ, એટલે હું હાલ તુરત મારા ઓરડામાંજ સંતોષ પકડસ. કાંઇ ભેઇએછ ? કાંઇ મારી જરૂર—પણ, આહ ! હું બી શું બકુંછ, જ્યારે તારી મરજીને તાબે થવાને ને તારો પડયો બોલ ઉંચકી લેવાને અહીં કુરીબંધ નોકર નફરો હાજર છે. "

" ને છતાં મને કાંઇ ભેઇએછ ખરૂં " લુસી બોલી.

"તે શું ? ઝટ બોલની બોય દેતી કે હું—"

" મને ભેઇયેછ બાસાયશ, ને-ને-બાય—બધુંજ ખરૂં છે—બ્યાલ નથી એ મારાં મગજમાં ઠસાવવાની મને ઘણી જરૂર છે, તેથી એકાંત—"

" આહ ! હવે સમજી—એટલે એમ કે મીસ મેરી વરનર તમે અહીંથી પટો—રે હું ચાલી, સાહેબજી. "

પેલી દાસીએ ઝટપટ બેગ્સ અને ટ્રંકો બોલી નાંખી, અને બધાં કપડાં બપાટામાં તેઓ માટે તૈયાર રાખેલી કબાટો અને બાણાંમાં ગોઠવી નાંખ્યાં, જે સબબું લુસીએ ઘણા મોટા સંતોષ વચ્ચે જોયા કીધું.

જેવી તે છોડી તે કામ પુરૂં કરી રહી કે તેણીનળી લુસીએ ત્યાંથી જવા દીધી.

" તું જા હવે, છોકરી ! હું જરા બળેટાઉંછ, પણ તારૂં નામ શું ? "

" સુસી—સુસી બોન્ડ. "

" નામ મજેહનું છે—જા, મને કાંઇ ભેઇશે તો ચંગ મારીને તુંને બોલાવસ. "

સુસીને આ હોકમ મળતાંજ તેણીએ તે ઓરડાની બારી આગળ મોટી આરામ ચેર ગોઠવી અને પડદા બરાબર કરી ત્યાંથી પગના અંગુઠા ઉપર નીકળી ચાલી. નોકરોવાળા ખંડમાં તે ગઇ અને તુરત ત્યાં રીપોર્ટ કીધો કે

" બાઇ, ઘણીજ નબાની, સાલેસ, ભોળી અને અતી ખુબસુરત છે."

પ્રકરણ ૨ જું.

બારી આગળ સુસી જે પેલી કુશાદ્દે આરામ ચેર ગોઠવી ગઇ હતી તેમાં લુસી રીજ કૉર્ટ બેઠી અને નિરાંતે બાહારનો દેખાવ જોવા લાગી. તે બરૂ પુછો તો બારી નહીં હતી. તે મોટું બે ભાગનું બારણુંજ હતું જેને બાઘે ભાગે નકસીદાર કટેરા જડી લઇ તેને અદધું બંધ કરી દેવામાં આવ્યું હતું, એટલે તે બારીનીજ ગરજ સારતું હતું; માત્ર ફરક એટલોજ કે બારીને નીચલે અડધે ભાગે દીવાલ હોય છે, યા તો કટેરા હોય છે અને ઉપરની બારી જુદી અને નીચેની જુદી હોય છે, જેથી તેના જે ગમે તે ભાગ—ઉપલો યા નીચો બંધ રાખી બીજો ઉઘાડો રાખવામાં આવે છે, યા તો બન્ને બંધ રાખવામાં યા તો ઉઘાડા રાખવામાં આવે છે. હાં તેમ ન હતું, તે અમે કહ્યું તેમ આખંડ બારણુંજ હતું અને તે ખુલ્લા ભાગને બે કકડે બેહુંચી નાખવામાં આવ્યો હતો અને નીચે કટેરા ભરી લઇ ઉપલો ખુલ્લોજ રાખવામાં આવ્યો હતો.

તે ત્યારે તે આરામ ચેરમાં નીરાંતે બેઠી અને હાલ જે તેણીના બાબમાં બન્યું હતું તે ઉપર તે વિચાર કરવા લાગી. તે જે તેણીનાં સંબંધમાં બનવા પામ્યું હતું તે એટલું અચંબા ભરેલું હતું કે તેણી જાણે તે બધું એક ખુશ સ્વપ્નાંમાં જોતી હોય તેમ તેણીને લાગ્યું. બરેબર, બેશીએ તેણીને યાદ આપી હતી તેમ એક બઢવાડીયાંની વાત ઉપર તો તેણી સેંટ એલોની બોરડીંગ સ્કુલમાં શીખતી બાળાપ વગરની એક સાધારણ છોકરી હતી, જેણીને માટે, ત્યાંથી શીખીને નીકળ્યા બાદ એક ગવરનેસ યા ટીચર થવા ઉપરાંત પોતાની જીંદગીમાં કમાઇ ખાવાનો કશો વધારે ચાન્સ હતોજ નહીં.

તેણીનો એક કાકો હતો તેની તેણીને બબર હતી. તે વળી રીજ કૉર્ટનો માલેક હતો, એક મોટો જાગીરદાર હતો અને તેની પાસે બેશુમાર દોલત હતી એમણી તે જાણતી હતી; પણ, ના તેણીએ તેને કોઇ દીન પગ મુકયો હતો, નજરે જોયેા હતો કે ના તેનાં આલીશાન મકાનમાં તેણીએ કોઇ દીન પગ મુકયો હતો, એટલે પોતાના કાકાને લગતું તે જેટલું જાણતી હતી તે કેવળ નકામું હતું અને વગર અગત્યનું હતું. ત્યારે એમને એમ એકસાં હવે તેણી સ્કુલ લાઇફનો ગુજારો કરતી ચાલી અને એમને એમ વર્ષ પછી વર્ષ બી ગબડતાં ચાલ્યાં. તેણીની અપાર ખુબસુરતી અને તેણીની રીતભાતથી તે સ્કુલમાં વટીક તેણીની સાથે શીખતી છોકરીઓની અને શિક્ષકોની એક સરખી રીતે પ્રશંસા પામી હતી, અને તેણી પોતાની એ જીંદગી માટે સુખી અને શુકરગુજાર હતી. તેણી બધાંઓમાં લોક પ્રિય હતી તે છતાં તેણીનામાં કાંઇક એવું હતું કે જેથી તે બધાંઓથી અલગજ રહીને પોતાનો ત્યાં

નિરવાહ કરતી હતી. તે કાંઇ એટલી ચાલાક, ચબરાક કે હુશ્યાર નહીં હતી, તેમ વળી તે મગરૂર કે મીજસીણી નહીંજ હતી—તો ભે કે રીઝજ કૉર્ટવાળાંઓ પોતાની જે મોતેબર મગરૂરીને માટે નામીચાં થઇ ગયાં છે તે તેણીની રગેરગમાં દોડતી હતી—છતાં, તેણીના આખા દેખાવમાંજ કાંઇ એવું હતું કે જે તેણી અને બીજી બધીઓ વચ્ચે એક લીટી દોરી ઉભું હતું. તેણી કોહેલી કે કુંજરી તો હતીજ નહીં, તેમ વળી તે પટપટબોરી કે જરા જરામાં હસી પડે તેવીબી તે હતીજ નહીં. તે નમાની, સાલેસ અને લેસરાઉ હતી, પણ તેમ વળી લ્હેકતી કે આંગળી આપતાં પોંચો પકડે તેવીબી હતી નહીં.

ત્યારે, મેં ઉપર કહ્યું તેમ એમને એમ વર્ષો પસાર થતાં ગયાં, અને એક હક્કબંધ ગુલકળી જેમ વખત જતે બીજી પોતાના રોશન બાહારને ખીલવતી જાય તેમ તેણી વખત જતે ઉઘરતી ઉછરતી ગઇ, અને તેટલાં એક સહવારે મી૰ હેડ સૉલીસીટરે ત્યાં આવી તેણીને ખબર આપી હુબતાવી મારી કે રીઝજ કૉર્ટવાળા મી૰ રીઝજ કૉર્ટ ગુજર પામ્યા હતા અને તેવણ પોતાનું સર્વસ્વ તેણીનાં નામ પર કરી ગયા હતા!

હવે તેને બદલે આ ખબર કોઇ બીજી છોકરીને કાને પડી હતે તો તે કેવીએક ખુશીમાં આવી જઇ કુલી કાલી જતે, પણ, મીસ મેરી વરનરે તેણીને ઉપર જણાવ્યું તેમ લુસીના ભાણમાં તેવું કશુંજ બન્યું નહીં; અને જ્યારે એ ખુશ વધાઇ તે સ્કુલમાં બધે ફેલાઇ ગઇ અને તેણીને એ ખુશબખ્તી માટે મુબારકબાદી આપવા તેણીની આસપાસ બધાં એકઠાં મળ્યાં ત્યારેબી જેમ તેણીએ પેલા મી૰ સાઇમન વોલરનો તેનાં રૂપીયાને માટે 'થેંકયુ' કરી ઉપકાર માન્યો હતો તેમ તેઓનેબી માત્ર એજ શબ્દોમાં તેણીએ હસીને ઉપકાર વાળ્યો એ સર્વની અજાયબી હતી.

મી૰ હેડ વકીલ તરીકે ઘણો પ્રમાણીક અને ઇનસાન તરીકે ઘણોજ માયાળુ હતો, અને તેથી તે પોતાની બધી કાયદાપુર્વક ફરજ બજાવ્યા વિના તે જંપીને બેઠોજ નહીં. વહેલે તો તેણે જોયું કે જે નવજવાન વારેસ ઉપર નસીબ દેવી ખડખડ હસી હતી તે દુન્યામાં વાએ જહાંન એકલી હતી; એટલે આવા મોટાં ધંધાર મકાનમાં તેનીથી એકલું તો રહેવા જવાયજ નહીં અને રહી શકાયજ નહીં. ત્યારે તેણે એક અધેર વયની 'ડ્રમેન્ચન' માટે જાહેર ખબર છપાવી અને મીસીસ ડાસનમાં પોતાનાં મનને સંતોષ આપતી એક ડ્રમેન્ચન તેણે શોધી કાઢી અને મેળવી. હવે તેણે વિચાર્યું કે લુસા આગળ લગભગ તેણીની ઉંમરની એક બોલકણી, ખુશ સ્વભાવની અને લેસરાઉ 'ડ્રમેન્ચન'ની જરૂર હતી. અને તેવી કોઇ તે સ્કુલમાં હોય તો તે જોવા તેણે લુસીને અરજ કીધી.

નસીબ સંજોગે હતી—ત્યાં એવી એક છોકરી મીસ વરનર નામની—હતી, જેની સાથે લુસીને બીજી છોકરીઓ કરતાં વધુ સહીમીતાં હતાં. તે છોકરીબી તેણીની માફક માત્ર બાપ વનાનીજ હતી. તેણીનો સ્વભાવ બધી રીતે લુસીના સ્વભાવથી ઉલટોજ તેવણે જોયો અને જેમ વિજલીના ભાણમાં છે કે એકમેકથી ઉલટી ખાસ્યતની વિજલી એકમેક તરફ ખેંચાય છે, તેજ નિયમ તેવણે ઇનસાન જાતનેબી લાગુ પાડયો અને મીસ મેરીને તેથીજ તેવણે વધુ પસંદ કીધી.

"હા, મને ઠાંઇ અડચણ નથી" વકીલે પોતાનો વિચાર તેણીની આગળ જણાવતાં લુસી બોલી હતી "જો મીસ વરનર આવશે તો હું તેણીને લેવસ."

અને મીસ મેરી વરનર તો લુસીના મોહમાંથી એ ઓફરનો થોડોક સનસારો સમજતાંજ કુદી પડી હતી.

એક અઠવાડયાંમાં તો બધી તૈયારીઓ સંપુર્ણ થઇ ચુકી અને આજે તેને પરિણામે લુસી રીજ કૉર્ટ—તેણીની માલેકીનાં રીજ કૉર્ટની બારીએ બાહાર બગીચામાં નિહાલતી બેઠી હતી.

તેણીને તે બધુંજ નવું નવું અને અજાયબીભરેલું લાગ્યું અને ત્યાં તેણીની સાથે જો કે મીસીસ ડોસન ઉપરાંત તેણીની સ્કુલની સહી અને કુંડીથી ગણાતાં નોકર નફરા હતાં છતાં તેણીનાં મનમાં ભય અને વસવસો પેદા થયો કે તેણીને ત્યાં નવરૂં અને એકાંત ઘણુંજ લાગવાનું.

હવે, તેણીને બદલે જો એક જવાન મર્દ તેણીની માફક ત્યાં આવ્યો હતે અને જો તેની લાગણી એ ક્રીસમની હતે તો તે દરગુજર કરવાલેાગ જો લેખાતે તો લુસીની ક્રીસમની એક જવાન અળાળા માટે તો તે છુટછાટ અકસર જરૂરની લેખાવી જોઇયે. તેણીને જોવાને બની આવ્યું હતું કે તેણીને ત્યાં આવેલી જોઇ બધાં ખુશી થયાં હતાં—તેણીની બાગીરમાં વસનારાં બાદુતોએ તેણીને દીલોજાનીબર્યો આવકાર દીધો હતો અને નોકર નફરોએ તેણીની કદમબોસી કીધી હતી, અને તેણીના સૌથી નજીકનો પડોશી લોર્ડ મર્લ વટીક ત્યાં તેણીને આવકાર દેવા આવ્યો હતો, અને તે છતાં ગાડીમાંથી ઉતરી તેણીએ સીડીપર પગ મુકયો ત્યારથી તે હમણાં સુધી તેણીને જાણે જીંદગીમાં હજી કાંઇ અોછાપણું હોય, હજી કાંઇ બધારૂં હોય તેમ ખટકયા કીધું હતું, પણ તેવું તેણીને શું જોઇતું હતું, તેણીને તેણીની તે જીંદગી ચાહે તેવી સંપુર્ણ સુખદાયી બનાવવાને શાની જરૂર હતી તે તેણી વટીક સમજી સમજાવી શકી નહીં હતી.

થોડીક વારે તેણી તે બારી આગળથી ઉઠી અને એક ચંબુ જે ત્યાં પાસેજ હતો તે વળગ્યો.

"જે માંગું તે બધુંજ મારી પાસે છે" તે બડબડી, "અને તોબી એક બચ્ચું જેની પાસે દુન્યા વરણનાં રમકડાં હોય તોબી આસમાન પરનો ચાંદ લેવા છેડાય અને ગોબ્યાકું કરે તેવી મારી હાલત છે. જો મારે બદલે બાય જગે મેરી હતે તો, ઓ, તે કેવી સંતોષી અને સુખી હોતે! ને હું—પણ ત્યારે મને જોઇયેછ શું?" અને આ પોતાના વિચાર પર તે પોતેજ હસી.

પેલા ઘંટના જવાબમાં સુસી અંદર ઓરડામાં દોડી આવી અને જાણે તેણીને શા માટે હમણાં બોલાવવામાં આવી હતી તે તેણી ચેતી ગઇ હોય તેમ પોતાની જવાન બાઇના વાળ ઠરી તેણીને ડ્રેસ બદલવા મદદ કરવા પડી ગઇ.

તેટલાં 'ડીનર'નો મોટો ઘંટ થયો અને મેરી વરનરે લુસીનું બારણું ઠોકયું.

"ચાલની લુસી. જમવાનો ઘંટ થયો" તે અંદર આવી અને બોલી "તું તૈયાર થઈ થી કે? વાહ! આય મજલીનનો 'સુટ' તું'ને કેવો મજેહનો શોભેછ! હું તો જાણું કે મારા આય રકર્ટ અને બ્લાઉઝમાં હુંજ દીપી રેહીછ, પણ તું તો—"

"મને મારી 'મેડ' એવી મળીછ કે મારો દેખાવ બધો તેનેજ આભારી છે એમ કહું તો ચાલે" લુસીએ હસીને જવાબ દીધો.

તેઓ બંન્ને નીચે હોલમાં ગયાં, જ્યાં મીં હેડ તેમની વાટ જોતા ઉભા હતા. લુસીને તેવણે હાથ આપ્યો અને તેણીને ડાઇનીંગ હોલમાં લઈ ગયો.

તે ઘણો મોટો હોલ હતો, અને જેહની નજરે જોતાં તે હજારો મીનભતીઓના ઉતારથી ઝળઝળ થઈ રહ્યો હતો, પણ તે મીનભતીઓ નહીં પણ મીનભતીઓનાં 'શેન્ડેલીયરો' માં વિજળીક બતીઓ ગોઠવી લેવામાં આવી હતી, જે એ પ્રમાણે ઝળઝળી રહી હતી. ત્યાંની ટેબલ અને ત્યાંની સાઇડ બોર્ડો વિગેરે ફરનીચર કોતરી કાઢેલાં ઓક લાકડાંનું અને ગ્લાસ કામ વિનીશ્યન ઢાચ અને કારીગરનું હતું. રીડજ કૉર્ટની વારેસની આજની આમદની ખુશાલખ્તીમાં રીડજ કૉર્ટનાં નકકર સોનાં રૂપાંનાં જમવાનાં અને બાણું સર્વ કરવાનાં વાસણો આજે ખાસ બાહાર કાઢવામાં આવ્યાં હતાં, જે ઉપરાંત બધી કીંમતી જબુસોની સાથે મળી રીડજ કૉર્ટની મોતેબર મોટાઈની ખુબરૂપી પુકારી રહ્યાં હતાં.

લુસી વળી પાછું સ્વપ્નું જોતી હોય તેમ જોઈ. જે બધું તેણીની નજરે પડયું તે તેણીનું જ ખરેખર હતું કે કેમ તેના વિચારમાં તે સુંદર બાળા સરબસર ઉતરી ગઈ.

"લુસી" મેરી વરનર બોલી "આય સુધાં ત્રીજી વખત મીં હેડે તું'ને બોલાવી પણ તારૂં તો ધકકજ નથી, જરા બે મીનીટ તો ધ્યાન ઠેકાણે રાખ!"

"ઓ, માફ કરજો હું મીં હેડ" લુસી ખરેખર જાણે ઉંઘમાંથી ઉઠી હોય તેમ ચોંકીને બોલી.

"કાંઇ નહીં, મીસ રીડજ કૉર્ટ, તમને હું ડીસટર્બ નહીં કરતે પણ આય મીસ વરનરનું કહેવું એમ છે કે મારે તમુને તમારા કુટુંબને લગતી તવારીખ કહી સંભળાવવી."

"નહીં, મીં હેડ માફ કહેવું એમ નથી. તમે જો તે તવારીખ કહેવા માંડશો તો અમુને બધાંને ઝુંકણ આવશે. હું જરા જરા લચલચતી જબાને કહી સંભાળાવું અને જ્યાં ભુલ કરૂં ત્યાં તમે મને સુધારવાની મેહેરબાની કરજો."

"હા, મીસ વરનર, માશ કરતાં તે તમે વધુ સારી રીતે કહી શકશો. ચલાવો ત્યારે."

"લુસી, અમે બધાં હમણાં લોર્ડ મર્લની વાત કરતાં હતાં. મેં તું'ને કેહું તેમ આય રીડજ કૉર્ટ એક વખત એ મર્લ વાળાઓનું હતું."

"હા" લુસીએ હુંકારો પુર્યો.

"ત્યારે એમ માલમ પડેછ કે મરહુમ મારકવીસ તે આય હાલના મારકવીસના બાપ બેહદતી પૈસો ખરચવાના બહુ શોખીન હતા અને એ કીસમનો શોખ ધરાવનાર બીજા બધાઓની માફક તેવણે પૈસો ખરચવા—કહો કે લુટાવવા માંડયો એટલે તેવણુને આય

રીઝ કૉર્ટ તેમાંના સર્વસ્વ સાથે તમારા ઠાકાને આયદેહ વેચવો પડયો. એ કાંઇ નાનો જેવો લોગ આપેલો કહેવાય? અને તેથીજ હાલના મારકવીસ સાહેબ કાંઇક કંટાળેલા અને કાયલી જેવા લાગેછ."

"પણ અને ખણર છે ત્યાં સુધી તો એવી મિલ્કતો ટ્રસ્ટમાં હોયછ એટલે વેચાય નહીં?" મીસીસ ડોસને મી૦ હેડ તરફ જોઈ સવાલ ઉઠાવ્યો.

"વડા દીકરાની સંમતીથી તે વેચી શકાય" મી૦ હેડે સમજ આપી, "અને મરહુમ મારકવીસને બી તે બધું વેચવા અગાઉ તેમના વડા દીકરાની સંમતી લેવી પડી હતી અને જો નહીં વેચતે તો સદંતર તેઓનો નાશ થાય તેમ હોવાથી તેણે તે તુરત આપી. જે તેઓને તે વેચાણુમાંથી મળ્યું તેમાંથી થોડુંક તેઓએ રાખી આય 'હોલ' જેમાં હાલ મારકવીસ રહેછ તે તેઓએ ખરીદયો."

"ત્યારે, એ હાલનો મારકવીસ પોતાના બાપનો એકજ દીકરો કે?"

"હા, મી૦ હેડ, એમાં કાંઇક ભેદ જેવું અમુને લાગેછ, વારતે જરા માંડીને એ વાત અમુને કહો" મીસ વરનરે વકીલને વિણવ્યો.

તે વકીલે લુસી તરફ જોયું.

"હવે ચાલો, મી૦ હેડને તેવણના વાઈનની મજાહ ચાખતાં હાલ તુરત ડીસ્ટર્બ ના કરો" મીસીસ ડોસન વચ્ચે બોલ્યાં અને તે ત્રણે બાનુઓ ડ્રોઇંગ રૂમમાં આવીને બેઠી.

મેરી વરનર પ્યાના આગળ દોડી ગઇ અને બેસવા અગાઉ લુસી તરફ ફરી તેણે પુછ્યું:—

"લુસી હું એકુ બે પીસ વજાડું કે?"

"હા, એમાં પુછેછ શાનું? પણ જો વરી એવું ના કરતી કે મીસીસ ડોસન કંટાળીને ઉઠી જાય."

"ને તું? અહી બેસેછ કેની?"

"નહીં, હું તો જરા વરંડામાં ફરૂંછ. ત્યાંથી તું વજાડશે તે હું સાંભળસ."

મેરી વરનરે એક ઓપેરા ઓવરચર શુરૂ કીધો જે સાંભળતી લુસી બે ચાર મીનીટ ત્યાં થોભી અને પછી ત્યાંથી તે વરંડામાં ગાહાર નીકળી, અને એક બુણે આવીને ઉભી. હજી તો તે ત્યાં ઠરીઠામ થઇ આસપાસ નજર ફેરવેછ, તેટલામાં તેણીની નજર સામે બાગમાં એક ઝાડનાં થડને અથીંગી નીચે જમીન પર બેઠેલા એક જવાનપર પડી અને તે ચોંકી.

પહેલે તો તેણીને લાગ્યું કે તે એકાદ બાગબાન હશે, પણ તેણીની નજર તેણે પેહેરેલા કપડા પર પડતાં તેણીએ જોયું કે તે કોઇ નોકર જેવો નહીં લાગતો હતો; તેમ વળી કોઇ રહેલાણી ગૃહસ્થ આસામી જેવો પણ તેનો ડ્રેસ નહીં હતો. ત્યારે લુસીએ ધાર્યું કે તે કોઇ તેણીની જાગીર ઉપર દેખરેખ રાખનારો 'ગેમ કીપર' હશે. વળી, તેની આગળ એક કુતરો અરડાઇને પડયો હોવાથી તેણીએ પોતાનું તે અનુમાન નકકીજ માર્યું.

તે જવાન જાણતો હશે કે ત્યાં તેને જોનાર કે તેને કહેનાર પુછનાર કોઈ ન હતું, એટલે આપ લાખ ચાલીસનાની માફક મજેદથી લાંબા ટાંટીયા કરી, પગ પર પગ ચડાની ત બેઠો—કહો કે તે અબેટાયલો—હતો, અને તે તેણીને લગતો કોઇ નોકર હતો કે નહીં તે બાબેનો વસવસો હજીએ લુસીનાં મનમાં હતે તો તેનું હાલનું બેગીશનજ તેણીનો તે વસવસો દુર કરવાને બસ હતું.

લુસીએ તેની તરફ ધારી ધારીને જોયું અને તેને એ રીતે કોઇ જોયછ એવી તેને જાણે ગંધારત થઈ હોય તેમ તેણે પોતાની ડોક ઉંચકી પણ તેણીની ઉપર તેની નજર પડી નહીં, પણ લુસી હવે તેનો ચહેરો બરાબર જોઈ શકી અને તેણી દ્રષ્ટાઈને તે ચહેરો જોતી સ્તબ્ધ ઉભી રહી, કેમકે તેણીની નજરે પડેલો તે ચહેરો કુદરતી રચનાનો એવો સોંગાર પામેલો હતો કે તેણીએ તેને ક્રોધ નામીચા ચીતારા અથવા ઉસ્તાદ પુતલાં કોતરનારના ગણ્યાસ્પદ લાયકનો ધાર્યો. તેનો દેખાવ મોભાદાર અને દ્વિલપજીર હતો અને તેની કાળી ભ્રમર આંખ્યો અને પટલા હોઠથી તે ઓરજ દીપી રહ્યો હતો.

લુસીને તે ચહેરો ઘણોજ—ઘણોજ ખુબસુરત લાગ્યો. તેણીએ તેની ગ્રીક જેવી ચેશાની ઉપર મનની ભલાઈ અને ઇજ્જતની આબાદ નીશાની જોઇ લીધી. તેને એમ નિહાળીને જોતાંજ લુસીની છાતી ધડક ધડક થવા લાગી. શા સબબસર તે તેણી પોતેજ સમજી શકી નહીં, અને તેની આગળ કોઇની હાજરીનું જે વખતે તે જવાનને જરાએ ભાન નહીં, તે વખતે ત્યાં ઉભી રહી તેના ચારામારા જોવાનું નામુનાસેબ સમજી તે ત્યાંથી જતી રહેવા ફરતી હતી. પણ, કોણ જાણે કયી અણદીઠ શકતીએ તેણીને ત્યાંજ થંભ કરી ઉભી રાખી, અને હવે જવું કે જરા વધુ થોભવું તેના તે વિચારમાં હતી તેટલાં તો ત્યાં એક બીજો આકાર આવીને ઉભો રહેતો જણાયો.

પેલો તે જવાનની પાસે અરડાઇને પડેલો કુતરો જે અત્યાર સુધી ભર ઉંઘમાં હતો તે ત્યાં કોઇનાં પગલાંનો અવાજ સાંભળીને ચોંકી ઉઠ્યો અને લુસીએ બી તે તરફ નજર કરતાં તેણીએ લોર્ડ મર્લનો પટલા ઉંચા આકારને ત્યાં ઉભેલો જોયો. તેણે પોતાનો એક હાથ પોતાનાં ગજવાંમાં ખોસ્યો હતો અને બીજા હાથમાં તેણે લાકડી પકડી હતી જે ઉપર તે હાલ ટેકીને ઉભો હતો, અને તેની નજરમે પ્રીઝર કોર્ટના મકાન ઉપર તેણે ઠેડપેલી હતી.

લુસી તેને એમ પોતાના મકાન તરફ ટીકતો તે શા માટે ઉભો હતો તેનો હજી તો વિચાર કરે તેટલાં પેલો કુતરો ભોંચ્યો અને લોર્ડ મર્લે ચોંકીને તે તરફ જોયું તો તેની નજર ત્યાં પેલા અબેટાઈને પડેલા જવાન ઉપર પડી. તે જવાન પર તેની નજર પડતાંજ તેનો આખો ચહેરો કાંઇ અજબ કીસ્મે પ્રકાશી રહ્યા અને પેલા અબેટાયલા જવાન તરફ જોઇ તે બોલ્યોઃ—

"ત્યારે તું હજી અહીંજ છે કે?"

"હા, હું હજી અહીંજ છેઉ" તે જવાને જવાબ દીધો અને તેનો તે અવાજ લુસીને કાને પડતાંજ તેણીનાં તન બદનમાં ખુશાલીનો રેલો ઉત્પન્ન થઈ દોડતો થયો હોય એમ તેણીને લાગ્યું.

